ચોથી શ્રેણી

પુસ્તક-૮૬

તા. ૮મી માર્ચ, ૨૦૨૨
ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે
થી
તા.૧૦મી માર્ચ, ૨૦૨૨
ફાલ્ગુન ૧૯, ૧૯૪૩ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક-૮૬ **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૮મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે(પહેલી બેઠક)** | | |
| વિશ્વ મહિલા દિવસ અંગે | ૧ | ૧ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | ૨ | ૩૩ |
| **તા.૮મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે(બીજી બેઠક)** | | |
| મહિલા સભ્યોની ગ્રાન્ટમાં વધારો | ૩૪ | ૩૪ |
| તારાંકિત પ્રશ્નો | ૩૪ | ૪૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૪ | ૧૭૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૭૯ | ૧૮૦ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૮૧ | ૨૦૩ |
| **તા.૯મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૧૮, ૧૯૪૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૪ | ૨૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૪ | ૩૪૯ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૩૫૦ | ૩૫૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ) | ૩૫૧ | ૩૭૯ |
| **તા.૧૦મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૧૯, ૧૯૪૩ શાકે(પહેલી બેઠક)** | | |
| અધ્યક્ષશ્રીની જાહેરાત(સભ્યશ્રીને તાકીદ) | ૩૮૦ | ૩૮૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અન છેલ્લો દિવસ) | ૩૮૦ | ૪૦૩ |
| **તા.૧૦મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૧૯, ૧૯૪૩ શાકે(બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૦૪ | ૪૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૧૪ | ૫૨૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર( પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ઓછા પ્રશ્નો પૂછવા અંગે) | ૫૨૭ | ૫૨૭ |
| રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૫૨૮ | ૫૨૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૫૩૦ | ૫૩૮ |

ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે
રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન ૧૭, શાકે ૧૯૪૩**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**માનનીય અધ્યક્ષશ્રીનો સંદેશ**
વિશ્વ મહિલા દિવસ અંગે

અધ્યક્ષશ્રી : આજે વિશ્વ મહિલા દિવસ છે. સમગ્ર મહિલાઓને મારા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું. ખૂબ અભિનંદન આપું છું. આમ જોઇએ તો મહિલા સશક્તિકરણ એ મુખ્ય એજન્ડા હોય છે. ભાઇઓનો પણ એટલો જ સપોર્ટ હોય છે. હવે સમય જેન્ડર ઇકવાલિટીનો. મેઇન ટોપિક અત્યારે જે હોય તે છે બ્રેકિંગ ધ બાયસ. એક કદમ બદલાવ કા. કારણ કે જે કઇ આપણી ભારતીય સંસ્કૃતિ છે, એમાં ભારતીય નારી વિશ્વની અંદર સર્વશ્રેષ્ઠ સન્માનનીય નારી છે, જે ગુણો અને જે સંસ્કાર ભારતીય નારીમાં છે એ બીજે કયાંય આપણને જોવા ન મળે. એવી આપણા દેશની સન્માનનીય નારીના વિકાસ માટે સરકાર દ્વારા અનેક પ્રયત્નો થતા હોય છે. આપણા આદરણીય લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે રીતે મને અહીયાં સ્પીકર પદે બેસાડી છે, તે પણ તમામ મહિલા જગત માટે મારી દ્રષ્ટિએ એક પ્રેરણા, ઇન્સ્પીરિશન છે. મહિલા ધારે તો બધું જ કરી શકે. તેને તક આપવી જોઇએ. તક આપો છો, તેમાં બેસ્ટમાં બેસ્ટ પરફોર્મન્સ કરતી હોય છે. એ જ રીતે મહિલા બાળ વિકાસનો અલગ વિભાગ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હતા તેમણે કર્યો. અનેક યોજનાઓ મહિલાઓના વિકાસ માટે સરકારની અંદર થઇ. બધી જ યોજનાઓનું અમલીકરણ આપણે સૌ ધારાસભ્યો પોતપોતાના વિસ્તારોમાં મહિલાઓના વિકાસ માટે કરતા હોય છે. મહિલાઓના ઉત્કર્ષ માટે કરતા હોય છે. આપ સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. તમામ ધારાસભ્યોને મહિલાઓના વિકાસમાં આપ સમગ્ર રાજ્યની અંદર ખૂબ સારો રસ લઇને વુમન એમ્પાવરમેન્ટની દિશામાં સારી કાર્યવાહી થઇ રહી છે એના માટે આપ સૌને અભિનંદન. યોજનાઓ બને તેનો અમલ નીચે ધારાસભ્ય અને એમની આખી ટીમ કરતી હોય છે. એ રીતે આપ સૌને મારા તરફથી સૌને અભિનંદન છે. મહિલાઓ વિષે એક જ પંકિતમાં કહી દઇશ. બાકી મહિલાઓ વિષે બોલીએ તો દિવસોના દિવસ જતા રહે. સમય બહુ ઓછો છે.

जननी हुं, जीवन भी मैं, सशक्त हुं, साकार भी हुं।
दर्पण हुं वह अक्स भी मैं, झुका सके मुझे वो शख्स नहीं।
स्वाभिमानी हुं, वह अत्मनिर्भर भी,
तुट के बीखर जाउं अब वो वक्त नहिं,
नहिं समज़ना आधी अधूरी।
नहिं अधूरी, मैं खूद में पूरी,
न|री हुं कमज़ोर नहीं।"

આ દરેક મહિલા. પછી એ મહિલા નીચે કન્સ્ટ્રકશનના કામમાં તગારું ઉપાડીને કામ કરતી હોય એનું પણ પોતાનું એટલું બધું સ્વાભિમાન હોય છે. ઉપર બેઠેલી મહિલા પણ, એટલે પાલન, પોષણ, સર્જનની જવાબદારી જેને ભગવાને આપી છે એવી ગોડ ગિફ્ટ મહિલાઓમાં રહેલી તમામ શક્તિને હું વંદન કરું છું. બધાને ખૂબ શુભેચ્છા, આભાર.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આ ગુજરાતની તથા દેશની તમામ મહિલાઓને હું નમન કરું છું, વંદન કરું છું અને આજના દિવસે તેમને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ જયારે એક મહિલા સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છો અને વિધાનસભાના અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છો ત્યારે આપશ્રીના માધ્યમથી પણ મહિલાઓને ખૂબ પ્રેરણા મળે છે. સ્ત્રી એટલે જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર દરેક ભૂમિકાને સફળતાપૂર્વક નિભાવતું ઇશ્વરનું એક અદ્ભુત સર્જન. સ્ત્રી એટલે જેમાં પૃથ્વી જેવી ક્ષમતા છે, સૂર્ય જેવું તેજ છે, સમુદ્ર જેવી ગંભીરતા છે અને જેમાં ચંદ્ર જેવી શીતળતા છે. જેમ આપે કહ્યું કે, સ્ત્રીને એક પ્લેટફોર્મ મળવું જોઇએ, મહિલાને એક પ્લેટફોર્મ મળવું જોઇએ ત્યારે એ પોતાનું કાર્ય આપવામાં કયાંય પણ પાછી પડતી નથી અને પોતાનું કાર્ય સો ટકા ડેડીકેશન સાથે આપે છે. ત્યારે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીએ જે રીતે મહિલા સશક્તિકરણ માટે એક બીડું ઉપાડયું અને આજે આપણે તે જોઇ રહ્યા છીએ કે, કેન્દ્રના મંત્રીમંડળમાં પણ મહિલાઓને સ્થાન આપ્યું છે અને ગુજરાત વિધાનસભામાં આપ અધ્યક્ષ તરીકે બિરાજમાન છો અને મંત્રી તરીકે બે-બે મહિલાઓને તેમનું કાર્ય બતાવવાની તક મળી છે. એટલે સમગ્ર સમાજ અને સરકાર સાથે મળીને મહિલાઓને જે તક આપે છે તેમાં મહિલા હંમેશાં તેનું બેસ્ટ પર્ફોમન્સ આપી રહી છે. ત્યારે ફરી ફરીથી સમગ્ર મહિલાઓને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું અને સમગ્ર સમાજ અને સરકારનો આભાર વ્યક્ત કરું છું કે તેઓએ આવી મહિલાઓને તક આપી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે સમગ્ર વિશ્વની મહિલાઓ અને આ ગૃહની તમામ મહિલા ધારાસભ્યોને મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૦૮માં અમેરિકાની અંદર પંદર હજાર જેટલી મહિલાઓએ રેલી કાઢીને પોતાના વોટ માટેનો અધિકાર માગ્યો હતો. વર્ષ ૧૯૭૫માં સંયુકત રાષ્ટ્રએ મહિલા દિવસ ઉજવવાનું નક્કી કર્યું ત્યારથી ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવાય છે. મહિલાઓની વાત આવે ત્યારે ભાષણો થાય છે, જે તે સરકાર પગલાંઓ છે. મહિલાઓનું સશક્તિકરણ કરવા માટેની યોજનાઓ બનાવાય છે, પણ વાસ્તવિક રીતે જે પ્રમાણે અમલ થવો જોઇએ તે થતો નથી. વર્તમાન સમયને ધ્યાનમાં લઇને મહિલાઓને કંઇ જરૂર હોય તો તેની સલામતિની જરૂર છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આજે સરકાર પાસે વિનંતી કરું કે જે એરિયાની અંદર મહિલા પોલીસ સ્ટેશન ન હોય અને જયાં ક્રાઇમ વધારે બનતો હોય ત્યાં મહિલા પોલીસ સ્ટેશન તાત્કાલિક બનાવી તેને પ્રાયોરિટી આપે તેવી અપેક્ષા રાખું છું. અલગ અલગ વિસ્તારોની અંદર ભૌગોલિક પરિસ્થિતિ જુદી જુદી હોય છે. મહાત્મા ગાંધીએ આપણને સૂત્ર આપેલું છે કે અહિંસા પરમો ધર્મ. હવે મહિલાઓએ વીરતા પરમો ધર્મ અને કયાંક લડકી હું લડ શકતી હું તેવા નારા સાથે પણ સમાજ અને જે તે ક્ષેત્રની અંદર આગળ વધવાની જરૂર છે. મહિલા સશક્તિકરણનું ઉદાહરણ જોઇએ તો આપણા દેશની અનેક મહાન મહિલાઓએ વિવિધ ક્ષેત્રની અંદર આ દેશને ગૌરવ અપાવ્યું છે. શ્રીમતી સુનિતા વિલિયમ્સ હોય, કિરણ બેદી હોય, શ્રીમતી આનંદીબેન પટેલ હોય અને ગૌરવ લઇ શકાય તો આજે વિધાનસભાના અધ્યક્ષ તરીકે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આપ અધ્યક્ષ તરીકે બિરાજમાન છો તે વાતનું અમને સૌને ગૌરવ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે રાજકીય રીતે જયારે વાત કરવાની આવે ત્યારે પાકિસ્તાનને યાદ કરતા હોય અને ધૂળ ચાટવાની વાત હોય ત્યારે વર્ષ ૧૯૭૧ની અંદર પાકિસ્તાનને ઉભું ચિરીને બાંગ્લાદેશનું નિર્માણ કરીને સમગ્ર વિશ્વને ગૌરવ અપાવનારી શ્રીમતી ઇન્દિરાજી આ દેશની મહિલાઓ માટે પ્રેરણાદાયક છે. શ્રીમતી સોનિયાજી હોય, વિરોધપક્ષની અનેક મહિલા નેતા હોય, આપણી અહીંની અનેક મહિલાઓ હોય તે ખભેખભો મિલાવીને આવનારા દિવસોના જે પડકારો છે તેને ઝીલવા માટે સક્ષમ બને તેવી અપેક્ષા રાખું છું. છેલ્લે વાત કરું કે, જયારે મહિલા ઉપર અત્યાચારો થતા હોય ત્યારે તેની ફેવર કરવાની અને તેને ન્યાય આપવાની વાત હોય. ત્યારે આ ગૃહમાં બેઠેલાં ૧૮૨ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, ક્યારેક કોઇ મહિલાઓ ઉપર અત્યાચાર કરવાવાળો હોય, અન્યાય કરવા વાળો હોય એ મારો છે અને મારો પોતાનો માણસ છે માટે આની સામે કોઇ પગલાં ન લેતા એવું ન કરવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે બધા જ ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ અને સરકાર પાસે અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે ગયા વર્ષે એ સમયના માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે મહિલાઓને તોહફાના ભાગારૂપે પોતાના વિસ્તાર માટે દરેકને ૧.૨૫ કરોડનો જોબ નંબર આપ્યો હતો, એ જ રીતે ભેટરૂપે અમારા પક્ષના સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાતે સાડી લાવવા માટેની વાત કરી છે અને અમારા રાધનપુરના ધારાસભ્યશ્રી રઘુભાઇએ આઠમાં ધોરણથી લઇને જેટલી પણ દીકરીઓ એ વિસ્તારમાં ભણતી હોય એ તમામને બોલપેન આપીને મહિલા દિવસની તેમણે ભેટ આપી છે ત્યારે શ્રી પૂર્ણેશ મોદી સાહેબને પણ વિનંતી કરું કે જે રીતે ગયે વખતે મહિલાઓને પ્રેરણા માટે માનનીય માર્ગ મંત્રી સાહેબે જોબ નંબર આપ્યો હતો એવી રીતે આ વખતે ચૂંટણીનું વર્ષ છે ત્યારે પોતાના વિસ્તારમાં ૨ કરોડના જોબ નંબર આપશે એવી અપેક્ષા રાખું છું. અહીંયા શિક્ષણ મંત્રી શ્રી વાઘાણી સાહેબ પણ બેઠાં છે તો વધારે નહીં તો અમારા વિસ્તારમાં મહિલાઓના કહેવા મુજબ જ્યાં મહિલાઓને સંખ્યા પ્રમાણે જરૂર છે એવા વિસ્તારમાં શાળાઓના ૧૦-૧૦ રૂમો આપશે અને એવી અમારી વિનંતી માનનીય વાઘાણી સાહેબે મંજૂર રાખી છે ત્યારે હું એમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)**

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી રાકેશભાઈ શાહ તરફથી આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીએ જેને અનુમોદન આપ્યું છે તે નીચે મુજબ છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ``

માનનીય સભ્યશ્રી, પ્રદિપસિંહજી જાડેજા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે આજે સૌ મહિલાઓને હૃદયપૂર્વકની હાર્દિક શુભકામનાઓ આપું છું અને સાથે સાથે મને ગૌરવ છે કે આજે આ ગુજરાત વિધાનસભામાં આપ મહિલા અધ્યક્ષ તરીકે બિરાજમાન છો અને મને અહીંયા પ્રવચન કરવા માટેની તક મળી છે.

ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા આજે મહિલા સશક્તિકરણ માટેનું એક સાચું ઉદાહરણ પૂરું પાડે છે. ભૂતકાળમાં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી હતા તો એ પણ શ્રીમતી આનંદીબેન પટેલે મહિલા તરીકે આ સભાગૃહમાં કામ કર્યું છે અને આજે અધ્યક્ષશ્રી તરીકે આપ સુપેરે સમગ્ર ગૃહનું સંચાલન કરી રહ્યા છો એવા સંજોગોમાં હું આપના માધ્યમથી સમગ્ર મહિલા જગતને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાકેશભાઇ શાહ રાજયપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત કરવા માટે ઉભો થયો છું. આઝાદી કા અમૃત મહત્સવ આ વર્ષે આપણે ઉજવીએ છીએ. ગુલામીની ઝંઝીરોમાંથી ભારત માતાને મુક્ત કરવા માટે અનેક નામી અનામી શહિદોએ આપેલી સહાદત, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, પૂજ્ય રવિશંકરજી અને અનેક શહિદોની સહાદતને યાદ કરીને એને વંદન કરીને આપણે આઝાદી કા અમૃત મહત્સવનું વર્ષ જ્યારે ઉજવી રહ્યા છીએ ત્યારે આપણે આ ગુજરાતનું એક યા બીજા સ્વરૂપે તમામ સભ્યો નેતૃત્વ કરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની રાજકીય પરિસ્થિતિનું જો વિશ્લેષણ કરીએ તો વર્ષ ૧૯૯૦થી ગુજરાતમાંથી કોંગ્રેસને સીધી રીતે પ્રજાએ કોઇ મેન્ડેટ નથી આપ્યો. વર્ષ ૧૯૯૦ પછી, વર્ષ ૧૯૯૫માં ભાજપ, વર્ષ ૧૯૯૮માં ભાજપ, વર્ષ ૨૦૦૨માં ભાજપ, વર્ષ ૨૦૦૭માં ભાજપ, વર્ષ ૨૦૧૨માં ભાજપ અને વર્ષ ૨૦૧૭માં પણ ભારતીય જનતા પાર્ટીને મેન્ડેટ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર રાજકીય સ્થિરતા ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના વિશ્વાસ ઉપર આપી છે અને ભારતીય જનતા પાર્ટીએ પ્રજાનો વિશ્વાસ સંપાદન કરીને તે પ્રમાણે લાગ લગાટ કામ કરી રહ્યું છે. ગુજરાતની અંદર આપણે સૌ જાણીએ છીએ કે, જયારે ૨૦૦૧માં નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી તરીકે આવ્યા ત્યારથી આ એમની સાથે ધારાસભ્ય તરીકે મંત્રી તરીકે કામ કરવા માટેની તક મળી. લાગ લગાટ એ કાયમ અમને બધાને કહેતા મને ગુજરાતના વિકાસનું ઘેલું લાગ્યું છે વિશ્વમાં જે શ્રેષ્ઠ છે તે ગુજરાત માટે કરીને જંપીશ, ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે. આમ કરતા કરતા ગુજરાત એ સમગ્ર દેશના પ્રથમ નંબરનું રાજય બન્યું, દેશના કરોડો લોકોની આશાનું કિરણ બન્યા અને ૨૦૧૪ની અંદર દેશના પ્રધાનમંત્રી બન્યા, વર્ષ ૨૦૧૯ની અંદર ફરી પ્રધાનમંત્રી બન્યા. આવા જ ગુજરાતનું નેતૃત્વ આજે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આપણાં માનનીય મુખ્યમંત્રી જે એકદમ સૌમ્ય, સાલસ અને સહજ સ્વભાવ સ્વરૂપે પોતાની ટીમના માધ્યમથી કરી રહ્યાં છે અને રાજયપાલના પ્રવચનમાં જે ઉલ્લેખો છે તેના આધાર ઉપર હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ હ્રદયપૂર્વકના હાર્દિક અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, Gujarat is the growth engine of India અને માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રવચનમાં Good Governance - સુશાસનમાં ગુજરાતને પ્રથમ નંબર મળ્યો છે. એ જ પ્રમાણે પી.એમ. દ્વારા પ્રધાનમંત્રી મૂલ્યાંકન પ્રગતિ દેશમાં ગુજરાતને પ્રથમ નંબર મળ્યો છે. આરોગ્ય વિભાગે ઉત્તમ પ્રકારની કામગીરી કરી અને રસીકરણની અંદર પણ ગુજરાતે જે પ્રમાણેનું કામ કર્યું છે ત્યારે હું આરોગ્ય વિભાગના સૌ અધિકારી, કર્મચારી અને માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ સહિત સમગ્ર ટીમને અભિનંદન આપું છું. હાલમાં આપણે યુક્રેન રશિયા વચ્ચેની જે પરિસ્થિતિમાં ઓપરેશન ગંગાના માધ્યમથી ભારતીયોને પરત લાવવા માટેનું જે મિશન ચાલી રહ્યું છે તેમાં ૧૬૦૦૦ જેટલા પરત આવ્યા છે એમાંનો હું એક દાખલો આપવા માગું છું. હું જે વિસ્તારમાંથી આવું છું તે વટવા તેમાં એક મનસુરી ઈલમાબેન તેના પિતાનું નામ દાઉદભાઇ. અમારા સૌ કાર્યકર્તાઓ તેમને મળવા માટે ઘરે ગયા ત્યારે તેના પિતા દાઉદભાઇએ કહ્યું કે, આ સરકારે કોઇપણ જાતના ભેદભાવ રાખ્યા સિવાય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મારી દીકરી ઈલમા મનસુરીને પોતાની દીકરીની જેમ ત્યાંથી અહીંયા અમારા ઘર સુધી પહોંચાડવાનું કામ કર્યું હોય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાનશ્રીએ કર્યું છે આ કહેતા કહેતા તેમની આંખોની અંદર આંસુઓ આવી ગયા હતા આ પ્રકારનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ શાંતિ, સલામતી, સુરક્ષા માટે જાણીતું છે. ગત સરકારોમાં માનનીય મોદી સાહેબ, માનનીય આનંદીબેન અને માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારમાં આપણે ગુજસીટોકથી માંડીને લેન્ડ ગ્રેબીંગ, દારૂબંધી, લવ-જેહાદ, ગુંડા નાબૂદી ધારો, chain snatching અને પાસા જેવા અનેક કાયદાઓ આપણે લાવ્યા છીએ. અલ્ટીમેટલી આ પ્રશાસનના હાથમાં યોગ્ય કાયદાઓ આપવામાં આવે તો એ અસરકારક રીતે રાજયનું સંચાલન કરી શકે. હું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અને માનનીય હર્ષભાઇને અભિનંદન આપું છું કે ગુજરાતની અંદર NDPS ને વધારે સઘન બનાવવા માટે તેમણે Narcotics Drugs and Psychotropic Substances Act, 1985ના એકટ પ્રમાણે રાજયની અંદર Drug Reward Policy આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સ એ આપણા રાજ્યના સીમાડાઓની સમસ્યા નથી. એ આંતરરાષ્ટ્રીય સમસ્યા છે. સમાજની સમસ્યા છે અને આ સમસ્યા સામે સમાજે સાથે રહીને લડવાની આવશ્યકતા છે. એક-બીજા પર દોષારોપણ કરવા કરતાં આપણે કટિબદ્ધતાથી આની સામે લડીશું તો જ આપણે અસરકારકતાથી એમાં પરિણામ લાવી શકીશું. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સુધીની આ મજલમાં આપણે લાગ્યા છીએ. બારમી વિધાનસભાના બીજા સત્રમાં ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ ગુજકોકના વિધેયકને રાષ્ટ્રપતિની અનુમતિ મેળવવા માટે આ સન્માનનીય સભાગૃહમાં તે વખતના ગૃહ રાજ્યમંત્રીશ્રી અમિતભાઇ શાહ સંકલ્પ લઇને આવ્યા હતા અને આ સરકારી સંકલ્પમાં એમણે ઇચ્છા વ્યક્ત કરી હતી કે અમારે આતંકવાદ સામે ગુજરાતની પ્રજાનું રક્ષણ કરવું છે, સુરક્ષા કરવાની છે. ગુજરાતને સુરક્ષિત રાખવું છે. કેન્દ્રમાં

યુ.પી.એ.ની કૉંગ્રેસની સરકારે વર્ષો સુધી અમારા ગુજસીકોક કાયદાને મંજૂરી ન આપી. શ્રી મોદી સાહેબે ચિંતા કરી. એના કારણે વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં સિરીયલ બ્લાસ્ટ થયા. આ સિરીયલ બ્લાસ્ટના કારણે ૫૮ લોકો મૃત્યુ પામ્યા અને એ બ્લાસ્ટ કરવાવાળા લોકોને પકડીને એમને જેલના હવાલે કરી એમને convict કરાવવાનું ઉત્તમ પ્રકારનું કામ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના પોલીસતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જેના કારણે દેશમાં ક્યાંય ન હોય એવા ૩૮ લોકોને ફાંસીના માંચડે લટકાવવા માટે, ૧૧ લોકોને જીવે ત્યાં સુધી સજા આપવાનો યશ ગુજરાત પોલીસને જાય છે. I salute ગુજરાત પોલીસનું બેસ્ટ ઓફ બેસ્ટ ઇન્વેસ્ટીગેશન અને સરકારી વકીલો કે જેમણે રાત દિવસ મહેનત કરી છે. આ કેસની કેટલીક હકીકત હું કહેવા માગું છું. ૧૯ દિવસમાં આખો કેસ ડિટેક્ટ કર્યો. એમોનિયમ નાઇટ્રેટ અને ટૅકનૉલૉજીનો ઉપયોગ કરીને ગુજરાતના પોલીસ તંત્રની ટીમે લાખો મોબાઇલના ડેટા ડમ્પ કરી એમાંથી નીકળેલી વાતના આધારે કો-ઓર્ડિનેશનથી યુ.પી., એમ.પી., રાજસ્થાન, કેરલા જેવા રાજ્યોમાંથી આવશ્યકતા પડી ત્યારે રાજ્ય સરકારે આ બધાં આરોપીઓને અહીંયા લાવવા માટે પણ વ્યવસ્થા કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એ શનિવારનો દિવસ હતો. હું એ દિવસે નિયમિતપણે અમદાવાદ શહેરના કેમ્પ હનુમાનના દર્શન કરીને પરત આવતો હતો. ત્યાં મારા ઉપર ફોન આવ્યો કે અમદાવાદ શહેરમાં કેટલીક જગ્યાઓ ઉપર બ્લાસ્ટ થયા છે. ઇજાગ્રસ્ત લોકોને સિવિલ હૉસ્પિટલ લાવ્યા છે. સામાન્ય રીતે આ દિવસોમાં હું અસારવા વિધાનસભાનો ધારાસભ્ય હતો. અમારી એક ટીમ કાયમ માટે સિવિલ હૉસ્પિટલમાં આવા પ્રસંગે જરૂરિયાતવાળા દર્દીઓની સારવાર માટે જાય છે. અમે જરૂરી બધાં જ કાર્યકર્તાઓને ફોન કરાવ્યા અને સિવિલ ઉપર પહોંચ્યા. કોઇ રક્તદાન કરવા માટે ગયા તો કોઇ દર્દીઓને ટ્રોલીમાંથી લાવીને ટ્રોમા સેન્ટરમાં પહોંચાડવા માટે ગયા. કોઇ એક્સ-રે કઢાવવા માટે ગયા. અત્યારના આપણા કૅબિનેટ મંત્રીશ્રી પ્રદિપભાઇ પરમાર અને અમારા એ વખતના કૉર્પોરેટર શ્રી રમણભાઇ માળી અને અમારી ભારતીય જનતા પાર્ટીની દસ જેટલા કાર્યકર્તાઓની ટીમ ત્યાં હાજર હતી. એ વખતે જે દ્રશ્યો થયા એ દ્રશ્યોની પહેલાં આ આતંકવાદીઓએ ગુજરાતના નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરાને ભીંજવવાનું જે કૃત્ય કર્યું હતું એમાં એક નહિ પણ પહેલો બાપુનગર, બીજો હાટકેશ્વર, ત્રીજો નારોલ, ચોથો મિત્તલ સર્કલ, પાંચમો ઇસનપુર, છઠ્ઠો ખાડિયા. કાલુપુર, નરોડા, નરોડા ગામ, ઓઢવ, રાજેન્દ્ર પાર્ક, ખોડિયાર નગર, અમરાઈવાડી, મણિનગર, મણિનગર -જવાહર ચોક, સરખેજ, અંબર ટાવર આ પ્રમાણે બ્લાસ્ટ થયા અને એ બ્લાસ્ટના કારણે ૮૦ વિરુધ્ધનું તહોમતનામું થયું, ૭૮ વિરુધ્ધની કાર્યવાહી કરવામાં આવી. આમાં ૨૧ ગુજરાત, ૧૩ એમ.પી., ૧૨ કર્ણાટક, ૧૧ મહારાષ્ટ્ર, ૯ યુ.પી., ૫ કેરળ, ૩ રાજસ્થાન, ૩ આંધ્ર પ્રદેશ, ૨ ઝારખંડ અને ૧ બિહારના એમ રાષ્ટ્રવ્યાપી હતાં. બ્લાસ્ટમાં મેં સળગતા માણસો જોયા છે, હાડકા તથા માંસના લોચા જોયા છે. તે સ્થિતિમાં ડૉક્ટરોએ સરાહનીય કામ કર્યું છે. તે સમયે નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી હતાં. એમને ના પાડવામાં આવી કે તમે સ્થળ ઉપર ન આવતાં, આ લોકોનું ષડ્યંત્ર છે કે આ બધી જગ્યાએ ધડાકા કરીને નેતાઓને એક જગ્યાએ એકત્રિત કરીને બોમ્બથી ઉડાવી દેવા. છતાં પણ શ્રી મોદી સાહેબ આવ્યા અને તે વખતે પ્રબળ રાજકીય ઈચ્છા શક્તિના આધાર ઉપર એમણે સંકલ્પ કર્યો હતો કે આ આતંકવાદીઓની શાન ઠેકાણે લાવવા માટે હું ઉત્તમ પ્રકારના પગલાં લઇશ. તેમણે પોલીસની બેસ્ટ ટીમ બનાવી. અત્યારના હાલના રાજ્યના ડી.જી.પી. શ્રી આશિષ ભાટિયાજી, ગાંધીનગર રેન્જના આઈ.જી., ગાંધીનગરના એસ.પી., એ.ટી.એસ. એ ઉત્તમ પ્રકારની કામગીરી કરી અને તેના કારણે કેરળથી આઝમગઢ સુધી જઇને આતંકવાદીઓને એની બોડમાંથી પકડીને લાવવાનું કામ કર્યું હોય તો તે ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં ૪૯ આરોપીઓને ફાંસી અને ૧૧ આરોપીઓને જીવે ત્યાં સુધીની સજા આ પ્રકારનો ચુકાદો આપવામાં આવ્યો છે. દેશમાં એક પ્રકારનો દાખલો બેસાડવામાં આવ્યો છે કે પહેલા આતંકવાદી ઘટનાઓ થાય તો કોઈ એક્શન લેવાતા ન હતાં પણ ગુજરાતમાં એક જવામર્દ મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોલીસની ટીમ, વકીલોની ટીમ અને ફૉરેન્સિકની મદદથી ઉત્તમ પ્રકારની કામગીરી કરી હતી. જ્યારે એ સ્મશાન યાત્રા નીકળતી ત્યારે કહેતા હતાં કે નો એફ.આઈ.આર. ઓનલી ફાયર. એમની ઈચ્છા હતી કે આ બધાને ફાંસી આપો અને એ ફાંસી મળી છે તેના કારણે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિવસે વિધાનસભા ગૃહમાં આપ અધ્યક્ષ તરીકે બિરાજો છો ત્યારે આપને તથા મહિલા ધારાસભ્યશ્રીઓને, રાજ્યની અને દેશની મહિલાઓને ખૂબ હૃદયપૂર્વક શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવું છું. શ્રી રાકેશભાઈ શાહ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને શ્રી અભેસિંહ ભાઈએ અનુમોદન આપ્યું છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. રાજ્યપાલશ્રીના પ્રવચનના પહેલા જ ફકરામાં ગાંધી અને સરદારના નામથી માનનીય રાજ્યપાલશ્રીએ શરૂઆત કરી છે. ગાંધીજીએ ભૂતકાળમાં કહ્યું છે કે, મારામાં અહંકાર નથી એવી મને આશા છે. મારી નિર્બળતા હું પૂરેપૂરી સમજું છું એવું મને લાગે છે પરંતુ ઈશ્વરમાં અને તેની શક્તિ તથા પ્રેમમાં મારી શ્રધ્ધા અવિચળ છે. હું તો કુંભારના હાથમાં માટી જેવો છું. ખરું જોતાં તો મારે ક્યાંય મોભાની ઈચ્છા જ નથી. એ તો રાજાની કચેરીઓમાં જરૂરી રાચરચીલું છે. હું તો હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી તેમજ યહુદીઓનો સેવક રહ્યો અને સેવક તો પ્રેમનો જ ભૂખ્યો હોય મોભાનો નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીના નામે આપણે વાતો કરીએ છીએ અને સતત કરતાં આવ્યા છીએ. ગઈ કાલે પણ અહીંયા ચર્ચાઓ થઈ છે તેનું પુનરાવર્તન નહિ કરું પણ એક બાજુ આપણે ગાંધીના નામે વાત કરીએ અને બીજી બાજુ ગુજરાતમાં એ ગાંધીનો જન્મ થયો હોય અને એ જ રાજ્યમાં એ જ ગાંધીને ગોળીએ દેનાર નાથુરામ ગોડસે માટે તેના બાવલા મૂકાય અને બાવલા મુકાયા પછી એની સામે કાયદેસરની કાર્યવાહી કરવાના બદલે એને તોડી નાખવામાં આવે એની સામે

કાયદેસર કાર્યવાહી થાય, આ બે બેવડા ધોરણોમાંથી સરકારે બહાર નીકળવું જોઇએ. એટલું જ નહી, પરંતુ વલસાડની એક પ્રાથમિક શાળામાં, વક્તૃત્વ સ્પર્ધાની અંદર, મારો આદર્શ કોણ? નથુરામ ગોડસે. દુર્ભાગ્ય છે આ રાજ્યનું કે ગાંધીના નામે વાત કરી અને એની વિરુધ્ધની અંદર આપણે વાત કરીએ છીએ. (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જીતુભાઇ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી પુંજાભાઇ વાત કરે છે, એમાં મને લાગે છે કે એમની પાસે માહિતીનો અભાવ છે એટલે કરેકશન કરુ છું કે, પ્રાથમિક સ્કૂલની અંદર યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા એ સ્પર્ધા યોજાયેલ હતી. પ્રાથમિક શાળા એટલે સ્કૂલ નહીં અને એમાં જેમણે પણ આ પ્રશ્ન પૂછયો એમને તાત્કાલિક યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના અમારા મંત્રીશ્રીએ સસ્પેન્ડ કરેલા છે, એ માહિતી કદાચ એમની પાસે ન હોય. એટલે એમના ધ્યાને મુકૂં છું. ગાંધીજી માટે અમને બધાને અને ભારતીય જનતા પાર્ટીને સંપૂર્ણપણે શ્રધ્ધા છે અને એટલે જ મહાત્મા મંદિર અહીંયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસથી આ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવે છે, જાણે કે કોઇ એક થીમ તૈયાર કરવામાં આવતી હોય. એ પ્રસંગ જામનગરમાં બન્યા પછી એમાં નથી ભારતીય જનતા પાર્ટીનું સર્મથન, નથી ભાજપ સરકારનું કોઇ સમર્થન, નથી કોઇ ભાજપના કાર્યકર્તાનું સમર્થન. પાર્ટી તરીકે, સંઘ તરીકે, સરકાર તરીકે અમે હંમેશ માટે ગાંધી ચિંધ્યા માર્ગે જ ચાલ્યા છીએ. ગાંધીજીના આદર્શોનું પાલન જો કોઇએ કર્યું હોય તો, એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. આ મહાત્મા મંદિર, મહાત્મા ગાંધીના નામ સાથે જોડીને વર્ષો સુધી રહ્યા પછી એમને વિચાર આવ્યો. ગાંધીજીના આદર્શો પ્રમાણે અત્યારે પણ ચાલતા હોય, ખાદી પહેરવાની વાત બીજે સુધી લઇ જવાની હોય, ખાદી ગ્રામ ઉદ્યોગમાં ખરીદી કરવાની હોય, નાના માણસોની રોજીરોટી હોય, અગિયાર વ્રતોનું પાલન, આ બધા જ વિચારો એ ભારતીય જનતા પાર્ટી તથા સંઘની શાખામાં અમને શિખવાડવામાં આવે છે. એટલે મહેરબાની કરીને આ મુદ્દા અંગે અમારુ કોઇ સમર્થન નથી. આ બાબતે અમે ગાંધીજીની સાથે જ છીએ. ગોડસે સાથે અમારે કંઇ લેવાદેવા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પુંજાભાઇ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ ચુડાસમાએ જે કીધું એ સારી વાત કરી છે. સમર્થન નથી કરતા એ પણ સારી વાત છે. અમારો કહેવાનો મુદ્દો ફક્ત એટલો જ છે કે, આવી પ્રવૃતિઓ કરનારાઓ ભવિષ્યની અંદર આવી હિંમત ન કરે એ પ્રકારના રાજ્ય સરકાર પગલાં ભરે, એવી અમારી લાગણી અને માગણી છે. સાબરમતી આશ્રમને રિ-ડેવલપમેન્ટ કરવાની સરકારે વાત કરી છે, સારી વાત છે. આવકારદાયક છે. પરંતુ ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ની મધરાતે શ્રી નહેરૂ જયાં ઉભા રહ્યા હતા અને વિશ્વને ઉદ્દબોધન કર્યું હતું કે, વિશ્વ જયારે નિંદ્રાધીન છે, ત્યારે ભારત જીવન માટે જાગૃત થઇ રહ્યો છે, એ રૂમને હવે આપણે મ્યુઝિયમમાં ફેરવવા માંગીએ છીએ. વિશ્વના ઘણા રાષ્ટ્રોએ પોતાની વિરાસતોને જાળવવાના પ્રયત્નો કર્યા છે, તો ભૂતકાળની આપણી જે વિરાસતો છે એને ડેવલપમેન્ટના નામે આપણે નષ્ટ ન કરીએ એવી લાગણી વ્યકત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, બધા મંત્રીશ્રીઓ, સત્તાપક્ષના બધા ધારાસભ્યશ્રીઓ તરફથી ગુડ ગવર્નસની વાતો કરવામાં આવે છે. છેલ્લા ૧૦-૧૦ વર્ષથી રિટાયર્ડ થઇ ગયેલા અધિકારીઓ સતત કામ કરતા હોય છે. એ જગ્યાઓ ખાલી થઇ ગયા પછી આપણે નવી ભરતીઓ કરતા નથી. ભરતી કેલેન્ડરની આપણે વાતો કરીએ છીએ અને સતત આપણે એમને નિમણૂકો આપીને, ઠેલાવ્યા કરીએ છીએ, ઠેલાવ્યા કરીએ છીએ, આને આપણે ગુડ ગવર્નન્સ કહીએ છીએ? ભૂતકાળમાં રાજ્ય સરકારે જે નિર્ણયો કર્યા છે, જે નીતિઓ જાહેર કરી છે, રમશે ગુજરાત, દોડશે ગુજરાત, ભણશે ગુજરાત એ કન્સેપ્ટના આધારે રાજ્ય સરકારે ભૂતકાળમાં જિલ્લા કલેકટરોને રમત ગમતના મેદાન માટેની સૂચનાઓ આપી, પ્રાંત અધિકારીશ્રીઓએ રમતગમતના મેદાન મંજૂર કર્યા. હું ફકત મારા ગીર-સોમનાથ જિલ્લાનો દાખલો આપીશ, આખા રાજ્યની વાત નહીં કરું. મંજૂર કરી દીધા પછી, આજની તારીખે હજુ સુધી વર્ષ ૨૦૧૦-૧૧માં હુકમો કર્યા પછી એની માપણી થઇ નથી. અને માપણી ન થવાને કારણે મોટાભાગમાં પેશ કદમી થઇ ગઇ, આને આપણે ગુડ ગવર્નન્સ કહીશું? લેન્ડ ગ્રેબિંગ કાયદાની અહીં વારંવાર ચર્ચા થઇ છે. પૂર્વ ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહભાઇ આ કાયદો લઇને આવ્યા, સારી વાત છે, વિપક્ષે પણ સમર્થન આપ્યું હતું. એમાં પગલાં લેવાયા છે, પણ મોટે ભાગે વાસ્તવિક રીતે લેન્ડ ગ્રેબિંગના કાયદાનો જે અસરકારક રીતે અમલ કરવો જોઇએ તેવો અમલ નથી થતો. હું એક દાખલો આપીશ, સરકારી જમીન વેચી શકાય ખરી? ન વેચી શકાય, સરકાર પણ જવાબ આપશે કે ન વેચી શકાય. છતાં સુરતની અંદર હજીરાની અંદર એક વ્યક્તિને વર્ષ ૧૯૫૪માં ૨૦ હેકટર જેટલી જમીન ૯૯ વર્ષના ભાડા પટ્ટે આપવામાં આવે છે અને ૯૯ વર્ષના ભાડા પટ્ટે આપવામાં આવ્યા પછી વર્ષ ૨૦૦૫ની અંદર આ જમીન સરકારે જેમને આપી હતી એ જમીન રૂપિયા પાંચ કરોડ કરતા વધુ રકમ લઇને એક કંપનીને વેચી નાખવામાં આવે છે. સુરતના પ્રાંત અધિકારીએ કેસ દાખલ કરીને એ જમીન સરકાર હસ્તક લેવા માટેનો હુકમ કર્યો અને એ હુકમ કર્યા પછી પણ આજની તારીખે આ જમીન પરત લેવામાં આવી નથી. રેકર્ડ ઉપર સરકારી છે. તો આના ઉપર શા માટે લેન્ડ ગ્રેબિંગ કાયદાનો અમલ કરતા નથી? મારી પાસે રેકર્ડ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય તો અસંખ્ય આવા કિસ્સા છે, બીજા ઘણા બધા દાખલાઓ આપી શકાય તેમ છે. લેન્ડ ગ્રેબિંગ કરીને જમીન માફીયાઓએ, ભૂ-માફીયાઓએ જે રીતે જમીન પચાવી પાડી છે એ સરકારી જમીન છે, ગૌચરની જમીન છે, એને ખાલી કરાવીને પાછી સરકાર હસ્તક પરત લેવી જોઇએ એ કાર્યવાહી થતી નથી. ગુડ ગવર્નન્સના નામે અહીંયા

વાત કરવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં ભાઇ શ્રી પ્રદિપસિંહ ભાઇએ હમણાં પોતાના વકતવ્ય દરમિયાન કહ્યું, હમણાં સિરીયલ બ્લાસ્ટમાં ફાંસીની સજાઓ થઇ. સારી વાત છે. કરવી જોઇએ. અસરકારક રીતે કરવી જોઇએ. પણ છેલ્લા વર્ષમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જે ઉત્પન્ન થઇ છે તેનાથી આપણે સૌ વાકેફ છીએ. બીજા મહિનામાં છેલ્લા તેર દિવસમાં જે પ્રકારે ગંભીર પ્રકારના ગુનાઓ બન્યા છે એ ગુનાઓની અંદર સુરત શહેરમાં હત્યા, ૩/૨, ૫/૨એ અડાજણમાં હત્યા, ૬/૨એ લાલ ગેટ પાસે હત્યા, ૬/૨ એ રાંદેર ગાયત્રી ચોકડી પાસે હત્યા, ૭/૨એ રાજકોટ પોલીસમાં ગોંધી રાખી ૩૨ કરોડની મિલકત લખાવી લીધી. આવી રેકર્ડ ઉપરની હત્યાઓ થાય છે. અને એ હત્યાઓ થયા પછી એની સામે જે કાયદેસરના પગલાં લેવા જોઇએ, સરકાર જયાં હત્યા થાય ત્યાં શું કરે છે? સાહેબ, ધંધુકામાં કિશન ભરવાડની હત્યા થાય છે, જે કોઇએ હત્યા કરી છે એને ફાંસીની સજા થવી જોઇએ, એની સામે પગલાં લેવા જ જોઇએ. સરકાર ત્યાં ગઇ, એ પછી પાલીતાણાની અંદર એક કોળી સમાજની દીકરી ઉપર એક બહેન ઉપર કેરોસીન છાંટીને સળગાવી દેવામાં આવી એ હત્યા નહોતી? સરકાર શા માટે ત્યાં આશ્વાસન આપવા માટે ન ગઇ? ત્યાર પછી રાજકોટની અંદર એક કોળી સમાજના આધેડની હત્યા થઇ, સરકાર ત્યાં ગઇ? સરકાર ધંધુકા ગઇ, સારી વાત છે, હું ટીકાના રૂપમાં નથી કહેતો. પણ ધંધુકા જઇને તમે આદેશ આપતા હો અને તાતકાલિક અધિકારીઓએ તપાસ કરીને પાકિસ્તાન કનેકશન સુધી તમે શોધી કાઢતા હો, તો વર્ષ ૨૦૦૩માં આ *(xxx) કોણ જવાબદાર છે? સરકાર પગલાં લેવાની વાતો કરે છે, આતંકવાદીની, પણ ઘર આંગણે જે પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થાય છે એની સામે કોણ પગલાં લે છે? ખેડૂતોની આવક વર્ષ ૨૦૨૨માં બમણી કરવાની વાત કરી હતી. એ કોણે વાત કરી હતી? વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી થઇ? વિશ્વમાં લાંબામાં લાંબુ ખેડૂત આંદોલન કોઇ ચાલ્યુ હોય તો એ કૃષિ કાયદાની વિરૂદ્ધનું ચાલ્યું છે. ખેડૂત વિરોધી ૩ *(xxx) જો સમયસર ખેડૂતોએ આંદોલનની શરૂઆત કરી ત્યારે જ પરત ખેંચી લીધા હોત તો દેશના ૭૦૦ ખેડૂતોની જાન બચી શકી હોત. એ ન કરી શકયા, પરિણામે ૭૦૦ ખેડૂતોએ પોતાની જાન દેવી પડી. ખેડૂતોના નામે આપણે વાતો કરીએ છીએ. આ પ્રવચનની અંદર ખેડૂતો માટે શું? ખેડૂતો માટેની નીતિની વાત કરીએ છીએ પરંતુ ખેડૂતોને કુદરતી આફતોમાં વધુમાં વધુ નુકસાન થાય એની સામે રાજય સરકારે જે પ્રકારે વળતર આપવું જોઇએ અથવા એની જોગવાઇ કરવી જોઇએ એવી કોઇ જોગવાઇ આ પ્રવચનમાં દેખાતી નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ *(XXX) એ જે શબ્દો વાપર્યા છે એ અસંસદીય શબ્દ છે એટલે રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ વાપર્યા છે એ શબ્દો દૂર કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂર્વ ગૃહમંત્રીશ્રીના સંદર્ભમાં જે શબ્દો ઉલ્લેખ કર્યા એના સંદર્ભમાં નામદાર હાઇકોર્ટ, નામદાર સુપ્રીમ કોર્ટ સુધી આખી પ્રક્રિયા પૂર્ણ થઇ છે. સાચા આરોપીઓને પકડતા નથી એમ કરીને એ કોર્ટની પ્રક્રિયા છે કોર્ટે કરવાનું છે આ પ્રકારના ઉલ્લેખો કરેલા છે એ આખે આખા એમાંથી રદ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આપે કરેલો ઉલ્લેખો કોર્ટ બાબતના હતા એને આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ એ યોગ્ય રહેશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : જે આરોપીઓ પકડયા હતા એમને હાઇકોર્ટે નિર્દોશ છોડ્યા છે તો હત્યા કોણે કરી? આ સવાલ તો હજી બાકી છે.

અધ્યક્ષશ્રી : કોર્ટમાં થયેલ મેટર બાબતની ચર્ચા આ સભાગૃહમાં ન થઇ શકે.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) :માનનીય અધ્યક્ષશ્રી, આપણા પ્રાચીન ગ્રંથમાં લખ્યું છે કે ''યત્ર નાર્યેસ્તુ પૂજયતે રમન્તે તત્ર દેવતા.'' જયાં નારીઓની પૂજા એટલે કે સન્માન થાય છે ત્યાં દેવતાઓ પણ આનંદ પામે છે. વિશ્વ મહિલા દિવસે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

મહામહિમ રાજયપાલશ્રીના સભાગૃહને સંબોધન પછી માનનીય ધારાસભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેન માનનીય અભેસિંહભાઇ તડવીજીએ પ્રસ્તાવને સમર્થન આપેલ છે આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.જે અબ્દુલ કલામ સાહેબને યાદ કરીને મારે એમના સાયન્સ વિશેના શબ્દો કહેવા છે. તેમણે કહેલું કે "Science is a beautiful gift to humanity. We should not distort it. Technology માટે પણ શબ્દો કહેલા છે. Technology is a useful servant but are dangerous master, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ માટે આ બજેટમાં ૬૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. ડિજીટલ ઇન્ડિયા, ડિજીટલ ગુજરાતના ભાગરૂપે રાજયના નાગરિકોને એક જ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિક લક્ષી સેવાઓ ઘર બેઠા મળી શકે તે માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ ઉપલબ્ધ કરેલ છે. વિવિધ વિભાગની ૧૧૮ કરતાં પણ વધુ સેવાઓ ઉપલબ્ધ છે અને ૪૧ થી પણ વધારે મોબાઇલ એપ્લીકેશન પણ ઉપલબ્ધ છે. રાજયના વિભાગોની વહીવટી પ્રક્રિયા ઝડપી અને ઓન લાઇન બનાવવા તાજેતરમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જ ઇ-એપ્લીકેશન લોન્ચ કરવામાં આવેલ છે. આના કારણે તમામ સરકારી કચેરીઓની કામગીરી સરળ અસરકારક અને ઝડપી અને પારદર્શક બનશે.

મારે આનંદ અને ગૌરવ સાથે કહેવું છે કે આત્મ નિર્ભર ભારત અને આત્મ નિર્ભર ગુજરાતના વિઝનને સાકાર કરવા માટે આઇ.ટી. ક્ષેત્રમાં રોકાણોને વેગ આપવા માટે રાજયમાં ડિજીટલ મિશનને આગળ વધારવા માટે રોજગારીની નવી તકો ઉપલબ્ધ કરાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્ત્વમાં અમારી સરકારે હમણાં તાજેતરમાં જ નવી અને ખૂબ જ મહત્ત્વની એવી આઇ.ટી. પોલિસી, ૨૦૨૨-૨૦૨૭ જાહેર કરી છે. આ પોલિસી અંતર્ગત વિશ્વકક્ષાના આઇ.ટી. ઇન્ફાસ્ટ્રકચરનું નિર્માણ કરી હાઇસ્કીલ ધરાવતા મેન પાવર થકી ગુજરાતમાં આઇ.ટી. ઇકો સિસ્ટમમાં પરિવર્તન લાવવાનું લક્ષ છે.

સાથે સાથે ફરી આનંદ અને ગૌરવ સાથે કહેવું છે અમારી સરકારે તાજેતરમાં જ નવી બાયો ટેકનોલોજી પોલિસી બી.ટી. પોલિસી ૨૦૨૨-૨૦૨૭ પણ જાહેર કરી છે. નવી બી.ટી. પોલિસીથી બાયો ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર ગુજરાતથી આત્મ નિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર થશે. નવી બી.ટી. પોલિસીથી સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રાજયમાં સ્થાન પ્રાપ્ત કરશે. ગુજરાત મૂડી રોકાણ માટેનું ડેસ્ટીનેશન ઓફ ચોઇસ બનશે. રોજગારીની તકો વધશે અને રાજયમાં ઇનોવેશન ઇકો સિસ્ટમ વધુ સુદ્રઢ બનવાની છે. આ બંને પોલિસી અને બી.ટી. પોલિસીમાં એક્સપોર્ટમાં ધરખમ વધારો થવાથી. ગુજરાતમાં ૨ લાખ કરતાં પણ વધુ નવી રોજગારીની તકોનું નિર્માણ થવાનું છે.

માનનીય અધ્યયક્ષશ્રી, આઇ.ટી. અને બી.ટી. પોલીસી અંતર્ગત લાયકાત ધરાવતા એકમો/વ્યક્તિઓને સહાય આપવા માટે આ વખતના બજેટમાં રૂ. ૧૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાયન્સ સિટી અમદાવાદ વિષે ગૌરવ સાથે કહ્યું છે. સાયન્સ સિટી રાજ્ય અને રાષ્ટ્રનું વિજ્ઞાન પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યું છે. વિશ્વ કક્ષાની ગેલેરીઓ બનાવવામાં આવી છે. ૨૫૭ કરોડ રૂપિયાના ખર્ચે એક્વેટીક ગેલેરી, ૧૨૬ કરોડ રૂપિયાના ખર્ચે રોબોટિક્સ ગેલેરી, ૧૪ કરોડ રૂપિયાના ખર્ચે નેચર પાર્ક બનાવવામાં આવ્યો છે. અન્ય સુવિધાઓ અને અન્ય આકર્ષણના કેન્દ્રો પણ ત્યાં ઉપસ્થિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે છેલ્લા આઠ માસની અંદર કુલ ૫ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ આ સાયન્સ સિટીની મુલાકાત લીધી છે. સાયન્સ સિટીની અંદર માનવ અને જીવ વિજ્ઞાન ગેલેરી બનાવવા ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ વખતના બજેટમાં જે આયોજન કરેલું છે એ પૈકી ૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોશ દ્વારા પાટણ, રાજકોટ, ભાવનગર, ભૂજ ખાતે રીજીયોનલ સાયન્સ સેન્ટરના નિર્માણનું કાર્ય અંતિમ તબક્કામાં છે. ત્રણ મહાનગરો સુરત, જામનગર, જૂનાગઢ ખાતે રીજીયોનલ સાયન્સ સેન્ટરના વિકાસ અને ૨૫ જિલ્લાઓના ડિસ્ટ્રીકટ સાયન્સ સેન્ટરના વિકાસના કામો માટે બજેટમાં ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે દેશની પહેલી સ્ટેમ્પ ક્વીઝ યોજાઇ. આ સ્ટેમ્પ ક્વીઝ સાયન્સ, ટેક્નોલોજી, મેથેમેટિક્સ અને એન્જિનિયરીંગમાં રસ કેળવાય તેના સંદર્ભમાં ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાઇ અને લગભગ આ રવિવારે જ વિદ્યાર્થીઓને એક કરોડ રૂપિયા સુધીના પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા. આપણાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ પણ એ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. ભારતનેટ પ્રોજેક્ટની વાત કરી છે. અમારી સરકારે ભારતનેટ પ્રોજેક્ટ દ્વારા રાજયની ૧૪,૦૦૦થી પણ વધારે ગ્રામપંચાયતોને ઓપ્ટીકલ ફાઇબર નેટવર્ક દ્વારા ઇન્ટનેટથી જોડાણ કરી ગુજરાત દેશમાં સર્વપ્રથમ સિદ્ધિ હાંસલ કરનારું રાજ્ય બન્યું છે. હાઇસ્પીડ ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી ગામમાં આવેલી શાળાઓ, આંગણવાડી, હેલ્થ સેન્ટર, પોલીસ સ્ટેશન, બીજી સરકારી સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓને જોડાણ આપવા માટે ૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી હિતુ કનોડિયા.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, નોંધપાત્ર વાત છે. આજે જ્યારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે આપની આગળના બેન્ચ પર ત્રણે મહિલાઓ બેઠાં છે ત્યારે આપ સહિત આ ગૃહના તમામ મહિલાઓને હું વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી ગુજરાત વિધાનસભાના ૧૦મા સત્રના આરંભમાં મહામહિમ રાજ્યપાલશ્રીએ સભાગૃહને સંબોધન કર્યું હતું તેના ઉપર આભાર પ્રસ્તાવ લઇને માનનીય ધારાસભ્યશ્રી રાકેશભાઇ શાહ આવ્યા, તેને તડવી સાહેબે અનુમોદન આપ્યું તેમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

સંબોધનમાં તેમણે વાત કરી હતી કે આઝાદ ભારતને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આઝાદી માટેનો અમૃત મહોત્સવ આખા દેશમાં જ્યારે થઇ રહ્યો છે ત્યારે જેમણે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હોય એવા પૂ. ગાંધીબાપુને તેમણે યાદ કર્યા, શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબને યાદ કર્યા. શ્રી રવિશંકર મહારાજને યાદ કર્યા. નામી-અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને અંતઃકરણપૂર્વક વંદન કરું છું એવી વાત એમણે કરી હતી. આપણી જે સરકાર છે તે રાજ્યના સર્વાંગી વિકાસ માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. બાળકો હોય, યુવાનો હોય, વડીલો હોય, મહિલાઓ હોય, સામાજીક આર્થિક રીતે નબળા વર્ગના લોકો હોય, બધાના વિકાસ માટે કાર્યક્રમો કરે છે, નાણાં ફાળવે છે. જો હું માત્ર યુવા વિકાસની અને સાંસ્કૃતિક બાબતની વાત કરું,

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

કેમ કે એ વિષય મને સોંપવામાં આવ્યો છે તો પણ રાજ્યની સરકાર ખૂબ સારું કામ કરે છે અને હૈયે ટાઢક વળે એવું કામ કરે છે. જેમ શરીરમાં દોડતું લોહી હોય છે એ માણસને ચેતનવંતો રાખે છે એવીજ રીતે આ રાષ્ટ્રના યુવાનો આ રાષ્ટ્રને ચેતનવંતું રાખે છે કારણ કે યુવાન હોય છે એ રાષ્ટ્રનો ધબકાર હોય છે. આપણે જે પ્રગતિ કરીએ છીએ એ યુવાનોના પુરુષાર્થના પ્રયત્નનું પરિણામ છે માટે જ આપણી રાજ્ય સરકારે યુવાનોના સર્વાંગી વિકાસ માટે હંમેશા સુંદર સુંદર યોજનાઓ અમલમાં મૂકી છે. આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એમના સમયની અંદર ખેલમહાકુંભનો આરંભ કર્યો હતો. આ ખેલમહાકુંભ થકી નાના નાના ગામડાના જે ખેલાડીઓ હોય છે, નગરના, શહેરોના એ લોકોને રમવા માટેનું મેદાન મળે છે, એ લોકોને પોતાનું કૌશલ્ય દેખાડવાનો ચાન્સ મળે છે અને પારિતોષિક રૂપે એમને પ્રોત્સાહન મળતું હોય છે. મને કહેતા આનંદ થાય છે કે આ વખતના બજેટની અંદર ખેલ મહાકુંભ અંતર્ગત આગામી વર્ષ માટે ૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ થઇ છે અને આ વખતના બજેટમાં યુવા સાંસ્કૃતિક વિભાગ માટે કુલ રૂ. ૫૧૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હું આભાર માનું છું આપણી સરકારનો, માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને જે યુથ આઇકોન છે, અત્યારે આપણા સરકારના જે ગૃહમંત્રી છે અને રમતગમત યુવા સાંસ્કૃતિકના મંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબનો પણ હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધીઓ હાંસલ કરી છે, રાજય અને રાષ્ટ્રનું નામ રોશન કરે છે માટે વર્ષ ૨૦૦૬થી સરકારે શકિતદૂત યોજના અમલમાં મૂકી હતી. જેમાં ઓલિમ્પિક સંબંધીત જે ખેલાડીઓ હોય છે એમને વાર્ષિક રૂ. ૨૫ લાખની મહત્તમ મર્યાદામાં, પ્રતિભાશાળી ખેલાડીઓ હોય છે એમને વાર્ષિક રૂ. પાંચ લાખ, યંગ ટેલેન્ટેડ ખેલાડીઓને રૂપિયા અઢી લાખની મહત્તમ મર્યાદામાં નીડ બેઝ સહાય આપવામાં આવે છે. જેમાં ખેલાડીઓને વિદેશમાં સ્પર્ધા હોય, ટ્રેનીંગમાં મોકલવાની જોગવાઇ હોય, ઉપરાંત ખેલાડીઓને મેડીકલેમ તથા અકસ્માત મૃત્યુ વીમાથી પણ સુરક્ષિત કરવામાં આવે છે. આજે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે મને કહેતા ખૂબ આનંદ થાય કે વર્ષ ૨૦૨૧ની ટોકિયોની ઓલમ્પિકની અંદર અમુક મહિલાઓએ ખરેખર આ યોજના થકી એમણે લાભ મેળવ્યો અને ત્યારે જ આપણને, આપણા દેશને ખૂબ ખૂબ સિદ્ધિ અપાવી છે એવી શકિતદૂત યોજનામાં કુમારી અંકિતા રેના ટેનીસમાં હતા, કુમારી ઇલા વેનીલ વનારીવાલ, શૂટીંગમાં હતા, કુમારી માના પટેલ, સ્વીમીંગમાં અને તેમને રમતને લગતી ઘનિષ્ઠ તાલીમ મેળવી, અને આ પેરાની અંદર સુશ્રી ભાવિતા પટેલ, ટેબલ ટેનીસમાં હતા, કુમારી પારૂલ પરમાર પેરા બેડમિન્ટનમાં હતા, કુમારી સોનલ પટેલ પેરા ટેબલ ટેનીસમાં હતા, તાજેતરમાં આ જે ઓલિમ્પિકમાં રાજય વતીને દેશનું પ્રતિનિધિત્વ કરીને ગૌરવ વધારવા માટે શકિતદૂત યોજના હેઠળ એમને આર્થિક સહાય આપવામાં આવી હતી, એટલે માનનીય પુંજાભાઇ વંશ કહેતા હતા, This is the good governance, this is the youth need and this is what should be done for the ladies and everyone. સ્પોર્ટસ ઓથોરીટી દ્વારા પણ ખૂબ સારા કામ કરવામાં આવે છે. સંસ્કૃતિ એ આપણી ઓળખાણ છે. આપણું અસ્તિત્વ છે, ઉત્સવ આપણી સંસ્કૃતિની પરંપરાને ચલાવે છે એટલે નાટક, નૃત્ય, ગીત સંગીત તરીકે આ બધા કાર્યક્રમો થવા જોઇએ. આપણા વિપક્ષના નેતાશ્રી સુખરામભાઇ ગઇ કાલે કહેતા હતા કે આ ઉજવણીઓ શેની કરો છો, પણ એ ઉજવણી થકી હજારો કલાકારોને કામ મળે છે, આ કોરોનાના સમયમાં બે વર્ષ સુધી કલાકારો ઘરે બેઠા હતા અને સૌથી મોટું નુકસાન થયું હોયને તો કલાકાર, કસબીઓ અને ટેકનીશીયનોને થયું છે. સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું કે આ ઉજવણીઓ કરીને આવા કાર્યક્રમો કરવામાં આવે છે અને બીજું, આજે યુથ વેસ્ટર્ન કલ્ચરથી પ્રભાવિત થઇ રહ્યું છે, જો આપણી સંસ્કૃતિ આપણી નહીં બતાવીએ, આપણી મા, માતૃભાષા અને માતૃભૂમિની વાત લોકો સામે જઇને નહીં કરીએ તો એ બીજા કલ્ચરની અંદર પ્રભાવિત થઇને જતું રહેશે. એટલા માટે આ ઉજવણીઓ કરવી ખૂબ ખૂબ અગત્યની છે. હું ખૂબ ખૂબ આભાર માનું છું કે મારી ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને આ સરકારે ૨૦ કરોડ રૂપિયાની ફાળવણીની આ બજેટમાં જોગવાઇ કરી છે, ખૂબ ખૂબ આભાર માનું છું. અમે માતૃભાષા, માતૃપ્રેમને આગળ વધારીશું અને તેની વાત દેશવિદેશમાં કરીશું. એક વાત બીજી કરવા માગું છું, રાષ્ટ્રીય શાયર એવા ઝવેરચંદ મેઘાણી સાહેબની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી થાય છે, ત્યારે આ જે પ્રસ્તાવ આવ્યો છે એમાં મારો સૂર પૂરાવું છું પણ આપની જો પરવાનગી હોય તો સૂર સાથે સૂર પૂરાવવા માગું છું. ઝવેરચંદ મેઘાણી સાહેબની ચાર પંકિતઓ રજૂ કરવા માગું છું.

'' મારી જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ,<br>
માંના ઘોળા ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ,<br>
હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ..<br>
દુનિયાના વીરોના લીલા બલિદાનોમાં ભભકયો કસુંબીનો રંગ,<br>
સાત સાગરની પાળે સ્વાધીનતાની કબર્યુમાં મહેકયો કસુંબીનો રંગ,<br>
હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ ''...

ખૂબ ખૂબ આભાર...

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે સમગ્ર વિશ્વની માતાઓ, દીકરીઓ, મહિલાઓને હ્રદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં શ્રી રાકેશભાઇ શાહ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

## ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત છે. દ્વારકાધીશ ભગવાન શ્રી કૃષ્ણનું ગુજરાત, ભક્ત કવિયિત્રી મીરાબાઇની કર્મભૂમિ એવું આ ગુજરાત, સહજાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણનું આ ગુજરાત, વીર નર્મદની ભૂમિ ગુજરાત, સત્ય અહિંસાના પુજારી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું ગુજરાત, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત, સાયન્ટિસ્ટ વિક્રમભાઇ સારાભાઇનું ગુજરાત અને અવકાશ વિજ્ઞાની સુનિતા વિલિયમ્સનું ગુજરાત, વેપાર ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે આપણા ગુજરાતીઓ એવું આ ગુજરાત અને એ ગુજરાતમાં જ્યારે મહામહિમ રાજ્યપાલશ્રી પ્રવચન લઇને આવ્યા છે અને રાકેશભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે એમાં ગુજરાત બદનામ થાય, ગુજરાતની નામના છે એમાં ક્યાંક ઉણપ ઉભી થાય એવી કામગીરીમાંથી આપણે બાકાત રહી જઇએ તો આપણી બદનામી થાય. મારી આ સરકારને વિનંતી છે કે જે જે વાતો આપણે કરીએ છીએ એમાં એ વાતો અને એ કાર્યોથી આપણું ગુજરાત ઉજ્જ્વળ બને એ દિશામાં આગળ વધીએ. સૌ પ્રથમ તો મારે ગુડ ગવર્નન્સની વાત કરવી છે. કોઇપણ સરકારને ગુજરાતની પ્રજાનું ભલું જ કરવું હોય. અહિત કરવા એ ન આવી હોય. કોઇપણ ચૂંટાયેલા પ્રતિનિધિને ગુજરાતનું ભલુ થાય એમાં જ રસ હોય. પરંતુ દરેક રાજ્યમાં વિકાસ થતો હોય એમાં જે ઉણપો હોય એને દર્શાવવી એ અમારી ફરજ છે. આ ગુડ ગવર્નન્સમાં મારે ન કહેવું જોઇએ પણ ગાંધીનગરના ધારાસભ્ય તરીકે છેલ્લા ચાર વર્ષમાં કામગીરી કરી હોય એવી એક હજાર જેટલી ફાઇલો છે. એમાં ફક્ત બે-ત્રણ દાખલા આપવા માગું છું. વર્ષ ૧૯૮૫માં જમીન સંપાદન થયું. જમીનનું વળતર મળ્યું નહીં. ચાહે એ વિસનગરની જી.આઇ.ડી.સી. હોય, વિસનગર તાલુકાનું ઇયાસરા ગામ હોય, ગાંધીનગર પાટનગર બન્યું એમાં ઇન્દ્રોડાના કોઇ ખેડૂતની વાત હોય કે ગાંધીનગર તાલુકાના જલુદના કોઇ ખેડૂતની વાત હોય. આવી રીતે વર્ષ ૧૯૭૦, ૧૯૮૦, ૧૯૮૨, ૧૯૮૫માં જમીન સંપાદન થઇ. પ્રશ્ન વળતર નથી મળ્યું એટલે ધારાસભ્ય તરીકે પત્ર લખ્યો. પહેલા સચિવશ્રીને પત્ર લખ્યો એટલે સચિવશ્રીનો જવાબ આવ્યો કે આગળની કાર્યવાહી હાથ ધરીએ છીએ. અધિક મુખ્ય સચિવશ્રીને લખ્યો, મુખ્યમંત્રીશ્રીને લખ્યો, મુખ્યમંત્રીશ્રીને ત્યાંથી જવાબ ચોથા દિવસે આવે છે. આજે ત્રણ ત્રણ મુખ્યમંત્રીશ્રીઓના જવાબ મારી ફાઇલમાં છે. સારા જવાબો આવે છે કે તમારો પત્ર મળ્યો છે અને અધિક મુખ્ય સચિવશ્રીને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યો છે. પછી અઠવાડિયામાં અધિક મુખ્ય સચિવશ્રીનો જવાબ મળે છે કે તમારો પત્ર મળ્યો છે અને કલેકટરશ્રી ગાંધીનગર અથવા મહેસાણાને આગળની કાર્યવાહી માટે મોકલ્યો છે. કલેકટરશ્રીનો જવાબ આવે છે કે આની વિગતવાર તપાસ માટે નાયબ કાર્યપાલક ઇજનેર (બાંધકામ)ને મોકલ્યો છે. વળી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીનો જવાબ આવે કે જમીન સંપાદન અધિકારી નાયબ કલેકટર હતા એમને મોકલ્યો છે. વળી પાછો નાયબ કલેકટરશ્રીનો જવાબ આવે કારણ કે ધારાસભ્ય રેફરન્સ છે કે મંત્રીશ્રીને મોકલ્યો છે. વળી પાછું ચકકર ચાલુ થાય. ફરીથી પાછા મુખ્યમંત્રીશ્રીને યાદ અપાવીએ. આમ ૨-૩ વખત મુખ્યમંત્રીશ્રીને કાગળ લખીએ તો પાછા મુખ્યમંત્રીશ્રી બદલાઇ જાય છે. પાછા નવેસરથી નવા મુખ્યમંત્રીશ્રી આવે અને પાછા સુંદર કાગળ શરૂ થાય એટલે આ પ્રકારને ગુડ ગવર્નન્સ ન કહેવાય. જે ખેડૂતોએ તમારા માટે, વિકાસ માટે, પાટનગર માટે જમીન આપી છે એવા લોકોને વળતર આપવું જોઇએ અને માનનીય મંત્રીશ્રી જયારે રિક્ષામાં લઇને પણ પ્રશ્નો ઉકેલે છે તો અહીંયા બેઠા આવી ફાઇલોનો નિકાલ લાવે તો ગુડ ગવર્નન્સ કહેવાશે એવું હું ચોકકસપણે માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે કરવી છે કે ગુડ ગવર્નન્સ માટે ગુજરાતમાં કામ કરતા વર્ગ-૪ થી માંડીને ચિફ સેક્રેટરી સુધીના અધિકારીઓ અને તમામ ડિપાર્ટમેન્ટોના ચાહે ખેતીવાડી ખાતું હોય, પશુપાલન ખાતું હોય, ગૃહ ખાતુ હોય, શિક્ષણ ખાતુ હોય, તમામ વિભાગો એટલે સચિવાય, બિન સચિવાલયમાં જે કર્મચારીઓ કામ કરે છે અને કર્મચારીઓ કામ કરતા હોય એને આપણે જો પૂરતું વેતન ન આપીએ, સાતમા પગારપંચનો લાભ ન આપીએ, આઉટસોર્સીંગથી ભરતી કરીએ, રેગ્યુલર ભરતી ન કરીએ, નિવૃત્ત થતા કર્મચારીઓ, અધિકારીઓને વારંવાર કોન્ટ્રાકટ પદ્ધતિ ઉપર રાખીને એમનું શોષણ કરીએ એના કારણે પણ ગુજરાતની વહીવટી કામગીરી કથળી છે. સાતમા પગારપંચનો લાભ આપવો જોઇએ. કારણ કે હું અધિકારીમાંથી આવું છું એટલે મને ખબર છે. જે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થાય એમને જુની પેન્શન યોજના લાગુ કરવી જોઇએ. રાજસ્થાન સરકારે લાગુ કરી છે. જુની પેન્શન યોજના લાગુ થશે તો એના કુટુંબો ખાસ કરીને પોલીસ ડિપાર્ટમેન્ટના કુટુંબોને પણ આનંદ થશે. વળી ફીકસ પગારમાં કામ કરતા કર્મચારીઓ એમાં સુપ્રિમ કોર્ટ સુધી આપણે લડીએ એના કરતા સંવેદનશીલતા બતાવીને પૂરતો પગાર પણ આપીએ આ કામગીરી કરવામાં આ સરકાર ઉણી ઉતરી છે. નિષ્ફળ ગઇ છે એમ તો નહીં કહું, ઉણી ઉતરી છે. આવા અનેક પ્રશ્નો પેપર લીક કૌભાંડ થાય, ભ્રષ્ટાચારના અનેક પ્રશ્નો ઉભા થાય, કર્મચારી, અધિકારીઓને પૂરતો પગાર ન મળતો હોય એટલે એની પણ દાનત બગડે આવા કારણોથી જે ગુડ ગવર્નન્સ તમારી બગડી છે એટલા માટે આમાં તમારે સુધારો કરવાની જરૂર છે અને એ પ્રવચનમાં નથી એટલા માટે મારે કહેવું પડે છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં ખેડૂતોની શી પરિસ્થિતિ છે? હમણાં દ્વારકામાં અમારી કોંગ્રેસ પાર્ટીની ચિંતન શિબિર થઇ. એમાં ખેડૂતોની ચિંતા કરવામાં આવી. ગુજરાતના તાતની ચિંતા કરવામાં આવી. ખરેખર અત્યારે જરૂર છે કોરોના પછી સૌથી વધારે જરૂર કિસાનને બેઠો કરવાની છે. વર્ષ ૨૦૨૨માં બમણી આવક થશે વાત કરી હતી પણ જાવક બમણી થઇ. આવક બમણી થઇ હોય એવું કયાંય દેખાતું નથી. એટલા માટે દેવું માફ કરવું જોઇએ અને વીજળી બીલ અડધું કરવું જોઇએ. અમે તો અમારા સંકલ્પમાં લખ્યું છે કે "દેવું માફ, વીજળી બીલ હાફ." અમે આવીશું તો કરશું અને કરીને બતાવીશું. અમે બીજા રાજયોમાં કર્યું છે. આ કિસાનોના હિતની વાતનો કોઇ ઉલ્લેખ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં નથી. પ્રાથમિક શાળાઓ, શિક્ષણમાં ૧૮૦૦૦ પ્રાથમિક શાળાઓના શિક્ષકોની જગ્યા ખાલી છે. ૧૯૦૦૦ ઓરડાઓ નથી. ૬૦૦૦ સ્કૂલોની કમ્પાઉન્ડ વોલ નથી. ૬૦૦૦ પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. જેનો પ્રાથમિક શાળાઓ અને પ્રાથમિક શિક્ષણનો તબકકો બગડેલો છે એ રાજયનું શિક્ષણ

પણ કથળતું જ જણાશે અને એટલા માટે જ ગુજરાત બીજા ક્રમાંકે રહેતું હતું શિક્ષણમાં આજે ચૌદમા ક્રમાંકે ગયું છે. ઝારખંડ અને છત્તીસગઢ જેવા રાજ્યો પણ ગુજરાત કરતા શિક્ષણમાં આગળ નીકળી ગયા છે. આપણે બધાએ ભેગા થઇને ચિંતા કરવી પડશે અને એની ચિંતા રાજ્યપાલશ્રીના પ્રવચનમાં દેખાતી નથી એટલે મેં મારી આ વાત મૂકી છે. આ જ રીતે ખેડૂતની વાત હોય, બેરોજગારની વાત હોય, શિક્ષણની વાત હોય તમામ જગ્યાઓમાં ઉણપ વર્તાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન હોવાથી સમગ્ર વિશ્વની મહિલાઓને હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. આપણા એ વખતના મુખ્યમંત્રી, હાલના દેશના વડાપ્રધાન મોદીસાહેબે સુત્ર આપ્યું હતું. "બેટી પઢાઓ, બેટી બચાવો. " અને આજનું વર્તમાન પત્ર મેં વાંચ્યુ તો પુરુષો કરતા મહિલાઓની સંખ્યા વધુ છે એટલે મોદીસાહેબે જે સુત્ર આપ્યું છે એ સાર્થક છે. આ ગૃહને મહામહીમ્ રાજ્યપાલશ્રીએ સંબોધન કર્યું અને એમના માટેનો આભાર પ્રસ્તાવ ગૃહના સન્માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે અને તેને સન્માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીએ અનુમોદન આપ્યું છે એ માટે એને સમર્થન કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પહેલેથી જ પાણી માટે ખૂબ પછાત રાજ્ય હતું. આપણી નર્મદા યોજનાને લીધે ગુજરાતને ઉત્તર ગુજરાત કચ્છ અને સૌરાષ્ટ્રમાં આ પીવાના પાણીની તકલીફ હતી. સિંચાઇ માટેની પાણીની તકલીફ હતી. એમાંથી બહાર લાવવા માટેનું આ ભાજપની સરકારે ખૂબ સરસરીતે આયોજન કરેલું છે. ત્યારે પાણી એ વિકાસ માટેની પ્રથમ શરત છે. પાણી વગર જીવન શક્ય નથી, વિકાસ શક્ય નથી. ત્યારે આ પાણી માટેનું આયોજન નર્મદા થકી થયું છે અને નર્મદાના સુંદર આયોજન મારફતે જ્યારે ગુજરાત આજે પાણીમાં સ્વાવલંબી તરફ જઇ રહ્યું છે, ત્યારે ગુજરાત સરકાર જળસંચય, જળસંગ્રહ, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ખૂબ અગ્રેસર છે. ગુજરાતે પાણીના સંચય માટે ખેતરોમાં ટપક સિંચાઇ યોજના, નર્મદાના પાણીનું કુશળ વ્યવસ્થાપન, તળાવોની સુધારણા, ખેતરોમાં ખેત તલાવડીઓનું નિર્માણ, સપાટી પરના સ્ત્રોતો આધારિત પાણી પુરવઠા યોજનાઓ, જળ શુદ્ધીકરણ અને દરિયાઇ પાણીના સંગ્રહ દ્વારા મીઠા પાણી ઉત્પન્ન કરવાની યોજના માટે સરકાર ખૂબ પ્રયત્નશીલ છે. જળ એ જીવન છે, ત્યારે સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે નર્મદાના પૂરતા વધારાના પાણી પૈકી ૪૩૫૬૦ મિલિયન ઘનફીટ પાણી મેળવી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્ત્વકાંક્ષી યોજના સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સૌની યોજના ૪ લિંક પાઇપલાઇન દ્વારા ૨૪ પૈકીના જે પેકેજ છે તે પૂર્ણતાને આરે છે. ૭ પેકેજોનું કામ પ્રગતિ હેઠળ છે. અત્યાર સુધીમાં ૫૩ જળાશયો, ૧૩૧ તળાવો અને ૮૬૩ ચેકડેમો દ્વારા આશરે ૪૦,૬૦૦ મિલિયન ઘનફુટ નર્મદાના નીર ભરી આશરે ૧,૬૧,૮૭૫ હેક્ટરમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થયેલ છે. ગાંધીનગર શહેરમાં પીવાના પાણીના ટ્યૂબવેલ પહેલા ફ્લોરાઇડવાળું પાણી પીવાલાયક નથી એવા લેબૉરેટરીના ટેસ્ટ આવેલ. જયારે સંત સરોવાર બન્યું એમાં એક વર્ષ પાણી રહ્યું. એના લીધે ફરીથી ટેસ્ટ કરવામાં આવ્યો, ત્યારે ગાંધીનગરમાં ટ્યૂબવેલ મારફતે પીવાનું પાણી આપવામાં આવતું હતું તે પીવાલાયક બન્યું. એમ સરકારની યોજનાઓ ચેકડેમો, બેરેજો દ્વારા પીવાના પાણી માટે સરકાર જે રીતે પ્રયત્નશીલ છે, ત્યારે કેન્દ્ર સરકારે પણ નલ સે જલ યોજના દ્વાર પીવાના પાણી માટે દરેક ઘરે નલ સે જલ મળી રહે તે માટે ખૂબ સારું આયોજન કર્યું છે ત્યારે આ પાણી એ તો પ્રભુએ આપેલો પ્રસાદ છે. પાણીના એક એક ટીંપાનો આપણે ઉપયોગ કરવો જોઇએ. ખેતીમાં પણ ટપક સિંચાઇ દ્વારા, ફુવારા પદ્ધતિ દ્વારા ખેતી કરવામાં આવે તો પાકનું ઉત્પાદન વધે છે અને પાણીનો પણ બચાવ થાય છે. આધુનિક પદ્ધતિ દ્વારા, વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા ખેતી કરવામાં આવે છે અને આપણી ગુજરાત સરકાર તેને પ્રોત્સાહન આપી રહી છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાણી માટે જે આયોજન કર્યું છે, ખેડૂતોની આવક બમણી કરવા માટે જે ખેતીની અંદર જે પદ્ધતિઓ અપાનાવી છે તેના માટે અભિનંદન આપું છું. પ્રાકૃતિક ખેતી દ્વારા આપણને સૌને સારું અનાજ મળી રહે તેના માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ પ્રયત્નશીલ છે ત્યારે આ આ સરકારે પાણી માટે જે આયોજન કર્યું છે તેને હું બિરદાવું છું અને અભિનંદન આપું છું. માનનીય રાકેશભાઇ મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે આપ સહિત વિશ્વની તમામ મહિલાઓને મહિલા દિવસની હાર્દિક શુભકામના પાઠવું છું. આ ગૃહની અંદર રાજ્યપાલશ્રીના સંબોધન પરનો આભાર પ્રસ્તાવ ગૃહના સિનિયર સભ્ય અને અમારા માર્ગદર્શક એવા રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે અને તેને ગૃહના સભ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ સમર્થન આપ્યું છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હજારો વર્ષની ગુલામી પછી અનેક સંઘર્ષો અને અનેક બલિદાનો પછી આ દેશ આઝાદ થયો. આ દેશ તે વખતે પછાત દેશોની હરોળમાં હતો. આ દેશને વિકસિત દેશોની સાથે લઇ જવા અને વિકસિત બનાવવા માટે તમામ સરકારો દ્વારા આજદિન સુધી કાર્યવાહી કરવામાં આવી છે. શરીરનું એકપણ અંગ જો પૂર્ણ ન હોય તો તે શરીર ક્યારેય પૂર્ણ કહેવાતું નથી. તે જ પ્રમાણે ભારતનો વિકાસ કરવો હોય તો ભારત દેશની તમામ વસતિનો વિકાસ થાય તો જ ભારત વિકસિત દેશ બની શકે છે. તત્કાલિન જનસંઘના સ્થાપક અને ભારતીય જનતા પક્ષના સ્થાપક એવા પંડિત દિનદયાળ ઉપાધ્યાયની દિશા દેશની પછાત વસતિ કે જે વસતિનો છેવાડાનો માનવી વિકાસથી વંચિત છે તેનો વિકાસ કરવો હશે, અન્ય વર્ગોની તુલનાએ તેને આગળ લઇ જવો હશે તો તેના માટે સૌથી મોટું કાર્ય હોય તો તેને શૈક્ષણિક રીતે, આર્થિક રીતે મજબૂત બનાવવો

પડશે. તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના આજના વડાપ્રધાન ભાઇશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ અંત્યોદયની યોજનાને સાચા અર્થમાં ગુજરાતની ભૂમિ ઉપર ચરિતાર્થ કરવા માટેનો એક પ્રયાસ કરવામાં આવ્યો. ત્યારબાદ ગુજરાતની તમામ સરકારો અને મુખ્યમંત્રીશ્રીઓ દ્ધારા પછાત વર્ગને, બક્ષીપંચના વર્ગને કે જેમાં ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. રાજ્યના ૫૨ ટકા વસતિવાળો આ બક્ષીપંચ સમૂહ અને તે સમાજને વિકસિત સમાજની હરોળમાં લઇ જવા માટેના કાર્યો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયા છે. શિક્ષણની અંદર પ્રાધાન્ય આપી જુદા જુદા કાર્યો દ્ધારા જેની અંદર શિક્ષણનો વ્યાપ વધે એ માટે બાળકના પ્રાથમિક શિક્ષણથી લઇને પોસ્ટ મેટ્રિક સુધીના શિક્ષણમાં શિષ્યવૃત્તિ, સાધન સહાય એમ દરેક રીતે દરેક તબકકે એને ફૂડ બિલમાં રાહત એમ તમામ ક્ષેત્રે એને રાહત મળે તો જ એના શિક્ષણનો વ્યાપ આગળ વધી શકે એનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાઓ બેટી પઢાઓ એ પરિકલ્પનાને પૂર્ણ કરવા માટે બેટીઓ માટે પણ એનો ડ્રોપ રેશિયો ન ઘટે એ માટે પણ અનેક તબકકે એને પ્રોત્સાહિત કરવામાં આવલ છે. ૯ ધોરણ પછી સાઇકલ સહાય પણ આપવામાં આવે છે કે જેથી કરીને ડ્રોપઆઉટ રેશિયો ઓછો થાય. એજ રીતે એને ઉચ્ચ અભ્યાસ માટે પણ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને એને ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસ કરવો હોય કે એક વર્ષનો ટેકનિકલ કે વ્યવસાયીક અભ્યાસ કરવો હોય તો પણ એને સ્ટાઇપેન્ડ આપવામાં આવ્યું. પાયલોટ બનવું હોય તો પણ એને શિષ્યવૃત્તિ અને લોનની વ્યવસ્થા આપવામાં આવી. આમ જોઇએ તો દરેક તબક્કે વિદ્યાને પ્રોત્સાહિત કરવા માટે એને શિષ્યવૃત્તિ, આર્થિક સહાય, ટ્યુશન ફીમાં સહાય, લોન આ દરેક તબક્કે એને સહાય આપીને એના શિક્ષણનો વ્યાપ વધે અને શિક્ષણનો વ્યાપ વધે કે જેથી એની આર્થિક ઉન્નતિ થાય એ દિશામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કાર્ય કર્યું છે. બજેટમાં પણ સતત વધારો કરીને દર વર્ષના બજેટમાં એના માટે વધારો કરવામાં આવ્યો છે.

**પોઇન્ટ ઓફ કલેરીફીકિશન**

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે ભારતીય જનતા પાર્ટી પક્ષ તરફથી કોઇ સ્પષ્ટતા કરશે પણ કોઇ ઉભા ન થયા એટલે મને એમ થયું કે હું કહું. માનનીય સભ્યશ્રીએ પોતાની સ્પીચમાં એમ કહ્યું કે આર.એસ.એસ.ના સ્થાપક પંડિત દીનદયાળ ઉપાધ્યાય હતા. પરંતુ વર્ષ ૧૯૨૫માં કે. બી. હેડગેવારે નાગપુરમાં આર.એસ.એસ.ની સ્થાપના કરી હતી. આ મારું પોઇન્ટ ઓફ કલેરીફીકેશન છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, જનસંઘના સ્થાપક અને ભારતીય જનતા પક્ષના સ્થાપક એમ મેં કહ્યું છે, આર.એસ.એસ.ની વાત નથી કરી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવમાં ભાગ લઇ રહી છું ત્યારે આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી દેશની, રાજયની અને આ વિધાનસભામાં જેટલી પણ મહિલા સભ્યો છે એમને હું કોટી કોટી વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ટીકા ટીપ્પણમાં પડતી નથી કારણ કે, આપશ્રી મહિલા અધ્યક્ષ છો ત્યારે આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે બાળ મહિલા કલ્યાણ સમિતિની રચના કરવી જોઇએ અને આ સમિતિમાં માત્રને માત્ર મહિલાઓનો જ સમાવેશ કરવો જોઇએ એવી મારી ખાસ વિનંતી છે.

માનનીય અધયક્ષશ્રી, નારી સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે. તેમણે પોતાનો એક ધર્મ ગણાવ્યો છે. નારીએ પોતાનું ઘર, કુટુંબ, સમાજ કે દેશના હિત ખાતર ધૂપસળીની જેમ જલી જલીને સુવાસ ફેલાવવામાં તેણે પોતાનું ગૌરવ અનુભવ્યું છે. જીવનમાં ઝેર તો તેણે જાણીને પીધા એ ફરજોને ઉત્તમ રીતે બજાવી છે. તેમણે પોતાના અધિકારોની પરવાહ કર્યા વિના આજે પોતાના હક્ક માટે કયારેય પણ તેમણે મેદાને આવીને બંડ પોકાર્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ઘણી બધી મહિલાઓની વાતો થાય છે ત્યારે બેટી પઢાવો, બેટી બચાવો, વ્હાલી દીકરી આવા જે ભાજપની સરકારે રૂપકડા અને ગુલાબી નામો આપીને બહેન દીકરીઓને જયારે આ નામ આપ્યું છે ત્યારે મારો તેમાં વિરોધ છે. તમે બેટી પઢાવો, બેટી બચાવો, વ્હાલી દીકરી આજે સુરતનો કિસ્સો તમે જુઓ તો આપણી આંખમાંથી આંસુ પડી જશે. કોઇની બહેન હશે, કોઇની દીકરી હશે આજે આ સરકારમાં બળાત્કારો કેટલા થયા છે ? ધોળા દિવસે બહેનોના ગળા કપાય છે તો પણ આજે આ સરકારના પેટનું પાણી હલી શકતું નથી. હું એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું ત્યારે એક આદિવાસી મહિલા તરીકે આજે મને યાદ આવે છે કે આજે આ ભાજપની સરકાર પાસે આપણે મહિલા તરીકે શું આશા રાખી શકીએ ? હું વર્ષ ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ ત્રણ ત્રણ ટર્મથી એક મહિલા જયારે આ ગૃહમાં બેસતી હોય ત્યારે વર્ષ ૨૦૦૭ની વિધાનસભામાં મારા રક્ષણ માટે મેં પણ એક સિકયોરીટી ગાર્ડ માગ્યા હતા પણ હજુ સુધી મને આપ્યો નથી. એટલા માટે હું કહેવા માગું છું કે, આ સરકાર પાસે મહિલાએ શું આશા રાખવી જોઇએ ? મને લાગતું નથી કે મહિલાઓની સુરક્ષા થાય એટલા માટે હું આ સરકારને કહેવા માગું છું કે, મહિલાઓ (અંતરાય) આજે મહિલા દિવસે હું મહિલાનું જ બોલીશ. આજે ગૃહમંત્રી અહીંયા હાજર નથી ત્યારે આજે મહિલા દિવસે અમે મહિલા તરીકે તેમનું રાજીનામું માગી શકીએ છીએ. મહિલાઓની સુરક્ષા જળવાતી નથી એટલા માટે ખાસ કરીને વિનંતી કરું છું. બીજું આજે રાજયપાલશ્રીના સંબોધન પર જે મારા આદિવાસી વિસ્તારમાં રાજય કક્ષાનો જે ગરીબ કલ્યાણ મેળો રાખવામાં આવે છે, જે દાહોદ અને દાહોદથી એટલો બધો આ સરકારને પ્રેમ થઇ ગયો છે કે જે વસ્તુ નવી આવે...

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

## તા. ૮મી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : નવી આવે છે તેનું દાહોદથી ઉદ્ઘાટન કરે છે. દાહોદમાં એવું તો શું છે? માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે અમારા દાહોદમાં આવ્યા ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોને નહીં બોલાવવાના, સાંજે પોલીસ ઘરે આવી જાય, સવારમાં પોલીસ ઘરે આવી જાય એટલે અમે બધા કોંગ્રેસના ધારાસભ્યો અને હું મહિલા ધારાસભ્ય આતંકવાદી છું? એટલા માટે તમે લોકો અમને કોઇમાં બોલાવતા નથી અને પત્રિકામાં નામ પણ લખતાં નથી. તો અમે પણ સરકારનો એક ભાગ છીએ, અમારું સન્માન સચવાવું જોઇએ. એટલા માટે આ સરકારને આજે કહેવા માગું છું કે, મહિલાઓનું સન્માન સાચવો પછી બેટી પઢાવો, બેટી બચાવો, વ્હાલી દીકરીના નામ આપો તો અમને ગૌરવ થશે. *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) એટલા માટે ખાસ કરીને મારા આદિવાસી વિસ્તારમાં જે પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : એમણે શ્રી પ્રદિપસિંહ સામે વ્યક્તિગત આક્ષેપો કર્યા છે એ ન કરવા જોઇએ. એ રેકર્ડ પરથી કાઢી નાંખવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય પૂર્વ ગૃહમંત્રી સામે વ્યક્તિગત આક્ષેપો કર્યા છે એ રેકર્ડ પરથી દૂર કરુ છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, પેપર ફૂટ્યા છે ત્યારે મારા આદિવાસી વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ મારી ઓફિસે આવે છે. એમના મા-બાપને સાથે લઇને આવે છે. એ લોકો કહે છે કે હવે મારે શું કરવું?

''સુકેલે સાલેડે ગળવા ખાય, જય રે માડી ન બાપા''

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલના ઉદ્બોધન પછી શ્રી રાકેશભાઇએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું અનુમોદન આપું છું. આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે હું વિશ્વની બધી જ માતૃશક્તિને વંદન કરું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બજેટમાં ઉદ્યોગ માટે રૂ.૭,૦૦૦ કરોડથી પણ વધારે પ્રોવિઝન કર્યું છે. આ બાબતમાં હું વિસ્તૃત રીતે કહેવા માગું છું કે ઉદ્યોગ એક સ્વતંત્ર પ્રભાગ નથી. ઉદ્યોગની સાથે-સાથે ઉર્જા, માર્ગ અને મકાન તથા શ્રમ વિભાગને જોડીએ તો રૂ.૩૧,૦૦૦ કરોડથી પણ વધારે બજેટનું પ્રોવિઝન કર્યું છે. ઉદ્યોગની સાથે ઉર્જા મંત્રાલય હોય તો જ ઉદ્યોગનો વિકાસ થાય. માર્ગ અને મકાન એટલે કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય તો જ ઉદ્યોગનો વિકાસ થાય. સાથો-સાથ શ્રમ અને રોજગારની પણ જરૂરિયાત હોય છે એટલે લગભગ રૂ. ૩૧૦૦૦ કરોડથી પણ વધારે જોગવાઇ આ બજેટમાં કરી છે. મને બરાબર યાદ છે કે ગુજરાતમાં ૧૯૮૦ના દાયકામાં ખાસ કરીને અમદાવાદમાં ૭૮થી પણ વધારે કૉટન મિલો બંધ થઇ ગઇ હતી. એ વખતે કૉંગ્રેસનું શાસન હતું. એક આંકડા મુજબ મને કહેતા શરમ અનુભવાય છે કે એક લાખથી પણ વધારે બેરોજગાર અમદાવાદમાં કૉંગ્રેસના શાસનમાં થયા હતા. તમામ ગુજરાતની મિલો બંધ થઇ હતી. એમની ખોટી નીતિઓના કારણે આવું બન્યું હતું. ભારતીય જનતા પાર્ટીની નિર્ણાયક અને સક્ષમ સરકાર અને યોગ્ય નીતિઓના કારણે ગુજરાત ઉદ્યોગોમાં હરણફાળ ગતિથી આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં ઉર્જા મંત્રાલય સાથેનો આ વિભાગ છે. મને બરાબર યાદ છે કે કૉંગ્રેસના શાસન વખતે ૪૨૦૦થી ઓછા મેગાવૉટ પાવરનું જનરેશન થતું હતું. આજે લગભગ ૨૬,૦૦૦થી પણ વધારે મેગાવૉટ પાવરનું જનરેશન થાય છે. આ ઇલેક્ટ્રીસિટીના કારણે જ ઉદ્યોગોનો વિકાસ થાય છે. આ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે જ ઉદ્યોગોનો વિકાસ થાય છે. પહેલાં ટાંકણી પણ બહારથી આયાત કરતાં હતાં જ્યારે આજે ડિફેન્સ અને સ્પેસ માટે ટેન્કો પણ ગુજરાતમાં બને છે. ૧૨૩ સેટેલાઇટ આપણે છોડતાં હોઇએ ત્યારે સ્પેસમાં આપણે કેટલી પ્રગતિ કરી છે એ ખબર પડે. અમેરિકાના સેટેલાઇટ પણ આપણે અહીંયાથી લૉન્ચ કર્યા છે. પહેલાં ખોટી નીતિઓના કારણે મેં અગાઉ કહ્યું એમ મિલો બંધ થઇ હતી. આ સરકાર વિઝનરી સરકાર છે. નીતિ સાથે કામ કરે છે. ગતિશીલતા સાથે કામ કરે છે. કોરોના પછી ઉદ્યમ રજિસ્ટ્રેશન પોર્ટલ ઉપર પાંચ લાખથી પણ વધારે રજિસ્ટ્રેશન થયા છે. એનો મતલબ એ કે ઔદ્યોગિકરણ કેટલી ગતિથી આગળ વધી રહ્યું છે. પહેલાંની ઇન્ડસ્ટ્રીઝમાં જેમ પર પત્તા હોય છે એમ પર પ્રકારના ઇન્સ્પેક્ટરો આ નાની-મોટી ઇન્ડસ્ટ્રીઝમાં જતા હતા. માનનીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી આ ઇન્સ્પેક્ટર રાજ ખતમ કરીને આ નાની-નાની ઇન્ડસ્ટ્રીઝને સ્વાયત્ત બનાવી અને એ સરળતાથી બિઝનેસ કરી શકે એ પ્રકારની વ્યવસ્થા કરી હતી. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કારણે ગુજરાતમાં ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ થયું છે. કચ્છના ભૂકંપ પછી તમે જુઓ આખા કચ્છમાં એ આપત્તિને પર્વમાં બદલી નાંખી અને એ કચ્છમાં થઈ રહેલ વિકાસથી બધા વિદિત છે. ખાસ કરીને જે સ્પેર પાર્ટ્સ આપણે બહારથી લાવતા હતાં તે આત્મનિર્ભર અને મેક ઈન ઈન્ડિયાના કારણે માનનીય નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત સરકારની એક કુનેહના કારણે આજે કંઈ પણ ઈમ્પોર્ટ થતું હોય તો પહેલાં એમાં જોવામાં આવે છે કે આ વસ્તુ ગુજરાતમાં બની શકે છે કે કેમ? જો બની શકતી હોય તો તેને ઈમ્પોર્ટ ન કરવામાં આવે. આ પ્રકારની નીતિના કારણે નાના-નાના ઉદ્યોગોનો વિકાસ થયો છે. નાની નાની ઈન્ડસ્ટ્રીઝ આજે કાઠું કાઢી રહી છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એક્સપોર્ટ કરવું એ બહુ મોટી વાત હતી. આજે ખંભાતમાં કચોરીવાળો પણ એક્સપોર્ટ કરે છે. આવી નાની નાની વસ્તુઓ પણ આજે આપણે એક્સપોર્ટ કરતા થયા છીએ. આજે સવારે નક્કી કરવામાં આવે કે મારી પ્રોડક્ટ મારે જર્મની, અમેરિકા કે બીજે ક્યાંક મોકલવી છે તો માત્ર ૨૪ કલાકમાં પેપર વર્ક તૈયાર થઈ જાય છે અને આપણે એક્સપોર્ટ કરી શકીએ છીએ. પહેલાંની સ્થિતિ એવી હતી કે આપણે એક્સપોર્ટ કરવું હોય તો ઘણા મહિનાઓ સુધી વિલંબ થતો હતો. કોઈ નીતિ ન હોવાના કારણે આપણે વિકાસ કરી શકતા ન હતાં. ગુજરાત ડિફેન્સનું હબ બનવા જઈ રહ્યું છે. મને કહેતાં આનંદ થશે કે વિશ્વની પ્રથમ નોન મેટાલિક ટેન્ક ગુજરાતમાં બની રહી છે. ગુજરાતમાં હમણાં જ K-9 ની ૧૦૦થી વધારે ટેન્ક હજીરામાં એલ. એન્ડ ટી. માં બની. આ બધી જ વસ્તુ કરોડાના ખર્ચે આપણે લાવતા હતાં. આ વિકાસ ગુજરાતમાં થઈ રહેલો છે. સ્પેસ એપ્લિકેશનની વાત કરીએ તો સેટેલાઈટ છોડાય તેના પે લોડ અમદાવાદ અને ગુજરાતની ઈન્ડસ્ટ્રીઝ આજે બનાવી રહી છે. પહેલાં આ બધી વસ્તુઓ ઈમ્પોર્ટ થતી હતી. વર્ષ ૧૯૮૦ પહેલાની સરકારો રશિયા, અમેરિકા, જર્મની કે ફ્રાન્સથી આ બધા યુનિટો લાવ્યા હતાં. એક પણ સ્પેર પાર્ટ ખરીદવો હોય તો કોડ નંબરના આધારે કરોડો રૂપિયામાં આવતા હતાં. આજે આત્મનિર્ભર ભારતમાં જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેમાં વસ્તુઓ અહીંયા જ બને. તેના કારણે કરોડો રૂપિયાનું વિદેશી હુંડિયામણ આપણે બચાવી શક્યા છીએ. પેટ્રોલિયમ પેદાશોમાં આજે આપણે ૭૦ થી ૭૨ ટકા વિદેશી હુંડિયામણ વાપરી રહ્યા છીએ. આજે ઈ-કારનો કન્સેપ્ટ ચાલુ છે. ઈ-વ્હિકલ કન્સેપ્ટના કારણે બેટરીથી સંચાલિત કાર અને બાઈકના કારણે આપણે દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહ્યા છીએ અને નજીકના ભવિષ્યમાં આપણે આત્મનિર્ભરના આ કન્સેપ્ટ સાથે ગુજરાતને હરણફાળ ગતિ ઉપર પ્રથમ નંબરે પહોંચાડી શકીશું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના ભાષણ ઉપર જે આભાર પ્રસ્તાવ આ સભાગૃહમાં આવ્યો છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય રાજ્યપાલશ્રીએ જ્યારે પૂજ્ય ગાંધીજી અને સરદાર સાહેબને યાદ કર્યા ત્યારે મને એમ થયું કે એમના ભાષણમાં આ દેશના અને ગુજરાતના જે લોક પીડા ભોગવી રહ્યા છે તેનું પ્રતિબિંબ થશે પરંતુ મને અફસોસ છે કે એવા કોઈ જ ઉલ્લેખો એમના ભાષણમાં ન હતા. ગઈ કાલે માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા વાત કરવામાં આવી કે કૉંગ્રેસ વિખેરી નાંખવી જોઈએ. વારંવાર આ વાતનો ઉલ્લેખ થાય છે. જે મને લાગે છે કે સંપૂર્ણ સત્યથી વિપરિત બાબત છે. આ સભાગૃહના માધ્યમથી સમગ્ર ગુજરાતની જનતાને જણાવવા માગું છે કે સ્વતંત્ર ભારતના પ્રથમ ત્રાસવાદી ગોડસે, જેણે પૂજ્ય બાપુની હત્યા કરી તેના ત્રણ દિવસ પહેલા પૂજ્ય બાપુ દ્વારા વર્ષ ૧૯૩૩માં હરિજન પત્રિકા ચાલુ કરવામાં આવી હતી તે પત્રિકામાં પૂજ્ય બાપુ લખે છે કે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ દેશ કી સબસે પુરાની રાજનીતિક સંસ્થા હૈ ઔર ઉસને અહિંસક તરીકે સે અનેક લડાઈયા લડને કે બાદ આઝાદી પ્રાપ્ત કી હૈ ઉસે મિટને નહિ દિયા જા સકતા. કૉંગ્રેસ કેવલ તભી સમાપ્ત હો સકતી હૈ જબ રાષ્ટ્ર સમાપ્ત હો જાયેગા. આ પૂજ્ય બાપુની હત્યાના ત્રણ દિવસ પહેલા હરિજન પત્રિકામાં છપાયેલું. કાંગ્રેસ અને દેશ એ એકબીજાની અન્યોન્ય બાબત છે. કોઈ કોમવાદી સત્તા કે કોઈ ફાંસીવાદી તત્વો એ કૉંગ્રેસને સમાપ્ત નહિ કરી શકે. ગઈકાલે માનનીય શિક્ષણમંત્રીશ્રીએ કૉંગ્રેસને કહ્યું કે પ્રસ્તાવ લાવો. આજે હું એમને આહ્વાન કરું છું કે તમારામાં હિંમત હોય તો આજે પ્રસ્તાવ લાવો કે આ સભાગૃહ આજે પ્રસ્તાવ કરે છે કે આ દેશનો પ્રથમ ત્રાસવાદી ગોડસે હતો અને એ દેશદ્રોહી હતો. ભારતીય જનતા પાર્ટીના સાંસદ જયારે ગોંડસેની દેશભક્ત ગણાવતાં હોય ત્યારે અમને રાષ્ટ્ર ભકિતની વ્યાખ્યા શિખવાડે છે. ભારતીય જનતા પાર્ટીની જેને પિતૃ સંસ્થા કહેવાય છે, એને આ દેશની આન, બાન અને શાન જેને આપણે તિરંગો કહીએ છીએ એને, જયારે સરદાર પટેલ સાહેબે, આર.એસ.એસ. ઉપર પ્રતિબંધ હટાવ્યો એની અંદર શરત મુકવામાં આવી હતી કે, આર.એસ.એસે. explicit acceptance of national flag એટલે કે, રાષ્ટ્રીય ધ્વજની સ્પષ્ટ સ્વીકૃતિની શરત માનવી પડશે અને તે વર્ષે ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦માં નાગપુરની અંદર આર.એસ.એસ.ના હેડ કવાર્ટરમાં તિરંગો લહેરાવવો પડ્યો હતો અને સરદાર સાહેબના મૃત્યુ પછી ૫૨-૫૨ વર્ષ સુધી આર.એસ.એસ.ના હેડ કવાર્ટર ઉપર આપણો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો ન હતો. ૫૨-૫૨ વર્ષ સુધી, રાષ્ટ્રીય ધ્વજ અને સરદાર સાહેબને ભારતીય જનતા પાર્ટી ભૂલી ગઇ હતી. પણ કોગ્રેંસીઓની સાથે સમગ્ર દેશે ગર્વથી ગાયું કે, ઝંડા ઊંચા રહે હમારા, વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા, સદા શકિત બરસાને વાલા, પ્રેમ સુધા બરસાને વાલા, વીરો કો હરસાને વાલા, માતૃભૂમિ કા તન મન સારા, ઝંડા ઊંચા રહે હમારા.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ હ્યુમન ડેવલપમેન્ટની અંદર ગુજરાત સમગ્ર દેશમાં અવ્વલ નંબરે છે, તેવી વાત કરેલી. આજે એની પણ સચ્ચાઇ હું આ સભાગૃહની અંદર રાખવા માગું છું. ભારત સરકારનું જે નીતિ આયોગ છે, એના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ વર્ષ ૨૦૨૦-૨૧ની અંદર જાહેર થયું કે, ભારતના તમામ રાજ્યોની ઓવરઓલ પર્ફોમન્સની અંદર ગુજરાત ૧૦મા ક્રમાંકે છે, પ્રથમ ક્રમાંકે નહીં. poverty - ગરીબી નિર્મૂલનની અંદર ગુજરાત ૧૬મા ક્રમાંકે છે. આજે zero hunger - ભૂખમરાની અંદર, ભૂખમરો મિટાવવામાં ગુજરાત ૧૮મા ક્રમાંકે છે, અવ્વલ નંબર નહી. Quality Education, માનનીય શિક્ષણ મંત્રીશ્રી, ગુણવત્તાયુકત શિક્ષણમાં ભારતની અંદર ગુજરાત ૧૭મા ક્રમાકે છે. Gender equality - લૈંગિક સમાનતા, સ્ત્રી-પુરુષની સમાનતામાં ગુજરાત ૧૫મા ક્રમાંકે છે. Affordable clean energy સસ્તી અને સ્વચ્છ ઊર્જામાં ગુજરાત, દેશમાં ૧૯મા ક્રમાંકે છે. માનનીય ઊર્જા મંત્રીશ્રી ધ્યાન આપો. Decent work and economic growth - ઉચિત કામ અને આર્થિક વિકાસની અંદર ગુજરાત ૯માં ક્રમાંકે છે. Reduce inequality - અસમાનતામાં ગુજરાત, દેશમાં ૨૧મા ક્રમાંકે છે. ખાલી પોકળ સમરસતાની વાત નહી, સમાનતાની વાત. Responsible

consumption and production - એટલે કે જવાબદારીપૂર્વક સ્ત્રોતના ઉપયોગ અને ઉત્પાદન વધારો, પોલ્યુશન નાબૂદ કરવામાં ગુજરાત દેશમાં ૨૭મા ક્રમાંકે છે. Life below water - જળસૃષ્ટિના પ્રોટક્શનમાં ગુજરાત ચોથા ક્રમાંકે છે. નવ રાજ્યો છે, એમાં ચોથા ક્રમાંકે છે. Life and Land - જળ, જમીન અને જંગલનું રક્ષણ કરવામાં ગુજરાત, દેશમાં ૧૯માં ક્રમાંકે છે. એટલે જ અમારા આદિવાસી સાથી ધારાસભ્ય શ્રી અનંતભાઇ હોય, શ્રી અશ્વિનભાઇ હોય, શ્રીમતી ચંદ્રિકાબેન હોય, શ્રી પી.ડી.વસાવા સાહેબ હોય કે અમારા વિપક્ષના નેતાશ્રી સુખરામભાઇ હોય તેઓ એમને એમ આંદોલનો કરતા નથી, આ જળ, જમીન અને જંગલની સુરક્ષા માટે એ લોકો આંદોલનો કરે છે. આ આંકડાઓ કોઇ કોગ્રેંસ પક્ષના નથી. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારના નીતિ આયોગના છે અને ગુજરાતનું દર્પણ બતાવી રહ્યા છે કે, ગુજરાત દેશમાં અવ્વલ નંબરે નથી, પણ અનેક રાજ્યો કરતાં કયાંકને કયાંક પાછળ થઇ ગયું છે. ગુજરાતની જનતાએ તમારી ઉપર ભરોસો કર્યો પણ કાલે કહ્યુંને કે *(xxx) અમને વારંવાર પાકિસ્તાનની ભાષા બોલે છે એમ કહેવામાં આવે છે. (વચ્ચે અટકાવતાં).

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પૂર્ણેશભાઇ.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો કાઢી નાખવામાં આવે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : પાકિસ્તાન જઇને ઝીણાની મજાર ઉપર કોઇ કોગ્રેંસી ચાદર ચઢાવવા માટે ન હતું ગયું. વગર આમંત્રણે લગ્નમાં જઇને બિરીયાની ખાવા કોઇ કોગ્રેંસી ન હતું ગયું. કોઇના જન્મદિવસમાં કેક ખાવા કોઇ કોગ્રેંસી ન હતું ગયું, સાડી અને સાલના નજરાણાં અને પધરામણાં કોઇ કોગ્રેંસીએ ન હતા કર્યા. આજે ભારતની ભૂમિ ઉપર ચીન આવી ગયું છે ત્યારે લાલ આંખમાં પાણી આવી ગયા છે અને અમને કહો છો કે, તમે પાકિસ્તાનની ભાષા કરો છો. વિદેશની ધરતી ઉપર પણ મા અસતનો પ્રચાર કરવા જવાનું? હમણાં જ રોમાનિયાના ગવર્નરશ્રીએ, ભારતના કેન્દ્રીય મંત્રીનું હળહળતું અપમાન કર્યું ત્યારે આપણા વિદ્યાર્થીઓ હાજર હતા. આપણા બાળકોને કોલર પકડીને ટ્રેનમાંથી ઉતારીને માર મારવામાં આવ્યા છે. આપણા બાળકોને ભારતીય embassy એ ટોઇલેટ સાફ કરવા મજબુર કર્યા છે કે જે પહેલા ટોઇલેટ સાફ કરશે, એને પહેલા જવા દેવામાં આવશે. *(તમારામાં તાકાત હોય) તો સ્વર્ગીય રાજીવ ગાંધીએ શ્રીલંકાની અંદર શાંતિ સેના મોકલી હતી, માલદીવની અંદર શાંતિ સેના મોકલી હતી, *(xxx) તો મોકલો આપણી સેનાને યુક્રેનની અંદર, અને રેસ્કયુ કરો આપણા બાળકોને, અને લઇ આવો આપણા ભારતીય બાળકોને ગુજરાતની અંદર. (અંતરાય) તમે ફકત માત્ર એડવાઇઝરી બહાર પાડો છો, માત્ર એડવાઇઝરી બહાર પાડી અને એમ કહી દીધું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે મારો. *(xxx) આમાં તાકાતની વાત નથી, અમે એમ કહીએ કે, (અંતરાય) એક મિનિટ શ્રી નૌશાદભાઇ, પ્લીઝ, તમારી વાત પૂરી કરી લો ચાલો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ફકત એડવાઇઝરી બહાર પાડી દેવામાં આવી કે તમે નીકળી જાઓ, જેમ નીકળવું હોય તેમ નીકળી જાઓ, જીવના જોખમે જતા રહો. જયાં આપણા બાળકો મોતના મુખની અંદર, ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા હોય ત્યારે આ દેશના પ્રધાન સેવક એક ચૂંટણી પ્રચારની અંદર બનારસમાં ત્રણ ત્રણ દિવસ રોકાય અને આપણા બાળકો મોતના મુખની અંદર જીવતા હોય અને અમને તમે ભાષા શીખવાડો છો? માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો ત્યારે સાવ કંગાળ અવસ્થાની અંદર હતો.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીયશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) આમાં તાકાત બતાવવાની હોતી નથી અને આવા શબ્દપ્રયોગ પણ હોતા નથી. આમાં શક્તિની કોઇ વાત આવતી નથી. એટલે આપણે આ શબ્દો દૂર કરીએ. આભાર. એ પણ સંમત થાય છે. આભાર.

અધ્યક્ષશ્રી : *(xxx) એવા શબ્દો દૂર કરવામાં આવે છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, આ મહિલા દિન નિમિત્તે આપને અને તમામ મહિલાઓને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિદ્વાન મોટાભાઇ ડો. સી. જે. ચાવડા સાહેબે આવતી ચૂંટણીના મેનીફેસ્ટોની વાત કરી, દેવું માફ અને ઇલેકટ્રીક બિલ હાફ, આ વાત ઉપરથી મને મારા વિસ્તારની ગ્રામ પંચાયતની એક ચૂંટણીની વાત યાદ આવી. ચૂંટણી હતી ગ્રામ પંચાયતના સરપંચની, અને ચૂંટણીમાં ફોર્મ ભર્યા પછી સરપંચે ગામની અંદર જાહેરાત કરી કે જે માણસ મને મત આપશે તેને મારી દુકાનમાંથી પાંચ વર્ષ સુધી મફત માલ આપવામાં આવશે. ગામને આ વાત ગમી ગઇ, ગામે મતદાન કર્યું અને આ સરપંચ તરફી મતદાન કરી આપ્યું. ચૂંટણીનું કાઉન્ટીંગ થઇ ગયું અને સરપંચ ચૂંટણી જીતી પણ ગયા, અને ગામને પછી ખબર પડી કે સરપંચને દુકાન જ નથી. આ ગુજરાત તો હોંશિયાર પ્રદેશ છે. એને બધી ખબર છે કે કોને કેટલું આપવું, કયારે આપવું, કેટલા માપમાં આપવું. અમારા શ્રી રાકેશભાઇ શાહ જે ઠરાવ લાવ્યા છે તેને મારું સમર્થન આપવા અને મારી ફીશરીઝ બાબતની વાત કહેવા ઉભો થયો છું. દુનિયામાં ૩૩૯૦૦ જાતની ફીશીસની વેરાઇટીઓ આવેલી છે. એક ફીશ,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કુલબ્રુણ ફીશ કે મેચ્યોર્ડ ફીશ, એક સેન્ટીમીટરથી શરૂઆત કરો તો વિધાનસભાની અંદર સમાય એ કક્ષાની સાઇઝ સુધી પહોંચી જાય છે. એક ગ્રામની પણ ફીશ આવે છે અને હજારો કિલોની પણ ફીશ આવે છે. ફીશમાંથી પ્રોટીન કાઢવામાં આવે છે તે દુનિયાના કુલ પ્રોટીનનો જેટલો ઉપયોગ થાય છે તેનો વીસમો ભાગ કહી શકો તેટલું પ્રોટીન ફીશમાંથી મેળવવામાં આવે છે. યુનાઇટેડ નેશન પ્રમાણે ૧૯૩ દેશો આવેલા છે. તેમાંથી ૧૦૯ દેશો છે જેને સાગર એટલે કે સમુદ્ર મળેલો છે. એશિયાના ૪૮ દેશ છે, જેમાંથી ૩૬ દેશ એવા છે કે જેને સમુદ્ર ટચ થાય છે. જેમાં આપણો ભારત દેશ આવે છે. ભારત દેશની ફરતી દરિયાઇ બોર્ડર ગણવા બેસીએ તો ૭૫૧૬ કિલોમીટરની કોસ્ટ લાઇન આપણી પાસે છે. ભારતના ૯ સ્ટેટ એવા છે કે જેને દરિયો ટચ થાય છે. જેમાં સૌથી મોટો દરિયો ટચ થતો હોય તેવું આપણું રાજય ગુજરાત છે. ગુજરાતની અંદર ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કાંઠો આવેલો છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૧૪ જિલ્લા છે જયાં કોસ્ટ ટચ થાય છે અને આની ઉપર પાંચ ફીશીંગ પોર્ટ, અને ૧૦૨ વેસલ્સ એટલે ફીશ લેન્ડીંગ સેન્ટરો બનાવવામાં આવેલા છે. છેલ્લો હિસાબ કર્યો હતો એમાં કેટલા ગામડાંને ફિશીંગ વિલેજ કહેવામાં આવે છે. જેમ ખેતીના વિલેજો એમ ફિશીંગના વિલેજ ગુજરાતમાં ૧૦૫૯ જેટલા આવેલા છે. આ ઘંધા સાથે સંકળાયેલા માણસોનો હિસાબ કરીએ તો ૫,૬૦,૦૦૦ જેટલા લોકો જોડાયેલા છે. ગુજરાતની અંદર ૨૯,૫૭૦ બોટ ફિશીંગના ઘંધા માટે રજિસ્ટ્રર થયેલી છે. આ બોટ દ્વારા માછીમારીનો ઘંધો ગયા વખતે કરવામાં આવેલ હતો એ ૬,૧૯,૭૨૦ મેટ્રિકટન હતો. બહારથી માલ લઇ આવ્યા એ ૧,૨૪,૦૦૦ મેટ્રિકટન અલગ હતો આમ ટોટલ માછલીનો કેચ જોઇએ તો ૭,૪૪,૦૦૦ મેટ્રિકટનનો છે જેમાંથી ૨,૨૮,૦૦૦ મેટ્રિકટન એકસપોર્ટ કરવામાં આવેલ છે. આખા કેચનો હિસાબ કરવામાં આવે તો ૮૭૭૩ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર છે એમાંથી અડધો અડધ આપણે નિકાસ કરીએ છીએ. આ આ ઘંધાની વધારે પ્રગતિ થઇ શકે વિકાસ થઇ શકે તે ગણતરીએ ગુજરાતની આ સરકારે ભાજપની આ સરકારે ૨૨૪ કરોડ રૂપિય માંગરોળમાં ફેઝ-૩ માટે આપેલા છે. અને નવા બંદર માટે ૨૫૦ કરોડ રૂપિયાનું કામ ચાલુ કરવામાં આવેલ છે. એવી રીતે નવા ચાર બંદરોમાં માંડવાળ, સુત્રાપાડા, વેરાવળ ફેઝ-૨ અને પોરબંદર આ ચારે પોર્ટનું ટૂંક સમયમાં કામ ચાલુ કરવામાં આવશે. નવી જેટી બનાવવા માટે ફલોટીંગ જેટી બનાવવાનો આખો કોન્સેપ્ટ નવો બનાવવામાં આવેલ છે. તેમાં ચોરવાડ ખાતે અને ઉમરસડી ખાતે બે નવી ફલોટીંગ જેટી બનાવવામાં આવનાર છે. એવી જ રીતે નવી જેટીની જરૂર હોય તો હીરાકોટા, સતરાનપર, રૂપેણ નવી બંદર ઘામેચ, સચજરાજપરામાં ત્યાં પણ નવી જેટી બનાવવાની પ્રોસેસ ચાલુ થઇ ગઇ છે. ઘોલાયમાં નવા પોર્ટનું કામ ચાલુ છે. તાઉતે આપણે ત્યાં વાવાઝોડું આવ્યું ત્યારે જાફરાબાદ, નવાબંદર, સચજરાજપરા, શિયાળબેટ ખાતે નુકસાન બહું મોટું થયું હતું ત્યારે માછીમારોને પુનઃસ્થાપિત કરવા તથા બિઝનેસ સેટ કરવા માટે તે વખતની સરકારે રૂ.૭૯ કરોડને ૭૫ લાખ રૂપિયા સ્પેશિયલ ડોનેશન આપ્યું હતું અને કામ કરાવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ફિશીંગમાં બોટ જાય એને સબસિડી આપીએ છીએ એમાં પહેલા ૨ હજાર લીટર આપતા હતા એ ૪ હાજર લીટર આપીએ છીએ એ પછી મુખ્યમંત્રીશ્રી પાસે માછીમારીભાઇએ વાત કરી કે ૪ હજાર લીટર ઓછા પડે એમાં વધારો કરી આપો. માનનીય ભૂપેન્દ્રભાઇના નેજા હેઠળની દયાળુ સરકાર કહેવાય છે એણે બે હજાર લીટર વધારી દીધા અને હવે તમામ બોટોમાં ૬ હજાર લીટર ભેગું ભરવામાં આવશે. આમાં સરકાર જી.એસ.ટી.ના માપમાં જે સબસિડી આપે છે એ રૂ.૧૪૯ કરોડ હતી એના બદલે આ વરસથી ૨૩૦ કરોડનું કાયદેસરના આપવામાં આવશે. આપણે જે ડીઝલ આપીએ છીએ તેમાં એકસ્ટ્રા પણ આપતા હોઇએ છીએ એમાં આશરે ચાર લીટરનું વધારે ડિસ્કાઉન્ટ આપતા હોઇએ છીએ. આપણી બોટ ફિશીંગ કરવા જતી હોય છે એને પાકિસ્તાનીઓ દ્વારા પકડી લેવામાં આવતી હોય છે.

**શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના મહિલા દિન નિમિત્તે મહિલા જજને અભિનંદન આપું છું.

મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પર માનનીય રાકેશભાઇ શાહે જે આભાર વ્યકત કર્યો છે એમાં મારો સૂર પૂરાવીને મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો જન્મજાત જ ભાજપ છું. મારુ નામ શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ એટલે હું બી.જે.પી. છું. મારે સહકારની વાત કરવી છે. દેશની પ્રજાના સહકાર બદલ અભિનંદન આપું છું. માનનીય નરેન્દ્રભાઇ મોદીને પ્રજાએ સહકાર ન આપ્યો હોત અને રસીકરણમાં ભાગ ન લીધો હોત તો દેશના કેટલાય લોકો આજે મૃત્યુને પામ્યા હોત. બીજી વાત રસીકરણ ન થવાને લીધે દુનિયામાં કેટલાય લોકોને ગુમાવ્યા છે. મારે સહકાર વિશે એ વાત પણ કરવી છે અને ગુજરાતની ગુણીયલ પ્રજાને અભિનંદન આપવા છે કે પંચાયતથી પાર્લામેન્ટ અમારી પાસે છે. માનનીય અધ્યક્ષશ્રી, સહકારની વાત કરીએ તો આજે મને કહેતા આનંદ થાય છે કે સહકારી મંડળીની અંદર ઝીરો કપાત. માન્ય સહકારી મંડળીમાં ૨ ટકા. દેશમાંથી આપણને જે સહકાર મળે છે અને વ્યાજ ધિરાણમાં જે મુક્તિ મળે છે એ બદલ મારે કહેવું જોઇએ કે ૩ લાખ રૂપિયા સુધી રેગ્યુલર ધિરાણ લે છે અને ભરે છે એમને આપણે ઝીરો વ્યાજ. આ સામેવાળા અત્યારે કહે છે. ૧૮ ટકા વ્યાજ લેતા હતા, *(xxx) આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઝીરો વ્યાજે પબ્લિકને મદદ કરી રહી છે. સહકારની વાત કરીએ તો નાના મોટા ગામના ખેડૂતો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધિકારીઓની ઓફિસમાં જઇને ધક્કા ખાતા હતા. આ સરકાર તમારા દ્વારે સહકાર આપીને પ્રજાના પ્રશ્નો ઉકેલવાનું કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી જોઇએ કે ગોડાઉનો બાંધવામાં જે કેપિટલ સહાય આપવામાં આવે છે. ખેડૂતો પોતાની મંડળીઓ માટે બજારમાંથી ઉંચા વ્યાજે પૈસા લાવતા હતા. આજે આ યોજના નીચે ગોડાઉનો બાંધવા માટે સરકાર ૨૫ ટકા સબસિડી આપે છે. એથી આગળ વાત કરીએ તો પ્રાઇવેટ એ.પી.એમ.સી. બનાવવી હોય, એ.પી.એમ.સી. બનાવવી હોય તો સરકાર ૨૫ ટકા સબસિડી આપે છે. હું અભિનંદન આપું છું. આ યોજના હેઠળ કોઇ દૂધ મંડળીઓને પોતાની ઓફિસ બનાવવી હોય કે ગોડાઉન બનાવવું હોય તો આ સરકાર ૫ લાખ રૂપિયા આપે છે. નાના-મોટા ગોડાઉન બનાવવા હોય તો સરકાર નાના ખેડૂતને પણ ૫ લાખ રૂપિયા આપે છે. ૫૦ મેટ્રિકટનથી ૧૦૦૦ મેટ્રિક ટનનું ગોડાઉન બાંધે તો તેની ઉપર પણ સબસિડીની મહત્તમ મર્યાદા ધ્યાને લેવામાં આવે છે. મિલ્ક પાવડરની વાત કરીએ તો આજે પરિસ્થિતિ આવી છે અને આ મિત્રોના રાજમાં મને કહેતા દુઃખ થાય કે ૫૦ ટકા વસતિ નહોતી તે વખતે પણ કોંગ્રેસના રાજમાં દૂધ બહારથી લાવવું પડતું હતું. અનાજ બહારથી લાવવું પડતું હતું અને તેમને તો ટેવ છે કે એમના પ્રમુખ પણ બહારથી લાવે છે.

મિત્રો, બીજી વાત કરીએ તો આજે દૂધનો એટલો ફુગાવો થયો છે. અઢળક દૂધ વધી રહ્યું છે ત્યારે સરકારે નક્કી કર્યું કે એક લીટરે ૫૦ પૈસા સરકાર એ મંડળીને મદદ કરે છે.

બજાર સમિતિની વાત કરું તો અ અને બ. મધ્યમ વર્ગના લોકોને ૨૫ ટકા સબસિડી આપે છે. જૂની સરકારે ક્યારેય સબસિડી આપી નથી. આ સરકારે ક અને ડ ના નાના અને મધ્યમ વર્ગના માણસોને ગોડાઉન બનાવવું હોય, ત્યાં બજાર સમિતિ બનાવવી હોય તો ૫૦થી ૭૫ ટકા સબસિડી. માત્ર ૨૫ ટકા નાના વર્ગને કાઢવાના. આ સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછાં છે. વખતોવખત કાયદામાં સુધારો કરીને આપણે આટલે સુધી પહોંચ્યા છીએ. નબળા વર્ગના લોકોને સહકારી મંડળીમાં સભ્ય બનવાના પૈસા ન હોય તેના માટે ૨૦૦ રૂપિયા આપી અને સહકારી મંડળીનો સભ્ય બનાવવાનું આ સરકારે કર્યું છે. મિત્રો આ સરકારની બાબતમાં કહેતા મને ખૂબ આનંદ થાય છે કે આ સરકારે જે કીધું એ કર્યું છે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કીધું એ કર્યું છે એનો મને આનંદ છે. એનું મને ગૌરવ છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું બી.જે.પી.નો સેવક છું, પરંતુ સંસદીય મંત્રી હોવાના નાતે મને એવું લાગે છે કે આપણો રેકર્ડ કલીયર રહે એટલા માટે કહું કે આપણે ગઇકાલે *(xxx)એ શબ્દો કાઢી નાખ્યા હતા. માનનીય બાબુભાઇ જમનાભાઇએ આ શબ્દનો પ્રયોગ કર્યો છે, એક સંસદીય પ્રણાલિકાની રીતે એ શબ્દોને કાઢી નાખીએ, એને દૂર કરીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી બાબુભાઇએ *(xxx) એવો શબ્દ જે રેકર્ડ ઉપર કહ્યા છે એમને હું રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આજે મહિલા દિન નિમિત્તે આ ગૃહ અને ગૃહની બહાર તમામ ભારતીય મહિલાઓને હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન આપું છું અને સાથે સાથે મહિલા દિન દિવસે માનનીય અધ્યક્ષશ્રી, એ વાતનો ઉલ્લેખ પણ અહીંયા હાઉસમાં થયો છે, થોડા સમય પહેલા સુરતની અંદર જાહેરમાં એક ફુલ જેવી દીકરી, જેનું જાહેર ચોકમાં એક નરાધમ એમના ગળા ઉપર છરી રાખીને એમનું ગળું કાપી નાખે અને ૨૦૦-૩૦૦ યુવાનો, પુરૂષો એમનો વીડીઓ શુટીંગ ઉતારે અને કોઇ એમાંથી હિંમત કરીને એ દીકરીને બચાવવાનું કામ ના કરે અને આજે આપણે એ જ મહિલાઓને અભિનંદન અને શુભેચ્છાઓ આપવા બેઠા છીએ એટલે આ વાત તો આ ગૃહની અંદર બેઠેલા તમામ લોકોએ ગંભીરતાપૂર્વક વિચારવી જોઇએ કે આપણી નૈતીક ફરજ કેટલી છે, આ વાત હું એટલા માટે કરી રહ્યો છું કે તે દિવસે વિડિયો શૂટીંગને બદલે એક વ્યકિતએ પણ એમાંથી જઇને એ દીકરીને બચાવવાની કોશીશ કરી હોત તો એ ફૂલ જેવી દીકરી એ કદાચ બચી શકી હોત અને એટલા માટે આપણે આ હાઉસની અંદર બેઠેલા તમામ પુરુષ એ આજે સંકલ્પ કરીએ કે ગુજરાતના કોઇપણ ખૂણામાં, કોઇપણ જગ્યાએ, કોઇપણ વિસ્તારમાં કોઇપણ સમાજની કોઇપણ દીકરી હોય અને એને કોઇપણ આવી વ્યકિત જાહેરમાં એમની ઉપર અત્યાચાર કરવાની કોશીશ કરે તો જાહેરમાં એમને પકડીને એને સજા આપવાનું કામ કરવું જોઇએ, એને બચાવવી જોઇએ, આ સંકલ્પ આજે મહિલા દિન દિવસે આપણે બધાએ કરવાની જરૂર છે. (અંતરાય) યુવાનોને બગાડવાની વાત નથી, સાંભળો, વેદના વ્યકત કરીએ છીએ અને વેદનાને હિસાબે એ વાત પણ કરીએ છીએ કે એ જગ્યાએ કોઇ *(xxx) જો હાજર હોત તો એ દીકરીનું ગળું કપાતું બચી શક્યું હોત એટલી અમે યુવાન તરીકે વાત કરીએ છીએ, સાંભળવાની તૈયારી રાખો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ પવિત્ર વિધાનસભા ગૃહમાં જયારે ગંભીર ચર્ચાઓને સ્થાન હોય છે ત્યારે જાતિવાદી ઉચ્ચારો કરવા યોગ્ય નથી હોતા એટલે એ શબ્દો કાઢી નાખવા જોઇએ અને પુનઃ ન બોલવા જોઇએ એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ભગવાનભાઇએ જે જાતિવાદી શબ્દો ઉચ્ચાર્યા છે એને હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. અનેક વેદનાઓ બોલે છે એટલા માટે કહીએ છીએ. અનેક વિડિઓની અંદર પણ એ વાતનો ઉલ્લેખ થાય છે અને મહિલા દિવસ છે એટલે આજે વાત કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરના ૧૨-૩૦ કલાકે મળશે. માનનીય સભ્યશ્રી ભગવાનભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ બપોરના ૧૨-૦૦ થી ૧૨-૩૦ )**

**સભાપતિ, શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

શ્રી ભગાભાઇ ધા. બારડ (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરી રહ્યો હતો અને એ વાત એટલા માટે કહેતો હતો કે સુરતથી મારું ગામ ૯૦૦ કિલોમિટર દૂર છે. ત્યાં જ્યારે મેં વિડિયો જોયો એ વિડિયો જોયા પછી બેઠા બેઠા આપણા શરીરમાં એની અસરો ઉભી થતી હોય તો એ એક વેદના તરીકે આ હાઉસમાં મેં વાત મૂકી છે. કોઇ સભ્યશ્રીને એ વાતની અંદર કોઇ એવા શબ્દોનું કાંઇ લાગ્યું હોય તો એના માટે હું દિલગીરી પણ વ્યક્ત કરું છું. રાજ્યપાલશ્રી જે પ્રવચન લઇને આવ્યા છે એમાં ખેડૂતો માટેની વાત છે. ગયા ચોમાસામાં અમારા ગીર સોમનાથ જિલ્લામાં જે વાવાઝોડો આવ્યું એમાં બાગાયત અને ખેતીના પાકોને જે નુકસાન થયું અને સરકારે જે રાહત પેકેજ ડિકલેર કર્યું એ ડિકલેર કર્યા પછી જે ખેડૂતોને ખરેખર નુકસાન હતું એ મળવાપાત્ર ખેડૂતોને જ્યારે એ રકમની સહાય આજની તારીખ સુધી ત્યાં પહોંચી નથી ત્યારે મારે આપના મારફત સરકારશ્રીનું ધ્યાન દોરવું છે. મારા વિસ્તારમાં હમણાં જ મારા મોટાભાઇ શ્રી જવાહરભાઇ વાત કરતા હતા.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં આપણી વિધાનસભાનું કામકાજ લાઇવ ન કરવું એવો નિર્ણય થયેલ છે. તેમ છતાં માનનીય ગૃહમંત્રીશ્રીના કાર્યાલયમાં બધા જ પત્રકારોને બોલાવીને જે વાતચિત કરવામાં આવે છે અને વિડિયો કરવામાં આવે છે અને ટોકીંગ કરવામાં આવે છે એ ગેરવાજબી છે. એમના માટે પ્રવેશ બંધી છે તો માનીતા લોકોને કેમ પ્રવેશ આપવામાં આવે છે? એ બંધ થવું જોઇએ.

સભાપતિશ્રી : જોઇ લઇશું.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સંસ્કાર અને સંસ્કૃતિમાં શંકર સાથે પાર્વતીજી, વિષ્ણુ સાથે લક્ષ્મીજી, રામ સાથે સીતાજી અને કૃષ્ણ સાથે રાધાજીને પણ દૈવી સ્વરૂપ આપ્યું હોય ત્યારે આજના આ મહિલા દિવસ નિમિત્તે આ ગૃહની તમામ બહેનો અને સમગ્ર વિશ્વની બહેનોને હું મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવું છું. સાથોસાથ અમારા સિનિયર સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને શ્રી અભેસિંહભાઇએ એને ટેકો આપ્યો છે એના સમર્થનમાં હું આપની સમક્ષ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી એ સમગ્ર દેશના અર્થતંત્રને ઉભું રાખે છે. ખેતી માટે કહેવત છે કે ખેડ ખાતર ને પાણી, સમૃદ્ધિ લાવે તાણી. હવે આ કહેવતને સહેજ બદલવી હોય તો એમ કહી શકાય કે ખેડ, ખાતર ને પાણી સાથે સરકારની યોજનાની સરવાણી, સમૃદ્ધિ લાવે તાણી. જગતનો તાત ખેતરમાં મહેનતનો પરસેવો પાડે છે સાથે તેની કોઠાસૂઝ પણ ઉમેરે છે અને વૈજ્ઞાનિક ઢબે ખેતી પણ કરે છે. પરંતુ આ બધાની સાથે જયારે સરકારની વિભિન્ન યોજનાઓનો લાભ મળે છે ત્યારે તેને ધારી સફળતા પ્રાપ્ત થાય છે. જે ખેતી અને ખેડૂત બંનેને સમૃદ્ધ કરે છે એ વાતને ચરિતાર્થ કરે છે વર્તમાન સરકારની કૃષિલક્ષી યોજનાઓ અને હાલમાં જ રજૂ કરવામાં આવેલ બજેટ કે જેમાં કૃષિક્ષેત્રના વિકાસ માટે વિશેષ જોગવાઇઓ સાથે ખાસ જાહેરાતો કરવામાં આવી છે. હું એટલું તો ચોકકસ કહીશ કે કોરોના સંકટથી હતાશ થયેલા ખેડૂતોના જીવનમાં ફરી એક વાર આ ખેડૂતલક્ષી બજેટથી નવી આશાઓ ઉભી થઇ છે. જે માટે હું સૌ ખેડૂતો વતી આ રાજય સરકારનો આભાર માનું છું. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. આપણા દેશની મહત્તમ વસ્તી ખેતી આધારિત છે. આપણે આપણો મુખ્ય વ્યવસાય તરીકે ખેતીને સ્વીકારેલી છે. આધુનિક ખેતીમાં યોગ્ય આયોજન કરી એકમ વિસ્તારમાંથી વધુ પાક ઉત્પાદન વધારી તેમજ એકમ વિસ્તારમાંથી પાક ઉત્પાદન ખર્ચ ઘટાડી વધુ નફો મેળવી શકાય તેમ છે. આપણે ખેતીમાં આયોજન થકી સંભવિત કુદરતી પરિબળો દ્વારા થનાર નુકસાન ઘટાડી શકીએ તેમ છીએ. એક જૂની કહેવત પણ છે કે ખેડ, ખાતર અને પાણી, લાવે નસીબને તાણી એની જગ્યાએ આપણે નવી કહેવત ઉમેરવી હોય તો ખેડ, ખાતર અને પાણી અને આયોજન લાવે નસીબને તાણી. સરકાર હંમેશા ખેડૂતને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહી છે. જેના થકી કૃષિના ભવિષ્ય માટે નવા ક્ષેત્રની પ્રગતિ ખેડૂતોની પ્રગતિનો એક અનિવાર્ય હિસ્સો બનવાનો છે. મદદરૂપ થનારો છે. કૃષિમાં એક મહત્ત્વપૂર્ણ વિષય છે આર્ટીફીશીયલ, ઇન્ટેલીજેશન. આવનારા સમયમાં ખેતીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનારું છે. દેશ અને રાજયના કેટલાક ભાગોમાં ખેડૂતો તેનો મર્યાદિત સ્તરે ઉપયોગ કરી રહ્યા છે. જેમ કે દવાઓ અને પેસ્ટ કન્ટ્રોલ માટે ડ્રોન જેવી ટેકનોલોજીનો પ્રયોગ આજે ધીમેધીમે શરૂ થઇ ગયો છે. ચાલુ માસમાં જ કલોલના ઇફકો પ્લાન્ટમાં એક સંસ્થા દ્વારા ડ્રોનના માધ્યમથી ખેતરમાં યુરિયાના છંટકાવની

તાલીમ પણ આપવામાં આવી છે. આપણે કૃષિમાં પ્રાચીન દાણને ફરીથી શીખવાની જરૂર છે. એટલું જ નહીં પણ આધુનિક સમય માટે અને વધારે ધારદાર બનાવવાની પણ જરૂર છે. આપણે સંશોધન ફરીથી કરવું પડશે. પ્રાચિન દાણને આધુનિક વૈજ્ઞાનિક કાળમાં ઢાળવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ભારતને આત્મનિર્ભર બનાવવાનું સ્વપ્નું સજાવી રહ્યા છીએ ત્યારે ખેતી આત્મનિર્ભર બને, દરેક ખેડૂત આત્મનિર્ભર બને અને આવું ત્યારે જ થઇ શકે જયારે બિન કુદરતી ખાતર અને દવાઓના બદલે આપણે ધરતી માતાની માટીનું સંવર્ધન કરીએ, ગોવર્ધનથી કરીએ. પ્રાકૃતિક તત્ત્વોથી કરીએ. દરેક ખેડૂત, દરેક જીવના હિત માટે ખેતીને જનઆંદોલન બનાવશે એવો મને વિશ્વાસ છે.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરું છું. સાથેસાથે આજે મહિલા દિવસ નિમિત્તે ગૃહની બધી મારી બહેનોને અભિનંદન પાઠવું છું અને આખા વિશ્વની મહિલાઓને શુભેચ્છા આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૫મા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સરકાર ઉજવણી કરી રહી છે ત્યારે આ આઝાદી ૭૫ વર્ષ પૂર્વે જયારે મળી ત્યારે કોંગ્રેસના નેતાઓએ આમાં મોટું બલિદાન આપ્યું છે અને કોંગ્રેસ પાર્ટીનો ધારાસભ્ય હોવાથી હું ગર્વ અનુભવું છું. આ દેશ આઝાદ થયો ત્યારે આ દેશની આઝાદી પછી દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આ દેશ સંભાળ્યો. રૂ. ૬૦ કરોડના દેવા સાથે સંભાળેલા આ દેશની અંદર સોય પણ નહોતી બનતી અને મિસાઇલો સાઇકલ ઉપર ફોડવામાં આવતી હતી. એ દેશને ઉન્નતિ અને પ્રગતિના પંથે છેલ્લે ડો. મનમોહનસિંહજીની સરકાર હતી એ વખતે ૧૧૪ મિસાઇલ સાથે ફોડી શકાય ત્યાં સુધી પહોંચાડવાનું કોઇએ કામ કર્યું હોય તો કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે એનું અમે ગૌરવ અનુભવીએ છીએ. કોંગ્રેસ સરકાર દરમિયાન રોડવેઝ, રેલવેઝ, પાવર ટ્રાન્સમિશન, નેશનલ ગેસ પાઇપલાઇન, પેટ્રોલિયમ પાઇપલાઇન, એર ઇન્ડીયા, એરપોર્ટ, ટેલિકોમ, વેરહાઉસ, સ્પોર્ટસ, સ્ટેડીયમ વગેરે બનાવવાનું કામ કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે. કોંગ્રેસ પાર્ટીએ આ કામ કર્યા પછી હાલની સરકારે ખાનગીકરણ તરફ દોટ મૂકી છે. આ બધાં નામો લીધાં, એને પ્રાઇવેટ કંપનીઓને વેચવાનું કામ આ સરકાર મારફતે થઇ રહ્યું છે. આવનારા દિવસો માટે લોકશાહી માટે ખતરારૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પાર્ટીએ આવી સંસ્થાઓ તો બનાવી, પણ સાથે સાથે સારા નેતાઓ પણ બનાવ્યા. સારા નેતાઓના ભાગરૂપે છેલ્લાં ૨૦ વર્ષમાં આ ગૃહની અંદર ૬૦ જેટલા કોંગ્રેસ પાર્ટીની સંસ્થા મારફતે તૈયાર થયેલા ધારાસભ્યો એને ખરીદવાનું કામ ભાજપ મારફતે થયું અને સામે બેસીને વાતો કરતા હોય ત્યારે હું વાત કરું ખરીદવું કે વેચવું ભાજપની પહેલ હોઇ શકે. સંસ્થા મારફત તૈયાર થયેલ ધારાસભ્યોને હું આપના મારફતે નાની એવી ટકોર કરું છું કે અમારા ગામડામાં આંધળા ચાકળા એરૂ પડખે આવતા હોય *(xxx) એને બે મોઢા હોય કયારેક કયા મોઢે ચાલે એની ખબર ન હોય. હું આપના મારફતે શ્રી જવાહરભાઇનો દાખલો આપીશ. બાકીના ધારાસભ્યો શ્રી જવાહરભાઇ પાસે શીખે. માતૃસંસ્થા વિષે બોલતા પહેલા પોતાનો આત્મા વેચી નથી નાખ્યો ને? તમારા શરીરને લઇને ગયા છો. તમારા આત્મા સાથે વાર્તાલાપ કરો. કોંગ્રેસ પાર્ટીના બાબતમાં બોલતા પહેલા સો વાર વિચાર કરો. કોંગ્રેસ સમયમાં શું થયું? તો દેશની આઝાદી પછી જિલ્લા લેવલે સિવિલ હોસ્પિટલો બની, જિલ્લા મથકે સ્કૂલો બની, જિલ્લા મથકે નાની નાની એટલે કે એપીએમસી માર્કેટથી લઇને પીએસી સેન્ટરો બનાવવામાં આવ્યાં. અત્યારે ફોન લગાડીએ તો કોરોનાની કોલરટ્યૂન વાગે છે. કોરોનાની રસી લઇ લો, ટીકા લગવા લો. આ ટીકા લગાવવાની વાત કરનાર જો આ રીંગટોન આપના મારફતથી બંધ થાય તો ઘણું બધું સારું. સારું એટલા માટે થઇ શકે કે મારી જન્મ પહેલા આ દેશની અંદર શીતળાની રસી હોય, ક્ષયની રસી હોય, ઉટાંટિયાની રસી હોય, ઓરીની રસી, ગાલપચોળાની રસી હોય. વર્ષ ૧૯૭૮માં ૭૦ કરોડ લોકોને શીતળાની રસી મૂંગે મોઢે આપી દેવામાં આવી હતી. એડવર્ટાઇઝ નહોતી કરવામાં આવી. આ દેશની અંદર કોરોના આવ્યો ત્યારપછી મારા મિત્રો પૂછે કે કોંગ્રેસ સમયની અંદર શું થયું? જો એ સિવિલની ઇમારત ઉભી ન હોત તો કોરોના ટાઇમમાં અંદર કેટલીય લાશો પડી ગઇ હોત. એવી પરિસ્થિતિ નિર્માણ થઇ કે કોરોનાની રસી લેવી હોય, વેક્સિન લેવી હોય તો એની એડવર્ટાઇઝો થઇ છે. સાથે સાથે રેમડીસીવીર ઇન્જેકશન માટે લોકોને ટળવળવું પડ્યુ, લોકોને લાઇનમાં રહેવું પડ્યું, પછી એના કાળાબજાર થયા. ત્યાર પછી આ ગુજરાતની અંદર કોરોનાના મોતના આંકડા છુપાવવાનું કામ આ સરકાર મારફતે થયું. સહાયની વાત આવે તો ૫૦,૦૦૦ રૂપિયાની વાત કરતા હોય અને અમે ૪ લાખ રૂપિયાની સહાય આપો. કોંગ્રેસ પાર્ટીના કાર્યકરો મારફત મૃતક પરિવારોની મુલાકાત લીધી પછી ખરો આંકડા સામે લાવવામાં આવ્યો. પછી જવાબ એવો આપવામાં આવે કે અમરેલી જિલ્લામાં ૧૦૫ ના મૃત્યુ થયા. દુઃખ સાથે કહેવું પડે કે ૨૫૦ લોકોને સરકારે સહાય ચુકવી. તો કયા પ્રકારની સહાય આપવામાં આવી? એકબાજુ ગૃહમાં જવાબ આપો છો કે ૧૦૫ લોકોના કોરોનામાં મૃત્યુ થયા. બીજી બાજુ સાવરકુંડલા મત વિસ્તારની અંદર અમરેલી જિલ્લો નથી લેતો. સાવરકુંડલા અને લીલીયાની અંદર ૨૦૦ લોકોને મૃતકને સહાય આપી. આની અંદર એવું દેખાઇ રહ્યું છે કે જે આંકડો ૩ લાખ લોકોનું મૃત્યુ થયું, તે હકીકત સાબિત થાય છે. અમે માગણી સાથે વિનંતી કરું છું કે ૪ લાખ લોકોને મૃતક પરિવારને સહાય આપો. એ મૃતક પરિવારને નોકરી આપો. વાતો કરવી બહુ સહેલી છે. નીભાવવું બહુ અઘરું છે. એ સમયની મેં વાત કરી કે પહેરવા કપડું નહોતું. આ દેશને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આઝાદી અપાવ્યા પછી લેણા સાથે સંભાળેલી સરકાર આ દેશની ઇમારતનો પાયો મજબૂત બનાવ્યો. હાલની સરકારે તો કલર રંગરોગાન લગાવવાનું કામ કર્યું છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી રમણભાઇ પાટકર.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શ્રી પ્રતાપભાઇ દૂધાત જે *(xxx)એ શબ્દ બોલ્યા છે તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : આ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિવસ છે. દેશની તમામ મહિલાઓને વંદન સાથે શુભેચ્છા પાઠવું છું. આપણે સૌ જાણીએ છીએ કે રાજકારણની અંદર અર્થતંત્ર ઉપર જે કાબુ લે તે સાચી દિશાની અંદર સરકાર આપી શકે છે. આજે હું ગર્વથી કહી શકું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૧૯૯૦થી અત્યાર સુધી અર્થતંત્ર ઉપર ખૂબ જ સુંદર અંકુશ મેળવવાને કારણે આપણું અર્થતંત્ર મજબૂત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજનો સાક્ષી છું કે, વર્ષ ૧૯૯૫ની અંદર જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર બની ત્યારે તે વખતે ૧૦૩૩૮ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું. આજે અમારી ઔદ્યોગિક નગરી વાપી કે જેમાં ૫૦૧૪ જેટલા ઉદ્યોગો આવેલા છે અને કર પેટે કરોડો રૂપિયા આજે સરકારની તિજોરીમાં આ ઉદ્યોગપતિઓ ભરે છે. તેવા વિસ્તારમાંથી અમારા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અહીં ઉપસ્થિત થયા છે. જેમણે ૨ લાખ ૪૩ હજાર ૫૦૦ કરોડ રૂપિયાનું વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું છે તે માટે તેમને ખરેખર અભિનંદન આપું છું અને માનનીય મુખ્યમંત્રીને આ પ્રસંગે અભિનંદન આપું છું. હું એટલા માટે અભિનંદન આપું છું કે, દક્ષિણ ગુજરાત તે ખરેખર વિકાસ સાથે જોડાયેલો વિસ્તાર છે. તેમાં અર્થતંત્રને વેગ આપવા માટે માર્ગ અને મકાન મહત્ત્વનું પરિબળ છે. માર્ગ અને મકાન વિભાગની અંદર મારા દક્ષિણ ગુજરાતના માનનીય મંત્રીશ્રી પૂર્ણેશભાઇની જવાબદારી છે, ત્યાર પછી અમારો આદિજાતિ વિસ્તાર કે જેના ઉપર હું મારા વિચારો રજૂ કરવાનો છું તેવા વિસ્તારની કેબિનેટ કક્ષાની જવાબદારી સંભાળતા માનનીય મંત્રીશ્રી નરેશભાઇ અહીં ઉપસ્થિત થયા છે તે પણ દક્ષિણ ગુજરાતના છે. એટલે આ ત્રણેય વિભાગ ગુજરાતને એક સાચી કડીના રૂપે વિકાસના પંથે લઇ જશે તેવો મને વિશ્વાસ છે. મારે આજે આદિજાતિ વિકાસ વિભાગ ઉપર વિચારો રજૂ કરવાના છે. ગુજરાતના ટોટલ જે જિલ્લાઓ છે તેમાંથી ૧૪ જિલ્લા ટ્રાયબલ વિસ્તારમાં આવે છે. તેમાં ૫૩ તાલુકા અને ૫૪૯૮ ગામડાં આવે છે. ભૂતકાળમાં આપણે જોયું છે કે, ગામડાં તૂટે એટલે શહેર ઉપર તેનું ભારણ વધે છે. આપણે જો સમતોલ અને સારો વિકાસ કરવો હોય તો તે બાબત ઉપર સરકારે ધ્યાન આપવું જોઇએ. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મને આજે કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતના આદિવાસીની ચિંતા સૂર્યકાંત આચાર્ય કરતા હતા અને જેઓ આજે આપણી વચ્ચે નથી. તેમણે પહેલી વખતે આદિવાસી હકકપત્ર એટલે કે આદિવાસીઓને કયા કયા લાભો કેટલા દિવસની અંદર મળે તેના તાલુકા કક્ષાએ બોર્ડ લગાવી લોકશાહીનો સાચો અધિકાર ઉપસ્થિત કર્યો હતો. ત્યારપછી અમારા વલસાડ જિલ્લાના દેશના પૂર્વ વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇએ જે મજૂરો હતા તેમને ખેડૂત બનાવવા માટે ગણોતધારો દાખલ કર્યો. તેના કારણે હજારો ખેડૂતોને ગણોતધારાની અંદર ખેડૂતો બનાવ્યા. તેમણે પણ એક સુંદર કામગીરી કરી છે. ત્યાર પછી આજે આપણી વચ્ચે નથી તેવા શ્રી ઇશ્વરભાઇ દેસાઇએ ખેડૂતના હકકપત્ર માટે...

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી રમણલાલ ના. પાટકર : જી, હકકપત્રક આપવા માટે તેમણે ખૂબ લાંબુ આંદોલન ચલાવ્યું હતું. તેનો લાભ દક્ષિણ ગુજરાતના ઘણા બધા ખેડૂતોને મળ્યો છે. અમારા આદિવાસી માટે સરકારે કેટલા પૈસા ચૂકવ્યા? આપણે સમજીએ છીએ કે, બજેટની અંદર દરેક સમાજ માટે અને દરેક વિસ્તાર માટે પૈસા ફાળવવામાં આવે છે. આદિવાસી વિસ્તાર માટે ૨૦૧૭ થી ૨૦૨૨ સુધીના પાંચ વર્ષ માટે ૬૮,૯૭૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તેનાથી વધારે કહીશ કે, અત્યાર સુધી આદિવાસીઓ માટે રૂ.૧ લાખ ૦૨ હજાર કરોડનું બજેટ ખર્ચાઇ ચૂક્યું છે. તેના કારણે આદિવાસી ક્ષેત્રોની ખૂબ કાયાપલટ થઇ છે. ગામડાં જે તૂટતા હતા તેના માટે જે મહત્ત્વની જોગવાઇ હતી તે પાણી અને વીજળીની સગવડ પૂરી પાડી છે. પાણી વાસ્મો યોજના દ્વારા ઘેરઘેર આપવામાં આવે છે. ગુજરાતના તમામ ગામડાંને આજે સંપૂર્ણ વીજળીથી સજજ કરવામાં આવ્યા છે. તે પણ વિકાસનો જ એક ભાગ છે. ત્યારપછી કોરોના મહામારીની અહીં ઘણી વાતો થઇ છે. કોરોનાની અંદર સાવચેતી અને સરકારને પ્રજાએ જે સહયોગ આપ્યો છે તેનાથી આપણા ત્યાં મૃત્યું આંક ઓછો થયો છે. તેના ઉપર આપણે કાબૂ મેળવી શક્યા છીએ. તેમાં દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ખૂબ સરસ કામ કર્યું છે અને તેના માટે મને ગર્વ થાય છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂર્ણ થાય છે. માનનીય શૈલેષભાઇ પરમાર.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૮મી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સૌને હું અભિનંદન અને મારી શુભેચ્છાઓ પાઠવું છું. આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિને પ્રથમ વખત આપ અધ્યક્ષશ્રી તરીકે બિરાજ્યા છો ત્યારે આપને પણ હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય રાકેશભાઇ આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ વર્ષને આપણે આઝાદીનું ૭૫મું વર્ષ આઝાદીનો અમૃત મહોત્સવ જ્યારે ઉજવી રહ્યા છીએ ત્યારે ગુજરાત એટલે સુખ શાંતિ, સલામત સ્થિર શાસનનો પ્રયાસ, ગુજરાત એટલે વિકાસના દરેક ક્ષેત્રે મોખરે રહેવા કટિબદ્ધ રહેનારું રાજય. આખી બૂકલેટ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની મેં વાચી એમાં ગુજરાત રાજયના શાસનના ૧૨૧ દિવસની જનસેવાની પરિશ્રમ યાત્રાના ભાગરૂપે મુખ્યમંત્રી અને તેની ઉર્જાવાન ટીમ ગુજરાત દ્વારા અમારી સરકાર, અમારી સરકા એવો ઉલ્લેખ આ રાજયપાલશ્રીના પ્રવચનમાં કરવામાં આવ્યો છે. ભૂતકાળ એવો રહેલો છે કે બજેટ સેશન ચાલુ થાય ત્યારે જે પણ સરકારોએ એક વર્ષની જે પણ કામગીરી કરી હોય એનો ચિતાર વિધાનસભા ગૃહમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કરવામાં આવે છે. મારી સરકાર, મારી સરકાર ૧૩૧ દિવસની સરકાર ભૂતકાળની સરકારનો જે ઉલ્લેખ કરવો જોઇએ એ નથી કર્યો એવું સ્પષ્ટપણે આ પ્રવચનમાં દેખાય આવે છે. સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ આ રાજયની અંદર સૌથી લાંબા સમયના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી બિરાજમાન થયા ત્યાર બાદ ભારતીય જનતા પાર્ટીના કોઇ મુખ્યમંત્રીશ્રીએ પાંચ વર્ષનો સમય જો પૂર્ણ કર્યો હોય અને એનો યશ જો કોઇને જતો હોય તો એ વિજયભાઇ રૂપાણીની સરકારને જાય છે. વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ૨૦૧૭ની ચૂંટણી લડાઇ ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો, ૧૫૧ કહ્યું હતું પણ ૯૯ આવીને અટકી ગયા. એમના જ નેતૃત્વમાં પેટા ચૂંટણીઓ થઇ, એમના જ નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થઇ અને ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો. પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ થયા પછી રાજય સરકારે પ્રજાના પૈસે ગુડ ગવર્નન્સ તરીકે રાજયના તમામ શહેરો અને તમામ જિલ્લાઓમાં રાજય સરકાર દ્વારા કાર્યક્રમો કરવામાં આવ્યા અને એ પાંચ વર્ષની ઉજવણી કરવામાં આવી. સ્વાભાવિક છે કે પાંચ વર્ષ પૂર્ણ થયા એટલે ઉજવણી કરવી જોઇએ. માનનીય વિજયભાઇ એક સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની અંદર જાણીતા હતા અને સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જાણીતા હતા ત્યારે ગુડ ગવર્નન્સ તરીકે સરકાર સમગ્ર રાજયમાં જ્યારે ઉજવણી કરતી હોય અને એ ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીના તમામ મંત્રીશ્રીથી માંડીને તમામ ધારાસભ્યશ્રી અને પદાધિકારીઓથી માંડીને બધા જ એમાં ભાગ લેતા હોય અને એ દરમ્યાન જ રાજયના મુખ્યમંત્રી તરીકેથી વિજયભાઇ રૂપાણીનું રાજીનામુ લઇ લેવામાં આવ્યું, એમના મંત્રીમડળનું રાજીનામું લઇ લેવામાં આવ્યું અને ભારતીય જનતા પાર્ટી એમ કહે છે કે, આ ભાજપ જ કરી શકે કે મુખ્યમંત્રી હોય કે આખું મંત્રીમંડળ બદલવાની વાત જો કોઇ કરી શકતું હોય તો ભારતીય જનતા પાર્ટી જ કરી શકે છે. કોઇ પણ ગુડ ગવર્નન્સ તરીકે કોઇ સરકાર પાંચ વર્ષ રહી હોય તો એને એવોર્ડ મળવો જોઇએ પણ વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારને એવોર્ડ તો ન આપ્યો પણ તમે રીએવોર્ડ આપ્યો એ બતાવે છે કે શું કારણ હશે કે આ રીએવોર્ડ કરવામાં આવ્યો. એનું મુખ્ય કારણ બીજું કોઇ નહીં, કોરોનાના કપરા કાળમાં ગુજરાતની પ્રજા દવા વગર, બેડ વગર, ઓકસીજન વગર, ફૂડ વગર અને ઇન્જેકશનો વગર જયારે તડપતી હતી ત્યારે આ સરકાર કશું કરી ના શકી એવો *(xxx)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સેન્ટ્રલ આઇ.બી.ના રિપોર્ટની જે વાત કરે છે તે રિપોર્ટ તેમની પાસે હોય તો રજૂ કરવા મારી વિનંતી છે.

શૈલેષ મ. પરમાર : સદનમાં તેની ચર્ચા છે, છાપામાં પણ આવેલું છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : છાપાની વાત સાથે અહીં કાંઇ લેવા દેવા નથી. આ રજૂ ના કરી શકે તો એ શબ્દો દૂર કરવા જોઇએ.

શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો દૂર કરો. પ્રજાની નારાજગી આવનારી વિધાનસભાની ચૂંટણીની અંદર આ સરકારને ભોગવવું ના પડે માટે આખું મંત્રી મંડળને બદલી દેવામાં આવ્યું છે. કાલે મારા મોટાભાઇ શ્રી આત્મારામભાઇ કહેતા હતા કે ખૂબ સારું રસીકરણનું કામ થયું તે બધા માટે ખૂબ જરૂરી છે. અરે, કોઇ સરકાર રસીકરણ કરે તો કોઇ અહેસાન કરતી નથી એની ફરજનો ભાગ છે, પ્રજાના પૈસા છે અને પ્રજાના પૈસે લોકોને રસીકરણ કરવું પડે અને રસીકરણ કર્યું છે. કાલે શ્રી આત્મારાભાઇ એવું બોલ્યા હતા કે કોરોનામાં *(xxx)એવું ચોખ્ખું સ્પષ્ટપણે લાગે છે. શ્રી રાકેશભાઇ અમદાવાદના બોમ્બ બ્લાસ્ટની વાત કરતા હતા. *(xxx)અને એટલા માટે હું કહું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારનું આ પોલીસ તંત્ર જેની પાસે આઇ.બી છે અને આઇ.બી.ના રિપોર્ટના આધારે રાજય સરકાર કોઇ પણ નિર્ણય જયારે લેતી હોય છે ત્યારે ભૂતકાળમાં મેં જોયુ છે કે આઇ.બી.ના રિપોર્ટના આધારે કોઇ આતંકવાદીઓ આવવાના છે, કોઇ મોટા નેતાની હત્યા કરવાના છે જો સ્ટેટ આઇ.બીને આ ખબર પડતી હોય તો આ હુમલાઓ થયા ત્યારે સ્ટેટ આઇ.બી. કયાં હતી ? અને રિપોર્ટ સરકારને કેમ રજૂ ના કરી શકી તે પ્રશ્ન ઉદ્ભવે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીની આ સરકારની અંદર કાયદો વ્યવસ્થાની વાત થાય આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે અને આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અંદર મહિલાઓનું સન્માન થવુ જોઇએ, મહિલાઓને માન મળવું જોઇએ અને મહિલાને ન્યાય મળવો જોઇએ તે ખૂબ જ જરૂરી છે. આજે એવી ઘટના આ વિધાનસભા ગૃહની અંદર કહેવા જઇ રહ્યો છું આપણે સૌ મહિલાની વાત કરીએ છીએ, આપણે સૌ મહિલાના સન્માનની વાત કરીએ છીએ, મહિલાના ન્યાયની વાત કરીએ છીએ, તેને અભિનંદન આપીએ છીએ આજે સરકારનું એ ધ્યાન દોરવા માગું છું ભારતીય જનતા પાર્ટીના એક આગેવાન તારીખઃ ૧૭-૨-૨૦૨૧ના રોજ ગાંધીનગરના સેકટર-૨૧ની અંદર પોલીસ ફરિયાદ કરવામાં આવે છે, પોલીસને એક અરજી આપવામાં આવે છે અને અરજી કેવી કે *(xxx) તેની ફરિયાદની એક અરજી આપવામાં આવે છે. આ અરજીના આધારે તેની પોલીસ ફરિયાદ આજ દિન સુધી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નોંધી નથી. આ મહિલા ત્યાં સુધી અટકતી નથી.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦-૧૦-૨૦૨૧ના રોજ તે ડી.જી.ને કાગળ લખે છે, રેન્જ આઇ.જી.ને કાગળ લખે છે, તે એસ.પી.ને કાગળ લખે છે, તે માનવ અધિકાર આયોગને કાગળ લખે છે, આ દેશના વડાપ્રધાનને કાગળ લખે છે, આ દેશના ગૃહ પ્રધાનને કાગળ લખે છે, ભારતીય જનતા પાર્ટીના પ્રમુખને કાગળ લખે છે પણ પાંચ પાંચ મહિના થયા હોવા છતાં પણ આ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર *(xxx) ફરિયાદ નોંધતી નથી. મારે કહેવું છે કે કયા કારણોસર તમે મહિલા સશકિતકરણની વાત કરો છો ? બેટી પઢાવો, બેટી ભણાવોની વાત કરો છો. હું આજના રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સરકારને કહેવા માગું છું કે *(xxx) હું એવી માગણી કરું છું.

અધ્યક્ષશ્રી : આપ વિધાનસભામાં મંજૂરી વિના આવી રીતે નામ જોગ આક્ષેપ ન કરી શકો. (સતત અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે બધા પુરાવા છે. મારી પાસે ફરિયાદ છે. એ દીકરીએ આત્મહત્યા કરવા માટે દવા પીધી. (સતત અંતરાય)

### પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ માનનીય સભ્ય કે મંત્રી સામે આક્ષેપ કરવો હોય તો પહેલાંથી માનનીય અધ્યક્ષશ્રીને જાણ કરવી પડે અને એની નકલ આપવી પડે. આ સંસદીય પરંપરા છે અને આ પરંપરા તોડવાનો અધિકાર તમને પણ નથી અને મને પણ નથી. એના જે કાંઇ દસ્તાવેજો રજૂ કરવા માંગતા હોય એ આપવા પડે અને ત્યારપછી જ તેમાં ચર્ચા થઇ શકે એટલે આ બાબતની ચર્ચા કરવાની મનાઇ ફરમાવવામાં આવે. આ ચર્ચા ન થઇ શકે અને નામ પછી જે આક્ષેપ કર્યા છે તે દૂર કરવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું સંસદીય પ્રણાલીને જાણું છું. શ્રી રાજેન્દ્રભાઇએ જ્યારે સેન્ટ્રલ આઇ.બી.ની વાત કરી ત્યારે મેં મારા શબ્દો પાછા ખેંચી લીધા. મારી પાસે તમામ પુરાવા છે.

અધ્યક્ષશ્રી : આપે પૂર્વ મંજૂરી લીધી નથી. આથી નિયમાનુસાર આપ આ ચર્ચા કરી શકતા નથી. જેના નામનો આક્ષેપ હોય એની મંજૂરી લેવી પડે અને તેમ છતાં અધ્યક્ષશ્રી મંજૂરી આપે તો જ રજૂ કરી શકો. એ નિયમ છે. (સતત અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : *(xxx)

અધ્યક્ષશ્રી : આપ બેસો શૈલેષભાઇ. આપ બેસો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપે રૂલિંગ આપ્યા પછી પણ એની એ જ વાત કરી રહ્યા છે. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

(સભ્યશ્રી વિરજીભાઇ ઊભાં થઇને બોલતાં)

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આપ બેસો. આપ વારંવાર ઊભા ન થઇ જાવ પ્લીઝ. તમારા સિનિયર નેતા શ્રી પુંજાભાઇ બોલી રહ્યા છે. આપ બેસો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : અમારે બોલવાનું જ નહિ?

અધ્યક્ષશ્રી : તમારા નેતાને તો સાંભળો. વચ્ચે વચ્ચે બેઠાં-બેઠાં બોલો છો એ યોગ્ય નથી. હું આપને ટકોર કરું છું કે આપ આ રીતનું વર્તન બંધ કરો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના ઉપનેતા જ્યારે પ્રવચન કરતાં હતાં એ દરમિયાન એમણે જે કાંઇ વાત આ વિધાનસભા ગૃહમાં મૂકી એ સંદર્ભે માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એમાં મારી વાત મૂકું છું. આ વિધાનસભા ગૃહની પરંપરા રહી છે, સંસદીય ઇતિહાસ પણ રહ્યો છે. સંસદીય મંત્રીશ્રી પણ આ ખુરશી ઉપર ભૂતકાળમાં બેઠા છે અને એમણે ઘણા બધાં અવલોકનો અને ઘણી બધી પરંપરાઓમાં સુધારા અને ફેરફાર પણ કર્યા છે. અમે ગયા સત્રમાં અનુભવ્યું હતું, એના આગલા સત્રમાં પણ અનુભવ્યું હતું અને આ સત્રમાં પણ અમે અનુભવી રહ્યા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છીએ કે વિપક્ષના ધારાસભ્ય તરીકે અમે કોઇ પણ વાત રેકર્ડ ઉપર મૂકીએ ત્યારે સત્તાપક્ષ તરફથી એમને એક યા બીજી રીતે દૂર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપ પોઇન્ટ ઓફ ઓર્ડર પર આવો. આપને જે કહેવું છે એ કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર જ બોલું છું. જે વાત અમે અહીંયા મૂકીએ છીએ એ સત્તાપક્ષને ખટકે એટલે કોઇ પણ મુદ્દા ઉપસ્થિત કરીને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. સંસદીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભે હું કહેવા માગું છું કે ઉપનેતાએ જે વાત કરી છે એ આધાર-પુરાવા અને રેકર્ડ સાથે વાત કરી છે. ભૂતકાળમાં પણ આ પ્રકારની વાત રેકર્ડ ઉપર મૂકાઇ છે.

અધ્યક્ષશ્રી : નિયમ પ્રમાણે કરી નથી. વિધાનસભા ગૃહ નિયમો અને બંધારણને આધીન છે. નિયમો નેવે મૂકીને કોઈ પણ વાત કરી શકે નહિ. આપ બેસો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૩૭ ઉપર આપનું ધ્યાન દોરું છું. કોઈ પણ વ્યક્તિની ઉપર કોઈ સભ્યએ બદનક્ષીભર્યો અથવા ઈરાદાપૂર્વક કોઈ આક્ષેપ મૂકવો નહિ. સિવાય કે સભ્યએ અધ્યક્ષને અને સંબંધ ધરાવનાર મંત્રીને અગાઉથી ખબર આપેલી હોય જેથી મંત્રી જવાબ આપવાના હેતુસર એ બાબતમાં તપાસ કરી શકે પરંતુ અધ્યક્ષશ્રીનો અભિપ્રાય એવો હોય કે આવો કોઈ પણ આક્ષેપ ગૃહની ગરિમાને હાનિ પહોંચાડે છે અથવા તો આવો આક્ષેપ મૂકવાથી લોકહિત જોખમાય છે તો તેઓ ગમે ત્યારે કોઈ પણ સભ્યને આવો આક્ષેપ મૂકવાની મનાઈ કરી શકે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે અને જે રીતે અહીંયા ચર્ચા થઈ છે તે મુજબ વિધાનસભા એ બંધારણ મુજબ અને નિયમોને આધારિત હોય છે એટલે નિયમ-૩૭ મુજબ જે રીતે કોઈ પણ સભ્યો ઉપર આક્ષેપ કરવો હોય તો તે સભ્યને પણ જાણ કરવી પડે અને તે વિભાગના મંત્રીશ્રીને પણ જાણ કરવી પડે અને છતાં પણ અધ્યક્ષ મંજૂરી આપે પછી જ તમે ગૃહમાં આ મુદ્દો ઉઠાવી શકો છો. માનનીય શૈલેષભાઈએ જે આક્ષેપો કર્યા તે આક્ષેપો કોઈ પણ મંજૂરી વગર કર્યા છે અને ગૃહની ગરિમાને આવા વિષયો હાનિ પહોંચાડતા હોય છે અને કોઈની પણ પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતા હોય છે તેવા સંજોગોમાં જે કાંઈ શબ્દો માનનીય શૈલેષભાઈ બોલ્યા છે તે રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઈન્ટરનેશનલ વુમન્સ ડેની સૌને ખૂબ ખૂબ શુભેચ્છા અને શુભકામનાઓ પાઠવું છું. આપના તરફથી આજે સવારે જ્યારે ગૃહ શરૂ થયું ત્યારે આપે બ્રેકિંગ ધ બાયસનો ઉલ્લેખ કરીને ખૂબ સારી વાત કરી હતી. તેના સિવાય Unknown Facts of Gujarat Woman આવા ટાઈટલ હેઠળ ખૂબ સારા વિચારો અને ખૂબ સારી પ્રતિષ્ઠા ગુજરાત વુમને પ્રાપ્ત કરી છે તે હું કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મહિલાઓ, ગૃહિણીઓ બહાર આવી entrepreneur અને કોર્પોરેટ ક્ષેત્રમાં વર્ચસ્વ વધાર્યું છે. કોર્પોરેટ ક્ષેત્રની મહિલા વર્કર્સની સંખ્યા આજે ગુજરાતમાં ત્રીજા ક્રમે છે અને છેલ્લા દસકામાં એ બમણી થઈ છે. કુશળતા, સ્કિલ અને ચોક્કસાઈ જેવા ગુણોથી કોર્પોરેટ કંપની નવી રોજગારીમાં મહિલાઓને પ્રાધાન્ય આપે છે. ગુજરાતના કોર્પોરેટ સેક્ટરમાં મેઈન બોર્ડમાં મહિલાઓનો હિસ્સો એવરેજ આઠ ટકા છે અને વિશેષ ધ્યાન એના ઉપર છે કે discipline બાબતમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ આગળ હોય છે. ગુજરાતમાં બે લાખથી વધુ ઓર્ગેનાઇઝ અને અનઓર્ગેનાઇઝ સેક્ટરમાં મહિલાઓનો મુખ્ય ફાળો છે. ખાસ કરીને એગ્રીકલ્ચર ટેક્સટાઈલ, પેકેજિંગ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ, ગારમેન્ટ અને આઈ.ટી., ફેશન ઈન્ડસ્ટ્રીઝમાં જોવા જઈએ તો આજે ગુજરાતમાં મહિલાઓનો હિસ્સો વધી રહ્યો છે. રાજ્યના કુલ અર્થતંત્ર પર ૨૫ કરોડથી વધારે એટલે કે ૧૨ ટકાથી વધુ આજે મહિલાઓનું યોગદાન રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં ગર્વ થાય કે ગુજરાતમાં સરેરાશ ૩૫ ટકાથી વધુ મહિલાઓ સેલ્ફ ઈન્ડિપેન્ડન્ટ છે. કેન્દ્ર સરકારે જે વોકલ ફોર લોકલ સ્લોગન આપ્યું છે અને તેને પ્રાધાન્ય આપ્યું છે ત્યારે એ સેગમેન્ટમાં આજે ખૂબ ઝડપથી ગ્રોથ જોવા મળી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અલગ પાર્ક અને મહિલા જી.આઈ.ડી.સી. લાવ્યા છે તેનાથી વેપાર કરવામાં ગુજરાતની સરકાર અને ગુજરાતની મહિલાઓ અવ્વલ રહી છે અને તેના માટે ગુજરાત સરકારને અભિનંદન આપું તેટલા ઓછા છે. આ દેશના વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કંડારેલા ગુજરાતના વિકાસમાં આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને તેમની ઊર્જાવાન બ્રિગેડ ખૂબ આત્મવિશ્વાસથી આગળ વધી રહી છે. છેવાડાના માનવીને પ્રજાલક્ષી સેવાઓનો લાભ મળે તે હેતુથી સરકારે અનેક યોજનાઓ અમલમાં મુકી છે. જયારે દેશનું નેતૃત્વ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કરે છે અને તેમના હાથમાં છે ત્યારે દેશની રાજનીતિ બદલાત તરફ છે. આજે જોવા જઇએ તો, performance based governance ની આજે વાત થાય છે અને તે તરફ લોકો જુએ છે. ભારતીય જનતા પાર્ટીની રાજનીતિ એક મીશનરૂપ છે, વિચાર આધારિત આંદોલન છે. એટલે politics of performance and politics of accountability - એમ કહી શકાય કે, આ બે સૌથી મોટા મંત્ર છે. આજે જોવા જઇએ તો, આત્મનિર્ભર ભારત વાત કરીએ છીએ ત્યારે દેશમાં જે પ્રગતિ થઇ છે, એમાં ગુજરાતનો સૌથી મોટો સિંહ ફાળો રહ્યો છે. આજે ભારતનો સૌથી ચર્ચિત શબ્દ એ વિકાસ છે. ભારતનો સૌથી મોટો મંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ છે. ભારતનું સૌથી પ્રચલિત સૂત્ર આજે જનભાગીદારી છે અને ભારતનો સૌથી મોટો સંકલ્પ એ નવા ભારતનું નિર્માણ છે ત્યારે આપણા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વની અંદર હંમેશા એમણે લાલ કિલ્લા ઉપરથી પણ વાત કરી હતી કે, આપણે

કોઇની સાથે નહી, પરંતુ આપણે પોતાની સાથે કોમ્પિટેશન કરી રહ્યા છીએ. We are challenging ourselves and we are changing ourselves.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ઘણા બધા મુદ્દાઓ અંગે અહીંથી ચર્ચાઓ થઇ. મારે બીજી ટીકા-ટિપ્પણીમાં પડવું નથી પણ જે સારી બાબતો છે, એ ગૃહના ધ્યાન ઉપર મુકવી છે. સુસાશન સ્પર્ધાના, સ્પર્ધાત્મક સૂચકાંકમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે. નીતિ આયોગ દ્વારા કરાયેલા Export Competitiveness Index 2021 મુજબ નિકાસ ક્ષેત્રે આજે સમગ્ર દેશમાં ગુજરાત અવ્વલ નંબરે છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા Logistics Across Different States index એટલે કે LEADS 2021ની અંદર માલ-સામાનની હેરાફેરીમાં ગુજરાત દેશમાં સતત ત્રીજી વાર પ્રથમ સ્થાને રહ્યું છે. વર્ષ ૨૦૨૧માં યુનેસ્કો ખાતે કચ્છના ધોલાવીરનો,વર્લ્ડ હેરિટેઝની સાઇટમાં સમાવેશ કરીને વિશ્વના નકશા ઉપર ગુજરાતના મહત્ત્વમાં વધુ યશકલગીનો ઉમેરો થયો છે. આજે આપણે ગુજરાતનું કોઇપણ ધાર્મિક સ્થળ છે એ જોવા જઇએ તો આપણને ગૌરવ થાય. એ પછી ડાકોર હોય, મોટા અંબાજી હોય, સોમનાથ હોય, શામળાજી હોય, પાવાગઢ હોય, દ્વારકા હોય, મોઢેશ્વર હોય, વીરપુર હોય, ઊમિયા માતાનું મંદિર હોય, વડતાલ હોય, સાળંગપુર હોય, ચામુંડા માતાનું ચોટીલા મંદિર હોય, ગોંડલની ધાર્મિક જગ્યા હોય આ બધી જ જગ્યાએ ખૂબ સારો વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભરની વાત કરું તો આજે જોવા જઇએ તો, જી.એસ.ટી.નું માસિક ટેક્સ collection રકમ રૂપિયા ૧ લાખ કરોડને પાર કરી ગયું છે. આ અર્થતંત્ર એ એક ચા વેચનારાનું છે, કોઇ મૌની બાબાનું નથી. વિશ્વના સૌથી શક્તિશાળી દેશોની યાદી બહાર પડી અને ભારત એમાં ચોથા નંબરે આવ્યું. અમેરિકા, રશિયા અને ચીન આપણાથી આગળ છે પણ આપણે ચોથા નંબરે સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજે આપણે જોઇએ તો, નવા સોલર પ્લાન્ટ સ્થાપવામાં અમેરિકા અને જાપાનને પાછળ રાખીને, ભારત આજે બીજા ક્રમે પહોંચેલ છે. મોદીજી બ્રિટનના ૫૩ દેશોની બેઠકની અંદર જનરલ પ્રેસિડન્ટ બન્યા. જે દેશે આપણી ઉપર ૨૦૦ વર્ષ રાજ્ય કર્યું અને દેશને ગુલાબ બનાવ્યા એવા દરેક ભારતીયની છાતી આજે ગર્વથી ફૂલે છે કે, મોદીજી ૫૩ દેશોની બેઠકની અંદર જનરલ પ્રેસિડન્ટ બન્યા. ભારત જમીન અને આકાશના ક્ષેત્રમાં, સુપરસોનિક મિસાઇલ છોડનાર વિશ્વનો સૌથી પ્રથમ દેશ બન્યો છે. ૭૦ વર્ષમાં પાકિસ્તાનને કયારેય ગરીબ જોયું નથી, પરંતુ જયારથી વર્ષ ૨૦૧૪થી માનનીય મોદી સાહેબ આ દેશના માનનીય વડાપ્રધાન બન્યા ત્યારથી પાકિસ્તાન ગરીબ બની ગયું છે. વાસ્તવમાં હકીકત એ છે કે, વાસ્તવમાં હકીકત એ છે કે પાકિસ્તાનની કમાણીનું સાધન એ ભારતીય નકલી નોટોનો વ્યવસાય હતો જે મોદીજીએ સમાપ્ત કર્યો છે તેનું આપણને ગૌરવ છે. વર્ષ ૨૦૧૪માં ખાસ કરીને મારે ઉલ્લેખ કરવો છે કે સંરક્ષણ મંત્રી ૧૩-૧૪માં એ. કે એન્ટની હતા અને તે ટાઇમે એમણે સ્ટેટમેન્ટ આપેલું કે આપણો દેશ ગરીબ છે અને આપણે વિમાન કે કોઇ સાધન ખરીદી શકતા નથી. પણ મોદી સાહેબે દેશના બધા દેવા પૂર્ણ કર્યા અને રાફેલ સોદો પણ થયો અને રાફેલ વિમાનનો આપણા સંરક્ષણની અંદર ઉમેરો પણ કર્યો છે. ચાર વર્ષમાં ભારતનો જે વિકાસ થયો છે તે ફ્રાન્સના અર્થતંત્રને પાછળ ધકેલી નંબર ૬ પર આવ્યો છે. ઓટો માર્કેટની અંદર આપણે સૌથી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને ગુજરાતનો એમાં સિંહ ફાળો રહ્યો છે અને આપણે જર્મનીને પાછળ રાખીને આજે ચોથા નંબરે આવ્યા છીએ. વીજ ઉત્પાદનમાં આ દેશ રશીયાને પાછળ રાખી આજે નંબર ૩ પર છે. અને તેમાં પણ ગુજરાતનો સિંહ ફાળો છે. કાપડ ઉત્પાદનમાં ઇટાલીને પાછળ છોડીને આજે આપણો દેશ નંબર વન પર છે અને એમાં પણ ગુજરાતનો સૌથી મોટો સિંહ ફાળો છે. એવી જ રીતે સ્ટીલ ઉત્પાદન હોય, ખાંડનું ઉત્પાદન હોય કે મોબાઇલનું ઉત્પાદન હોય, આ બધા ક્ષેત્રની અંદર ગુજરાતે ખૂબ સારી પ્રગતિ કરી છે. આત્મ નિર્ભર ભારત, જયારે હું એવા જિલ્લામાંથી આવું છું કે જયાં ખૂબ બધી ઇન્ડસ્ટ્રીઝ છે. જે ચીજો આપણે ચાયનાથી અને બહારથી આયાત કરતા હતા અને ઓલ ઓફ સડન, ચાયનાની આડોડાઇ કહો કે કોરોનાની મહામારી કહો, આત્મ નિર્ભરનો એક મેસેઝ દેશના માનનીય વડાપ્રધાને આપેલો, અને બે વર્ષ પહેલા તેની મશ્કરી થઇ હતી. આજે જોવા જઇએ તો આજે એનો ખ્યાલ આવે છે કે એ આત્મનિર્ભરે શું કર્યું છે. આજે ગુજરાતની અંદર આપણે તમામ ક્ષેત્રની અંદર સ્ટીલ હોય, સિમેન્ટ હોય, ડાયઝ હોય, ગ્લાસ હોય, તમામ ક્ષેત્રે, વેક્સીનની વાત થઇ, કહેવા જઉં તો ઘણો સમય થાય એમ છે....

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય રાકેશભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રીશ્રી, સૌ પ્રથમ તો આપ સૌને વિશ્વ મહિલા દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આપણા રાજયના મહામહિમ રાજયપાલ આદરણીય આચાર્ય દેવવ્રતજી પોતાનું પ્રવચન લઇને આવ્યા છે એ પ્રવચનની અંદર ઘણી બધી બાબતો ઉપર યોગ્ય પ્રકાશ જયારે પડયો નથી ત્યારે મારા ધ્યાને જે થોડીક બાબતો આવી છે એ બાબતો ઉપર પ્રકાશ પાડવાનો નમ્ર પ્રયાસ હું કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા સો વર્ષમાં સૌથી મોટી આપત્તિ આ રાજય અને આ દેશની અંદર જો આવી હોય તો હું એવું માનું છું કે તાઉતે વાવાઝોડું આવ્યું છે. પોતાના પ્રવચનની અંદર તોઉતે વાવાઝોડા માટે જેટલા શબ્દો લખાયેલા નથી એના કરતા પણ વધુ મુશ્કેલીઓ આ રાજયના લોકોએ અને ખાસ કરીને અમરેલી જિલ્લો અને ગિર સોમનાથ જિલ્લો અને એમાં પણ દરિયાઇ પટ્ટી ઉપરની રાજુલા વિધાનસભા અને ઉના વિધાનસભાના લોકોએ હેરાનગતી ભોગવી છે એમ હું માનું છું. આ વાવાઝોડાનું નામ તાઉતે, મારી ભૂલ ન થતી હોય તો તાઉતેનો અર્થ થાય છે ચીસો પાડતી ગરોળી, જે રીતે ગરોળી ચીસો પાડે છે તેના કરતા પણ વધુ ખરાબ રીતે ચીસો આ તાઉતે વાવાઝોડાએ રાજયના લોકો પાસે પડાવી છે એવું હું સ્પષ્ટપણે માનું છું.

## તા. ૮મી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

જયારે પણ આવી ઘટના ઘટે ત્યારે સરકાર ગંભીરતાથી તેને રોકવા માટે તો કદાચ કંઇ ન કરી શકે પણ વધુ જાન માલની ખૂવારી ન થાય તેના માટે મહેનત કરતી હોય છે. અને તેમ છતાં પણ જયારે ઘટના ઘટે ત્યારે અસરગ્રસ્ત લોકોને મદદરૂપ થવા માટે સરકાર મહેનત કરતી હોય છે, મારે બહુ દુ:ખ સાથે કહેવું પડે છે કે આજે પણ મારી વિધાનસભાના ૧૩ હજાર પરિવારો જુદા જુદા પ્રકારની સહાયથી વંચિત છે. મારે કહેવું છે કે આખા રાજયના લોકોને હું અને તમે દેશનું અવિભાજય અંગ ગણતા હોઇએ, નાના લોકોને મદદરૂપ થવાની ભાવના સાથે કામ કરતા હોઇએ તો આ લોકોને આપણે ન્યાય કેમ આપી શકતા નથી? એથી આગળ વધીને હું વાત કરું તો આ તાઉતે વાવાઝોડા બાદ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી સહિત મોટા ભાગના મંત્રીશ્રીઓએ રાજુલા અને ઉના વિધાનસભાની મુલાકાત લીધી. બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે અમારું મનોબળ ભાંગવા માટે એક પણ મંત્રીશ્રીએ કે મુખ્યમંત્રીશ્રીએ અમને મળવાનો સમય મારા વિસ્તારના લોકો સાથે વાત કરવાનો સમય સ્થળ ઉપર ન આપ્યો એ શું સૂચવે છે. રાજકરણ કરીએ એમાં મને અને તમને વાંધો ન હોઇ શકે, ચૂંટણીઓમાં હું અને તમે એકબીજાને ભરી પીએ એમાં વાંધો ન હોઇ શકે પણ જે વિસ્તારના લોકો ટળવળતા હોય એને મદદરૂપ થવાની ભાવના સાથે જો કામ ન કરીએ તો આપણે ચોક્કસ ઉણા  ઉતર્યા છીએ એમ ચોક્કસપણે કહેવા માગું છું.

મકાન સહાય હોય, ઘરવખરીની સહાય હોય, કેશ ડોલ્સ, કાચા ઝૂંપડાની સહાય હોય, માનવ મૃત્યુની સહાય, પશુ મૃત્યુની સહાય હોય, ખેતીની સહાય હોય, બાગાયતી ખેતીની સહાય હોય, માછીમારોની સહાય હોય કે મીઠા ઉદ્યોગની સહાય હોય આ બધી જ બાબતોમાં મારા વિસ્તારના ૧૩ હજાર જેટલા પરિવારો આજે પણ આ પ્રકારની સહાયથી વંચિત છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને રાજયપાલશ્રીને પણ વિનંતી કરું છું કે આ બાબતમાં યોગ્ય થાય.

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી એમનું એક સ્વપ્ન હતું કે મારા ગુજરાત રાજયમાં સન ૨૦૨૨ સુધીમાં એક પણ કાચું મકાન નહિ રહેવા દઇએ. મોકો હતો પરંતુ રાજય સરકાર રાજુલા અને ઉના વિસ્તાર માટે પાઇલોટ પ્રોજેકટ બનાવી શકી નથી. હું વિનંતી કરું છું કે આગામી સમયમાં જે પરિવારોને નુકસાન થયું એનો ફરી વખત સરવે થાય ૧૫ ટકાથી ઓછું નુકસાન થયું એને સરકાર સહાય પહોંચાડી શકી નથી ત્યારે એવા ફોર્મને પણ માન્ય રાખીને એ લોકોને મદદરૂપ થવાની ભાવના સાથે સરકાર આગળ આવશે તો ચોક્કસ આપણે કંઇક કર્યું ગણાશે.  છેલ્લે મહત્ત્વની વાત કરીશ. આ તાઉતે વાવાઝોડાની સ્પીડ હું સમજી શકયો છું ત્યાં સુધી છેલ્લે ૨૨૦ કિલોમીટરની હતી. કાચા ઝૂંપડા, મકાનો રહ્યા નહોતા. મોટા ભાગના પરિવારોએ આખી રાત પાકા શૌચાલયોમાં ગુજારવી પડી હતી.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે  ગુજરાતની અને દેશની બધી જ મહિલા જેમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે એમ દેશ અને ગુજરાતની મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ લોકસભા અને વિધાનસભામાં તથા રાજયસભામાં મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

ગૃહના આદરણીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી અભેસિંહજી તડવીએ સમર્થન આપેલ છે ત્યારે હું આ પ્રસ્તાવને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના સંબોધન પ્રસ્તાવમાં મહેસૂલ વિભાગને લગતી બાબતમાં હું મારા વિચારો રજૂ કરું છું.  મહેસૂલ વિભાગ એ રાજયનો ખૂબ અગત્યનો ભાગ છે. આ મહેસૂલ વ્યવસ્થાના ભાગરૂપે લગભગ છ સિદ્ધાંતો ઉપર આ મહેસૂલ વિભાગ ચાલે છે. પારદર્શકતા અને મૈત્રીપૂર્ણ વહીવટ, બદલાતી જરૂરિયાતો મુજબ નીતિ ઘડતર, વહીવટમાં વિકેન્દ્રીકરણ, કાર્ય પદ્ધતિઓનું સરળીકરણ અને યોગ્ય ભૂમિ વ્યવસ્થાપન અને છેલ્લે કામના નિર્માણ અને જવાબદાર તંત્રનું ગઠન. આ છ સિદ્ધાંતો પૈકી સમયના અભાવે હું ફકત ભૂમિ વ્યવસ્થાના ભાગરૂપે કે રાજય સરકાર મહેસૂલ વિભાગ થકી મને કહેતા આનંદ થશે કે રાજય સરકાર ધારાસભ્ય આ પક્ષમાં હોય કે પેલા પક્ષમાં હોય પણ મને યાદ છે કે હું વિરોધપક્ષમાં હતો ત્યારે માનનીય મોદી સાહેબ તત્કાલિક મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન સન ૨૦૦૭માં મારા જિલ્લાનો મહત્ત્વનો પ્રશ્ન હતો. કે જે હડફ, કબૂતરી આદલવાડા ડેમમાં જે અસરગ્રસ્તોએ જમીન ગુમાવી હતી તેમના પુનઃ વસવાટ માટે જમીન સંપાદન કરીને જે રીઝર્વ ફોરેસ્ટ હતું તેમાંથી જમીન ડીફોરેસ્ટ કરવા માટે લગભગ વર્ષ ૧૯૮૦થી ૨૦૦૭ એટલે ૨૭ વર્ષ સુધી, હું કોંગ્રેસ પક્ષમાં હતો, જનતા દળમાં હતો, અપક્ષમાં પણ લોકોની સેવા કરી. હું વિરોધપક્ષમાં હતો તેમ છતાં પણ સદ્ભાગ્યે અમારા મોદી સાહેબ, હું વિરોધપક્ષને એટલા માટે કહેવા માગું છું. તમારે કામ કરાવવું હોય તો સારા વિચારો સાથે તમે વ્યવસ્થિત વાત કરો તો તમારા વિસ્તારના પ્રશ્નો પણ હલ થઇ શકે એની વાત કરવા માગું છું. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન મોદી સાહેબ જ્યારે ગોધરા પધાર્યા ત્યારે મેં વાત કરી હતી. તે વખતે હું કોંગ્રેસ પક્ષમાં હતો. ૨૭ વર્ષથી આ સરકાર ચાલે છે. અમને તમારા વહીવટના અનુસંધાનમાં આશા છે. તમે અમારા મુખ્યમંત્રી છો. એકલા ભાજપના નહીં પણ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી છો. અમારા દલિત, આદિવાસી અને બક્ષીપંચના ભાઇઓની જમીન ૨૭ વર્ષથી નામે થઇ નથી. તેમણે પોતાની વ્હાલસોઇ કિંમતી જમીન હડફ, કબૂતરી ડેમ બંધાયા તેમાં ગુમાવી હતી. તેમાં ૨૭ વર્ષ સુધી ૮૦૦ જેટલા ખેડૂતોની જમીન તેમના નામે થઇ નથી. પુનઃવસવાટના અનુસંધાનમાં વસાવી દીધા. હું તમામ સભ્યશ્રીઓને કહેવા માગું છું કે રીઝર્વ ફોરેસ્ટની જમીન ડીફોરેસ્ટ કરવા માટે ઘણી બધી અટપટી, મતલબ કે ચાર વિભાગ આવે. નાણા વિભાગ આવે, મહેસૂલ વિભાગ આવે, જળસંપત્તિ વિભાગ આવે અને છેલ્લે ફોરેસ્ટ વિભાગ. જે તે વખતની સરકારોમાં આ ચાર વિભાગોના સંકલનના અભાવે આદિવાસી અને બક્ષી પંચના નામે કોંગ્રેસ વાતો કરે છે પણ હું વિરોધપક્ષના સભ્ય તરીકે પ્રજાની લાગણી આપની સમક્ષ મૂકું છું

કે ૨૭ વર્ષથી આ લોકોના નામે જમીન થઇ નથી. ગીરવે મૂકી શકાતી નથી, વેચી શકાતી નથી. કોઇ સરકારી લાભ મળતા નથી. મારે એટલા માટે કહેવું છે કે વિરોધપક્ષના જે સભ્યો છે તેમની કામ કરવાની રીતના અનુસંધાનમાં કહું છું. તો મારે એટલું જ કહેવું છે કે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદીજી, શ્રીમતી આનંદીબેન, ત્યાર પછી છેલ્લે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ. મને કહેતા આનંદ થાય છે કે એ ૮૧૫ જેટલા અસરગ્રસ્તોના નામે જમીન થઇ ગઇ. મહેસૂલ વિભાગ પણ સરળ પદ્ધતિથી લોકોને માટે કામ કરે છે તેમાં આપણાં મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી સાહેબે લોકોની ચિંતા કરીને જે રી-સરવે થયું તેની અંદર ક્ષતિઓ હશે એ ક્ષતિઓને સુધારવાની કટિબદ્ધતા ગઇ વિધાનસભામાં ગયા સત્રની અંદર તેમણે વાત કરી હતી. આજે મને કહેતા આનંદ થાય છે કે લોકોના આવા જે કંઇ પ્રશ્નો હોય તો ગુજરાત સરકારના મહેસૂલ મંત્રી તરીકે લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે મહેસૂલ મેળાનું આયોજન કર્યું છે. પ્રશ્નોના તાત્કાલિક નિકાલ થાય તેના માટે વલસાડ, નવસારી અને આણંદ જિલ્લામાં જેટલી અરજીઓ આવી હતી તેમાંથી લગભગ ૪૦ ટકા જેટલી અરજીમાં વારસાઇનો પ્રશ્ન હોય, નોંધનો પ્રશ્ન હોય, બોજા કમીનો પ્રશ્ન હોય તેનો સ્થળ પર નિકાલ કરવા માટેનું આયોજન કર્યું છે ત્યારે હું રાજ્ય સરકારના મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી સાહેબનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું. આવનારા દિવસોમાં સરકાર મહેસૂલ વિભાગ તરફથી જે કંઇ કામગીરી કરે છે તેમાં છ સિદ્ધાંતો પૈકી પુનઃવસવાટની વાત કરી, જમીન સંપાદનની વાત કરી. આ સંપાદનની કામગીરી માટે બુલેટટ્રેન માટેની કામગીરી...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધન પર હું મારા વિચારો રજૂ કરું છું. પહેલાં તો ગરવી ગુજરાતની ગૌરવશાળી વિધાનસભામાં પ્રથમ અધ્યક્ષશ્રીને હું ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને પશુપાલન એ ભારતીય જીવન વ્યવસ્થાનો આધાર છે. જેમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહેલું છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા દેશના ગૌરવશાળી વડાપ્રધાનશ્રી સન્માનનીય નરેન્દ્ર મોદીજીએ શ્રેષ્ઠ અભિગમ અપનાવીને કૃષિ અને પશુપાલનના વિકાસમાં ગુજરાત વધુને વધુ વેગવંત બનેલું છે. પશુપાલન અને ડેરીના ઉદ્યોગ અંગે અભૂતપૂર્વ નિર્ણય લઇ ગુજરાતને સમગ્ર ભારતના દૂધ ઉત્પાદનના ક્ષેત્રમાં અગ્રેસર બનાવવાનું કામ આ શ્રી નરેન્દ્ર મોદીજીના દ્રષ્ટિકોણથી થયું છે. ભારતના ઇતિહાસમાં પહેલી વખત વડાપ્રધાનશ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના માર્ગદર્શનમાં સહકાર મંત્રાલય શરૂ કરવાનું જે કામ કરેલું છે એ માટે મોદીજીને ખરેખર ખૂબ ખૂબ અભિનંદન આપીએ. ભારતીય જનતા પાર્ટીએ આ શ્રેષ્ઠ કદમ ભરેલું છે. સમગ્ર ભારતના સહકાર મંત્રાલયની જવાબદારી આ ગુજરાતના પનોતા પુત્ર અને સહકારી ક્ષેત્ર ઉપર જેમનું યોગદાન છે એ માધુપુરા બેંક વખતથી લઇ અને તમામ સહકારી સંસ્થાઓ મૃતપ્રાય હાલતમાં હતી એને જીવંત કરવાનું કામ આપણા શ્રી અમિતભાઇ શાહે જયારે કરેલું છે ત્યારે શ્રી નરેન્દ્ર મોદીજીએ એમને સહકાર મંત્રાલયની જવાબદારી સોંપી અને ગુજરાતમાં ગૌરવશાળી સહકાર ક્ષેત્રોમાં એમનું યોગદાન રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રના સહકારી વિકાસ માટે શ્રી અમિતભાઇ શાહજી હમણાં આણંદમાં આવ્યા ત્યારે તાજેતરમાં જ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ દ્વારા ડેરીના ઉદ્યોગના વિકાસ માટે રૂપિયા ૫૦૦૦ કરોડ ડેરી સહાય યોજનાનું લોંચીંગ માનનીય અમિતભાઇ શાહજીએ કરેલું છે. આ યોજના આવનાર દિવસોમાં સહકારી ક્ષેત્રમાં ડેરીના વિકાસ સાથે ડેરી ઉદ્યોગના વિકાસ સાથે પણ પૂરક રહેવાનું છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. દેશની કૃષિ અર્થ વ્યવસ્થામાં ડેરી ક્ષેત્રે યોગદાન ૨૮ ટકા છે. વાર્ષિક ટર્નઓવર ૮ થી ૯ લાખ કરોડ રૂપિયા છે. ભારત વિશ્વમાં સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં દેશમાં ૨૦૮૦.૭૨ લાખ મેટ્રીક ટન દૂધ ઉત્પાદન થયું છે. વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૨૦ થી ૨૨ ટકાનો છે. ગુજરાત સમગ્ર ભારતમાં દૂધ ઉત્પાદનમાં અગ્રેસર છે. વર્ષ ૨૦૨૧માં ગુજરાત વાર્ષિક ૧૫૮.૫૩ લાખ મેટ્રીક ટન દૂધ ઉત્પાદન સાથે દેશમાં ચોથા ક્રમે આ માનનીય નરેન્દ્રભાઇ મોદીજીના દ્રષ્ટિકોણથી છે. રાજયના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૯.૯૧ ટકા વાર્ષિક વધારો, રાજયમાં માથાદીઠ ઉત્પાદનમાં પણ દિવસેને દિવસે વધારો થયો છે. આ પ્રોત્સાહન યોજનના કારણે છે. ડેરી ઉદ્યોગની જો વાત કરીએ તો ગુજરાત રાજયના પશુચિકિત્સક યુનિવર્સિટીમાં સૌ પ્રથમ વર્ષ ૧૯૯૪માં ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરીયન દ્વારા સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલી. વર્ષ ૧૯૮૪માં એમની દરખાસ્ત ઉપર કોઇએ ધ્યાન ના આપ્યું પણ આપણા ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરી. વર્તમાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે પણ બજેટની અંદર ૧૩૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ નેશનલ ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનની રચના કરી એની સાથે શ્વેતક્રાંતિની હાકલ કરી ત્યારથી આજે એમના માર્ગદર્શન હેઠળ સરકાર શ્વેત ક્રાંતિ માટે કટિબદ્ધ છે. આજે સરકારના દ્રષ્ટિકોણની વાત કરીએ તો શ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિકોણથી કૃષિ ક્ષેત્ર હોય, ડેરી હોય, પશુને માટે ખાણદાણ યોજના માટે, પશુધન માટે ૪૪ કરોડની જોગવાઇ કરી છે. રાજયમાં ૨૨ મિલ્કસ યુનિટો છે, ૧૫૦૦ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે, મહિલાઓનું દૂધ ઉત્પાદક મંડળીમાં મોટું યોગદાન છે, આજે ઘરે ઘરે ગોડાઉનો બનાવવા માટે પણ ૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ છે. આપણી સંસ્કૃતિમાં ગાય માતા કહીએ છીએ. હિન્દુ ધર્મ અનુસાર ૩૩ કરોડ દેવી દેવતાઓનો એમાં વાસ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અનંતકુમાર પટેલ...

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના અનુસંધાનમાં હું મારી વાત ઉપસ્થિત કરું એ પહેલાં વિશ્વ મહિલા દિવસે તમામ મહિલાઓને ખૂબ શુભેચ્છાઓ. આજે મારો વિષય પણ એ જ છે કે મહિલા સશક્તિકરણની વાતો કરવામાં આવે છે. પરંતુ આજે

## તા. ૮મી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

ગુજરાતમાં મહિલા સશક્તિકરણની ખાલી વાતો રહી ગયેલ છે. વાતો કરવામાં આવે છે પણ સશક્તિકરણ ખરા અર્થમાં કરવું હોય તો આપણા સૌની ઇચ્છાશક્તિ અને સરકારની નજર પર આધાર રાખે છે. ગુજરાતમાં મહિલાઓની પરિસ્થિતિ પર નજર કરીએ તો વર્ષ ૨૦૧૧ના આંકડા પ્રમાણે ગંગાસ્વરૂપ વિધવા બહેનો લગભગ ૨૦ લાખ ૧૫ હજાર ૭૪૨ જેટલી છે. એકલવાયું જીવન જીવતી મહિલાઓ ૭૨,૩૪૬ છે. છૂટાછેડા કરીને પછી એકલવાયું જીવન જીવતી મહિલાઓ ૮૮,૭૫૩ છે. લગ્ન કર્યા વગર રહી ગયેલી મોટી ઉંમરની અને એકલવાયું જીવન જીવતી મહિલાઓ ૧ લાખ ૯૪ હજાર ૨૮૯ છે. આમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં મહિલાઓની વાતો કરી છે પરંતુ મહિલાઓના સશક્તિકરણ માટે કે મહિલાઓને રોજગારી આપવાની બાબતમાં જોઇએ એટલું કરી શક્યા નથી. પહેલાના સમયમાં એકલવાયું જીવન જીવતી મહિલાઓને પેન્શન આપવામાં આવતું હતું. અત્યારે એને પેન્શન આપવામાં આવતું નથી. સામાજિક દ્રષ્ટિકોણથી પણ એમને આભડછેટ કરીને દૂર કરી દેવામાં આવે છે. એ એકલવાયું જીવન જીવવા મજબૂર બની છે. ગંગા સ્વરૂપા વિધવા બહેનોને જે પેન્શન આપવામાં આવે છે એમાં નજીવો રૂપિયા ૨૫૦નો વધારો કરીને રૂપિયા ૧૫૦૦ કર્યા છે ત્યારે આ બહેનોને ઘર ચલાવવું હોય તો રૂપિયા ૫ હજાર જેટલી સહાય કોઇપણ ભોગે આપવામાં આવે એ જરૂરી છે. જો ખરેખર આપણે મહિલા સશક્તિકરણની વાતો કરતા હોઇએ તો એકલવાયું જીવન જીવતી છૂટાછેડા થઇ ગયેલ અને સમાજથી *(xxx) પણ ૩ થી ૪ હજાર રૂપિયા પેન્શન આપવામાં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેનોના માટે સારી લાગણી વ્યક્ત કરે અને આપણે ઇચ્છીએ છીએ પણ *(xxx), એકલવાયી એવું કાંઇ હોતું નથી. કોઇ *(xxx) હોતું નથી. પોત પોતાની રીતે વ્યક્તિગત જીવન બહેન કે ભાઇ જીવતા હોય છે. એમાં *(xxx) કહી એમનું અપમાન કરવાનું કોઇ કારણ નથી. એકલા રહેવાની ઇચ્છા હોય તો એ એકલી રહી શકે, એ *(xxx) આ *(xxx) શબ્દ રદ કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આપે જે બહેનો માટે *(xxx) શબ્દ વાપર્યો છે એ દૂર કરીએ છીએ.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમાજના દ્રષ્ટિકોણથી એકલવાયું રહેતી ગ્રામ્ય વિસ્તારની બહેનોની વાત કરી છે. શ્રી નીતિન દાદાએ કહ્યું એ વાત અમને માન્ય છે. પરંતુ અમારા ગ્રામીણ વિસ્તારમાં ગંગા સ્વરૂપ બહેનો અને એકલવાયું જીવન જીવતી અને વધુ પડતી ઉંમરની બહેનોને અંધશ્રદ્ધાના ભાગ રૂપે *(xxx) જેવું નામ આપવામાં આવે છે. તે માટે એક પરિપત્ર કરીને બહેનોના સશક્તિકરણની જ્યારે વાત થાય છે ત્યારે આજે જ્યારે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે એની ચિંતા કરવી જોઇએ. એકલવાયું જીવન જીવતી, પોતાની રીતે જ જીવન જીવતી હોય તો બરાબર છે પણ છૂટાછેડા કરીને ગઇ હોય તેમજ લગ્ન ન થયા હોય અને મોટી ઉંમરની થઇ ગઇ હોય તો એને મા-બાપની જમીનમાં અને મિલકતમાં હિસ્સો આપવાનો હોય છે એ ન આપવા માટે ગામ રાહે એને સાઇડ પર મૂકી દેવામાં આવે છે. આવી બહેનોની જ્યારે ચિંતા કરીએ છીએ ત્યારે મારે ગૃહ સમક્ષ માગણી મૂકવી છે કે તમે એને કાંઇક રોજગારી આપો અથવા એના જીવન નિર્વાહ માટે વ્યવસ્થા કરો. એક મહિલા બે ઘરને તારે છે ત્યારે તે મહિલા માટે એના મા-બાપની જમીનમાં હિસ્સેદારી હોવી જોઇએ. પતિની જમીનમાં હિસ્સેદારી હોવી જોઇએ. નામ દાખલ કરાવતી વખતે ઘણી બધી તકલીફો એમને પડે છે. જ્યારે એ તાલુકા પ્લેસથી દૂર હોય છે અને વારસાઇમાં નામ દાખલ કરાવવું હોય તો ઘણી તકલીફ પડતી હોય છે. એક મહિલા બે ઘરને તારતી હોય છે તો રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં વધુ પડતો ઉલ્લેખ કરવો જોઇતો હતો. ઘણી બધી વાતો છે પરંતુ સામાજિક દ્રષ્ટિકોણથી એને એકલવાયું જીવન જીવવા માટે મજબૂર કરી છે એવી બહેનોની હું વાત કરું છું. રાજયપાલશ્રીને અને મંત્રીશ્રીને પણ મારો અનુરોધ છે કે એકલવાયું જીવન જીવતી બહેનોને ૩૦૦૦ રૂપિયા, ગંગાસ્વરૂપ...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઝંખનાબેન.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો વિશ્વ મહિલા દિન નિમિત્તે હું વિશ્વની તમામ મારી બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો આવેલો હોય ત્યારે ભારતનો બીજા નંબરનો દરિયાકિનારો જો ગુજરાત પાસે હોય તો સ્વાભાવિક છે કે કાંઠા વિસ્તાર ઉપર રહેતા લોકોની સંખ્યા પણ ખૂબ મોટી હોય છે. મને કહેતા આનંદ થાય છે કે આપણા ગુજરાતના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે આઝાદીના આટલા વર્ષો પછી પહેલી વાર મત્સ્ય ઉદ્યોગનો એક અલગ વિભાગ કરીને માછીમારોના પ્રશ્નો તરત હલ થાય તે માટેનો વિચાર કર્યો છે. બીજી મહત્ત્વની વાત અને યોગાનુયોગ એ છે કે જેને મત્સ્ય ઉદ્યોગનું ખાતું આપવામાં આવ્યું છે કેન્દ્રમાં એ પણ આપણા ગુજરાતના જ ખેડૂતપુત્ર એવા રૂપાલાસાહેબને આપવામાં આવ્યું છે તો હું માછીમાર સમાજ વતી અને માછીમારની દીકરી હોવાને નાતે મોદીસાહેબને ખૂબખૂબ અભિનંદન આપું છું. મને જણાવતા આનંદ થાય છે કેન્દ્રમાં જયારે બજેટ ડીકલેર થયું તો પહેલીવાર મત્સ્ય ઉદ્યોગને પ્રાધાન્ય આપીને ૨૦૦૦૦ કરોડ જેટલા રૂપિયા મત્સ્ય ઉદ્યોગને ફાળવવામાં આવ્યા છે. રૂ. ૨૦૦૦૦ કરોડ એટલે એક રાજયને ૭૦૦ કરોડ રૂપિયા. આ ૭૦૦ કરોડ રૂપિયા માછીમારોની જિંદગીની કાયાપલટ કરી શકે છે. આપણા ગુજરાતની જ વાત કરું અને ગુજરાતીઓની વાત કરું તો ગુજરાતમાં મત્સ્ય ઉદ્યોગ કરનાર લોકોને વેજ અને નોનવેજ, શાકાહારી આને માંસાહારીમાં ડીવાઇડ કરીને મૂકી દીધા છે. આપણે વેજ નોનવેજ નહીં પણ રોજગારીની દ્રષ્ટિએ જો આને જોઇએ તો મત્સ્ય ઉદ્યોગ એટલે ખૂબ મોટી રોજગારી આપી શકે તેવો એક વ્યવસાય છે. આપણા ગુજરાતીઓને બિઝનેસ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માઈન્ડ તરીકે વિશ્વમાં ઓળખે છે કે બિઝનેસ કરી શકે તો ગુજરાતીઓ જ કરી શકે. મારે એક નાનકડો દાખલો આ સભાગૃહ સમક્ષ મૂકવો છે કે નેશનલ હેલ્થ સરવે ઓફ ઈન્ડીયા મુજબ સમગ્ર ભારતમાં જેટલી પણ વસ્તી છે એમાંથી ૧૫ ટકા મુસ્લીમ છે. ૮૦ ટકા હિન્દુ છે. ૫ ટકા પારસી અને ક્રિશ્ચિયન છે ત્યારે આમાંથી ૮૦ ટકા લોકો નોનવેજ ખાય છે અને એ નોન વેજીટેરિયન છે. નોનવેજ ખાનારાની વસ્તી જો ૮૦ ટકા હોય તો સ્વાભાવિક છે જે નોનવેજ ખાનારા વ્યક્તિ છે એ વ્યક્તિઓને નોનવેજ જોઇશે જ.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં બિઝનેસ માઇન્ડ જો ગુજરાતીઓ લગાવે તો બીજું એક ઓપ્શન તમારું ખુલી જાય છે. આજે ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારો હોવાને નાતે સાગર ખેડૂઓ સાગર ખેડીને પોતાનું ભરણપોષણ કરે છે ત્યારે ભાંભરા પાણીના તળાવો જે જિંગા તળાવ ફાર્મિંગના નામે ઓળખાય છે તો એમાં મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે ગુજરાત પાસે ૩,૭૫,૦૦૦ હેક્ટર જમીન આવેલી છે. સરકારે ૮૦૦૦૦ જગ્યાનું માસ્ટર મેપીંગ કરાવીને સેટેલાઇટથી એનું માસ્ટર મેપીંગ કર્યું છે. તેમાંથી ૭૬૦૦ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે.
એક નાનકડો દાખલો આપવા માગું છું કે ૧ હેક્ટર જમીનમાં જિંગા તળાવ કરવામાં આવે તો એમા ૫,૦૦૦ જિંગા...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી બાબુભાઇ વાજા.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરું છું. આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે ગૃહની અને વિશ્વની સર્વે મહિલાઓને મારી શુભેચ્છા પાઠવું છું. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને પણ શુભેચ્છા પાઠવું છું. ૧૯૪૭ માં આપણે આઝાદ થયા ત્યારે અમે વાંચેલું અને સાંભળેલું. આપણે અઢી વર્ષ સુધી સ્વતંત્રતાની ઉજવણી કરી. એ આપણે સાંભળેલું અને જોયેલું પણ નથી, પણ આ સરકાર આવી ત્યારથી એવું થયું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સ્વતંત્ર થઇ ગયા હોય એવું લાગ્યું. અમે જ્યારે પ્રધાનશ્રીને મળવા જતા હતા ત્યારે એટલા બધા કાર્યકરો આ નવી સરકારના દર્શન કરવા નીકળી પડયા કે અમને પણ ટાઇમ ન મળ્યો. છેવટે અમે થાક્યા. પછી એ ચાલ્યુ ચાલ્યુ છેક લગભગ ૫-૬ મહિના સુધી ચાલ્યુ. અમને એમ થયું કે અમે રહી જઇશું તો આપણા મિત્રોને શુભેચ્છા પાઠવી આવીએ. એટલે અમે થોડાઘણા લોકો શુભેચ્છા પાઠવી આવ્યા. અત્યારની સરકાર એ સરકાર ધારાસભ્યોને એને સમય હોય તો સમય આપે છે. ફોન ઉપર વાત કરી હોય અને ફોન ન ઉપાડ્યો હોય તો પાછો ફોન પણ કરે છે. એટલા માટે એવું થયું છે કે એ અમારા પૈકીના અહીથી આવ્યા એમણે અનુભવેલું છે. એટલે આપણે પ્રજાનાં કામ કરવાનાં છે. આવી રીતે કરતા રહેજો. થાકતા નહિ, એટલે આપણે પ્રજાના કામ તમે અને અમે બધાં મળીને કામ કરીશું. મારો વિસ્તાર છે તેમાં માછીમાર સમાજ આવેલો છે. આપણે બધા ખેડૂત હોઇએ તો ખેડૂતની વાતો કરતા હોઇએ. યુવાનો હોય તે બેકારીની વાત કરતા હોય. પણ આ સમાજ એવો છે કે કહી શકતો નથી. તે પોતાની રજૂઆત કરી શકતો નથી. તો એ સમાજને...

અધ્યક્ષશ્રી : આપની બે મિનિટ છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : અમારા ઉપર દયા હોવી જોઇએ. માંડ માંડ મેળ પડ્યો હોય. એકાદ-બે મિનિટ વધારે આપવી જોઇએ. તમે રક્ષણ કરો. બે મિનિટ વધારે આપો. અમારી અડધી મિનિટ આમાં જતી રહી. આ દરિયા કિનારાના માછીમારો છે એ ભાઇ મચ્છી મારવા માટે દરિયામાં જાય ત્યારે પાકિસ્તાનના ચાંચીયાઓ એ લોકોને અને બોટને ઉપાડી જાય છે. એ કામ કરતા માણસો એ ૪૦૦ છે એવી વાત સાંભળી છે. ૧૨૦૦ બોટો છે તો એ પાછી આવવાની નથી. તો એના માટે થઇને ખેડૂતોને જે રાહત દરે લોન આપો તેવી રીતે આ સમાજને પણ લોન આપો. આ સમાજ કામ કરતો હોય અને આ ૪૦૦ માછીમારોને પાકિસ્તાન સરકારે પકડેલ છે. એને રાહત થાય અને એમાં કદાચ એને વીમા કવચનો પણ લાભ મળે એટલું કહી વિરમું છું. જય હિંદ, જય ભારત.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન પર આ ગૃહના માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપીને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌરવવંતા ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા લાંબા સમયથી જયારે કાર્ય કરી રહી છે અને વિકાસની ગાથાને સાચા અર્થમાં વાચા આપી છે તેના થકી આ ગૌરવવંતું ગુજરાત તે ફક્ત ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ફલક ઉપર પ્રસ્થાપિત થયું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે સમગ્ર ગુજરાતનો સર્વવ્યાપી વિકાસ કર્યો છે અને તેમાં પણ નર્મદાનું પાણી ગુજરાતના છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડીને છેવાડાના વિસ્તારોને જીવતદાન આપ્યું છે. મા નર્મદાના નીર ગુજરાતના છેવાડાના વિસ્તારોમાં પહોંચાડવા માટે સરદાર સરોવર યોજના અંતર્ગત નહેરોની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય નહેરનું બાંધકામ ૨૦૦૮માં પૂર્ણ કરવામાં આવ્યું છે. ૩૮ શાખા નહેરોમાંથી ૩૭ શાખા નહેરોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. કચ્છની શાખા નહેરનું કામ જે ૩૫૭ કિલોમિટરનું હતું તેમાંથી ૩૫૧ કિલોમિટરનું કામ પૂર્ણ થયેલ છે અને બાકીનું કામ પ્રગતિમાં છે અને કહેતાં આનંદ થાય છે કે તે કામ પણ ખૂબ જ ટૂંક સમયમાં પૂર્ણ થવાનું છે. વી-શાખા નહેરનું કામ ૯૬ ટકા પૂર્ણ થયેલ છે. પ્ર-શાખા નહેરનું કામ ૯૩ ટકા પૂર્ણ થયેલ છે. પ્રપ્ર-શાખા નહેરનું કામ ૮૯ ટકા પૂર્ણ થયેલ છે. આમ ૬૨૮૯૮ કિલોમિટરની લંબાઇનું નહેર માળખાનું કામ પૂર્ણ થયેલ છે. જેનો લાભ પિયત વિસ્તારના ખેડૂતોને મળી રહ્યો છે. રાજ્યમાં ફેબ્રુઆરી ૨૦૨૨ની સ્થિતિએ કુલ ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને સાત મહાનગરપાલિકાઓને નર્મદાનું ગુણવત્તાયુક્ત પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. એટલે કે, રાજ્યની ચાર કરોડ જેટલી માનવ વસતિને

નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી મળી રહ્યું છે. ગુજરાત રાજ્યના ૧૭ જિલ્લાના ૭૭ તાલુકાના ૧૭.૯૨ હેકટર વિસ્તારમાં સિંચાઈની સગવડ પૂરી પાડવામાં આવનાર છે. મા નર્મદા માટે કહું તો મા નર્મદા છેક મધ્યપ્રદેશથી લઇ ગુજરાત સુધી પહોંચી પણ મેં તો મા નર્મદાને ગુજરાતના ગામડે ગામડે જોઇ. જનની સ્વરૂપ એ તો કૃષિની પૂરક બની પણ મા નર્મદા તો ગરીબ રોજગારની પૂરક બની. આપશ્રી અને હું કચ્છ જિલ્લામાંથી આવીએ છીએ. કચ્છ જિલ્લો એ ગુજરાતનો ૧ / ૩ ભાગ ધરાવે છે એટલે કે સૌથી મોટો જિલ્લો છે. કચ્છ જિલ્લામાં આપણને ખ્યાલ છે કે, દર ત્રીજા-ચોથા વર્ષે અછતની પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : તે પરિસ્થિતિમાં ત્યાંના માલધારીઓ સ્થળાંતર કરતા હોય છે. પરંતુ નર્મદાનું પાણી તે લોકો સુધી પહોંચાડી કચ્છને જે જીવતદાન આપ્યું છે તેના માટે આ સરકારનો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો છે. આપણે કચ્છ માટે એક મિનિટ કલ્પના કરીએ કે, આ નર્મદાનું પાણી કચ્છને ન મળ્યું હોત તો? શું આજે જે કચ્છનો વિકાસ થયો છે તે વિકાસ થઇ શક્યો હોત? આપણને સૌને ખ્યાલ છે કે, ભૂકંપની પરિસ્થિતિ બાદ કચ્છમાં અનેક ઉદ્યોગો લાવવામાં આવ્યા. તે ઉદ્યોગો થકી કચ્છના હજારો, લાખો લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી. જો આ નર્મદાનું પાણી એ ઉદ્યોગો સુધી પહોંચાડવામાં ન આવ્યું હોત તો શું એ કચ્છ પાછું ફરી ઉભું થયું હોત? આપણને સૌને ખબર છે કે, રણોત્સવ અને પ્રવાસન ઉદ્યોગના માધ્યમથી હજારો લોકો કચ્છમાં પ્રવેશતા થયા છે. તેના થકી હોટલ, રેસ્ટોરન્ટ, કચ્છની હસ્તકલા ક્ષેત્રના અનેક લોકોને રોજગાળી મળી. આ નર્મદાનું પાણી એ વિસ્તાર સુધી પહોંચાડયું ન હોત તો આ રણોત્સવ શક્ય બન્યો હોત? આપણને ખ્યાલ છે કે, કચ્છને ફરી ઉભું કરવામાં નર્મદાનું પાણી પહોંચાડયું છે અને સાચા અર્થમાં કચ્છને જીવતદાન મળ્યું છે તેના માટે હું આપણા ગૌરવવંતા ગુજરાતના પનોતા પુત્ર માનનીય નરેન્દ્રભાઇ મોદીજીનો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વિમલભાઇ ચુડાસમા.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિવસ છે ત્યારે તમામ મહિલાઓને શુભકામના પાઠવું છું. માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર હું મારી વાત રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિવસ છે ત્યારે આપણે મહિલાઓની સુરક્ષા વિશે પણ ચર્ચા કરવી જોઇએ. સુરતમાં થોડા દિવસો પહેલા એક દીકરીની છરી વડે ગળુ કાપીને હત્યા કરવામાં આવી અને થોડા દિવસો પછી ગાંધીનગર અને અન્ય જગ્યાએ પણ છરીથી હુમલો કરવામાં આવ્યો. જે ગુનેગારો છે એ વધારેને વધારે આવા ગુના કરતા રહે છે ત્યારે આપણે સૌએ કાયદો એવો બનાવવો જોઇએ કે, આવા ગુનેગારને ૨૪ કલાકામાં જ સજા થવી જોઇએ. જો ૨૪ કલાકમાં સજા કરવામાં આવશે તો ગુનેગારને ડર બેસશે. બાકી એફ.આઇ.આર. થશે, તારીખ પડશે, જામીન મળશે અને કેસ ચાલશે એમાં ઘણો સમય પસાર થઇ જાય છે એને કારણે એમની અંદર ડર નથી રહેતો ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આવા ગુનેગારોને ૨૪ કલાકમાં સજા થાય એવો કાયદો બનાવવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા મત વિસ્તાર ૯૦ સોમનાથ વિધાનસભા વિસ્તારમાં અને મારા વતન ચોરવાડમાં વધારે પડતા લોકો ખેતી સાથે જોડાયેલા છે ત્યારે અમારે ત્યાં વધારે પડતું વાવેતર નાળિયેરી અને આંબાના ઝાડનું થતું હોય છે અને એ એવા પાક છે કે વર્ષમાં એક જ વખત એમાં પાક આવતો હોય છે ત્યારે આ નાળિયેરી, આંબા અને અન્ય વૃક્ષોનો પાક વીમામાં સમાવેશ કરવો જોઇએ કારણ કે આ વાતાવરણ આધારીત ખેતી થતી હોય છે અને આ ખેતીમાં એક વાર પાક નિષ્ફળ જાય તો આખું વર્ષ તેમનું ફેલ જાય છે અને ખૂબ મોટું નુકસાન થાય છે અને એના કારણે એમની આર્થિક સ્થિતિ બગડતા પોતાના બાળકોને એ લોકો ભણાવી શકતા નથી જેથી તેમના બાળકો શિક્ષણથી વંચિત રહે છે ત્યારે આ વૃક્ષોનો પાક વીમામાં સમાવેશ કરવો જોઇએ અને જે નાળિયેરીના બગીચાઓ છે એના માટે મેં અવાર-નવાર આ વિધાનસભામાં રજૂઆત કરી છે કે સફેદ માખીને કારણે નાળિયેરી નાબૂદ થઇ રહી છે અને નષ્ટ થઇ રહી છે ત્યારે જો એનો પાક વીમામાં સમાવેશ કરવામાં આવે તો આ ખેડૂતોને પણ પાક વીમાનો લાભ મળી શકે. નાળિયેરી, આંબા અને અન્ય વૃક્ષોનો પાક વીમમાં સમાવેશ કરવો જોઇએ એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર સોમનાથ વિધાનસભા મત વિસ્તારમાં ૩૭ ફીડરો આવેલા છે એ ખેડૂતોને વીજળી પૂરી પાડે છે અને એ ૩૭ ફીડરોમાંથી આજે ૧૩ ફીડરોમાં જ દિવસના સમયે વીજળી આપવામાં આવે છે પણ આ સરકાર એવી વાતો કરે છે કે બધાને દિવસના સમયે જ વીજળી આપવામાં આવશે પણ આ ૩૭ ફીડરોમાંથી ફકત ૧૩ ફીડરોમાં જ દિવસની વીજળી આપવામાં આવે છે. અમારો વિસ્તાર ગીર સાથે જોડાયેલો છે અને સિંહ અને બીજા વન્ય પ્રાણીઓનો મોટો ત્રાસ છે ત્યારે ખેડૂતો રાત્રે ખેતી કરવા જાય છે, રાત્રે પાણી પાવા માટે જાય છે અને એ પોતાના જોખમ ઉપર જાય છે તો મારી માગણી છે કે એમને જે ૩૭ ફીડર છે એ બધા ફીડરમાં દિવસે વીજળી આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર સોમનાથ વિધાનસભા મત વિસ્તારમાં ગયા વખતે મેડીકલ કોલેજ આપવાની જાહેરાત કરવામાં આવેલી અને આ વર્ષે પણ બજેટમાં લીધેલ છે પણ દર વર્ષે જાહેરાતો થાય છે, બજેટમાં લેવામાં આવે છે પણ એનું કામ શરું કરવામાં આવતું નથી. એ જ રીતે મારા મત વિસ્તાર સોમનાથ મત વિસ્તારમાં વેરાવળ શહેર આવેલું છે ત્યાં ૮૦ ફૂટ રીંગરોડ આવેલો છે, હરસિદ્ધિ સોસાયટી આવેલી છે ત્યાં અવાર-નવાર ટ્રેન આવતી હોય છે એને કારણે અવાર-નવાર ફાટક બંધ થાય છે અને આખો દિવસમાં અંદાજે ૧૨-૧૩ વખત ફાટક બંધ થવાના કારણે ટ્રાફિકની ખૂબ મુશ્કેલી ઉભી થાય છે

ત્યારે ત્યાં ઓવર બ્રિજ બનાવવા માટેની યોજના બે વર્ષ પહેલા બજેટમાં લેવામાં આવેલી પણ આજ દિન સુધી એનું કામ ચાલુ કરવામાં આવ્યું નથી. મારા વતન ચોરવાડમાં જેટીનું કામ પણ બજેટમાં લીધેલું હતું અને જેટી બજેટમાં મંજૂર કરેલ હતી અને બે કે ત્રણ વર્ષ પહેલા ટુરિઝમ પણ મંજૂર કરેલ હતું પણ આજ દિન સુધી એનું કામ ચાલુ કરવામાં આવ્યું નથી. આ સરકાર બજેટમાં લેવા પૂરતું જ લે છે કે કામ પણ કરે છે? વાતો મોટી મોટી કરે છે કે અમે કામ કરીએ છીએ પણ ખરેખર કામ કરી બતાવે તો જ એને સંવેદનશીલ સરકાર કહેવાય બાકી મોટી મોટી વાતો કરવાથી કામ થતાં નથી. જ્યારે બજેટમાં તમે અહીંયા કોઇ કામ રજૂ કરો છો ત્યારે પ્રજા અમને પૂછે છે કે, આ કામ ક્યારે થશે? જ્યારે કોઇ કામ આ વર્ષે બજેટમાં લીધું હોય અને બીજું બજેટ આવે ત્યાં સુધીમાં કામ પૂર્ણ થાય તો જ સાચી સરકાર કહેવાય. આ સાથે મારી વાત પૂરી કરું છું, આભાર.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધન પર સન્માનનીય ગૃહના સદસ્ય માનનીય શ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે જેને ગૃહના સભ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ ટેકો આપ્યો છે. હું આભાર પ્રસ્તાવને સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ " **વિશ્વ મહિલા દિવસ** " આ નિમિત્તે હું તમામ મહિલાઓને મારી અનેક અનેક શુભેચ્છા પાઠવું છું, શુભકામના પાઠવું છું. આપણા ગુજરાતમાં પણ પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને આજે આપ સાહેબ પણ આ ગૃહના સ્પીકર તરીકે બિરાજમાન છો ગુજરાતમાં આપ પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે બિરાજમાન છો તો આપને પણ અનેક અનેક શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ મહામહિમ રાજ્યપાલના આભાર પ્રસ્તાવ ઉપર માનનીયશ્રી પ્રદિપસિંહ જાડેજાજી, માનનીયશ્રી પુંજાભાઇ વંશ, માનનીય ગેનીબહેન, માનનીય સી.જે.ચાવડા, માનનીય ચંદ્રિકાબહેન, માનનીય પ્રતાપભાઇ દુધાત, માનનીય શૈલેષભાઇ, માનનીય નૌશાદભાઇ, માનનીય અંબરીશભાઇ ડેર, માનનીય બાબુભાઇ વાજા, શ્રી વિમલભાઇ, શ્રી વિવેકભાઇ પટેલ, શ્રી હિતુભાઇ કનોડીયા, માનનીય શ્રી શંભુજી ઠાકોર, માનનીય શ્રી કિશોરસિંહ ચૌહાણ, માનનીય શ્રી જગદીશભાઇ પટેલ, માનનીય શ્રી જવાહરભાઇ ચાવડા, માનનીય શ્રી બાબુભાઇ જે.પટેલ, માનનીય શ્રી મહેશભાઇ રાવલ, માનનીય શ્રી દુષ્યંતભાઇ પટેલ, માનનીય શ્રી સી. કે. રાઉલજી, માનનીય શ્રી અરૂણસિંહ રાણા, શ્રીમતી ઝંખનાબહેન પટેલ અને શ્રીમતી માલતીબહેન મહેશ્વરી આમ અનેક મહાનુભાવોએ મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર પોતાનું મંતવ્ય આપ્યું, પોતાની વાત રજૂ કરી, પોતાના વિચારો રજૂ કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતીની વાત કરીએ તો મને બંગાળના એ કવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખાયેલી નવલકથા આનંદ મઠના વંદે માતરમ્ ગીતની પ્રથમ પંકિત.

**वंदे मातरम्,**

सूजलाम् सुफलाम् मलयज शीतलाम्

शश्य श्यामलाम् मातरम्

**वंदे मातरम्. -**

हे मां, मैं तुझे वंदन करता हुं, जल याने पानी से भरा हुआ तालाब नदी।

**सुफलाम्** - यानी फल से, फूलों से भरा हुआ, खेत-खलिहान सब्जी से भरा हुआ खेत-खलिहान, धन-धान्य से भरा हुआ खेत-खलिहान.

**मलयज शीतलाम्** - हिंद महासागर से जुडा हुआ केरल राज्य का वो प्रदेश जो हिंद महासागर के किनारे आया हुआ तट नैऋत्य कोने से ठंडी-ठंडी शीतल हवा देता है।

**शश्य श्यामलाम्** - जो फसल है वो धरती मां को ढंकी रखती है।

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની ધરતી માતા ઉપર ધન્ય ધાન્યથી હરી ભરી ખેતી અને આ ખેતીમાં હર હંમેશ નૈઋત્ય ખૂણામાંથી કેરળમાંથી શીતલ ઠંડી હવા આવે, વરસાદની શરૂઆત થાય, નદીમાંથી સિંચાઇ મારફત મળતું પાણી અને જેને કારણે અનેક પાણીના જે ગુણો છે તેને કારણે અનેક જમીનની ફળદ્રુપતા અલગ અલગ છે. ગુજરાતમાં ભાલીયા પ્રદેશની અંદર ઘઉં તે વખણાય છે, તાલાલાની કેરી વખણાય છે, વલસાડની હાફુસ વખણાય છે, જામનગર-મોરબીનો કપાસ, દક્ષિણ ગુજરાતની શેરડી, મધ્ય ગુજરાતની તુવેર, જૂનાગઢ, અમરેલી, રાજકોટની મગફળી, કચ્છની ખારેક એ કુદરતે બક્ષેલા પ્રાકૃતિક પાકો છે. અને આ પાકને આરોગવાથી દરેક વ્યકિત બલશાલી બને છે, શકિતશાળી બને છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એ પણ એક પ્રાકૃતિક ખેતીના હિમાયતી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને છેલ્લાં સો વર્ષમાં જે પ્રાકૃતિક નેચર, કુદરતી ખેતી હતી તેને છોડીને એક પછી એક રાસાયણિક ખાતરો આવતા ગયા અને આ રાસાયણિક ખાતર આવવાના કારણે અને તેના વધુ પડતા ઉપયોગને કારણે વ્યકિતની તંદુરસ્તી જોખમાય અને જેને કારણે પણ આજે પ્રાકૃતિક ખેતી એટલી જ અનિવાર્ય બની છે. અને આ પ્રાકૃતિક ખેતી કરે તો ખેડૂતો ઓછાં

ખર્ચે બમણો પાક લઈ શકે, ઓછાં ખર્ચે બમણી આવક પણ કરી શકે. વચ્ચે વાત નીકળી હતી ડો. સી. જે. ચાવડાજીએ કહ્યું હતું કે, ખર્ચો વધારે અને આવક પણ વધારે એ વાત આ પ્રાકૃતિક ખેતી ઉપર સુસંગત નથી. પ્રાકૃતિક ખેતીને કારણે જે આપણી જમીનની ફળદ્રુપતા છે તે હજુ વધુ પોતાના નેચરલ સ્વભાવે વધુ ફળદ્રુપ બને છે. આપણા ગુજરાતમાં ડાંગ જિલ્લાને સૌ પ્રથમ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કર્યો છે. પંડિત દિનદયાળજી હંમેશા કહેતા હતા કે ભારતીય જન સંઘના સ્થાપક પૈકીના એક ભારતીય જનસંઘની શરૂઆત પહેલાં રાષ્ટ્રીય લેવલે નહોતી ત્યારે પ્રાદેશિક ઉત્તર પ્રદેશના પ્રથમ પ્રમુખ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીએ છેવાડાના માનવીના ઉત્થાન માટે પાર્ટીની સ્થાપના કરી. એમણે કહ્યું હતું કે, '' હર હાથ કો કામ, કામ કા સહી દામ, હર હાથ કો કામ, હર ખેત કો પાની.'' પ્રકૃતિનું શોષણ નહિ પણ પ્રકૃતિનું રક્ષણ. આમ, પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણે આત્મનિર્ભર ભારત તરફ જઈએ એ એમનો શુભસંદેશ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે વિદેશ જતા હતા ત્યારે અનેક લોકો ટીકા કરતા હતા કે વિદેશ જાય છે, ફરવા જાય છે. બહાર જવાનું આટલું બધું મહત્ત્વ નહોતું. પરિણામે અને રાજકીય આગેવાનો પ્રતિપક્ષના લોકો પણ હંમેશા ટીકા કરતા હતા. મારે ગૌરવભેર કહેવું છે કે યુક્રેન અને રશિયામાં જે ઘટના ઘટી, જે યુદ્ધ થયું, જે સંઘર્ષના દિવસો ચાલી રહ્યા છે એમાં વિશ્વના અનેક દેશો પોતાના નાગરિકોને બહાર કાઢવા કવાયત કરી રહ્યા છે પરંતુ આ હિન્દુસ્તાન એક જ દેશ છે જેના અન્ય દેશો સાથેના સંપર્ક અને સંબંધના કારણે અને આદરણીય મોદી સાહેબની વિદેશ નીતિના કારણે ભારતના નાગરિકોને કાઢવામાં સફળ થયા છીએ. આ કામ જો કોઇએ કર્યું હોય તો એ આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આ વાત એટલા માટે કહેવી પડે છે કે અન્ય દેશમાંથી આપણા નાગરિકોને બહાર કાઢવાના હોય ત્યારે ત્યાંના સૈનિકો અનેક વિદ્યાર્થીના માથે ગન મૂકીને એમને ડરાવતાં હતા પણ જ્યાં-જ્યાં ભારતનો તિરંગો લઇને વિદ્યાર્થીઓ બહાર નીકળ્યા ત્યાં સૈનિકોએ ગન મૂકી દીધી. એ પછી રશિયાના સૈનિકો હોય કે યુક્રેનના સૈનિકો હોય. આ બંને દેશના સૈનિકોએ આપણા રાષ્ટ્રધ્વજને માન આપ્યું છે અને આપણા નાગરિકોને ગૌરવભેર પાછા મોકલ્યા. આથી હું કહેવા માગું છું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશ નીતિ અને આપણા ચાર-ચાર મંત્રીશ્રીઓ યુક્રેનની આજુ-બાજુના દેશમાં જઇને સતત વિદ્યાર્થીઓને બહાર કાઢે છે એના કારણે પ્રત્યેક ભારતીયો અને આપણા ગુજરાતના તમામ ગુજરાતીઓને પાછા લાવવામાં જો કોઇ સફળ રહ્યું હોય તો એ ભારત છે. આ ભારતની સફળ નીતિના કારણે આખા વિશ્વની નજર આપણી સામે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની ખુબ વાતો થઇ. કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી જ્યારે-જ્યારે પ્રધાનમંત્રીએ આદેશ કર્યો કે આજે દીવા પ્રગટાવવાના છે. એમણે કહ્યું કે આથી થાળી વગાડવાની છે ત્યારે અનેક ટીકાકારોએ એમની ટીકા કરી પરંતુ આ દીવા અને થાળી એ આપણી સંસ્કૃતિ અને સંસ્કારને વરેલા છે. એ ટીકા કરનારા ભૂલી ગયા કે હિન્દુસ્તાનની સંસ્કૃતિ શું છે? હિન્દુસ્તાનનું કલેવર શું છે? એમને ત્યાં તો એ પરંપરા છે કે દરેક વ્યક્તિ પોતપોતાનું કમાય અને ખાય. એ પ્રકૃતિ છે. કોઇ વ્યક્તિ કમાય નહિ અને બીજાનું છીનવીને ખાય એ વિકૃતિ છે. આ એ દેશ છે કે પોતે કમાય, પોતે ન ખાય અને બીજાને ખવડાવે. એ આપણી પરંપરા અને સંસ્કૃતિને વરેલો આ દેશ છે. એના પરિણામે જ્યારે યુદ્ધની પરિસ્થિતિ હોય ત્યારે સૈનિકોનું ખમીર, સૈનિકોનો જુસ્સો વધારવા માટે, સરહદ ઉપર વીર જવાનોને પ્રોત્સાહિત કરવા, એનું મનોબળ ટકાવી રાખવા માટે, એમના Joshને high રાખવા માટે દેશના પ્રત્યેક નાગરિક એ વીર જવાનોની પડખે ઊભા હોય છે અને એનો અહેસાસ કરાવતાં હોય છે. એને તન, મન, ધનથી મદદરૂપ થતાં હોય છે ત્યારે હિન્દુસ્તાનના વીર જવાનોને પણ લાગે છે કે આખો દેશ અમારી પડખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે કોરોના સામેની જંગમાં ફ્રન્ટલાઇન વૉરિયર્સ, પોલીસ કર્મચારી, સફાઇ કર્મચારી, ડૉક્ટર અને પેરા મેડિકલ સ્ટાફનું ખમીર વધારવા માટે, એને પ્રોત્સાહિત કરવા માટે જો એ યુદ્ધનું મેદાન છોડીને જતા રહે તો આ દેશની પરિસ્થિતિ શું થાય? કેવી ગંભીર પરિસ્થિતિ પેદા થાય? આ દેશના નાગરિકોનું રક્ષણ કોણ કરશે તેવા ઉમદા હેતુથી આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આદેશ કર્યો કે આજે દીવા પ્રગટાવો અને પ્રત્યેક હિન્દુસ્તાનવાસીઓ જ્યારે કોરોનાના કાળમાં બહાર નહિ જાય તો ઘરમાં રહીને દીવો પ્રગટાવીને એ પોતે આ ફ્રન્ટલાઈન વોરિયર્સની પડખે છે, તેની સાથે ઊભા છે તેવી પ્રતીતિ કરાવી. તમે મજબૂત થાઓ. હાઉ ઈઝ ધ જોશ એ હાઈ રાખો. તેમનું નૈતિક મનોબળ ઊંચુ આવે એના માટે આ દીવો પ્રગટાવવાનો અને થાળી વગાડવાનો કાર્યક્રમ એ આપણા સંસ્કાર અને સંસ્કૃતિને વરેલો છે. જેના કારણે આ ફ્રન્ટલાઈન વોરિયર્સની એક બાજુ સેવા શરૂ થાય અને બીજી બાજુ એમણે પ્રયત્ન કર્યો. લેબોરેટરીમાં ગયા, દેશના અનેક વૈજ્ઞાનિકોને મળ્યા, દરેકને વાત કરી કે રસીકરણ તાત્કાલિક શોધો. સંસોધન કરો, તેને પ્રોત્સાહિત કર્યા. તેમને જે સાધન સગવડ જોઈતી હતી તે ઉપલબ્ધ કરાવી અને પરિણામે આ રસીકરણ ખૂબ ઝડપથી થયું. આજે ૧૭૫ કરોડ કરતાં વધુ રસીકરણના ડોઝ અપાયા. જેના કારણે આખા હિન્દુસ્તાનના તમામ લોકોનો જીવ સલામત છે, લોકો તંદુરસ્ત છે અને આપણે પણ બે ડોઝ અને ત્યાર બાદ બુસ્ટર ડોઝ લઈને બેઠા છીએ તેનું પરિણામ છે કે આજે આપણે અહીંયા વાત કરી શકીએ છીએ. આ ફ્રન્ટલાઈન વોરિયર્સના માધ્યમથી આ બધાને રસીકરણ કરીને લોકોના જીવ બચાવવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું જોઈએ કે આ દેશમાં વર્ષ ૧૯૭૫માં કટોકટીનો કાળ હતો ત્યારે કોઇએ ખસીકરણ કર્યું પરંતુ અમારો એ સ્વભાવ નથી, અમારા એ સંસ્કાર નથી. અમે તો રસીકરણના માર્ગે લોકોના જીવ બચાવવા નીકળેલા

લોકો છીએ. અહીંયા પહેલા દિવસથી વારંવાર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને ગોડસેનું સતત નામ લેવામાં આવી રહ્યું છે. અમારા આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજીએ વારંવાર સ્પષ્ટતા કરી છે કે ગોડસે સાથે કોઇને લેવા દેવા નથી. ભારતીય જનસંઘ હોય, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ  હોય કે ભારતીય જનતા પાર્ટી હોય ક્યારેય ગોડસેને બચાવવાની વાત કરી નથી. અમારો કોઈની સાથે સંબંધ નથી. પાનું ઉઠાવીને જોઈ લો, વિરજીભાઈ ઠુમ્મર તમે પણ જોઈ લો. વર્ષ ૧૯૪૭ પછી જે કેસ થયા, જે રીતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પર પ્રતિબંધ લગાડવામાં આવ્યા અને તેની ઉપર જે અદાલતી મુકદ્દમો ચલાવવામાં આવ્યો તેના જજમેન્ટ જોઈ લો. ગોડસેની પડખે કોઈ નથી પરંતુ મારે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વાત કરવી છે. ત્રણ-ત્રણ વાર તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યા. પૂજ્ય મહાત્મા ગાંધીજીની હત્યા બાદ હિન્દુ સંગઠન હોવાના એકમાત્ર કારણે તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. વર્ષ ૧૯૭૫માં કટોકટીમાં તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. બાબરી ઢાંચો તૂટ્યો ત્યારે પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આ ત્રણ-ત્રણ પ્રતિબંધ છતાં આ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ એટલા માટે ટકેલું છે કે એ દેશભક્તો પેદા કરે છે. દેશભક્તિનું નિર્માણ કરે છે. પ્રત્યેક વ્યક્તિની અંદર દેશદાઝ, રાષ્ટ્ર ભાવના પ્રગટ થાય, તેનું જીવન આ રાષ્ટ્રને સમર્પિત બને એ ભાવના સાથે કામ કરી રહ્યું છે. સત્ય આખરે સત્ય છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ઉપર અનેક પ્રતિબંધો છતાં પણ આજે તેને ઉઠાવી લેવા પડે છે આ તેનું એકમાત્ર પ્રમાણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની પણ વાત કરીએ. રોજગારીમાં પણ પ્રતિપક્ષ અનેક પ્રકારની વાત કરે છે કે રોજગારી આપવામાં નિષ્ફળ ગયા છે. એકમાત્ર સરકારી આંકડા કે સરકારી નોકરીના આધારે તમે રોજગારીનું માપદંડ નહિ કરી શકો. આ દેશમાં વિકાસની જે વિસ્તૃત વ્યાખ્યા છે, વિકાસની જે પરિભાષા છે તેમાં સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના સહિયારા પ્રયાસના કારણે રોજગારીમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં અનેક લોકોના આંકડા ક્યારેય કોઈની પાસે નથી. આ અસંગઠિત કરોડો કામદારો જે બાંધકામના ક્ષેત્રે હોય, હોટેલ બિઝનેસ સાથે હોય, માસ ટ્રાન્સપોર્ટેશનમાં અનેક પ્રકારના વ્હિકલ ચલાવતા હોય આ કરોડો વ્યક્તિને જ્યારે નોકરી મળે છે ત્યારે એ ડ્રાઈવર હોય, એ કૂક હોય, એ વેઈટર હોય એ અનેક પ્રકારના લોકો શ્રમિક બાંધકામ કરનાર, મકાન બાંધકામ કરનાર આ બધાને કરોડોની સંખ્યમાં જે રોજગારી આપે છે તેનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવતો નથી. રોજગારીના ક્ષેત્રમાં કેન્દ્ર કે ગુજરાતની સરકાર વિકાસના કામો કરે છે.  માર્ગ અને મકાનના કામો કરે છે. આ માર્ગ અને મકાનની બાબતમાં જયારે જયારે કામ થાય ત્યારે ત્યારે  અનેક લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. એની સંખ્યા ખૂબ મોટી છે. એટલે રોજગારીના ક્ષેત્રની અંદર જયારે વાત થાય ત્યારે અસંગઠિત કામદારોના ક્ષેત્રની અંદર જેનું કોઈ રેકર્ડ નથી, જેની કોઇ વ્યવસ્થા નથી, આ દેશમાં એની પાસે કોઇ આંકડો નથી એવા પ્રત્યેક ઘરમાંથી દરેક વ્યકિતને  કોઇને કોઇ નાનું-મોટું કામ મળે એવી રોજગારી પ્રાપ્ત કરવાનું આપણી સરકારના અનેક પ્રકારના ઉદ્દેશના કારણે શક્ય બન્યું છે. સરકારના અનેક વિભાગોની કામગીરીના કારણે નવી-નવી રોજગારીની તકો ઉભી થઇ છે. એનું પ્રમાણ એટલું જ છે કે, આજે હિંદુસ્તાનનું કોઇ પ્રાંત બાકી નથી. એ કન્યાકુમારી હોય કે કાશ્મીર હોય ત્યાંથી સીધે સીધા  રોજી-રોટી, વેપાર, ધંધા અને ઉદ્યોગ માટે અનેક પ્રકારના લોકો લાખોની સંખ્યામાં ગુજરાતમાં આવ્યા છે અને ગુજરાતે એમને સ્વીકાર્યા છે અને ગુજરાતે એમને રોજી-રોટી આપી છે. ગુજરાતની અંદર એ લોકો સુખી થયા છે. આ પ્રકારનું કલ્ચર કે ના ભાષાવાદ, ના પ્રાંતવાદ, ના જાતિવાદ, હમે ચહીએ રાષ્ટ્રવાદના કારણે આજે ગુજરાતના વિકાસના મોડલની અંદર આ પ્રકારની સ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની વાત કરીએ તો મહેસૂલ વિભાગની અંદર ડિઝીટલ માપણીના સંબંધે ઘણી ફરિયાદો આવી છે. એ ફરિયાદોને કાઉન્ટર કરવા અમારા માનનીય મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ દ્વારા મહેસૂલ મેળાનું આયોજન કરવામાં આવ્યું. ગામે-ગામે એની અંદર જે કંઇ વિસંગતતાઓ હશે, જે કંઇ મુશ્કેલીઓ હશે, જે કંઇ ક્ષતિઓ હશે એને માર્ચ ઝુંબેશના રૂપે શરુ કરવામાં આવ્યું. પહેલો નવસારી જિલ્લાની અંદર એમનો કેમ્પ સફળ રહ્યો. પ્રત્યેક લોકોની જે ડિઝીટલ માપણી છે એમાં કોઇ ક્ષતિ કે ભૂલ રહી ગઇ હોય અથવા તો કોઇ વિસંગતા આવી હોય એને મેન્યુઅલી પણ ચેક કરીને આજે સરકારનો વિભાગ આ મહેસૂલ મેળાના માધ્યમથી સમગ્ર લોકોને ન્યાય આપવાનું કામ કરી રહ્યો છે. ૧૩૫-ડી ની નોટિસની બાબતમાં ભૂતકાળમાં આપણા ગૃહમાં રાત્રિના ત્રણ-ત્રણ અને ચાર-ચાર વાગ્યે ચર્ચાઓ થઇ હતી કે તમારે એસ.એમ.એસ.થી પણ જાણ કરવી અને રાઈટિંગમાં પણ જાણ કરવી. હું ફરીથી માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે, તેમણે હવે ૩૦ દિવસની જગ્યાએ ૧૦ દિવસની મુદ્દત કરી છે. એટલે કે ૧૩૫-ડી ની નોટિસમાં વાંધો લેવો હોય તો ૧૦ દિવસમાં લઇ શકો. આમ, ઝડપી અને આધુનિક યુગમાં લોકોને ઝડપથી ન્યાય મળે, સાધન, સગવડ અને સવલત મળે એના માટે ૩૦ દિવસથી ઘટાડીને ૧૦ દિવસનો નિર્ણય કર્યો છે. એફિડેવીટનો પ્રશ્ન હતો, સ્ટેમ્પ પેપર, નોટરી, ૫૦૦ રૂપિયા નીકળી જાય, આ બધા સંજોગોમાં પ્રત્યેક વ્યકિતને એફિડેવિટમાંથી મુકત કરીને એની પોતાની સેલ્ફ સહીથી જ એને એફિડેવિટ ગણી લેવી જોઇએ. આ પ્રકારની વ્યવસ્થા પણ માનનીય મહેસૂલ મંત્રીશ્રી દ્વારા કરી છે. ડિજીટલ માપણી હોય, એફિડેવિટમાંથી મુકિત હોય કે ૧૩૫-ડીની નોટિસ હોય આ બધી બાબતોમાં પણ આપણે એને ખૂબ સરળતાથી સંભાળી શક્યા. માનનીય મંત્રીશ્રી જે પ્રમાણે મહેસૂલ વિભાગના કામો કરી રહ્યા છે, જેના કારણે ૭/૧૨ હોય, એની ફેરફારની એન્ટ્રી હોય એને ઝડપતાથી તથા દરેક લોકોને ખૂબ સમયસર આ બધી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં સફળ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આતંકવાદ વિશે ખૂબ વાતો થઇ. આ દેશમાં અનેક પ્રકારના સિરીયલ બોમ્બ બ્લાસ્ટ થતા હતા. બે ત્રણ મહિના થાય એટલે  બેંગ્લોર હોય, દિલ્હી હોય, લખનૌ હોય અનેક જગ્યાઓ ઉપર સિરીયલ બોમ્બ બ્લાસ્ટ થાય. એ કોણ કરાવે છે એ વાત ઉપર આવું તો બધાને જાણવાનો વધારે આનંદ થશે. મારે હવે એની જાણ કરવી છે. ભગવો

આતંકવાદના નામે કોંગ્રેસના લોકોએ જે વાત ચલાવી હતી. આ ભગવો આતંકવાદના નામે એક ખોટું ષડયંત્ર રચાયું હતું. એ તો અમેરિકામાં બેઠેલા હેડલીની ખબર છે કે, હિંદુસ્તાનના કોણ કોણ લોકો સામેલ છે. આના કારણે જો ભગવો આતંકવાદનો રંગ બરાબર ચડી જાય તો પછી પરિસ્થિતિ વધારે ગંભીર થાય કે આમાં કોણ કોણ સામેલ હતું. એટલે ભગવો આતંકવાદનું જે લોકોએ ષડયંત્ર કર્યું હતું, અનેક પ્રકારના બોમ્બ બ્લાસ્ટ થાય, કોઇ ગુનેગાર ના પકડાય, અમારો મુદ્દો છે ગુનેગાર ન પકડવાની એ માનસિકતાનો. કોંગ્રેસના લોકો સત્તામાં હતા છતાં પણ આવા આતંકવાદી ગુનેગારોને આખા દેશમાંથી પકડવામાં સરેઆમ નિષ્ફળ ગયા છે. બોમ્બેની અંદર કોણ હતું? અત્યારે બોમ્બેની અંદરના આરોપીઓ કોણ દુબઇની અંદર સહારો લઇ રહ્યું છે? અનેક લોકો મુંબઇના બન્ને વખતના બોમ્બ કાંડની અંદર સંકળાયેલા લોકો એ આજે દાઉદ ઇબ્રાહીમના દરબારમાં મુજરો કરી રહ્યા છે, આ લોકોને કોણ સાથે આપે છે આ બધી જ વાત છે. આતંકવાદ સામે મૂળ પકડવાની માનસિકતા એ ભારતીય જનતા પાર્ટીના આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની હતી, એમણે વાત કરી અક્ષરધામની, અક્ષરધામમાંથી કોઇ પણ આતંકવાદી જીવતો પાછો નથી ગયો. કોઇને પણ આપણે જીવતો છોડયો નથી. ઇસરત જહા, જેનું નામ ખુલ્યું હતું એનું એન્કાઉન્ટર થયું, તેની પસ્તાળ પડી, મુંબઇની અંદર એનો જનાજો નીકળ્યો, અનેક લોકો આવ્યા, પણ જયારે અલ કાયદાએ કહ્યું કે આ તો અમારા સ્લીપર સેલની હતી ત્યારે બધાની આંખ ખુલી. ઇસરત જહાની વાતો કરી, એ લોકો અહીંયા આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી વિરૂદ્ધ કાવતરું રચીને તેની હત્યા કરવા નીકળેલા લોકો હતા. આ યાદ કરાવવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મારે વાત કરવી છે કે અનેક પ્રકારના આવી રીતે આતંકવાદી હુમલા થયા પરંતુ પહેલી વખત જયારે સુરત અને અમદાવાદની અંદર બોમ્બ મુકવામાં આવ્યા. સુરતની અંદર ટેકનીકલ કારણસર એ બોમ્બ ફૂટયા નહીં, સુરત બચી ગયું એ આપણા માટે સારી વાત છે. પણ અમદાવાદની અંદર સીરીયલ બ્લાસ્ટ થયા, માનનીય પ્રદિપસિંહજીએ ઉલ્લેખ કર્યો, આપણા પ્રદિપભાઇ પરમાર જે મંત્રી છે તે પણ ઘવાયા હતા. પણ આ સીરીયલ બ્લાસ્ટ જે થયો ત્યાર પછી મજબૂત ઇચ્છાબળ, સંકલ્પ શક્તિ કે મારે આ ગુનેગારને પકડવા છે, આ કોણ લોકો છે, આના તાર કયાં મળે છે, આ કયો સ્લીપર સેલ છે, આ કોણ કોણ જોડાયેલું છે, ગુજરાતની પોલીસે આખા દેશમાંથી બધાને એક પછી એક પકડીને આજે એને ફાંસીના માચડા સુધી ન્યાય અપાવવામાં આપણી સરકાર સફળ રહી, આ માનસીકતા જોઇએ, ગુનેગારને પણ ડર હોવો જોઇએ, તમે ઘણી બધી વાત કરી છે, મારે કહેવું છે કે આજે ગુજરાતની કોર્ટોની અંદર આટલું ઝડપી રિઝલ્ટ કોઇએ આપ્યું નથી. બે ત્રણ મહિનાની અંદર એને ફાંસી થાય, એને જન્મટીપ થાય, ડે ટુ ડે કેસ ચાલે, તમે જે વાત કરો છો, આજે ઘણી વાત થઇ, ગ્રીસ્મા વેકરીયાની વાત થઇ, એની હત્યા થઇ પરંતુ સુરતમાં કોણ આ આરોપીને સહકાર આપે છે તે તપાસ તો કરો. આ ગ્રીસ્માનો કેસ ડે ટુ ડે ચાલે છે, ડે ટુ ડે ગ્રીસ્મા વેકરીયાનો કેસ ચાલે છે અને તેને પણ ખૂબ ઝડપથી ન્યાય અપાવવાની પ્રક્રિયા અમારી ભાજપની સરકાર કરી રહી છે. અને તેને કારણે એ વખતે જયારે અમારા આદરણીય નરેન્દ્રભાઇ અહીંયા મુખ્યમંત્રી હતા અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ હતા, તેઓની જવાબદારી આજે દેશના વડાપ્રધાન અને દેશના ગૃહ મંત્રી તરીકેની છે. અને આતંકવાદીઓએ ફરી ઉરીમાં અને પુલવામામાં હુમલો કર્યો, તેને જડબાતોડ જવાબ આપ્યો અને ત્યારે સર્જીકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક કરીને તેના ઘરમાં ઘૂસીને મારવાનું કામ કર્યું હોય તો એ હિન્દુસ્તાનની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે. આ કરવું પડે, અમારે વોટબેંકની રાજનીતિની ચિંતા નથી. અમારે તૃષ્ટિકરણની રાજનીતિ નથી કરવી. અમારે તો જે લોકો ગુનેગાર હોય એ પી.ઓ.કે.માં બેઠેલા અનેક આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારનાર અમારા જાંબાજ કમાન્ડોએ એર સ્ટ્રાઇક અને સર્જીકલ સ્ટ્રાઇક કરીને એને ઠેકાણે પાડયા છે. આવનારા દિવસમાં જે ખેતીની પદ્ધતિ છે, ઇઝરાયેલ એક માત્ર આજે ૩૦ વર્ષથી ટપક પદ્ધતિમાં કામ કરી રહ્યું છે. પ્રત્યેક છોડને એક બૂંદ પાણી જોઇએ તો એનું કોમ્પ્યુટર બતાવે છે આજે ૩૦ - ૩૦ વર્ષથી એ લોકો મહેનત કરી રહ્યા છે. એની ટેકનોલોજી શ્રેષ્ઠ છે. એને એક ફૂટ મરચા, સો કિલોનું તડબૂચ બનાવવું હોય, ચોરસ તડબૂચ બનાવવું હોય, લાલ, લીલુ, પીળુ, ભૂરું કોઇ પણ કલરનું તડબૂચ બનાવવું હોય, અનેક ક્ષેત્રની અંદર ઇઝરાયેલ ટપક પદ્ધતિ અને અનેક પદ્ધતિથી એ આગળ વધી રહ્યું છે. આપણી પાસે પણ વિશાળ રણ છે. ઇઝરાયેલથી પણ મોટું રણ છે. અને ત્યારે જમીનની ખારાશ, ખારા પાણીમાંથી મીઠા પણીની જે ટેકનોલોજી પણ ઇઝરાયેલ પાસે સર્વશ્રેષ્ઠ છે. આજે ગુજરાત સરકારને હું અભિનંદન આપીશ કે અમારા દક્ષિણ ગુજરાતમાં નર્મદા નદી ઉપર ભાડભૂત નર્મદા નદીની ખારાશ અટકાવવા માટે ૫૯૯ મિલીયન ટન મીટર જેટલા પાણીનો સંગ્રહ થાય અને રૂ. ૫,૩૨૨ કરોડના ખર્ચે બેરેજનું કામ કરી રહ્યા છીએ. બેરેજનું કામ કરવાના કારણે જમીનની ખારાશ છે એ દૂર થશે. આના કારણે ખૂબ ફાયદો આપણા ગુજરાતને થવાનો છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે હવે પાંચ મિનિટનો સમય છે.

શ્રી પૂર્ણેશ મોદી :માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી કા અમૃત મહોત્સવ. આ આઝાદીના અમૃત મહોત્સવ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી એ સ્વાભાવિક છે, આપણે ગુજરાતની રચના થયાને ૫૦ વર્ષે એટલે કે સન ૧૯૬૦થી ૨૦૧૦ની સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરી હતી. એ જ રીત સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત્વ મહોત્સવ ૭૫ વર્ષની ઉજવણી કરવાની છે એની પાછળના મુખ્ય ઉદ્દેશ અનેક છે. પણ જે મુખ્ય ઉદ્દેશ છે કે વર્ષ ૧૮૫૭થી ૧૯૪૭ની વચ્ચે જે ક્રાંતિકારીઓએ પોતાના જીવનું બલિદાન આપેલ છે એ અહિંસક માર્ગે પુજય મહાત્મા ગાંધીજી હોય, સરદાર વલ્લભભાઇ પટેલ હોય કે બીજા અનેક નેતાઓ હોય. બીજી તરફ ઝાંસીની રાણી તાત્યા ટોપે, મંગળ પાંડે, વિનાયક દામોદર સાવરકર, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, નેતાજી સુભાષચંદ્ર બોઝ વગેરે ક્રાંતિના માર્ગે હતાં એમને પોતાના જીવનું બલિદાન આપ્યું એમના મનમાં હતું કે છત્રપતિ શિવાજી મહેરાજની જેમ હિન્દ સ્વરાજય આપણે ત્યાં સ્વરાજય આવે આપણા લોકોનું રાજ આવે, આપણા

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

લોકો હિન્દુસ્તાનીઓનું રાજ આવે આપણા લોકોના દુઃખે દુઃખી અને સુખે સુખી રહે એના આંસુ લૂછે એના પ્રશ્નો ઉકેલે એની મૂંઝવણ દૂર કરે એ પ્રત્યેક હિન્દુસ્તાની માટે કામ કરે આ પ્રકારની સ્વરાજ પ્રાપ્તિ પાછળનો એમનો મકસદ હતો. એનો મૂળ ઇરાદો હતો સ્વરાજ પ્રાપ્તિ થાય એના મારફતે સુશાસન આવે, રામ રાજ્ય આવે, કલ્યાણ રાજ્ય આવે, સુશાસન આવે. આ એનો પહેલો કન્સેપ્ટ છે. બીજો કન્સેપ્ટ છે કે વર્ષ ૧૮૫૭થી ૧૯૪૭માં અનેક ક્રાંતિકારીના જીવનમાંથી આજની નવી પેઢી પ્રેરણા લે એમાંથી શીખે અને ત્રીજી મહત્ત્વની વાત છે કે આપણી જે સરકાર છે એ સરકારે જોયું કે ૧૯૪૭ પછી દેશમાં જે લોકો સત્તામાં હતા એને ચિંતા હતી વોટબેંકની, તૃષ્ટિકરણની અનેક સમસ્યા હતી પણ ઘણા લાંબા સમય સુધી જાતિ, નાતિ વર્ગવિગ્રહ એ ખૂબ ચાલ્યું, ગરીબી દૂર કરીશું એમાં ગરીબો હટયા પણ ગરીબી ન હટી. પણ આઝાદીના ૭૫ વર્ષમાં આગળના ૩૦ વર્ષમાં જે ખાડો રહ્યો જે કામ થવું જોઇએ રસ્તા, લાઇટ, ગટર વીજળી જે મળવી જોઇએ એ કમનસીબે દેશના કરોડો કરોડો લોકોને મળી નહિ અને એટલા માટે આજે ૭૫માં વર્ષે આદરણી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે પ્રેરણા લઇને આવ્યા છે કે અમારે ૧૮૫૭ થી લઇને આજદિન સુધી જે ક્રાંતિકારીઓએ બલિદાન આપ્યા. સ્વરાજ્ય, સુશાસન પ્રસ્થાપિત કરવું અને સાથે સાથે જે જ્ઞાતિ જાતિની ઉપર ઉઠીને આ દેશમાં કરોડો કરોડો લોકોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો, કરોડો ખેડૂતોની આવક બમણી થાય, કરોડો કરોડો લોકોને નલ સે જળ શુદ્ધ પીવાનું ઘરે પાણી મળે, કરોડો કરોડો લોકોને મકાન મળે, આવાસ મળે એનો લક્ષ્યાંક સિદ્ધ થાય. કરોડો કરોડો લોકોને વીજળીનું કનેકશન મળે, કરોડો કરોડો લોકોને ગેસ કનેકશન અને સિલેન્ડર મળે. કરોડો કરોડો લોકોને વન નેશન વન રેશન કાર્ડ, અનાજ મળે, કરોડો કરોડો લોકોને મેડીકલેઇમ, આયુષ્યમાન ભારત યોજના હેઠળ પાંચ લાખ સુધીનો મેડીકલ પ્રાપ્ત થાય. કરોડો કરોડો લોકોને શિક્ષણ મળે. આમ અમે જે વર્ષ ૨૦૨૨માં લક્ષ્યાંક મૂકયો છે કે અમારા દેશની અંદર આ બધી જ સુવિધા પ્રાપ્ત થાય અને આવનારા સો વર્ષ છે વર્ષ ૧૯૪૭થી સો વર્ષ એટલે કે વર્ષ ૨૦૪૭ એટલે કે હવે પછીના ૨૫ વર્ષના ભાવિ હિન્દુસ્તાનનો પાયો મૂકવાનું કામ એ અમારા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કરે છે અને એનું જે મૂળભૂત રાજયપાલશ્રીના પ્રવચનમાંથી ફલિત થાય છે એટલે હું આભાર પ્રસ્તાવને મારું સમર્થન આપું છું એને ટેકો આપું છું.

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૨-૨૯ વાગ્યે પૂરું થતાં,**

**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલત્વી રહ્યું.**

તા. ૮મી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

**મંગળવાર તા.૮મી માર્ચ ૨૦૨૨**
**ફાલ્ગુન ૧૭ , શાકે ૧૯૪૩**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા સભ્યશ્રીઓની ગ્રાન્ટમાં વધારાની જાહેરાત

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે હું સૌ નારી શક્તિને હાર્દિક અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નારીનું વ્યક્તિત્વ અજબ છે. પહેલાં નારી અબળા ગણાતી હતી હવે સબળા બની ગઇ છે. મહિલાઓ પોતાના હક્ક માટે જાગૃત બની છે. કહેવાય છે કે નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આજે વિજ્ઞાન અને ટેક્નોલોજી સહિત દરેક ક્ષેત્રમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના અધ્યક્ષ તરીકે આપ સંસદીય જવાબદારી નિભાવી રહ્યા છો એ માટે સમગ્ર રાજ્ય ગૌરવ અનુભવી રહ્યું છે. એવી જ રીતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ રહી ચૂક્યા છે અને આજે ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યના રાજ્યપાલ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે તે પણ આપણાં સૌના માટે ગૌરવ સમાન છે. આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે એક જાહેરાત કરવા માગું છું. આજે આ પ્રસંગે મહિલા ધારાસભ્યોની ગ્રાન્ટમાં રૂપિયા સવા કરોડની વધારાની ગ્રાન્ટ જાહેર કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. આભાર.

તારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં ડો. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના**

* ૪૦૭૩૫ **શ્રી મોહનભાઇ ઢોડિયા** મહુવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૩૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૭ |
| (૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫૫૫.૦૦ લાખ. |

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી? તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર થઇ અથવા મંજૂર કરવાની બાકી છે? જો મંજૂર કરવાની બાકી હોય તો કેટલા સમયમાં મંજૂર થઇ શકશે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગુજરાત રાજ્યના વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે આપશ્રીને હું મારી હ્રદયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે આ ગૃહમાં ઉપસ્થિત અમારા મહિલા સભ્યો બેન શ્રીમતી મનિષાબેન શ્રીમતી નિમિષાબેન શ્રીમતી સંતોકબેન શ્રીમતી ચંદ્રિકાબેન શ્રીમતી સુમનબેન શ્રીમતી વિભાવરીબેન શ્રીમતી ગીતાબેન શ્રીમતી માલતીબેન શ્રીમતી સીમાબેન શ્રીમતી ઝંખનાબેન શ્રીમતી સંગીતાબેન શ્રીમતી ગેનીબેન આ સૌ મહિલા સભ્યોને આ ગૃહના માધ્યમથી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના આ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગુજરાતની સન્નારીઓએ જે પ્રકારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું નામ રોશન કર્યું છે. એવા આપણાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન તેઓ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી હતા અને આજે દેશના સૌથી મોટા રાજ્ય એવા ઉત્તરપ્રદેશના સન્માનનીય રાજયપાલશ્રી છે. ગોલ્ડ મેડલ જીતનાર સવિતાબેન ગાયકવાડને પણ આજે યાદ કરવા પડે. એ જ રીતે પેરા ઓલિમ્પિક ગેમ્સમાં રજત પદક મેળવનાર ભાવિનાબેનને પણ યાદ કરીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે વિદેશ અભ્યાસ લોનની વાત થઇ એ પ્રમાણે દલિતોના મસીહા આ દેશના બંધારણના ઘડવૈયા એવા ડો.બાબાસાહેબ આંબેડકરને પણ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપ આપીને વિદેશ અભ્યાસ માટે મોકલ્યા હતા એ વાતને લઇને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપણા ગુજરાતના ખાસ કરીને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેઓને ઉચ્ચ અભ્યાસ માટે કોઇપણ

જાતની તકલીફ ના પડે એ માટે અમારી ગુજરાતની માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈની સરકાર દ્વારા રૂપિયા ૧૫ લાખ જેટલી લોન નજીવા ૪ ટકાના દરે આપીને તેઓને વિદેશ અભ્યાસ માટે આપી છે. પરંતુ મારે આપને કહેવું છે કે ડોકટર બાબા સાહેબ આંબેડકર આઝાદ દેશના પ્રથમ લોકસભાના ઇલેકશનમાં એટલે કે વર્ષ ૧૯૫૨ની પહેલી ચૂંટણીમાં જયારે તેઓ મુંબઇથી ઇલેકશન લડયા ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ત્યારે કોંગ્રેસના લોકોએ એમની સામે ઉમેદવાર રાખીને એમને હરાવ્યા હતા. જે પ્રકારે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તો સુરત જિલ્લાની વાત કરું તો સુરત જિલ્લામાં બારડોલીમાં કુલ મળેલી અરજી ૨ અને મંજૂર કરેલી અરજી-૨ એ જ રીતે પલસાણા તાલુકામાં અરજી-૧અને મંજૂર -૧ ચોર્યાસી તાલુકામાં મળેલ અરજી-૧ મંજૂર થયેલી-૧ સુરતની અંદર-૩૩ અરજીઓ મળી અને ૩૨ અરજી મંજૂર કરવામાં આવી. કામરેજમાં ૧ અરજી મળી અને ૧ અરજી મંજૂર કરવામાં આવી. કુલ ૩૮ અરજીઓ મળી હતી એમાંથી ૩૮ અરજીઓ મંજૂર કરી છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે નવા સુધારા સાથે એમાં આ એક અરજી પણ મંજૂર કરી છે એટલે ૩૮-૩૮ અરજીઓ મંજૂર કરી છે. એ જ પ્રકારે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ પ્રમાણે જે વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી બનાવવા માટે વિદેશ જવું હોય એમને ઉચ્ચ અભ્યાસ કરવો હોય જે પૂરતા નાણાના અભાવે શિક્ષણથી વંચિત રહેતા હતા એવા લોકોને લોનથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. એમાં ધોરણ-૧૨ કે તેથી ઉપરના અભ્યાસ માટે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે ૫૦ ટકા કરતા વધુ માર્ક ધરાવતા વિદ્યાર્થીઓને ડિપ્લોમા સ્નાતક અનુસ્નાતક પોસ્ટ ગ્રેજયુએટ પી.એચ.ડી. તેમજ તમામ ક્ષેત્રે એક વર્ષથી વધુ સમયગાળા માટે અભ્યાસ માટે લોન આપવામાં આવે છે. આ લોન માત્ર ચાર ટકા ના દરે આપવામાં આવે છે અને એની કુલ રાશી ૧૫ લાખ રૂપિયા આપવામાં આવે છે. એવી જ રીતે હવે વિદ્યાર્થી વિદેશ જશે તો પણ છ મહિનાની અંદર અરજી કરી શકશે. આ વિદ્યાર્થીઓને કોઇપણ જાતની તકલીફ ના પડે એટલા માટે કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કે ડો.બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો મુખ્ય હેતુ શું છે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે જે વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ જેવા કે ડિપ્લોમા સ્નાતક અનુસ્નાતક પોસ્ટ ગ્રેજયુઅટ પી.એચ.ડી. તેમજ તમામ ક્ષેત્રમાં એક વર્ષ કરતા વધુ સમયગાળા માટે જો એમને વિદેશમાં જઇને અભ્યાસ કરવો હોય તો આવા વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે છે.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ડો. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વધુને વધુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ લાભ મેળવી ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદેશ જઇ શકે તે માટે સરકાર દ્વારા આ યોજનામાં કોઇ સુધારો કરવામાં આવ્યો છે કે કેમ અને હા તો તેની વિગતો શું છે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સબળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજ્યના છેવાડાના માનવીની ચિંતા કરીને વિકાસના ફળો તેઓ સુધી પહોંચે એના માટે સતત પ્રયત્નશીલ છે. સુશાસનને વરેલી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અનુસૂચિત જાતિના ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓની વાસ્તવિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તેમાં કેટલાક ડોક્યુમેન્ટ ઓછા કરવામાં આવ્યા છે. એ જ રીતે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે દ્વારા ૧૨૧ દિવસના અત્યંત ટૂંકા સમયગાળામાં આ યોજનામાં સરળીકરણ લાવવાના હેતુથી કેટલીક શરતો દૂર કરી છે. ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વધુને વધુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ લાભ મેળવી ઉચ્ચ અભ્યાસ કરવા વિદેશ જઇ શકે તે માટે ઘણા સુધારા કરવામાં આવ્યા છે. એ જ રીતે પહેલા વિદેશ અભ્યાસ માટે જાય પછી અરજી આપે તો લોન મંજૂર થતી ન હતી એ હવે વિદેશ ગયા પછીના છ મહિનામાં અરજી કરશે તો એને લોન મળશે. એ જ રીતે લાભાર્થીએ પહેલા બે સદ્ધર જામીન આપવા પડતા હતા એ હવે એક જામીનથી પણ લોન મંજૂર કરવામાં આવે છે. પહેલાના સમયમાં કુટુંબની એક વ્યક્તિને લોન મળતી હતી એ હવે કુટુંબના બે સભ્યોને લોન મળશે. પહેલાં ધોરણ ૧૨ અથવા સ્નાતક કક્ષાના અભ્યાસમાં ઓછામાં ઓછા ૫૦ ટકા હોવા જરૂરી હતા. પરંતુ હવે ધોરણ ૧૨ કે તેથી ઉપરના અભ્યાસ માટે વિદેશ પ્રવેશ મેળવવા માટે ૫૦ ટકાથી લઇને એક વર્ષ સુધીના અભ્યાસથી લઇને પી.એચ.ડી. કે ગ્રેજ્યુએશન હોય એવા અભ્યાસક્રમો માટે લોન મળે છે. પહેલાં એવું હતું કે સગા સંબંધી વિદેશમાં નાણાકીય જવાબદારી માટે નિયત કરેલા હોવા જોઇએ એ શરત પણ દૂર કરવામાં આવી છે. પહેલાં એવું હતું કે લોનના નાણાં મળ્યેથી એક મહિનામાં વિદેશ જવું પડતું હતું એમાં સુધારો કરીને શૈક્ષણિક સંસ્થા ખુલે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. અમારા નિયામક દ્વારા પહેલાં યુનિવર્સિટીની ચકાસણી કરવામાં આવતી હતી એ હવે યુનિવર્સિટીની ચકાસણી કર્યા વગર કોઇપણ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે તો પણ લોન આપવામાં આવે છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપણા ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશમાં ગયા અભ્યાસ કર્યો આપણા દલિતના છોકરાઓ અને આદિવાસીના છોકરાઓ જાય છે પણ અહીંયા ગુજરાતમાં ઘોડા પર બેસીને લગ્નમાં જાય અને પથ્થરમારો થાય અને મંદિરમાં ન જઇ શકાય એના માટે કોઇ વ્યવસ્થા કરી છે કે કેમ?

તા. ૮મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ વિદેશ અભ્યાસ માટે લોનની સહાય કરવામાં આવે છે એમાં મહત્તમ કેટલા ઉમેદવારો એનો લાભ લઇ શકે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : આ પ્રશ્ન સુસંગત નથી. અગાઉથી જાણ કરશે તો જવાબ આપવામાં આવશે.

**રાજકોટ અને સુરતની હોસ્પિટલોમાં આગ લાગવાના બનાવો**

* ૪૧૮૨૭ **શ્રી સુનીલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરતની કઇ ખાનગી અને સરકારી હોસ્પિટલો કે હોસ્પિટલના વોર્ડમાં આગ લાગવાના બનાવો નોંધાયા, | (૧) **રાજકોટ**<br>● સરકારી: -<br>પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે ઓપીડી અને સર્જરી વિભાગમાં.<br>● ખાનગી: -<br>ઉદય શિવાનંદ કોવીડ હોસ્પિટલમાં.<br>**સુરત**<br>● સરકારી: -<br>નવી સિવિલ સરકારી હોસ્પિટલમાં<br>● ખાનગી: -<br>(૧) આયુષ હોસ્પિટલ, લાલદરવાજા,<br>(૨) મીશન હોસ્પિટલ, આઠવાગેટ,<br>(૩) આઇ હોસ્પિટલ એસએનએસ પ્લેટીન રિલાયન્સ મોલની સામે,<br>(૪) વેશુ હોસ્પિટલ,<br>(૫) પ્રમુખ ડોક્ટર હાઉસ, પર્વત પાટીયા શંખેશ્વર કોમ્પ્લેક્ષની બાજુમાં,<br>(૬) લોખાત ટ્રસ્ટ હોસ્પિટલ, રામપુરા<br>(૭) ટ્રાઇસ્ટાર હોસ્પિટલ,<br>(૮) કવિતા હોસ્પિટલ, પાંડેસરા ખાતે આગ લાગવાના બનાવો નોંધાયા. |
| (૨) ઉક્ત હોસ્પિટલવાર કેટલા દર્દીઓના આગના કારણે મૃત્યુ થયા અને કેટલા દર્દીઓ ઘાયલ થયા, અને | (૨)<br>● ઉક્ત હોસ્પિટલો પૈકી રાજકોટની ખાનગી હોસ્પિટલ ઉદય શિવાનંદ કોવીડ હોસ્પિટલમાં કુલ-૦૫ (પાંચ) દર્દીઓનાં મૃત્યુ થયેલ છે.<br>● કોઇ દર્દી ઘાયલ થયેલ નથી. |
| (૩) ખાનગી હોસ્પિટલોમાં લાગેલ આગ બાબતે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધાં ? | (૩)<br>● સદરહુ હોસ્પિટલ સામે F.I.R. દાખલ કરેલ છે. |

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિવસ નિમિત્તે તમામ બહેનોને મારા હાર્દિક અભિનંદન. પહેલો પ્રશ્ન એ છે કે રાજકોટ અને સુરતની હોસ્પિટલોમાં આગ લાગ્યા બાદ કેટલા દર્દીઓ અને કેટલા કર્મચારીઓ મૃત્યુ પામ્યા અને કેટલા ઘાયલ થયા. બીજો પ્રશ્ન છે કે આગના કારણે દર્દીનું મૃત્યુ થયું હોય તેના વારસદારને સહાય ચૂકવવામાં આવી છે કે કેમ અને આ સહાય કેવી રીતે ચૂકવવામાં આવી છે? ત્રીજો પ્રશ્ન છે કે આગ લાગ્યા બાદ હોસ્પિટલ સામે શાં પગલાં લેવામાં આવ્યા અને કઇ કઇ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના કાળમાં લગભગ આખી દુનિયા, દેશ અને ગુજરાત પણ એમાંથી બાકાત રહ્યું નહોતું. અસંખ્ય દર્દીઓ વડે હોસ્પિટલો ખૂબ ભરાઇ ગઇ હતી અને એ વખતે જે આગ લાગી એ આગ

લાગવામાં પાંચ જેટલા દર્દીઓ રાજકોટ ખાતે ઉદય શિવાનંદ હોસ્પિટલમાં અવસાન થયા હતા. એના સિવાય બાકીની કોઇ હોસ્પિટલમાં કોઇ દર્દી મૃત્યુ પામેલ નહોતું. મૃત્યુ વારસદાર સહાયની અંદર રાજય સરકાર દ્વારા દરેકે દરેકને ૪ લાખ રૂપિયા જેટલી સહાય આપવામાં આવી છે અને હોસ્પિટલની અંદર જે કર્મચારીઓ કે જે ઇજા પામ્યા છે એ ઇજા પામ્યાની સંખ્યા લગભગ ૧૬ જેટલી છે. બાકી કોઇને સહાય આપવાની બાકી નથી અને એક દર્દી જે અહીંયા દાજયા હતા અને દાજયા પછી જે બર્ન થયું હતું એ બર્ન દર્દી બીજી હોસ્પિટલમાં સારવાર લેતા મૃત્યુ પામ્યો હતો તેને પણ આપણે ૪ લાખની સહાય આપેલી છે.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ અને સુરત જિલ્લામાં તમામ આરોગ્ય સંસ્થાઓ અને રાજયની આરોગ્ય સંસ્થાઓમાં ફાયર એન.ઓ.સી. મેળવવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આ બનાવ બન્યા પછી રાજય સરકારે ખૂબ ગંભીરતાથી આ વિષય હાથ ઉપર લીધો હતો અને રાજકોટ અને સુરત જિલ્લો નહીં પરંતુ સમગ્ર ગુજરાતની અંદર તમામ આરોગ્ય સંસ્થાઓ અને રાજયની આરોગ્ય સંસ્થાઓમાં ફાયર એન.ઓ.સી. મેળવવા અંગે રાજકોટ જિલ્લા અને સુરત જિલ્લા ખાતે આવેલ આરોગ્ય સંસ્થાઓની ફાયર એન.ઓ.સી.ની જો વિગત હું આપું તો રાજકોટમાં કુલ સરકારી આરોગ્ય સંસ્થાઓ ૮૧ છે. ઉપલબ્ધ ફાયર એન.ઓ.સી. સેલ્ફ ડેકલેરેશન સહિત ૭૭ અને એન.ઓ.સી. માટે કરેલ અરજી ૪ છે. સુરતમાં સરકારી આરોગ્ય સંસ્થા ૮૪ ઉપલબ્ધ ફાયર એન.ઓ.સી. ૭૧ અને એન.ઓ.સી. માટે કરેલ અરજી ૧૩ છે. આ બનાવ બન્યા પછી એ વખતના આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે ન્યાયમૂર્તિશ્રી ડી.એ. મહેતા તપાસ પંચ અને નામદાર ગુજરાત હાઇકોર્ટના નિર્દેશ અનુસાર રાજયની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓને ફાયર એન.ઓ.સી. સત્વરે મેળવી લેવાની તાકીદ કરી હતી. જેના અનુસંધાને ૨૬૧૭ સરકારી આરોગ્ય સંસ્થાઓ પૈકી ૨૧૯૬ સરકારી આરોગ્ય સંસ્થાઓ દ્વારા ફાયર એન.ઓ.સી. આપણે મેળવી લીધી છે. ૩૭૦ સરકારી આરોગ્ય સંસ્થાઓ દ્વારા ફાયર એન.ઓ.સી. મેળવવા અરજી પણ કરી દીધી છે. આમ, ૯૮ સરકારી આરોગ્ય સંસ્થાઓએ ફાયર એન.ઓ.સી.ની પ્રક્રિયા પૂર્ણ કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રાજકોટની ઉદય શિવાનંદ કોવીડ હોસ્પિટલમાં આગ લાગવાના શા કારણો છે? ફાયર સેફટીની એન.ઓ.સી. લીધી હતી કે કેમ? અને આ બનાવમાં પાંચ કરતા પણ વધારે વ્યક્તિઓના જયારે મૃત્યુ થયા છે ત્યારે પોલીસ ફરિયાદમાં કોના કોના નામ દાખલ કરવામાં આવ્યા છે અને કોની કોની ધરપકડ કરવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ સરસ રીતે આગ લાગવાના કારણો પૂછયા છે. જે તે સમયે કોવીડના દર્દીઓ ખૂબ વધુ પ્રમાણમાં મોટી સંખ્યાની અંદર હતા. ગુજરાત રાજયમાં આવ્યા હતા અને એ વખતે રાજય સરકારે નકકી કર્યું કે રાજય સરકારની જે સરકારી સંસ્થાઓ છે જે આરોગ્ય સંસ્થાઓ છે એ આરોગ્ય સંસ્થાઓ પહોંચી નહીં વળે એટલા માટે ખાનગી સંસ્થાઓને પણ કોવીડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલનો દરજ્જો આપી અને એમાં પણ વિવિધ આઇ.સી.એમ.આર.ની ગાઇડલાઇન પ્રમાણે એમાં યોગ્ય તપાસ થાય એમાં ફાયરની શું વ્યવસ્થા છે એ તપાસણી અને ચકાસણી જે તે વખતે કલેકટરશ્રી અને કમિશ્નરશ્રીએ કરેલી હતી પરંતુ આ જે આગ લાગવાના કારણો છે એમાં વધુ વીજ લોડ વપરાશના કારણે શોર્ટ સરકીટની શકયતા વધી જાય છે. કોરોનાનો સમયગાળો ઉનાળા સમયનો હોઇ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં એ.સી. મશીનો સતત ચાલુ હતા. ચાલુ રહેવાના કારણે વીજ વપરાશ પણ વધે અને એનો લોડ પણ વધે એના કારણે પણ આ શકય છે. વેન્ટીલેટર સળંગ ચાલે અને એકાદ તણખો થાય ત્યારે આઇ.સી.યુ.નાં ઓક્સિજનનાં સાધનો ઓક્સિજન એ ફાયર કેચિંગ છે અને એના કારણે આ આગ લાગવાના બનાવ બની શકે છે. યોગ્ય વાયરિંગ ન હોય અને લાંબા સમય સુધી લોડ ન ખેંચી શકે તેવી પરિસ્થિતિમાં પણ આ આગ લાગી શકે. સ્વાભાવિક પ્રમાણે જૂનું વાયરિંગ હોય એમાં કદાચ સુધારો ન થયો હોય લોડ વધારે ન માગ્યો હોય જે લોડની જરૂર હોય તે પ્રમાણે લોડ જીઇબી પાસેથી ન લીધો હોય જૂનું વાયરિંગ હોય એના કારણે પણ આ આગ લાગી શકે. આઇ.સી.યુ. માં હેન્ડ સેનીટાઇઝર સ્પિરિટના એન્ટીસેપ્ટિકના વધુ ઉપયોગના કારણે સતત ગરમ થતાં સાધનોનાં સંપર્કમાં આવવાના કારણે પણ આ આગ લાગવાનું શક્ય બને છે. હોસ્પિટલ ખાતે પી.ઓ.પી. થર્મોકોલની સીલિંગ, રૂના ગાદલા કે અન્ય ડ્રેસિંગ મટીરિયલના કારણે પણ આ આગ લાગી શકે છે. એર કન્ડિશન હોસ્પિટલમાં નિયત વેન્ટીલેશનના અભાવે આગ લાગી શકે છે. કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં લઇને પથારીમાં વધારો કર્યો હતો. ૧૦ કોવિડના દર્દીઓને અથવા ૧૦ સામાન્ય દર્દીઓને સારવાર આપી શકાતી હોય પરંતુ વધારે દર્દીઓના કારણે વધુ દર્દીઓને ત્યાં દાખલ કરવાની ફરજ પડી હતી. એના કારણે આ શક્યતા નિવારી ન શકાય. મૃત્યુ બાદ સહાય આપવાની છે. એ ૪ લાખ પહેલા કહ્યું એમ છે. કુલ એક્સપાયર થઇ ગયા. એમાં સંજયભાઇ અમૃતલાલ રાઠોડ કેશુભાઇ લાલજીભાઇ અકબરી..

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં મૃત્યુ પામનાર લોકોના નામ નથી માગ્યા. મૃત્યુ પામનાર લોકોને રૂપિયા ૪ લાખની સહાય આપી છે. નામ ઓ.કે. મેં મંત્રીશ્રીને સરળ પ્રશ્ન પૂછ્યો હતો કે આગ લાગવાનાં કારણ શાં?

અધ્યક્ષશ્રી : એમણે કારણ કહ્યાં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે આ કારણોસર આગ લાગી શકે. શકે અને કેમ લાગી એ બંનેમાં ડિફરન્સ છે. મારો સરળ પ્રશ્ન છે. લાંબો ટાઇમ થયો છે. સરકારે તપાસ પંચ નીમ્યું છે. તો સરકાર પાસે રિપોર્ટ આવ્યો છે કે નથી આવ્યો? આવ્યો તો કયા કારણોસર આગ લાગી હતી? ફાયર સેફ્ટી હતી કે નહિ? એન.ઓ.સી. આપવામાં

આવી હતી કે નહિ? બીજો પ્રશ્ન. અને ત્રીજો પોલીસ ફરિયાદ થયા પછી કોનાં કોનાં નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવામાં આવ્યાં છે, કોની ધરપકડ કરવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મૃત્યુ પામ્યાં એમનાં નામ પણ છે. સાથે સાથે શિવાનંદ હોસ્પિટલમાં જે તે વખતે પોલીસ ફરિયાદ કરી છે. એમાં નામ આવ્યાં છે. એમની સામે ચાર્જશીટ મૂકી કાર્યવાહી જે કરવાની હોય એ પોલીસ વિભાગ દ્વારા થઇ રહેલ છે. આગ લાગવાના કારણની વાત કરી. આ મેં કહ્યું તે કારણોસર આગ લાગી છે. આગ કોઇ બહારથી આવીને ચાંપી નથી ગયું કે કોઇ લગાડી નથી ગયું. હોસ્પિટલની અંદર લાગી છે અને એના કારણો કહ્યાં. આ કારણો ધ્યાનમાં આવેલ છે કે આવાં કારણોસર હોસ્પિટલમાં આગ લાગી છે. આગ કેમ લાગી તો જુદા જુદા...(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક્ઝેટ આગનું કારણ ખબર નથી. આવાં કારણોસર લાગી હોય તેવો અંદાજ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૫ ના મૃત્યુ થયા છે. (અંતરાય) લાંબા ટાઇમથી તપાસ ચાલે છે. ત્યારે ક્યા કારણોસર આગ લાગેલી એ સરકારના ટેબલ ઉપર હોવું જોઇએ અને આગના કારણે ૫ ના મૃત્યુ થયા હતા. પોલીસ ફરિયાદમાં કોનાં નામ દાખલ થયા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ સમિતિનો અહેવાલ એમાં જે કારણો આવશે એ કારણો ગૃહ સમક્ષ મૂકાશે પણ સાથે સાથે મારે એટલું કહેવું છે કે આગ લાગવાનાં સામાન્ય કારણો હોય છે એના કારણે આગ લાગતી હોય છે અને એ પૈકીનું...(અંતરાય) ફાયર જુદા જુદા..

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ પંચની વાત છે. આ પ્રશ્ન અસ્તિત્વમાં ન આવે. સંસદીય મંત્રી તરીકે મારી વિનંતી છે કે આપ પણ જાણો છો કે તપાસ પંચનો અહેવાલ રજૂ થયો ન હોય ત્યાં સુધી એ અંગેના કોઇ પ્રશ્ન પૂછી ન શકાય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, દાખલ ન થઇ શકે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : દાખલ ભલે થયો. માનનીય સ્પીકર સાહેબનો આજે પણ આ પ્રશ્ન રોકવાનો અધિકાર છે. એ આપનો અબાધિત અધિકાર છે. કોઇપણ તબક્કે પ્રશ્નને આપ અટકાવી શકો છો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ, આપની પાસે...

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,...

અધ્યક્ષશ્રી : એક મિનિટ આપની પાસે તપાસ પંચનો રિપોર્ટ આવેલો છે કે નથી આવ્યો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ના, મારી પાસે હજી આવ્યો નથી.

અધ્યક્ષશ્રી : તો આપે તપાસ પંચ નિમેલું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ જ કહ્યું કે આ પ્રશ્ન....

અધ્યક્ષશ્રી : તો આપે તપાસ પંચ નિમેલું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે પ્રશ્નની અંદર જે ત્રણ વિષયો પૂછ્યા છે તેમાં તપાસ પંચનો અહેવાલ તેવો કોઇ વિષય નથી એટલા માટે જ આ પ્રશ્ન દાખલ થયો છે. ફાયર એન.ઓ.સી. તા.૧૧/૯/૨૦૨૦ના રોજ આપેલ છે. કોવિડ ડેઝિગ્નેટેડ ઉદય શિવાનંદ હોસ્પિટલમાં પાંચ લોકો મૃત્યુ પામ્યા. ભાઇશ્રી, હું એ જ નામ આપું છું. તેમાં ડો.પ્રકાશચંદ્ર ગોકલદાસ મોઢા, ડો.વિશાલ પ્રકાશચંદ્ર મોઢા ,ડો.તેજસ લક્ષ્મણભાઇ કરમટા અને ડો.તેજસ અર્જુનભાઇ મોતીવરસ અને ડો.દિગ્વિજયસિંહ ભરતસિંહ જાડેજા આ કુલ પાંચ સામે પોલીસે કાર્યવાહી કરવાની હતી. તેમાં તેમની ધરપકડ થઇ ચૂકી છે અને બાકીની કાર્યવાહી બાકીની કાર્યવાહી તમે કહો એ રીતે ના ચાલે. તપાસ પંચનો રિપોર્ટ...

અધ્યક્ષશ્રી : તપાસ પંચનો રિપોર્ટ આવ્યો છે કે નહીં? નથી આવ્યો ને? માનનીય ઋષિકેશભાઇ, તપાસપંચનો રિપોર્ટ આવ્યો છે કે નહીં ?મેં આપને તે પૂછ્યું છે. ના, આવ્યો હોય તો વિષય પૂરો થાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ પંચનો અહેવાલ આવી ગયો છે અને તે સરકાર પાસે છે એ વાત સાચી છે. હું કઇ બીજી રીતે આને તોડવા મરોડવા માટે રાજકારણની રીતે અને રાજનીતિની રીતે આ વિષયનો જવાબ આપવા માગતો નથી. કારણ કે જે માહિતી મારા ધ્યાન ઉપર ન હોય અને ખરી માહિતી ન આપતાં ગૃહ ગેરમાર્ગે ન દોરાય તેના માટે હું આ જવાબ આપી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી લલિતભાઇ વસોયા.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજ પુરવઠો પુરો પાડવા બાબત**

* ૪૧૭૨૩ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના ખેડૂતોને કૃષિ વિષયક વીજ પુરવઠો દિવસે પુરો પાડવામાં આવે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તાલુકાવાર સેન્સસ-૨૦૧૧ મુજબના કુલ ૬૦૭ ગામોના ખેડૂતોને કૃષિ વિષયક વીજ પુરવઠો રોટેશન પદ્ધતિ |

પ્રમાણે દિવસે અને રાત્રે પુરો પાડવામાં આવે છે. જેની તાલુકવાર માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **રોટેશન પદ્ધતિ પ્રમાણે દિવસે અને રાત્રે ખેતી વિષયક વીજળી આપવામાં આવતા ગામોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૫૧ |
| ૨ | જોટાણા | ૩૫ |
| ૩ | કડી | ૧૧૦ |
| ૪ | ખેરાલુ | ૪૯ |
| ૫ | મહેસાણા | ૯૧ |
| ૬ | સતલાસણા | ૭૧ |
| ૭ | ઉંઝા | ૩૨ |
| ૮ | વડનગર | ૪૬ |
| ૯ | વિજાપુર | ૬૩ |
| ૧૦ | વિસનગર | ૫૯ |
| | **મહેસાણા કુલ** | **૬૦૭** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના ખેડૂતોને કૃષિ વિષયક વીજ પુરવઠો દિવસે પુરો પાડવાનો બાકી છે, અને

(૨) મહેસાણા જિલ્લાના કુલ ૬૦૭ ગામોના ખેડૂતોને કૃષિ વિષયક વીજ પુરવઠો રોટેશન પદ્ધતિ પ્રમાણે દિવસે અને રાત્રે પૂરો પાડવામાં આવે છે.

(૩) ઉક્ત બાકી ગામોમાં દિવસે વીજ પુરવઠો ક્યાં સુધીમાં પુરો પાડવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લાની અંદર દિવસે વીજળી આપવા માટેની ખેડૂતો દ્વારા કુલ કેટલી રજૂઆતો મળી તેમજ સરકાર દ્વારા દિવસે વીજળી આપવા માટે કેટલી વખત કયારે કયારે જાહેરાતો કરી અને છેલ્લે રાત્રે વીજળી પુરવઠો આપવાને કારણે કેટલા ખેડૂતોના હિંસક પ્રાણી અથવા ઝેરી સાપ કરડવાથી મૃત્યુ થયા અને તેમને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સમાજની વાસ્તવિક શિલ્પી હોય છે. આજે આર્થિક ક્ષેત્રે સામાજિક ક્ષેત્રે રાજકીય ક્ષેત્રે મહિલા સશક્ત બની છે. આજના આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિશ્વની સૌ મહિલાઓને મારા અભિનંદન પાઠવું છું અને શુભેચ્છા આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે દિવસે વીજળી આપવાનો સવાલ પૂછ્યો છે. અમે ગુજરાતના તમામ ગામડાંમાં દિવસે ખેતીને વીજળી આપીએ છીએ. દિવસે વીજળી તમામ ગામડાંને આપીએ છીએ. ખેડૂતોને.. ખેડૂતોને....

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, આપ બેસી જાઓ. આપને તક આપીશ પછી પૂછજો. મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે વચ્ચે ઉભા થવું નહીં. શ્રી વિરજીભાઇ મેં તમને વારંવાર કહ્યું છે તો પણ આપ વારંવાર ઉભા થઇ જાઓ છો. મંત્રીશ્રીનો જવાબ સાંભળો હું તમને તક આપીશ આપ બેસો. હું તમને બધાને તક આપીશ. બેસો આપ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે અને અમે વીજળી આપીએ છીએ. પાવર રોટેશન પ્રમાણે દિવસે વીજળી આપીએ છીએ. આજે પણ શિડ્યુલ ચાલુ છે, ચાલુ છે અને ચાલુ છે. તેમણે મહેસાણા જિલ્લાની વાત કરી તો તેમાં મહેસાણા જિલ્લાને સૂર્યોદય યોજનામાં મૂકવા માટે ટોટલ ૨૩૦ મેગાવોટની જરૂરત છે. મહેસાણા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજનાનો અમલ કરતાં પહેલાં સ્થાનિક વિસ્તારોનો વીજ લોડ જોતાં તેની વીજ ક્ષમતામાં વધારો કરવો તે ખૂબ જરૂરી છે.

આમ ઉપરોકત બાબત ધ્યાનમાં લઇ અને સરકારની નાણાકીય વ્યવસ્થાને ધ્યાનમાં લઇ ખેડૂતોને માટે સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે અને એમાં પણ ટોટલ ૬૦૭ જેટલા ગામો મહેસાણા જિલ્લામાં આવેલા છે એની અંદર ૫ ગામ એવા છે કે જ્યાં ખેતીવાડી વીજ કનેકશન નથી. માનનીય સભ્યશ્રી વાત કરતા હતા ત્યારે કહેવું છે કે તમારા મહેસાણા જિલ્લામાં બેચરાજી તાલુકો છે એમાં કુલ ગામની સંખ્યા ૫૧ છે એમાંથી ખેતી વીજ જોડાણ ૨૦ ગામોમાં પૂર્ણ કરેલ છે એજ રીતે બીજા ૧૦ ગામોનું કામ ચાલુ છે અને બીજા ૨૧ ગામોમાં કામ આવતા દિવસોમાં ચાલુ થઇ જશે. જોટાણા તાલાકાના કુલ ગામની સંખ્યા ૩૫ છે એમાંથી ૧ ગામમાં કામ ચાલુ છે અને ૩૪ ગામ બાકી છે એમાં પણ આવનારા દિવસોમાં કામ ચાલુ થઇ જશે. કડી તાલુકામાં ૧૧૦ ગામ છે એમાંથી ૩૬ ગામનું કામ પૂર્ણ થઇ ગયું છે અને ૩૩ ગામોનું કામ ચાલુ છે અને ૬૯ ગામ એવા છે કે એમાં એના માટેનું આયોજન ચાલુ છે અને ૪૧ બાકી રહેલા છે એને પણ પૂર્ણ કરી દઇશું. એ જ રીતે ખેરાલુ તાલુકામાં ૪૯ ગામો આવેલા છે

એમાંથી લગભગ એ બધા ગામના સર્વેનું કામ ચાલુ છે એ જ રીતે મહેસાણાના ૯૧ ગામો છે એમાંથી ૨ ગામ પૂર્ણ થયેલા છે અને ૧૪ ગામોનું સર્વેનું કામ ચાલુ છે અને ૭૫ ગામ બાકી રહેલા છે એનું કામ પણ તાત્કાલિક શરુ કરી દેવામાં આવશે. એ જ રીતે સતલાસણા તાલુકામાં ૭૩ ગામો આવેલા છે એમાંથી ૭૧ ગામો એવા છે કે જ્યાં ખેતીવાડીનું કનેકશન છે એ જ રીતે ઊંઝા તાલુકામાં ૩૨ ગામો આવેલા છે એ ૩૨ ગામોમાંથી ૯ ગામોનું કામ પરિપૂર્ણ કર્યું છે અને ૧૩ ગામો એવા છે કે જ્યાં આંશિક કામ ચાલુ છે બાકી રહેલા જે ગામો છે એને પણ તાત્કાલિક પરિપૂર્ણ કરવામાં આવશે. વડનગર તાલુકામાં ૪૬ ગામો આવેલા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બહુ મોટું લિસ્ટ હોય તો ટેબલ ઉપર મૂકી દેજો. (અંતરાય) આપ બેસો મંત્રીશ્રી જવાબ આપે છે ત્યારે એવી રીતે વચ્ચે ઉભા ન થશો. હું આપને પૂછવાની તક આપીશ આપ બેસો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખૂબ ચિંતા કરે છે એમના મહેસાણા જિલ્લાની ત્યારે એમના તાલુકાનો આખો ચિતાર આપુ છું કે ક્યારે ચાલુ થશે.

અધ્યક્ષશ્રી : બહુ મોટું હોય તો લિસ્ટ આપી દો એટલે બીજા પ્રશ્ન પૂછી શકાય.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડનગર તાલુકાના ૪૬ ગામ છે એ ગામમાં પણ અમે સર્વે ચાલુ કરી દીધો છે અને વિજાપુર તાલુકામાં ૬૪ ગામો આવેલા છે એમાં પણ ૨ ગામો પૂર્ણ કર્યા છે અને બાકીના ૫૯ ગામોનું કામ ચાલુ છે.

અધ્યક્ષશ્રી : આપનું કેટલું મોટું લિસ્ટ છે ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : વિસનગરમાં ૫૯ ગામો આવેલા છે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જવાબ ટૂંકમાં થાય તો સારું બહું લાંબો જવાબ હોય તો લિસ્ટ આપી દો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ પતી ગયો છે છેલ્લો તાલુકો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુકેશભાઇ, આપ બેસો માનનીય મંત્રીશ્રી કનુભાઇ જવાબ આપે છે. માનનીય મંત્રીશ્રી કનુભાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ તો માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને આપણે ધન્યવાદ આપવા ઘટે કે વર્ષોની જે માગણી હતી કે દિવસે વીજળી આપો. એમણે જે સંવેદનશીલ નિર્ણય લીધો એના લીધે તબક્કાવાર બે તબક્કામાં દરેક ગામને વીજળી આપવાનો નિર્ણય થયો. વૈશ્વિક કોલસાની જે અછત વર્તાય અને સમગ્ર વિશ્વ વીજળીની તંગી ભોગવી રહ્યું છે ત્યારે આપણે સારું કર્યું છે. આપણા ગુજરાતનો વીજ વપરાશ આખા ભારત કરતા વધારે છે. ભારતનો વીજ વપરાશ વ્યક્તિદીઠ ૧૦૦૦ યુનિટ છે જ્યારે આપણા ગુજરાતનો ૨૧૦૦ યુનિટ છે. આપણે વીજળી પૂરતી આપીએ છીએ પરંતુ સમય સંજોગો અનુસાર કોઇ વાર એવી મુશ્કેલી આવે તો આપણે બધાએ સાથે રહીને એનો નિકાલ કરવો જોઇએ. ખાસ કરીને આ વર્ષે પણ કિશાન સૂર્યોદય યોજના માટે ૧૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, આ સુર્યોદય યોજના એ ખાલી જાહેરાત થઇ છે તેનો લાભ ખેડૂતોને મળતો નથી આજે પણ અમારી ગીર બોર્ડર ઉપર જયાં સિંહોની રંજાડ છે ત્યાં પણ દિવસે પાવર મળતો નથી. અઠવાડિયામાં એક વખત દિવસે પાવર આવે છે અને બે અઠવાડિયા ના રાત્રે, ના દિવસે, ચાર વાગ્યે રાત્રે આવે એવી સ્થિતિ અમારા ખેડૂતની છે તો આ ખરેખર તમે કરવા માગો છો કે કેમ ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૨૨૫ ગામની અંદરથી ૫૪૩૫ ગામોની અંદર અમે ચાલુ કરી દીધુ છે અને આવનારા દિવસોની અંદર બધા ગામોની અંદર ચાલુ થઇ જશે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડૂતોને ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે સરેરાશ કેટલો ખર્ચ થાય છે અને તેની સામે ખેડૂતને કેટલી રકમ ભરપાઇ કરવાની થાય છે ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે એક ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે સરેરાશ ૧૬૦૦૦૦ જેટલો ખર્ચો થાય છે પરંતુ ખેડૂતોને રાહત દરે વીજળી જોડાણ આપવાનુ આયોજન છે. નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી વીજ લાઇન ટ્રાન્સફર્મરનો કોઇ પણ ચાર્જ લેવામાં આવતો નથી. ખેડૂતો પાસેથી માત્ર સર્વિસ કનેકશન ચાર્જ ડિપોઝીટના નાણા લેવામાં આવે છે. એ જ રીતે ખેડૂતોને નવા ખેતીવાડી ધિરાણ માટે ભરવાના અંદાજપત્રની વિગતો નીચે મુજબ છે.

ખેતીવાડીના વીજ જોડાણ માટે ૧૬૦૦૦૦નો ખર્ચ થાય છે. હું તમને હોર્સ વાઇઝ જણાવુ તો ૫ હોર્સ પાવરના ૭૮૫૫ રૂપિયા થાય છે અને અનુસૂચિત જનજાતિના જે લાભાર્થીઓ છે તેને ખાલી ૧૩૫૫ રૂપિયામાં આપે છે. તે જ રીતે ૧૦ હોર્સ પાવરની અંદર ૧૪૫૪૦ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ૨૫૬૦ રૂપિયા એ જ રીતે ૧૫ હોર્સ પાવરના ૧૫૫૫૦ અને ૩૫૫૦ રૂપિયામાં આપવામાં આવે છે. એ જ રીતે ૨૦ હોર્સ પાવરના ૨૫૫૬૦ અને ૪૫૬૦ રૂપિયા આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અહીંયા બેઠેલાં સભ્યશ્રીઓને કહેવા માગું છું કે જે વિસ્તારમાં અનુસૂચિત જાતિના વિસ્તારની અંદર જે સામાન્ય ખેડૂત આવેલા હોય છે તેને પણ અનુસૂચિત જાતિને જે ભાવે વીજળી આપે છે જે ભાવે કનેકશન આપે છે તે જ ભાવે આપવામાં આવે છે. એ રીતે ડિપોઝીટના નાણા છે તે ખેડૂતના નાણાની ઉપર અમારી આ સરકાર (અંતરાય) ૪.૬૫ ટકા

લેખે વ્યાજ પણ ચૂકવે છે. (સતત અંતરાય) જે રીતે વાત કરી તે રીતે આવનારા બજેટની અંદર અમે ૧૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો કરીને આ બધા વીજળીના કનેકશન આપવાના બાકી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સૌ પ્રથમ તો ખેડૂતોને દિવસે વીજળી આપવાની માગણી મુજબ જે જિલ્લા છે તેમાં બનાસકાંઠાનો સમાવેશ છે કે કેમ ? બીજા નંબરમાં આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તમે દિવસે ખેડૂતોને લાઇટ આપવાના બહાને દિવસે સ્વભાવિક છે કે જે ફીડર ઉપર તમારે ખેડૂતોને લાઇટ આપવાની હોય ત્યાં ઘર-વપરાશ કે અન્ય વપરાશ ચાલુ હોય એટલે સ્વભાવિક છે કે લોડ વધારે બતાવે તો આ બહાને તમે ખેડૂતોને ખોટાં લોડ વધારા બતાવી અને ખોટાં બિલ ના આપો. આ ગંભીર વિષય છે કેમ કે દિવસે કંપનીના માણસો તે ખેડૂતોને બિલ આપશે તો વધારે આવશે તો આ બાબતમાં મારી વિનંતી છે કે જે જિલ્લાઓનો સમાવેશ દિવસે લાઇટ આપવામાં કરેલો હોય તેના ધારા-ધોરણ શું છે ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસાણા જિલ્લાનો પ્રશ્ન છે. જો સભ્યશ્રી અલગથી નોટિસ આપશે તો જવાબ આપીશું. (સતત અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અલગ થયું ત્યાર પછી વર્ષ ૨૦૨૦માં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોને દિવસે વીજળી આપવાના કાર્યક્રમની શરૂઆત કરી. તો વર્ષ ૧૯૯૫ સુધી જે કૉંગ્રેસ પક્ષની સરકાર ચાલતી હતી એ વખતે ખેડૂતોને દિવસે સિંહની રંજાડ નહોતી થતી? જંગલી જાનવર કનડગત નહોતા કરતાં? ખેડૂતોને તકલીફ નહોતી પડતી? કૉંગ્રેસના રાજમાં દિવસે વીજળી અપાતી હતી કે નહોતી અપાતી એની માહિતી મારે જોઇએ છે. (સતત અંતરાય)

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી , એ વખતે જ્યારે રાત્રે જમવા બેસતા હતાં એ સમયે પણ વીજળી નહોતી મળતી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી અને અમારા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ આવ્યા ત્યારથી ખેડૂતોને દિવસે વીજળી મળતી થઇ હતી. બાકી આજે પણ અને આવનારા દિવસોમાં તમામ ગામોમાં આ સૂર્યોદય યોજનાનો લાભ મળશે. શ્રી પ્રતાપભાઇ તમે બેસો. તમારા વિસ્તારના લોકોના અમારે ત્યાં ફોન આવે છે કે અમને રાત્રે પણ વીજળી આપો.

**રાજકોટ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના**

* ૪૦૭૪૫ **શ્રી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વિકસતિ જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૭૯૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭૯૦ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૮૪.૦૨ લાખ. |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજી મળી? તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને તાલુકાવાર કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી?

શ્રી આર. સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે વિશ્વની તમામ બહેનોને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ આપું છું. ગૃહના સન્માનનીય સભ્યશ્રી ગીતા બા જાડેજાએ કુંવરબાઇનું મામેરુંયોજના વિશે જે પ્રશ્ન પૂછ્યો છે એ નારી સન્માનનું એક ઉદાહરણ છે. જે આજના દિવસે બંધબેસતું છે. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને કુંવરબાઇનું મામેરું યોજના માટે ૧૭૯૪ અરજીઓ આવી હતી. એ પૈકી ૧૭૯૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. એ માટે રૂ.૧૮૪.૦૨ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. એમનો બીજો પ્રશ્ન હતો કે તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને કેટલી રકમ ચૂકવવામાં આવી? એના જવાબમાં ધોરાજીમાં ૧૬૩ અરજીઓ મળી છે. એ પૈકી ૧૬૩ અરજીઓ મંજૂર કરવામાં આવી અને એ માટે રૂ.૧૬.૭૬ લાખ ચૂકવવામાં આવ્યા છે. ગોંડલ તાલુકામાં ૧૪૨ અરજીઓ મળી. એ પૈકી ૧૪૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એ માટે રૂ.૧૪.૫૦ લાખ ચૂકવવામાં આવ્યા છે. જામકંડોરણામાં ૭૦ અરજીઓ મળી. એ પૈકી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ.૭.૨૦ લાખ ચૂકવવામાં આવ્યા છે. જસદણમાં ૧૩૩ અરજીઓ મળી છે. તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરી અને રૂ. ૧૩.૬૦ લાખ ચૂકવવામાં આવ્યા. જેતપુર તાલુકામાં ૧૭૬ અરજીઓ પૈકી ૧૭૫ માન્ય રાખી રૂ. ૧૮.૦૮ લાખ ચૂકવવામાં આવ્યા. કોટડા સાંગાણી તાલુકામાં ૪૪ અરજીઓ પૈકી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૪.૫૨ લાખ ચૂકવવામાં આવ્યા. લોધિકા તાલુકામાં ૧૬ અરજીઓ પૈકી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૧.૬૦ લાખ ચૂકવવામાં આવ્યા. પડધરી

તાલુકામાં ૧૩ અરજીઓ પૈકી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૧.૪૪ લાખ ચૂકવવામાં આવ્યા. રાજકોટ તાલુકામાં ૭૭૭ સૌથી વધારે અરજીઓ મળી અને તે પૈકી ૭૭૬ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૭૯.૮૬ લાખ ચૂકવવામાં આવ્યા. ઉપલેટા તાલુકામાં ૧૩૦ અરજીઓ પૈકી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૧૩.૫ લાખ ચૂકવવામાં આવ્યા. વિંછીયા તાલુકામાં ૧૨૯ અરજીઓ પૈકી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૧૨.૯૬ લાખ ચૂકવી દેવામાં આવ્યા. આમ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુલ મળીને રૂ.૧૮૪.૦૨ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

**બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

* ૪૦૭૫૦ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૪,૦૦,૯૫૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪,૦૦,૯૫૮ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૪,૩૧,૯૦,૦૦૦/- |

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તાલુકાવાર કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે જે પ્રશ્ન પૂછ્યો છે તેના જવાબમાં તાલુકાવાર મળેલી અરજીઓ પૈકી અમીરગઢ તાલુકામાં ૯,૨૫૨ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૫૬.૫૯ લાખ ચૂકવવામાં આવ્યા. ભાભોર તાલુકામાં ૨૧,૪૬૯ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૧૩૦.૫૭ લાખ ચૂકવવામાં આવ્યા. દાંતા તાલુકામાં ૧૦,૮૫૦ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૬૬.૦૩ લાખ ચૂકવવામાં આવ્યા. દાંતીવાડા તાલુકામાં ૧૭,૫૮૧ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૧૦૭.૧૮ લાખ ચૂકવવામાં આવ્યા. ડીસા તાલુકામાં સૌથી વધારે ૭૦૭૦૯ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૪૨૮.૪૯ લાખ ચૂકવવામાં આવ્યા. દિયોદર તાલુકામાં ૨૬,૫૨૬ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૧૬૧.૪૭ લાખ ચૂકવવામાં આવ્યા. ધાનેરા તાલુકામાં ૨૭,૧૩૪ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ. ૧૬૫.૦૪ લાખ ચૂકવવામાં આવ્યા. કાંકરેજ તાલુકામાં ૫૦,૨૫૧ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૩૦૪.૭૫ લાખ ચૂકવવામાં આવ્યા. લાખાણી તાલુકામાં ૨૯,૩૨૫ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૧૭૮.૪૧ લાખ ચૂકવવામાં આવ્યા. પાલનપુર તાલુકામાં ૩૩,૫૦૦ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૨૦૧.૩૯ લાખ ચૂકવવામાં આવ્યા. સુઈ તાલુકામાં ૧૧,૨૦૬ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૬૮.૨૩ લાખ ચૂકવવામાં આવ્યા. થરાદ તાલુકામાં ૪૬,૮૫૫ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૨૮૪.૧૮ લાખ ચૂકવવામાં આવ્યા. વડગામ તાલુકામાં ૨૪,૫૭૯ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૧૪૭.૬૫ લાખ ચૂકવવામાં આવ્યા. વાવ તાલુકામાં ૨૧૭૬૦ અરજીઓ મળી તે પૈકી બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને રૂ.૧૩૧.૯૨ લાખ ચૂકવવામાં આવ્યા. આમ બનાસકાંઠા એ બક્ષીપંચની વસ્તી ધરાવતો સૌથી મોટો જિલ્લો છે. વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ પણ ખૂબ મોટો જિલ્લો છે અને આ જિલ્લામાં ૧૪ તાલુકાઓ આવેલા હોવાથી ખૂબ મોટા પ્રમાણમાં રૂ. ૨,૪૩૧.૯૦ લાખ ચૂકવી દેવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ગુલાબસિંહભાઇ રાજપૂત.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એસ.સી. એસ.ટી. વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની આવકમાં હાલ જે છે એનાથી કોઇ વધારો કરવા માંગો છો કે નહીં? અને હાલ કેટલા લાખની આવક ઉપર શિષ્યવૃતિ આપવામાં આવે છે? અને વધારો કરવા માંગો છો કે નહીં?

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે. આ માત્ર વિકસતી જાતિ માટેનો પ્રશ્ન છે અને એમને એસ.સી. એસ.ટી. જાતિ માટેનો પ્રશ્ન પૂછયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી હિતુભાઇ કનોડિયા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ યોજના કયારથી શરૂ કરવામાં આવી? આ યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ મળી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ યોજનાના પાત્રતા માટેની આવક મર્યાદામાં છેલ્લા ૧૦ વર્ષમાં કોઇ સુધારા કરવામાં આવ્યા છે કે કેમ? અને જો હો તો તેની વિગત શું છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન પૂછયો છે. આ યોજનાની શરૂઆત વર્ષ ૧૯૭૮-૭૯થી કરવામાં આવી હતી. યોજનાની પાત્રતા માટેની આવક મર્યાદામાં છેલ્લા ૧૦ વર્ષમાં ખૂબ મોટા પ્રમાણમાં સુધારાઓ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૧માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિની યોજનામાં ગ્રામ્ય વિસ્તાર માટે રકમ રૂપિયા ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રકમ રૂપિયા ૨૫ હજારની આવક મર્યાદા નક્કી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨માં ફરીવાર સુધારા કરીને પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ યોજના અંતર્ગત આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રકમ રૂપિયા ૨૭ હજાર અને શહેરી વિસ્તાર માટે રકમ રૂપિયા ૩૬ હજાર નક્કી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪માં ફરીવાર સુધારો કરીને પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ યોજના અંતર્ગત આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રકમ રૂપિયા ૪૭ હજાર અને શહેરી વિસ્તાર માટે રકમ રૂપિયા ૬૮ હજાર નક્કી કરવામાં આવી હતી. આ બધા સુધારાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયા છે. સમયાંતરે લોકોની માંગને ધ્યાનમાં રાખીને સુધારાઓ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૫માં તારીખ ૧૩-૧૦-૨૦૧૫થી ૧ થી ૮ પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ યોજના અંતર્ગત આવક મર્યાદા નાબૂદ કરવામાં આવેલ છે. હાલમાં તારીખ ૨૪-૧૦-૨૦૧૭ના ઠરાવથી ધોરણ-૯ થી ધોરણ-૧૦ પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તાર માટે રકમ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રકમ રૂપિયા ૧ લાખ ૫૦ હજાર કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૬ માનનીય શ્રી મોહનસિંહભાઇ રાઠવા.

### સુખી જળાશય યોજના હેઠળ સંપાદન જમીન

* ૪૧૯૦૪ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુખી જળાશય યોજના સંબંધમાં સંપાદન કરેલ જમીન પૈકી કયા ગામના કયા સર્વે નંબરની કેટલી જમીન ડૂબાણમાં જતી નથી, | (૧) સુખી જળાશય યોજના સંબંધમાં સંપાદન કરેલ જમીન પૈકી આ સાથે સામેલ *પત્રકમાં જણાવેલ ગામોની સર્વે નંબર એચ.એફ.એલ.ના ઉપર આવેલ હોઇ, ડૂબાણમાં જતી નથી. (*પત્રક સામેલ છે.) |
| (૨) ઉક્ત સંપાદન કરેલ જમીન પૈકી જે જમીન ડૂબાણમાં ન જતી હોય તેવી જમીન હાલ કોના કબજા/ ભોગવટામાં છે, | (૨) સંપાદન કરેલ જમીન પૈકી જે જમીન ડૂબાણમાં ન જતી હોય તેવી જમીન હાલ સુખી સિંચાઇ યોજનાના કબજા/ભોગવટામાં છે. |
| (૩) ઉક્ત જમીન રી-ગ્રાન્ટ કરવા માટેના ધોરણો શાં છે, અને | (૩) જમીન રી-ગ્રાન્ટ કરવા બાબતે સરકારશ્રીના મહેસૂલ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ એલ.એ.ક્યુ-૨૨૯૮-૬૧૪-ધ, તા.૩૧-૦૮-૨૦૦૧ અનુસારવામાં આવે છે. |
| (૪) ઉક્ત જમીન મુળ માલિક/વારસને પરત આપવાનું શું આયોજન છે ? | (૪) જમીનો મુળ માલીકને પરત આપવા બાબતે સરકારશ્રીના મહેસૂલ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ એલ.એ.ક્યુ-૨૨૯૮-૬૧૪-ધ, તા.૩૧-૦૮-૨૦૦૧ અનુસારવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો હેતું એટલો જ છે કે છોટા ઉદેપુર તાલુકો એ મારો મત વિસ્તાર છે અને મારા મત વિસ્તારની જોડે જેતપુરપાવી તાલુકો એ પણ મારા મત વિસ્તારનો ભાગ છે. હવે જેતપુરપાવી તાલુકાના ડૂંગરવા ગામે સુખી સિંચાઇ યોજના બનાવવા માટેનું નક્કી થયું અને વર્ષ ૧૯૭૮માં જમીન સંપાદન કરવામાં આવી. જમીન સંપાદન થઇ ત્યારે એવું કહેતા હતા કે પાણી આટલા સુધી રહેશે. એટલે આ તમામ જમીનો અમે

સંપાદન કરી લઇએ. અમે કેટલાક ગામોની જમીન સંપાદન નહીં કરો પણ એમણે કીધું કે આટલા સુધી પાણી આવશે એટલે આ જમીન અમે સંપાદન કરી લઇએ અને ૧ એકરના રૂપિયા ૩ હજાર પ્રમાણે આ પૈસા ચૂકવ્યા હતા. આ બધી જમીનો સંપાદન કરી અને પાછળથી અમે પૂછયુ કે આ જમીન ડૂબતી જ  નથી અને તમામ ખેડૂતો પોત પોતાની ખેતી કરે છે. એટલે ૩૦૦ હેકટર જેવી જમીન ડુબાણમાં જતી નથી અને સંપાદન થયેલી જમીન રિ-ગ્રાન્ટ કરીને સરકારે હુકમો પણ કરેલા છે તે ધોરણે મારા મત વિસ્તારના ખેડૂતોને જમીન પરત મળવા તેમણે માંગણી કરી છે તો આવી જમીનો  વહેલી તકે પાછી મળે તેવી મારી માંગણી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મોહનસિંહ ભાઇ ખૂબ સિનિયર ધારાસભ્ય છે અને આદરણીય પણ છે.  માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૫ પહેલા અને પછી આપણે જે જમીનો સંપાદન કરતા હતા તેમાં વર્ષ ૧૯૯૫ પહેલા આર.એફ.એલ. એટલે કે રીઝર્વાયર ફલડ લેવલ કરતા થોડી વધારે જમીન સંપાદન કરતા હતા પરંતુ વર્ષ ૧૯૯૫ પછી જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર અસ્તિત્વમાં આવી અને ગુજરાતનો વહીવટ સંભાળ્યો તે દિવસથી આપણે આર.એફ.એલ. એટલે કે રીઝર્વાયર ફલડ લેવલ કરતા ઉપરના ભાગની જમીન હોય તેનું સંપાદન કરવાનું બંધ કર્યું છે. સમય જતા જમીન સંપાદન ખર્ચાળ થતું ગયું છે. સરકાર માત્ર મહત્તમ જળ સપાટી સુધીની જ જમીન સંપાદન કરે તેવી વ્યવસ્થાઓ વર્ષ ૧૯૯૫ પછી અસ્તિત્વમાં આવી. અગાઉની નીતિ અગાઉની જે કોંગ્રેસની સરકારોને યોગ્ય લાગી હતી અને આજે આપણને એ અયોગ્ય લાગે છે. અને હવે એવું કહેવામાં આવે છે કે આર.એફ.એલ. ઉપરની જે જમીન છે રીઝર્વાયર ફલડ લેવલ ઉપરની જે જમીનો છે કે જેના જુદા જુદા ઉપયોગો આપણે આજે પણ કરી શકીએ છીએ. ઘણી વખત એવું થાય કે પાણી વધારે આવી જાય અને પાણી વધારે આવી જાય એટલે આવી જે આર.એફ.એલ. ઉપરની જમીન હોય તે ડૂબાણમાં પણ જતી હોય છે. ઘણી વખતે એ ડેમને  કયાંક નુકસાન થાય તો આ બોરો જે જમીનો છે તેમાંથી બોરો લેન્ડ તરીકે એ જમીનમાંથી માટી લઇને એને આપણે અર્થ વર્ક પણ કરી શકીએ છીએ. સાથે સાથે હાઇડ્રોલોજીમાં પણ વખતો વખત ફેરફાર થાય અને વખતો વખત ફેરફાર થાય એટલે સ્વાભાવિક કદાચ એને ઉંચી કરવી પડે ફરીથી જમીન સંપાદન કરવાનો પ્રશ્ન ઉભો થાય. આમ ૧૯૯૫ પહેલા જેટલી પણ જમીનો કોંગ્રેસની સરકારમાં એકવાયર થઇ એ આર.એફ.એલ. લેવલ કરતા પણ ઉપરની જમીનો એમણે સંપાદિત કરી હતી. હવે વર્ષ૧૯૯૫ પછી આર.એફ. લેવલથી ઉપરની જમીનો આપણે સંપાદન કરતા નથી. પરંતુ વખતો વખતના કોર્ટના ચુકાદાઓ છે એ ચુકાદાઓમાં સ્પષ્ટ છે મારી પાસે ચુકાદાઓ પણ છે. તા.૦૧-૧૨-૨૦૧૭ના ચુકાદામાં મનસુખભાઇ દામજીભાઇ પટેલ અને અન્ય વિરૂદ્ધ સરકારમાં આવી જ એકવાયર લેન્ડનો એક પ્રશ્ન હતો અને ડેમ સંબંધિત જ પ્રશ્ન હતો. એમાં બહુ સ્પષ્ટ કહ્યું છે કે જાહેર હેતુ માટે સંપાદન થયેલ જમીન તેના મુળ માલિકને રી-ગ્રાન્ટ કરી શકાય નહીં તેવા સિદ્ધાંતને પ્રસ્થાપિત કરતા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા તા.૦૧-૧૨-૨૦૧૭ના ચુકાદાથી સમર્થન આપવામાં આવેલ છે. પ્રસ્તુત ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ છે કે રાજય સરકાર દ્વારા જાહેર હેતુ માટે સંપાદિત થયેલ જમીન તેના મૂળ માલિકને રી-ગ્રાન્ટ કરી શકાય નહીં. મહેસૂલ અને જમીન સંપાદન કરવાના કાયદામાં રી-ગ્રાન્ટ કરવાના કાયદામાં ૩૨૮ હેઠળ તેની જોગવાઇ છે ખરી. પરંતુ તેમાં જો એમ કરવામાં આવે તો આવા આખા ગુજરાતભરમાં વર્ષ ૧૯૯૫ પહેલાના જે ડેમો બન્યા છે ત્યાં આવા અનેક પ્રશ્નો ઉભા થાય અને કોર્ટ કેસો પણ થાય અને સાથે સાથે એટલી બધી વહીવટી મુશ્કેલીઓ અને ગુંચવાડા ઉભા થાય. આમાં પણ આ સુખી જળાશય છે તેની અંદર જેટલી જમીન જે તે વખતે આપણે સંપાદન કરી છે એ તમામનું વળતર આપણે ચૂકવી દીધેલું છે . કોઇ કોર્ટ કેસ પેન્ડીંગ નથી. વર્ષ ૨૦૦૮માં માત્ર એક ખેડૂત દ્વારા આની માગણી કરવામાં આવી હતી અને એના પછી લગભગ ચાલીસ પીસ્તાલીસ વર્ષ સુધી આખે આખી વારસાઇ કરીએ વારસાઇની ટ્રી બનાવીએ તો એમાં પણ કેટલાય વિવાદો ઉભા થાય એ પ્રકારની આખી પરિસ્થિતિની અંદર આપણે આવા કોઇ પણ ખાતેદારને જમીન આપવા માગતા નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની સર્વેને શુભ કામનાઓ. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે હાથમતી જળાશય યોજનાની મહત્તમ જળ સપાટી ઉપરાંતની જમીનો માટે ગુજરાત સરકારે શું નિર્ણય લીધા?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાથમતી જળાશય યોજનામાં મહત્તમ જળ સપાટી એટલે કે ફુલ રિઝર્વ લેવલથી ઉપરની જમીન સંપાદન ન કરવી તેવો નિર્ણય ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલ છે. આ નિર્ણયની સામે ગામ થુરાવાસ તાલુકો ભીલોડાના એક ખાતેદાર દ્વારા ગુજરાત વડી અદાલતમાં કેસ દાખલ કરવામાં આવેલ અને પોતાની જમીન ફુલ રિઝર્વાયર લેવલ કરતા......

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ભરૂચ અને ડાંગ જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટ્સોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૮૧૯ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને | (૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી |

ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટ્સોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટ્સોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પુરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

કોઈ કર્મચારીઓ ફરજ બજાવતા નથી. જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટ્સોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧નાં માસ માટે બધી એજન્સીઓને કુલ રૂપિયા ૪૯.૦૮ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) પત્રક-અ મુજબ.

(૪) આઉટ્સોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવતી નથી.

**પત્રક-અ**

| અ.નં. | એજન્સી |
|---|---|
| ૧ | અકુંઠા પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ |
| ૨ | ક્રિશ ટ્રેડકોર્પ પ્રાઈવેટ લિમિટેડ |
| ૩ | ચામુંડા ઈલેક્ટ્રિકલ પ્રાઈવેટ લિમિટેડ |
| ૪ | ત્રિપદા એંટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ |
| ૫ | મહેતા પાવર પ્રાઈવેટ લિમિટેડ |
| ૬ | સ્ટોરલીફ પ્રાઈવેટ લિમિટેડ |
| ૭ | હેલી ઈલેક્ટ્રોસોલુશન પ્રાઈવેટ લિમિટેડ |
| ૮ | એલ ઓ સી ઈન્વેસ્ટિગેશન અને સિક્યુરીટી સર્વિસિસ |
| ૯ | યુનિવર્સલ સિક્યુરિટી |
| ૧૦ | એસ.આર.એન્ટરપ્રાઈઝ |

- - - - - - - - -

## અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ

૪૧૭૩૦ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. સાથે તા.૦૬-૦૨-૨૦૦૭ તથા તા.૦૨-૦૨-૨૦૦૭ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત કયા દરે અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદવાના એગ્રીમેન્ટ થયેલ છે,

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. (GUVNL) દ્વારા અદાણી પાવર મુન્દ્રા લિ. સાથે બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત રૂ. ૨.૮૯/ યુનિટ અને રૂ.૨.૩૫/ યુનિટના લેવલાઈઝડ ટેરીફે વીજ ખરીદીના એગ્રીમેન્ટ થયેલ છે.

(૩) અને (૪) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તે પૈકી ચૂકવવામાં આવેલ ટેરિફ અને રકમની વિગત નીચે મુજબ છે.

| માસ | ૨૦૨૦ | | | | |
|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટસ | ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | વેરીએબલ કોસ્ટ સેરેરાશ પ્રતિ યુનિટ દર | વેરીએબલ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | કુલ રકમ (રૂ-કરોડ) |
| જાન્યુઆરી | ૬૨૫ | ૬૧ | ૨.૮૫ | ૧૭૮ | ૨૩૯ |
| ફેબ્રુઆરી | ૭૩૮ | ૬૯ | ૨.૮૫ | ૨૧૦ | ૨૭૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| માર્ચ | ૫૩૮ | ૬૭ | ૨.૯૧ | ૧૫૬ | ૨૨૩ |
| એપ્રિલ | ૫૩ | ૪૮ | ૨.૬૮ | ૧૪ | ૬૨ |
| મે | ૩૨૪ | ૬૦ | ૨.૭૯ | ૯૦ | ૧૫૦ |
| જૂન | ૩૬૬ | ૫૮ | ૨.૬૦ | ૯૫ | ૧૫૩ |
| જુલાઇ | ૬૯૨ | ૬૦ | ૨.૩૧ | ૧૬૦ | ૨૨૦ |
| ઓગસ્ટ | ૪૮૦ | ૪૯ | ૨.૦૪ | ૯૮ | ૧૪૭ |
| સપ્ટેમ્બર | ૭૪૫ | ૫૮ | ૨.૦૫ | ૧૫૩ | ૨૧૧ |
| ઓક્ટોબર | ૮૮૧ | ૬૦ | ૨.૦૦ | ૧૭૬ | ૨૩૬ |
| નવેમ્બર | ૭૬૨ | ૫૮ | ૨.૧૧ | ૧૬૧ | ૨૧૯ |
| ડિસેમ્બર | ૭૯૨ | ૬૦ | ૨.૨૪ | ૧૭૭ | ૨૩૭ |

| **માસ** | **૨૦૨૧ (પ્રોવી.)** | | | | |
|---|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટસ** | **ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ)** | **વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર** | **વેરીએબલ કોસ્ટ રકમ (રૂ-કરોડ)** | **કુલ રકમ (રૂ-કરોડ)** |
| જાન્યુઆરી | ૭૫૫ | ૪૯ | ૨.૪૯ | ૧૮૮ | ૨૩૭ |
| ફેબ્રુઆરી | ૩૮૪ | ૪૪ | ૨.૬૦ | ૧૦૦ | ૧૪૪ |
| માર્ચ | ૪૩૨ | ૬૦ | ૨.૮૩ | ૧૨૨ | ૧૮૨ |
| એપ્રિલ | ૭૮૩ | ૬૦ | ૨.૯૬ | ૨૩૨ | ૨૯૨ |
| મે | ૫૧૭ | ૫૮ | ૩.૧૨ | ૧૬૧ | ૨૧૯ |
| જૂન | ૬૪૮ | ૫૮ | ૩.૨૫ | ૨૧૧ | ૨૬૯ |
| જુલાઇ | ૩૦૩ | ૪૯ | ૩.૩૩ | ૧૦૧ | ૧૫૦ |
| ઓગસ્ટ | ૪૯૩ | ૪૯ | ૩.૩૯ | ૧૬૭ | ૨૧૬ |
| સપ્ટેમ્બર | ૨૪૩ | ૫૭ | ૩.૩૯ | ૮૨ | ૧૩૯ |
| ઓક્ટોબર | ૩૭૯ | ૪૫ | ૪.૩૮ | ૧૬૬ | ૨૧૧ |
| નવેમ્બર | ૧૬૪ | ૫૬ | ૩.૨૫ | ૫૩ | ૧૦૯ |
| ડિસેમ્બર | ૪૫૦ | ૭૨ | ૩.૪૫ | ૧૫૫ | ૨૨૭ |

તદુપરાંત અદાણી પાવર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦ થી જુલાઇ-૨૦૨૧ દરમ્યાન રજૂ કરેલ વીજ સપ્લાય બીલમાંથી GUVNL દ્વારા કપાત કરેલ રકમની ચૂકવણી સંદર્ભે, નામ. કેન્દ્રિય વીજ નિયમન આયોગ (CERC) ના હુકમ મુજબ રૂ.૪૭૫ કરોડ ચૂકવવામાં આવેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોની ઘટ**

૪૧૬૯૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલા સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રની જરૂરિયાત છે, | (૧) પત્રક- અ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે, અને | (૨) પત્રક-બ મુજબ. |
| (૩) ઉક્ત ઘટતા આરોગ્ય કેન્દ્રો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) ભવિષ્યમાં સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. |

**પત્રક-અ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૧ ની તાલુકાની ગ્રામ્ય વસ્તી** | **સબ સેન્ટર** | **પ્રા.આ.કે.** | **સા.આ.કે.** |
|---|---|---|---|---|---|
| | | | **જરૂરિયાત** | **જરૂરિયાત** | **જરૂરિયાત** |
| ૧ | અમીરગઢ | ૧૩૨૩૫૪ | ૪૪ | ૭ | ૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ભાભર | ૧૦૧૨૫૮ | ૩૪ | ૫ | ૧ |
| ૩ | દાંતા | ૨૦૭૦૮૬ | ૬૯ | ૧૦ | ૩ |
| ૪ | દાંતીવાડા | ૧૧૫૨૨૧ | ૩૮ | ૬ | ૧ |
| ૫ | ડીસા | ૩૬૭૬૪૫ | ૭૪ | ૧૨ | ૩ |
| ૬ | દીયોદર | ૧૪૩૮૬૦ | ૪૮ | ૭ | ૨ |
| ૭ | ધાનેરા | ૨૦૧૧૬૩ | ૬૭ | ૧૦ | ૩ |
| ૮ | કાંકરેજ | ૨૫૭૫૫૩ | ૮૬ | ૧૩ | ૩ |
| ૯ | લાખણી | ૧૫૨૫૫૧ | ૫૧ | ૮ | ૨ |
| ૧૦ | પાલનપુર | ૨૭૮૫૪૨ | ૫૬ | ૯ | ૨ |
| ૧૧ | સુઇગામ | ૮૩૫૫૯ | ૨૮ | ૪ | ૧ |
| ૧૨ | થરાદ | ૨૭૦૨૫૫ | ૯૦ | ૧૪ | ૩ |
| ૧૩ | વડગામ | ૨૩૧૯૪૭ | ૪૬ | ૮ | ૨ |
| ૧૪ | વાવ | ૧૬૨૫૯૭ | ૫૪ | ૮ | ૨ |
| | | **કુલ** | **૭૮૫** | **૧૨૧** | **૩૦** |

**પત્રક-બ**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૧ ની તાલુકાની ગ્રામ્ય વસ્તી | સબ સેન્ટર | | પ્રા.આ.કે. | | સા.આ.કે. | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | જરૂરિયાત | વધ / ઘટ (+) / (-) | જરૂરિયાત | વધ / ઘટ (+) / (-) | જરૂરિયાત | વધ / ઘટ (+) / (-) |
| ૧ | અમીરગઢ | ૧૩૨૩૫૪ | ૪૪ | ૦ | ૭ | ૦ | ૨ | ૦ |
| ૨ | ભાભર | ૧૦૧૨૫૮ | ૩૪ | -૧ | ૫ | ૦ | ૧ | ૦ |
| ૩ | દાંતા | ૨૦૭૦૮૬ | ૬૯ | ૦ | ૧૦ | ૦ | ૩ | ૦ |
| ૪ | દાંતીવાડા | ૧૧૫૨૨૧ | ૩૮ | -૩ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૫ | ડીસા | ૩૬૭૬૪૫ | ૭૪ | ૦ | ૧૨ | ૧ | ૩ | ૦ |
| ૬ | દીયોદર | ૧૪૩૮૬૦ | ૪૮ | -૧ | ૭ | ૦ | ૨ | ૦ |
| ૭ | ધાનેરા | ૨૦૧૧૬૩ | ૬૭ | -૪ | ૧૦ | -૧ | ૩ | ૦ |
| ૮ | કાંકરેજ | ૨૫૭૫૫૩ | ૮૬ | -૪ | ૧૩ | -૧ | ૩ | ૦ |
| ૯ | લાખણી | ૧૫૨૫૫૧ | ૫૧ | -૬ | ૮ | ૧ | ૨ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૨૭૮૫૪૨ | ૫૬ | ૦ | ૯ | ૧ | ૨ | -૧ |
| ૧૧ | સુઇગામ | ૮૩૫૫૯ | ૨૮ | -૨ | ૪ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | થરાદ | ૨૭૦૨૫૫ | ૯૦ | -૫ | ૧૪ | -૩ | ૩ | ૦ |
| ૧૩ | વડગામ | ૨૩૧૯૪૭ | ૪૬ | ૦ | ૮ | ૦ | ૨ | ૧ |
| ૧૪ | વાવ | ૧૬૨૫૯૭ | ૫૪ | ૦ | ૮ | ૧ | ૨ | ૦ |
| | | **કુલ** | **૭૮૫** | **-૨૬** | **૧૨૧** | **૦** | **૩૦** | **૦** |

---------

**આણંદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૦૭૫૧ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૬૦,૮૬૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૬૦,૮૬૭ |
| (૩) કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૨,૨૭,૧૯,૩૫૦/- |

---------

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**સુરત શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ બાબત**

૪૦૭૦૯ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા કોરોના મહામારી સામે રક્ષણ માટે સુરત શહેરમાં લોકોને ધન્વંતરી રથની સેવાઓ આપવામાં આવી હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેરમાં ધન્વંતરી રથનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુરત શહેર (કોર્પોરેશન)માં કુલ ૯૪,૯૩,૫૭૭ વ્યક્તિઓએ લાભ લીધો.

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ**

૪૦૭૧૬ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા કોરોના મહામારી સામે રક્ષણ માટે વડોદરા જિલ્લામાં લોકોને ધન્વંતરી રથની સેવાઓ આપવામાં આવી હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં ધન્વંતરી રથનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વડોદરા જિલ્લામાં કુલ ૩,૩૪,૪૩૩ વ્યક્તિઓએ લાભ લીધો.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં કોરોના રસીના ડોઝ**

૪૦૭૦૬ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કોરોનાની મહામારી સામે લડવા ખેડા જિલ્લામાં કુલ કેટલાં લોકોને કોરોના રસીના પ્રથમ, દ્વિતિય તથા બુસ્ટર ડોઝ આપવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની તાલુકાવાર વિગતો શી છે ?

**જવાબ**

(૧)

| | **પ્રથમ ડોઝ** | **બીજો ડોઝ** | **બુસ્ટર ડોઝ** |
|---|---|---|---|
| ખેડા જિલ્લો | ૧૫,૨૪,૫૮૪ | ૧૪,૪૮,૮૬૯ | ૦૦ |
| **કુલ** | **૨૯,૭૩,૪૫૩** | | |

ભારત સરકારશ્રીની સૂચના મુજબ પ્રિકોશન ડોઝ તા.૧૦-૦૧-૨૦૨૨થી આપવાનું શરૂ કરેલ છે.

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કોરોના રસીનો પ્રથમ ડોઝ** | **કોરોના રસીનો બીજો ડોઝ** | **કુલ રસીકરણ** |
|---|---|---|---|---|
| ૧ | ઠાસરા | ૧૪૯૬૪૪ | ૧૪૧૭૮૩ | ૨૯૧૪૨૭ |
| ૨ | ગલતેશ્વર | ૮૭૩૧૫ | ૭૯૨૦૧ | ૧૬૬૫૧૬ |
| ૩ | કઠલાલ | ૧૪૫૩૫૮ | ૧૩૯૪૭૭ | ૨૮૪૮૩૫ |
| ૪ | મહુધા | ૯૭૮૫૯ | ૯૪૪૪૭ | ૧૯૨૩૦૬ |
| ૫ | મહેમદાવાદ | ૧૯૦૦૯૭ | ૧૮૮૩૧૧ | ૩૭૮૪૦૮ |
| ૬ | કપડવંજ | ૧૯૮૫૫૫ | ૧૭૬૪૭૫ | ૩૭૫૦૩૦ |
| ૭ | માતર | ૧૧૩૫૦૨ | ૧૦૪૯૭૧ | ૨૧૮૪૭૩ |
| ૮ | નડીયાદ | ૩૭૪૧૮૮ | ૩૫૬૪૭૦ | ૭૩૦૬૫૮ |
| ૯ | ખેડા | ૯૯૧૩૯ | ૯૫૯૨૯ | ૧૯૫૦૬૮ |
| ૧૦ | વસો | ૬૮૯૨૭ | ૭૧૮૦૫ | ૧૪૦૭૩૨ |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં કોરોના રસીના ડોઝ**

૪૦૭૦૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૩) ઉક્ત બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | પડતર અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | કૃષિ વિષયક વીજ જોડાણ | તત્કાલ વીજ જોડાણ |
| તાપી | ૨૮૦૯ | ૦ |

(૨) એક વર્ષ કરતાં વધુ સમયથી એક પણ અરજી પડતર નથી.

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઇને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ, ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઇ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૭૨૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે,

**જવાબ**

(૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી કોઇ કર્મચારીઓ ફરજ બજાવતા નથી જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટસોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧નાં માસ માટે બધી એજન્સીઓને કુલ રૂપિયા ૫૫.૯૧ લાખ ચૂકવવામાં આવેલ

છે.

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૩) પત્રક-અ મુજબ.

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાને બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

(૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવતી નથી.

**પત્રક-અ**

| | |
|---|---|
| ૧ | ઉમા ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ |
| ૨ | એચ એન ટી ઇલેક્ટ્રિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| ૩ | એસ ડી એમ એંટરપ્રાઇઝ પ્રાઈવેટ લિમિટેડ |
| ૪ | ઓમપાવર ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ |
| ૫ | કીન્ટેક સીનર્જી (પ્રાઈવેટ) લિમિટેડ |
| ૬ | કે ઇ ટ્રાન્સમિશન પ્રાઈવેટ લિમિટેડ |
| ૭ | ચામુંડા ઇલેક્ટ્રિકલ પ્રાઈવેટ લિમિટેડ |
| ૮ | શ્રી નિજાનંદ પાવર કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ |
| ૯ | ભક્તિ કન્સલ્ટેંટ |
| ૧૦ | મનહરી સિક્યુરીટી |
| ૧૧ | ટીપટોપ સિક્યુરીટી એજન્સી |

- - - - - - - - -

**કચ્છ અને મોરબી જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૬૯૮ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ અને મોરબી જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૧)

| જિલ્લો | મધ્યમ કક્ષાના ડેમો | મોટા ડેમો |
|---|---|---|
| કચ્છ | ૨૦ | ૦૦ |
| મોરબી | ૦૫ | ૦૨ |
| **કુલ** | **૨૫** | **૦૨** |

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨) વર્ષ ૧૯૫૩ થી ૨૦૧૧ દરમ્યાન ડેમો બનાવવામાં આવેલ છે. ડેમવાર વિગતો પત્રકમાં સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) મોટા અને મધ્યમ ડેમો માટે તાંત્રિક રીતે યોગ્ય અને પોષણક્ષમ સ્થળ ઉપલબ્ધ ન હોઇ, ડેમો બનાવવામાં આવેલ નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| ક્રમ | યોજનાનું નામ | જિલ્લો | વર્ષ |
|---|---|---|---|
| **મોટા ડેમની વિગતો** | | | |
| ૧ | મચ્છુ-૧ | મોરબી | ૧૯૫૮ |
| ૨ | મચ્છુ-૨ | મોરબી | ૧૯૭૨ |
| **મધ્યમ ડેમની વિગતો** | | | |
| ૧ | રૂદ્રમાતા | કચ્છ | ૧૯૭૦ |
| ૨ | કાયલા | કચ્છ | ૧૯૫૫ |
| ૩ | કાસવતી | કચ્છ | ૧૯૭૬ |
| ૪ | ટપ્પર | કચ્છ | ૧૯૭૫ |
| ૫ | કાલાઘોઘા | કચ્છ | ૧૯૮૭ |
| ૬ | ગજોડ | કચ્છ | ૧૯૫૫ |
| ૭ | ડોણ | કચ્છ | ૧૯૮૨ |
| ૮ | કનકાવતી | કચ્છ | ૧૯૫૬ |
| ૯ | મીઠ્ઠી | કચ્છ | ૧૯૮૨ |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | યોજનાનું નામ | જિલ્લો | વર્ષ |
|---|---|---|---|
| ૧૦ | બેરાચીયા | કચ્છ | ૧૯૮૦ |
| ૧૧ | જંગડીયા | કચ્છ | ૧૯૮૨ |
| ૧૨ | નિરોણા | કચ્છ | ૧૯૭૦ |
| ૧૩ | ભુખી | કચ્છ | ૧૯૮૩ |
| ૧૪ | મથલ | કચ્છ | ૧૯૮૮ |
| ૧૫ | ગજણસર | કચ્છ | ૧૯૬૦ |
| ૧૬ | નરા | કચ્છ | ૧૯૮૧ |
| ૧૭ | સાન્નધ્રો | કચ્છ | ૧૯૫૫ |
| ૧૮ | ગોધાતડ | કચ્છ | ૧૯૮૩ |
| ૧૯ | સુવી | કચ્છ | ૧૯૬૯ |
| ૨૦ | ફતેહગઢ | કચ્છ | ૧૯૯૦ |
| ૨૧ | ડેમી-૧ | મોરબી | ૧૯૫૮ |
| ૨૨ | ડેમી-૨ | મોરબી | ૧૯૮૮ |
| ૨૩ | બ્રાહ્મણી-૧ | મોરબી | ૧૯૫૩ |
| ૨૪ | બ્રાહ્મણી-૨ | મોરબી | ૨૦૦૮ |
| ૨૫ | ઘોડાધ્રોઇ | મોરબી | ૧૯૮૯ |

---------

**રાજ્યને જીએસટી કાઉન્સિલ પાસેથી લેવાની બાકી રકમ**

૪૧૭૮૭ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જીએસટી કાઉન્સીલ પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની બાકી છે, અને

(૨) ઉક્ત રકમ સમયસર મળે તે માટે રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ માલ અને સેવા કર પરિષદ પાસેથી નહિ પરંતુ કેન્દ્ર સરકાર પાસેથી રૂ.૧૨૩૧૩.૦૯ કરોડ મળવાપાત્ર છે.

(૨) વળતરની રકમ મેળવવા રાજ્ય સરકાર દ્વારા માલ અને સેવા કર પરિષદની બેઠકોમાં રજૂઆત કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૭૦૪ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| જિલ્લો | મોટા ડેમો | મધ્યમ ડેમો | બાંધકામનું વર્ષ |
|---|---|---|---|
| બનાસકાંઠા | સીપુ | - | ૨૦૦૦ |
| | દાંતીવાડા | - | ૧૯૬૫ |
| | | મુક્તેશ્વર | ૧૯૯૦ |
| રાજકોટ | ભાદર-૧ | - | ૧૯૬૪ |
| | | મોજ | ૧૯૫૬ |
| | | વેણુ-૨ | ૧૯૮૮ |
| | | ફોફળ-૧ | ૧૯૭૯ |
| | | આજી-૧ | ૧૯૫૪ |
| | | આજી-૨ | ૧૯૮૭ |
| | | આજી-૩ | ૧૯૮૯ |
| | | છાપરવાડી-૨ | ૧૯૮૦ |
| | | ગોંડલી | ૧૯૫૬ |

| | | | |
|---|---|---|---|
| | | સુરવો | ૨૦૦૩ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ ન થવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૪૨૦૮૨ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૧) ૨૩૨૨

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) કુલ રૂ. ૩૧૮૨.૦૮ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**વડોદરા બલ્ક પાઈપલાઈન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના**

૪૨૦૫૩ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા બલ્ક પાઈપલાઈન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના અંગે આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત આયોજનની અંદાજીત રકમ કેટલી છે, અને

(૨) યોજનાના પેકેજ-૧ રૂ.૯૮૧૬.૦૭ લાખ ગ્રોસ અને પેકેજ-૨ રૂ.૮૬૩૩.૮૫ લાખ ગ્રોસ.

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) માહે ૦૬/૨૦૨૨ સુધીમાં.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાનું પાણી**

૪૧૮૫૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નર્મદા આધારિત પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે,

(૧) નીચેની વિગતે,

| **અનુ** | **તાલુકો** | **નર્મદા આધારિત પાણી મેળવતા ગામો** |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૨ |
| ૨ | દહેગામ | ૫૩ |
| ૩ | માણસા | ૩૮ |
| ૪ | કલોલ | ૪૨ |

(૨) ઉક્ત સ્થિતિએ નર્મદા આધારિત પીવાના પાણીમાંથી ગેરકાયદેસર જોડાણ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને

(૨) ૦૨ ફરિયાદો.

(૩) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

(૩) ઉક્ત ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**સુરત અને ભરૂચ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૮૨૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને ભરૂચ જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૧)

| **જિલ્લો** | **ડેમની સંખ્યા** | |
|---|---|---|
| | **મધ્યમ** | **મોટા** |

| | | |
|---|---|---|
| સુરત | ૨ (બે) | ૧ (એક) |
| ભરૂચ | ૧ (એક) | ૦ (શૂન્ય) |

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| જિલ્લો | વર્ષ |
|---|---|
| સુરત | મધ્યમ ડેમ :<br>વેર-૨(આમલી) ડેમ : વર્ષ-૧૯૮૪<br>લાખીગામ ડેમ: વર્ષ-૧૯૮૨<br>મોટો ડેમ :<br>કાકરાપાર વિયર ડેમ : વર્ષ-૧૯૫૪ |
| ભરૂચ | મધ્યમ ડેમ :<br>બલદેવા ડેમ : વર્ષ-૧૯૭૯ |

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી.

- - - - - - - - -

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૭૮૪ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે.

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઈ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી કોઈ કર્મચારીઓ ફરજ બજાવતા નથી. જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટસોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧ના માસ માટે બધી એજન્સીઓને કુલ મળીને રૂ. ૧૫૩.૯૬ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) પત્રક-અ મુજબ.

(૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે ભરતી કરવામાં આવતી નથી.

**પત્રક-અ**

| નં. | એજન્સી |
|---|---|
| ૧ | ઇંટીજર ઈન્ફ્રા ટેક પ્રાઈવેટ લિમિટેડ, જામનગર |
| ૨ | ઉમા ઈન્ફ્રાપ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ, ગાંધીનગર |
| ૩ | એંટીક પાવરપ્રાઈવેટ લિમિટેડ, મોરબી |
| ૪ | એચ એન ટી ઈલેક્ટ્રિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વિસનગર |
| ૫ | એસ ડી એમ એંટરપ્રાઈજ પ્રાઈવેટ લિમિટેડ, મોડાસા |
| ૬ | ઓક્જીલિયારી પાવર સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ, પાલનપુર |
| ૭ | ઓનિક્સ સ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, ધોરાજી |
| ૮ | ઓમ પાવર ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૯ | ક્રિશ ટ્રેડકોર્પ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૧૦ | જી પી આઈ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૧૧ | જે જી પાવરકોન પ્રાઈવેટ લિમિટેડ, રાજકોટ |
| ૧૨ | ત્રિપદા એંટરપ્રાઈજ પ્રાઈવેટ લિમિટેડ, આણંદ |
| ૧૩ | ધ્યાની ઈન્ફ્રાસ્ટ્રક્ટર પ્રાઈવેટ લિમિટેડ, પંચોટ, જિલ્લા મહેસાણા |
| ૧૪ | પ્રતીક ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, રાજકોટ |

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| નં. | એજન્સી |
|---|---|
| ૧૫ | બાલાજી ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, પાલનપુર |
| ૧૬ | મે. એસેંટ ઈલેક્ટ્રિફિકેશન એંજિનિયર, જામનગર |
| ૧૭ | મે. વરુણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજકોટ |
| ૧૮ | યુનિવીઝન ઈલેક્ટ્રોટેક પ્રાઈવેટ લિમિટેડ, રાજકોટ |
| ૧૯ | વાસુદેવ એંજિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ, ગાંધીનગર |
| ૨૦ | શ્રીનાથજી ઈલેક્ટ્રિકલ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, ભાવનગર |
| ૨૧ | હાઈ-ટેક્ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, રાજકોટ |
| ૨૨ | યૂનિવર્સલ સિક્યુરીટી સર્વિસિસ એજેંસી, ભાવનગર |
| ૨૩ | ન્યુ ઝેન સિક્યુરીટી, વડોદરા |
| ૨૪ | મનહરી સિક્યુરીટી એજન્સી, અમદાવાદ |
| ૨૫ | નેશનલ સિક્યુરીટી સર્વિસ, રાજકોટ |
| ૨૬ | રવિ એસોસીએટ, રાજકોટ |
| ૨૭ | રતિલાલ મકવાણા, રાજકોટ |
| ૨૮ | મે. ઓમ એન્ટરપ્રાઈઝ |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં આંબાના બગીચાઓમાં કોટેડ કંડક્ટર વાયર નાખવા બાબત**

૪૧૮૩૭ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકાઓમાં નાળીયેર તથા આંબાના બગીચાઓમાં કોટેડ કંડક્ટર વાયર નાખવાની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કોટેડ કંડક્ટર વાયર નાંખવા માટે કયા ફીડરોની પસંદગી કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકાઓ પૈકી માળીયા (હાટીના) તાલુકા હેઠળના ૧૧ કેવી સુખપુર ખેતીવાડી ફીડરમાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત GPRD Cell, GUVNL દ્વારા ડેવલોપ કરવામાં આવેલ સ્પેશીયલ ડીઝાઈન કવચ કંડકટર (MVCC) લગાડવાની કાર્યવાહી ૧૫-૦૧-૨૦૨૧ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) જૂનાગઢ જિલ્લાના માળિયા (હાટીના) તાલુકા હેઠળના ૧૧ કેવી સુખપુર ખેતીવાડી ફીડરની પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી કરવામાં આવેલ છે.

(૩) કામગીરી પૂર્ણ થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૭૭૫ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

- ગીર સોમનાથ જિલ્લામાં ૦૫ મધ્યમ ડેમ આવેલ છે.
- જૂનાગઢ જિલ્લામાં ૦૭ મધ્યમ ડેમ આવેલ છે.

(૨)

- **ગીર સોમનાથ**

| **ક્રમ** | **યોજના** | **વિગત** | **પૂર્ણ થયાનું વર્ષ** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | હિરણ-૧ ડેમ | મધ્યમ | ૧૯૫૯ |
| ૨ | હિરણ-૨ ડેમ | મધ્યમ | ૧૯૮૨ |

| | | | |
|---|---|---|---|
| ૩ | શિંગોડા ડેમ | મધ્યમ | ૧૯૮૦ |
| ૪ | રાવલ ડેમ | મધ્યમ | ૧૯૭૮ |
| ૫ | મચ્છુન્દ્રી ડેમ | મધ્યમ | ૧૯૮૪ |

- **જૂનાગઢ**

| **૧** | **૨** | **૩** | **૪** |
|---|---|---|---|
| ૧ | મધુવંતી | મધ્યમ | ૧૯૭૬ |
| ૨ | ઝાંઝેશ્રી | મધ્યમ | ૧૯૭૫ |
| ૩ | ધ્રાફડ | મધ્યમ | ૧૯૯૭ |
| ૪ | ઉબેણ | મધ્યમ | ૧૯૯૨ |
| ૫ | ઓઝત-૨ | મધ્યમ | ૨૦૧૩ |
| ૬ | ઓઝત વિયર | મધ્યમ | ૧૯૬૨ |
| ૭ | આંબાજળ | મધ્યમ | ૧૯૭૬ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી.

---------

**વડોદરા અને સુરત જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરૂ પાડવા બાબત**

૪૧૮૧૭ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ વડોદરા**

| **અનું** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | વડોદરા | ૮૨ |
| ૨ | પાદરા | ૮૨ |
| ૩ | વાઘોડીયા | ૯૩ |
| ૪ | ડભોઈ | ૧૧૮ |
| ૫ | કરજણ | ૯૩ |
| ૬ | શિનોર | ૪૧ |
| ૭ | સાવલી | ૮૭ |
| ૮ | ડેસર | ૪૯ |

**જિલ્લોઃ સુરત**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | બારડોલી | ૮૧ |
| ૨ | ચોર્યાસી | ૩૭ |
| ૩ | કામરેજ | ૬૮ |
| ૪ | મહુવા | ૬૯ |
| ૫ | માંડવી | ૧૩૩ |
| ૬ | માંગરોળ | ૯૦ |
| ૭ | ઓલપાડ | ૧૦૩ |
| ૮ | પલસાણા | ૪૬ |
| ૯ | ઉમરપાડા | ૬૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) ઉક્ત બંને જિલ્લાના તમામ ગામોને પાઈપલાઈનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઈ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૪૨૦૭૯ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૧) ૪૫૦૦

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) કુલ રૂ. ૯૦૦૪.૩૪ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં બોરવેલ બનાવવા બાબત**

૪૨૦૩૯ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરવેલ બનાવવામાં આવ્યા, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ બોરવેલ બનાવવામાં આવેલ છે.

| બનાસકાંઠા | | | સાબરકાંઠા | |
|---|---|---|---|---|
| **અનુ** | **તાલુકો** | **સંખ્યા** | **તાલુકો** | **સંખ્યા** |
| ૧ | ધાનેરા | ૨૩ | હિંમતનગર | ૩ |
| ૨ | પાલનપુર | ૧૦ | ઈડર | ૬ |
| ૩ | વડગામ | ૯ | ખેડબ્રહ્મા | ૪ |
| ૪ | ડીસા | ૧૩ | પોશીના | ૦ |
| ૫ | લાખણી | ૬ | પ્રાંતિજ | ૦ |
| ૬ | થરાદ | ૩ | તલોદ | ૦ |
| ૭ | ભાભર | ૪ | વડાલી | ૦ |
| ૮ | દિયોદર | ૭ | વિજયનગર | ૧ |
| ૯ | કાંકરેજ | ૫ | - | - |
| | **કુલ** | **૮૦** | **કુલ** | **૧૪** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં પાણીનું સ્તર કેટલું છે ?

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પાણીના સ્તર નીચે મુજબ રહેલ છે.

| બનાસકાંઠા | | | સાબરકાંઠા | |
|---|---|---|---|---|
| **અનુ** | **તાલુકો** | **પાણીનું સ્તર મીટરમાં** | **તાલુકો** | **પાણીનું સ્તર મીટરમાં** |
| ૧ | ધાનેરા | ૧૦૨.૩૫ થી ૧૦૨.૮૫ | હિંમતનગર | ૧૭.૪૦ થી ૨૦.૪૦ |
| ૨ | પાલનપુર | ૩૨.૨૩ થી ૩૯.૬૩ | ઈડર | ૧૨.૯૩ થી ૧૪.૦૬ |
| ૩ | વડગામ | ૧૫૬.૯૫ થી ૧૬૦.૪૭ | ખેડબ્રહ્મા | ૬.૮૨ થી ૯.૦૫ |
| ૪ | ડીસા | ૪૨.૫૯ થી ૪૩.૪ | પોશીના | ૩.૦૫ થી ૬.૮૦ |
| ૫ | લાખણી | ૮૯.૨૫ થી | પ્રાંતિજ | ૩૩.૪૫ થી |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૯૧.૨૧ | | ૩૫.૨૩ |
| ૬ | થરાદ | ૨૧.૩૩ થી ૨૩.૦૭ | તલોદ | ૧૫.૩૮ થી ૧૮.૭૯ |
| ૭ | ભાભર | ૨૬.૯૪ થી ૨૭.૭૬ | વડાલી | ૨૫.૨૫ થી ૨૫.૭૧ |
| ૮ | કાંકરેજ | ૧૮૦ થી ૨૨૦ | વિજયનગર | ૪.૯૩ થી ૭.૦૬ |
| ૯ | અમીરગઢ | ૨૨.૦૬ થી ૨૨.૨ | - | |
| ૧૦ | દાંતા | ૧૫.૩૧ થી ૧૬.૪૬ | - | |
| ૧૧ | દાંતીવાડા | ૧૭.૮૮ થી ૨૪.૮ | - | |

\- - - - - - - - -

**નવસારી જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ**

૪૨૦૪૯ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ હસ્તકના કેટલા હેન્ડપંપ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ હેન્ડપંપના રીપેરીંગ માટે કેટલી ટીમો કાર્યરત છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ૧૮૬૮૮ હેન્ડપંપ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ હેન્ડપંપના રીપેરીંગ માટે ૦૮(આઠ) ટીમો કાર્યરત છે.

\- - - - - - - - -

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદ કરાર**

૪૧૭૯૮ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧માં રૂ.૨.૮૯ અને બીડ-૨માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત કરાર બાદ યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તે પૈકી ચૂકવવામાં આવેલ ટેરિફની વિગત આ મુજબ છે.

| **માસ** | **૨૦૨૦** | | | **૨૦૨૧ (પ્રોવી.)** | | |
|---|---|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટસ** | **ફિક્સ કોસ્ટ પેટે ચૂકવેલ રકમ (રૂ-કરોડ)** | **વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર** | **મિલિયન યુનિટસ** | **ફિક્સ કોસ્ટ પેટે ચૂકવેલ રકમ (રૂ-કરોડ)** | **વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર** |
| જાન્યુઆરી | ૬૨૫ | ૬૧ | ૨.૮૫ | ૭૫૫ | ૪૯ | ૨.૪૯ |
| ફેબ્રુઆરી | ૭૩૮ | ૬૯ | ૨.૮૫ | ૩૮૪ | ૪૪ | ૨.૬૦ |
| માર્ચ | ૫૩૮ | ૬૭ | ૨.૯૧ | ૪૩૨ | ૬૦ | ૨.૮૩ |
| એપ્રિલ | ૫૩ | ૪૮ | ૨.૬૮ | ૭૮૩ | ૬૦ | ૨.૯૬ |
| મે | ૩૨૪ | ૬૦ | ૨.૭૯ | ૫૧૭ | ૫૮ | ૩.૧૨ |
| જૂન | ૩૬૬ | ૫૮ | ૨.૬૦ | ૬૪૮ | ૫૮ | ૩.૨૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જુલાઇ | ૬૯૨ | ૬૦ | ૨.૩૧ | ૩૦૩ | ૪૯ | ૩.૩૩ |
| ઓગસ્ટ | ૪૮૦ | ૪૯ | ૨.૦૪ | ૪૯૩ | ૪૯ | ૩.૩૯ |
| સપ્ટેમ્બર | ૭૪૫ | ૫૮ | ૨.૦૫ | ૨૪૩ | ૫૭ | ૩.૩૯ |
| ઓક્ટોબર | ૮૮૧ | ૬૦ | ૨.૦૦ | ૩૭૯ | ૪૫ | ૪.૩૮ |
| નવેમ્બર | ૭૬૨ | ૫૮ | ૨.૧૧ | ૧૬૪ | ૫૬ | ૩.૨૫ |
| ડિસેમ્બર | ૭૯૨ | ૬૦ | ૨.૨૪ | ૪૫૦ | ૭૨ | ૩.૪૫ |

તદુપરાંત, અદાણી પાવર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦ થી જુલાઇ-૨૦૨૧ દરમ્યાન રજૂ કરેલ વીજ સપ્લાય બીલમાંથી GUVNL દ્વારા કપાત કરેલ રકમની ચૂકવણી સંદર્ભે, નામ. કેન્દ્રિય વીજ નિયમન આયોગ (CERC)ના હુકમ મુજબ રૂ. ૪૭૫ કરોડ ચૂકવવામાં આવેલ છે. ઉકત વીજ પ્રોજેક્ટ આયાતી કોલસા આધારિત હોઇ, વર્ષ ૨૦૧૧ પછી ઇન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર ઉક્ત વીજ કંપની દ્વારા પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું. જેને ધ્યાનમાં લઇને રાજ્ય સરકાર દ્વારા એક હાઇ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. રાજ્ય સરકાર દ્વારા તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) દ્વારા નીતિવિષયક નિર્ણયથી હાઇ પાવર કમિટીની ભલામણોને, થોડા સુધારા સાથે સ્વીકારીને વીજ ખરીદીના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત નિર્દેશ મુજબ તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે (તા.૦૨-૦૨-૨૦૦૭ અને તા.૦૬-૦૨-૨૦૦૭ ના વીજ કરાર માટે) સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ (CERC) દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ અને તે મુજબ GUVNL દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે વીજ ટેરિફમાં વધારાની ચૂકવણી કરવામાં આવેલ.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા ઓક્ટોબર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર મુજબના વીજદર પોસાતા ન હોવાનું જણાવવામાં આવેલ અને વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ. વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ના થાય તથા ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થી અને રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ઇન્ટરીમ એરેન્જમેન્ટ હેઠળ રૂ.૪.૫૦/યુનિટના ફિક્સ એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસીટી ચાર્જના દરે વીજળી ખરીદવાનું નક્કી કરવામાં આવેલ. જે અંતર્ગત અદાણી પાવર પાસેથી ઉપરોક્ત પૈકી તા.૧૭-૧૦-૨૦૨૧ થી તા.૦૫-૧૧-૨૦૨૧ સુધીના સમયગાળા માટે ૪૧૩.૪૮ મિલિયન યુનિટ વીજળી ખરીદવામાં આવેલ.

---------

અતારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના અને આયુષ્યમાન ભારત યોજનાના લાભાર્થીઓ**

૪૧૭૬૭ **વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના અને આયુષ્યમાન ભારત યોજના અન્વયે કેટલા લાભાર્થીઓએ સારવાર મેળવી, અને

**જવાબ**

(૧) **જામનગર જિલ્લોઃ**

| **વર્ષ** | **મા** | **મા વાત્સલ્ય** | **આયુષ્યમાન ભારત** |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૨,૩૪૭ | ૧૦,૨૧૯ | ૧,૨૬૫ |
| ૨૦૨૧ | ૫૪૮ | ૩,૩૨૩ | ૫૯૯ |
| **કુલ** | **૨,૮૯૫** | **૧૩,૫૪૨** | **૧,૮૬૪** |

**દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ**

| **વર્ષ** | **મા** | **મા વાત્સલ્ય** | **આયુષ્યમાન ભારત** |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૬૦૩ | ૩,૫૧૧ | ૪૮૬ |
| ૨૦૨૧ | ૧૨૧ | ૧,૨૪૮ | ૧૯૫ |
| **કુલ** | **૭૨૪** | **૪,૭૫૯** | **૬૮૧** |

(૨) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લાવાર કઈ હોસ્પિટલને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨) પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | મા અમૃતમ યોજના અન્વયે ચૂકવવામાં આવેલ રકમ રૂ. માં | | મા વાત્સલ્ય યોજના અન્વયે ચૂકવવામાં આવેલ રકમ રૂ. માં | | આયુષ્યમાન ભારત યોજના અન્વયે ચૂકવવામાં આવેલ રકમ રૂ.માં | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | **૨૦૨૦** | **૨૦૨૧** | **૨૦૨૦** | **૨૦૨૧** | **૨૦૨૦** | **૨૦૨૧** |
| ૧ | જામનગર | બરોડા હાર્ટ ઈન્સ્ટિટ્યુટ | ૪૬,૧૮,૧૯૫ | ૪૬,૯૪,૨૫૦ | ૨,૭૫,૧૩,૮૬૫ | ૪,૩૯,૯૦,૧૮૦ | ૪૦,૪૭,૨૧૦ | ૭૩,૨૦,૬૨૫ |
| ૨ | જામનગર | ગોકુલ ન્યુટેક મેડિકેર પ્રાઈવેટ લિમિટેડ | ૦ | ૦ | ૫૧,૫૨૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | જામનગર | ગુરુ ગોવિંદસિંહ સિવિલ હોસ્પિટલ | ૬૧,૩૪,૧૦૦ | ૮૫,૭૨,૯૦૦ | ૧,૫૬,૩૦,૫૯૮ | ૩,૨૧,૯૩,૭૪૭ | ૫૧,૬૫,૦૬૦ | ૬૫,૪૭,૪૦૦ |
| ૪ | જામનગર | જામનગર ક્રીટીકલ કેર સેન્ટર પ્રા.લિ. | ૧૦,૩૧,૬૫૧ | ૯,૭૧,૭૦૦ | ૧,૦૮,૪૬,૨૪૯ | ૧,૦૮,૧૦,૯૨૪ | ૭,૪૬,૦૫૦ | ૧૭,૧૩,૫૩૭ |
| ૫ | જામનગર | શ્રી આનંદબાવા કિડની ડાયાલિસિસ સેન્ટર | ૧૩,૩૮,૬૦૦ | ૯,૨૦,૦૦૦ | ૭૬,૮૬,૩૦૦ | ૪૯,૬૧,૧૦૦ | ૧૦,૦૦,૫૦૦ | ૫,૨૯,૦૦૦ |
| **કુલ (જામનગર)** | | | **૧,૩૧,૨૨,૫૪૬** | **૧,૫૧,૫૮,૮૫૦** | **૬,૧૭,૨૮,૫૩૨** | **૯,૧૯,૫૫,૯૫૧** | **૧,૦૯,૫૮,૮૨૦** | **૧,૬૧,૧૦,૫૬૨** |
| ૬ | દેવભૂમિ દ્વારકા | જનરલ હોસ્પિટલ, જામખંભાળીયા | ૧૪,૮૧,૮૯૦ | ૯,૨૯,૯૪૦ | ૮૦,૨૮,૯૫૫ | ૧,૦૨,૩૫,૪૨૦ | ૧૬,૧૫,૫૭૦ | ૧૮,૯૧,૩૪૦ |
| ૭ | દેવભૂમિ દ્વારકા | રાણીંગા ઓર્થોપેડિક હોસ્પિટલ | ૧,૯૨,૦૦૦ | ૪૦,૦૦૦ | ૬,૭૦,૦૦૦ | ૯૭,૦૦૦ | ૨,૬૯,૦૦૦ | ૬૫,૦૦૦ |
| ૮ | દેવભૂમિ દ્વારકા | સાકેત હોસ્પિટલ | ૭,૬૯,૬૧૬ | ૧૭,૬૫,૨૬૧ | ૭૫,૧૯,૩૮૦ | ૧,૯૬,૮૩,૫૮૯ | ૧૨,૪૩,૮૮૩ | ૩૧,૦૮,૮૫૧ |
| **કુલ (દેવભૂમિ દ્વારકા)** | | | ૨૪,૪૩,૫૦૬ | ૨૭,૩૫,૨૦૧ | ૧,૬૨,૧૮,૩૩૫ | ૩,૦૦,૧૬,૦૦૯ | ૩૧,૨૮,૪૫૩ | ૫૦,૬૫,૧૯૧ |
| **કુલ (જામનગર + દેવભૂમિ દ્વારકા)** | | | ૧,૫૫,૬૬,૦૫૨ | ૧,૭૮,૯૪,૦૫૧ | ૭,૭૯,૪૬,૮૬૭ | ૧૨,૧૯,૭૧,૯૬૦ | ૧,૪૦,૮૭,૨૭૩ | ૨,૧૧,૭૫,૭૫૩ |

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | મા અમૃતમ યોજના અન્વયે ચૂકવવામાં આવેલ રકમ રૂ. માં | | મા વાત્સલ્ય યોજના અન્વયે ચૂકવવામાં આવેલ રકમ રૂ. માં | | આયુષ્યમાન ભારત યોજના અન્વયે ચૂકવવામાં આવેલ રકમ રૂ.માં | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૦ | ૨૦૨૧ |
| | | કુલ | ૩,૩૪,૬૦,૧૦૩ | | ૧૯,૯૯,૧૮,૮૨૭ | | ૩,૫૨,૬૩,૦૨૬ | |

\- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ**

૪૨૦૯૬ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીને પહોંચી વળવા ગાંધીનગર જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ લેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ધન્વંતરી રથની સેવાનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગાંધીનગર જિલ્લામાં કુલ ૩,૩૬,૪૯૨ વ્યક્તિઓએ લાભ લીધો.

\- - - - - - - - -

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ**

૪૧૭૧૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. સાથે તા.૦૬-૦૨-૨૦૦૭ તથા તા.૦૨-૦૨-૨૦૦૭ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત કયા દરે અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદવાના એગ્રીમેન્ટ થયેલ છે,

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. (GUVNL) દ્વારા અદાણી પાવર મુન્દ્રા લિ. સાથે બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત રૂ.૨.૮૯/યુનિટ અને રૂ.૨.૩૫/યુનિટના લેવલાઇઝડ ટેરીફે વીજ ખરીદીના એગ્રીમેન્ટ થયેલ છે.

(૩) અને (૪) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તે પૈકી ચૂકવવામાં આવેલ ટેરીફ અને રકમની વિગત નીચે મુજબ છે :

| માસ | ૨૦૨૦ | | | | |
|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટસ | ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર | વેરીએબલ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | કુલ રકમ (રૂ-કરોડ) |
| જાન્યુઆરી | ૬૨૫ | ૬૧ | ૨.૮૫ | ૧૭૮ | ૨૩૯ |
| ફેબ્રુઆરી | ૭૩૮ | ૬૯ | ૨.૮૫ | ૨૧૦ | ૨૭૯ |
| માર્ચ | ૫૩૮ | ૬૭ | ૨.૯૧ | ૧૫૬ | ૨૨૩ |
| એપ્રિલ | ૫૩ | ૪૮ | ૨.૬૮ | ૧૪ | ૬૨ |
| મે | ૩૨૪ | ૬૦ | ૨.૭૯ | ૯૦ | ૧૫૦ |
| જૂન | ૩૬૬ | ૫૮ | ૨.૬૦ | ૯૫ | ૧૫૩ |
| જુલાઇ | ૬૯૨ | ૬૦ | ૨.૩૧ | ૧૬૦ | ૨૨૦ |
| ઓગસ્ટ | ૪૮૦ | ૪૯ | ૨.૦૪ | ૯૮ | ૧૪૭ |
| સપ્ટેમ્બર | ૭૪૫ | ૫૮ | ૨.૦૫ | ૧૫૩ | ૨૧૧ |
| ઓક્ટોબર | ૮૮૧ | ૬૦ | ૨.૦૦ | ૧૭૬ | ૨૩૬ |
| નવેમ્બર | ૭૬૨ | ૫૮ | ૨.૧૧ | ૧૬૧ | ૨૧૯ |
| ડિસેમ્બર | ૭૯૨ | ૬૦ | ૨.૨૪ | ૧૭૭ | ૨૩૭ |

| માસ | ૨૦૨૧ (પ્રોવી.) |
|---|---|

| | મિલિયન યુનિટસ | ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર | વેરીએબલ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | કુલ રકમ (રૂ-કરોડ) |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૭૫૫ | ૪૯ | ૨.૪૯ | ૧૮૮ | ૨૩૭ |
| ફેબ્રુઆરી | ૩૮૪ | ૪૪ | ૨.૬૦ | ૧૦૦ | ૧૪૪ |
| માર્ચ | ૪૩૨ | ૬૦ | ૨.૮૩ | ૧૨૨ | ૧૮૨ |
| એપ્રિલ | ૭૮૩ | ૬૦ | ૨.૯૬ | ૨૩૨ | ૨૯૨ |
| મે | ૫૧૭ | ૫૮ | ૩.૧૨ | ૧૬૧ | ૨૧૯ |
| જૂન | ૬૪૮ | ૫૮ | ૩.૨૫ | ૨૧૧ | ૨૬૯ |
| જુલાઇ | ૩૦૩ | ૪૯ | ૩.૩૩ | ૧૦૧ | ૧૫૦ |
| ઓગસ્ટ | ૪૯૩ | ૪૯ | ૩.૩૯ | ૧૬૭ | ૨૧૬ |
| સપ્ટેમ્બર | ૨૪૩ | ૫૭ | ૩.૩૯ | ૮૨ | ૧૩૯ |
| ઓક્ટોબર | ૩૭૯ | ૪૫ | ૪.૩૮ | ૧૬૬ | ૨૧૧ |
| નવેમ્બર | ૧૬૪ | ૫૬ | ૩.૨૫ | ૫૩ | ૧૦૯ |
| ડિસેમ્બર | ૪૫૦ | ૭૨ | ૩.૪૫ | ૧૫૫ | ૨૨૭ |

તદુપરાંત, અદાણી પાવર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦ થી જુલાઇ-૨૦૨૧ દરમ્યાન રજૂ કરેલ વીજ સપ્લાય બીલમાંથી G U V N L દ્વારા કપાત કરેલ રકમની ચૂકવણી સંદર્ભે, નામ. કેન્દ્રિય વીજ નિયમન આયોગ (C E R C)ના હુકમ મુજબ રૂ. ૪૭૫ કરોડ ચૂકવવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

૪૨૦૬૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૫ (પાંચ) |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૨૦૦.૩૭ લાખ |

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૮૦૧ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | મોટા ડેમો | મધ્યમ ડેમો |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૦ | ૦ |
| ૨ | મહીસાગર | ૧ | ૨ |

(૨)

| અ.નં. | જિલ્લો | ડેમનું નામ | ડેમનો પ્રકાર | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | કડાણા | મોટો | ૧૯૭૯ |
| | | વણાકબોરી વિયર | મધ્યમ | ૧૯૫૮ |

(૩) તાંત્રિક રીતે યોગ્ય અને આર્થિક રીતે પોષણક્ષમ સ્થળ ન મળવાનાં કારણે ડેમો બનાવવામાં આવેલ ન હોઇ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યાં શક્ય છે ત્યાં મોટા પ્રમાણમાં ચેકડેમો બનાવવામાં આવ્યા છે.

---------

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખામંડળ જૂથ પાણી પુરવઠા યોજના**

૪૨૦૫૮ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખામંડળ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત આયોજનની અંદાજીત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૬૩૭૮.૨૭ લાખ ગ્રોસ |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે મે-૨૦૨૨ સુધીમાં |

---------

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૯૫ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) **જિલ્લોઃ- આણંદ**

| અનુ | તાલુકો | પાઈપલાઈનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૧ |
| ૨ | ઉમરેઠ | ૩૯ |
| ૩ | બોરસદ | ૬૫ |
| ૪ | આંકલાવ | ૩૩ |
| ૫ | પેટલાદ | ૫૫ |
| ૬ | સોજીત્રા | ૨૧ |
| ૭ | ખંભાત | ૬૧ |
| ૮ | તારાપુર | ૪૨ |

**જિલ્લોઃ પંચમહાલ**

| અનુ | તાલુકો | પાઈપલાઈનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૧૩ |
| ૨ | મોરવા (હ) | ૫૧ |
| ૩ | કાલોલ | ૬૭ |
| ૪ | હાલોલ | ૧૧૯ |
| ૫ | જાંબુઘોડા | ૫૫ |
| ૬ | ઘોઘંબા | ૯૫ |
| ૭ | શહેરા | ૯૦ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે,

**જવાબ**

(૨) **જિલ્લોઃ- આણંદ**

આણંદ જિલ્લાના તમામ ગામોને પાઇપલાઇનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જિલ્લોઃ પંચમહાલ**

| અનુ | તાલુકો | પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવાના બાકી ગામો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૦ |
| ૨ | મોરવા (હ) | ૦ |
| ૩ | કાલોલ | ૦ |
| ૪ | હાલોલ | ૧ |

| | | |
|---|---|---|
| ૫ | જાંબુઘોડા | ૦ |
| ૬ | ઘોઘંબા | ૦ |
| ૭ | શહેરા | ૦ |

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઈ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) **જિલ્લોઃ- આણંદ**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જિલ્લોઃ પંચમહાલ**

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ભુવાડુંગરી ગામને હેન્ડપંપ દ્વારા પૂરતું અને પીવાલાયક પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

(૪) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) **જિલ્લોઃ- આણંદ**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જિલ્લોઃ પંચમહાલ**

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ભુવાડુંગરી ગામને માહે ૦૬/૨૦૨૨ સુધીમાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

૪૨૦૭૧ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૧) ૯ (નવ)

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) ૩.૪૨૩૯૧.૬૩ લાખ

- - - - - - - - -

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૯૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

(૧) **જિલ્લોઃ ભાવનગર**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૫૧ |
| ૨ | ઘોઘા | ૪૬ |
| ૩ | તળાજા | ૧૧૧ |
| ૪ | મહુવા | ૧૧૩ |
| ૫ | જેસર | ૩૮ |
| ૬ | ગારિયાધાર | ૪૮ |
| ૭ | પાલિતાણા | ૮૧ |
| ૮ | શિહોર | ૭૮ |
| ૯ | વલ્લભીપુર | ૫૫ |
| ૧૦ | ઉમરાળા | ૪૦ |

**જિલ્લોઃ અમરેલી**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | લાઠી | ૪૯ |
| ૨ | લીલીયા | ૩૬ |
| ૩ | બાબરા | ૫૬ |

| | | |
|---|---|---|
| ૫ | અમરેલી | ૭૧ |
| ૬ | બગસરા | ૩૧ |
| ૭ | ધારી | ૭૫ |
| ૮ | ખાંભા | ૫૭ |
| ૯ | રાજુલા | ૭૨ |
| ૧૦ | જાફરાબાદ | ૪૨ |
| ૧૧ | કુકાવાવ | ૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) ઉક્ત બંને જિલ્લાના તમામ ગામોને પાઈપલાઈનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઈ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ**

૪૨૦૯૪ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીને પહોંચી વળવા કચ્છ જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ લેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ઉકત શહેરમાં ધન્વંતરી રથની સેવાનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કચ્છ જિલ્લામાં કુલ ૧૬,૭૪,૧૧૨ વ્યક્તિઓએ લાભ લીધો.

- - - - - - - - -

**અમદાવાદ શહેરની ખાનગી હોસ્પિટલોને કોવિડ મહામારીમાં સરકાર હસ્તક લેવા બાબત**

૪૧૯૨૯ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧/૦૪/૨૦૨૦ થી ૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં અમદાવાદ શહેરની કઈ ખાનગી હોસ્પિટલોને કોવિડ મહામારી માટે સરકાર હસ્તક લેવામાં આવી હતી, અને

(૨) ઉક્ત હોસ્પિટલોને ઉક્ત સારવારની ચૂકવણી માટે સરકારે મ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલી રકમ આપી ?

**જવાબ**

(૧) તા.૦૧/૦૪/૨૦૨૦ થી ૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં અમદાવાદ શહેરની કોઠીયા હોસ્પિટલ, નિકોલ અમદાવાદને સરકારશ્રી વતી શ્રીમતી શારદાબેન મ્યુનિસિપલ હોસ્પિટલ હસ્તક લેવામાં આવી હતી.

- આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડેઝીગ્નેટ કરેલ પ્રાઈવેટ હોસ્પિટલની કુલ પથારી પૈકી વધુમાં વધુ ૫૦% પથારીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કોટા અંતર્ગત રીઝર્વ રાખવામાં આવેલ અને દર્દીઓને ઉક્ત પથારીમાં મફત સારવાર આપેલ છે. જેની યાદી *પત્રક-૧ માં સામેલ રાખેલ છે.

(૨) તા.૦૧/૦૪/૨૦૨૦ થી ૩૧/૦૧/૨૦૨૨ના સમયગાળા માટે આરોગ્ય વિભાગ દ્વારા કોવિડ-૧૯ અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને૬૭૮,૩૦,૮૪૦૦૦/- (અંકે રૂપિયા છસો અઠ્યોતેર કરોડ ત્રીસ લાખ ચોર્યાસી હજાર પુરા) ની રકમ આપેલ છે.

- સદર ગ્રાન્ટમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જરૂરિયાત મુજબ હોસ્પિટલોને

રકમ ફાળવણી કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**દહેજ બંદર પર પેટ્રોનેટ દ્વારા આયાત થતો ગેસ**

૪૧૪૧૯ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દહેજ બંદર પર પેટ્રોનેટ દ્વારા આયાત થતા લીકવીડ નેચરલ ગેસમાંથી ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનને ગેસની પ્રાપ્તિ થાય છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશન પેટ્રોનેટ દ્વારા કેટલા મિલિયન બ્રિટીશ થર્મલ યુનિટ ગેસ પ્રાપ્ત થયો, અને

(૩) ઉક્ત જથ્થાનો ક્યા ક્યા હેતુસર ઉપયોગ લેવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પેટ્રોનેટ એલએનજી પાસે જીએસપીસી એ ખરીદ કરેલ ગેસની વિગત.

| **વર્ષ** | **જથ્થો (મેટ્રીક મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટમાં)** |
|---|---|
| વર્ષ ૨૦૨૦ | ૧૫,૬૮,૨૪૦ |
| વર્ષ ૨૦૨૧ | ૧૧,૭૬,૧૮૦ |

(૩) ઉક્ત જથ્થાનો જીએસપીસી દ્વારા નીચે મુજબના હેતુઓ માટે ઉપયોગ કરેલ છે.

| **સેકટર** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧** |
|---|---|---|
| સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન | ૩૯% | ૫૫% |
| ફર્ટીલાઇઝર | ૧૯% | ૨૩% |
| પાવર | ૨૫% | ૦૩% |
| રીફાઇનરી | ૦૫% | ૦૬% |
| પેટ્રોકેમ | ૦૨% | ૦૧% |
| અન્ય | ૧૦% | ૧૨% |

- - - - - - - - -

**ખેડા અને વલસાડ જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ**

૪૧૮૦૪ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કૃષિવિષયક વીજ જોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) તે પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી કેટલી અરજીઓ જિલ્લાવાર પડતર છે, અને

(૩) ઉક્ત બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| **જિલ્લો** | **પડતર અરજીઓની સંખ્યા** | | **એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **કૃષિવિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** | **કૃષિવિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** |
| ખેડા | ૧૩૯૭ | ૩ | ૬૫ | ૦ |

(૩) **કૃષિવિષયક વીજ જોડાણ:-**

ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ, ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં

આવશે.

**કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ:-**

પડતર રહેલ ૩ અરજીઓમાં અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ હોય કામ પ્રગતિમાં છે.

- - - - - - - - -

**મોરબી અને અમદાવાદ જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૫૬ **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મોરબી અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) **જિલ્લોઃ મોરબી**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | મોરબી | ૯૧ |
| ૨ | માળીયા | ૪૩ |
| ૩ | હળવદ | ૬૬ |
| ૪ | ટંકારા | ૪૭ |
| ૫ | વાકાંનેર | ૯૮ |

**જિલ્લોઃ અમદાવાદ**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | બાવળા | ૪૫ |
| ૨ | દસક્રોઈ | ૬૨ |
| ૩ | દેત્રોજ | ૫૫ |
| ૪ | ધંધુકા | ૪૨ |
| ૫ | ધોલેરા | ૩૩ |
| ૬ | ધોળકા | ૭૦ |
| ૭ | માંડલ | ૩૭ |
| ૮ | સાણંદ | ૭૧ |
| ૯ | વિરમગામ | ૬૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) ઉક્ત બંને જિલ્લાના તમામ ગામોને પાઈપલાઈનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઈ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી ગામોને કયાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં કરજણ જળાશય યોજના**

૪૨૧૦૯ **શ્રી અરુણસિંહ રણા** (વાગરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લા સ્થિત કરજણ જળાશય યોજનાની કેટલી નહેરોની નવિનીકરણની કામગીરી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લા સ્થિત કરજણ જળાશય યોજનાની નહેરોની નવિનીકરણની નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવામાં આવી.

| **જિલ્લો** | **કામગીરી** | **કામોની સંખ્યા** |
|---|---|---|
| નર્મદા | કરજણ જળાશય યોજનાની ડાબા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૦ થી ૨૧૧૫૦ મી. સુધીના નહેરોના | ૩ |

| | | |
|---|---|---|
| | નવિનીકરણના કામો | |
| ભરૂચ | કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૨૧૧૫૦ થી ૨૯૩૧૫ મી. સુધીની નહેરોના નવિનીકરણના કામો | ૧ |
| | **કુલ** | **૪** |

(૨)ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨)

| **જિલ્લો** | **કામગીરી** | **થયેલ ખર્ચ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| નર્મદા | કરજણ જળાશય યોજનાની ડાબા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૦ થી ૨૧૧૫૦ મી. સુધીના નહેરોના નવિનીકરણના કામો | ૨૧.૧૭ |
| ભરૂચ | કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૨૧૧૫૦ થી ૨૯૩૧૫ મી. સુધીની નહેરોના નવિનીકરણના કામો | ૬.૧૧ |
| | **કુલ** | **૨૭.૨૮** |

ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ રૂ.૨૭.૨૮ કરોડનો ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

## ગાંધીનગર ખાતે સાબરમતી નદીના વિકાસની યોજના

૪૨૧૧૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર ખાતે સાબરમતી નદીના વિકાસની કઈ યોજના કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ શાહપુર બ્રિજથી ગીફ્ટ સિટી સુધી બેંક પ્રોટેક્શનની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) શાહપુર બ્રિજથી ગીફ્ટ સિટી સુધી બેંક પ્રોટેક્શનની યોજનાનો અંદાજિત ખર્ચ કેટલો છે ?

**જવાબ**

(૧) શાહપુર બ્રિજથી ગીફ્ટ સિટી સુધી બેંક પ્રોટેક્શનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

(૨) તાંત્રિક મંજૂરીની પ્રક્રિયા હેઠળ.

(૩) અંદાજિત ખર્ચ રૂ.૩૬૦.૦૦ કરોડ.

- - - - - - - - -

## ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલો તૂટવા બાબત

૪૧૩૯૨ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧/૦૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કઈ કઈ કેનાલો કેટલીવાર તૂટવાના બનાવો બન્યા,

**જવાબ**

(૧) તા.૦૧/૦૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં નીચે જણાવેલ વિગતે કેનાલો તૂટવાના બનાવો બન્યા છે.

| **અ.નં.** | **વર્ષ** | **જિલ્લો** | **કેનાલનું નામ** | **કેનાલ તૂટવાના બનાવોની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | આણંદ | ચિખલીયા ડિસ્ટ્રી | ૦૧ |
| ૨ | | | ખંભાત શાખા | ૦૧ |
| ૩ | | | અહીમા માઈનોર | ૦૧ |
| ૪ | | | સુરકુવા માઈનોર | ૦૧ |
| | | | **કુલ** | **૦૪** |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | આણંદ | ગોલાણા ડિસ્ટ્રી | ૦૧ |
| ૨ | | | ચિખોદરા વિશાખા | ૦૧ |
| ૩ | | | સબ માઈનોર-૫ જમણી એક્ષ.વાસદ વિશાખા | ૦૧ |
| ૪ | | ખેડા | મહીશા ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ | ૦૧ |
| **કુલ** | | | | **૦૪** |

(૨) ઉક્ત કેનાલો તૂટવાના કારણે ખેતીલાયક જમીનમાં પાણી ભરાઈ જવાથી પાકને નુકશાન થવાના કેટલા કિસ્સાઓ બન્યા, અને

(૨) કેનાલો તૂટવાના બનાવોને કારણે જમીનમાં પાણી ભરાઈ જવાથી પાકને નુકશાન થવાના કોઈ કિસ્સાઓ બન્યા નથી.

(૩) ઉક્ત નુકશાન પેટે ખેડૂતોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૭૧૮ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી કોઇ કર્મચારીઓ ફરજ બજાવતા નથી જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટસોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧નાં માસ માટે બધી એજન્સીઓને કુલ મળીને રૂપિયા ૫૩.૮૫ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) પત્રક-અ મુજબ.

(૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવતી નથી.

**પત્રક-અ**

| અ.નં. | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. |
|---|---|
| ૧ | અંકુઠા પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૨ | ઉમા ઇન્ફ્રાપ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ, ગાંધીનગર |
| ૩ | એચ એન ટી ઇલેક્ટ્રિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વિસનગર |
| ૪ | એસ ડી એમ એંટરપ્રાઇઝ પ્રાઈવેટ લિમિટેડ, મોડાસા |
| ૫ | ઓમ પાવર ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૬ | કીન્ટેક સીનર્જી (પ્રાઈવેટ) લિમિટેડ, અમદાવાદ |
| ૭ | કે ઇ ટ્રાન્સમિશન પ્રાઈવેટ લિમિટેડ, વિજાપુર |
| ૮ | ચામુંડા ઇલેક્ટ્રિકલ પ્રાઈવેટ લિમિટેડ,પાલનપુર |
| ૯ | તક્ષ એગ્રો અને ઇલેક્ટ્રિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વિસનગર |
| ૧૦ | બાલાજી ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, પાલનપુર |
| ૧૧ | વાસુદેવ એંજિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ, ગાંધીનગર |
| ૧૨ | શ્રી નિજાનંદ પાવર કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, મોડાસા |
| ૧૩ | ભક્તિ મેનેજમેન્ટ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, ગાંધીનગર |
| ૧૪ | ભક્તિ કન્સલ્ટેંટ, ગાંધીનગર |

| ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. | |
|---|---|
| ૧ | ટીપટોપ સિક્યુરિટી એજન્સી |
| ૨ | ઓમ સાઈ એન્ટરપ્રાઈઝ |

- - - - - - - - -

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદ કરાર**

૪૧૭૭૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧ માં રૂ.૨.૮૯ અને બીડ-૨માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કરાર બાદ યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તે પૈકી ચૂકવવામાં આવેલ ટેરિફની વિગત આ મુજબ છે :

| માસ | ૨૦૨૦ | | | ૨૦૨૧ (પ્રોવી.) | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ | ફિક્સ કોસ્ટ પેટે ચૂકવેલ રકમ (રૂ.કરોડ) | વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર | મિલિયન યુનિટ | ફિક્સ કોસ્ટ પેટે ચૂકવેલ રકમ (રૂ.કરોડ) | વેરીએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૬૨૫ | ૬૧ | ૨.૮૫ | ૭૫૫ | ૪૯ | ૨.૪૯ |
| ફેબ્રુઆરી | ૭૩૮ | ૬૯ | ૨.૮૫ | ૩૮૪ | ૪૪ | ૨.૬૦ |
| માર્ચ | ૫૩૮ | ૬૭ | ૨.૯૧ | ૪૩૨ | ૬૦ | ૨.૮૩ |
| એપ્રિલ | ૫૩ | ૪૮ | ૨.૬૮ | ૭૮૩ | ૬૦ | ૨.૯૬ |
| મે | ૩૨૪ | ૬૦ | ૨.૭૯ | ૫૧૭ | ૫૮ | ૩.૧૨ |
| જૂન | ૩૬૬ | ૫૮ | ૨.૬૦ | ૬૪૮ | ૫૮ | ૩.૨૫ |
| જુલાઇ | ૬૯૨ | ૬૦ | ૨.૩૧ | ૩૦૩ | ૪૯ | ૩.૩૩ |
| ઓગસ્ટ | ૪૮૦ | ૪૯ | ૨.૦૪ | ૪૯૩ | ૪૯ | ૩.૩૯ |
| સપ્ટેમ્બર | ૭૪૫ | ૫૮ | ૨.૦૫ | ૨૪૩ | ૫૭ | ૩.૩૯ |
| ઓક્ટોબર | ૮૮૧ | ૬૦ | ૨.૦૦ | ૩૭૯ | ૪૫ | ૪.૩૮ |
| નવેમ્બર | ૭૬૨ | ૫૮ | ૨.૧૧ | ૧૬૪ | ૫૬ | ૩.૨૫ |
| ડિસેમ્બર | ૭૯૨ | ૬૦ | ૨.૨૪ | ૪૫૦ | ૭૨ | ૩.૪૫ |

તદુપરાંત, અદાણી પાવર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦ થી જુલાઈ-૨૦૨૧ દરમ્યાન રજૂ કરેલ વીજ સપ્લાય બીલમાંથી GUVNL દ્વારા કપાત કરેલ રકમની ચૂકવણી સંદર્ભે નામ. કેન્દ્રિય વીજ નિયમન આયોગ (CERC)ના હુકમ મુજબ રૂ.૪૭૫ કરોડ ચૂકવવામાં આવેલ છે.

ઉક્ત વીજ પ્રોજેક્ટ આયાતી કોલસા આધારિત હોઇ, વર્ષ ૨૦૧૧ પછી ઈન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર ઉક્ત વીજ કંપની દ્વારા પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું. જેને ધ્યાનમાં લઇને રાજ્ય સરકાર દ્વારા એક હાઇ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. રાજ્ય સરકાર દ્વારા તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) દ્વારા નીતિ વિષયક નિર્ણયથી હાઇ પાવર કમિટીની ભલામણોને, થોડા સુધારા સાથે સ્વીકારીને વીજ ખરીદીના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે.

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

ઉપરોક્ત નિર્દેશ મુજબ તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે (તા.૦૨-૦૨-૨૦૦૭ અને તા.૦૬-૦૨-૨૦૦૭ ના વીજ કરાર માટે) સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ (CERC) દ્વારા તા.૧૨-૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ અને તે મુજબ GUVNL દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે વીજ ટેરીફમાં વધારાની ચૂકવણી કરવામાં આવેલ.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા ઓક્ટોબર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર મુજબના વીજ દર પોસાતા ન હોવાનું જણાવવામાં આવેલ અને વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ. વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ના થાય તથા ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થી અને રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ઈન્ટરીમ ઍરેન્જમેન્ટ હેઠળ રૂ.૪.૫૦/ યુનિટના ફિક્સ એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસીટી ચાર્જના દરે વીજળી ખરીદવાનું નક્કી કરવામાં આવેલ. જે અંતર્ગત અદાણી પાવર પાસેથી ઉપરોક્ત પૈકી તા.૧૭-૧૦-૨૦૨૧ થી તા.૦૫-૧૧-૨૦૨૧ સુધીના સમયગાળા માટે ૪૧૩.૪૮ મિલિયન યુનિટ વીજળી ખરીદવામાં આવેલ.

- - - - - - - - -

## અમદાવાદ શહેરમાં ઔદ્યોગિક એકમોના બાકી વીજ બીલ

૪૧૯૨૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચૂકવ્યા હોય તેવા કયા ઔદ્યોગિક એકમોના ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલ કરવાની થાય છે,

(૨) ઉક્ત ડિફોલ્ટરો સમયસર વીજ બીલની રકમ ચૂકવતા ન હોય તો ઉક્ત ડિફોલ્ટરોનો વીજ પુરવઠો બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ડિફોલ્ટરો પાસેથી બાકી વીજ બીલની રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવાયા છે ?

**જવાબ**

(૧) કુલ **૪૩ ઔદ્યોગિક એકમોના** ડિફોલ્ટરો પાસેથી કુલ **રૂ.૨૪૬.૭૧ લાખની** રકમ વસૂલ કરવાની થાય છે.
ઔદ્યોગિક એકમોની વિગતો પત્રક-અ મુજબ છે.

(૨) અને (૩) **અમદાવાદ શહેરઃ-**

૧. કુલ ૯ ગ્રાહકો / બિન ગ્રાહકો પાસેથી કુલ રૂ.૫૫.૦૯ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

૨. વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો / બિન ગ્રાહકો પૈકી કુલ ૧૭ ના વીજ જોડાણો કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ. ૧૦૬.૨૩ લાખ માટે દાવા/ દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

૩. કુલ ૧૪ ગ્રાહકો / બિન ગ્રાહકોએ બાકી રૂ.૭૨.૩૭ લાખ ભરપાઈ ન કરતા તેમના વીજ જોડાણો કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૪. ગ્રાહકોએ વીજ બીલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૩ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૧૩.૦૨ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તે વાંધા અંગેના આખરી નિર્ણય મુજબ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક-અ**

| ક્રમ નં. | ગ્રાહક નંબર | ઔદ્યોગિક એકમનું નામ | વસુલ કરવાની થતી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૭૪૮૦૨૦૦૧૩૧૨ | હનુમાન સિમેન્ટ પ્રા.લી. | ૧.૭૦ |
| ૨ | ૭૪૯૦૯૦૦૦૭૦૪ | નવનીતભાઈ શામળદાસ બ્રહ્મભટ્ટ | ૧.૯૩ |
| ૩ | ૭૪૯૦૬૧૦૩૫૭૦ | શિવમ વેર હાઉસ | ૩.૫૭ |

ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ નં. | ગ્રાહક નંબર | ઔદ્યોગિક એકમનું નામ | વસુલ કરવાની થતી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૪ | ૭૪૯૦૪૦૯૮૦૯૯ | ચૌહાણ દિગ્વિજયસિંહ શકરાભાઇ | ૪.૩૧ |
| ૫ | ૭૪૯૦૬૦૦૭૪૧૪ | મેકવેલ્ડ એન્જિનિયરિંગ | ૧.૨૫ |
| ૬ | ૭૪૯૦૬૦૧૬૫૩૭ | પોપટભાઇ શકરાભાઇ | ૧.૧૯ |
| ૭ | ૭૪૯૦૪૦૦૫૬૩૫ | જયલક્ષ્મી કેમિકલ્સ ઇન્ડ. | ૫.૦૭ |
| ૮ | ૭૪૯૦૪૦૦૫૫૨૦ | મે. કોપેન ઇન્ડ. | ૧.૦૪ |
| ૯ | ૭૪૯૦૪૦૫૮૧૬૦ | જીકુબેન શકરાભાઇ ચૌહાણ | ૧.૯૪ |
| ૧૦ | ૨૬૦૦૧૨૧૮૭૨૨ | શાહ ઈન્ડસ્ટ્રી | ૧૧.૫૨ |
| ૧૧ | ૨૬૦૦૧૦૦૮૪૮૫ | માસકોટ ઈન્ડસ્ટ્રી | ૪.૫૦ |
| ૧૨ | ૨૬૦૦૧૦૨૪૯૦૧ | શાહ ઈન્ડસ્ટ્રી | ૧૮.૫૭ |
| ૧૩ | ૨૬૦૦૧૧૫૦૨૫૭ | ડિલક્ષ મેટલ રોલિંગ મિલ | ૧૧.૧૮ |
| ૧૪ | ૨૬૦૦૧૦૨૦૦૩૫ | હરસિદ્ધ પ્લાસ્ટિક | ૩.૨૪ |
| ૧૫ | ૨૬૦૦૧૦૦૪૯૭૮ | સ્વદેશ એન્ટરપ્રાઇસ | ૧.૫૧ |
| ૧૬ | ૨૬૦૦૧૦૨૦૬૯૮ | ડી. એમ. ઇન્ડ. | ૧.૪૮ |
| ૧૭ | ૨૬૦૦૧૦૧૦૮૬૨ | મિનિ ટેક્સટાઇલ્સ | ૨.૨૬ |
| ૧૮ | ૨૬૦૦૧૧૫૨૩૦૬ | ઋષભ પ્રોસેસર પ્રા.લિ. | ૧.૧૦ |
| ૧૯ | ૨૬૦૦૩૦૦૨૬૪૬ | શક્તિ કેબલ્સ | ૨.૩૩ |
| ૨૦ | ૭૫૧૦૧૦૧૧૨૮૨ | ચેરમેન શ્રી સુમાતીનાથ પ્રભુ | ૭.૨૦ |
| ૨૧ | ૭૫૧૦૪૦૧૪૫૪૧ | પાર્ટનર દેવનંદન બિલ્ડકોન | ૪.૬૦ |
| ૨૨ | ૭૫૧૦૩૧૪૨૫૨૦ | શિવ ડેવલોપર્સ | ૧.૨૫ |
| ૨૩ | ૭૫૧૦૧૧૫૦૦૫૩ | માનવ ટેક્ષટાઇલ | ૨.૧૦ |
| ૨૪ | ૭૫૨૦૭૦૫૧૮૫૭ | રામની ચંદ્રેશ નરસિંહભાઇ | ૫.૮૮ |
| ૨૫ | ૭૫૨૦૧૦૦૯૪૯૨ | મેસ. માઇક્રો પોલીઓનિક્સ પ્રા.લિ. | ૨.૭૪ |
| ૨૬ | ૭૫૨૦૭૦૦૯૫૩૨ | મે. મેટ્રો સેટેલાઇટ પ્રા.લિ. | ૧.૪૬ |
| ૨૭ | ૭૫૨૦૭૧૨૬૫૪૭ | કુંદનબેન ભરતભાઇ પટેલ | ૪.૨૯ |
| ૨૮ | ૭૫૨૦૪૦૦૯૧૭૫ | રામમૂરત બચુપલ | ૮.૫૬ |
| ૨૯ | ૭૫૨૦૧૦૧૨૫૬૬ | હરશા એલોયસ | ૨૨.૬૮ |
| ૩૦ | ૭૬૪૦૭૧૦૭૪૫૮ | નરેશકુમાર શંભુભાઇ પટેલ | ૧૦.૦૩ |
| ૩૧ | ૭૬૪૦૭૧૧૦૨૦૩ | માળવિયા અર્ચિત નરેશભાઇ | ૧.૭૪ |
| ૩૨ | ૭૬૪૦૭૧૦૮૩૩૦ | મહેન્દ્રભાઇ ભીખાભાઇ પ્રજાપતિ | ૨.૯૩ |
| ૩૩ | ૭૪૫૦૩૨૫૮૦૩૬ | એસકેજે ઇન્ફ્રાસ્પેસ એલએલપી | ૫.૮૫ |
| ૩૪ | ૭૪૫૦૩૨૫૧૩૨૫ | રિવસ્વસ્તિક બિલ્ડકોન એલએલપી | ૧.૮૦ |
| ૩૫ | ૭૬૧૦૬૩૩૩૩૯૪ | સંગાથ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. | ૧.૭૯ |
| ૩૬ | ૧૭૮૬૫ | મે. લોયસ્ટીલ મેલ્ટિંગ પ્રા.લિ. | ૪.૮૩ |
| ૩૭ | ૧૯૬૭૩ | સ્ટર્લિંગ એન્ટરપ્રાઇસ લિ. | ૨૦.૭૫ |
| ૩૮ | ૬૫૧૧૦ | સેવી સિદ્ધિ રિયલ્ટ & ઇન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપી | ૧૨.૨૬ |
| ૩૯ | ૧૭૧૭૬ | ક્રિસ્ટલ કાસ્ટિંગ | ૯.૩૯ |
| ૪૦ | ૧૮૨૬૪ | મેસ. ડોશીઓન લિ. | ૫.૦૯ |
| ૪૧ | ૧૮૯૮૭ | કંસારા પોપટલાલ ત્રિભોવનદાસ મેટલ પ્રા. લિ. | ૨૫.૮૨ |
| ૪૨ | ૩૪૪૩૯ | એમ ડી ઈન્ડસ્ટ્રી | ૨.૧૯ |
| ૪૩ | ૩૪૫૭૪ | બાલવીરસિંહ ડી. બંગા | ૧.૭૯ |
| | | **કુલ** | **૨૪૬.૭૧** |

- - - - - - - - -

**ધંધુકા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક હોસ્પિટલ બનાવવાની મળેલ અરજીઓ**

૪૧૭૪૬ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક હોસ્પિટલ બનાવવાની કેટલી અરજી સરકારને મળી,

(૧) ૨ (બે)

(૨) ઉક્ત અરજી અન્વયે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) જરૂરિયાતની ચકાસણી કરી યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

(૨) વળતર પેટે ` ૨૫,૩૭૫.૩૧ કરોડ અને વળતરની અવેજીમાં લોન તરીકે ` ૯૨૨૨ કરોડ મળીને ` ૩૪,૫૯૭.૩૧ કરોડ મળેલ છે.

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૭૫૩ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાને બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી કોઇ કર્મચારીઓ ફરજ બજાવતા નથી, જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટસોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧ના માસ માટે બધી એજન્સીઓને કુલ રૂપિયા ૭૮.૪૨ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) પત્રક-અ મુજબ.

(૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવતી નથી.

અતારાંકિત પ્રશ્નો

**પત્રક-અ**

| | |
|---|---|
| ૧ | એરીકોન પાવર પ્રાઈવેટ લિમિટેડ |
| ૨ | કીન્ટેકસીનર્જી (પ્રાઈવેટ) લિમિટેડ |
| ૩ | જી પી આઈ પ્રોજેકટ પ્રાઈવેટ લિમિટેડ |
| ૪ | ત્રિપદા એંટરપ્રાઈજ પ્રાઈવેટ લિમિટેડ |
| ૫ | ધ્યાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ |
| ૬ | મે. વરુણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર |
| ૭ | યુનિ વીઝન ઈલેક્ટ્રોટેક પ્રાઈવેટ લિમિટેડ |
| ૮ | વી બી સી બિલ્ડકોન પ્રાઈવેટ લિમિટેડ |
| ૯ | શ્રીનાથજી ઈલેક્ટ્રિકલ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ |
| ૧૦ | હાઈ-ટેક ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ |
| ૧૧ | પેંથ્થર સર્વેલન્સ અને એલાઈદ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ |
| ૧૨ | મે. નેહલ એન્ટરપ્રાઈજ |
| ૧૩ | મે. એસ. એસ. જાડેજા |
| ૧૪ | નેશનલ સિક્યુરીટી એજન્સી |
| ૧૫ | મનહરી સિક્યુરીટી ગાર્ડ |
| ૧૬ | અંભર સિક્યુરીટી એજન્સી |

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૮૪૫ **શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી કોઇ કર્મચારીઓ ફરજ બજાવતા નથી. જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટસોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧ના માસ માટે બધી એજન્સીઓને કુલ મળીને રૂ. ૮૧.૮૩ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) પત્રક-અ મુજબ.

(૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવતી નથી.

**પત્રક-અ**

| અ.નં. | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. |
|---|---|
| ૧ | ઓમ પાવર ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૨ | કીન્ટેક સીનર્જી (પ્રાઈવેટ) લિમિટેડ, અમદાવાદ |
| ૩ | ક્રિશ ટ્રેડકોર્પ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૪ | ક્ષિતિજ પાવર પ્રાઈવેટ લિમિટેડ, વડોદરા |
| ૫ | તક્ષ એગ્રો અને ઈલેક્ટ્રિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વિસનગર |
| ૬ | ત્રિપદા એંટરપ્રાઈજ પ્રાઈવેટ લિમિટેડ, આણંદ |
| ૭ | પ્રોટ્યુસ એંટરપ્રાઈજ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૮ | મનીષ એંજિકોર્પ પ્રાઈવેટ લિમિટેડ, વડોદરા |
| ૯ | મહેતા પાવર પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ |
| ૧૦ | વાસુદેવ એંજિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ, ગાંધીનગર |
| ૧૧ | સ્ટોરલીફ પ્રાઈવેટ લિમિટેડ, વડોદરા |
| ૧૨ | મહેસાણા સિક્યુરીટી સર્વિસિસ, મહેસાણા |

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| અ.નં. | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિ. |
|---|---|
| ૧ | કીરણ આર.પરમાર |
| ૨ | સફારી ટ્રાવેલ્સ |
| ૩ | જલારામ કેટરીંગ |
| ૪ | મહીપત બી સિન્ધા |
| ૫ | પ્રીસીસંસ એંજીનીયરીંગ |
| ૬ | દોલતસિન્હ એન. સિન્ધા |
| ૭ | દીનેશભાઈ જે સિન્ધા |
| ૮ | એન.વી.ગોહેલ |
| ૯ | ભક્તી કન્સલ્ટંસી |
| ૧૦ | દેવજી યુ. સિન્ધા |
| ૧૧ | વાસુ સર્વીસીસ |
| ૧૨ | બાવાજી આર. સિન્ધા |
| ૧૩ | એનવાયર એક્શન |
| ૧૪ | ટાટા સોલાર પાવર |
| ૧૫ | ભેલ સોલાર પાવર |

| અ.નં. | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
|---|---|
| ૧ | M / s ઘનશ્યામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુ, ગાંધીનગર (સફાઈ કોન્ટ્રાક્ટ - આણંદ) |
| ૨ | M / s ઉમા મેનપાવર મેનેજમેન્ટ સર્વિસ, અમદાવાદ (સફાઈ કોન્ટ્રાક્ટ - બોરસદ) |
| ૩ | M / s ટીપ ટોપ સિક્યોરિટી, વડોદરા (સલામતી કોન્ટ્રાક્ટ) |
| ૪ | M / s નીમી સિસ્ટમ એન્ડ સર્વિસ, વડોદરા |
| ૫ | ગ્રામ સખી સંઘ (સખી મંડળ) |
| ૬ | મે.કચ્છ સિક્યુરિટી સર્વિસ |
| ૭ | મે. જે.એસ. પારેખ, ગોધરા |
| ૮ | શ્રી વાલ્મીકિ વિવિધ લક્ષી વિકાસ ટ્રસ્ટ, ગોધરા |

- - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કૃષિ વિષયક વીજ જોડાણના લાભાર્થીઓ**

૪૨૦૮૪ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અગ્રતાના ધોરણે અને રાહત દરે કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૮૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૬૮.૮૨ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૭૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૧)

| જિલ્લાનું નામ | ડેમોના પ્રકાર | |
|---|---|---|
| | મોટા ડેમો | મધ્યમ ડેમો |
| અરવલ્લી | ૨ | ૨ |

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| ડેમનું નામ | યોજના પૂર્ણ થયાનું વર્ષ |
|---|---|
| વાત્રક | ૧૯૮૪ |
| માઝમ | ૧૯૮૪ |
| મેશ્વો | ૧૯૭૧ |
| હાથમતી | ૧૯૭૧ |
| હરણાવ | ૧૯૯૦ |
| ગુહાઈ | ૧૯૯૦ |
| ખેડવા | ૨૦૦૯ |
| જવાનપુરા | ૨૦૦૪ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) મોટા અને મધ્યમ ડેમ માટે તાંત્રિક રીતે યોગ્ય સ્થળ ઉપલબ્ધ ન હોઈ, ડેમો બનાવવામાં આવેલ નથી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો**

૪૧૭૮૮ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો થાય તો પાયાના વર્ષ ૨૦૧૫-૧૬માં દર વર્ષે ૧૪% લેખે ગ્રોથ ઉમેરી રાજ્યને ઉક્ત કાયદાની કલમ-૫ મુજબ કેન્દ્ર સરકારે વળતર ચૂકવવાનું થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પાયાના વર્ષ મુજબ ગ્રોથ ન થયો હોય તો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળવાપાત્ર થાય છે, અને

(૩) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમ રાજ્ય સરકારને મળી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૨૦ માટે `૨૪,૭૧૪.૬૯ કરોડ
વર્ષ ૨૦૨૧ માટે `૨૩,૩૩૨.૫૪ કરોડ

(૩) (` કરોડમાં)
નીચે જણાવેલ રકમ તેની સામે દર્શાવેલ તારીખે વળતર તરીકે મળેલ છે.

| રકમ | તારીખ | રકમ | તારીખ |
|---|---|---|---|
| ૧૮૦૩.૨૭ | ૦૬-૦૪-૨૦ | ૨૫૭૪.૧૬ | ૨૭-૦૩-૨૧ |
| ૧૦૯૪.૩૫ | ૨૩-૦૯-૨૦ | ૧૭૮૮.૨૬ | ૧૬-૦૬-૨૧ |
| ૧૪૬૮.૯૩ | ૦૫-૧૦-૨૦ | ૧૮૪૫.૬૨ | ૧૦-૦૯-૨૧ |
| ૧૪૬૮.૯૩ | ૨૨-૧૨-૨૦ | ૧૪૨૮.૪૧ | ૦૩-૧૧-૨૧ |

જે રકમ વળતર તરીકે મળેલ નથી તેની સામે લોન પેટે `૨૨,૨૬૨.૨૧ કરોડ મળેલ છે. જેની વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર સેસ ફંડ માંથી કરશે.

- - - - - - - - -

**સાવલી તાલુકામાં મોટા ચેકડેમો બનાવવાની કામગીરી**

૪૨૧૧૧ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં મોટા ચેકડેમો બનાવવાનું શું આયોજન છે,

**જવાબ**

(૧) હા, જી. ૨ (બે) ચેકડેમ બનાવવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ૨ ચેકડેમો પૈકી ૧ ચેકડેમની કામગીરી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે અને ૧ ચેકડેમની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ સંભવિત રૂ. ૨૪૨.૭૪ લાખનો ખર્ચ થનાર છે.

- - - - - - - - -

**રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ પર વેટનો દર**

૪૨૦૪૧ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ પર પ્રતિ લિટર લેવામાં આવતો વેટનો દર શો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને પેટ્રોલ-ડીઝલ પરના વેટ પેટે કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ પેટ્રોલ અને ડીઝલ ઉપર મૂલ્યવર્ધિત વેરાનો દર અનુક્રમે ૧૩.૭% અને ૧૪.૯% છે તથા બન્ને કોમોડીટીઝ ઉપર ૪% સેસ લાગુ છે.

(૨) (રકમ ` કરોડમાં)

| કોમોડીટી | તા.૧-૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | તા.૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| પેટ્રોલ | ૩૯૧૯.૭૬ | ૫૮૬૫.૪૩ |
| ડીઝલ | ૮૭૫૩.૫૮ | ૧૨૫૫૧.૩૮ |

- - - - - - - - -

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૪૧૭૮૫ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

- અમરેલી જિલ્લામાં ૦૭ મધ્યમ ડેમ આવેલ છે.
- ભાવનગર જિલ્લામાં ૦૬ મધ્યમ ડેમ અને ૦૧ મોટો ડેમ આવેલ છે.

(૨)

- અમરેલી

| ક્રમ | યોજના | વિગત | પૂર્ણ થયાનું વર્ષ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | ખોડીયાર | મધ્યમ | ૧૯૬૭ |
| (૨) | મુંજીયાસર | મધ્યમ | ૧૯૫૭ |
| (૩) | વડી | મધ્યમ | ૨૦૦૦ |
| (૪) | ધાતરવડી-૧ | મધ્યમ | ૧૯૭૪ |
| (૫) | ધાતરવડી-૨ | મધ્યમ | ૨૦૦૨ |
| (૬) | શેલ દેદુમલ | મધ્યમ | ૨૦૦૦ |
| (૭) | હેબી | મધ્યમ | ૧૯૯૩ |

- ભાવનગર

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| (૧) | શેત્રુંજી | મોટો | ૧૯૬૦ |
| (૨) | રંઘોળા | મધ્યમ | ૧૯૫૨ |
| (૩) | માલણ | મધ્યમ | ૧૯૫૪ |
| (૪) | રજાવળ | મધ્યમ | ૧૯૮૦ |
| (૫) | બગડ | મધ્યમ | ૧૯૮૨ |
| (૬) | ખારો | મધ્યમ | ૧૯૮૨ |
| (૭) | જસપરા- | મધ્યમ | ૨૦૦૭ |

| | માંડવા | | |
|---|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી.

---------

**માંગરોળ તાલુકાના આરેણા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશનની મંજૂરી**

૪૧૮૩૮ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ માંગરોળ તાલુકાના આરેણા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવાનું કામ કયારે મંજૂર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ આરેણા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવાનું કામ શરૂ થઈ શકેલ નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૪) આરેણા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવાનું કામ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ માંગરોળ તાલુકાના આરેણા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવાનું કામ સને ૨૦૧૪માં મંજૂર કરવામાં આવેલ.

(૨) અને (૩) હા, જી. જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આરેણા ગામે મંજૂર થયેલ સબસ્ટેશન માટે તાંત્રિક રીતે અનુકૂળ અને ઉચિત જરૂરિયાત મુજબની સરકારી પડતર / ગૌચર જમીનની ઉપલબ્ધ ન હોવાથી.

(૪) જમીન ઉપલબ્ધ થયેથી.

---------

**જામનગરની જી. જી. હોસ્પિટલમાં સર્જન ડૉક્ટરની ખાલી જગ્યાઓ**

૪૧૮૪૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જી. જી. હોસ્પિટલ, જામનગર ખાતે ન્યુરોસર્જન, યુરોલોજીસ્ટ અને પ્લાસ્ટીક સર્જનની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું આયોજન ?

**જવાબ**

(૧) જી. જી. હોસ્પિટલ, જામનગર ખાતે ન્યુરોસર્જન, યુરોલોજીસ્ટ અને પ્લાસ્ટીક સર્જનની જગ્યાઓ મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૧૩ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ બનાસકાંઠા**

| અનુ. | તાલુકો | પાઈપલાઈનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૬૭ |
| ૨ | ભાભર | ૫૧ |
| ૩ | દાંતા | ૧૬૯ |
| ૪ | દાંતીવાડા | ૫૭ |
| ૫ | ડીસા | ૧૧૧ |
| ૬ | દિયોદર | ૬૪ |
| ૭ | ધાનેરા | ૭૭ |
| ૮ | કાંકરેજ | ૧૦૧ |
| ૯ | લાખણી | ૫૫ |
| ૧૦ | પાલનપુર | ૧૧૫ |

| | | |
|---|---|---|
| ૧૧ | સુઇગામ | ૪૩ |
| ૧૨ | થરાદ | ૧૨૨ |
| ૧૩ | વડગામ | ૧૦૯ |
| ૧૪ | વાવ | ૭૮ |

**જિલ્લો: કચ્છ**

| **અનુ.** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | અંજાર | ૬૩ |
| ૨ | અબડાસા | ૧૩૩ |
| ૩ | ગાંધીધામ | ૯ |
| ૪ | નખત્રાણા | ૧૧૯ |
| ૫ | ભચાઉ | ૬૯ |
| ૬ | ભૂજ | ૧૪૬ |
| ૭ | માંડવી | ૯૨ |
| ૮ | મુન્દ્રા | ૬૦ |
| ૯ | રાપર | ૯૭ |
| ૧૦ | લખપત | ૮૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) નીચે મુજબ,

**જિલ્લો: બનાસકાંઠા**

| **અનુ.** | **તાલુકો** | **પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી ગામો** |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦૨ |
| ૨ | ભાભર | ૦૦ |
| ૩ | દાંતા | ૧૩ |
| ૪ | દાંતીવાડા | ૦૦ |
| ૫ | ડીસા | ૦૦ |
| ૬ | દિયોદર | ૦૦ |
| ૭ | ધાનેરા | ૦૦ |
| ૮ | કાંકરેજ | ૦૦ |
| ૯ | લાખણી | ૦૦ |
| ૧૦ | પાલનપુર | ૦૦ |
| ૧૧ | સુઇગામ | ૦૦ |
| ૧૨ | થરાદ | ૦૦ |
| ૧૩ | વડગામ | ૦૦ |
| ૧૪ | વાવ | ૦૦ |

**જિલ્લો: કચ્છ**

કચ્છ જિલ્લાના તમામ ગામોને પાઇપલાઇનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) **જિલ્લો: બનાસકાંઠા**

ઉક્ત બાકી ગામો સ્થાનિક સોર્સમાંથી પૂરતુ અને પીવાલાયક પાણી મેળવે છે.

**જિલ્લો: કચ્છ**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) **જિલ્લો: બનાસકાંઠા**

ઉક્ત બાકી ગામોને ''નલ સે જલ'' યોજના અંતર્ગત માહે ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં જુથ/સ્થાનિક સોર્સ મારફત

પાઈપલાઈનથી પાણી આપવામાં આવનાર છે.

**જિલ્લો: કચ્છ**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ખેડા અને મહિસાગર જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૮૦૨ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે,

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ ખેડા**

| **અનુ.** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | કપડવંજ | ૧૦૬ |
| ૨ | કઠલાલ | ૫૮ |
| ૩ | મેહમદાવાદ | ૬૫ |
| ૪ | ખેડા | ૩૯ |
| ૫ | માતર | ૪૮ |
| ૬ | વસો | ૨૧ |
| ૭ | નડીયાદ | ૪૫ |
| ૮ | મહુધા | ૪૧ |
| ૯ | ગળતેશ્વર | ૨૮ |
| ૧૦ | ઠાસરા | ૬૬ |

**જિલ્લોઃ મહિસાગર**

| **અનુ.** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૨૩૬ |
| ૨ | ખાનપુર | ૮૬ |
| ૩ | સંતરામપુર | ૧૫૦ |
| ૪ | કડાણા | ૧૨૮ |
| ૫ | બાલાશિનોર | ૪૫ |
| ૬ | વીરપુર | ૫૧ |

(૨) નીચેની વિગતે,

**જિલ્લોઃ ખેડા**

ખેડા જિલ્લાના તમામ ગામોને પાઇપલાઇનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જિલ્લોઃ મહિસાગર**

| **અનુ.** | **તાલુકો** | **પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી ગામો** |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧ |
| ૨ | ખાનપુર | ૦ |
| ૩ | સંતરામપુર | ૨ |
| ૪ | કડાણા | ૪ |
| ૫ | બાલાશિનોર | ૧ |
| ૬ | વીરપુર | ૧ |

(૩) **જિલ્લો: ખેડા**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જિલ્લો: મહિસાગર**

ઉક્ત બાકી ગામો સ્થાનિક સોર્સમાંથી પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

(૪) ઉક્ત બાકી ગામોને કયાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) **જિલ્લો: ખેડા**
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
**જિલ્લો: મહિસાગર**
ઉક્ત બાકી ગામોને ''નલ સે જલ'' યોજના અંતર્ગત માહે ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં જૂથ/સ્થાનિક સોર્સ મારફત પાઈપલાઈનથી પાણી આપવામાં આવનાર છે.

- - - - - - - - -

**કુતિયાણા તાલુકામાં અમીપુર સિંચાઇ યોજનાના દરવાજાની કામગીરી**

૪૨૧૦૮ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુતિયાણા તાલુકામાં અમીપુર સિંચાઇ યોજનાની છલતીબંધ તથા દરવાજા નવેસરથી કરવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને ફાયદો થશે ?

**જવાબ**

(૧) અમીપુર સિંચાઇ યોજનાનાં છલતી બંધ તથા દરવાજા નવેસરથી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) અંદાજીત રૂ.૪૬૪.૮૧ લાખ.

(૩) ૮૦૭૦ હેક્ટર (આશરે).

- - - - - - - - -

**આણંદ અને ડાંગ જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ**

૪૧૭૯૬ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કૃષિવિષયક વીજ જોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) તે પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી કેટલી અરજીઓ જિલ્લાવાર પડતર છે, અને

(૩) ઉક્ત બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| **જિલ્લો** | **પડતર અરજીઓની સંખ્યા** | | **એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **કૃષિ વિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** | **કૃષિ વિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** |
| આણંદ | ૫૮૯ | ૦ | ૨ | ૦ |
| ડાંગ | ૭૧૪ | ૦ | ૦ | ૦ |

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ, ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગો પાસેથી વીજકર વસૂલવા બાબત**

૪૧૭૯૧ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર

સરકાર દ્વારા ઉદ્યોગો માટે કેટલા કલાક વીજળી આપવામાં આવે છે,

(૨) ઉક્ત વીજળી પેટે રાજ્ય સરકાર દ્વારા કેટલા વીજકર વસૂલવામાં આવે છે, અને

(૩) ઉક્ત વીજકરમાં છેલ્લાં બે વર્ષમાં કેટલો વધારો/ઘટાડો કરવામાં આવ્યો ?

દ્વારા સામાન્ય સંજોગોમાં ઉદ્યોગો માટે ૨૪ કલાક (૨૪ x ૭) વીજળી આપવામાં આવે છે.

(૨) ઉદ્યોગોના L T વીજ જોડાણ ધારકોના વીજ વપરાશ ચાર્જીશ પર ૧૦% લેખે તથા ઉદ્યોગોના H T વીજ જોડાણ ધારકોના વીજ વપરાશ ચાર્જીશ પર ૧૫% લેખે વીજકર વસૂલવામાં આવે છે.

(૩) ઉક્ત વીજકરમાં છેલ્લાં બે વર્ષમાં ઉદ્યોગો માટે કોઈ વીજકર વધારો/ઘટાડો કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

**રાજ્યમાં આવેલ વીજ મથકો**

૪૧૪૨૦ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના ક્યા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહાર સ્થાપિત સરકારી, ખાનગી/પીપીપી વીજ મથકો જેમાંથી રાજ્ય સરકારની વીજ કંપનીઓ દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.

| | **પાવર પ્લાન્ટનું નામ** | **જી.યુ.વી.એન.એલ નો હિસ્સો(મે.વો)** |
|---|---|---|
| **ક** | **રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો** | |
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.** | |
| | ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૨૨૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | કચ્છ લીગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | ૧૫૦ |
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ |
| | ઉકાઇ હાઇડ્રો | ૩૦૫ |
| | કડાણા અને પાનમ હાઇડ્રો | ૨૪૨ |
| | ભાવનગર લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | **કુલ** | **૬૬૭૭** |
| | **રાજ્ય સરકાર હસ્તક સ્વતંત્ર વીજ મથકો** | |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | ૫૦૭ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૨૭ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. – સુરત લિગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન –અક્રીમોટા | ૨૫૦ |
| | જી પી પી સી પીપાવાવ | ૭૦૨ |
| | **કુલ** | **૧૯૮૬** |
| **ખ** | **કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો** | |

| | | |
|---|---|---|
| | **રાજ્યમાં સ્થિત મથકો** | |
| | કવાસ ગેસ આધારીત વીજ મથક | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારીત વીજ મથક | ૨૩૭ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન કાકરાપાર | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૩૨ |
| | **રાજ્યની બહાર સ્થિત મથકો** | |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર | ૧૬૦ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર ૩-૪ | ૨૭૪ |
| | એનટીપીસી વિંધ્યાચલ | ૧૦૬૮ |
| | એનટીપીસી-કોરબા | ૪૫૬ |
| | એનટીપીસી-કહલગાવ | ૧૪૧ |
| | એનટીપીસી-સીપત | ૮૧૩ |
| | એનટીપીસી-મૌડા | ૫૩૪ |
| | એનટીપીસી-લારા | ૧૫૭ |
| | એનટીપીસી-ખરગોન | ૨૪૬ |
| | એનટીપીસી-ગદરવારા | ૩૦૪ |
| | એનટીપીસી-મીડીયમ ટર્મ અને અન એલોકેટેડ ક્વોટા થકી | ૧૨૮૨ |
| | **કુલ** | **૬૨૧૬** |
| **ગ** | **ખાનગી સાહસો-પી પી પી** | |
| | અદાણી મુન્દ્રા પાવર પ્રોજેક્ટ | ૧૨૦૦ |
| | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૦૦૦ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. | ૧૮૦૫ |
| | એ.સી.બી.(ઇન્ડિયા) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૦૦ |
| | **કુલ** | **૪૨૦૫** |
| | **કુલ-પરંપરાગત સ્ત્રોત** | **૧૯૦૮૪** |
| **ઘ** | **બિન પરંપરાગત સ્ત્રોત** | |
| | પવન ઊર્જા (પત્રક – અ મુજબ) | ૪૨૮૦ |
| | સૌર ઊર્જા (પત્રક-બ.મુજબ) | ૩૦૦૭ |
| | બાયોમાસ, મીની હાઇડ્રો વગેરે (પત્રક-ક મુજબ) | ૫૯ |
| | **કુલ-બિન પરંપરાગત સ્ત્રોત** | **૭૩૪૬** |

(૨) ઉક્ત વીજ મથકો દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને વીજ મથક વાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૨) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની માહિતી નીચે મુજબ છે.*પત્રકો સચિવશ્રીની કચેરીમા રાખવામા આવેલ છે

| **સેક્ટર** | **મે.વો.** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧** |
| (ક) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.(જી.એસ.ઇ.સી.એલ) | - | - |
| (ખ) જાહેર સાહસો | - | - |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | | |
| (૨)કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | |
| એનટીપીસી-લારા | ૭૮.૪ | - |
| એનટીપીસી-ખરગોન | ૨૪૬ | - |
| એનટીપીસી-ગદરવારા | - | ૧૫૨ |
| એનટીપીસી થર્મલ પ્રોજેક્ટ-મીડીયમ ટર્મ અને અન એલોકેટેડ ક્વોટા થકી | - | ૧૨૮૨ |
| (ગ) ખાનગી સાહસો | - | - |
| (ઘ) બિન-પરંપરાગત સ્ત્રોત | | |

| | | |
|---|---|---|
| પવન ઊર્જા | ૮૩ | ૬૧ |
| સૌર ઊર્જા | ૪૩૫ | ૯૨૧ |
| વેસ્ટ ટુ એનર્જી | - | ૭.૫ |
| **કુલ** | **૮૪૨.૪૦** | **૨૪૨૩.૫** |

- - - - - - - - -

**ખેડા અને વડોદરા જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી**

૪૧૮૦૫ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને કેટલી રકમ માસિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટથી કોઇ કર્મચારીઓ ફરજ બજાવતા નથી. જ્યારે અમુક સેવાઓ માટે જરૂરિયાત મુજબ આઉટસોર્સ કરવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે.

(૨) ડિસેમ્બર-૨૦૨૧ના માસ માટે બધી એજન્સીઓને કુલ મળીને રૂ. ૩૩૩.૩૫ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) *પત્રક-અ મુજબ.

(૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે ભરતી કરવામાં આવતી નથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૧૯ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ પાટણ**

| અનુ. | તાલુકો | પાઇપલાઇનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | સિદ્ધપુર | ૫૩ |
| ૨ | પાટણ | ૫૯ |
| ૩ | સરસ્વતી | ૭૪ |
| ૪ | ચાણસ્મા | ૫૯ |
| ૫ | હારીજ | ૪૫ |
| ૬ | સમી | ૫૭ |
| ૭ | શંખેશ્વર | ૩૬ |
| ૮ | રાધનપુર | ૫૬ |
| ૯ | સાંતલપુર | ૭૧ |

**જિલ્લોઃ મહેસાણા**

| અનુ. | તાલુકો | પાઇપલાઇનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૫૨ |
| ૨ | કડી | ૧૧૦ |
| ૩ | ખેરાલુ | ૫૧ |
| ૪ | મહેસાણા | ૯૩ |
| ૫ | સતલાસણા | ૬૫ |

| | | |
|---|---|---|
| ૬ | ઉંઝા | ૩૧ |
| ૭ | વડનગર | ૪૩ |
| ૮ | વિજાપુર | ૬૪ |
| ૯ | વિસનગર | ૬૦ |
| ૧૦ | જોટાણા | ૩૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) ઉક્ત બન્ને જિલ્લાના તમામ ગામોને પાઇપલાઇનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૭૩ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવે છે,

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ જૂનાગઢ**

| **અનુ.** | **તાલુકો** | **પાઇપલાઇનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૫૮ |
| ૨ | મેંદરડા | ૪૫ |
| ૩ | વંથલી | ૪૬ |
| ૪ | વિસાવદર | ૭૮ |
| ૫ | ભેંસાણ | ૪૧ |
| ૬ | કેશોદ | ૫૩ |
| ૭ | માળિયા | ૬૩ |
| ૮ | માણાવદર | ૫૫ |
| ૯ | માંગરોળ | ૬૩ |

**જિલ્લોઃ ગીર સોમનાથ**

| **અનુ.** | **તાલુકો** | **પાઇપલાઇનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | ઉના | ૯૨ |
| ૨ | ગીર ગઢડા | ૪૨ |
| ૩ | કોડીનાર | ૬૩ |
| ૪ | સુત્રાપાડા | ૪૬ |
| ૫ | વેરાવળ | ૫૪ |
| ૬ | તાલાલા | ૪૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવાનું બાકી છે, અને

(૨) નીચે મુજબ,

**જિલ્લોઃ જૂનાગઢ**

| **અનુ.** | **તાલુકો** | **પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી ગામો** |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૮ |
| ૨ | મેંદરડા | ૦૦ |
| ૩ | વંથલી | ૦૦ |

| | | |
|---|---|---|
| ૪ | વિસાવદર | ૦૭ |
| ૫ | ભેંસાણ | ૦૦ |
| ૬ | કેશોદ | ૦૦ |
| ૭ | માળીયા | ૦૦ |
| ૮ | માણાવદર | ૦૦ |
| ૯ | માંગરોળ | ૦૦ |

**જિલ્લોઃ ગીર સોમનાથ**

| અનુ. | તાલુકો | પાઇપલાઇનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | ઉના | ૧૯ |
| ૨ | ગીર ગઢડા | ૦૦ |
| ૩ | કોડીનાર | ૦૦ |
| ૪ | સુત્રાપાડા | ૦૦ |
| ૫ | વેરાવળ | ૦૦ |
| ૬ | તાલાલા | ૧૭ |

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) ઉક્ત બન્ને જિલ્લાના બાકી ગામો સ્થાનિક સોર્સમાંથી પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

(૪) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું ન પાડવામાં આવશે ?

(૪) જૂનાગઢ જિલ્લાના ૧૫ ગામો તથા ગીર સોમનાથ જિલ્લાના ૩૬ ગામો ઓછી વસ્તી વાળા હોઇ તથા રક્ષિત વન વિસ્તારમાં આવતા હોઇ તાંત્રિક રીતે પાઇપલાઇનથી જોડી શકાય તેમ નથી. આ ગામોને વન વિભાગ દ્વારા પાણી આપવામાં આવે છે.

- - - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ**

૪૧૭૪૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કૃષિવિષયક વીજ જોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) તે પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી કેટલી અરજીઓ જિલ્લાવાર પડતર છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| વિગત | પડતર અરજીઓની સંખ્યા | | એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **કૃષિવિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** | **કૃષિવિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** |
| અમદાવાદ | ૩૨૨૭ | ૧૩ | ૭૭૬ | ૦ |
| બોટાદ | ૧૫૪૭ | ૦ | ૧૯૫ | ૦ |

(૩) ઉકત બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) **કૃષિવિષયક વીજ જોડાણ :**
ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઇને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતુ હોય છે. આમ, ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઇ, તમામ બાબતો ધ્યાને લઇ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

**કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ :**

**અમદાવાદ જિલ્લામાં** કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ

મેળવવા માટેની **૧૩** અરજીઓ પડતર હતી. જે પૈકી **૧** અરજીમાં કામ પૂર્ણ થયેલ છે, જ્યારે બાકીની **૪** અરજીઓમાં અરજદાર દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવા સંબંધિત ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ વીજ વિતરણ કંપની દ્વારા અપાનાર અંદાજપત્રના નાણા ભરપાઇ થયે વીજ જોડાણ આપવાની કામગીરી શક્ય બને, **૫** અરજીઓમાં અરજદારને અંદાજપત્ર આપેલ હોઈ અંદાજપત્રના નાણા ભર્યેથી વીજ જોડાણ આપવાની કામગીરી કરવામાં આવશે અને **૩** અરજીઓમાં અંદાજપત્રના નાણા ભરપાઈ થયેલ હોઈ, કામ પ્રગતિ હેઠળ છે.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

૪૨૦૭૭ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૦ (દસ) |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૦૩૫૬.૭૬ લાખ |

- - - - - - - - -

**કોરોનાના બોગસ રીપોર્ટ ઇસ્યુ કરનાર ખાનગી લેબોરેટરીઓ**

૪૧૭૪૪ **શ્રી શૈલેષ પરમાર** દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કોરોના ટેસ્ટ કર્યા વિના બોગસ રીપોર્ટ ઇસ્યુ કરનાર ખાનગી લેબોરેટરી સામેની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી, અને | (૧) ૨ (બે) |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે કઇ ખાનગી લેબોરેટરી સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) તેજસ લેબોરેટરી અને હેમજ્યોત લેબોરેટરી, સુરતને આરોગ્ય અધિકારીશ્રી દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ તથા તપાસ કમિટીનાં અહેવાલ મુજબ બીજી સૂચના ન મળે ત્યાં સુધી બંને લેબોરેટરીઓને બંધ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા ઓનલાઇન કર વસુલવા માટે કરેલ વ્યવસ્થા**

૪૨૧૦૪ **શ્રી રાકેશ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઓનલાઇન કર વસુલવા માટેની શી વ્યવસ્થા કરાવવામાં આવી છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારશ્રી દ્વારા ઓનલાઇન આવકો સાયબર ટ્રેઝરી પોર્ટલ તથા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ના પેમેન્ટ ગેટ-વે મારફત સ્વીકારવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા વિભાગો/ખાતાના વડા સાયબર ટ્રેઝરી પોર્ટલ સાથે ઇન્ટ્રીગેટ થયેલ છે, અને | (૨) રાજ્ય સરકારશ્રીના ૧૩ વિભાગના ૨૩ ખાતા સાયબર ટ્રેઝરી પોર્ટલ સાથે ઇન્ટીગ્રેટ થયેલ છે. જેની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | વહીવટી વિભાગ | વિભાગ/ખાતાના વડાનું નામ |
|---|---|---|
| ૧ | નાણા વિભાગ | રાજ્યવેરા કમિશનરની કચેરી |
| | | હિસાબ અને તિજોરી નિયામકની કચેરી |
| ૨ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | નિયામક, રોજગાર અને તાલીમની કચેરી |
| | | શ્રમ આયુક્તની કચેરી |
| | | નિયામક, બોઇલરોની કચેરી |

| | | |
|---|---|---|
| | | નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી |
| ૩ | મહેસૂલ વિભાગ | સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી |
| | | મહેસૂલ વિભાગ (આઇ.ઓ.આર.એ.પોર્ટલ) |
| | | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક |
| ૪ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ડીજીટલ ગુજરાત પોર્ટલ |
| ૫ | ગૃહ વિભાગ | નશાબંધી અને આબકારી નિયામકની કચેરી |
| | | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી (વિશ્વાસ પ્રોજેક્ટ) ગૃહ વિભાગ (સર્વિસ પ્લસ) |
| ૬ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી |
| | | નિયામક પેટ્રોલિયમની કચેરી |
| | | લાયન્સસિંગ બોર્ડ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી |
| ૮ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ખેતી નિયામકની કચેરી |
| ૯ | સામાન્ય વહીવટ વિભાગ | રાજ્ય ચૂંટણી આયોગ |
| ૧૦ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી |
| ૧૧ | શિક્ષણ વિભાગ | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી |
| ૧૨ | માહિતી અને પ્રસારણ વિભાગ | માહિતી અને પ્રસારણ વિભાગ (સર્વિસ પ્લસ) |
| ૧૩ | કાયદા વિભાગ | કાયદા વિભાગ (નોટરી ઓનલાઇન) |

કમિશનરશ્રી વાહન વ્યવહારની કચેરી, કમિશનરશ્રી જીઓલોજી એન્ડ માઈનીંગની કચેરી અને ઇન્વેસ્ટર ફેસીલીટિશન પોર્ટલ દ્વારા ઓનલાઇન આવકો સ્વીકારવા માટે સીધા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ઇ-પે ના પેમેન્ટ ગેટ-વે સાથે ઇન્ટીગ્રેશન કરવામાં આવેલ છે તેમજ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ઇ-પે દ્વારા તેનું રીપોર્ટીંગ સાયબર ટ્રેઝરી પોર્ટલને કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની કેટલી આવક સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફત વસુલવામાં આવેલ છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફત ઓનલાઇન વસુલવામાં આવેલ આવકોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ચલણની સંખ્યા | રકમ રૂ. (કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૩૪,૬૬,૦૫૧ | ૨૫,૬૧૨.૩૮ કરોડ |
| ૨ | ૨૦૨૧-૨૨ (તા.૩૧.૧૨.૨૦૨૧ સુધી) | ૩૦૭૪૦૫૦ | ૨૭,૭૮૦.૮૭ કરોડ |

---------

તા. ૮મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**મહીસાગર અને નવસારી જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ**

૪૧૮૦૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કૃષિવિષયક વીજ જોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) તે પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી કેટલી અરજીઓ જિલ્લાવાર પડતર છે, અને

(૩) ઉક્ત બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| | **પડતર અરજીઓની સંખ્યા** | | **એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા** | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **કૃષિ વિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજજોડાણ** | **કૃષિ વિષયક વીજ જોડાણ** | **તત્કાલ વીજ જોડાણ** |
| મહીસાગર | ૧૬૦૯ | ૦ | ૩૩ | ૦ |
| નવસારી | ૨૨૨૭ | ૦ | ૬૧ | ૦ |

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ, ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

**બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૪૧૭૧૬ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે

**જિલ્લોઃ બનાસકાંઠા**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૬૭ |
| ૨ | ભાભર | ૫૧ |
| ૩ | દાંતા | ૧૬૯ |
| ૪ | દાંતીવાડા | ૫૭ |
| ૫ | ડીસા | ૧૧૧ |
| ૬ | દિયોદર | ૬૪ |
| ૭ | ધાનેરા | ૭૭ |
| ૮ | કાંકરેજ | ૧૦૧ |
| ૯ | લાખણી | ૫૫ |
| ૧૦ | પાલનપુર | ૧૧૫ |
| ૧૧ | સુઇગામ | ૪૩ |
| ૧૨ | થરાદ | ૧૨૨ |
| ૧૩ | વડગામ | ૧૦૯ |
| ૧૪ | વાવ | ૭૮ |

**જિલ્લોઃ નર્મદા**

| **અનુ** | **તાલુકો** | **પાઈપલાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૧૧૦ |
| ૨ | તિલકવાડા | ૯૮ |
| ૩ | ગરૂડેશ્વર | ૯૨ |
| ૪ | ડેડીયાપાડા | ૧૬૯ |
| ૫ | સાગબારા | ૯૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઇપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે, અને

(૨) નીચેની વિગતે

**જિલ્લોઃ બનાસકાંઠા**

| અનુ | તાલુકો | પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવાના બાકી ગામો |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦૨ |
| ૨ | ભાભર | ૦૦ |
| ૩ | દાંતા | ૧૩ |
| ૪ | દાંતીવાડા | ૦૦ |
| ૫ | ડીસા | ૦૦ |
| ૬ | દિયોદર | ૦૦ |
| ૭ | ધાનેરા | ૦૦ |
| ૮ | કાંકરેજ | ૦૦ |
| ૯ | લાખણી | ૦૦ |
| ૧૦ | પાલનપુર | ૦૦ |
| ૧૧ | સુઇગામ | ૦૦ |
| ૧૨ | થરાદ | ૦૦ |
| ૧૩ | વડગામ | ૦૦ |
| ૧૪ | વાવ | ૦૦ |

**જિલ્લોઃ નર્મદા**

નર્મદા જિલ્લાના તમામ ગામોને પાઇપલાઈનથી પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાઓના જે ગામોને પાઇપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને હાલમાં કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) **જિલ્લોઃ બનાસકાંઠા**

ઉક્ત બાકી ગામો સ્થાનિક સોર્સમાંથી પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

**જિલ્લોઃ નર્મદા**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી ગામોને કયાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) **જિલ્લોઃ બનાસકાંઠા**

ઉક્ત બાકી ગામોને ''નલ સે જલ'' યોજના અંતર્ગત માહે ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં જૂથ/સ્થાનિક સોર્સ મારફત પાઈપલાઈનથી પાણી આપવામાં આવનાર છે.

**જિલ્લોઃ નર્મદા**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમરેલી જિલ્લામાં કાર્યરત સીએનજી પંપ

૪૧૯૮૩ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા સીએનજી પંપ આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત ગેસ લિ. દ્વારા અમરેલી જિલ્લામાં કુલ ૧૪ સીએનજી સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | સીએનજી સ્ટેશનોની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૦૩ |
| બાબરા | ૦૧ |
| બગસરા | ૦૧ |
| ધારી | ૦૧ |

| | |
|---|---|
| જાફરાબાદ | ૦૨ |
| ખાંભા | ૦૧ |
| લાઠી | ૦૨ |
| રાજુલા | ૦૨ |
| સાવરકુંડલા | ૦૧ |
| **કુલ** | **૧૪** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા તાલુકામાં સીએનજી પંપ ચાલુ કરવા કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા તાલુકામાં સીએનજી પંપ ચાલુ કરવા કુલ ૧૮ અરજીઓ મળેલ છે.

(૩) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી સાવરકુંડલા તાલુકામાં ક્યા સ્થળે નવીન સીએનજી પંપ શરૂ કરવામાં આવ્યા ?

(૩) ઉપરોક્ત અરજીઓ પૈકી સીએનજી પંપ સ્થાપવા માટે કંપનીના નીતિ નિયમો મુજબ પાત્ર થયેલ બે અરજદારોને લેટર ઓફ ઇન્ટેન્ટનું વિતરણ કરવામાં આવેલ હતું. જે પૈકી, શેલાણા ખાતે આવેલ એક જ અરજદાર દ્વારા લેટર ઓફ ઇન્ટેન્ટનો સ્વીકાર કરવામાં આવેલ હતો. જે પંપ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ડિસેમ્બર, ૨૦૨૧ માં શરૂ કરી દેવામાં આવેલ છે.

- - - - - - - - -

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આજની પ્રશ્નોતરીના અગ્રતાક્રમ નં.૨૧૧ના જવાબ બાબત**

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે આજની પ્રશ્નોતરીમાં અગ્રતાક્રમ ૨૧૧ નંબરનો મારો પ્રશ્ન છે. એમાં મેં પૂછ્યું હતું કે તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં કિસાન સૂર્યોદય યોજના અમલમાં છે. જયારે બીજો પ્રશ્ન પૂછયો છે કે ઉકત સ્થિતિએ ઉકત યોજના અન્વયે ખેડૂતોને દિવસ દરમિયાન કેટલા કલાક વીજળી આપવામાં આવી છે. એમાં જવાબ આપવામાં આવ્યો છે આઠ કલાક આપવામાં આવી છે. જયારે ત્રીજો પ્રશ્ન છે કે ઉકત યોજના અન્વયે ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવામાં ન આવતી હોય તો તેના કારણો શાં છે? તો જવાબ આપવામાં આવ્યો છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસની અછતની પરિસ્થિતિનું નિર્માણ થવાથી આઠ કલાક વીજળી આપી શકયા નથી. જયારે આગળ જવાબ આપ્યો છે કે આઠ કલાક દિવસે વીજળી આપીએ છીએ જયારે નીચે સ્વીકાર્યું છે કે અમે આપી શકયા નથી. તો આઠ કલાક વીજળી આપીએ છીએ એ જવાબ ખોટો આપ્યો છે એ સુધારવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, આ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી પરંતુ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

શ્રી પ્રતાપ દુધાત : જવાબ ખોટો આપ્યો છે એ સુધારવા માટે હું વિનંતી કરું છું.

શ્રીમતી મનીષા વકીલ (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મહિલા ધારાસભ્યશ્રીઓ માટે રસ્તાની ગ્રાન્ટ માટે સવા કરોડ રૂપિયાનો વધારો કર્યો છે ત્યારે હું સૌ મહિલા ધારાસભ્યશ્રીઓ વતિ આભાર વ્યકત કરું છું. તથા આ ગૃહના સૌ સભ્યશ્રીઓ બહેનોને મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવવામાં આવી એ બદલ સૌનો આભાર વ્યકત કરું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :કિસાન સૂર્યોદય યોજના નીચે વીજળી રોટેશન પ્રમાણે આપીએ જ છીએ.

ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ સમીક્ષા

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ ઓડિટ અહેવાલ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી નરેશભાઈ મ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ (ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૨૧-૨૨ના ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના અંદાજપત્ર તથા ૨૦૨૦-૨૧ના સુધારેલ અંદાજપત્ર

**શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ (ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર તથા સન ૨૦૨૦-૨૧ના સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો અહેવાલ તથા નિવેદન

**શ્રી અરવિંદ રૈયાણી ( રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૦-૨૧નો મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી વિનોદભાઈ મોરડીયા ( રાજ્યકક્ષાના શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૧૯૫૭ના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા તેમજ નિવેદન

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેના ઉદ્યોગ અને ખાણ વિભાગના ,

(૧) તા.૨૪/૦૫/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીયુ-૨૦૧૭-(૨૧) એમસીઆર- ૧૦૨૦૧૭- એમએમ-૫૨૪-છ

(૨) તા.૧૦/૦૮/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીયુ/૨૦૧૭/૨૬/એમસીઆર-૧૦૨૦૧૭-એમએમ-૯૯૫-છ

તા. ૮મી માર્ચ ૨૦૨૨

સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી બ્રિજેશ મેરજા ( રાજ્યકક્ષાના શ્રમ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના મેજ ઉપર મારો અહેવાલ મૂકું તે પહેલાં લોકશાહીના મંદિર સમા આ સંસદીય ગૃહની ધુરા સંભાળતા આપશ્રી, ગૃહના માનવંતા સૌ મહિલા ધારાસભ્યશ્રી બહેનો અને પૃથ્વી પરના તમામ નારીરત્નોને મહિલા દિને કોટિ-કોટિ શુભવંદના પાઠવું છું.

मोहताज नहीं औरत किसी गुलाब की
वो तो खुद बागबान है इस कायनात की।

શ્રમ અને રોજગાર વિભાગનું જાહેરનામું તેમજ નિવેદન

**શ્રી બ્રિજેશ મેરજા ( રાજ્યકક્ષાના શ્રમ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૪૮ના કારખાના અધિનિયમ અન્વયેના શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૦/૦૫/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએચઆર/ ૨૦૨૧/ ૩૯/એફએસી/૧૪૨૦૨/૧૯૪/એમ૩ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના ૧૪મા અહેવાલની રજૂઆત**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર તા. ૭મી માર્ચ ૨૦૨૨ના રોજ સભાગૃહની બેઠક પૂર્ણ થયાના ૧૦ મિનિટ બાદ અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં દર્શાવેલ શુક્રવાર તા. ૧૧/૦૩/૨૦૨૨ના રોજની બેઠક રદ કરવી અને બુધવાર તા. ૧૬/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહની બે બેઠક રાખવી.

**૨.** ઉક્ત ફેરફારને ધ્યાનમાં લેતાં હવે નીચે જણાવ્યા મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

* તા. ૧૪/૦૩/૨૦૨૨ના રોજ પૂરક વિનિયોગ વિધેયક તથા અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

* મંગળવાર તા. ૧૫/૩/૨૦૨૨ના રોજ પ્રથમ બેઠકમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) અને બીજી બેઠકમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

* તા. ૧૬/૩/૨૦૨૨ના રોજ પ્રથમ બેઠકમાં માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) અને બીજી બેઠકમાં માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) તથા બિન-સરકારી સંકલ્પો

**૩.** ચાલુ સત્રની શુક્રવાર તા. ૧૧/૩/૨૦૨૨ના દિવસની રદ થયેલ બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરી બુધવાર તા. ૧૬/૩/૨૦૨૨ના રોજ પ્રથમ બેઠકમાં અને બીજી બેઠકમાં બુધવાર તા. ૧૬/૩/૨૦૨૨ના દિવસ માટે નિયત થયેલ તારાંકિત પ્રશ્નોત્તરી રાબેતા મુજબ રાથ ધરવી.

જાહેર સાહસો માટેની સમિતિનો પંદરમો અને સોળમો અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ **(**સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો પંદરમો અને સોળમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(** સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષ મહોદયા હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ )**

અધ્યક્ષશ્રી : સભાગૃહ સમક્ષ તારીખ ૨જી માર્ચ ૨૦૨૨ના રોજ રજૂ કરવામાં આવેલો પ્રસ્તાવ અને તેના ઉપરના સુધારા ઉપરની ચર્ચા હવે આગળ ચાલશે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા**(**માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી**,** આજે ૮મી માર્ચ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિન દિવસે આપના સહિત ગૃહના તમામ મહિલા ધારાસભ્યશ્રીઓને તથા ગુજરાતની તમામ મારી માતા-બહેનોને હું મહિલા દિનની શુભકામના પાઠવું છું અને માતૃશકિતને વંદન પણ કરું છું. આ ગૃહના સભ્યશ્રી રાકેશભાઇ શાહ રાજયપાલશ્રીના આ ગૃહના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે જેને આ ગૃહના સદસ્યશ્રી અભેસિંહભાઇ તડવીજીએ સમર્થન કર્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ પણ છે અને ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા અધ્યક્ષ તરીકે અધ્યક્ષપદ આપ સુશોભિત કરી રહ્યા છો જે ગુજરાતની મહિલા સશકિતકરણની પ્રગતિ અને કટિબદ્ધતા દર્શાવે છે. ગુજરાત રાજ્ય એટલે સુખ શાંતિ અને સલામતિ ગુજરાત એટલે વિકાસના દરેક ક્ષેત્રમાં મોખરે રહેવા માટે કટિબદ્ધ રાજ્ય ગુજરાતની આ છબી પાછળ રાજયને છેલ્લા બે દાયકામાં મળેલું કુશળ અને દીર્ઘદ્રષ્ટીપૂર્ણ નેતૃત્વ રહ્યું છે. ગુજરાતના સપુત અને ગુજરાતનું જ ગૌરવ એવા ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજયના સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયત્નો કર્યા છે જેના પરિણામે ગુજરાત વિશ્વના નકશામાં સૌથી ઝડપી વિકસી રહેલા પ્રદેશ તરીકે ઉભરી આવ્યું છે. રાજયમાં સૌથી વધુ મૂડી રોકાણની વાત હોય, રાજયમાં સૌથી વધુ ઉદ્યોગોના વિકાસની વાત હોય રાજયમાં સૌથી વધારે પ્રવાસીઓની સંખ્યામાં વધારો હોય આ બધાનો શ્રેય ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કંડારેલા આ ગુજરાતના વિકાસ પથ ઉપર આપણા સૌના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમની ઉર્જાવાન ટીમ ગુજરાતને નવા આત્મવિશ્વાસ સાથે ઉત્તમથી સર્વોત્તમ બનાવવાના આ અધ્યાયનો આરંભ થયો છે. પર્યાવરણની સુરક્ષાએ આજે સમગ્ર વિશ્વની જરૂરીયાત બની ગઇ છે. સમગ્ર વિશ્વનો ચિંતાનો વિષય બની ગયો છે. ગ્લોબલ વોર્મિંગની આ પડકારજનક સમસ્યાને પહોંચી વળવા માટે વિશ્વમાં અનેક પ્રયાસો થઇ રહ્યા છે ત્યારે આ પ્રયાસોમાં ગુજરાત પણ સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં વન અને વન બહાર વિસ્તારમાં વૃક્ષોનો વધારો થાય લોકોની ભાગીદારી થકી વન અને વન્ય જીવસૃષ્ટિનું રક્ષણ થાય વન ઉપર આધારિત લોકોને આજિવિકામાં પણ વધારો થાય તેના માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આપણને સૌને ખ્યાલ છે કે વૃક્ષો અને વનના લાભોથી આપણે સૌ માહિતગાર છીએ. વૃક્ષો અને વનો આપણને ઘણું બધું આપે છે છતાં બદલામાં કાંઇ અપેક્ષા રાખતા નથી. આપણા એક વફાદાર મિત્ર તરીકે હરહંમેશા કાર્ય કરે છે. આજે રાજ્યમાં વૃક્ષો અને વન્ય જીવ સમૃદ્ધિ એ ગુજરાતમાં ઉત્તરોત્તર વધી રહી છે. લોક ભાગીદારી અને સરકારના પ્રયાસોથી વન વિસ્તાર અને વન વિસ્તાર બહારના વૃક્ષોમાં પણ ખૂબ મોટો વધારો થઇ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી આ વૃક્ષો એ આપણી સંસ્કૃતિ અને ધર્મ સાથે જોડાયેલા છે. હાલના આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૪માં એમના દ્વારા ગુજરાતમાં એક ઐતિહાસિક કામ કરવામાં આવ્યું અને ગુજરાતના ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા સ્થળો પર રાજ્યકક્ષાના વન મહોત્સવો રાખીને આ ગુજરાતની પ્રજાને પણ ભાગીદાર બનાવી અને એને નામ આપવામાં આવ્યું સાંસ્કૃત્તિક વન. અમે તો આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ ત્યારે અગાઉ વર્ષો સુધી વન વિભાગ અને આદિવાસી સમાજ વચ્ચે સંઘર્ષ વર્ષોથી ચાલતો આવતો હતો. પરંતુ આ રાજ્ય સરકારે સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ દ્વારા વન સંરક્ષણમાં લોકોને

પણ જોડ્યા છે. ગૃહમાં આજે મને જણાવતા આનંદ થાય છે કે રાજ્યની અંદર ૩૪૦૮ જેટલી સહભાગી વન વ્યવસ્થા સમિતિઓના કારણે આજે ૧૪ લાખ જેટલા લોકો આ વન વિભાગ સાથે જંગલ સાચવવા એનું રક્ષણ કરવા માટે જોડાયેલા છે. એમાં ૫ લાખ જેટલી તો મહિલાઓ સભ્ય બનીને આ સહભાગી વન વ્યવસ્થામાં જોડાઇ છે. મને કહેતા આનંદ થાય છે કે આદિવાસી સમાજ મોટાભાગે જંગલો અને પહાડોમાં જ્યારે વસવાટ કરે છે ત્યારે આ આદિવાસી સમાજને જો સૌથી મોટી રોજગારી આપતો હોય તો એ વન વિભાગ છે. સાથોસાથ વનોની ગૌણ વન પેદાશોમાં પણ દોઢેક લાખ લોકો આ આદિવાસી પરિવારો જોડાયેલા છે અને છેલ્લા ત્રણ વર્ષમાં ૪૪ કરોડ રૂપિયાથી વધુ રકમ આ આદિવાસી સમાજને ગૌણ વન પેદાશોમાંથી ચૂકવવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ભૂતકાળમાં વર્ષ ૨૦૦૩માં વન વિભાગના વન વિસ્તાર બહારના વૃક્ષોની ગણતરી થઇ ત્યારે લગભગ ૨૫ કરોડ વૃક્ષો હતા અને વર્ષ ૨૦૨૧માં જ્યારે ગણતરી કરવામાં આવી ત્યારે ૩૯ કરોડ જેટલા વૃક્ષો ગુજરાતમાં ગણાયા છે. એટલે લગભગ ૫૮ ટકા વૃક્ષોનો વધારો વન્ય બહાર જોવા મળ્યો છે. આ ગુજરાત માટે ખૂબ સારી બાબત છે. આ જ પ્રકારે જે જંગલો છે એનો પણ સરવે ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો ત્યારે વર્ષ ૧૯૯૧માં ૧૧૯૦૭ ચોરસ કિલોમિટર જંગલ ગુજરાતમાં હતા. આજે ભારત સરકારે વર્ષ ૨૦૨૧માં ફરી સરવે કર્યો ત્યારે એ ૧૧૯૦૭ના બદલે ૧૪૯૨૬ ચોરસ કિલોમિટર ગુજરાતમાં જંગલો પણ વધ્યા છે. એ પણ ગુજરાતની જનતા અને આપણા સૌના પ્રયત્નોથી આ એક ઉત્તમ કાર્ય ગુજરાતમાં થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને પણ આ વૃક્ષોની ખેતીમાં પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકારે જે યોજનાઓ બનાવી છે એમાં લગભગ એક લાખ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકારે ૮૭ કરોડ રૂપિયાની રકમ છેલ્લા પાંચ વર્ષમાં ખેડૂતોને ચૂકવી છે. જૈવિક વિવિધતાની દ્રષ્ટિએ પણ ગુજરાત રાજય સમૃદ્ધ છે. આપણી પાસે ૪ જેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો છે. ૨૨ અભ્યારણ્યો છે અને એક કન્ઝર્વેટર રિઝર્વ મળીને ૨૮ જેટલા રીસ્ટ્રીક વિસ્તારો ગુજરાતને મળ્યા છે. આ વન વિભાગ માત્ર એકલું વન સાચવે છે એવું નથી. ગુજરાતમાં જે વ્હેલ શાર્ક માછલીઓ આવે છે. એનું રક્ષણ પણ વર્ષ ૨૦૦૫થી શરૂ કરવામાં આવ્યું છે અને મોરારીબાપુ જયારે કથા કરતા હતા ત્યારે એમણે કથામાં કીધું હતું કે આ શાર્ક વ્હેલ જે છે એ આપણી ગુજરાતની દીકરી છે. એને માછીમારભાઇઓ ન મારે. તો અત્યાર સુધીમાં ૮૪૪ જેટલી શાર્ક વ્હેલને ફરી મારા માછીમારભાઇઓએ દરિયામાં છોડી છે. એનું પણ ગૌરવ છે. દેશનું ગૌરવ ગુજરાતની ઓળખ જેને આપણે એશિયાટીક સિંહોની રીતે ઓળખીએ છીએ એમાં પણ વર્ષ ૨૦૧૫માં એની વસ્તી ૫૨૩ હતી. વર્ષ ૨૦૨૦માં પૂનઃઅવલોકન કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અમિતભાઇ ચાવડા.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે આ ગૃહ ગુજરાત અને સમગ્ર વિશ્વની મહિલાઓને વંદન સાથે શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વાત શરૂ કરતાં પહેલા રાજયના ગૃહમંત્રીશ્રી બેઠા છે. એમના મારફત જવાબની અપેક્ષા સાથે એક વાત રજૂ કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં આપણે મહિલા સન્માન અને સલામતિની વાતો કરીએ જાહેરાતો કરીએ અને આ જ ગાંધીનગરમાં સેવાદળની મહિલાઓ શાંતિપ્રિય માર્ગે કાર્યક્રમ આપતી હોય ત્યારે અહીંયા સન્માનની વાતો કરીએ અને બહાર પોલીસ દ્વારા લાતો મારીને અત્યાચાર કરવામાં આવે એથી શરમજનક બાબત કોઇ હોઇ ન શકે. પોલીસની પરમિશનથી સેવા દળની મહિલાઓ દ્વારા કાર્યક્રમ કરવામાં આવે અને ત્યારબાદ આ મહિલાઓ ઉપર પુરુષ પોલીસ અધિકારીઓ દ્વારા લાતો મારીને અત્યાચાર કરવામાં આવે દંડા મારવામાં આવે લાફા મારવામાં આવે અને હદ તો ત્યારે થાય આ મહિલાઓના ગુપ્તાંગો ઉપર માર મારવા સુધીની હરકત આ રાજયની પોલીસ દ્વારા કરવામાં આવે ત્યારે મારી માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી પાસેથી અપેક્ષા છે કે મહિલા દિવસ છે મહિલા સન્માનની વાત છે મહિલા સુરક્ષાની વાત છે ત્યારે અહીંયા આ ગૃહ સમક્ષ એની વાત પણ કરે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો વ્યકત કરતા એટલું ચોકકસ કહીશ કે રાજયપાલશ્રી સરકારના વખાણ કરે એ તો અપેક્ષીત હોય પણ રાજયપાલશ્રીના પ્રવચનમાં આ રાજયની વાસ્તવિકતાની અનદેખી કરવામાં આવે એથી દુઃખદ કંઇ ન હોઇ શકે. પહેલા એક સંવેદનશીલ સરકાર હતી કે જેના માટે વાતો થાય જાહેરાતો થાય ભાષણો થતા પણ કયા સંજોગોમાં કઇ અસંવેદનશીલતા સાથે આખેઆખી સંવેદનશીલ સરકારને ઘેર મોકલવામાં આવી એનો જવાબ આ ગુજરાતની જનતા માંગે છે. ગુજરાતની જનતા કહે છે અમે પાંચ વર્ષ માટે વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં સરકાર ચૂંટીને મોકલી હતી. એવું તે શું થયું કે ચાર વર્ષે વાજતે ગાજતે વિજયભાઇ સહિત આખેઆખા મંત્રીમંડળને વિદાય આપવામાં આવી? જયારે ૯ દિવસના ઉત્સવ ઉજવાય. શ્રી શૈલેષભાઇએ કીધું એમ ગુડ ગવર્નન્સના નામે ઉત્સવો થાય પ્રજાના ટેકસના પરસેવાના પૈસાથી *(xxx) થયા ત્યારે પહેલે દિવસે અમે કીધું હતું.

અધ્યક્ષશ્રી :* (xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા દિવસે અમે કીધું હતું કે આ કોઇ ગુડ ગવર્નન્સનો કાર્યક્રમ નથી. આ શ્રી વિજયભાઇની સરકારને વાજતે ગાજતે રવાના કરવા માટેનો કાર્યક્રમ છે અને એ મુજબ આખી સરકાર બદલવામાં આવી. આખી સરકાર બદલાઇ. એ જ બતાવે છે કે આ ગુજરાતમાં ભાજપની સરકાર સદંતર રીતે તમામ ક્ષેત્રે નિષ્ફળ પુરવાર થઇ છે. આજે ચહેરા બદલવાથી ચારિત્ર્ય નહિ બદલાઇ જાય. સરકારો બદલવાથી કે મુખ્યમંત્રી કે મંત્રી મંડળના ચહેરા બદલવાથી પાપ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નહિ ધોવાઇ જાય. એ ગુજરાતની જનતા સારી રીતે જાણે છે. આ ગુજરાતની જનતાની અપેક્ષા હતી કે જે સરકારને અમે વારંવાર છેલ્લાં ૨૫ વર્ષથી ચૂંટીને સત્તા સ્થાને બેસાડ્યા છે. જ્યારે કોરોના મહામારી આવી ત્યારે અમારી વ્હારે આવશે મદદ કરશે જીવ બચાવશે સારવાર અપાવશે આર્થિક રીતે પાયમાલ થતા બચાવશે પણ કમનસીબી આ ગુજરાતની જનતાની કે સરકારે અમને ભગવાન ભરોસે જીવવા માટે મજબૂર કર્યા. જ્યારે ઓક્સિજનની જરૂર હતી ત્યારે ઓક્સિજન ન મળે. હોસ્પિટલમાં બેડ ન મળે, ઇન્જેકશન ન મળે, વેન્ટીલેટર ન મળે અને સરકારની ગુનાઇત બેદરકારીના કારણે ગુજરાતમાં ૩ લાખ કરતા વધારે લોકોના કોરોનામાં મૃત્યુ થયા. વારંવાર લોકોએ કહ્યું સ્મશાનમાં લાઇનો બંધ નથી થતી. સગડીઓ ઓગળી ગઇ છે. સ્મશાનના છાપરા પીગળી ગયા છે. લાકડા ખૂટી પડ્યા છે ત્યારે સરકાર એમ કહેતી હતી કે ફકત ૧૦૦૦૦ લોકોન મૃત્યુ થયા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૌરવ સાથે કહું ગુજરાત કોંગ્રેસનો કાર્યકાર આ ગુજરાતનો જે પણ મૃતક પરિવારની મુલાકાતે ગયો. ઘેરઘેર જઇને એના દુઃખમાં ભાગીદાર થયો. ૧ લાખ કરતા વધારે પરિવારોએ ફોર્મ ભરીને આપ્યું કે અમારા પરિવારનો સ્વજન આ સરકારની ગુનાઇત બેદરકારીના કારણે કોરોનાથી મૃત્યુ પામ્યો છે ત્યારે સરકાર આંકડા છુપાવતી હતી. આજે સરકારે વાસ્તવિકતાનો સ્વીકાર કરીને ૧ લાખ જેટલા લોકોને સહાય ચુકવવા માટે મજબૂર થવું પડ્યું છે. આજે મારી સરકારને વિનંતી છે કે હજુ પણ ૨ લાખ જેટલા પરિવારો રાહ જોઇને બેઠા છે. અમારા સ્વજનના મૃત્યુનું અમને વળતર મળે. દુઃખ અને તકલીફ ત્યારે થાય વળતર આપવાવાળી વાત આવે ત્યારે આ સંવેદનશીલતાની વાતો કરવાવાળી સરકાર એક તરફ ગુજરાતમાં પશુનું મૃત્યુ થાય ત્યારે એને ૫૦૦૦૦ રૂપિયા આપવાની વાત કરે. બીજી તરફ સ્વજનનું મૃત્યુ થાય ત્યારે એની કિંમત પશુ સમાન ૫૦૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. આજે અમારો પણ સંકલ્પ છે. લડીશું અને આ ગુજરાતની જનતાના આશીર્વાદ મેળવીને ગુજરાતમાં જે પણ કોરોનામાં મૃત્યુ પામ્યા છે તેવા તમામ મૃતકના પરિવારજનોને એનો જે હક્ક અને અધિકાર છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની જોગવાઇ મુજબ ૪ લાખ રૂપિયાની સહાય અપાવવાનો કોંગ્રેસ પક્ષનો સંકલ્પ છે. જ્યારે ગુજરાતના લોકો એક એક ઇન્જેક્શન માટે દરદર ભટકતા હતા. ઇન્જેક્શન વગર તરફડીને મોતના મુખમાં ધકેલાતા ત્યારે સામાન્ય ગુજરાતીને ઇન્જેકશન ન મળે પણ એક ભાઉ પાસે ૫૦૦૦ ઇન્જેકશન હોય. આ ૫૦૦૦ ઇન્જેકશન કયાંથી આવ્યા? તેનો જવાબ શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર ન મેળવી શકી. કદાચ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર મેળવી શકશે તો અમને ચોક્કસ આનંદ થશે. આ ૫૦૦૦ ઇન્જેકશન કયાંથી લાવ્યા? ચોરી કરીને કાળા બજાર કરીને લાવ્યા? તમારા ૫૦૦૦ ઇન્જેકશન લઇ જવાના કારણે ગુજરાતમાં અનેક લોકો મોતના મુખમાં ધકેલાયા. જ્યારે ગુજરાતની જનતા સરકાર પાસે અપેક્ષા રાખીને બેઠી હોય, જે ભાજપે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરીશું એવું વચન આપીને ગુજરાતની જનતા પાસેથી મત મેળવ્યા હોય, ત્યારે આ ભાજપની સરકારમાં ભય વધ્યો છે, ભૂખ વધી છે અને ભ્રષ્ટાચાર પણ વધ્યો છે. આ જ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની વાત કરીએ તો આજે મહિલા દિવસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે કહેવું પડે જે ગુજરાતમાં મહિલાઓ સલામત છે એવું વિશ્વમાં વાત કરતા હતા ગૌરવ લેતા આજે એ જ ગુજરાતમાં સુરતમાં આપણી માસૂમ દીકરી ઉપર જાહેરમાં ગળું કાપીને હત્યા થાય. આખુ ગુજરાત અને વિશ્વ જોઇ રહ્યું છે. આજે રાજકોટમાં એક મહિલાનું સરેઆમ નાક કાપીને મહિલા શક્તિનું અપમાન કરવામાં આવે. આજે આ જ ગાંધીનગર જિલ્લામાં એક ઠાકોર પરિવારની દીકરી ઉપર જબરજસ્તી કરવાનો પ્રયત્ન થાય એનું ગળું કાપવાનો પ્રયત્ન થાય. દુઃખની વાત ત્યારે છે કે હમણા બે દિવસ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીના મત વિસ્તારમાં એક પરિણિતા ઉપર જબરજસ્તી કરવાનો પ્રયત્ન કરે. પરિણિતા પ્રતિકાર કરે ત્યારે એની ઉપર એસીડ છાટવામાં આવે. કયા મોંઢે આપણે સલામત ગુજરાતની વાત કરીએ છીએ? શું આ સલામત ગુજરાત છે? તેનો જવાબ પણ ગુજરાતની જનતાને આપવો પડશે. ગુજરાતમાં પહેલાં ગુનેગારો અને બુટલેગરો બેફામ અને બેકાબૂ હતા જ. આ સરકારનો કોઇ અંકુશ ન હતો પણ હવે દુઃખ તો ત્યારે થાય છે કે પોલીસ અને પ્રશાસનમાં બેઠેલા અધિકારીઓ પણ આજે ગુનેગારો અને બુટલેગરોથી વધારે ભય ફેલાવી રહ્યા છે. હું શ્રી ગોવિંદભાઇને અભિનંદન આપીશ કે તેમણે રાજકોટમાં ઉજાગર કર્યું કે પોલીસના અધિકારીઓ દ્વારા ખંડણી માગવામાં આવે છે. આ તો એક દાખલો આપ્યો છે. આખા ગુજરાતમાં એક પણ તાલુકો કે જિલ્લો બાકી નથી કે જયાં પોલીસ અને પ્રશાસનમાં બેઠેલા લોકો સરકારના કોઇપણ જાતના ભય વગર ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર કરે છે અને ખંડણીઓ ઉઘરાવી રહ્યા છે. ત્યારે આ બેકાબૂ થયેલી વ્યવસ્થાને કંટ્રોલ લાવવાની જવાબદારી સરકારની છે અને તેની પણ વાત કરે. આજે વર્ષોથી ગુજરાતમાં શાંતિ અને સલામતિ....

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં આપ પૂરું કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી ગુજરાતમાં શાંતિ સલામતિ હતી તેની પાછળનું કારણ હોય તો નશાબંધીનો કાયદો હતો. આ કાયદો કયાં છે? આ વિધાનસભામાં જવાબ આપ્યો કે બે વર્ષની અંદર ૬૦૦ કરોડ રૂપિયાનો દારૂ ડ્રગ્સ હેરોઇન ચરસ અને ગાંજો જેવા અનેક જાતના દૂષણો પકડાયા છે. આ તો ખાલી પકડાયાનો આંકડો છે. આની સામે સો ગણો આંકડો કરીએ તો ગુજરાતના યુવાનો તેના રવાડે ચડયા છે. આ ગુજરાતના યુવાનોને નશાના રવાડે ચડાવવામાં સૌથી મોટું કોઇએ *(xxx) જવાબદાર હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. એટલા માટે જવાબદાર છે કે આજે આ ગુજરાત ઉડતા ગુજરાત...

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : આપે *(xxx) તે શબ્દો વાપર્યા છે તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબદાર સરકાર છે. આ ગુજરાતને ઉડતા ગુજરાત બનાવવા માટે, આ ગુજરાતને ઝૂમતા ગુજરાત બનાવવા માટે સૌથી વધારે કોઇ જવાબદાર હોય તો આ *(xxx) અને તેથી વિશેષ કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જવાબદાર છે. દેશના પ્રધાનમંત્રીશ્રીએ દર વર્ષે બે કરોડ યુવાનોને રોજગારી આપવાની વાત કરી હતી. આજે ગુજરાતના ૫૦ લાખ કરતાં વધારે શિક્ષિત બેરોજગાર યુવાનો રોજગાર માટે પરીક્ષાના ફોર્મ ભરે કરોડો રૂપિયા ફી લેવામાં આવે પરીક્ષાની તારીખો જાહેર ન થાય પરીક્ષા લેવાય તો પેપર ફૂટી જાય એકવાર બે વાર ત્રણ વાર નહીં પણ બાર-બાર વખત પેપર ફોડવામાં આવે પેપર ફોડયા પછી પરીક્ષા લેવામાં આવે તો પરિણામ ન આવે અને પરિણામ આવ્યું હોય તો તેની ભરતીના ઓર્ડર ન અપાય અને તે ગુજરાતનો યુવાન નિરાશ થઇને આજે નશાના રવાડે જઇ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી બાબુભાઇ બોખીરીયા. ઓર્ડર ઓર્ડર. (અંતરાય) માનનીય બાબુભાઇ એક મિનિટ. માનનીય અમિતભાઇ ચાવડા. આપ બેસો આપના સભ્યને તક આપી છે. આપ બેસો આમને સાંભળો તો ખરા. શ્રી અમિતભાઇ શું કહે છે સિનિયર શું કહે છે તેમને સાંભળો તો ખરા.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆતમાં રાજ્યના ગૃહમંત્રીશ્રી પાસે વિનંતી કરી હતી. આજે મહિલા દિવસ છે અને મહિલાઓ ઉપર જયારે આ રીતે અમાનુષ અત્યાચાર થયો હોય અને તેમના બચાવમાં ગયેલા વિરોધપક્ષના નેતા માનનીય સુખરામભાઇ હોય, દંડક માનનીય સી. જે. ચાવડાજી હોય કે અમારા અનેક ધારાસભ્યોને પોલીસ દ્વારા પકડીને જેલમાં પુરવામાં આવ્યા છે. મહિલાઓ ઉપર અમાનુષ રીતે અત્યાચાર થયો હોય ત્યારે તેના માટે ગૃહ રાજ્યમંત્રીશ્રી જવાબ આપે તેવી અમારી અપેક્ષા છે. મહિલા સન્માનની વાતો ખાલી આ ગૃહમાં ન કરીએ પણ ખરા અર્થમાં મહિલા સન્માન માટે ગૃહ રાજ્યમંત્રીશ્રી અહીં પોલીસની કાર્યવાહી માટે નિવેદન કરે તેવી અમારી વિનંતી છે.

શ્રી હર્ષ સંઘવી **(**રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના પૂર્વ અધ્યક્ષ અને આ ગૃહના સભ્ય શ્રીમાન અમિતભાઇ ચાવડાએ મહિલાઓ ઉપર અત્યાચાર કરવામાં આવ્યો મહિલાઓને ગુપ્તાંગ પર માર મારવામાં આવ્યો આ પ્રકારની જે વાતો કરી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે આપ વિઝ્યુઅલ્સ મંગાવો તમામ વિઝ્યુઅલ્સ અવેલેબલ છે. જો આ પ્રકારની ઘટના બની હોય, જેટલું બોલ્યા છે સો ટકા એ લોકોની અટક કરવામાં આવી છે. એમને ત્યાં શાંતિથી બેસવા માટે અને જે કાંઇ વાંધો લેવો હતો એના માટે પરમિશન આપવામાં આવેલ હતી પરંતુ વિધાનસભામાં આવવું, વિધાનસભા ઘેરવી આ પ્રકારનો માહોલ બનાવવાની કોશિશ કરેલી હતી એટલે પોલીસે અટકાયત કરી છે. શ્રી અમિતભાઇને હું વિનંતી કરું છું મહિલા દિવસ હોય મહિલાઓની વાત હોય...(અંતરાય) મારી આખી વાત શ્રી અમિતભાઇ સાંભળી લો, મને સાંભળી લો, શ્રી અમિતભાઇ, મહિલાઓની વાત છે, સાંભળી લો મહિલાની વાત છે, સાંભળી લો મહિલાઓની વાત છે, સાંભળી લો...(અંતરાય)

અધ્યક્ષશ્રી :માનનીય અમિતભાઇ આપે પૂછ્યું છે એનો જવાબ આપે છે આપ બેસો શ્રી અમિતભાઇ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની વાત છે સાંભળી લો, શ્રી અમિતભાઇ, સાંભળી લો, સાંભળીને પછી આપ વાત કરો, હું સો ટકા જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપ બેસો, આપ જવાબ સાંભળો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં વિડિયો રીલીઝ કરવા તૈયાર છું. ખોટી વાત કરવાની? હું તમને વિનંતી કરું છું. તમે શું બતાવશો? હું તમને આખા લાઇવ વિડિયો અહીંયા મૂકવાની વાત કરું છું પણ તમે બેસી જાવ. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જવાબ માગ્યો અમે જવાબ આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ માનનીય મંત્રીશ્રીની પૂરી વાત સાંભળી લો પછી હું આપને તક આપું છું. પૂરી વાત સાંભળી લો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઘટના બની એ ઘટના બન્યા પછી વિધાનસભામાં આવવું, ઘેરવું, વિધાનસભા નીચે હોહા કરાવવી, એ પ્રકારનો જે પ્રયાસ કર્યો એટલે પોલીસે પોલીસની જવાબદારીપૂર્વક એ લોકોની અટક કરી છે. માન સન્માન બધું જ જાળવીને પોલીસે આ મહિલાઓની અટક કરી છે. જો આપ કહો છો એ પ્રકારની કોઇ પણ ઘટના બની હશે તો સો ટકા હું સભાગૃહ સમક્ષ જવાબ આપવા તૈયાર છું. પરંતુ થોડાક સમય પહેલાં જ તમે એક કોંગ્રેસના અધ્યક્ષ હતા અને ગુજરાતના જવાબદાર નેતા છો ત્યારે આ પ્રકારની વાત સભાગૃહ સમક્ષ મૂકવી અને આજે મહિલા દિવસે તમે આ પ્રકારની રાજનીતિ તમે મહિલાઓના નામે કરો છો? માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે અમે આખી સીડી આપને રજૂ કરીશું. આજે મહિલા દિવસ છે હું આજે સીડી રજૂ કરું છું. આપ એને જોઇ લેશો અને આ પ્રકારની કોઇ પણ ઘટના હશે તો ફરીથી સભાગૃહ સમક્ષ હું જવાબ આપીશ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી હતી અને અમે તો વિનંતી કરી હતી કે આ બનાવ માનનીય ગૃહ રાજય મંત્રીશ્રીએ કહ્યું કે વિધાનસભામાં આવીને અહીંયા આગળ ડિસ્ટર્બ કરવાનો કે વિધાનસભાને ઘેરાવ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરવાનો એવો કોઇ બનાવ બન્યો નથી. આ સેકટર ૬ની વાત છે ત્યાં આગળ મહિલા પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા એમની સાથે કોઇ કાર્યવાહી થઇ હોત તો ઉચિત હતું...(અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જે વાત કરી એ ઓલરેડી રેકર્ડ ઉપર છે. સદનમાં એમણે જે વાત મૂકી છે એમાંની એક પણ ઘટના બની હોય તો સો ટકા જવાબ આપીશ. (અંતરાય) માત્ર રાજનીતિક આરોપ કરવા એ પણ મહિલાઓના નામે. આપણી રાજનીતિનું સ્તર આ પ્રકારનું છે કે મહિલાના નામે આ રીતે રાજનીતિ કરવી પડે?

શ્રી અમિત ચાવડા : અમે રાજનીતિ નથી કરતા. તમે મહિલાઓના સન્માનની વાતો કરો છો અને બહાર લાતો મારો છો એટલા માટે કહીએ છીએ. તમે અહીંયા વાતો કરો છો અને બહાર લાતો મારો છો એટલા માટે કહેવું પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, આપ બેસો. માનનીય અમિતભાઇ, આપ બોલો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યારે બનાવ બન્યો ત્યારે ગુજરાત અને દેશના મિડિયાએ લાઇવ બતાવ્યું છે લાઇવ બતાવ્યાના પૂરાવા ઉપલબ્ધ છે હવે આજે ગૃહ રાજય મંત્રી એમ કહે કે સીડી લાવીને તમને આપીશું પણ આખા દેશ અને વિશ્વની જનતાએ લાઇવ જોયું છે. બીજા નંબરે પોલીસના જે પુરુષ અધિકારીઓ છે એમના દ્વારા મહિલાઓ ઉપર અમાનુષ રીતે અત્યાચાર થયો છે અને એની વાત કરવા જ્યારે અમારા વિરોધ પક્ષના નેતા અને પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જાય છે, વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક જાય છે તો પોલીસ દ્વારા એમની વાત સાંભળવાને બદલે એમની પણ અટક કરવામાં આવે છે. તો આવો તો ક્યો કાયદો છે? અને ગૃહ રાજય મંત્રીશ્રી એમ કહે છે કે વિધાનસભાનો ઘેરાવ કરવા આવ્યા હતા. મારી તમને ચેલેન્જ છે કે એક પણ મહિલા વિધાનસભા કેમ્પસમાં આવેલ હોય તો એની સામે પણ કાર્યવાહી કરો પણ ખોટો બચાવ પોલીસ અધિકારીઓનો ના કરો. કાયદેસરની કાર્યવાહી કરવાનો પોલીસને અધિકાર છે પણ મહિલા અધિકારીઓએ ત્યાં હાજર રહી કાર્યવાહી કરવી જોઇએ, નહીં કે પુરુષ અધિકારીઓ મહિલાઓ પર અત્યાચાર કરે અને અમાનુષ રીતે એમના ગુપ્તાંગો પર માર મારે ત્યાં સુધીની હરકત કોઇ પણ સંજોગોમાં ચલાવી ન લેવાય.

અધ્યક્ષશ્રી : આજે જે રીતે માનનીયશ્રી અમિતભાઇ ચાવડાએ અહીંયા રજૂઆત કરી છે અને માનનીય ગૃહમંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તે બન્ને વસ્તુ સી.ડી. પણ જોઇ અને હું આવતીકાલે મારો નિર્ણય આપીશ, નેકસ્ટ.

**( આ તબક્કે સૂત્રોચ્ચાર સાથે વિરોધપક્ષના તમામ સભ્યોએ સભાત્યાગ કર્યો )**

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન અંગે માનનીયશ્રી રાકેશભાઇ શાહ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ-૧૯ની મહામારી વખતે આખા રાજયમાં દેશમાં અને વિશ્વમાં એક ભયનો માહોલ વ્યાપી ગયો હતો. કોવિડ-૧૯એ એવી મહામારી હતી કે જે હવા દ્વારા અને સ્પર્શ દ્વારા ફેલાતી મહામારી હતી અને આ બધી વસ્તુઓ ધ્યાનમાં રાખીને આપણાં વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ જે વિશ્વવ્યાપી લોકડાઉન કર્યું ત્યારે ગુજરાતની અંદર જે બહારના લોકોને પણ ઘણી બધી રોજગારી આપે છે તેના લીધે આંતર રાજય મજૂરો અહીંયા કામ કરતા હતા તેને પોતાના વતનમાં જવા માટે જે જરૂરિયાત હતી તેના માટે શ્રમ અને રોજગાર વિભાગ અને રાજય સરકારે કુલ ૧૦૦૬ ટ્રેનો દ્વારા ૧૪૦૬૪ અને ૪૦૩ આંતર રાજય મજૂરોને પોત-પોતાના રાજયોમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વિરોધ પક્ષના નેતાએ હમણાં જ વાત કરી હતી કે ગુજરાતમાં રોજગારી નથી. અહીંયા જે ૧૪૦૬૪ અને ૪૦૩ જેટલા મજૂરોને આપણે અન્ય રાજયોમાં મૂકવા જવા પડે તેનો મતલબ એ કે ગુજરાતની અંદર રોજગારીની જે સંભાવનાઓ છે તેના લીધે અન્ય રાજયોના લોકો પણ અહીંયા રોજગારી માટે આવે છે. આજે આપણે કોઇ પણ હોટલ રેસ્ટોરન્ટ તેના રસોડાની અંદર કે તેના સ્ટાફમાં તમે જોશો તો મોટાભાગના માણસો આંતર રાજય તો ઠીક છે પણ નેપાળ જેવા રાજયમાંથી પણ અહીંયા રોજગારી માટે આવે છે. બાંધકામની સાઇટ ઉપર જાવ રોડ રસ્તા બનતાં હોય તેની સાઇટ ઉપર જાવ કે ખેતીની અંદર આપણે જોઇએ છીએ તો ત્યાં પણ બહારના લોકો મજૂરી માટે રોજગારી માટે આવે છે એટલે ગુજરાતની અંદર પૂરતી રોજગારી છે. બીજું, જે રોજગારીની વાત કરી તેના મૂળમાં આપણે જઇશુ તો આજે જે રાજયની અને દેશની જે વસતિ છે તેના કરતા આપણને જયારે આઝાદી મળી ત્યારે ૨૫ ટકા વસતિ હતી. જો ત્યારે યોગ્ય આયોજન કરવામાં આવ્યુ હોત ત્યારે વીજળી જો પૂરતી આપી હોત કારણ કે ગુજરાતની અંદર આજે જે વીજ પ્રશ્નની જયારે વાત થઇ ત્યારે ગુજરાતની અંદર વર્ષ ૧૯૯૫માં ૯ હજાર મેગાવોટની જરૂરિયાત સામે માત્ર ગુજરાત પાસે ૫ હજાર મેગાવોટ વીજળી હતી અને ગ્રામ્ય વિસ્તારમાં તો સૌ માનનીય ધારાસભ્યશ્રીઓને ખબર છે કે ત્યારે આપણે ગામડામાં જતાં ત્યારે ખેડૂતો ખાલી બે વખત લાઇટ માગતા. એક સવારે ઢોરને દોહવા માટે જઇએ ત્યારે સવારે ૬-૦૦ વાગ્યે લાઇટ મળે અને સાંજે ૮-૦૦ વાગ્યે વાળુ ટાણે લાઇટ મળે એ સિવાય લાઇટ ના મળતી. આ લાઇટની જયારે શોર્ટેજ હોય તેના લીધે ઉદ્યોગો કોઇ નવા શરૂ ના કર્યા, રોજગારી ઉભી ના કરી, તેના લીધે આ મુશ્કેલી પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દશમા કે બારમા ધોરણ સુધી જે અભ્યાસ કરે અને આગળ ઉપર ભણવા જવું ના હોય તો પોતાને રોજગારી મળે અને પોતે તૈયાર થઇ શકે તે માટે કારીગર તાલીમ યોજના અંતર્ગત રાજયમાં કુલ ૨૮૮ સરકારી આઇ.ટી.આઇ.સંસ્થાઓ ૧૧૨ ગ્રાન્ટેડ ૧૯૭ સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓમાં ૨૧૭૯૯૨ને આપણે પ્રવેશ આપીએ છીએ. કૌશલ્યવર્ધન કેન્દ્ર એટલે કેવી કેવી યોજના નીચે ૧૧૪ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં ૫૬ કોર્સ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૧૮૬૨૪ લાભાર્થીઓને તૈયાર કરવામાં આવ્યા છે જેમાં મહિલા લાભાર્થીઓની સંખ્યા ૧૪૨૩૬ એટલે ૭૬ ટકા લાભાર્થીઓ છે

તે મહિલાઓ છે. કૌશલ્યવર્ધક કેન્દ્ર દ્વારા વર્ષ ૨૦૧૦થી ૨૦૧૧ સુધીમાં કુલ-૧૯૧૭૦૬૩ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. જેમાં મહિલાઓની સંખ્યા ૧૨૦૪૯ છે. શ્રમ વિભાગ અને રાજ્ય સરકાર અસંગઠિત કામદારો માટે પણ સતત ચિંતા કરે છે. આપણે ત્યાં ઇ-શ્રમ પોર્ટલ લૉન્ચ કર્યું છે. એમાં આવા શ્રમયોગીઓ પોતાનું નામ નોંધાવે એના લીધે એનું જે રેકર્ડ આપણી પાસે તૈયાર થાય એના આધારે એને મુશ્કેલી પડે ત્યારે આપણે એની પાસે ઊભા રહી શકીએ. આ અસંગઠિત શ્રમયોગીઓ માટે ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના દાખલ કરવામાં આવી છે. એમાં જો એના કામના સ્થળે મૃત્યુ થાય તો ૨ લાખ રૂપિયા સુધીની સહાય જો બે અંગ જાય તો ૨ લાખ સુધીની સહાય અને જો એક અંગ જાય અથવા નુકસાન થાય તો એને ૫૦૦૦૦ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. આ સિવાય શૈક્ષણિક પુરસ્કાર યોજના અંતર્ગત સંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલ શ્રમયોગીઓના આશ્રિત બાળકો જે અભ્યાસ કરે છે એને ધો.૧૦માં ૭૦ કે તેથી વધુ પર્સેન્ટાઇલ આવે તો રૂ.૨૫૦૦૦નો પુરસ્કાર અને ધો.૧૨માં ૭૦ કે તેથી વધુ પર્સેન્ટાઇલ આવે તો રૂ.૫૦૦૦૦નો પુરસ્કાર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય શ્રમયોગીઓની બીમારી પહેલાં શરીરની તપાસ કરવાની થાય એના માટે પણ રાજ્ય સરકારે યોજના કરી છે. એમાં પૅથોલોજી, કાર્ડિયૉલૉજી, રેડિયૉલૉજી અને અન્ય ૧૬ પ્રકારના ટેસ્ટ જેનો ખર્ચ રૂ.૨૦૦૦ જેટલો આવે છે. એમાં રાજ્ય સરકાર પ્રતિ લાભાર્થી રૂ.૧૦૦૦નો ખર્ચ આપે છે. ૨૫ ટકા રકમ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અને ૨૫ ટકા લાભાર્થીની સંસ્થા દ્વારા આપવામાં આવે છે. એની તપાસ થતાં જો એને કોઇ રોગ હોય તો આપણને ખ્યાલ આવે છે. આ સિવાય કોરોનાની મહામારી આવી એમાં શ્રમતંત્રના પ્રયાસોથી ગુજરાત રાજ્યની ૩૭૯૪ સંસ્થા દ્વારા ૭૭૨૮૦૪ શ્રમયોગીઓને ૯૧૦૩૮૪૫૮૩૯ જેટલું બૉનસ ચૂકવવામાં આવ્યું છે. આ સિવાય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રોજગાર કચેરી દ્વારા કુલ ૨૩૮૫૦૬ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રોજગાર કચેરી દ્વારા ૧૯૮૬૬૫ જેટલી રોજગારી આપવામાં આવી છે. આ સિવાય ઔદ્યોગિક ભરતી મેળા કે જે રાજ્ય સરકારનો નવો અભિગમ છે. એમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૧૬૪૨ ઔદ્યોગિક ભરતી મેળા દ્વારા ૯૦૫૧૭ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી. આ સિવાય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૧૫૬૪ ભરતી મેળા દ્વારા ૯૫૭૦૪ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિવસ છે ત્યારે તમામ મહિલાઓને હું શુભેચ્છા પાઠવું છું અને આપણા રાજ્યપાલશ્રીના પ્રવચન બાદ રાકેશભાઇ શાહ સાહેબે જે પ્રવચન આપ્યું એના વિશે હું પણ મારા બે વિષયો મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કોરોનાકાળમાં જે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે વખતે શ્રી રૂપાણી સાહેબ, શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબના વખતમાં જે ચિંતા કરી હતી અને કોઇને પણ તકલીફ ના પડે એ માટે કોરોનાના ટેસ્ટ કરવાની વ્યવસ્થા કરી અને દેશ-વિદેશમાં વસતા ભારતીયોને જ્યારે તકલીફ પડે ત્યારે પોતાનું વતન અને ઘર સાંભળે ત્યારે એમને આવવા માટે પણ વ્યવસ્થા કરી. આપણા દેશના વડાપ્રધાન એક-એક વિસ્તારના લોકો માટે ચિંતા કરતા હતા તેમજ આપણા આરોગ્યમંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા સાહેબે એક-એક ગામડાં સુધી જઇને લોકોના આરોગ્યની પૂરેપૂરી ચિંતા કરી છે. ઘેર-ઘેર જઇને રસી આપી. એના માટે પણ ચિંતા કરી હતી તેમજ ફંગસ માટે પણ ચિંતા કરી હતી. હાલમાં આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ આરોગ્ય મંત્રીશ્રી ઋત્વિકભાઇ પટેલ સાહેબે પણ ખૂબ ચિંતા કરી રહ્યા છે અને દિવસે-દિવસે આમાંથી બહાર આવવા માટે પણ પ્રયત્ન કરી રહ્યા છે. ખાસ જો કોઈ પણ વાલી ગુજરી જાય અને તેના બાળકો નાના હોય તો એક બાળક હોય તો તેને રૂ. ૨૦૦૦ મળે અને બે બાળકો હોય તો તેને રૂ. ૩૦૦૦ મળે. આમ કરીને બાળકો માટે પણ સરકારશ્રીએ ચિંતા કરી છે. વેન્ટીલેટરની વાત કરી ત્યારે ખૂબ તકલીફ હતી તો પણ સરકારે તાત્કાલિક વેન્ટીલેટરની વ્યવસ્થા કરેલી. આપણે લોકોને તાત્કાલિક ઓક્સિજન મળી રહે તે માટે પણ વ્યવસ્થા કરેલી. હું આરોગ્ય અને પોલીસ ખાતાના કર્મચારીઓને ખાસ અભિનંદન આપીશ. દર્દી પાસે વાલીઓ કે પોતાના સગા ન રહેતા પણ આ સરકારી કર્મચારીઓએ પૂરેપૂરી પ્રમાણિકતા સાથે કામ કરેલું. સરકારશ્રીએ કોઈ પણ વ્યક્તિ કોરોનામાં ગુજરી જાય તો તેના માટે રૂ. ૫૦૦૦૦ તાત્કાલિક મળે તેના માટે પણ વ્યવસ્થા કરેલી. લોકડાઉનમાં ફ્રી અનાજ આપેલું કોઈ પાસે પૈસા ન હોય તો મા-કાર્ડ આયુષ્યમાન કાર્ડ વાહન ન હોય તો ૧૦૮ આવી જાય પશુઓ માટે પણ ૧૯૬૨ આવી જાય તે જ રીતે ખિલખિલાટ તેમજ ધન્વંતરી રથ તેમજ પોલિયોનો કોઈ પણ દર્દી હોય તો ઘરે જઈને બાળકોને પોલિયોનો ડોઝ પણ આપવામાં આવે છે. કુપોષિત બાળકોની તંદુરસ્તી માટે પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે. ટી.બી. નાબૂદી માટે પણ સરકાર પૂરેપૂરા પ્રયત્ન કરી રહી છે. મારું આરોગ્ય મંત્રીશ્રીને એક નિવેદન છે કે હાલ હાર્ટ ઍટેકનું પ્રમાણ વધારે છે તો એના માટે કોઈ સગવડ અથવા તપાસ કરી કઈ રીતે તે કન્ટ્રોલ થાય તેના માટે આપણે ધ્યાન રાખવું ખાસ જરૂરી છે. મારા વિસ્તારમાં ૧૫ પી.એચ.સી. સેન્ટર અને ૪ સી.એચ.સી. સેન્ટર આવેલા છે. સરકાર ખૂબ સારી વ્યવસ્થા આપી રહી છે એટલે કેન્દ્ર અને ગુજરાત સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ જે સંબોધન કર્યું અને તેના ઉપર માનનીય રાકેશભાઈ શાહ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરી રહ્યો છું. આભાર પ્રસ્તાવમાં રાજ્યની અનેક જુદી-જુદી યોજનાઓ બાબતની ચર્ચા થઈ છે તેના ઉપર હું થોડી વાત કરું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં છેલ્લા બે વર્ષથી કોરોનાની મહામારીએ જે કાળો કેર વર્તાવ્યો અને મહામારીમાં રાજ્યના નાગરિકોએ જે પરિસ્થિતિ સહન કરી છે તે અસહનીય છે. દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ ન મળે હોસ્પિટલમાં બેડ ન

મળે ઓક્સિજન ન મળે રેમડેસીવિર ઈજેક્શન અને દવાઓ ન મળે વેન્ટીલેટર ન મળે એવી પરિસ્થિતિમાં અનેક લોકો નિઃસહાય હાલતમાં હતાં. કોરોનાના કાળા કેર વખતે જે લોકો આ પરિસ્થિતિમાંથી પસાર થયા છે તેમાં અનેક લોકોએ પોતાના પરિવારજનો ગુમાવ્યા છે. નાગરિકો નિઃસહાય બન્યા અને આવી ગંભીર પરિસ્થિતિનો એમને સામનો કરવો પડ્યો હતો. અનેક લોકોએ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી. અનેક લોકોએ પોતાના જીવનની લાખો રૂપિયાની બચત પ્રોવિડન્ટ ફંડ ઘરેણાં વગેરે ગીરવે મૂકીને કે પોતે દેવું પણ કરીને સારવાર લેવી પડી તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આજે અનેક પરિવારો કોરોનાની મહામારીમાં ધંધા-રોજગાર કે નોકરી વગરના થયા છે. એમની આર્થિક પરિસ્થિતિ પણ ખૂબ નબળી થઈ છે. જ્યારે અનેક બાળકો ખાનગી શાળામાં જતા હોય છે ત્યારે એ ફી પણ ભરી શકતા નથી. બાળકો શિક્ષણથી વંચિત રહી જાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સરકારશ્રીને કહેવું છે કે એવી ખાનગી શાળામાં ભણતાં જે વિદ્યાર્થી હોય એની સંપૂર્ણ ફી સરકાર માફ કરે અને એ શિક્ષણથી વંચિત ન રહી જાય અને ડ્રોપ ન થાય એ જોવાની જવાબદારી સરકારની રહે છે. સાથે સાથે કોંગ્રેસ પક્ષે જે માંગણી કરી છે કે કોવિડની અંદર જે પરિવારજનોએ પોતાના પરિવારજનો ગુમાવ્યા છે એમને રકમ રૂપિયા ૪ લાખ સહાય આપવી જોઇએ એવી બાબત છે. કેમ કે અત્યારે એમની આર્થિક પરિસ્થિતિ તેમજ કુટુંબની પરિસ્થિતિ ખૂબ દયાજનક છે એમાં સરકારે માનવીય અભિગમ રાખીને કામ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે માનનીય ગવર્નરશ્રીના પ્રવચનની અંદર સરકારે અનેક વાતો કરી છે. શહેરોની સ્માર્ટ સિટીની વાતો કરી છે. આજે પણ આપણે જોઇએ છીએ કે શહેરોની અંદર ઉભરાતી ગટરો તૂટેલા રોડ-રસ્તાઓ લોકોને પ્રદુષણ અને પ્રદુષિત પાણીમાંથી પણ આપણે મુકિત આપી શકતા નથી. આજે પણ શહેરોમાં પીવાના પાણીના પ્રોબલમો છે. લોકોને ઓવરહેડ પાણીની ટાંકી મળે કે જેનાથી પ્રેસરથી પાણી મળી શકે. નવા વોટર ડિસ્ટ્રિબ્યુશન પંપીગ સ્ટેશન બને કે જેનાથી લોકોને પાણી મળી શકે. આજે પણ શહેરી વિસ્તારની અંદર ચાલીઓ હોય, હાઉસિંગ બોર્ડના મકાનો હોય કે પોળો હોય ત્યાં એટલી બધી લોકોને મુશ્કેલીઓ પડતી હોય છે કે લોકોને ઉભરાતી ગટરો પીવાનું ગંદુ પાણી અને તૂટેલા રોડ-રસ્તાઓમાં લોકોને રહેવું પડતું હોય છે અને આપણે સ્માર્ટ સિટીની વાતો કરતાં હોઇએ છીએ. આજે છેલ્લા સાત વર્ષથી રાજ્યમાં સ્માર્ટ સિટીની વાતો થાય છે પણ એની કોઇ અસર અમદાવાદ શહેર હોય કે ગુજરાત રાજ્યના બીજા શહેરો હોય કોઇપણ જગ્યાએ દેખાતી નથી. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી કહેવું છે કે શહેરને સ્માર્ટ સિટી બનાવવી હોય તો એના માટે જે કાર્ય કરવું હોય, આધુનિક સાધનો લાવવા પડે તે લાવીને કરો. આજે જે શહેરની અંદર સુપરસકર મશીન છે એનાથી ડ્રેનેજ લાઇન સાફ થતી હોય એ મશીનો અસરકારક જ રહ્યા નથી. એ મશીનોની હવે લાઇફ પણ રહી નથી અને લોકોને ડ્રેનેજ લાઇન સાફ કરવા માટે આધુનિક સાધનો પણ મળતા નથી એમાં પણ સમયની રાહ જોવી પડે છે. ત્યારે સરકાર ગંભીર બને.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી ઇશ્વરભાઇ પરમાર.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી): માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નારી શકિતને મારા વંદન. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આજે એક એવા સમાજનું સર્જન થઇ રહ્યું છે જયાં મહિલાઓ પણ પુરુષોની સાથે ખભે ખભા મિલાવીને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી રહી છે. ગુજરાત સરકારની સંવેદનશીલતા અને પ્રતિબદ્ધતાની સાથે આજે દરેક મહિલા પોતાની જાતને સુરક્ષિત અને સન્માનિત અનુભવે છે અને રાજ્યની મહિલાઓ એક સુરમાં કહે છે **मैं नारी हुं मैं नारी हुं मैं जगजननी सब पर भारी हुं दुनिया का मुझको डर नहीं मैं झांसी की रानी हुं।**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર ગૃહના માનનીય સભ્ય શ્રી રાકેશભાઇ શાહ કે જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને ગૃહના માનનીય સભ્ય શ્રી અભેસિંહભાઇ તડવી કે જેમણે શ્રી રાકેશભાઇના પ્રસ્તાવને ટેકો આપ્યો છે અને જેમાં ગઇકાલે પણ લગભગ ૧૨ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો અને આજે પણ ઘણા બધા સભ્યોએ ભાગ લીધો ત્યારે માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્ય શ્રી રાકેશભાઇ શાહ આવ્યા છે એમાં હું પણ મારુ સમર્થન કરુ છું. માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આ બુકમાં પાના નંબર ૭, ૮ અને ૯ એમાં ખૂબ સરસ મજાનો ઉલ્લેખ કર્યો છે. ગુજરાતના રહેવાસી એવા અનુસૂચિત જાતિનો વર્ગ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ દિવ્યાંગ નિરાધાર વૃધ્ધ તેમજ થર્ડ જેન્ડર જેવા ભિન્ન ભિન્ન વર્ગોના લોકોની વિશિષ્ટ આવશ્યકતાઓ ધ્યાનમાં રાખીને સમગ્ર ગુજરાતમાં વખતોવખત આ સરકારે કાર્યક્રમો કર્યા છે. રાજ્યના સુશાસન સપ્તાહની ઊજવણીના ભાગરૂપે એક જ દિવસે એક જ સ્થળેથી રાજ્યના કુલ ૬૬૭૫ જેટલા લાભાર્થીઓને કુલ રકમ રૂપિયા ૭૮ કરોડ ૧૬ લાખની લોનની સહાયનું ઓનલાઇન માધ્યમથી લાભ આપવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ ૬-૦૦ કલાકે ફરી મળશે. શ્રી ઇશ્વરભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના ૫-૩૦થી ૬-૦૦**

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય સભ્યશ્રી અભેસિંગભાઇ તડવીએ જેમને ટેકો આપ્યો છે એમાં હું પણ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ વંચિતોનો વિકાસ અનુસૂચિત જાતિનું કલ્યાણ વિકસતી જાતિઓનું કલ્યાણ બિન અનામત વર્ગનો સર્વાંગી વિકાસ સમાજ સુરક્ષા એમ ઘણી બધી વાતો કરી છે ત્યારે હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ વિભાગની વાત કરું તો આર્થિક શૈક્ષણિક અને આરોગ્ય વસવાટ અંગે વાત કરી છે ત્યારે લોકોના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૨૦-૨૨થી લઇને જાન્યુઆરી ૨૦૨૨ના અંત સુધીમાં ૬૨૪ કરોડ રૂપિયાનો એમાં ખર્ચ કર્યો છે. પ્રી મેટ્રીક શિષ્યવૃતિની વાત કરીએ તો એમાં ૮૬ કરોડ ૪૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. એવી જ રીતે ઘણી બધી યોજનાઓ આ સમાજના ઉત્થાન માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે આ રાજયમાં કામ કરી રહી છે ત્યારે ખૂબ ઉમદા પ્રકારના આયોજનો કર્યા છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વાત કરું તો અનુસૂચિત જાતિ હોય સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ આર્થિક રીતે પછાત વર્ગ વિચરતી અને વિમુકત જાતિ એમ લગભગ રાજયની ૮૦ ટકા વસતિની ઇચ્છા અને અપેક્ષાનો અરીસો ધરાવતો આ વિભાગ છે ત્યારે આ અનુસૂચિત જાતિના વિકાસ માટેની લગભગ આપણે ત્યાં ૩૭ જેટલી યોજનાઓ છે એ યોજનામાં ૩૨ જેટલી યોજનાઓ ઓન લાઇન કરવામાં આવી છે. વિકસતી જાતિ માટેની પણ ૫૦ જેટલી યોજનામાંથી ૩૯ જેટલી યોજનાઓ ઓન લાઇન છે. તેવી જ રીતે સમાજ સુરક્ષા પ્રભાગની ૧૪ પૈકીની ૧૦ જેટલી યોજનાઓ ઓન લાઇન છે. આમ કુલ લગભગ ૮૧ યોજનાઓ પૈકી આ ૩૭, ૩૯ અને ૧૦ જેટલી યોજનાઓ ઓન લાઇન કરવામાં આવી છે અને લાભાર્થીઓને સીધે સીધું ડી.બી.ટી. હેઠળ લાભ મળે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના અભિભાષણના સંદર્ભે જે આભાર પ્રસ્તાવ લઇને સાથી ધારાસભયશ્રી આવ્યા છે એના સંદર્ભે વાત કરવી છે. મારા સાથી ધારાસભ્યશ્રી મહામહિમ રાજયપાલશ્રીના અભિભાષણના શરૂઆતના જે અંશો છે એના સંદર્ભે જો આભાર પ્રસ્તાવ લાવ્યા હોત તો અમે પણ એ આભાર પ્રસ્તાવને સમર્થન કરત.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ વકતવ્યની શરૂઆતમાં આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સત્તા પક્ષને ટકોર કરી છે કે ઐતિહાસિક વારસો તો માત્ર અને માત્ર કોંગ્રેસ પાસે છે. ભારતીય જનતા પાર્ટી પાસે એવો કોઇ ઐતિહાસિક વારસો નથી કે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે યાદ કરી શકાય. આજે સવારથી આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે અભિનંદનોની વર્ષા થાય છે એવી જ રીતે મારા સાથી સભ્યોએ કદાચ માતૃ સંસ્થાની પણ અભિવંદના કરી હોત તો અમે પણ આ આભાર પ્રસ્તાવને સમર્થન આપત. જે લોકો પાસે ઇતિહાસ નથી ઇતિહાસ વિહોણા લોકો છે એમની પાસે ઇતિહાસની પૂરતી જાણકારી ન હોય તેવું જાણવા મળે છે. ઇતિહાસ પૂરો જાણતા હોત તો ખબર પડત કે જે પાર્ટીની સ્થાપના પૂર્વ કોંગ્રેસીઓએ જ કરી છે. આજે પણ કોંગ્રેસ પાર્ટી ઉપર અવલંબીત છે ત્યારે ગૃહમાં કોંગ્રેસ વિશે વધારે પડતું બોલવું વાજબી લાગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજા એક વિષય ઉપર વાત કરવી છે. સાથી મિત્રોએ વાત કરી છે એમાં કોરોના કાળ વખતે જે પરિસ્થિતિ ઉદ્ભવી હતી એનાથી અલગ પ્રકારના સંદર્ભની વાત કરવી છે. કોરોના કાળમાં લોકોને બેડ નથી મળ્યા ઓકિસજન નથી મળ્યો, ઇન્જેકશનો મળ્યા નથી, આ બધી પરિસ્થિતિ હતી એને અલગ દિશાથી જોઇએ તો સરકાર પાછલા ૨૫ વર્ષથી માત્ર પસંદગીના લોકો માટે જ કામ કરી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. પસંદગીના લોકોને ઇન્જેકશનો મળ્યા પસંદગીના લોકોને ઓકસીજન મળ્યો અને પસંદગીની પ્રાઇવેટ હોસ્પિટલો પણ પસંદગીના લોકોને મળી છે. આવા પ્રસંગે મારે કહેવું છે કે સરકારે પસંદગીના લોકો માટે પસંદગીની હોસ્પિટલો માટે કામ કર્યું એનો હિસાબ પણ પ્રજા સમક્ષ મૂકવો જોઇએ. જે લોકોની પહોંચે સગઠન સુધી કે સત્તાધારી પક્ષ સુધી નહોતી એવા લોકોને નથી મળ્યા બેડ નથી મળ્યા રેમડેસીવર ઇન્જેકશન નથી મળ્યા કે નથી મળ્યો ઓક્સિજન એમને કોઇ સુવિધા મળી નથી એના માટે સરકારે જવાબદારી લેવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના વોરીયર્સનું સન્માન કરવાની વાત આ સભાગૃહમાં થયેલ, એના માટે જાહેરાત પણ કરવામાં આવી હતી કે જે હંગામી આઉટસોર્સીંગવાળા કર્મચારીઓ હતા એમના સીધા એકાઉન્ટમાં રકમ આપવામાં આવશે. પરંતુ આજની તારીખે એ રકમ આપવાના બદલે માનીતી એજન્સીઓના એકાઉન્ટમાં ગયા હોય તેવી રજૂઆત મળી છે તો એ કર્મચારીઓ માટે સરકાર વિચારવું જોઇતું હતું. એ દિશામાં સરકાર જાણે પસંદગીની એજન્સીઓ માટે કામ કરી રહી હોય તેવું લાગે છે.

સરકારી વિભાગોમાં અધિકારીઓ બદલાય એટલે કામ કરવાની પદ્ધતિ પણ બદલાય છે. પરંતુ આરોગ્ય વિભાગની પરિસ્થિતિ એવી છે કે એક અધિકારી બદલાય એટલે સોફટવેર પણ બદલાય છે. ઇ-મમતાથી ચાલુ કરીને ટેકો પ્લસથી

માંડીને ૧૬ જેટલા સોફ્ટવેર અલગ અલગ સમયે આવ્યા છે એનાથી દર્દીઓને શું ફાયદો થાય એ સરકારે જણાવવું જોઇએ. આવું કરવાને બદલે સરકારે દર્દીઓ માટે કશું કર્યું હોત કે હોસ્પિટલો માટે કશું કર્યું હોત તો આપણે એનો જીવ બચાવી શકયા હોત. જે કર્મચારીઓને પ્રોત્સાહન આપવાનું બાકી છે એના માટે સરકારે કંઇક વિચારવું જોઇએ.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર માનનીય સિનિયર સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીએ ટેકો આપ્યો છે તેને હું મારું સમર્થન આપું છું અને મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાજા હાથ રળીયામણા સત્તાના વિકેન્દ્રિકરણના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને રાજયના કોઇ પણ છેવાડામાં વસતો કોઇપણ સમૂદાય ખભેખભા મિલાવીને રાજયના વિકાસમાં સીધો ભાગીદાર બને તેવી વિકાસલક્ષી નીતિ સાથે ગુજરાતમાં પંચાયતી રાજની વ્યવસ્થાનું અમલીકરણ થઇ રહ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે છેવાડાના ગામમાં રહેતો નાગરિક પોતાની સમસ્યા ગ્રામસભામાં લઇ જઇને સરકાર દ્વારા આપેલ નાણા પંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામો સહિત તેઓની જરૂરિયાત અને કામોનો અગ્રતાક્રમ નક્કી કરી સત્તાના સુત્રો પંચાયત શાસનના હાર્દસમી ગ્રામપંચાયતને સોંપવામાં આવેલ છે. આ ગ્રામસભા પંચાયતના ડેવલપમેન્ટ પ્લાનના માધ્યમથી નક્કી કરે અને તેવો નિર્ણય કરીને પંચાયતી રાજને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. આ પંચાયતી રાજમાં ૧૫મા નાણાપંચના ભાગ રૂપે વિવિધ કામો હાથ પર લઇ શકે છે. ગ્રામ પંચાયત પોતાના ઠરાવ મારફતે કરીને ગામમાં લગતા જે જરૂરિયાતના કામો હોય એ જાતે નક્કી કરીને લઇ શકે છે. જેવા કે પંચાયતનું ઘર હોય તલાટી આવાસ યોજના છે સ્વચ્છ ગામ કરવાનું હોય સમરસ યોજના છે માનવબળની ભરતી છે એવી વિવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવે છે. આવી જ રીતે સરકારે એક સરસ કામ કર્યું કે સમરસ ગ્રામ યોજનાના ભાગ રૂપે આપણાં રાજ્યમાં કોઇ પુરુષ સમરસ ગ્રામપંચાયત બનાવે અને ૫૦૦૦થી વધુ વસતિ હોય તો વધુ વસતિવાળાને ૪૫૦૦૦૦ રૂપિયા અને ૫૦૦૦થી ઓછી વસતિવાળાને ૩૦૦૦૦૦ રૂપિયાનું અનુદાન આપે છે. એવી જ રીતે મહિલા ગ્રામ પંચાયત સમરસ થાય અને મહિલાની આખી કમિટી સમરસ થાય તો ૫૦૦૦થી ઓછી વસતિવાળાને ૪૫૦૦૦૦ રૂપિયા અને ૫૦૦૦થી વધુ વસતિવાળાને ૭૫૦૦૦૦ રૂપિયા અનુદાન આપે છે. મને કહેતા આનંદ થાય છે કે આજના યુગમાં પણ ઇન્ફર્મેશન ટેક્નોલોજીના માધ્યમથી શહેરી વિસ્તારમાં મળતી ઇ-સેવાઓ ગામ કક્ષામાં મળી રહે તેના માટેનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫માં ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી. હાલ રાજ્યમાં કુલ ૧૪૧૭૯ ઇ-ગ્રામ સેન્ટરો કાર્યરત છે. આ ઇ-ગ્રામ સેવા સેન્ટરો શરૂ કરવાથી ગામડાંની પ્રજાને ખૂબ જ ફાયદો થતો હોય છે. ગામડાંમાં વસતો છેવાડાનો માનવી હોય તે પોતાના તાલુકા પંચાયતમાં જાય ત્યાં ૭/૧૨ના ઉતારા કઢાવવા જતો હોય છે. મામલતદાર ઓફિસમાં જતો હોય છે. ત્યાં રેશનકાર્ડમાં નામ સુધારા-વધારા કરવાના હોય તો મામલતદાર ઓફિસ જવું પડતું હતું. તેવા અનેક કામો દાખલા કઢાવવાના હોય વિધવા સહાયનું પેન્શન લેવાનું હોય તો તેનો દાખલો પણ મામલતદાર ઓફિસ જઇને મેળવવો પડતો હતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. તેમને લાગ્યું કે આ બધા દાખલા મેળવવામાં ગામડાંના માનવીને પણ શહેરના માણસ જેવી વ્યવસ્થા આપવા માટે આ ઇ-ગ્રામ વિશ્વગ્રામ જેવી યોજના શરૂ કરવામાં આવી અને ગામેગામ બધા લોધોને ગામમાં પંચાયતમાંથી જ ૬૦ જેટલી વિવિવ સેવાઓ ઇ-ગ્રામ સેન્ટરમાંથી મળે તેના માટેનો પ્રયત્ન કર્યો અને હાલમાં ચાલુ છે. આવી જ રીતે આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૦૦થી વધુ યોજનાઓ પોતાના ગામમાં જ સેવા મળી રહે તેના માટેના પ્રયત્નો કરી રહી છે. એવી રીતે કેટલીય યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકાર પંચાયત ગ્રામ ગૃહનિર્માણ દ્વારા લાવી છે. જેવી કે અદ્યતન રેકર્ડ રૂમ બનાવવો હોય, સોલાર રૂફટોપ કરવું હોય, ઘરવિહોણા માટે કુટુંબને આવાસ માટે મફત પ્લોટ આપવાનો હોય, સ્વચ્છ ગામ સ્વસ્થ ગામની યોજના હોય, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના હોય, રૂર્બન પ્રોજેક્ટ હોય, વતનપ્રેમ યોજના હોય, ગ્રામ પંચાયતનું વિભાજનનું કામ હોય, તીર્થગામ પાવનગામ જેવી યોજના હોય, પંચવટી યોજના હોય, આવી વિવિધ યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે ત્યારે સભ્યશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે તેને સમર્થન આપું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રી જે પ્રવચન લાવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સૌ મહિલાઓને મારી શુભેચ્છા પાઠવું છું. માનનીય રાજયપાલશ્રી જે પ્રવચન લઇને આવ્યા છે એમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ એ વાતમાં એમ.એસ.પી. મિનિમમ સપોર્ટ પ્રાઇઝ ટેકાના ભાવે ખરીદીમાં માનનીય રાજયપાલશ્રીએ ઉલ્લેખ કર્યો છે કે ૧૫૫ ખરીદ કેન્દ્રો ઉપરથી ૪૯૯૪૩ હજાર ખેડૂતોને આપણે ટેકાના ભાવે વિવિધ મગફળી તેમજ કઠોળની ખરીદી કરી છે. ૪૯૯૪૩ હજાર ખેડૂતો કુલ ૫૮ લાખ જેટલા ખેડૂતોના પ્રમાણમાં આ ફકત બે થી પાંચ ટકા જ થાય. આનો લાભ તમામ ખેડૂતોને નથી મળતો. આને બદલે એમ.એસ.પી. એટલે મિનિમમ સપોર્ટ પ્રાઇઝમાં ટેકાના ભાવે ખરીદીને બદલે ભાવાંતર નામની યોજના કરવામાં આવે ભાવાંતર યોજનાથી ખેડૂતોને કેવી રીતે ફાયદો થશે? દા.ત. મગફળીના ૮૦૦ રૂપિયા છે ટેકાના ભાવ આપણે ૧૦૫૦ છે તો ખેડૂતોને ભાવફેર ૮૦૦ રૂપિયામાં એમણે મગફળી વેચી તો ૨૫૦ રૂપિયા સરકાર સીધા એમના ખાતામાં નાખે આ ભાવાંતર યોજના છે આનાથી બધા ખેડૂતોને ફાયદો

થશે. આનાથી ગોડાઉન પણ સળગતા બંધ થઇ જશે બારદાન પણ સળગતા બંધ થઇ જશે સરકારને પણ ફાયદો છે અને ખેડૂતોને પણ ફાયદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ આમાં પ્રાકૃતિક ખેતીની વાત કરી એમાં માનનીય રાજયપાલશ્રીએ ઉલ્લેખ કર્યો છે કે સંભવિત ઉપજ ઘટ સરભર કરવા માટે ઉપજની ઘટ સરભર એનો મતલબ કે પ્રાકૃતિક ખેતી કરવામાં ખેડૂતોને ઉપજમાં ઘટ આવે છે એ સરકાર સ્વીકારે છે. તો ખરેખર પ્રાકૃતિક ખેતી સારી છે ઓર્ગેનિકના આપણે બિલ લાવ્યા છીએ તો પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોને જો તમે પ્રાકૃતિક ખેતી તરફ લઇ જવો હોય તો ઉત્પાદન બહુ ઓછું આવે. એને તમે વીજળી ફ્રી આપો. જે પ્રાકૃતિક ખેતી કરતો હોય એ ખેડૂતને વીજળી સરકાર તરફથી ફ્રી. એને તમામ પ્રકારની સગવડ આપવામાં આવે તો જ ખેડૂત ઓર્ગેનીક ખેતી તરફ અને પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂત જશે બાકી એમાં નુકસાની મોટી છે. આમાં બીજી પણ માનનીય રાજયપાલશ્રીએ ટ્રેક્ટરના ઓજારો વિશે વાત કરી છે તો મારી એવી માંગ છે કે સરકાર એક બાજુ એમ કહે છે કે અમે ખેડૂતોને ખેતઓજારમાં આટલો મોટો ફાયદો કરી દઇએ છીએ ટ્રેક્ટરમાં વિવિધ સબસિડી આપીએ છીએ તો ટ્રેક્ટરને બળદગાડાનો દરજ્જો આપવાની વાત છે તમને આજે ખબર ના હોય તો કહું કે ૪૫ હોર્સ પાવરનું એક ટ્રેક્ટર ખેડૂત લેવા જાય તો એની ઉપર ૭૮૦૦૦ રૂપિયા જી.એસ.ટી. છે અને ૨૫૦૦૦ રૂપિયા પાસીંગ ચાર્જ છે. કુલ ૧૦૩૦૦૦ રૂપિયા ખેડૂત ટેકસ ભરે એટલે ફકત તમે ફકત ૪૫૦૦૦ સબસિડી આપો છો. આ ખેડૂતોને મોટું નુકસાન છે. એક બાજુથી લઇ લેવાનું અને બીજી બાજુથી દેવાનું. એ ખેડૂતને સબસિડીની વાત ભૂલી જાવ ખેડૂતને સબસિડી કંઇ આપતા જ નથી. ખેડૂત તમને ટેકસ ભરે છે. આમાં પણ તમને ફાયદો થાય. નેટ હાઉસ ગ્રીન હાઉસ ડ્રીપ ઈરીગેશન પેસ્ટ્રી સાઇટ દવા ખાતર બિચારણ આમાં ૧૨ ટકા ઉપર જી.એસ.ટી. છે. ખેડૂત કયાં જાય? એક બાજુ આપણે એમાં જી.એસ.ટી. લઇએ છીએ અને બીજી બાજુ કહીએ છીએ કે સબસિડી આપીએ છીએ. થ્રેસરમાં ૬૦૦૦૦ રૂપિયા જી.એસ.ટી. છે ખેત ઓજારમાં તો રૂપિયા ૪૫૦૦૦ સબસિડી છે ખેડૂતની પાસેથી આપણે લઇએ છીએ દેતા નથી. હવે કયારેય પણ સરકાર વાત ન કરે કે અમે ખેડૂતને સબસિડી આપીએ છીએ તમે ખેડૂત પાસેથી જી.એસ.ટી.ના નામે ટેકસ લો છો. નેટહાઉસમાં પણ જી.એસ.ટી.ના હોવું જોઇએ. જેમાં સરકાર સબસિડી આપતી હોય એમાં ટેકસ ના હોવો જોઇએ આ પણ સરકાર નોંધ કરે. હમણાં જ અહીંયાથી વાત થતી હતી કિસાન સૂર્યોદય યોજના ખેડૂત રાત આખી પાણી વાળતો હોય કિસાન સૂર્યોદય યોજનામાં કદાચ તમને ખબર ના હોય તો હું તમને જાણ કરું છું કે આ યોજના દિવસે પાવર માટે છે. સરકારે વિચારવું પડે સીધું દિવસે નથી થતું. આમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ૧૧ કે.વી. ૬૬ કે.વી. ૨૨૦ કે.વી. લોડ માટે ફિડર બાયફરગેશન કરવું પડે. દિવસે વીજળી કરવામાં તમારે ઉદ્યોગમાં કાપ મૂકવો પડે. ઉદ્યોગોમાં જ્યાં સુધી કાપ તમે ન મૂકો ત્યાં સુધી તમે દિવસે વીજળી ન આપી શકો. જ્યાં દિવસે ફીડરો ચાલુ કર્યાં ત્યાં બે-ત્રણ કલાકનું લોડ શેડીંગ આવ્યું છે. આ સૂર્યોદય યોજનામાં ખેડૂતોને વીજ કાપ ન આવે અને લોડ શેડીંગ ન આવે એવી યોજના સરકાર કરે. હમણાં અમને બધાને લેટર લખ્યો હતો કે અમારે બહુ નુકસાની જાય છે. પી.જી.વી.સી.એલ. વીજ કંપનીને નુકસાની જાય એટલે ખેડૂતો ઉપર માર બોલાવે છે. ખેડૂતો ઉપર ખોટી રીતે દંડ કરવામાં આવે છે. ૧૦ એચ.પી.ની સબ-મર્સીબલ મોટર હોય તો એ જી.ઇ.બી.ના નિયમ મુજબ ૧૫ એમ્પિયર લે છે.

અધ્યક્ષશ્રી : માનનીય કિશોરભાઇ કાનાણી...

શ્રી કિશોર કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ આ ગૃહ સમક્ષ કરેલ પ્રવચન બદલ સભ્યશ્રી રાકેશભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોરોનાની મહામારીમાં કોરોના સામેની લડાઇ લડતા લડતા આખું વિશ્વ હાંફી ગયું. આખું વિશ્વ થંભી ગયું. ગુજરાતે પણ આ કોરોનામાં ખૂબ મુશ્કેલીઓનો સામનો કર્યો. સામાન્ય રીતે કોઇપણ રાજ્યની અંદર વ્યવસ્થાઓ હોય સુવિધાઓ હોય તે જરૂરિયાત પ્રમાણે ઉભી કરેલ હોય. જરૂરિયાત પ્રમાણેની વ્યવસ્થાઓ કરેલી હોય પણ અચાનક કોઇ કોરોના જેવી મહામારી આવે એક દિવસમાં હજારોની સંખ્યામાં કેસો આવે તો એક નવી વ્યવસ્થા ઉભી કરવી પડે. હોસ્પિટલ હોય બેડ હોય વેન્ટીલેટર હોય ઓક્સિજનની વ્યવસ્થા માસ્ક અને પી.પી.ઇ.કીટ સફાઇ કર્મચારીઓ આ એક નવી વ્યવસ્થા ઉભી કરવી પડે. મને બરાબર યાદ છે તે સમયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલ મહાનગરોમાં કેસોનો ખૂબ વધારો થયો ત્યારે સુરત આવ્યા હતા. સુરત આવીને એમણે જાહેરાત કરી કે ૧૨૦૦ બેડની હોસ્પિટલ રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે ૧૫ દિવસમાં ચાલુ કરવામાં આવશે. આ હોસ્પિટલ ૧૪ દિવસમાં ચાલુ કરવામાં આવી. આ કોઇ નાની સુની વાત નથી. સરકારે કોઇ પાપ નથી કર્યું. ઇમાનદારીથી અને પ્રમાણિકતાથી કોરોનામાં પરિશ્રમ કરીને આ ગુજરાત માટે કામ કર્યું છે. કુદરતી આપત્તિ છે એ પછી વાવાઝોડું હોય, પૂર હોય કે કોરોના જેવી મહામારી હોય એ કુદરતી આપત્તિની અંદર માનવીનો પનો થોડો ટૂંકો પડે. કદાચ બની શકે કે પૂરેપૂરી વ્યવસ્થામાં પહોંચી ન શકાયું હોય. પરંતુ સરકારે ખૂબ જ ઇમાનદારીપૂર્વક કામ કર્યું છે. કોરોનામાં મૃત્યુ પમેલાની સંખ્યા અહીંયા ગણવામાં આવે છે એની વાત કરવામાં આવે છે. એક કોરોનાના દર્દીને સાજો કરવા માટે ૩ લાખ રૂપિયા જેટલો સરકારે ખર્ચ કર્યો છે. લાખો લોકોને વિનામૂલ્યે સાજા કરીને એમના ઘેર મોકલ્યા એના આંકડાની વાત અહીં કોઇ કરતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, લોકડાઉન દરમિયાન ગુજરાતમાં કોઇ ભૂખ્યો ન સુવે એના માટે જમવાની વ્યવસ્થાઓ કરી. સુરતમાં મને યાદ છે કે બે મહિના સુધી રોજના ૧૨ લાખ લોકોને જમવાની વ્યવસ્થા સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી. લાખો શ્રમજીવીઓને પોતાના વતન જવું હતું. સેંકડો લોકોને ટ્રેનોમાં વિનામૂલ્યે વતન જવા માટેની વ્યવસ્થા

કરવામાં આવી. ગુજરાતના વિવિધ શહેરોની અંદર જે સુરતની અંદર વસતા હતા એ સૌરાષ્ટ્ર હોય ઉત્તર ગુજરાત હોય કે કચ્છ હોય એવા લોકોને વતન જવા માટેની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી. હજુ તો કોરોના મહામારીમાંથી આપણે બહાર પણ નીકળી નહોતા શકયા તેવા સમયે બીજી આફત તાઉતે વાવાઝોડાની ગુજરાત ઉપર આવી. માનવોનું મૃત્યુ ન થાય, ખુવારી ન થાય એના માટે સરકારે ખૂબ સરસ રીતે આયોજન કર્યું અને એમાં સરકાર સફળ પણ થઇ. ઇલેકટ્રીક કંપનીને સૌથી મોટું નુકસાન થયું. લાખોની સંખ્યામાં પોલો ઉભા કરવા પડયા. લાઇન નાખવી પડી. ફીડરો ઉભા કરવા પડયા. સબ સ્ટેશનો ઉભા કરવા પડયા પણ સરકારે લોકોને સમયસર વીજળી મળે ઝડપથી વીજળી મળે એવા તમામ પ્રકારના પ્રયાસો કર્યા. ખેતીને ખૂબ મોટું નુકસાન થયું. બાગાયત પાકોને ખૂબ મોટું નુકસાન થયું. ૨.૭૦ લાખ ખેડૂતોને ૪૦૪.૮૮ કરોડનું રાહતનું પેકેજ આપવામાં આવ્યું. વર્ષ ૧૯૯૫ પહેલાની સરકારમાં ખેડૂતોને એક પણ પૈસાની રાહત કયારેય મળી નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વાવાઝોડું આવે તો રાહત વધારે વરસાદ પડે તો રાહત ઓછો વરસાદ પડે તો રાહત માવઠુ થાય તો પણ રાહત દુષ્કાળ પડે તો પણ રાહત. કોંગ્રેસના શાસનમાં હજાર રૂપિયાની રાહત જોઇતી હોય તો કચેરીના ધકકા ખાઇખાઇને ચપ્પલ ઘસાઇ જતા હતા.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહ રાજપૂત.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન ગૃહમાં રજૂ કર્યું છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા બજેટમાં નાણામંત્રીશ્રીએ ગુજરાતના યુવાનોને બે લાખ નવી સરકારી નોકરીઓની જાહેરાત કરી હતી કે આવનારા સમયમાં બે વર્ષમાં બે લાખ કરતા વધુ યુવાનોને નોકરી આપવામાં આવશે પણ આજે દુઃખ સાથે કહેવું પડે છે ગુજરાતની આખે આખી સરકાર બદલાઇ ગઇ પણ એનું પેપર કયાંય લીક ન થયું પણ ગુજરાતના વિદ્યાર્થીઓની યુવાનોની જેટલી પરીક્ષા લેવામાં આવી એમાં તમામે તમામ પેપરો લીક કરવામાં આવ્યા. ગુજરાતની સરકાર બદલાઇ મુખ્યમંત્રીશ્રી આખી કેબિનેટ બદલાઇ ગઇ પણ કયાંય પેપર લીક નહીં પણ ગુજરાતના યુવાનોની પરીક્ષાના પેપર પ્રેસના બાથરૂમમાંથી લીક થઇ ગયા એ ગુજરાતના યુવાનો માટે સૌથી દુઃખદાયક છે. આજે ગુજરાતના લાખો યુવાનો પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા નોકરીની તકો ઉભી કરવામાં આવતી નથી. ગુજરાતમાં શિક્ષણ ખાતામાં આજે ૧૦૦૦૦ પ્રવાસી શિક્ષકોની ભરતીની જાહેરાત કરવામાં આવે છે તો શા માટે ૧૦૦૦૦ કાયમી શિક્ષકોની ભરતીની જાહેરાત કરવામાં નથી આવતી? આ જ ગાંધીનગરમાં ભણીને મેં કોલેજ સુધીનો અભ્યાસ કર્યો છે. પહેલા ધોરણથી લઇને કોલેજ સુધી મારે કદાચ ૩૦૦૦૦ જેટલી ફી થઇ હશે અને આજે કદાચ મારા દીકરાને ગાંધીનગરમાં ભણાવવો હોય તો પહેલા જ વર્ષમાં ૩૦૦૦૦ થી ૪૦૦૦૦ રૂપિયા ફી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનામાં સરકારે કીધું ૨૫ ટકા ફીમાં રાહત આપવામાં આવશે. આજે કઇ પ્રાઇવેટ સ્કૂલમાં ૨૫ ટકાની રાહત આપવામાં આવી? માત્ર જાહેરાતો કરવામાં આવી કે સ્કૂલોમાં ૨૫ ટકા ફી માફી કરવામાં આવશે પણ કોઇ સરકારે સ્કૂલો ઉપર પ્રેશર કરીને તેની ફી માફ કરી નથી. પ્રવાસી શિક્ષક તરીકે ગુજરાતના યુવાનોનું શોષણ થશે. આજે પોલીસના દમ ઉપર ગુજરાતના જેટલા આંદોલનો તોડવામાં આવે છે એ પોલીસોને ગુજરાતમાં આંદોલન કરવું પડે છે. ગુજરાતના હોમગાર્ડમાં નોકરી કરતા દરેક કર્મચારીઓને આખા દેશમાં સૌથી ઓછું વેતન આપવામાં આવે છે. મધ્યાહ્ન ભોજનની અંદર જે કર્મચારીઓ નોકરી કરે છે તેને આખા દેશની અંદર સૌથી ઓછું વેતન ગુજરાતમાં આપવામાં આવે છે ત્યારે કઇ પ્રગતિની વાતો આપણે કરીએ છીએ? આજે ગુજરાતના લાખો કર્મચારીઓ જૂની પેન્શન યોજનાની રાહમાં બેઠા છે. ગુજરાતની અંદર જૂની પેન્શન યોજના લાગુ થાય પણ થતી નથી. ગુજરાતના ખેડૂતોની આવક સમગ્ર દેશમાં ડબલ કરવાની વાત છે. જયાં સિંચાઇનું પાણી જ નથી મળતું ત્યાં આવક કયાંથી ડબલ થવાની? મારા વિસ્તારમાં ૯૭ ગામના લોકો સિંચાઇ માટે વલખા મારે છે. પાણી નથી મળતું. સુજલામ સુફલામ કેનાલ કરવામાં આવી પણ એમાં પાણી નાખવામાં નથી આવતું. માત્ર ચૂંટણીઓ આવે ત્યારે એમાં પાણી નાખવામાં આવે છે. ગુજરાતમાં લાખો એસ.સી. એસ.ટી. વિદ્યાર્થીઓને સ્કોલરશીપમાં ૨.૫ લાખ રૂપિયાની આવક મર્યાદા છે. એમાં વધારો થતો નથી. શા માટે તેની આવક મર્યાદા ૮ લાખ કરવામાં નથી આવતી? જેનાથી લાખો એસ.સી.એસ.ટી. વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળી શકે. આજે ઓનલાઇન ડેટા સરવે કેન્દ્ર પ્રધાનમંત્રી આવાસ યોજના માટે કર્યો હતો. વર્ષ ૨૦૧૯ પછી કોઇ ગરીબ માણસ કે જે લોકો રહી ગયા છે એની આ ઓનલાઇન ડેટામાં એન્ટ્રી થતી નથી. વર્ષ ૨૦૧૯ પછી કોઇની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ડેટા એન્ટ્રી થઇ નથી. તમારી સરકાર કેન્દ્રમાં હોય અને ગુજરાતમાં પણ હોય તો શા માટે કેન્દ્રમાં રજૂઆત નથી કરતી? રી-સરવેની આખી પ્રક્રિયા થઇ. એમાં લાખો લોકોની જમીનો ઓછી થઇ ગઇ. સરકારના ભૂલને કારણે જે લોકોની જમીન ઓછી થઇ છે એના માટે પૈસા આપીને સુધરાવી પડે તે દુઃખ દાયક છે. આજે લેન્ડ ગ્રેબિંગની અંદર કોઇપણ ચમરબંધીને છોડવામાં નહિ આવે. કોઇ ચમરબંધીને જેલમાં નાખવામાં આવ્યા નથી પણ ગરીબ, ખેડૂત, માલધારી અને નાના નાના ઘર બનાવીને રહેતા હતા એમને જેલમાં નાખવામાં આવ્યા. ખરાબાનો મોટો પ્રશ્ન છે. જમીનની અંદર પસાયતી ધારોનો પ્રશ્ન છે. ઇનામી ધારાનો પ્રશ્ન છે. ૪-૪ વર્ષથી સમિતિઓ બની છે. હજુ સુધી તેનો નિકાલ કરવામાં નથી આવતો.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા આંતરરાષ્ટ્રીય દિન નિમિત્તે ગૃહની તમામ બહેનો અને રાજ્ય અને દેશની તમામ મહિલાઓને ગૃહ તરફથી અભિનંદન આપું છું. મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર મારા ગૃહના સાથી ધારાસભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા વડીલ અમારી બેંચના સાથી વિદ્વાન સભ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજ્યપાલશ્રીએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ સિદ્ધિઓ એમના ઉદ્‌બોધનમાં બીરદાવી છે. આજે જ્યારે એમના ઉદબોધનની અંદર ગુજરાત સરકારની વાત કરવામાં આવી ત્યારે ગુજરાત સરકારની સિદ્ધિઓની વાત કરવામાં આવી ત્યારે દરેક વિભાગની અંદર થયેલ કાર્યો અને એમાં ખાસ કરીને શિક્ષણ વિભાગમાં થયેલ કાર્યોમાં હું મારા થોડા વિચારો વ્યક્ત કરવા માગું છું. અમારા મિત્ર ગુલાબસિંહભાઇ હમણા મારા પહેલા બોલતા હતા. બહુ સ્પષ્ટ વક્તા અને સાચા માણસ છે. એમનાથી ખોટું બોલાતું નથી. એમનો અવાજ ધીરે ધીરે અટકાઇ અટકાઇને આવતો હતો. એકદમ સ્પષ્ટ બોલવાનું હોય ત્યારે ખોખારીને બોલી શકે છે. વિપક્ષના મિત્રોને ખબર છે રાજ્યપાલશ્રીનું ઉદ્‌બોધન એ ખરેખર સાચું હતું. ગુજરાતની જનતા છેલ્લાં ૨૭ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીને સરકારમાં લાવે છે અને વિશ્વાસ વ્યકત કરે છે. આ બધી જ વાતને લઇને હું તમને કહું શિક્ષણ વિભાગની વાત કરતા હોય ત્યારે ગુજરાતની અંદર કોંગ્રેસની સરકાર હતી ત્યારે કેટલીક યુનિવર્સિટીઓ હતી આપણને બધાને ખબર છે. આજે આપણે જોઇએ તો ગુજરાતની અંદર ૮૦ થી વધારે વિવિધ જેટલી યુનિવર્સિટીઓ છે.સાથે સાથે ૬૦૦ થી વધારે આઇ.ટી.આઇ. કોલેજો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીનો યુગ હોય ત્યારે હું ખોટો હોઉં તો તમારા દિલ પર હાથ મૂકીને કહો. હું જે કહું છું તે સાચું જ કહું છું. બીજી એક વાત તમને કહું કે વિપક્ષની મૂળ પરિસ્થિતિ એવી છે કે વિપક્ષને બોલવું પડે છે પણ કોઇ સહકાર આપતું નથી. ગુજરાતની સાડા છ કરોડની જનતા આજદિન સુધી તેમની સાથે કોઇ આંદોલનમાં જોડાઇ નથી. હમણાં શ્રી ઋત્વિકભાઇ કહેતા હતા કે કોંગ્રેસે વારસો આપ્યો છે. સાહેબ, મને આજે *(xxx) શ્રી ઋત્વિકભાઇની વાતથી ઘણું દુઃખ થાય છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શ્રી ઋત્વિકભાઇ નહીં માત્ર માનનીય ઋત્વિકભાઇ.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : સોરી મેડમ. શ્રી ઋત્વિકભાઇને ખબર છે કે જે કોંગ્રેસની વાત કરવી છે તે કરાતી નથી. કોંગ્રેસને જે નેતૃત્વ જોઇએ છે તે નેતૃત્વ નથી. જે રીતે પ્રજાની વચ્ચે જવું છે તે જવાતું નથી.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : શ્રી બળદેવજીકાકા શાંતિ રાખો. આ બધી જ વસ્તુની અંદર.. શ્રી બળદેવજીકાકા શાંતિ રાખો. તમે બોલો ત્યારે હું બોલું છું? આ લોકો સાચું સાંભળી શકતા નથી. તે મારી વાતને સમર્થન પણ આપે છે પણ તે વિપક્ષની ભૂમિકામાં છે. હું સમજું છું એટલે મને ખોટું નહીં લાગે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણી જયારે સામે હોય અને વર્ષ ૨૦૨૨ના ડિસેમ્બર મહિનાની અંદર જયારે ચૂંટણી આવતી હોય ત્યારે તેમને આજે એવી ચિંતા છે કે હવે પછી એવું શું કાર્ય આ લોકો કરશે કે ગુજરાતની અંદર અત્યારે ભારતીય જનતા પાર્ટીની જે પરિસ્થિતિ છે તેના કરતાં વધારે મજબૂત બનવાની છે તે તેમને પણ ખબર છે. તેની અંદર... વાંધો નહીં. અમારી ચિંતા તમે ના કરશો અમને તમારી ચિંતા થાય છે. અમારી ચિંતા ના કરશો. હું શિક્ષણ વિભાગની વાત કરું તો આરટીઇ એકટ હેઠળ ૧૩ કેટેગરીના ૨૫ ટકા લોકોને તેનો લાભ મળે છે. તે પણ ઓનલાઇન પ્રોસીજર છે. આ બધી વસ્તુ પહેલા હતી પણ નહીં. આટલી પારદર્શકતા પહેલાં હતી પણ નહીં. આ ભારતીય જનતા પાર્ટીનો વહીવટ તે પારદર્શક વહીવટ છે. મને ખરેખર દિલથી આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન આપવાનું મન થાય છે. માનનીય રાજયપાલશ્રીના ઉદ્ધબોધન પર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષ મહોદયા મહિલા દિન નિમિત્તે નારીશક્તિને અને માતૃશક્તિને મારા વંદન કરું છું. મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું ગુજરાત, સરદાર સાહેબનું ગુજરાત, શ્રી રવિશંકર મહારાજના સપનાનું ગુજરાત, શ્રી ઝવેરચંદ મેઘાણીનું ગુજરાત, ભગત નરસિંહ મહેતાનું ગુજરાત, એ આપણું ગુજરાત છે. મહામહિમના પ્રવચનમાં ૧૨૧ દિવસનું સુશાસન સરકાર સ્વીકારી રહી છે તો આગળનું શ્રી રૂપાણી સાહેબનું કે શ્રી નીતિનભાઇનું *(xxx) હતું? તે પણ હું સરકારને પૂછવા માગું છું. ગુજરાતમાં કોરોનાના કારણે હજારો નાગરિકો ઓક્સિજન વગર, ઇંજેકશન વગર, દવાઓના અભાવને કારણે હોસ્પિટલોના બેડના કારણે...

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના શબ્દપ્રયોગો દૂર કરવા જોઇએ. ભવિષ્યમાં કોઇ આવા શબ્દપ્રયોગો ન કરે તેવી આપના તરફથી સૂચના થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપે જે શ્રી રૂપાણી સાહેબનું *(xxx) શબ્દ વાપર્યો છે તે શબ્દ આપણે રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મૃત્યુ પામ્યા તેના વળતર પેટે ફકત ૫૦ હજાર ચૂકવાય છે. કુદરતી રીતે કે કુદરતી આફતોના કારણે પશુ મરી જાય તો પણ ૫૦ હજાર રૂપિયા ચૂકવાય છે. તો મનુષ્ય અને પશુ જાનવર વચ્ચે સરકારને કોઇ અંતર નથી દેખાતું તેનું મને દુઃખ છે. જળસંચયની વાત કરીએ નર્મદા યોજના સરદાર સરોવર સુજલામ્ સુફલામ્..

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય રાઘવજીભાઇ પટેલ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કોરોનામાં મૃત્યુ પામેલાને વળતર બાબતની જે રૂપિયા ૫૦ હજારની વાત કરે છે અને તેને પશુના મૃત્યુ સાથે સરખાવે છે. અગાઉ પણ આની સ્પષ્ટતા માનનીય નીતિનભાઇએ કરી દીધી છે. આ જે વળતરની રકમ છે તે નામદાર સુપ્રીમ કોર્ટના હુકમથી નક્કી થયેલ છે. તેમાં રાજ્ય સરકારની કોઇ ભૂમિકા નથી. એટલે આ વિષય વારંવાર ઉઠાવી સરકારને બદનામ કરવાનો પ્રયત્ન ન કરે તેવી આપ સૂચના આપો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વાત કરે છે એ સુપ્રીમ કોર્ટે કોઇ આદેશ કર્યો નથી. દેશની સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કરી છે કે અમે આટલા પૈસા ચૂકવી શકીશું. આવો કોઇ માનનીય સુપ્રીમ કોર્ટે આદેશ નથી કર્યો પણ કેન્દ્ર સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઇ હેઠળ સરક્યુલર કર્યો હતો કે ૪ લાખ રૂપિયા સહાય મળવાપાત્ર છે અને એ સરક્યુલર સરકારે પાછો ખેંચ્યો અને આજે પણ અમારી માગણી છે કે ૪ લાખની માગણી કરો તમે એમાં રૂપિયા ૩ લાખ કેન્દ્ર સરકાર આપે અને રૂપિયા ૧ લાખ રાજ્ય સરકાર આપે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય કાપવામાં ન આવે એવી મારી વિનંતી. જળસંચય જળસંવર્ધન જળ વિતરણ નર્મદા યોજના સુજલામ સુફલામ યોજના અને જળ અભિયાન સ્વરૂપે જે વાતો થઇ છે એની વાસ્તવિકતા ઘણી અલગ છે. દરરોજ કેનાલો તૂટે છે હજારો કિલોમીટરની પાઇપલાઇનો સિંચાઇ માટેની અને પીવાના પાણીની નાખેલી કનેકશનો વગર ધૂળ ખાય રહી છે. આ કેનાલો તૂટવાની પાછળનું કારણ શું? કોન્ટ્રાક્ટરના ભ્રષ્ટાચારો સરકાર સાથે જોડાયેલા લોકોના ભ્રષ્ટાચારોના કારણે એ કેનાલો તૂટી રહી છે. બેરોજગારી અને મોંઘવારીએ માજા મૂકી છે. ગુજરાતમાં બેરોજગાર યુવાઓની વારંવાર મશ્કરી થઇ રહી છે આના માટે જવાબદાર કોણ? કેમ પેપરો ફૂટે છે એના જવાબદારો કોણ? આજ સુધી એમની સામે ક્યા પગલાં લેવામાં આવ્યા અને શું કરવામાં આવ્યું એ પણ એક પ્રશ્નાર્થ મૂકીને જાય છે. મહિલા સશક્તિકરણની વાતો કરતા આપણે બધા જયારે ગુજરાતમાં જાહેરમાં એક દીકરીને ગળું કાપીને હત્યા કરવામાં આવતી હોય, એનું નાક કાપવામાં આવતું હોય અને મહિલાઓ ઉપર અત્યાચારો થતા હોય (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અરવિંદભાઇ પટેલ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નીમિતે હું દેશ અને દુનિયાની સૌ માતૃવંદનાને વંદન કરું છું અને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મહામહિમ રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં સરકારની સિદ્ધિઓનું અને સરકારે કરેલી કાર્યવાહીની સભાગૃહમાં જે રજૂઆત કરી છે એના ઉપર અમારા વિધાનસભાના સાથી સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને એવા જ અમારા વિધાનસભાના સભ્યશ્રી અભયસિંહ તડવીએ જેને સમર્થન આપ્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે અને રાજય સરકાર અને કેન્દ્ર સરકારે જે આરોગ્યલક્ષી એટલે કે છેલ્લા બે વર્ષમાં કોરોનાની મહામારીમાં જે પરિસ્થિતિનું નિમાર્ણ થયું અને એ પરિસ્થિતિની અંદર દેશની ભારતીય જનતા પાર્ટીની અમારી કેન્દ્રની સરકાર અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલા કાર્યની વાત હું આપના માધ્યમથી કરવા માગું છું. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નિરંજનભાઇ એ જ વાત હું તમારા બધાની વચ્ચે કરવા માગું છું કે વિશ્વમાં બીજા નંબરની વસતિ ધરાવતો દેશ એ આપણો ભારત દેશ છે. ૧૩૦ કરોડથી પણ વધુ વસતિ ધરાવતા દેશમાં આટલા બધા વર્ષો સુધી આ વિપક્ષના મિત્રોએ આઝાદી પછી રાજ કર્યું છે. એમને એ વખતે ભવિષ્યનો વિચાર ક્યારેય કર્યો નહીં અને એ વખતે જ્યારે આ દેશને આઝાદી પછી આપણે જે વિકાસ કરવો જોઇએ અને વિક્સિત દેશ તરીકે વિશ્વના ફલક ઉપર મૂકવો જોઇએ એ ક્યારેય એમણે સૂઝ સમજ પ્રમાણેનું કામ કર્યું નહીં. આજે મને કહેતા આનંદ થાય છે કે માનનીય વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌથી પહેલા અને સૌથી સારી વિશિષ્ટ કક્ષાની ગુણવત્તાવાળી તેમાં પણ ટોટલ ફ્રી ઓફ કોસ્ટ રસીકરણ આપવાનું કામ એ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની અધ્યક્ષતામાં થયેલું છે. અમેરીકા જેવા વિકસિત દેશ તરીકે જેમની વિશ્વની અંદર નામના છે ૩૫ કરોડની જન સંખ્યા છે તેની કોરોના મહામારીની આપણે બધાએ ટી.વી.ના માધ્યમથી ન્યૂઝ પેપરના માધ્યમથી આપણાં સગા-સંબંધીઓની વાતો ઉપરથી સાંભળ્યુ છે કે પહેલી બીજી લહેરની અંદર અને તેના પછીની ત્રીજી લહેરની અંદર ૧૫-૧૫ દિવસ સુધી દવાખાનાની અંદર આવો વિકસિત દેશ ધનાઢ્ય દેશની અંદર પણ માણસની સેવા થઇ શકતી નહોતી એનાથી વિશેષ આપણાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે પ્રમાણે પહેલાંના જમાનાની અંદર જયારે કોરોના જેવી મહામારી આવતી હતી કોલેરા થાય કે ટાઇફોડ થાય એવા રોગચાળાઓ જયારે ફાટી નીકળતા હતા ત્યારે દેશમાં વેકસીનનું સંશોધન કરવુ હોય તો હું માનુ છું ત્યાં સુધી ૫-૧૦ વર્ષ જેટલો સમય નીકળી જતો હતો.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના જે ફાર્માસ્યુટીકલ ઉદ્યોગો હતા તે ઉદ્યોગોને આત્મનિર્ભર ભારતનું તેમણે જે વચન આપ્યું હતું તે વચનના આધારે એકે એક જગ્યાએ પોતે જાતે જઇ તેની પોતાની કેપેસિટી છે કે કેમ તે ઝડપથી વેકસિન બનાવશે કે કેમ તેને કઇ જાતની જરૂરિયાત છે જેને રૂપિયાની જરૂર હતી રૂપિયા જેને વ્યવસ્થાની જરૂર હતી તેને વ્યવસ્થા પણ તેમનુ જે મનોબળ હતું કે દેશમાં સૌથી પહેલી આપણી સ્વદેશી વેકસિનથી જ આ દેશના પરિવારની સેવા અને તેમને બચાવવા માટેનું કામ તે આપણા વૈજ્ઞાનિકો કરશે.

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગર્વ થાય છે કે આપણાં વૈજ્ઞાનિકોએ જે પ્રમાણે રાત-દિવસ મહેનત કરી આ વેકસિનની જે શોધ કરી તેના આધારે આજે દેશની જનસંખ્યામાં પહેલો અને બીજો ડોઝ હું માનુ છું ત્યાં સુધી ખૂબ મોટી સંખ્યામાં આપણે આપી શકયા છીએ અને સાથે સાથે ૧૫થી ૧૮ વર્ષના બાળકોને પણ ગુજરાતની અંદર અને સમસ્ત દેશની અંદર આપણે તેને બચાવવાનું કામ કરી શકયા છીએ. આ કોરોના મહામારીની અંદર રાજય સરકારે તે વખતના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ અને બધા સરકારના અધિકારીઓ સાથે રહી અને કોરાના વોરિયર્સોએ રાત-દિવસને હાથમાં લઈ હથેળીમાં લઈ અને પ્રજાની જે સેવા કરી છે તે બદલ હું આપના વતી રાજય સરકારના તમામ કોરોના વોરિયર્સને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા): माननीय अध्यक्षश्री, आंतरराष्ट्रीय महिला दिवस के अवसर पर मैं आपको और देश की तमाम महिलाओं को खूब-खूब शुभेच्छा देता हुं।

माननीय अध्यक्षश्री, मैं अहमदाबाद शहर से धारासभ्य हुं और गुजरात के मुख्यमंत्री भी अहमदाबाद शहर से हैं। और खास कर के आज महामहिम राज्यपाल के आभार प्रस्ताव पर मेरे साथी धारासभ्य श्री राकेशभाई जो प्रस्ताव ले कर आए हैं उस पर मैं मेरे विचार रजू करता हुं।

माननीय अध्यक्षश्री, मेहराज़ फैज़ाबादी का बहोत ही अच्छा शेर है की

"ज़िदगी दी है तो ज़िंदगी जीने का हुनर भी देना
ज़िंदगी दी है तो जीने का हुनर भी देना
पाओं बख्शे हैं तो तौफिके सफर भी देना
गुफ्तगु तुने ही सिखाई थी के मैं गूंगा था
अब मैं बोलुंगा तो मेरी बातों में असर भी देना।"

माननीय अध्यक्षश्री, मैं अहमदाबाद की बात कर रहा हुं की अहमदाबाद के अंदर जिस तरह से कोरोना महामारी के अंदर एसवीपी होस्पिटल थी हमारी होस्पिटल जिन्हों ने ये होस्पिटल के अंदर मैंने खुदने सारवार ली है और मैं अच्छा हो कर आया और मेरी तरह कई लोग अच्छे होकर के आए हैं। वो होस्पिटल देश के प्रधानमंत्रीने जिस का उद्घाटन किया था वो होस्पिटल 1500 बेड की होस्पिटल है लेकिन माननीय अध्यक्ष श्री, आज वो होस्पिटल सिर्फ 200 पेशन्ट उस के अंदर दाखिल हो रहे हैं। सिर्फ वजय यह है माननीय अध्यक्ष श्री, के ईतना बड़ा होस्पिटल इतने करोड़ों रूपए खर्च करके हमने बनाया लेकिन ये होस्पिटल के अंदर आयुष्यमान कार्ड और जो माँ कार्ड चलते थे वो दो साल से बंद हो गए हैं। जिसके लिए ये होस्पिटल गरिबों के लिए बनाई थी माननीय अध्यक्ष श्री, वो आज गरीब वो होस्पिटल के अंदर नहीं जा सकता। वजय यही है की वहां आयुष्यमान कार्ड नहीं है और माँ कार्ड बंद है। तो मैं गुजरात के मुख्यमंत्री श्री से ये विनंती करता हुं आप के जरिए की आप ये होस्पिटल के अंदर जिस तरह से पहले माँ कार्ड आयुष्यमान कार्ड चलते थे इस तरह वो कार्ड चले। जिस से गरीब लोग इसका फायदा उठा सकें।

माननीय अध्यक्षश्री, दुसरी मैं बात करुं की अहमदाबाद के अंदर खास कर के हम जो कोट विस्तार से आते हैं जो सिटी का पुराना विस्तार है। ये विस्तार के अंदर माननीय अध्यक्ष श्री गामतल का विस्तार कहेलाता है। यहां पर एफएसआई जो मकान बनाने की एफएसआई की कम संख्या है। एफएसआई हम को ज्यादा मिलनी चाहिए उस के वजह से लोग कायदेसर मकान बना सके। माननीय अध्यक्ष श्री एक तरफ अहमदाबाद के अंदर आप पश्चिम ज़ोन के अंदर या नए पश्चिम ज़ोन के अंदर चालीस माल की ईमारत बन सकती है लेकिन पुराना विस्तार जो अहमदाबाद है।

अध्यक्षश्रीः आप के पास दो मिनिट हैं।

श्री ईमरान खेलाडावालाः पुराना अहमदाबाद है माननीय अध्यक्ष श्री वहां पांच माल की भी परमिशन नहीं मिल सकती। तो माननीय अध्यक्ष श्री मेरी रजुआत है की एफएसआई बढ़ाने के लिए गुजरात राज्य के अंदर गुजरात के मुख्यमंत्री यहां पे ऐसी कोई रजूआत के ऐसा कोई कायदा बनाएं जिस से लोग इसका फायदा उठा सकें।

माननीय अध्यक्षश्री, इसी तरह के ईम्पेक्ट का कायदा जो अहमदाबाद शहर के अंदर जो गेरकायदेसर बांधकाम हो गए हैं माननीय अध्यक्ष श्री अवार-नवार सरकार की तरफ से कई विस्तारों में वो मकान डिमोलिशन करने में आते हैं। माननीय अध्यक्ष श्री, सरकार एक मरतबा फिर इम्पेक्ट फी का कायदा लाए जिस से लोग अपने मकान कायदेसर कर सकें। ये प्रश्न अहमदाबाद शहर का नहीं गुजरात के तमाम विस्तारों का तमाम शहेरों का है। माननीय अध्यक्ष श्री, तो ये मेरा एक सुचन है की गुजरात के मुख्यमंत्री हैं। अहमदाबाद से आते हैं। ये तमाम चीज से वाकेफ हैं। तो इसका ये अमल करवाएंगे।

माननीय अध्यक्षश्री, एक दुसरा मैं हर वक्त ये कहता हुं और भारतीय जनता पार्टी के धारासभ्य और भारतीय जनता पार्टी के एमपी भी बात करते हैं कि विशाला से सरखेज़ का जो फ्लाय ओवर ब्रिज बनना चाहिए। माननीय अध्यक्ष श्री, पांच साल से मैं देख रहा हुं। ये पांचवा साल मेरा पूरा होने आया। आज तक वहां माननीय अध्यक्ष श्री, उसके बारे में हर बजेट के अंदर चर्चा होती है। लेकिन आज तक उसका भूमिपूजन भी नहीं हुआ। माननीय अध्यक्ष श्री, वो विस्तार में खूब ट्राफिक रहेता है। ये हमारे चौहाण साहब भी वहां के धारासभ्य हैं। ये भी रजुआत कर चूके हैं। हमारे जो एमपी हैं भारतीय जनता पार्टी के डो. किरीट सोलंकीने रजूआत दिल्ली मैं भी करी है। माननीय अध्यक्ष श्री, लेकिन ये काम होता नहीं है। राज्य सरकार का भी काम है कोर्पोरेशन का भी है और सेन्ट्रल गवर्नमेन्ट का भी काम है। तीनों को मिल के काम करना है। माननीय अध्यक्ष श्री, लोगों की ट्राफिक की समस्या जो विशाला सर्कल से सरखेज तक की जो ट्राफिक समस्या है ये हल हो सकती है। माननीय अध्यक्ष श्री, आप मेरी बात सुनिए ये आप के उपयोगी रहेगा।

अध्यक्षश्रीः आप का समय समाप्त हुआ।

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રના પ્રારંભે મહામહિમ રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય ધારાસભ્યશ્રી અભેસિંહ તડવીએ આ આભાર પ્રસ્તાવને અનુમોદન આપ્યું છે ત્યારે આ પ્રસ્તાવના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ તેઓશ્રીના સંબોધનમાં ભારત દેશને મળેલ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સમગ્ર ભારત દેશમાં આ વર્ષને આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે આઝાદી મેળવવામાં જે મહાનુભાવોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે તેવા સ્વતંત્ર સેનાનીઓને હું આજના દિવસે અંતઃકરણપૂર્વક વંદન કરું છું. શિક્ષણ ઉપર બોલવાનું આજે મારા ભાગે આવ્યું છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર હોય કે કેન્દ્રની સરકાર હોય એણે શિક્ષણને ખૂબ જ પ્રાધાન્ય આપ્યું છે. ભૂતકાળમાં આપણે વાત કરીએ તો દીકરા-દીકરીઓ ઝાડ નીચે શિક્ષણ મેળવવું પડતું હતું. કૉંગ્રેસની સરકારમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઠેર-ઠેર ઓરડાઓ અને પાકા મકાન બાંધ્યા અને એ માટે આ સરકાર કટિબદ્ધ થઇ એના પરિણામે આપણે સૌ જોઇ શકીએ છીએ કે અત્યારે ગામડે-ગામડે સારામાં સારા ક્લાસ આપણને જોવા મળે છે. આવોને આવો વિરોધ કરતાં કરતાં તેઓને ૨૫-૩૦ વર્ષ થઈ ગયા. હજુ કેટલાં વર્ષ થશે એ ભગવાન જાણે. સાચી વાત સ્વીકારવામાં વિપક્ષને ખૂબ જ તકલીફ પડે છે ખૂબ પીડા થાય છે. હું સમજું છું પણ શું થાય વિકાસને સ્વીકારવો પડતો હોય છે. ગુજરાત સરકારે શિક્ષણને ખૂબ જ પ્રાધાન્ય આપ્યું છે. ગુજરાત સરકારના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન ભારત દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે કન્યા કેળવણી અને શાળા મહોત્સવ

ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. તેઓએ ગામડે ગામડે જઈ દીકરા-દીકરીઓને ખોળામાં બેસાડીને પ્રોત્સાહિત કર્યા. શાળાઓમાં જે જે તકલીફો હતી તેમાં ભૂતકાળની કોંગ્રેસની સરકારે ક્યારેય કોઈ સગવડો ઊભી ન કરી. તેવા સમયે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ સગવડો પૂરી પાડી. આ સાથે હું આપને એ પણ કહેવા માગું છું કે અમારી સરકારે શિક્ષણને ખૂબ જ પ્રાધાન્ય આપ્યું. કોવિડની મહામારી દરમિયાન પણ સાક્ષરતા દર ઓછો ન થાય તે માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ અને વર્તમાન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ કટિબદ્ધ થયા અને આપણે સૌ જાણીએ પણ છીએ કે શિક્ષણને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. આ સાક્ષરતા દર ભૂતકાળમાં કેટલો હતો અને વર્તમાન સ્થિતિએ કેટલો છે એ સમગ્ર ભારત દેશ જાણે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી ત્યારથી સાક્ષરતા દર વધ્યો છે. હું આપના માધ્યમથી મિત્રોને એ પણ જણાવવા માગું છું કે શિક્ષણ હશે તો જ વિકાસ થઈ શકશે. શિક્ષણ નહિ હોય તો વિકાસ ક્યારેય નહિ થાય.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોય ત્યારે હું ગુજરાતની અને વિશ્વની તમામ મહિલાઓને અભિનંદન પાઠવું છું. રાજ્યપાલશ્રી ગુજરાત વિધાનસભા સમક્ષ જે પ્રવચન લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં ધોલેરાને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાનું અને સાંઘાઈ સિટી બનાવવા માટેનો જે ઉલ્લેખ કર્યો છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે ધોલેરાને લગતા પ્રાણ પ્રશ્નોનું ધ્યાન રાખવામાં આવ્યું નથી. ધોલેરા એસ.આઈ.આર.માં ૨૨ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે આ ૨૨ ગામોની જમીન સર એક્ટ હેઠળ અને વર્ષ ૨૦૧૧ની જંત્રી મુજબ વળતર આપવામાં આવે છે. જ્યારે આખા ભારતમાં જમીન સંપાદન એક્ટ હેઠળ જમીન સંપાદન કરવામાં આવે છે ત્યારે શું આ ધોલેરાના ૨૨ ગામો ભારતમાંથી બહાર છે. વર્ષ ૨૦૧૧ની જંત્રી પ્રમાણે વળતર આપવાનું? ખેડૂતો પણ આ સંપાદન એક્ટનો વિરોધ કરી રહ્યા છે. ૨૦૦ મીટરનો રોડ બનાવવામાં આવે છે ખેડૂતોને વળતર આપવામાં આવ્યું નથી. પોલીસ પ્રોટેક્શન સાથે કામગીરી ચાલુ કરવામાં આવી છે. વિરોધ કરે તો ડિટેઈન કરી અને ખોટા કેસો દાખલ કરવાની ધમકીઓ પણ આપવામાં આવે છે. સાંઘાઈ સિટી બનાવવાની વાત કરે છે ત્યારે છેલ્લા ૨૫ વર્ષથી ત્યાં ભાજપના ધારાસભ્યો ચૂંટાયા છે અને શિક્ષણના સ્તર અંગે અગાઉ કોઈ પણ ધારાસભ્યએ રજૂઆતો કરી નથી કે ધ્યાન આપ્યું નથી. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે સાંઘાઈ સિટી બનાવવું હોય તો શિક્ષણ હોવું જરૂરી છે. ચાર તાલુકા વચ્ચે માત્ર એક આર્ટ્સ અને કોમર્સ અને એક સરકારી આર્ટ્સ એમ બે કૉલેજો છે. એક પણ સાયન્સ કૉલેજ નથી. એક પણ ટેકનિકલ કૉલેજ નથી ત્યારે આ લોકોને ત્યાં નોકરી મળશે તો કઈ નોકરી? વૉચમેનની કે પટાવાળાની? શિક્ષણ નહિ હોય તો કેવા પ્રકારની નોકરી મળશે? એ પણ મહત્ત્વનું છે. એટલે શિક્ષણ અંગે પણ મારી માનનીય સરકારશ્રીને રજૂઆત છે. ધોલેરા વિસ્તારની અંદર જયારે ડેવલપમેન્ટ થઇ રહ્યું છે ત્યારે એ ૨૨ ગામોમાં ૫ થી ૧૦ ફૂટ જેટલું ફિલિંગ કરવાનું છે. આ ફિલિંગ માટે જયાં સરકારી પડતર જમીન છે એમાંથી માટી ઉપાડવામાં આવે છે અને એની જ બાજુની ખેતીની જમીન ખેડૂતોની હોય છે તો ક્ષાર વાળુ પાણી એ માટીના ખાડામાં ભરાવવાથી એ ખેડૂતોની જમીન પણ અત્યારે બિનઉપજાઉ થવા લાગી છે ત્યારે ગમે ત્યાંથી જે માટી ઉપાડવામાં આવે છે એના માટે પણ સરકારે નક્કર આયોજન કરવું જોઇએ. જયારે ખેડૂતોની ચિંતા કરીએ છીએ ત્યારે મારા મત વિસ્તારના બગડ ગામમાં બગડ ગ્રૂપ સેવા સહકારી મંડળીની અંદર એના ચેરમેન દ્વારા ઉચાપત કરી ઓવર ધિરાણ લેવામાં આવ્યું છે. આ ઓવર ધિરાણ વર્ષ ૨૦૦૯માં લીધું છે. અરજી કરી છે. સાબિત થઇ ગયું છે પોલીસ કેસ થયો છે. પરંતુ આ ઓવર ધિરાણનું નો-ડયુ સર્ટિફિકેટ ખેડૂતોને આપવામાં આવતું નથી. એના કારણે ખેડૂતોની વારસાઇ વહેંચણી કે હકક કમીની કોઇપણ પ્રકારની કામગીરી થઇ શકતી નથી અને ખેડૂતોને મુશ્કેલી પડે છે. તો એના માટે પણ સરકારે વિચારવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ધંધુકા નગરપાલિકામાં વર્ષ ૨૦૧૫-૧૬માં કરોડો રૂપિયાના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. વારંવાર વિધાનસભામાં પાંચમા સત્રમાં આ મારી રજૂઆત છે કે આ પ્લાન્ટ ચાલુ કરવામાં આવે. પરંતુ હજી સુધી આ પ્લાન્ટ ચાલુ કરવામાં આવ્યો નથી. લોકોને ગંદુ પાણી પીવું પડે છે અને અત્યારે કરોડો રૂપિયાની મશીનરી સડી રહી છે. મારા મત વિસ્તારના ઘણા ગામડા છે એવા છે જેમાં જૂના અંતરિયાળ રસ્તા છે. ૨૫-૩૦ વર્ષ પહેલા પુલ અને નાળા બનાવવામાં આવ્યા છે. સાંકડા રસ્તાઓ થઇ ગયા છે. તો આ સાંકડા રસ્તાઓ અંગે વિચારવામાં આવે અને આ જર્જરિત પુલો અને નાળા ફરી બનાવવામાં આવે. જેથી ખેડૂતોને પોતાના ખેતરમાં જવા માટે ૫-૭ કિલોમીટર કે ૧૦ કિલોમીટરના અંતર ફરવા પડે છે એના માટે પણ કંઇ થઇ શકે. કોરોના કાળની બીજી લહેરમાં અમારા બોટાદ જિલ્લાના બરવાળાની અંદર કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવી હતી. વેન્ટિલેટરો હતા. પરંતુ નિષ્ણાત ડોકટરોના નહીં હોવાના કારણે આ વેન્ટિલેટરો એમને એમ પડ્યા રહ્યા અને અનેક દર્દીઓએ એમનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી રમણભાઇ પટેલ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે આપ સહિત વિશ્વની તમામ બહેનોને શુભકામનાઓ પાઠવું છું. મહિલા એટલે વાત્સલ્ય માંગલ્ય માતૃત્વ અને કર્તવ્યનિષ્ઠ. માટે જ આપણી સંસ્કૃતિમાં નારીને નારાયણી કહીને નારીને લક્ષ્મીનું સ્થાન આપ્યું છે. ૧૪મી ગુજરાત વિધાનસભાના ૧૦માં સત્રના પ્રારંભે મહામહિમ રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું તે બદલ અમારા સાથી ધારાસભ્ય શ્રી રાકેશભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આ આભાર પ્રસ્તાવને અમારા સાથી ધારાસભ્ય શ્રી અભેસિંહભાઇ તડવીએ અનુમોદન આપ્યું છે. આ પ્રસ્તાવનું હું પણ સમર્થન કરુ છું અને મારા વિચારો વ્યકત કરુ છું.

ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં ભારત દેશને મળેલી આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સમગ્ર ભારત દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઊજવાઇ રહ્યો છે એનો ઉલ્લેખ કર્યો છે. આઝાદી મેળવવામાં જે પણ મહાનુભવોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે તેવા તમામ પૂજ્ય મહાત્મા ગાંધીજી શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ શ્રી રવિશંકર મહારાજ અને તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને હું અંતઃકરણપૂર્વક નત મસ્તકે નમસ્કાર કરું છું. અમારી ભારતીય જનતા પાર્ટીની નિર્ણાયક સરકારની કાર્યક્ષમ નીતિના પરિણામે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે અડીખમ રહ્યું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પાયામાં મજબૂત મનોબળ પારદર્શક નીતિ અને નવતર અભિગમ રહ્યો છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક વિકાસનો સિંહ ફાળો રહ્યો છે.ગુજરાત દેશનું સૌથી વધુ વિદેશી મૂડી રોકાણ ધરાવતું રાજય બન્યું છે. તેનું મુખ્ય કોઇ કારણ હોય તો ગુજરાતમાં સલામતી માળખાકીય સુવિધાઓ ઔદ્યોગિક નીતિ અને ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરેલા કૌશલ્યવાન શ્રમિકો વીજળી જેવી ઉપલબ્ધીનું ખૂબ સરળતાથી બની રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રોકાણકારો અને ઉદ્યોગપતિઓ માટે રોકાણ માટેનું પ્રથમ પસંદગીનું સ્થાન બન્યું છે. સ્કીલ ફોર ઈન્સેન્ટીવ ઈન્ડસ્ટ્રીઝ યોજનામાં ૧૪૯૪ એકમો થકી અંદાજિત રૂપિયા ૧૪૯૪૧૬ કરોડ જેટલું મૂડી રોકાણ થયું છે અને રૂપિયા ૩૧૭ કરોડ ૩૭ લાખ કરોડની સહાય આ ઉદ્યોગોને કરવામાં આવી છે. પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝને સહાય યોજનામાં ૩૨૨ એકમો થકી અંદાજિત ૪૩૮૧.૨૬ કરોડ જેટલું મૂડી રોકાણ થયું છે અને રૂપિયા ૧૫૪.૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતે હંમેશા ઉદ્યોગ ક્ષેત્રે ખૂબ આગળ હરણફાળ ભરી છે. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલા એમ.ઓ. યુ. ની વિગતો અનુસાર એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોને પ્રાથમિકતા આપીને ઉદ્યોગ કરવા પંદર દિવસમાં ઇન એપ પ્રિન્સીપલ એપ્રુવલ આપવા માટે સ્ટેટ બેંક સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું છે. ઉદ્યોગકારોને સરળતાથી લોન મળી રહે તે માટે નાણાકીય સહાય માટે સીધી અરજી કરી શકે તે હેતુથી બેંક ઓફ બરોડા સાથે પણ એમ.ઓ. યુ. કરવામાં આવ્યું છે. મેઇક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ સ્થાનિક ઉત્પાદકોને ૧૫થી વધુ વેબસાઇટ દ્વારા ૨૦૦ જેટલા દેશોમાં વિશ્વ બજાર ઉપલબ્ધ કરવા માટે ગુજરાત સરકારે એમેઝોન સાથે પણ એમ.ઓ.યુ. કરવામાં આવ્યું છે. ગુજરાતના ઉદ્યોગકારોને આંતર માળખાકીય વિકાસ બોર્ડ અંતર્ગત માનનીય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ભારત દેશ માટે ખૂબ જ અગત્યનો પી.એમ. ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન પણ જાહેર કરવામાં આવ્યો છે. જેનો આવનારા દિવસમાં ગુજરાતના ઉદ્યોગપતિઓને ખૂબ સરળતાથી લાભ મળશે. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ ગતિ શક્તિ ગુજરાત ઇન્ટીગ્રેટેડ બાર સબ પ્લાન હેઠળ જુદા જુદા વિભાગો સાથે સંકલન કરી હાલના કાર્યરત પ્રોજેકટોને તેમજ નવા આવનારા પ્રોજેકટોને ઝડપી મંજૂરી મળી રહે તે માટેનું સુઆયોજન પણ કરવામાં આવ્યું છે. આમ, આ રીતે માનનીય રાજયપાલશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં રાજયની પ્રજાના કલ્યાણ માટે અમારી શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે જે યોજનાઓ બનાવી છે તે નિરૂપણ કરીને રાજયની પ્રજાને પાયાની જરૂરિયાતો અને સુખાકારીની યોજનાના અમલમાં રાજય સરકાર પ્રયત્નશીલ છે તેવી પ્રતિતિ પણ રાજયપાલશ્રીના ઉદબોધનમાં થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને આદિવાસી સમાજ તરફથી જય યોહાર જય યોહાર એટલા માટે અને એ શબ્દની જે ભાવના છે પ્રકૃતિ સૌનું રક્ષણ કરે અને પ્રકૃતિ સૌનું જતન કરે. જય યોહાર આજે વિશ્વ મહિલા દિવસે પણ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં અમારા મિત્ર શ્રી રાકેશભાઇ અને શ્રી તડવી સાહેબ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રી આદિવાસી સલાહકાર સમિતિ અને આદિવાસી વિસ્તારના જે કામો છે એ બંધારણીય વડા છે પરંતુ જેટલી પણ યોજનાઓ થાય છે એ એડવાઇઝરી કમિટીમાં ચર્ચા થતી નથી. આ ૨૭ વર્ષના ગાળામાં સીધા ઇન્વોલ્વમેન્ટ રાજયપાલશ્રી થયા હોય અને કોઇ યોજના થઇ હોય એવું પણ અમે જોયું નથી અને કોઇ યોજના થઇ હોય એવું પણ અમે જોયું નથી. જયારે જયારે પણ આદિવાસીઓના પ્રશ્નો ઉભા થાય ત્યારે સૌથી મોટો પ્રશ્ન માનનીય રાજયપાલશ્રીનો હોય અને શિક્ષણની વાત હોયજળ જંગલની જમીનની વાત હોય પોષણની વાત હોય કૂપોષણની વાત હોય માત્ર ઔપચારિકતા કરીને જે રીતે પ્રવચનમાં આદિવાસીઓને અન્યાય થવાની જે ભીતિ છે ભય છે એ ખૂબ દુઃખદ ઘટના છે.

ગઇકાલે માનનીય શિક્ષણમંત્રીશ્રી અને ઘણા બધા મિત્રોએ કહ્યું કે શિક્ષણ દરેકના જીવનમાં જરૂર છે મહત્ત્વ છે અને તો જ વિકાસ શકય છે. આપણે બધા પ્રાથમિક શાળાઓમાં ભણ્યા છીએ એટલે એની વાત થઇ. મહાભારતમાં પોતાના મનોબળથી એ ધર્નુવિદ્યા શીખે અને અંગૂઠો કાપી લે એ પાંચ હજાર વર્ષ જૂની પ્રથા આ વિધાનસભામાં ચાલુ થઇ છે એવું મારું સ્પષ્ટ માનવું છે. કારણ કે છ હજાર પ્રાથમિક શાળાઓ બંધ કરી દીધી છે. માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અહીંયા બેઠા છે આપણી પાસે ઇન્ફ્રાસ્ટ્રકચર છે શાળાઓ છે શિક્ષકો છે રસ્તા છે પાણીની વ્યવસ્થા છે લાઇટ છે આમ બધું જ છે પણ ખાનગી સંસ્થાઓને આપવા માટે ખાસ કરીને આદિવાસી વિસ્તાર નબળા વિસ્તારમાં છ હજાર પ્રાથમિક શાળાઓ બંધ કરી છે એ *(xxx) છે તેવો મારો સીધો આક્ષેપ છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એવો જે આક્ષેપ કર્યો છે એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૮મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે છ કિલોમીટરમાં બાળકો જઇ શકતા નથી. બે કિલોમીટરમાં જઇ શકતા નથી. આપણે નક્કી કરેલી શાળાઓ છે એમાં જઇ શકતા નથી તો પ્રાથમિક શાળા છોડીને ગામડે કઇ રીતે જાય. તમે સુવિધા આપો છો પરંતુ એક વર્ષ કે બે વર્ષના બાળકને બે કિલોમીટર દૂર મૂકી આવે પછી એના મા-બાપે પોતાની મજૂરી છોડીને સ્કૂલ પાસે રહેવું પડે છે એને પાણી પીવાની વ્યવસ્થા નથી બીજી વ્યવસ્થા નથી ફરી પાછી માતા એને લાવે એના બાપુજી લાવે તો એ ઘરમાં વ્યવસ્થા કરે છે. એટલે એવા જે ગરીબ બાળકો છે એ શિક્ષણ છોડી દે છે જે તમારો હેતુ છે કે એ *(xxx) થાય એ સિસ્ટમ ફરી દાખલ થવાની છે.

જે રીતે આજે સી.કે. રાઉલજી સાહેબે વાત કરી કે ગોધરા પાસેના ડેમની ૨૫ વર્ષ જૂની જમીન હતી એ રીઝર્વ ફોરેસ્ટમાં હતી એ પોતાના નામે થતી હોય તો લગભગ દોઢ લાખ દાવાઓ ફોરેસ્ટ લેન્ડમાં કરેલા એમાં ૯૫ હજાર દાવાઓ મંજૂર કર્યા છે અને પાંચ હજાર દાવા સામૂહિક દાવા મંજૂર કર્યા છે એને કઇ રીતે જમીન તમે નથી આપતા. માત્ર હક્ક પત્રકો આપે છે અહીંયા ગોધરામાં થયું તો એ આખા ગુજરાતમાં થઇ શકે છે અને જે અજંપો ખાસ કરીને તાપી લીંકના વિસ્થાપિતો થવાના છે કેવાડીયાના વિસ્થાપિતો થયા છે એનો મૂળ પ્રશ્ન તો જમીનનો છે. તમે એને જમીનથી દૂર કરો છો એના ઘરબહાર છોડીને શહેરોમાં જાય એનું આખું જીવન ખોરવાય જાય છે એટલા માટે આખા વિસ્તારમાં અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસીઓના પ્રશ્નો સરકાર સાંભળતી નથી એનો જે અવાજ છે એનું હાર્દ માત્ર જમીનનું છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય સભ્યશ્રી આનંદભાઇએ પોતાના પ્રવચનમાં એમ કહ્યું કે *(xxx) થાય છે એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(xxx) થાય છે આવી વાત થઇ શકે નહિ આપના આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં જેમણે કન્યા કેળવણીનો પાયો નાખ્યો અને દીકરીઓને ભણતી કરી જે તે વખતના સમાજના ઓર્થોડોક્સ લોકો છાણ અને ગોબરનો મારો કરતાં હતા છતાં શ્રીમતી સાવિત્રીબાઇ ફુલે ટકી ગયા અને જેમણે આ દેશમાં મહિલા કેળવણીનો પાયો નાખ્યો એમને આ સન્માનનીય સભાગૃહમાં વંદન કરી આપને પણ અને આ સભાગૃહના તમામ મહિલા ધારાસભ્યોને મહિલા દિવસની શુભેચ્છા પાઠવું છું.

રાજ્યપાલશ્રીના પ્રવચનના અનુસંધાને બે ચાર મુદ્દા આપની સમક્ષ મૂકવા માગું છું. સેન્ટર ફોર મોનેટરીંગ ઇન્ડિયન ઇકોનોમીના રિપોર્ટ મુજબ છેલ્લા સાત વર્ષમાં આ દેશમાં અને ગુજરાતમાં લગભગ ૮.૫ કરોડ લોકોના રોજગાર ગયા છે. ગુજરાતની અંદર મનરેગામાં જે લોકો એપ્લીકેશન કરે છે એનો આંકડો છેલ્લા બે વર્ષમાં લગભગ ડબલ થયો છે અને ૩૭૦૦ જેટલી તલાટીની પોસ્ટ માટે ૨૨ લાખ લોકોએ એપ્લાય કર્યું.
આ ગુજરાતમાં બેરોજગારીનો પ્રશ્ન કેટલો વિકટ થઇ રહ્યો છે તેને દર્શાવે છે. આ પરિસ્થિતિમાં સમગ્ર ગુજરાતના યુવાનો વતી રાજ્યની સરકાર સમક્ષ વિચારો વ્યક્ત કરું છું કે જો ગુજરાતની અંદર એક એવો નિર્ણય રાજ્યની સરકાર દ્વારા કરવામાં આવે કે જેટલા પણ સરકારી પદ ખાલી છે એ તમામમાં અમે ભરતી કરી દઇશું. બેરોજગારીનો પ્રશ્ન નાથવો એ કોઇ મોટું રોકેટ સાયન્સ નથી. તેને આપણે કારણ વગર કોમ્પ્લેક્સ કરી રહ્યા છીએ. તમામ સરકારી પદ જે ખાલી પડ્યા છે તેમાં ભરતી કરવામાં આવે. જે નવું મહેકમ છે આપણે મંજૂર કરી શકીએ છીએ તેને કરવામાં આવે. ગુજરાતની અંદર જ્યાં જરૂર છે ત્યાં જી.આઇ.ડી.સી.ના યુનિટ ઉભા કરવામાં આવે. ૧૦૦ દિવસની મનરેગાની રોજગારી એક પ્રયોગ તરીકે ગુજરાત પહેલું સ્ટેટ કેમ ન બને જ્યાં ૧૦૦ના બદલે ૨૦૦ દિવસ રોજગારી આપીએ અને એ રોજગારીના ૨૨૯ રૂપિયા ચૂકવાય છે તેના બદલે ૩૨૯ રૂપિયા ચૂકવાય. સ્મોલ અને મિડિયમ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ એ કોઇ પણ દેશમાં અર્થતંત્રની કરોડરજ્જુ હોય છે. ગુજરાતની અંદર લગભગ ૧૬ લાખ જેટલા સ્મોલ અને મિડિયમ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝમાં લગભગ ૫૦ ટકા એકમો માંદા થઇ ગયા છે. આની તાતી જરૂર છે કે આને રીવાઇવ કરવામાં આવે આને પુનર્જીવિત કરવામાં આવે. આ પ્રમાણેની બ્લૂપ્રિન્ટ રાજ્યની સરકારે ગામડાંમાં વસતા ભૂમિહીનો માટે જમીનોની જો ફાળવણી કરવામાં આવે તો ગુજરાતની અંદર બેરોજગારીનો પ્રશ્ન આપણે ઘણાં અંશે નાબૂદ કરી શકીએ. સાથોસાથ મારા સાથી ધારાસભ્યએ વાત કરી એ પ્રમાણે આશાવર્કર આંગણવાડીની બહેનો સફાઇ કામદાર મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર હોમગાર્ડના જવાન ફોરેસ્ટ ગાર્ડ આ તમામ લોકોની ૨૦ વર્ષથી એકધારી અવિરત હાથ જોડીને વિનંતી છે કે પ્લીઝ અમને ફિક્સ પગાર આઉટ સોર્સીંગના કોન્ટ્રાક્ટમાંથી મુક્ત કરો. આ રાજ્યની સરકાર આ મુદ્દે ક્યારે વિચારશે? શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ સબપ્લાનના કરોડો રૂપિયા એ બીજી જગ્યાએ વપરાઇ ગયા. એ ન થાય તેનો જો કાયદો બને તો ગુજરાતની અંદર દલિત આદિવાસી સમાજના નાણાનો યોગ્ય-સચોટ ઉપયોગ થઇ શકે. મારા સાથી ધારાસભ્યશ્રી આનંદભાઇએ વાત કરી કે આપણી પાસે આવાસ યોજનાઓ છે. ૧૦૦ ચોરસવારના પ્લોટ આપવાની પણ નીતિ છે પણ બીજી બાજુ ડેમના કારણે જો ૫૦૦૦૦ આદિવાસીઓને આપણે ડૂબમાં મોકલવાના હોઇએ એમને બેઘર કરવાના હોઇએ તો એ યોજનાઓનો કશો મતલબ રહેતો નથી. આજે આ વિધાનસભામાં હું રાજ્ય સરકારને વિનંતી કરું છું કે તમામ ખાલી પડેલા સરકારી પદમાં ભરતી થાય. જી.આઇ.ડી.સી.ના યુનિટ્સ બને. સ્મોલ અને મિડિયમ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝને રીવાઇવ કરીએ અને આદિવાસી ભાઇઓને કોઇ પણ સંજોગોમાં વિસ્થાપિત નહીં કરવાનો જો સંકલ્પ કરીએ તો મને લાગે છે કે આદિવાસી બહેનોને મહિલા દિવસની સાચા અર્થમાં આપણે શુભેચ્છા પાઠવી શકીએ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૭, ૧૯૪૩ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**(**મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને આદરણીય સભ્યશ્રી અભેસિંહ તડવીજીએ ટેકો આપ્યો છે એ વાતને સમર્થન કરતાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી,આજે વિશ્વ મહિલા દિવસ છે. આ વિશ્વની તમામ માતાઓને તમામ બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છા આપીએ. હું પણ આપું છું. આજે સવારે ધર્મપત્ની મારાથી વહેલાં ઉઠી ગયેલાં. અહીં વહેલાં આવવાનું હતું. નાસ્તો કર્યા વગર પત્ની આવવા ન દે. અહીં નાસ્તો મળે છે અને હવે તો સારો પણ મળે છે એવું ઘણાં માનનીય ધારાસભ્યશ્રીઓ કહે છે. એટલે એમને મેં વિશ્વ મહિલા દિવસની શુભેચ્છા આપી. મને કહે કે આ જિંદગી તો હવે પૂરી થશે પણ આવતા જન્મે શું? મેં કહ્યું આવતાં જન્મે હું તારી પત્ની અને તું મારો પતિ. આ એક શુભેચ્છા એ રીતે આપી કે એટલી બધી શુભેચ્છા મારી બહેનોને અને માતાઓને મળી રહી છે એ સાંભળીને મને એમ થયું કે આ સારું છે. ખોટું નથી અને જો ધારાસભ્ય હોઇએ તો સવા કરોડ. તેમાં વધારો પણ થાય. ભાઇઓને ન મળે. આ હું ઉશ્કેરતો નથી. હું જેન્ડર બાયસ પણ નથી.

અધ્યક્ષશ્રી : આપણે તો બ્રેકીંગ ધ બાયસની ચર્ચાઓ સવારમાં કરી છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ સન્માનનીય ગૃહના ખૂબ જ સન્માનનીય ધારાસભ્ય ડો. અનિલ જોષીયારાજીને યાદ કરું છું. આજે એ હોસ્પિટલાઇઝ છે. આપણા બધા તરફથી અને હું મારા તરફથી ખૂબ શુભેચ્છા આપું છું કે જેથી તેઓની તબિયત ઝડપથી સ્વસ્થ થાય અને આપણી વચ્ચે ફરીથી આવે. આ એક યોગાનુયોગ છે કે ભૂતકાળમાં જે સ્થાન ઉપર મને જવાબદારી આપવામાં આવેલી એ સ્થાન ઉપર મહિલા સ્પીકર બીરાજમાન છે. આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આદરણીય શ્રી નરેન્દ્ર મોદીજીએ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રીમતી આનંદીબહેને પણ ૫૦ ટકાનું રીઝર્વેશન કોર્પોરેશન હોય નગરપાલિકા હોય ગ્રામ પંચાયત હોય સરપંચ હોય ૫૦ ટકા ત્યાં પણ રીઝર્વેશન આપી અને સ્ત્રી સશકિતકરણનું અદ્ભૂત કાર્ય કર્યું છે. કોઇ વખાણે કે ના વખાણે પણ આજે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે હૃદયની અંદરથી એવો એક ભાવ ઉભો થાય છે કે ખૂબ સારું આ બાબતમાં કામ થયું છે એની કોઇ ટીકા ના કરી શકે. આગળ જતા અહીંયા પણ આવશે (અંતરાય) તો આપણે એક જોવાની દ્રષ્ટિ પણ બદલીએ મારી વિપક્ષના તમામ મિત્રોને વિનંતી છે અને સત્તા પક્ષના ધારાસભ્યશ્રીઓને કે શું નથી? આપણે આદરણીય રાજયપાલશ્રીના પ્રવચનમાં શું નથી એ શોધવાનો પ્રયાસ કર્યો વિપક્ષે પણ શું છે અને એમાં શું સારું કરી શકાય એવું સજેશન કોઇએ આપ્યું નહીં. આ જોવાની દ્રષ્ટિનો પ્રશ્ન છે અને એટલા જ માટે સંસદીય પ્રણાલિકામાં આપણે કયાંક ભૂલી ગયા છીએ કાયદાની વાત હોયને તો વકીલ તરીકે હું કહેતો હતો કે પોલીસ ૧૦ વર્ષે કાયદો ભૂલી જાય વકીલ ૨૦ વર્ષે ભૂલી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, હું જયુડીશરીની વાત નથી કરી શકતો એટલે કહેતો નથી એવી જ રીતે સંસદીય પ્રણાલિકાઓમાં આપણે ઘણી ચૂક થાય છે થોડા અભ્યાસની એટલા માટે બધાએ જરૂર છે કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમોનું પુસ્તક ખૂબ નાનું છે પણ આપણો પ્રયાસ નથી એને સંપૂર્ણ વાંચવાનો અને વાંચ્યા પછી સમજવાનો એટલું જો સમજી લઇએને તો હું એવું માનું છું કે ઇફિકટીવ ઓલ્ટરકેશન થાય આપણી વચ્ચે ઇફિકટીવ સંવાદો થાય નિયમોના નિયમ-૬૬ની વાત કરીએ છીએ એનું ટાઇટલ છે રાજયપાલશ્રીના સંબોધન ઉપર ચર્ચાનું ક્ષેત્ર હું એવું ચર્ચાની શરૂઆતમાં એટલા માટે ના બોલ્યો કે કયાંક અમારા તરફથી અને કયાંક આપના તરફથી બધું અટકી પડેત પણ છેલ્લે એટલે કહું છું કે કંઇક તો શીખીને આપણે જઇએ કંઇક તો આપણે સમજીને જઇએ રાજયપાલશ્રીના સંબોધનનો નિયમ-૬૬ હું વાંચું છું રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચા દરમિયાન વિધાનસભાગૃહ સંબોધનમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેવી બધી બાબતો ઉપર ચર્ચા કરી શકશે પરંતુ આવી ચર્ચા રાજય સરકારની સામાન્ય નીતિની બાબતો પૂરતી મર્યાદિત રહેશે ત્યાં આપણી ચૂક થાય છે. અહીં ચૂંક થાય છે. આપે પણ કીધું અને અમારા પક્ષેથી પણ આપને જવાબમાં ઘણું બધું કહેવાયું જવાબમાં સામેથી પણ આવ્યું પણ ચર્ચા શું થવી જોઇતી હતી? ચર્ચા એની મર્યાદિત હતી આદરણીય ગવર્નરસાહેબની સ્પીચ ઉપર જે સરકારની નીતિની બાબતો છે એ નીતિ વિષયક બાબતો ઉપર ચર્ચા થવી જોઇતી હતી જે નથી થઇ ખેર આજે નહીં અને કાલે આપણે એવી પણ રજૂઆત કરી કે આટલું આટલું ખૂટે છે જે આપે એમાંથી જોયું કે આ નથી કીધું તે નથી કીધું એની વાત ઉપર હું પછી આવું છું પણ પ્રશ્ન એવો કરવો જોઇએ પોતાની જાતને કે આ તમે કર્યું આ પ્રશ્ન આપનો છે. આ તમે કર્યું એટલે અમે કર્યું. તમે કેમ ન કર્યું? સત્તા તો તમારી પાસે પણ હતી. આ પ્રશ્નને વિચારીએ તો ઘણા બધા રસ્તાઓ વિપક્ષ માટે પણ ખુલી જાય. લોકોને પણ એમ થાય કે સમૃદ્ધ વિપક્ષ, સુંદર રીતે રજૂઆત કરતો વિપક્ષ, સાચી રજૂઆત કરતો વિપક્ષ. એક નાની વાતને લઇ જે પણ કહ્યું ઘટના બની આદરણીય માનનીય અમિતભાઇ ચાવડા સાહેબે રજૂઆત કરી કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ગાંધીનગર ખાતે સેવાદળની મહિલાઓ ઉપર પોલીસ દ્વારા અત્યાચાર કરવામાં આવ્યો. ત્યાં જે કાંઇ પણ ઘટના બની આજના દિવસે અહીં એ ઘટનાનું વરવું દ્રશ્ય ઉભું કરવાની જરૂર ન હતી. એને કાલે રજૂ કરી શકતા. જે રિપોર્ટ પોલીસે આપ્યો છે જેની વિગતો આવી છે. મારે કોઇના પ્રત્યે દ્વેષ રાખીને વાત કરવી નથી. પણ આટલી સામાન્ય વાતને ધ્યાનમાં લઇએ કે ઇજા કોણ પામ્યું? જેમાં પોલીસના એક પી.એસ.આઇ. સુશ્રી ડામોર બહેન છે. પોલીસ કોન્સ્ટેબલ સુશ્રી પારૂલબેન, પાંચ પોલીસ કોન્સ્ટેબલ, સુશ્રી કૈલાસબેન, શીતલબેન, અન્ય ચાર સ્ત્રી કર્મચારીઓ ઘાયલ થયા. તમે પરવાનગી લીધેલી. પરવાનગી પોલીસે આપેલી. પોલીસે ન આપી હોત તો પ્રશ્ન જુદો હતો. પરવાનગી આપેલી કે અમે બધી બહેનો મહિલા દિનની ઉજવણી અર્થે ભેગા થઇએ છીએ. ભેગા થાવ કોણ ના પાડે છે? પણ મહિલા દિનની ઉજવણી નિમિત્તે છેલ્લે કોંગ્રેસના આગેવાનો દ્વારા જે સ્પીચ આપવામાં આવી એમાં

મહિલાઓને વિધાનસભા ખાતે રેલી લઇ જવા માટે આહ્વાન કરવામાં આવ્યું. ત્યાં શરતનો ભંગ થયો. જરા શરતનો ભંગ કરો તો અમારું મહેસૂલ ખાતું આખે આખી તમારી જમીન સરકાર હસ્તક લઇ લે છે. આ તો પરવાનગી ભંગ છે. (અંતરાય) પાટલી થપથપાવવી હોય તો જોરથી થપથપાવો. આ રેલીને આગળ વધતી અટકાવવા માટે કોઇ એવું બળ વાપરવામાં આવ્યું નથી. ૧૩ મહિલાઓ અને ૧૨ પુરુષોની અટક કરીને પોલીસ ગાડીમાં બેસાડીને ડિટેઇન કર્યા છે. આ એક માહિતી આપવાની જરૂર હતી કે નાની બાબતને આપણે મોટું સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો છે ત્યાં તકલીફ છે. આપને અધિકાર છે વિરોધ કરવાનો આપને અધિકાર છે વોક-આઉટ કરવાનો આપને અધિકાર છે રજૂઆત કરવાનો. અમારી વાત ખોટી છે એ કહેવાનો પણ અધિકાર છે. પણ સાચી નથી એવું કહીને કહેવાનો અધિકાર છે. આથી સંસદીય શબ્દોની પરાકાષ્ટા આપણે જે ઉપયોગ કરીએ છીએ તકરાર થાય જ નહીં. મારે આજે શ્રી જિજ્ઞેશ મેવાણીને અભિનંદન આપવા છે. આજના એમના શબ્દોમાં એવું કાંઇ અજુગતું ન હતું કે કોઇને કશું કહેવું પડે. તમે એમના માટે તો પાટલી થપથપાવો. ખરેખર એક ધારાસભ્યશ્રીની વર્તણૂકના પ્રશ્નની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસની વાત હોય, આધુનિકકરણની વાત હોય, પ્રજાની સલામતિની વાત હોય, સમૃદ્ધિની વાત હોય, શૈક્ષણિક ક્ષેત્રે આપણે નવી ક્ષિતિજો ક્યાં લઇ ગયા તેની વાત હોય, આરોગ્યની વાત હોય, રોડ-રસ્તાની માળખાકીય સુવિધાની વાત હોય અને મારા આદિવાસી ભાઇઓ માટેની વાત હોય. દરેક તબક્કે દરેક વિષય માટે આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વ હેઠળ કોઇ જગ્યાએ જ્યાં એમને દેખાયું છે કે અહીં ઉણપ છે એના માટેનો ભરચક પ્રયાસ કર્યો છે. ઓછું-વધતું રહી ગયું હોઇ શકે એની ચર્ચા થઇ શકે. તમે એ અંગુલિનિર્દેશ કરી શકો કે અહીંયા આગળ તમારી ભૂલ છે અને એ ભૂલ સ્વીકારવાની ખેલદિલી અમારી છે અને હોવી જોઇએ. ૧૪૦ કરોડ જનતાનું દિલ જીતનાર આપણા હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી અહીંથી સફર કરીને ત્યાં પહોંચ્યા છે. આપણે બધા જ જાણીએ છીએ કે એમણે મહેનતની પરાકાષ્ઠા સર્જી છે. પુરુષાર્થની પરાકાષ્ઠા સર્જીને એ પહોંચ્યા છે ત્યારે દેશપ્રેમ અને સુશાસન માટે જેમણે આગ્રહ સેવ્યો છે. દેશની આન બાન અને શાન માટે યુવાવર્ગ માટે પથદર્શક બન્યા છે. ગરીબો જેમને તારણહાર માને છે. મહિલા સશક્તિકરણની જેમણે વાત કરી એના પુરસ્કર્તા છે. આફતને અવસરમાં પલટવાની જેમની સુપેરે તાકાત છે શક્તિ છે અને આપણે તો હિન્દુસ્તાની છીએ. સંસ્કૃતિ અને સંસ્કારના ધર્મમાં માનીએ છીએ. આખા વર્ષમાં બે બે નવરાત્રિ નકોરડા ઉપવાસ કરે. એક દિવસની રજા ન લે. આપણે અહીં સવારથી સાંજ સુધી બેસીએ છીએને તો થાક લાગે છે. ઉઠીઉઠીને ઘડીઘડી બહાર જઇએ છીએ. ચા પીને આવીએ છીએ. નાસ્તો કરીને આવીએ છીએ. કયાંક આરામ કરીને પણ આવીએ છીએ પણ મારે અભિનંદન આપવા છે આજે શ્રી મોહનસિંહ રાઠવાજીને. માનનીય ધારાસભ્યશ્રી સવારના આવ્યા છે. બીમાર છે. તકલીફથી આવે છે પણ સવારથી આવે છે અને સાંજ સુધી બેસે છે. કોઇપણ પરિસ્થિતિમાં બેસે છે. હું તો વિનંતી કરું વિપક્ષના મિત્રોને તેમના માટે પણ પાટલી તો થપથપાવો. આ દિલમાં રાખો અને દેખાય નહીં એનો કાંઇ અર્થ નહીં. માફ કરજો. અંગત પ્રશ્ન છે. નથી પૂછતો. દિલની વાત છે એટલે નથી પૂછતો.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ માટે સર્વસ્વ છોડનાર એવા જયારે નેતૃત્વ કરતા હોયને આ દેશનું તો દેશનું ભલું જ થાય અને એટલા જ માટે મસ્કીનની એક વાત કહેવા માગું છું. " તારું કશું ન હોય તો છોડીને આવ તું તારું બધું જ હોય તો પણ છોડીને આવ તું. " આવું વ્યક્તિત્વ અને આ બધી સોનાની થાળી આ વિકાસની અદભૂત યાત્રા સોનાની થાળીમાં કટોકટી ઇમરજન્સીની કાળી ટીલી લાગેલી છે એ પણ આપણે યાદ રાખવું જોઇએ. કયાંક એ ભૂલનો સ્વીકાર કરતા આપણને કોઇ જાતનો ક્ષોભ ન થવો જોઇએ. તમામ અધિકારો નાગરિકોના સસ્પેન્ડ કરી દેવામાં આવેલા. લાખો લોકોને જેલમાં મોકલી દીધેલા. અમને ગોંધી રાખેલા. (અંતરાય) એ જ સમજાવું છું. ધીરધીરે શીખો. આજનો દિવસ આ ચાલશે કેમ કે બોલાઇ ગયું છે. શ્રી જયપ્રકાશ નારાયણની ક્રાંતિ એટલા માટે યાદ આવે છે કે જેમણે સંપૂર્ણ ક્રાંતિની એક આહલેખ જગાવી અને એમાં પણ શ્રીનરેન્દ્ર મોદીજીનું કયાંક ને કયાંક યોગદાન હતું એટલા માટે આ વાત કહેવી પડે છે. તે વખતે મારા વડોદરામાં "ભૂમિપુત્ર" આખા ગુજરાતમાં એક માત્ર છાપુ નીકળતું હતું. અમદાવાદમાં નીકળતું ''સ્મગલર ઓફ ટ્રુથ'' શ્રી મકરંદ દેસાઇ વડોદરાથી કાઢતા ભૂમિપુત્ર શ્રી વિનોબા ભાવેજીના આદર્શ હેઠળ નીકળતું. એ વખતના સાંસદ પ્રોફેસર પુરુષોત્તમ માવળંકર આપણા અમદાવાદમાં નો સ્પીકર સર એમ કહીને વાત કરતા અને કટોકટીને વખોડતા. આ બધા દિવસોમાંથી પાર કરીને આ લોકશાહી ઉતરીને આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, લોકોએ કમ્પેરીઝન કરી એક બાજુ કોંગ્રેસની અને એકબાજુ અન્ય પક્ષોની અને એમાં દેશની જનતાને જયારે ભરોસો પડયો છે કે નેતા આપણો કેવો હોઇ શકે? પાર્ટી આપણી કેવી હોઇ શકે? અને એટલે જ એક ગુણની જો વાત મારે કરવી હોય. એનું વર્ણન મારે કરવું હોય તો શ્રી નવલભાઇ શાહ. એમણે એક વાત સરસ કરી. લોખંડનો એક ટુકડો હોય બજારમાં એને વેચવા જઇએ તો ૧ રૂપિયા આવે એને ઘોડાની નાળ બનાવી દીધી હોય તો? એના ૨.૫ રૂપિયા આવે અને એ જ લોખંડના ટુકડાને આ ઘડિયાળના કાંટા બનાવ્યા હોય તો ૫૦૦૦૦ રૂપિયા આવે. એટલા ઝીણા ઝીણા ટુકડા થાય. આ કંડારવાનું કામ આદરણીય નરેન્દ્રભાઇએ કર્યું છે. યુવાનોને માટે એ પ્રેરણા છે. આત્મ નિર્ભર ભારત એ કહે છે. સ્ટાર્ટ અપની જ્યારે વાત કરે છે. કોઇ એક શબ્દ મૂકે છે તો એ શબ્દની પાછળ તાકાત છે. એ તાકાત છે આત્મબળની. અમે એ શીખ્યા છીએ. એટલે આ ૬૬ વચ્ચે નથી આવતું. મિત્રો મારા માનનીય સર્વે ધારાસભ્યશ્રીઓ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ઉદ્યોગ સેવા કૃષિ આ ત્રણેય ક્ષેત્રે સમતોલ વિકાસ થઇ રહ્યો છે. જ્યારે ૨૫ વર્ષ સતત એક જ પાર્ટીની સરકાર હોય લોકો એમને એમ મત નથી આપતા. લોકો જુએ છે. એનો ગુણાંક કરે છે અને એટલે ધોલેરા એસ.આઇ.આર., બુલેટ ટ્રેન,

મેટ્રો ટ્રેન, સાયન્સ સિટી, ગિફ્ટ સિટી, સ્ટેચ્યૂ ઓફ યુનિટી આ વિકસતા ગુજરાતની એક આકૃતિ છે. કયારેય પહેલા સાંભળ્યું આવું? કોઇ મુખ્યમંત્રીશ્રીની ટીકા નથી કરતો. કયારેય કોઇ વિકાસના સંદર્ભમાં કર્યું ખરું? આજે એ કયાં પહોંચ્યું છે. ૭૦ લાખ લોકો સ્ટેચ્યૂ ઓફ યુનિટીના આદરણીય સરદાર પટેલના દર્શન કરવા જાય. આ નાની વાત છે? મને ખબર છે કેટલાક વિદેશથી આવતા લોકો વડોદરા થઇને આવતા હોય છે. સહેજ પરિચય નિકાળે એટલે અમને પૂછે કે રહેવાની વ્યવસ્થાનું કઇક થઇ શકે? કયાંક ટિકિટ ઓનલાઇન લેવાની છે તો મળી નથી તો બીજી કોઇ વ્યવસ્થા છે? ટિકિટો બારી ઉપરથી આપે છે અને એટલે જ્યારે કહેવાયું કે આદરણીય સરદાર પટેલનું સ્ટેચ્યૂ જોવા માટે અહીંયા આવો. વિપક્ષને આમંત્રણ આપ્યું છે. કેટલાક આમાંથી ગયા પણ હશે. આપ નહિ તો આપના ઘરના તો ગયા હશે. તમે હા પાડી હોય કે ના પાડી હોય. મારું તો આમંત્રણ છે જ. જવું જોઇએ. કારણ કે દેશને એક રાખનારનું રાષ્ટ્રીય સ્મારક છે. તમને એમ થવું ન જોઇએ સરદાર કોઇ એકના હતા જ નહિ. એ કોંગ્રેસમાં હતા એટલે કોંગ્રેસના હતા આવું માનવું નહિ. એ રાષ્ટ્રપ્રેમી હતા. દેશ માટે બલિદાન આપનારા. આ રાજ્યના બે સપૂતો આદરણીય રાષ્ટ્રપિતા ગાંધીજી અને સરદાર પટેલ. એમણે ધીકતી વકીલાત છોડીને આવેલા. અહીંયા ગુજરાતમાં વકીલાત કરતા હતા ત્યારે એમનું એટલું બધું આકર્ષણ ત્યાં હતું. ક્રિમિનલની પ્રેક્ટિસ કરતા હતા. એ બધું છોડીને જવું એ કેવું અદભૂત વ્યક્તિત્વ. અહીયા લોખંડનો ભંગાર કહેલ. હું અહીયા બેઠેલ હતો. એટલે કોંગ્રેસને નુકસાન થઇ રહ્યું છે. સાચી અને સારી વાતને વખાણતા શીખો. એના માટે પાટલી થપથપાવતા શીખો. શ્રી જીગ્નેશ મેવાણી અને શ્રી મોહનસિંહ રાઠવાની વાત કરું. એક શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનો એવોર્ડ આ વિધાનસભાએ આપેલ છે. આપણે બધાએ આમાંથી પ્રેરણા લેવાની છે. પ્રેરણાની વાત છે. કચ્છનો મહા વિનાશકારી ભૂકંપ હોય કે અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ વાવાઝોડું કે કોરોનાની મહામારી હોય. મને અત્યારે આ વાત કહેવા દો. કોરોનાની મહામારી વખતે કેવી રીતે ભૂલી શકીએ એ ડોક્ટર્સને પેરામેડિકલ સ્ટાફને? આપણે કેવી રીતે ભૂલી શકીએ એ પોલીસ અધિકારીઓને એ સામાન્ય કોન્સ્ટેબલને? આપણે કેવી રીતે ભૂલી શકીએ કલેક્ટરેટ હેડ અને હેડના અધિકારીઓને? નાના મોટા કર્મચારીને પુરવઠા ખાતાના કર્મચારીઓને કે જેમણે પોતાની જિંદગીના જોખમે ઘેર-ઘેર રાશન પહોંચાડવાનો પ્રયાસ કર્યો. સફાઇ કર્મચારીઓની વાત તો અદ્ભુત કહેવાય. કારણકે કોરોના કાળની અંદર ગંદકીમાં સફાઇ કરવાનો કેટલો ભય લાગે. તે ભયને બાજુમાં મૂકીને તેમણે કામ કર્યું છે. આપણે ઘડીક બે વર્ષ પહેલાં પાછા જતા રહીએ. આપણે યાદ કરીએ અને હું તો કહું છું કે પોલીસની ભૂલ થઇ હોય તો માફ છે. કારણ કે તેમણે આખી વ્યવસ્થા સુચારૂ રીતે રોડ ઉપર તેમણે સાચવી છે. તેમને ભય ન હતો. આપણા ઘરમાં બધાને બીક લાગતી. તે થોડુંક યાદ કરીએ. એટલે તેમના મોરલને તોડવાનો આપણને કોઇ અધિકાર નથી. પોલીસે લાઠીચાર્જ કર્યો તો તેના માટે હમણાં બે કલાક પહેલાં કેવા કેવા શબ્દો વપરાયા!

શ્રી શૈલેષ મ. પરમાર : સેકટર-૬ માં સફાઇ કામદારો છેલ્લા...

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : અત્યારે આ વાત છે?

શ્રી શૈલેષ મ. પરમાર : આપ સફાઇ કામદારોની વાત કરો છો એટલે જ કહું છું. ૭૦ દિવસથી સફાઇ કામદારો હડતાળ ઉપર બેઠા છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમારી વાત સાંભળીશું. આ પ્રશ્ન હજી સુધી કહ્યો નથી. તમારો આભાર. કમસેકમ તમારો કહેવાનો જીવ તો થયો.

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટમાં તો કયાંથી પૂરું થાય? રમત-ગમતના મંત્રી તરીકે આપણે એમ કહીએ છીએ કે તાયફા કરે છે. પતંગોત્સવ કરે છે નવરાત્રિ ઉત્સવ કરે છે. સાહેબ ૩૫ લાખ વિદ્યાર્થીઓ તે સમયે ગુજરાતમાં રમત-ગમતમાં રમેલા. રમત ગમતમાં અમે એવું માનીએ છીએ કે તે કોઇ મેડલ માટે રમતા નથી તે કોઇ સર્ટિફિકેટ માટે રમતા નથી. આદરણીય સ્વ.પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારીજી કહેતા હતા કે હમ કભી હારતે નહીં હૈ. યા તો હમ જીતતે હૈ યા તો હમ શીખતે હૈ. યુવાનોની અંદર એક ઉત્સાહ ભરવા માટે અને આ દેશના યુવાનોને જરૂરિયાત તેની છે. ખેલ મહાકુંભ અરે આ શબ્દ આખ વિશ્વમાં કયાંય સાંભળવા નહીં મળે. ખેલનો મહાકુંભ હોઇ શકે આવી કલ્પના આ અદ્ભુત કલ્પનાના અને દૈવીશક્તિ એવા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અમારા તરફથી સો સો સલામ છે. પાટલી થપથપાવો. એય થપથપાવશે તમારું જોઇને. અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની વાત કરીએ તો સહકારની વાત ચાલે ત્યારે સહકારમાં ઘણા બધા બોલ્યા. અમૂલની વાત નીકળે તો આપણને ખબર પડે કે આખા વિશ્વની અંદર અમૂલનું નામ રોશન છે. તે શરૂ કોણે કર્યું? કયારે કર્યું અને આજે કયા તબક્કે પહોંચ્યું છે? તેમાં બધાની ભાગીદારી છે. તમે પણ કર્યું છે ના નથી. અમે પણ કર્યું છે અને તેના વખાણ થવા જોઇએ. આજે ગુજરાતના તમામ સહકારી ક્ષેત્રોની અંદર અમારી ભારતીય જનતા પાર્ટીએ બધી જ ચૂંટણીઓ જીતી લીધી *(xxx). *(xxx) કાઢી નાખું છું સાહેબ. *(xxx) કાઢી નાખું છું.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી ઢબે જીતી લીધી. આચારસંહિતા હું મારી જાતે જ પાળું છું ને પણ. આજે મારે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક નાનો નિર્ણય લીધો તેની વાત કરું તો સરકારની કોઇપણ યોજનાની અંદર

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

સોગંદનામું કરવાની જરૂર જ નહીં. સેલ્ફ ડેકલેરેશન પોતે સ્વઘોષણા કરે તો એ માન્ય ગણવાનું. તેનો ટિકિટનો ખર્ચ બચી જાય, સિક્કા મરાવો, નોટરીના સિક્કા મરાવો, ટાઇપ કરાવો, બધું જ બચી જાય. એકવાર તો પાટલી થપથપાવો. ભાઇ, તમારા નેતાએ પાટલી થપથપાવી છે તો તમે પણ થપથપાવો. એટલું જ નહીં પણ આપણે બધા ગુજરાતી અને આપણા ગુજરાતના ગૌરવ માટેનો એક નિર્ણય લીધો. આપણી ભાષા સાચવવાનો એક નિર્ણય લીધો. કારણ કે ભાષાથી સંસ્કાર સચવાય છે ભાષાથી સમજણ સચવાય છે. આપણામાં ઐતિહાસિક ધરોહળ જે ઉભી થાય છે તે ગુજરાતમાં દરેક બોર્ડ ગુજરાતમાં કરવા, દરેક જગ્યાએ ગુજરાતીમાં લખાણ કરવું. દરેક જગ્યાએ ગુજરાતીમાં લખાણ કરવું પેલા ઓગણીસ પીસ્તાલીસ હવે ગુજરાતીમાં કરાવવું આદરણીય સ્પીકર મેડમ દરેક વસ્તુ ગુજરાતીમાં પત્ર વ્યવહાર ગુજરાતીમાં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે ધ્યાન દોર્યું છે તો આપણે કરીશું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : હા, તમે બોલો એ પહેલા અમે કરી દઇએ છીએ. નવસારીમાં અમે જઇને રેડ પાડીએ, મહેસૂલ મેળાઓ કરીએ અને સવારથી રાત સુધી બેસીને એના પ્રશ્નો ઉકેલીએ અને પ્રશ્નો ઉકેલવાનો અમારી સરકારનો એક પ્રયાસ છે અને અમને માર્ગદર્શન છે અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનું અને એક જ મિનિટની વાત આપ સૌને કહેવી છે કે કોંગ્રેસના માનનીય ધારાસભ્યો કેવા થઇ ગયા છે એવું જો કોઇ પૂછે તો એનો જવાબ હું એવો આપું કે સરકારી અધિકારીઓ જેવા થઇ ગયા છે..(અંતરાય) ના પડાય પાટલી ના થપથપાવાય આપણી વિરુધની વાત છે આ. સરકારી અધિકારીઓ જેવા થઇ ગયા છે એટલે શું? કે કશું પણ સારું હોય તોય એમાં એક વાંક કાઢવો અને ક્વેરી કાઢીને મોકલી દેવું. આમાંથી બહાર આવવા માટે હું તમને વિનંતી કરું છું. ખેર ઘણી બધી વાતો હોઇ શકે પણ યુનેસ્કોની એક અદ્ભૂત વાત મારે કરવી છે કે આ બધું પહેલા હયાત હતું અને આપણે બધા જાણીએ છીએ કે ચાંપાનેર હતું આજે છે, રાણકી વાવ હતી આજે છે, અમદાવાદ સીટી હતી અને છે, કચ્છનું ધોળાવીરા વર્ષોથી છે અને આજે પણ છે. પણ એને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેઝનો ખિતાબ આપ્યો. કઇ સાલમાં આપ્યો એ હું ધ્યાન દોરવા માગું છું. વર્ષ ૨૦૦૪માં ચાંપાનેર, વર્ષ ૨૦૧૪માં રાણકી વાવ, વર્ષ ૨૦૧૭માં અમદાવાદ સીટીને અને વર્ષ ૨૦૨૧માં કચ્છના ધોળાવીરાને. તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ કેમ આ હેરિટેઝના ખિતાબ અમને મળ્યા? કૂછ તો હૈ હમારે મેં આપ સે કૂછ અલગ તો હૈ! હમ આપસે કૂછ અચ્છા જ્યાદા હમ કરતે હૈ! અલગ હૈ ઔર અચ્છા કરતે હૈ!

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આદરણીય અધ્યક્ષશ્રી આપ કહેશો એટલે હું તરત બેસી જઇશ પણ મારી એક જ વિનંતી છે કે અમે કહીએ એના કરતા આપ સમજો તો અમારું લેખે લાગે જય જય ગરવી ગુજરાત.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવની સતત ત્રણ દિવસની ચર્ચા અને આજે ૮મી માર્ચ છે અને મને પણ તક મળી છે ત્યારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવું છું. ખૂબ વ્યાપક પ્રમાણમાં વિધાનસભામાં ચર્ચા કરી છે અને મારા સાથી માનનીય અભેસિંહભાઇએ મને ટેકો આપ્યો છે. સત્તાધારી પક્ષના સૌ સભ્યો પૂર્વ મંત્રીશ્રીઓ સિનિયર ધારાસભ્યશ્રીઓ સાથી પક્ષના અનુભવી મિત્રો વડીલોએ પણ આ મારા આભાર પ્રસ્તાવમાં ક્યાંક એમની વાત રજૂ કરી છે સૂચનો રજૂ કર્યા છે અને કોઈકે ક્યાંક નાના મોટા અવલોકનો પણ કર્યા છે. એ બધા જ મિત્રોનો હું હૃદયપૂર્વકનો આભાર માનુ છું. ઘણા બધા મિત્રોએ રાજયપાલનું જે પ્રવચન છે એનો અભ્યાસ કર્યો છે પૂરતી માહિતી લીધી છે વિષય હતો રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવનો જે લોકોએ કદાચ એ પ્રવચન વાચ્યું નથી તેનાથી પણ પર જઇને કયાંક વાત કરી હશે તેમની લાગણી સાથે પણ હું કયાંક સંમત છું. સારા સૂચનો સાથે પણ અમે વર્ષોનો અમારો અનુભવ છે તેમાં સંમત તો થયા છીએ. આપણને રાજયપાલશ્રીએ જે ચિતાર રજૂ કર્યો છે કયાંક સત્તાધારી પક્ષની સાથે તેને જોડી દીધો પણ તેનુ પ્રવચન ખરેખર જો આખું જાણી લીધુ હોય વાંચી લીધુ હોય તો બધી જ વાતો થઇ ગયેલી છે તેની માહિતી છે કદાચ કયાંક બાકી રહી ગયુ હશે અને તમારૂં સૂચન હશે અમારા વડિલોએ સ્વીકાર્યું પણ હશે અને તેનો અમલ પણ કયાંક કરવા જેવો હશે. છેલ્લે પણ આપણા માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને કાયદા મંત્રીશ્રી રાજેન્દ્રભાઇએ પણ વાત કરી અને તેમના વકતવ્યમાં તો ઘણા બધા ઉલ્લેખો પણ કર્યા છે ત્યારે મારે તો એટલું જ કહેવું છે કે કેવા કોરોના કાળમાંથી બહાર નીકળ્યા હતા અને વિકટ પરિસ્થિતિને આપણે દૂર કરી શકયા છીએ અને એક સારા વાતાવરણ તરફ જઇ રહ્યું છીએ.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : હા,જી. ધંધાર્થીમાં પણ સરકારે સારા નિર્ણયો લઇ અને એક આદર્શ દાખલારૂપ સરકાર પોતાની જવાબદારી નિભાવવા તરફ આગળ વધી રહી છે. સરકાર દ્વારા તેની જવાબદારીના ભાગરૂપે કયાંક ગુડ ગવર્નન્સ હોય, આત્મનિર્ભર યાત્રા હોય કે સેવા હેતુ હોય એક ગરીબ કલ્યાણના મેળા થકી પણ છેવાડાની પ્રજા સુધી પહોંચવાનું અને વધુમાં વધુ યોજનાઓ દ્વારા તેને લાભ આપવાની એક જવાબદારી અમારા શીરે છે તે અદા કરવા તરફ આગળ વધી રહ્યા છીએ. આખા સંબોધનમાં સરકારનો આખો માનવીય અભિગમ, સંવેદનશીલ સરકાર, ધબકતી આખી આર્થિક પ્રવૃત્તિ અને માનવ શકિતના વિકાસને વરેલી છે તે માટે જયાં જરૂરી સામાજિક અને આર્થિક પરિવર્તનને નવી દિશા પણ આ સરકારે આપી છે. સરકારના પ્રજા કલ્યાણના સંકલ્પને જયારે સાકાર કરવા સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ એ સૂત્રથી કરેલા ભગીરથ પ્રયત્નો અને પરિણામે ગુજરાતની પ્રજામાં પણ સરકાર પ્રત્યે આપણાપણું પેદા થયેલ છે. આપણા ગુજરાતની સરકારની બહુ મોટી મૂડી છે કે ગુજરાતની જનતા પણ જાણી શકે છે કે આ સરકાર આપણા માટે કંઇક કરી રહી છે.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હું વિશેષ વાત નહીં કરતા ગુજરાતના વિકાસને એ પ્રજા કલ્યાણના કાર્યો પછી જયારે વધુ ઉંચાઇએ લઇ જવા તથા પ્રજાલક્ષી નિર્ણયોમાં સહભાગી બની આ સવા છ કરોડ ગુજરાતીઓના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે જયારે સક્રિય પ્રયત્નોને બિરદાવવા બદલ તથા તેને શુભેચ્છાઓ આપવા બદલ નામદાર રાજયપાલશ્રીએ અમૂલ્ય સંબોધન કર્યું છે તેમનો આભાર પ્રસ્તાવ લઇને હું આવ્યો છું અને જેને શ્રી અભેસિંહભાઇએ ટેકો આપ્યો છે તેમાં આપ સૌ સહકાર આપી સર્વાનુમતે આ પ્રસ્તાવને પારિત કરીને માનનીય રાજયપાલશ્રીને મોકલવા માનનીય અધ્યક્ષશ્રી, આપને હું ગૃહ વતી વિનંતી કરું છું. વંદે માતરમ્, ભારત માતાકી જય, જય જય ગરવી ગુજરાત.

**સુધારા ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭ અને ૩૮ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૭.૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર તા. ૯મી માર્ચ ૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૯મી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા. ૯મી માર્ચ ૨૦૨૨**

**ફાલ્ગુન-૧૮, ૧૯૪૩ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### રણ ઉત્સવમાં પીપીપી મોડ પર ટેન્ટ યોજના

* ૪૧૫૭૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ ખાતે રણ ઉત્સવમાં પીપીપી મોડથી મે.પ્રવેગ કમ્યુનિકેશન ઈન્ડિયા લિમિટેડ કંપનીને તા.૧૯-૧૧-૨૦૧૫ થી પાંચ વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ, ત્યારબાદ તા.૦૭-૧૦-૨૦૨૦ થી વધુ પાંચ વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કોન્ટ્રાક્ટ કયા દરથી આપવામાં આવેલ, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રોયલ્ટી પેટે કેટલી રકમની આવક સરકારને થઈ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કરાર માટે પ્રવર્તમાન દર ` ૭૪.૧૮ લાખ (વાર્ષિક) નક્કી કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | રોયલ્ટી પેટે થયેલ આવક (જી.એસ.ટી. સહિત) |
|---|---|
| ૨૦૨૦ | ` ૭૪.૧૮ લાખ |
| ૨૦૨૧ | ` ૭૪.૧૮ લાખ |

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ રણ મહોત્સવનું ટેન્ડર જે તે કંપનીને પાંચ વર્ષ માટે આપવામાં આવ્યું છે તેમાં મારો પેટા પ્રશ્ન એ છે કે, તેમાં ફરીથી પાંચ વર્ષનો જે વધારો કર્યો છે તે વધારો રદ કરીને ફરીથી ઓનલાઇન ટેન્ડર કરીને ફરીથી ટેન્ડર આપવા માગો છો કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદરણીય ઝવેરચંદ મેઘાણીની ૭૫મી પૂણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરું છું.

**रणोत्सवः**

“जब कच्छ की ये सफेद धरती, नये रंग लेती है,
किसीने सोचा होगा इस बंजर धरती में खुशीयाँ भी बरस सकती हैं,
ये तो और इस में खुश्बु है मीठाश की, खुश्बु है मस्ती की,
खुश्बु है मिट्टी की, इस में खुश्बु है गुजरात की।”

તેમણે જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં પ્રવેગ કોમ્યુનિકેશન ઇન્ડિયા લિમિટેડ દ્વારા ધોરડો કચ્છ મુકામે ૪૬ ટેન્ટ અને ૩૦ ભૂંગાનો આપણે વર્ક ઓર્ડર આપ્યો હતો. તેમના પ્રશ્નમાં મુખ્યત્વે આગામી પાંચ વર્ષની વાત કરી છે. તે પાંચ વર્ષ ટેન્ડરની શરત મુજબ અને નીતિ નિયમ મુજબ પાંચ વર્ષ પ્રથમ અને પાંચ વર્ષ ત્યારબાદ એમ એગ્રીમેન્ટ પાનાની શરત નંબર ૨.૨ મુજબ આપણે તેમને વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ અને ૨૦૨૦થી ૨૦૨૫ કોન્ટ્રાક્ટ મંજૂર રાખ્યો છે. વર્ષ ૨૦૨૫ સુધી તેનો કોન્ટ્રાક્ટ ચાલુ રહેવાનો છે. ટેન્ડરની શરત બહુ સ્પષ્ટ છે. "At the end of the initial terms of 5 years, the licensee may, in its sole discretion, extend the license period by further period of 5 years on terms as mutually agreeable between the parties." અને આના આધારે આપણે પાંચ વર્ષ રિન્યુ કરીને વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ સુધીનું કામ આપ્યું છે. એટલે હાલ પૂરતો તેમનો પ્રશ્ન અસ્થાને છે અને આગળની કાર્યવાહી કરવાની કોઇ જરૂરિયાત લાગતી નથી.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌને ખ્યાલ છે કે, કચ્છના કારમા ભૂકંપ બાદ કચ્છની જે દશા થઇ હતી અને ત્યારબાદ તેને ફરી ઉભું કરવામાં સરકારશ્રી દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. ત્યારે આપશ્રીના

માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભૂકંપની પરિસ્થિતિ બાદ કચ્છને પાછું ધબકતું કરવા માટે રણોત્સવનું શું મહત્ત્વ છે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છનો વર્ષ ૨૦૦૧નો ભૂકંપ, બીજા જ દિવસે હું ત્યાં પહોંચ્યો હતો. ભૂજ ખાતે સોનીવાડા મુકામે જે પત્થરના મકાનો હતા તેમાંથી મોટા પ્રમાણમાં ડેડબોડી કાઢી હતી. તેનું ઇન્ફેકશન આજે પણ મારા ચહેરા પર છે. તે વખતે ભૂકંપ બાદ કચ્છ કયારે બેઠું થશે તેવી સ્થિતિ હતી. પરંતુ મારે ગર્વભેર કહેવું છે કે, કચ્છના ભૂકંપ બાદ વર્ષ ૨૦૦૫થી સફેદ રણ અને કાળા ડુંગર વચ્ચે પથરાયેલ ધવલ ચાંદનીમાં જે સાતરંગી રણોત્સવનું તત્કાલિન મુખ્યમંત્રી અને ઉજ્જવળ ભારતના સ્વપ્નદ્દષ્ટા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા એક વિઝન રાખીને રણોત્સવનું આયોજન કરવાનો પ્રેરણારૂપ વિચાર અમલમાં મૂકવામાં આવેલ. વર્ષ ૨૦૦૫માં બે દિવસથી શરૂ કરાયેલ રણોત્સવ આજે તેની લોકપ્રિયતાના કારણે ૧૧૨ દિવસ સુધી ઉજવાઇ રહ્યો છે. આપ પણ કચ્છની ભૂમિ ઉપરથી અહીંયા વિધાનસભામાં આવી રહ્યા છો ત્યારે આ કચ્છ આર્થિક રીતે પગભર બને અને વર્ષો વર્ષ પ્રવાસીઓની સંખ્યા ખૂબ વધી રહી છે અને છેલ્લો આંકડો જોવા જઇએ તો ૧,૭૩,૨૮૦ પ્રવાસીઓની સંખ્યા થઇ છે. છેલ્લાં ૬ વર્ષમા સરકારે સફેદ રણની એન્ટ્રી ફીની આવક પેટે રૂપિયા ૧૧.૨૭ કરોડ તથા કરવામાં આવેલા સરવે મુજબ છેલ્લા ૮ વર્ષમાં ૬.૪૭ લાખથી પણ વધારે રોજગારીની તકો ઉભી કરેલ છે. ''ખુશ્બુ ગુજરાત કી'' કેમ્પેન બાદ સમગ્ર કચ્છની પ્રવાસનની સફળતા શીખરે પહોંચી છે અને જ્યારે ''કૂછ દિન તો ગુજારીએ ગુજરાત મેં, કચ્છ નહીં દેખા તો કૂછ નહીં દેખા.'' આ પ્રકારના સમગ્ર વાતાવરણને કારણે ચારે બાજુથી હિન્દુસ્તાન નહીં પરંતુ વિદેશથી પણ અનેક લોકો આ કચ્છની મુલાકાતે આવે છે, પ્રવાસે આવે છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ પ્રવાસનની પોલિસી અંતર્ગત કચ્છમાં કુલ ૧૮ પરિયોજનાઓ હોસ્પિટાલિટી ક્ષેત્રે રૂ.૧૮૮ કરોડનું મૂડી રોકાણ કાર્યરત કરવામાં આવેલું છે. આમ, સર્વાંગી વિકાસ થાય એના માટે પ્રવાસન વિભાગ પૂરેપૂરી તાકાત અને મહેનતથી કામ કરી રહ્યું છે.

ડો. સી. જે. ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન બહુ સ્પષ્ટ છે કે, મે.પ્રવેગ કોમ્યુનિકેશન ઇન્ડિયા લિમિટેડ કંપની જે છે એને ૫ વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો અને કોન્ટ્રાક્ટની શરતો માનનીય મંત્રીશ્રીએ વાચી કે, બંને પાર્ટીઓની સમજૂતીથી એને એક્સ્ટેન કરી શકાશે. એટલે કદાચ ૫ વર્ષ માટે એક્સ્ટેન કર્યું, પણ પ્રશ્ન એ છે કે, જ્યારે કોન્ટ્રાક્ટ કર્યો ત્યારે વાર્ષિક દર રૂ.૭૪.૧૮ લાખ હતો પણ પછી એક્સ્ટેન કર્યો ત્યારે એના એજ દરે આપ્યું છે કે કોન્ટ્રાકટમાં રકમનો વધારો થયો છે? અથવા બીજી સમજૂતી તમે જે કરી એ વર્ષ ૨૦૨૫ સુધી જ છે કે એક્સ્ટેન ગમે ત્યાં સુધી તમે કરવાના છો?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ મુજબ ટેન્ડર જે શરૂઆતમાં હતું એ ૩૦ ટેન્ટનું હતું પરંતુ એનો ઘસારો જોતા એક ટેન્ટનો જે રેન્ટ છે એ રેન્ટ નક્કી કરીને આપણે ૪૬ ટેન્ટ પર ગયા. જેને કારણે આપણે જે જવાબ આપ્યો છે એ જવાબ મુજબ ૭૪.૧૮ લાખ જી.એસ.ટી. સહિત એ એમનો પહેલો રેન્ટ છે એ ૩૦ ટેન્ટનો અને આ જે ભાવ છે એ ૪૬ ટેન્ટનો એ આપણે શરૂઆતથી જ ૪૬ ટેન્ટ નક્કી કરવામાં આવ્યા એને કારણે આ ભાવ રૂપિયા ૭૪.૧૮ લાખ જી.એસ.ટી. સહિત એમને ચૂકવી રહ્યા છીએ. એમણે જે બીજી વાત કરી ટેન્ડરમાં માત્ર ૫ વર્ષ પિરિયડ લંબાવવાની વાત છે એટલે એવી કોઇ વર્ષ ૨૦૨૫થી ૨૦૩૦ વધારવાની વાત અસ્થાને છે. ટેન્ડર પ્રક્રિયા વર્ષ ૨૦૨૫ પછી ઓટોમેટિક થવાની છે એમાં કોઇ શંકાને સ્થાન નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ સ્વાભાવિક છે કે સરકારના કોઇ પણ કામનું જ્યારે ટેન્ડર આપવાનું હોય અથવા લીઝ આપવાની હોય તો ટેન્ડર પદ્ધતિથી આપણે એ કામ આપતા હોઇએ છીએ. તો મારે એટલું પૂછવું છે વર્ષ ૨૦૧૫માં તમે જે આ કોન્ટ્રાક્ટ આપ્યો ત્યારે એને સાથે ડાયરેક્ટ કોન્ટ્રાક્ટ કર્યો હતો કે કેમ? અથવા તો એ વખતે ટેન્ડર સિસ્ટમ કરી હતી તો એમાં એ વખતે કેટલા ટેન્ડર આવ્યા હતા? કારણ કે, સરકાર કોઇપણ આવો પ્રોજેકટ કરતી હોય ત્યારે ટેન્ડર સિસ્ટમથી કામ આપતી હોય છે અને ટેન્ડર સિસ્ટમમાં જેનું લોએસ્ટ ટેન્ડર આવે એ લોએસ્ટ ટેન્ડરને આધારે એને કોન્ટ્રાક્ટ આપવામાં આવતો હોય છે અને સરકારે જે કરાર કર્યો છે, સરકારની રોયલ્ટીમાં વધારો થતો હોય તો વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦માં માનો કે એને કોન્ટ્રાકટ આપ્યો હોય તો અત્યારે સરકારે ટેન્ડર બહાર પાડીને જેનું ટેન્ડર લાગે એને કોન્ટ્રાકટ કેમ નથી આપવામાં આવ્યો? આ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ જે પ્રશ્ન કર્યો એમાં ટેન્ડરની પ્રક્રિયામાં કુલ ૫ પાર્ટીઓ હતી. અક્ષર ટ્રાવેલ્સ પ્રાઇવેટ લિમિટેડ, પ્રવેગ કોમ્યુનિકેશન ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, ગ્રહા હોસ્પિટાલિટી પ્રાઇવેટ લિમિટેડ, એમ.એસ. કેશવ હોલી ડે પ્રાઇવેટ લિમિટેડ, સ્પેસ ટેન્સો સ્ટ્રકચર લિમિટેડ આ પાંચ લોકોના બીડ હતા. ત્યારબાદ જે તાંત્રિક તપાસ કરવામાં આવી તેની અંદર અક્ષર પ્રાઇવેટ ટ્રાવેલર્સ લિમિટેડ, પ્રવેગ કોમ્યુનિકેશન અને એમ.એસ. કેશવ હોલી ડે પ્રાઇવેટ લિમિટેડ આ જે લાયક ઠરેલ બિડર હતા અને ત્યાર પછી તેમનું પ્રેઝન્ટેશન અને ત્યાર પછી વર્ષ ૨૦૧૫માં એગ્રીમેન્ટ કરવામાં આવ્યું. એટલે ટેન્ડર પ્રક્રિયાથી કામ થાય છે, પૂરી પારદર્શકતાથી કામ થાય છે, ટેન્ડરની અંદર જે શરતો હોય તેના નિયમ મુજબ કામ થાય છે, ટેન્ડરની અંદર જે શરતો કરી હતી તેમાં તેમનો બીજો પ્રશ્ન જે છે જયારે વર્ષ ૨૦૨૦ની અંદર કોવિડની પરિસ્થિતિ અને આ પરિસ્થિતિ ઉપરાંત પણ પાંચ વર્ષમાં પ્રવેગ કોમ્યુનિકેશન દ્વારા ટેન્ટ સિટી પ્રોફેશનલ રીતે ઓપરેટ કરવામાં આવેલ છે તેમજ ટેન્ટ સિટીના સમગ્ર દેશમાં પ્રચાર પ્રસિદ્ધિ અંગે યોગ્ય પ્રયત્ન કરેલ છે. વધુમાં ટેન્ટ સિટી ખાતે રોકાયેલા પ્રવાસીઓ માટે આકર્ષક કાર્યક્રમો તેમજ આ પ્રકારની ટૂર બનાવી વૈવિધ્યસભર આયોજન કરેલ છે અને કોઇ ગંભીર પ્રકારની ફરિયાદ પણ મળેલ નથી. તે ઉપરાંત મેં કહ્યું તેમ કોવિડની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોઇ નવો ઓપરેટર

પણ આ બાબતમાં તૈયાર ના થાય એવી પરિસ્થિતિ ખૂબ ધ્યાનમાં રાખી છે. ટેન્ડરની શરતો પણ ધ્યાનમાં રાખી છે અને આમા સરકારને કોઇ નુકસાન ના થાય અને આવનારા દિવસોમાં ટુરીઝમમાં વધારો થાય અને ધોરડો મુકામે જે સરહદી અને કચ્છના આજુબાજુનો સંપૂર્ણ વિકાસ થાય એવી શુદ્ધ ભાવનાથી આ કાર્ય કરવામાં આવેલ છે.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત પ્રવાસન વિભાગમાં યોજવામાં આવતા રણોત્સવમાં અત્યાર સુધીમાં કોઇ એવોર્ડ મળેલ છે કે કેમ ? જો હા હોય તો તેની વિગતો જણાવવા વિનંતી.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં સૌના માટે ગૌરવની વાત છે કે, રણોત્સવે કચ્છના જીવમાં જીવ રેડ્યો છે અને ત્યાંની સ્થાનિક પ્રજાનું જીવન ધોરણ ઉંચુ આવેલ છે. ત્યાં લુપ્ત થઇ રહેલી કલા અને સંસ્કૃતિને નવું જીવનદાન મળ્યું છે. ગુજરાત રાજયના છેવાડાના અને પાકિસ્તાનની બોર્ડરની નજીક આવેલ ધોરડો ગ્રામ પંચાયતને સર્વશ્રેષ્ઠ ટુરીઝમ ક્ષેત્રે કામ કરવા અંગે ભારત સરકારનો રૂરલ ટુરીઝમ એવોર્ડ વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવાસન મંત્રાલય ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ છે. તે ઉપરાંત સોશિયલ મિડિયા ઉપર લાખો સેલ્ફી અને ફોટાઓ માત્ર સફેદ રણના જોવા મળે છે. રણોત્સવમાં મહાલીએ તો એવું લાગે કે ધમધમતું ગુજરાત, વાઇબ્રન્ટ ગુજરાત આજે આપણે સૌ એ વાત સાંભળીને લાગણીસભર થઇ જઇએ કે કચ્છના કારીગર દ્વારા બનાવેલ રોગન-૮ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા અમેરિકાની મુલાકાત દરમિયાન વ્હાઇટ હાઉસના તે સમયના તત્કાલિન અમેરિકાના પ્રમુખશ્રી બરાક ઓબામાને ભેટ આપવામાં આવેલ જે કચ્છ માટે નહીં પરંતુ સમગ્ર ગુજરાત, સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે.

**બાલાસિનોર ખાતે બાયપાસ રસ્તો યોજના**

* ૪૧૬૭૨ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે બાયપાસ રસ્તો બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે બાયપાસ રસ્તો બનાવવાનું હાલ કોઈ આયોજન નથી. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને બાયપાસ રસ્તો કાર્યરત કરવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બાલાસિનોર તાલુકામાં અમદાવાદ ઇંદોર હાઇવેથી લુણાવાડા, સંતરામપુર, દાહોદ અને ઝાલોદ તરફનાં વાહનો બજારમાં થઇને પસાર થાય છે અને ઘણી વખત એક એક કલાક સુધી ટ્રાફિક જામ થઇ જાય છે તો બાલાસિનોરને બાયપાસ રસ્તો આપવા માગો છો કે કેમ ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતના અનેક અનેક નગરોની ટ્રાફિકની અંદર ચિંતા કરવામાં આવી છે. અંબાજી હોય કે પાલનપુર હોય આવા બધા શહેરની અંદરથી વાહનો પસાર થતા હોય ત્યાં રૂબરૂ જઇને મુલાકાત લીધી છે. એમણે પ્રશ્ન પૂછયો છે બાલસિનોરનો તો અમદાવાદથી બાલાસિનોર થઇ ગોધરા, દાહોદ, ઇંદોર તરફ જતાં વાહનો માટે ૩.૯૦ કિલોમીટરની લંબાઇવાળો બાલાસિનોર બાયપાસ રાષ્ટ્રીય ધોરી માર્ગ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં બનાવીને બાલાસિનોર શહેરનું ટ્રાફિક ભારણ ઓછું કરવાનો પ્રયત્ન થયેલ છે. જયારે અમદાવાદથી બાલાસિનોર શહેરમાં પસાર થઇ લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ તરફ જતાં વાહનોના ટ્રાફિકને ધ્યાનમાં લઇ નવરચિત મહિસાગર જિલ્લા માટે જિલ્લાથી જિલ્લાના જોડાણ અંતર્ગત અમદાવાદ, કુહા, કઠલાલ બાલાસિનોર-લુણાવાડા રસ્તાને એસ.એચ.-૨, કુલ ૩૮ કિ.મી. લંબાઇ અને ૧૦ મીટર પહોળાઇવાળો રસ્તો આપણે પી.પી.પી. પ્રોજેક્ટ અંતર્ગત ૮૪ કરોડ રૂપિયાના ખર્ચે બનાવેલ છે. એટલું જ નહિ પણ બાલાસિનોરનો મધ્યભાગ જે ગામમાં થઇને જાય છે, જ્યાં વસતિ છે ત્યાં ૨.૪ કિ.મી.ની લંબાઇનો ૧૪ મીટર પહોળો ફોર લેન આર.સી.સી. રોડ બનાવીને એમાં ફૂટપાથ, સ્ટ્રીટ લાઇટ જેવી અનેક સુવિધાઓ આપી છે. તેના કારણે હવે ટ્રાફિકનું કોઇ ભારણ દેખાતું નથી. ભવિષ્યમાં ટ્રાફિકનું ભારણ વધશે તો બાયપાસ બનાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારો હાથ ઊંચો રાખીને દુ:ખવા આવ્યો.

અધ્યક્ષશ્રી : તમે પહેલાંથી હાથ ઊંચો કરતા નથી. મારા ધ્યાનમાં ન આવે તો હું આપને કેવી રીતે તક આપું? લખવાનું મારે છે. સમય મારે આપવાનો છે. મેં તમારી બાજુ જોયું પણ તમે હાથ ઊંચો નહોતો કર્યો છતાં પણ સમય આપું છું.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે જોબ નંબર અપાય છે એમાં ચાર વર્ષથી ટેન્ડર પ્રક્રિયા થઇ છે પણ રોડ-રસ્તા બનતા નથી અને રસ્તા બન્યા પછી જેની ડિપોઝિટ ૧૦ ટકા રાખવામાં આવે એ ડિપોઝિટ વધુ રાખવામાં આવે તો રસ્તા સારી ક્વૉલિટીના બનાવવા માંગો છો કે કેમ કારણ કે, ડિપોઝિટના આધારે કામ નબળું થાય છે અને પછી વિસ્તારમાં કામગીરી બરાબર થતી નથી. એમાં કોઇ સુધારો લાવવા માંગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આવો પ્રશ્ન આમાં ઉપસ્થિત થતો નથી. માનનીય મંત્રીશ્રી આપે જવાબ આપવાની જરૂર નથી.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બેથી અઢી મહિના કોન્ટ્રાક્ટરોની હડતાલો ચાલુ છે. નવા કોઇ ટેન્ડર ભરતા નથી. અમારા દાઠા ગામનો મોટો બ્રિજ ૩૫-૪૦ ગામોને લાગુ પડે છે. અમારા મિત્ર શ્રી આર.સી.ભાઇને પણ ખબર છે. ત્યાં કોટડા માતાજીનું ધામ પણ આવેલ છે. એના ટેન્ડર બે મહિનાથી ભરાયા નથી. તો આ બાબતે તાત્કાલિક ધોરણે કાંઇ કરવા માંગો છો કે કેમ ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે. એ વ્યક્તિગત રીતે મને મળશે તો હું એમના પ્રશ્નનું નિરાકરણ લાવીશ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બનાસકાંઠામાં અમીરગઢ તાલુકામાં ઓછામાં ઓછા સાત વર્ષથી એક પુલનું કામ બાકી છે.

અધ્યક્ષશ્રી : આવો કોઇ પ્રશ્ન નથી. આપ અલગથી નોટિસ આપજો. બાલાસિનોર બ્રિજ સિવાયની બીજી કોઇ ચર્ચા આમાં ન થાય.

### આણંદ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના યોજના

* ૪૦૭૮૦ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાની ખંભાત બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૫૦.૦૦/- લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૫૦.૦૦/- લાખ |

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની રસધાર, જેના થકી આ રાજ્યના પદ્મશ્રી એવોર્ડી એવા ઝવેરચંદ મેઘાણી સાહેબનો એક લેખ મેં ગઇ કાલે વાંચ્યો હતો. કાલે મહિલા દિને અમરેલી જિલ્લાના હીરબાઇનો એમનો લેખ મેં વાંચ્યો હતો. આજે એમની પુણ્યતિથી છે. એ બદલ હું આ ગૃહ વતી એમને નમન કરું છું. મારો પશ્ન પૂછું એ પહેલાં માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કિસાન કલ્પવૃક્ષ યોજના ક્યારથી અમલમાં આવેલ છે અને તેનો ઉદ્દેશ શું છે ? મારો પ્રશ્ન એ છે કે તા.૩૧/૩/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાની ખંભાત બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે અને ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે દેશના હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું એવું કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર સર્વપક્ષીય સરકાર છે. ખાસ ખેડૂતના હિતલક્ષી સરકાર છે ત્યારે ખેડૂતોને પોતાના ઉત્પન્ન થયેલા પાકના સારા ભાવ મળી રહે તે આશયથી આ કિસાન કલ્પવૃક્ષ યોજના વર્ષ ૨૦૧૦-૧૧માં અમલમાં મૂકવામાં આવી. બજાર સમિતિને પાયાની દરેક આધુનિક સગવડો મળી રહે અને ખેડૂતો પરસેવાની કમાણીથી ઉત્પન્ન થયેલા પાકને વેચવા માટે જાય ત્યારે કદાચ ભાવ અપ-ડાઉન હોય તો પોતાનો પાક બજાર સમિતિના ગોડાઉનમાં મૂકી શકે અને જ્યારે સારા ભાવ આવે ત્યારે પાક વેચી શકે તેવી સરસ મજાની સવલત ઊભી કરી છે. બજાર સમિતિ તેમજ પયાની અલગ અલગ સગવડો માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી આ યોજના લઈ આવ્યા હતા. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછેલ છે તેનો જવાબ છાપવામાં આવેલ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ ૨૦૦૭માં તારાપુર એ.પી.એમ.સી.માં કિસાન કલ્પવૃક્ષ યોજનામાં રૂ. ૫ કરોડની ઉચાપત થયેલ તેની આ સરકારને જાણ છે કે કેમ? અને જો જાણ હોય તો તેની વસૂલાત કયા તબક્કે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ ઉચાપત થાય કે કોઈ પણ બાબત બને છે તો તરત જ તપાસ સમિતિ તેનો અહેવાલ મૂકતી હોય છે અને અમે કાર્યવાહી કરતા હોઈએ છીએ.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધીમાં કુલ કેટલી બજાર સમિતિને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે આ યોજના લઈ આવ્યા એટલે આણંદ જિલ્લાના લગભગ ૨ લાખ ૨૫ હજાર કરતાં વધુ ખેડૂતોને પોતાનો પાક મૂકવા માટેની સગવડો મળી રહે છે. લગભગ ૨,૧૩,૪૩૬ હેક્ટર એગ્રીકલ્ચર જમીનમાં પોતાનો પાક ઉગાડે છે. જિલ્લાની કુલ આઠ બજાર સમિતિમાંથી ખંભાત, પેટલાદ, ઉમરેઠ, બોરસદ, આણંદ, આંકલાવ અને તારાપુર એમ સાત બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી છે. ખંભાત બજાર સમિતિને રૂ.૧૧૩ લાખ, પેટલાદ બજાર સમિતિને રૂ.૧૬૪ લાખ, ઉમરેઠ બજાર સમિતિને રૂ. ૨૭.૬૬ લાખ, બોરસદ બજાર સમિતિને રૂ.૧૭.૯૭ લાખ, આણંદ બજાર સમિતિને રૂ. ૨૧.૧૨ લાખ, આંકલાવ બજાર સમિતિને રૂ.૫.૬૯ લાખ અને તારાપુર બજાર સમિતિને રૂ.૮૩.૯૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

## તા. ૯મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.એમ.સી. ખેડૂતો માટે બહુ અગત્યની છે. આજે મોટાભાગની એ.પી.એમ.સી. બંધ થઈ રહી છે તેનું મુખ્ય કારણ ગત વિધાનસભા સત્ર દરમિયાન વિધેયક ક્રમાંકઃ ૨૮ એ.પી.એમ.સી. એક્ટ સુધારો લાવ્યા હતા તે દિલ્હીના ત્રણ *(XXX) ના અનુસંધાને લાવ્યા હતા. તે તો રદ થઈ ગયા પણ ગુજરાતમાં રદ કરવા માગો છો કે કેમ? આ કાયદો રદ થશે તો જ એ.પી.એમ.સી. મજબૂત થશે નહિતર એ.પી.એમ.સી ભાંગી જશે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબ હોય કે માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ હોય સહકારી માળખામાં ભારતીય જનતા પાર્ટી ખેડૂતોને અથવા નાના લોકોને જે રીતે સહાય આપી રહી છે અને એ રીતે એ.પી.એમ.સી.ને મજબૂત કરી રહી છે. આ વખતે સહકારી માળખાની અંદર આ બધા જ મિત્રો જ જાણે છે કે ૩૦૬ જેટલા સહકારી માળખાઓમાં ભારતીય જનતા પાર્ટીની બોડીનો વિજય થયો છે, એનું એક માત્ર કારણ એ છે કે ભારતીય જનતા પાર્ટી ખેડૂતલક્ષી સરકાર છે. એટલા માટે જ ભારતીય જનતા પાર્ટીની બોડીનો ૩૦૬ જગ્યાએ વિજય થયો છે. અમારા પ્રદેશ અધ્યક્ષ માનનીય શ્રી સી.આર. પાટિલ સાહેબ જે દિવસથી અધ્યક્ષ બન્યા એ દિવસથી તથા માનનીય શ્રી વિજયભાઇ અને અત્યારે ચાલુ મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, એ બંને અહીંયા બેઠા છે અને જે રીતે ગુજરાત સરકારનું સહકારી માળખું મજબૂત છે, એ રીતે મને વિશ્વાસ છે કે, આજે સમગ્ર ગુજરાતની અંદર ગુજરાત સરકારના સહકારી માળખામાં છેક છેવાડાના માનવીને સહાય મળી શકે એ મુજબ દરેક સરકારી યોજનાઓ અમલમાં છે અને માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્નનું અત્યારે સંકલન નથી.

શ્રી લલિતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપે આણંદ જિલ્લામાં રકમ રૂપિયા ૫૦ લાખની કે. કે. વાય. મુજબ સહાય કરી છે. આણંદ જિલ્લામાં સાત બજાર સમિતિ આવે છે. એક બજાર સમિતિમાં રકમ રૂપિયા ૭ લાખ થાય. આમાં મને હવે એ બતાવો કે, રકમ રૂપિયા ૭ લાખમાં તમે આટલા બધા ખેડૂતોના પરસેવાની કમાણીનો પાક કેવી રીતે સંગ્રહ કરી શકશો? એવી સરકારની કઇ સ્કીમ છે કે આનાથી સંગ્રહ રકમ રૂપિયા ૭ લાખમાં થાય?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી લલિતભાઇએ ખૂબ સારો પ્રશ્ન પૂછયો છે. કોઇપણ બજાર સમિતિ પોતાનો અંદાજ બનાવે અને અંદાજના આધારે અમારી પાસે મંજૂરી માંગે, સહાય માંગે એ આધારે સરકાર મંજૂરી આપતી હોય છે અને એ આધારે સરકાર એના પૈસા ચૂકવતી હોય છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે, આણંદ જિલ્લાની એ.પી.એમ.સી.ને આપે ઘણી મદદ કરી અને ઘણા પૈસા આપ્યા. પણ પૈસા યોગ્ય જગ્યાએ વપરાયા છે કે કેમ? જે ભ્રષ્ટાચાર થયો છે એની અરજીઓ આવી છે કે કેમ? એની તપાસ થઇ છે કે કેમ? અને તમે આણંદની વાત કરી કે અમે બધી જગ્યાએ સત્તામાં આવ્યા છો તો આપને અભિનંદન આપું છું. પણ એ સત્તા કેવી રીતે લીધી છે, એ વોટ માટે શું શું કર્યું છે, એ બધી જનતાને ખબર છે. પબ્લિક સબ જાનતી હે.

અધ્યક્ષશ્રી : શ્રી નિરંજનભાઇ, આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી નિરંજન પુ. પટેલ : એ એ.પી.એમ.સી.ની અંદર તમે જે પૈસા આપ્યા. જેમાં આજની તારીખે પગાર કરવાના પણ પૈસા નથી. તો એના માટે સરકાર અલાયદી ગ્રાન્ટ આપવા માંગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

### કચ્છ જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય યોજના

* ૪૧૨૨૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ? | ૦૪ |

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કચ્છમાં તારીખ ૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ મંડળીઓને કેટલી લોન અને સહાય આપવામાં આવી છે? અને કેટલી વસૂલાત કરવામાં આવી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને હાઉસને જણાવતાં આનંદ થાય છે કે, આ સહકારી મંડળીઓની લગભગ વર્ષ ૧૮૪૪ની અંદર ઇંગ્લેન્ડમાં સ્થાપના થઇ અને હિંદુસ્તાનમાં સૌપ્રથમ ગુજરાત રાજ્યમાં એની સ્થાપના થઇ. મને કહેતાં દુઃખ થાય છે કે, આઝાદીના ઇતિહાસ પછી ૭૦ વર્ષ સુધી જે પક્ષે શાસન કર્યું હોય અને આખા દેશનું સહકારી માળખું કે જેની ઉપર આખો દેશ નિર્ભર રહેતો હોય, ટૂંકમાં નાના, ગરીબ અને સીમાંત લોકો જેના ઉપર નિર્ભર રહેતા હોય અને શાહુકારોના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૂંગાલમાંથી છોડાવવા માટે આ સહકારી મંડળીઓની શરૂઆત થઇ. આનંદની વાત એ છે કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ૭૦ વર્ષ પછી કેન્દ્રની અંદર સહકારી ખાતાની રચના કરી અને એની ધૂરા એવા વ્યકિતને સોંપી કે જે સહકારી ખાતાના ભિષ્મપિતા કહેવાય. મહાભારત કહો, ગીતા કહો, રામાયણ કહો, બાઇબલ કહો જેને પચાવી છે, એવા દેશના ગૃહ પ્રધાનને સહકારનું ખાતુ સોંપવામાં આવ્યું. આ આનંદની વાત છે અને આખા દેશમાં જે રીતે ગુજરાત વિકાસનું રોલ મોડલ કહેવાય છે એ જ પ્રમાણે સહકારિતા નું રોલ મોડલ આજે ગુજરાતમાં ઉભું થયું છે. આ વાતનો આનંદ લેવો જોઇએ. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે પેક્સ અને લેમ્પ્સની મંડળીઓને નાણાકીય સહાય વર્ષ ૨૦૦૬થી શરૂ કરવામાં આવી, મને આનંદ એ વાતનો છે કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતના ખેડૂતોની સહકારી મંડળીની ચિંતા કરી અને એમણે આ સહાય આપવાની શરૂ કરી હતી. પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ એટલે પેકસ અને લેમ્પ્સ હેતુસર જે સહકારી મંડળીઓ છે એની મુખ્ય પ્રવૃતિ છે કે જે નાની નાની મંડળીઓ છે, માનનીય અધ્યક્ષશ્રી, આખી ત્રી-સ્તરીય આ મંડળીઓ છે જે નાબાર્ડ આપણને આપે છે, કો ઓપરેટીવ બેંકને આપીએ છીએ, ડિસ્ટ્રિકટ બેંકને આપીએ છીએ. અહીંયા પેકસ અને લેમ્પ્સને સહાય આપવામાં આવે છે એટલે ખૂબ આનંદની વાત છે કે આ સહાય સૌથી અગત્યની વસ્તુ છે, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલને અભિનંદન આપવા પડશે, અને તમામ બન્ને પક્ષના સભ્યોને કહું છું કે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલને અભિનંદન આપવા જોઇએ. શ્રી રાઘવજીભાઇ અને અમારા શ્રી મુકેશભાઇને પણ અભિનંદન પાઠવવા જોઇએ કે એમણે ૬ માસનું ધિરાણ થતું હતું તે આ વખતે આ બજેટમાં માનનીય કનુભાઇ સાહેબે ઉદારતા રાખી અને ખરીફ અને રવિ પાકમાં પણ એક વર્ષનું કરવામાં આવ્યું છે. આના માટે કોંગ્રેસ પક્ષના હોય કે ભાજપ પક્ષના તમામ ધારાસભ્યોએ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય કનુભાઇને અને માનનીય રાઘવજીભાઇ અને શ્રી મુકેશભાઇને અભિનંદન પાઠવવા જોઇએ. આવનારા દિવસોમાં જે ખેડૂતો ધિરાણ લે છે એમાં આનંદની વાત એ છે કે આખા રાજયમાં ૨૬-૨૭ લાખ ખેડૂતો જે ધિરાણ લે છે એની અંદર જે ખેડૂતો રેગ્યુલર રીતે ધિરાણ આપણને પરત આપે છે એવા ૧૬ લાખ ખેડૂતોને આ સહાયનો સીધો લાભ મળવાનો છે. અને સાત ટકાની સહાયનો સીધો લાભ મળવાનો છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લાની અંદર કેટલી સેવા સહકારી મંડળીઓ છે, એ પૈકી કેટલીને ધિરાણ કરવામાં આવેલ છે અને કેટલી ફડચામાં છે અને કેટલી મંડળીઓને ધિરાણ કરવામાં નથી આવતું?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન કચ્છ જિલ્લાનો છે છતાં માનનીય સભ્યશ્રી મને અલગથી પૂરી વિગતો આપશે તો હું ચોકકસ એમને જવાબ આપીશ.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના હેઠળ સહાય મેળવવા માટે કઇ કઇ શરતોનું પાલન કરવાનું રહે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શશીકાંતભાઇએ ખૂબ સરસ પ્રશ્ન પૂછ્યો છે. જે સહાય મંજૂર કરવામાં આવે છે પેકસ અને લેમ્પ્સ, પેકસ એટલે એક ગામ અથવા વધુમાં વધુ બે કે ત્રણ ગામ, એ લોકો આ પેકસની મંડળીઓમાં હોય છે. લેમ્પ્સ એટલે તેનો વિસ્તાર વધુ હોય છે અને મીનીમમ ૫૦૦ જેટલા સભ્યો હોય છે. આ સહાયનું વર્ષ અગાઉના ત્રણ વર્ષ દરમિયાન સરકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદાર નીમવાની કાર્યવાહી જો કરી હોય, પછી કલમ ૮૬ હેઠળ તપાસની કાર્યવાહી કે કલમ ૯૩ હેઠળ નાણાકીય જવાબદારી નક્કી કરવાની કોઇ પણ કાર્યવાહી ચાલતી ન હોય તેવી અને જે સૂચિતમાં ન હોય તેવાને આપણે આપીએ છીએ. પેકસ અને લેમ્પ્સમાં નાણાકીય ગેરરીતિ, ઉચાપત, ગોટાળો કે ભ્રષ્ટાચાર જે અગાઉના વખતમાં થતા હતા તે ભ્રષ્ટાચાર, ગોટાળા બાબતમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ઘણું બધું નિયંત્રણ આવ્યું છે અને આજે એટલા માટે જ નીચેના સભાસદો અને નીચેની મંડળીઓ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાય છે અને એવા લોકોને પણ સરકાર લોન નથી આપતી, સહાયની ગણતરી માટે ખરેખર થયેલ ધિરાણ હેઠળ થયેલ વસૂલાત તેમજ ખરેખર એકત્ર થયેલ થાપણના વધારાને ધ્યાનમાં લઇને જે લોકો થાપણ વધુ આપે છે, સરકાર તેને વ્યાજ પણ વધુ આપે છે, જેની રીકવરી વધુ થઇ હોય તેને પણ સરકાર અલગથી સહાય આપે છે. સહાયની ગણતરી માટે સભાસદોએ નિયત કરેલા ધિરાણ સભાસદો પાસેથી મેળવેલી વસૂલાત તેમજ સભાસદ પાસેથી એકત્ર થયેલ થાપણની ગણતરી કરવાની રહે છે. સંસ્થા કે બિનસંસ્થા સભાસદની થાપણ માટે ધ્યાને લેવાની રહેશે નહીં. આ યોજનાનો લાભ વર્ષમાં એક જ વાર મળવાપાત્ર છે. આ યોજના સી.પી.એ. પાંચ હેઠળ સામાન્ય વિસ્તાર તેમજ આદિજાતિ વિસ્તારમાં આવેલ પેકસ અને લેમ્પ્સને લાભ મળવાપાત્ર રહે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સહકાર વિષે ખૂબ લાંબી અને સરસ વાત કરી કે સહકારી માળખું ૭૦ વર્ષ પછી જ આ બધું અહીંયા અમલમાં આવ્યું. મારે મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે દૂધ સહકારી સંઘ, અમૂલની સ્થાપના કયારે થઇ હતી? બીજા સંઘો જેટલા જિલ્લામાં જેટલા સહકારી સંઘો હતા એ ૭૦ વર્ષ પછી થયા કે પહેલાં થયેલા એટલું મારે મંત્રીશ્રી પાસે જાણવું છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારી વાત કરી છે અને એમના પ્રશ્નનો જવાબ એ છે કે મારો અને એમનો જન્મ થયો એ પહેલાં અમૂલની સ્થાપના તથા બીજી મંડળીઓની સ્થાપના થઇ હશે. આખા દેશમાં સૌથી સારું સહકારી માળખું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીના ગુજરાતના શાસનમાં થયું છે એના કારણે આ રોલ

મોડલ ડેવલપ કરવા માટે આઝાદીના ૭૦ વર્ષ પછી સરકારને લાગ્યું  કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ પ્રધાનશ્રી અમિતભાઇ શાહને લાગ્યું  કે આખા દેશમાં આ માળખું અપનાવવું જોઇએ એના કારણે દેશમાં સહકારિતા વિભાગ બનાવવામાં આવ્યો છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછ્યું છે કે સહકારી માળખાની સ્થાપના અને અમૂલની સ્થાપના, મહેસાણાની દૂધ સાગર ડેરી, બનાસકાંઠાની બનાસ ડેરીની સ્થાપના ૭૦ વર્ષ પહેલાં થઇ છે કે હમણાં થઇ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : મેં પહેલા જ કહ્યું કે મારા અને એમના જન્મ પહેલા થઇ હશે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેતી એ પાણી આધારિત હોય છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ૩ અને ૪ વર્ષે એક વખત દુષ્કાળ પડતો હોય છે એના કારણે ખેડૂતો પોતાની ખેતીની અંદર શેરડીનું વાવેતર એ સમયમાં ન કરી શકતા હોય એના કારણે અમારા સૌરાષ્ટ્રમાં ખાંડના કારખાના આવેલા છે એ કારખાના આર્થિક રીતે મુશ્કેલી ભોગવે છે અને મોટા ભાગના બંધ થઇ ગયેલા છે. તો આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કોડીનાર અને તાલાલામાં ખાંડના કારખાના બંધ છે એને સ્પેશ્યલ પેકેજ આપીને ચાલુ કરવા માગે છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. આપના માધ્યમથી સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે વર્ષોથી ભાવનગર અને ખેડામાં વિપક્ષના મિત્રો કોંગ્રેસના લોકો રાજ કરતા હતા, પરંતુ અમારા શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબના પ્રયત્નોથી સત્તા આવી છે એ બદલ એમને અભિનંદન આપું છું. એ જ રીતે ખેડા બેંકમાં પણ માનનીય પંકજભાઇ દેસાઇના પ્રયત્નોથી સત્તા આવી છે  એ જ રીતે ભાવનગર બેંકમાં પણ અમારા સભ્યશ્રી કેશુભાઇ નાકરાણી ચેરમેન નિમાયા છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ આખા દેશની સહકારી સંસ્થાઓની ચિંતા કરી છે. મારે સીધો પ્રશ્ન પૂછવો છે કે કચ્છ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓ કાર્યરત છે? આ મંડળીઓ પૈકી કેટલાને સહાય આપવામાં આવી છે એમાં ચાર જવાબ આપેલ છે. તો બાકીને નહિ આપવાનાં કારણો શું છે? બીજો પ્રશ્ન એ છે કે નબળી સેવા સહકારી મંડળીઓને પુનઃજીવિત કરવા, ચાલુ કરવા શું કરવા માગો છો, કારણ કે એમની પાસે પગાર કરવાના પણ પૈસા નથી તો એમને સહાય આપવામાં આવે છે એમાં વધારો કરવા માગો છો કે કેમ? બીજું, દેશમાં સહકારી ખાતું બનાવવાની શરૂઆત કરી અને માનનીય વડાપ્રધાનશ્રીએ ખૂબ ક્રાંતિકારી નિર્ણય લીધો એવી વાત કરવામાં આવી. આઝાદ થયાને અનેક સરકારો આવી અનેક પક્ષની સરકારો બની પણ કયારેય સહકારી સંસ્થાઓમાં હસ્તક્ષેપ કરવાનો કોઇએ પ્રયત્ન નથી કર્યો. જે સરકારો આવી એણે સ્વાયત્તા આપી, પરંતુ કોઇએ એમાં હસ્તક્ષેપ નથી કર્યો પરંતુ જે રીતે નિર્ણય લેવાયો એનાથી સ્પષ્ટ થાય છે કે *(XXX)  છે સત્તાનું કેન્દ્રીયકરણ કરીને..

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ,* (XXX) છે એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ઇડી અને ઇન્કમટેકસનો ઉપયોગ કરીને લોકોને ડરાવવાના પ્રયત્નો થાય છે.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપનો કોઇ પ્રશ્ન હોય તો કહો. સીધા પ્રશ્ન ઉપર આવો?

શ્રી અમિત ચાવડા : એટલા માટે અહીં ઉલ્લેખ કર્યો છે. સીધા ફાયદા ગણાવ્યા.

અધ્યક્ષશ્રી :  પ્રશ્નોત્તરીમાં લાંબી ચર્ચા થતી નથી. આપ પ્રશ્ન પૂછો.

શ્રી અમિત ચાવડા : એમણે જે ગણાવ્યું તેની સામે અમારા મનમાં જે વિચાર છે એ કહેવો જોઇએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો.

શ્રી અમિત ચાવડા : એમણે જે *(XXX) નું આ ઉત્તમ ઉદાહરણ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રીઃ *(XXX)  શબ્દ આપ વારંવાર બોલો છો, હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : જે રીતે ઇ.ડી., ઇન્કમટેક્સમાં દુરુપયોગ થાય છે એ રીતે ભવિષ્યમાં લોકોને ડરાવવા ધમકાવવા માટે કે સત્તા હડપ કરવા માટે આ વિભાગનો ઉપયોગ ન થાય એવી ચિંતા અત્યારે તમામ સહકારી માળખામાં છે ત્યારે માનનીય મંત્રીશ્રી કચ્છ જિલ્લા પૂરતો જવાબ આપે એવી અપેક્ષા છે.

અધ્યક્ષશ્રી : આપે જે*(XXX) અને અન્ય જે કંઇ ઉચ્ચારણો કર્યા છે એ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર વર્ષો સુધી કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને તેમણે તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રીની સરકારને ભીંસમાં લેવાના, સી.બી.આઇ.નો દુરુપયોગ કરવાના, દેશના અમારા ગૃહપ્રધાનશ્રી સામે જેલમાં નાખવાના, ઘણાય કાવતરાઓ વર્ષો સુધી કોંગ્રેસે કર્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સીધો જવાબ આપો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : એવું એક પણ કાવતરું ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું નથી.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સીધો જવાબ આપો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : અને હવે જો જવાબ માગ્યો છે તો જવાબ સાંભળવાની તૈયારી રાખે. ખોટા હોબાળા ન કરે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ અને દેશના ગૃહપ્રધાનશ્રી અમિતભાઇ શાહે આખા દેશમાં સહકારિતા માળખું સારામાં સારી રીતે, સુદ્રઢ રીતે..(અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : એમણે પ્રશ્ન પૂછ્યો છે, પ્રશ્નનો જવાબ આપવા માનનીય મંત્રીશ્રી તૈયાર છે. જવાબ સાંભળવાની તૈયારી રાખે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રો જવાબ માગે છે. હું જવાબ આપી રહ્યો છું. જવાબ સાંભળવાનો સમય નથી. પ્રજાના હિતમાં જવાબ સાંભળો.

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય છે. બધાને પ્રશ્નો છે. હું વાત કરું છું. આપ સૌ બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આપ સૌ એકવાર બેસી જાવ. મારી વાત તો સાંભળશો? આપણે બધાએ બેસવું જોઇએ. પ્લીઝ, આપ પણ બેસી જાવ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ પવિત્ર ગૃહને (અંતરાય) તમામ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે. આપ બેસી તો જાવ. મારી વિનંતી છે. શ્રી બળદેવજીભાઇ, છેલ્લા બેસો પણ બેસો. પ્લીઝ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નિખાલસ રીતે જવાબ આપી રહ્યા છે. (અંતરાય) વાત તો સાંભળો. આપને જવાબ રૂપે પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. આપને તક મળશે. આપ ફરી એ અંગે પ્રશ્ન કરી શકો છો. પછી શા માટે આપણે ઉભા થઇ જઇએ છીએ?

અધ્યક્ષશ્રી : આપ બન્ને બેસો. સાંભળો, (અંતરાય) આપ પ્રશ્નોત્તરી પછી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકો છો. હમણાં નહીં. માનનીય મંત્રીશ્રી, આપ સીધો જવાબ આપો વચ્ચે કોઇ રાજકીય અવલોકનો ન કરો પ્લીઝ. (અંતરાય)

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ PACs ૪૩૧ સંસ્થાઓ આવેલી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ચારને સહાય આપેલી છે. કચ્છ જિલ્લાની કુલ PACsની સામે કેટલીક ટકાવારી ગણીએ તો ૦.૯૨ ટકા થાય. આટલી ઓછી મંડળીઓ જ કેમ આવરી લેવામાં આવે છે તે અંગે જે બજેટ આપવામાં આવે છે તે બજેટની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકાર..(અંતરાય)

અધ્યક્ષશ્રી : જવાબ સાંભળી લો. આમણે રાજકીય અવલોકન કર્યા, એમણે પણ કર્યા. (અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૫, માનનીય વિવેકભાઇ પટેલ. (અંતરાય) ખોટી રીતે રાજકીય અવલોકનો કરીને બન્ને બાજુ ચર્ચા થાય અને પ્રશ્નોત્તરીનો સમય ખરાબ થાય છે. આપ સૌ બેસો. (અંતરાય) આપ બેસો તો આપના નેતાની વાત સાંભળું. આપ બોલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો છે કે અમે કોઇ સંજોગોમાં મંત્રીશ્રીને રોકવા માગતા નથી. મંત્રીશ્રી રેકર્ડ ઉપર ખોટી માહિતી આપે છે એ રેકર્ડ પરથી દૂર કરવી જોઇએ. સી.બી.આઇ.ની તમે વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, સી.બી.આઇ.ની તમે વાત કરી, શ્રી અમિતભાઇ શાહને જેલમાં પૂરી દીધા. *(XXX)

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ તપાસી લઇશ અને મને એવું લાગશે કે આ ખોટી માહિતી છે તો હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ. આપ બેસો. (અંતરાય) આવી ગયું, હું રેકર્ડ જોઇ લઇશ અને ખોટી માહિતી હશે તો રેકર્ડ ઉપરથી દૂર કરીશ. આપ બેસો શ્રી વિરજીભાઇ..

**સુરત જિલ્લામાં હાઈ લેવલ બ્રિજ બનાવવાનું આયોજન યોજના**

* ૪૦૮૦૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લાના ડૂબાવ કડોદ કોસાડી કોઝ-વે પર હાઈ લેવલ બ્રિજ બનાવવાની મંજૂરી મળેલ છે, તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ..૭૦૦૦ લાખની મંજૂરી આપવામાં આવેલ છે. |

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લાના ડૂબાદ કડોદ કોસાડી રોડ ઉપર લો લેવલ બ્રિજ સુરત જિલ્લાના હાઇ લેવલ બ્રિજ બનાવવાની મંજૂરી મળેલ છે એ હકીકત ખરી છે? અને જો હા તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે?

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૧૦મી માર્ચ ૨૦૨૨ ના રોજ સભાગૃહમાં આપેલ રૂલિંગના અનુસંધાને અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તા. ૯મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, લોકમાતા પવિત્ર તાપી નદી અને તાપી નદી ઉપર હરહંમેશ નેશનલ હાઇવે-૮ નંબર હોય કે એની આજુબાજુનો વિસ્તાર હોય, મધ્યપ્રદેશથી તાપી નદીનું ઉદ્ભવસ્થાન અને ડુમ્મસના દરીયામાં નદીનું વિલીનીકરણ થાય છે. તો ત્યારે જે પ્રમાણે તાપીનું ભારણ રહેતું હોય અને એને ધ્યાનમાં રાખીને કડોદ કોસાડી રોડ ઉપર હયાત કોઝ-વે પુલ છે એની જગ્યાએ આપણે ૭૦ કરોડના ખર્ચે તા.૧૭-૧૨-૨૦૨૧થી સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જે જૂનો પુલ છે એ કયારે બનાવવામાં આવ્યો અને એની શું સ્થિતિ છે? આ પુલની પહોળાઇ અને લંબાઇ શું છે અને જયારે ચોમાસા દરમિયાન વરસાદનું પ્રમાણ વધારે હોય તો આ છેલ્લા બે વર્ષમાં કેટલા સમય માટે બંધ રહ્યો અને ઉકાઇ ડેમમાંથી કેટલા કયુસેક પાણી છોડવામાં આવે તો આ પુલ કેટલા સમય માટે બંધ રહે છે અને આવનારા સમયમાં આના માટે શું આયોજન કર્યું છે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, તાપી નદી ઉપર સન ૧૯૬૮માં ખૂબ મોટા પ્રમાણમાં રેલ આવી હતી અને સમગ્ર સુરત તહસ નહસ થઇ ગયું હતું. ત્યાર પછી ઉકાઇ કાકરાપાળનો ડેમ બનાવવામાં આવ્યો. આ ડેમની અંદર જે પ્રમાણે નર્મદા ડેમનો કેચમેન્ટ એરીયા છે એ પ્રમાણે ઉકાઇ કાકરાપાળનો કેચમેન્ટ એરીયા ખૂબ મોટો છે અને ત્યારે ઉકાઇ કાકરાપાળ ડેમને દર ચાર વર્ષે એટલે કે વર્ષ ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૪, ૨૦૦૬માં પાણીનું ખૂબ મોટું પૂર આવેલ છે. આવા સંજોગોમાં કોસાડી રોડ ઉપર એસ.એચ.૧૮૭, ૭ મીટર ડામર સપાટી ધરાવતો ૧.૬૦૦ એટલે કે ૧ કિલોમીટર અને ૬૦૦ મીટર એટલે કુલ ૧.૬ કિલોમીટરનો લંબાઇવાળો રોડ એ મુખ્યત્વે બારડોલી તાલુકો, વાલોડ તાલુકો અને વ્યારા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ગ્રામજનોમાં ખાસ કરીને અરેઠથી કીમ તરફ જવા માટે આશરે ૫૦ કિલોમીટરનું અંતર કાપવું પડે છે. ગામજનોને આવવા જવાની સરળતા માટે ૫.૫ મીટર પહોળાઇ ધરાવતો સરેરાશ ૪ મીટર ઉંચાઇ અને ૪૯૨ મીટરની લંબાઇ ધરાવતો ડુબાઉ પુલ ૧૯૯૩માં બનાવવામાં આવેલ હતો. વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૫ વખત આ રોડ આપણે બંધ કર્યો હતો કારણ કે પાણી આવે એટલે એ ઓવરફલો થઇ જતો હતો. જેનો કુલ સમયગાળો ૭૦૪ કલાક છે. વર્ષ ૨૦૨૦-૨૧માં પાંચ વખત આ કોઝ-વે બંધ કર્યો હતો. એનો કુલ સમયગાળો ૨૧૬ કલાક છે. ઉકાઇ ડેમમાંથી ૭૦,૦૦૦ ક્યુસેકથી વધારે પાણી છોડવામાં આવે તો આ હયાત ડુબાઉ પુલ આખો એ ઉપરથી ઓવરફલો થઇ જાય અને એની ઉપરથી જવાનું અશકય થાય. મને જણાવતા આનંદ થાય છે કે કોઇની માગણી કર્યા વગર આ વખતે આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં આવા અંતરિયાળ વિસ્તારમાં ૨૯૫ જેટલા આવા ડુબાઉ નદી, નાળા, બ્રિજ ૪૬૧ કરોડના ખર્ચે આપણે મંજૂર કર્યા છે. અંતરિયાળ વિસ્તારમાં કોઇને મુસીબત ન પડે, કોઇ ગામમાં વરસાદના પાણીના કારણે એ છૂટું ન પડી જાય અને માત્ર હેલિકોપ્ટરથી જ ઉતરવું પડે એવી પરિસ્થિતિ ન થાય એના માટે આપણે મંજૂરી આપી છે. ઉપરની જે પરિસ્થિતિ છે એમાં ઉકાઇ ડેમમાંથી ૭૦ હજાર ક્યુસેક પાણીથી વધુ પાણી છોડતા પુલનું ઓવર ટોપિંગ થાય છે એટલે રસ્તો બંધ થાય છે. આના કાયમી નિરાકરણ માટે માર્ગ અને મકાન વિભાગની ૭૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે અને આગામી ૩ માસમાં એની કામગીરી શરૂ થનાર છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે પુલ છે એ મારા મત વિસ્તારનો છે અને જે રીતે મંજૂરી આપી છે એ ટેન્ડર પ્રક્રિયા થઇ કે નહીં, કોણ એજન્સી છે અને ક્યારથી શરૂ કરવાના છો?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં આપણે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ મંજૂરી આપ્યા બાદ અત્યારે કોઇપણ નદીમાં જ્યારે આવા કોઝ-વે કમ વિયર હોય, સ્ટ્રકચર હોય, બ્રિજ બનાવવાના હોય ત્યારે શરૂઆતમાં એના નકશા અને અંદાજો બનાવવામાં આવે છે. સૈદ્ધાંતિક મંજૂરી પછી એનું એલાઇમેન્ટ અને નકશાના અંદાજો તૈયાર બની રહ્યા છે અને આવનારા દિવસોમાં અંદાજો પૂરા થાય એટલે ટેન્ડર પ્રક્રિયા થશે. એ પછી જે કાંઇ ઇજારાદારને કામ મળશે ત્યાર પછી એ બ્રિજનું કામ સત્તાવાર શરૂ કરી શકાશે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ હાઇ લેવલ બ્રિજનો ૭૦ કરોડના ખર્ચે સૈદ્ધાંતિક સ્વીકાર થયો છે એટલા માટે આભાર તો માનું જ છું, પરંતુ આ પુલ બનવાથી કયા કયા તાલુકાના કેટલા ગામોને આમાં લાભ મળશે? આ ખાસ કરીને હવે ડુબાઉ પુલ જ્યારે બંધ થવાનો છે ત્યારે એમાં વાહનોની અવરજવર કયા રસ્તાથી થાય અને વધારાનું કેટલું અંતર કાપવામાં આવશે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે આ બ્રિજના બીજા છેડે હરીપુરા વિસ્તાર કે જ્યાં સુભાષચંદ્ર બોઝ અધ્યક્ષ બન્યા હતા. આ હરીપરા ગામને યાદ કરું છું. જે પ્રશ્ન પૂછવામાં આવ્યો, બારડોલી તાલુકામાં કુલ ૨૨ ગામ છે. કડોદ, હરીપુરા, ઉછરેલ, બામણી, ભામૈયા, વાગેચા, સમથાણ, ઓરગામ, શીંગોડ, જુનવાણી, ખોજ, પારડી, રૂદવાડા, મોટી ભતલાવ, નાની ભતલાવ, સીંગોડ, મસાદ, નાસુરા, મઢી, સુરાલી, બાલદા અને વાંસકૂઇ. તે ઉપરાંત જે બીજો વિસ્તાર માંડવી છે કે જ્યાંથી શ્રી આનંદભાઇ આવે છે. તેમના વિસ્તારમાં પણ કોસાડી, ખજરોલી, કમલાપોર, પીપરીયા, અંત્રોલી, અરેઠ, ઉન, ઉના, ગોડાવડી, નંદપોર, ખરોલી, ગવાછી, વરેલી, રતનીયા ૧૫ જેટલા ગામો તે ઉપરાંત વ્યારા તાલુકામાં પણ પાંચ ગામો, ઘાટા, કાસીટકૂવા, ઉમરકૂઇ, વડકૂઇ, દેડકૂવાકૂઇ આમ કુલ, ૨૦ અને ૪૨ જેટલાં ગામોને આની અસર થવાની છે. આ બ્રિજ જ્યારે બનતો હશે ત્યારે એની આજુબાજુમાં બીજા બે બ્રિજ છે એક ગલતેશ્વર રોડ એ એસ.એચ.૧૬૫ ઉપર આવેલો છે અને બીજો તરસાલી માંડવી રોડ એ એન.એચ. ૫૬ ઉપર આવેલો છે. આ

બન્ને બે માર્ગીય બ્રિજ ઉપરથી અવર-જવર કરી શકાશે. પણ મુખ્યત્વે જે સેતુ બાંધવામાં આવે છે એના કારણે મારે એ કહેવું જોઇએ કે જે નેશનલ હાઇવે-૮ પર જે ભારણ રહે છે, જે ટ્રાફિક થાય છે. જેને કારણે ખૂબ સમય બગડે છે તો આવા સમયે ડાંગ હોય, ડાંગથી વ્યારા એટલે તાપી જિલ્લો, સુરત જિલ્લો અને નર્મદા જિલ્લો આ ચાર જિલ્લાને એકબીજા જોડે કનેકશન ઝડપથી મળી શકે અને નેશનલ હાઇવે-૮નું ભારત ઘટી શકે એવા ઉમદા હેતુથી આ બ્રિજનું નિર્માણ કરી રહ્યા છીએ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે તાપી નદી ઉપર માર્ગ અને મકાન વિભાગ તરફથી કુલ કેટલા પુલ બનાવવામાં આવેલ છે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, તાપી નદી ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ ૬ જેટલા પુલો બનાવવામાં આવેલ છે. એમાં પહેલો ગલતેશ્વર-ટીંબા રોડ, બીજો કોસાડી જે આપણે સૈદ્ધાંતિક મંજૂરી આપી એ બનવા જઇ રહ્યો છે. ત્રીજો તરસાડા- માંડવી રોડ, ચોથો વ્યારા-માંડવી રોડ, પાંચમો સોનગઢ-ઉકાઇ-સેરુડા રોડ અને છઠ્ઠો વેલ્ધા કવિતા કુકરમુંડા એ નિઝરથી ડેડીયાપાડા તરફ જવા માટે આમ કુલ ૬ જેટલા બ્રિજ અત્યારે હયાત છે. તે ઉપરાંત ભારત સરકાર દ્વારા પણ તાપી નદી ઉપર બે બ્રિજ એક ખોરવડ-અંબોલી રોડ અને બીજો સુરત કામરેજ-ભરૂચ રોડ એન.એચ.૪૮ ઉપર આમ કુલ ૪ અને બે એમ મળીને ૬ રોડ અત્યારે આર.એન્ડ બી. દ્વારા બનાવવામાં આવ્યા છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારી સોમનાથ વિધાનસભામાં પ્રથમ જયોતિર્લિંગ આવેલું છે અને ભાવનગરથી હજારોની સંખ્યામાં લોકો દર્શન માટે આવતા હોય છે ત્યારે સોમનાથથી ભાવનગર જે મુખ્ય રસ્તો આવેલો છે તેમાં એક માત્ર હિરણ પુલ આવેલો છે જે ઘણા સમયથી જર્જરિત હાલતમાં છે. જો એ પુલ તૂટી જાય તો ભાવનગર-સોમનાથનો રસ્તો સંપૂર્ણ બંધ થઇ જાય તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ પુલ નવો બનાવવા માગો છો કે કેમ? કયારે અને કેટલા સમયમાં?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે અને એમાં અમે પૂરતું ધ્યાન પણ રાખીશું.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખુબ સરસ જવાબ આપ્યા. મારો એક ટેકનિકલ પ્રશ્ન છે કે આપે ડુબાણ પુલની જયારે વાત કરી ત્યારે મારા વિસ્તારમાં ડોડીયાથી ઢેમ્પુડા જતા એક તળાવ બનેલું છે જયાં મોટું એમ આઇ તળાવ છે. એ તળાવના સબમર્જન્સ એરિયાની અંદરથી એક રસ્તો નવો મંજૂર કરવામાં આવ્યો અને ટેકનિકલ માણસો આપણે ઇન્ટર્વ્યૂ દ્વારા લેતા હોઇએ છીએ. ખૂબ હોંશિયાર હોય છે એવી વાત આપણે કરતા હોઇએ છીએ તો સબમર્જન્સ એરિયાની અંદર નવો જે ડીપ બનાવ્યો એ આગળ પાણીમાં ડુબેલો છે. તળાવ બનતા પછી આ રસ્તો બનાવવામાં આવ્યો છે અને ત્યાં લોકો ગાડું લઇને આગળ જાય છે ત્યારે આવા જે નાળાં, ડીપ છે એને ઉંચો કરવા કે બ્રિજ બનાવવા માંગો છો કે કેમ? તો આવા વિસ્તારમાં જે લોકો રહે છે એમની સમસ્યાનો ઉકેલ આવી જાય.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના જવાબમાં કહ્યું કે કોઇપણ ધારાસભ્ય કે કોઇપણ સંસદ સભ્ય કે કોઇની પણ માગણી કર્યા વગર સમગ્ર ગુજરાતની અંદર આવા જે વરસાદના કારણે જે નદીનાળાં ઉભરાઇ જાય અથવા તો પાણી છોડવામાં આવે ત્યારે રસ્તાની એની કનેક્ટિવિટી ખોરવાઇ જાય આવા ૨૯૫ જેટલા સ્ટ્રકચર બનાવીને આ વિખૂટા ગામને અમે રૂપિયા ૪૬૧ કરોડના ખર્ચે મંજૂરી આપી છે. એની સાથેસાથે આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે. જે એક પણ પરાના રસ્તા ન હોય એવા ૧૮ જિલ્લાની અંદર ૪૧૪ જેટલા રસ્તાની રૂપિયા ૪૭૦ કરોડના ખર્ચે અમે મંજૂરી આપી છે. કોઇની માગણી નથી. કોઇ કહેવા આવ્યું નથી, પણ અમારા સરવે મુજબ જે લોકોને આઝાદીના અમૃત મહોત્સવને લીધે આખા ગુજરાતની અંદર ૪૧૪ જેટલા રોડને આપણે શોધીને પહેલી વખત રોડ આપવા જઇ રહ્યા છીએ. એમની જે વાત છે એ મને માહિતી આપશે તો આપણે ચોકકસ એમના પ્રશ્નનું નિરાકરણ લાવીશું.

**અમદાવાદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા યોજના**

* ૪૦૭૭૧ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૩ | ૦૩ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

તા. ૯મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવા માગું છું કે રાજયની જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે? તેનું નામાભિધાન શું છે અને કામગીરી શું છે?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય કનુભાઇએ ખૂબ સારો પ્રશ્ન પૂછયો છે. પંચાયતી રાજ એ બહુ મહત્ત્વની કામગીરી કરી રહ્યું છે. એમના પ્રશ્નના જવાબ ઉપર આવું એ પહેલા આદરણીય પૂર્ણેશભાઇ અને આદરણીય મહેશભાઇએ જે લાગણી વ્યકત કરી છે કે સૌરાષ્ટ્રની ધીંગી ધરાના બગસરામાં જન્મેલા અને ચોટીલાની...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**

**( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )**

**રાજયમાં પગડિયા માછીમારોને સહાય યોજના**

૪૧૨૪૧ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં પગડિયા માછીમારોને સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો માછીમાર દીઠ કેટલી સહાય આપવામાં આવે છે ? | (૨) માછીમાર દીઠ પગડિયા માછીમાર કિટની ખરીદી પર યુનિટ કોસ્ટ રૂ. ૮૦૦૦/- ના ૯૦% લેખે રૂ.૭૨૦૦/- ની સહાય આપવામાં આવે છે. |

\- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય યોજના**

૪૦૭૭૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** માંડવી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ? | ૦૪ |

\- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય યોજના**

૪૦૭૭૪ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ? | ૧૫ |

\- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓના કામો યોજના**

૪૧૮૩૯ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હા) તાલુકામાં બે વર્ષ કરતાં વધુ સમયથી મંજૂર થયેલ હોય, વર્કઓર્ડર અપાઈ ગયેલ હોય છતાં કામ શરૂ થયું ન હોય તેવા નોન-પ્લાન રસ્તાઓ તાલુકાવાર કયા-કયા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હા.) તાલુકામાં બે વર્ષ કરતાં વધુ સમયથી મંજૂર થયેલ હોય, વર્કઓર્ડર અપાઈ ગયેલ હોય છતાં કામ શરૂ થયું ન હોય તેવો એકમાત્ર રસ્તો નીચે મુજબ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં મંજૂર થયેલ માંગરોળ તાલુકાના માનખેત્રાથી પાંચપીર રોડ જોઈનીંગ ટુ ગુલાબ કાંટાળી રોડ. |
| (૨) આ રસ્તાઓના કામ શરૂ ન થઈ શકવાના કારણો શું છે, અને | (૨) ઉક્ત રસ્તા પર ગ્રામ પંચાયત દ્વારા પેવર તથા સી.સી.ની કામગીરી કરેલ છે, જેથી ગ્રામજનોની રજૂઆત અન્વયે માન.ધારાસભ્યશ્રી(માંગરોળ)એ આ કામ રદ કરવા માટે તા.૨૭-૦૭-૨૦૨૧થી પત્ર લખેલ છે. |
| (૩) ક્યાં સુધીમાં આ રસ્તાના કામ શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

અતારાંકિત પ્રશ્નો

**વિભાગ દ્વારા હાથ ધરાયેલ ટેન્ડરો અંગેની ફરિયાદો યોજના**

૪૧૫૮૨ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગ દ્વારા રૂ. ૫૦ કરોડથી વધુના હાથ ધરાયેલા ટેન્ડરો એલ-૧ના બદલે અન્ય ઈજારદાર, કોન્ટ્રાકટર, એજન્સીને આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ કોઇ ફરિયાદો મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ યોજના**

૪૦૭૬૮ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|
| ૦૭ | ૦૭ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો યોજના**

૪૦૭૬૨ **શ્રી કરસનભાઇ સોલંકી** (કડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં યોજાયેલ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

(૨) તે પૈકી મહિલા સમરસ ગ્રામ પંચાયતો કેટલી થઇ ?

**જવાબ**

(૧) ૪૬ (છેતાલીસ)

(૨) ૯ (નવ)

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી યોજના**

૪૧૯૨૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શ્રમ, કૌશલ્યવિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિકોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાના કયા એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા રોજગાર કચેરીને ઔદ્યોગિક એકમોની મળેલ માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં સ્થાનિકોને આપવામાં આવેલ રોજગારીની વિગત

| **વર્ષ** | **રોજગારી** | | |
|---|---|---|---|
| | **શહેર** | **જિલ્લો** | **કુલ** |
| ૨૦૨૦ (ડિસેમ્બર અંતિત) | ૧૦૭૨૭૬ | ૭૧૫૦૭ | ૧૭૮૭૮૩ |
| ૨૦૨૧ | ૧૩૦૮૮૮ | ૬૬૪૧૩ | ૧૯૭૩૦૧ |

(૨) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના નીચે મુજબના એકમોએ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે.

તા. ૯મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**વર્ષ - ૨૦૨૦**

૧) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ. અમદાવાદ
૨) સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ. અમદાવાદ
૩) ઇન્સ્ટીટ્યુટ ઓફ રીઝર્વોઇર સ્ટડીઝ (ઓ.એન.જી.સી.) ચાંદખેડા, અમદાવાદ
૪) સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, અમદાવાદ
૫) કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, અમદાવાદ
૬) સુઝુકી મોટર ગુજરાત પ્રા.લિ., અમદાવાદ
૭) મેટસો મીનરલ્સ ઇન્ડિયા પ્રા.લિ. ઓઢવ, અમદાવાદ
૮) સુશેન મેડિ. પ્રા.લિ., છારોડી, અમદાવાદ
૯) ફોર્ડ ઇન્ડિયા પ્રા.લિ. નોર્થકોટપુરા, સાણંદ, જિ.અમદાવાદ
૧૦) મિલાક્રોન ઇન્ડિયા પ્રા. લિ. વટવા, અમદાવાદ
૧૧) મહક સિન્થેટિક મિલ્સ પ્રા.લિ. સૈજપુર, અમદાવાદ
૧૨) કોલ્ગેટ પામોલીવ લી., બોર, સાણંદ, જિ.અમદાવાદ
૧૩) ગ્રાઝીયાનો ટ્રાન્સમિશન ઇન્ડિયા પ્રા.લી., સાણંદ, જિ.અમદાવાદ
૧૪) ટાટા મોટર્સ લિ. નોર્થકોટપુરા, સાણંદ, જિ.અમદાવાદ
૧૫) હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કુટર ઇન્ડિયા પ્રા. લિ., વિઠ્ઠલાપુરા, માંડલ, જિ.અમદાવાદ
૧૬) લા-ગજ્જર મશીનરી લિ., રખિયાલ, અમદાવાદ

**વર્ષ - ૨૦૨૧**

૧) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ., અમદાવાદ
૨) સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ., અમદાવાદ
૩) ઇન્સ્ટીટ્યુટ ઓફ રીઝર્વોઇર સ્ટડીઝ (ઓ.એન.જી.સી.) ચાંદખેડા, અમદાવાદ
૪) સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, અમદાવાદ
૫) કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, અમદાવાદ
૬) સુઝુકી મોટર ગુજરાત પ્રા. લિ., અમદાવાદ
૭) મેટસો મીનરલ્સ ઇન્ડિયા પ્રા.લિ. ઓઢવ, અમદાવાદ
૮) આલ્ફા આઇસીએ (ઇન્ડિયા) લિ., સાણંદ, અમદાવાદ
૯) ફોર્ડ ઇન્ડિયા પ્રા.લિ. નોર્થકોટપુરા, સાણંદ, જિ.અમદાવાદ
૧૦) કોલ્ગેટ પામોલીવ લી., બોર, સાણંદ, જિ.અમદાવાદ
૧૧) ગ્રાઝીયાનો ટ્રાન્સમિશન ઇન્ડિયા પ્રા.લી., સાણંદ, જિ.અમદાવાદ
૧૨) ટાટા મોટર્સ લિ. નોર્થકોટપુરા, સાણંદ, જિ.અમદાવાદ
૧૩) હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કુટર ઇન્ડિયા પ્રા. લિ., વિઠ્ઠલાપુરા, માંડલ, જિ.અમદાવાદ
૧૪) એઆઇએ એન્જીનીયરીંગ લિ., સાણંદ, અમદાવાદ
૧૫) એ.ટી.ઇ. એન્ટરપ્રાઇઝ, મુ. સરી, તા.સાણંદ, જિ.અમદાવાદ
૧૬) છાજેડ ફુડ પ્રા.લિ. વટવા, અમદાવાદ
૧૭) સીક્યોર મેટર્સ લિ., હિરાપુર, સાણંદ, જિ.અમદાવાદ
૧૮) એએલપી નિસીકાવા પ્રા.લી. ઇયાવા, સાણંદ, જિ.અમદાવાદ

(૩) આવા કયા કયા એકમો સામે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૩) વર્ષ-૨૦૨૦ અને વર્ષ-૨૦૨૧ ના ઉક્ત એકમો અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

- સંબંધિત એકમોને શ્રમ, કૌશલ્ય વિકાસ અને

રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઇઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

- આ ઉપરાંત ઉક્ત ઠરાવનો ભંગ કરતા એકમો સાથે નાયબ નિયામક (રોજગાર), અમદાવાદ દ્બારા બેઠક યોજી, ઠરાવની જોગવાઇનું પાલન વધુ સુચારુ રીતે થઇ શકે તે માટે તેઓને ઉંડાણપુર્વક સમજ આપવામાં આવેલ છે.
- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતીમેળા (જોબફેર) નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્બારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા રાજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલી આપેલ છે.
- રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્બારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ-૨૦૨૦ અને વર્ષ-૨૦૨૧) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જૂન-૨૦૨૦ અંતિતની યાદી અત્રેની કચેરીના તા.૦૯/૧૦/૨૦ ના પત્રથી, ડિસેમ્બર-૨૦૨૦ અંતિતની યાદી તા.૧૯/૦૨/૨૦૨૧ ના પત્રથી જૂન-૨૦૨૧ અંતિતની યાદી તા.૧૬/૦૯/૨૦૨૧ના પત્રથી અને ડીસેમ્બર-૨૦૨૧ અંતિતની યાદી તા.૧૯/૦૨/૨૦૨૨ ના પત્રથી યાદીમાં સમાવિષ્ટ એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં ગામોની પ્રવાસન સ્થળ તરીકે પસંદગી યોજના**

૪૧૯૦૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કયા ગામોને પ્રવાસન સ્થળ તરીકે પસંદગી કરેલા છે, | (૧) રાજ્ય સરકાર દ્બારા પ્રવાસન સ્થળ પસંદ કરી જાહેર કરવામાં આવતા નથી; પરંતુ પ્રવાસન સ્થળો ખાતે પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવામાં આવે છે આ અનુસંધાને તા.૧૩-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના લિંડા ગામમાં રૂરલ ટુરીઝમને પ્રોત્સાહન આપવા ‘ટ્રાઇબલ થીમ વિલેજ’ બનાવવા માટે કામગીરી કરવામાં આવી રહેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પસંદ થયેલા ગામોમાં સરકારે કયા કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી છે, અને | (૨) સિવિલ વર્ક સંબંધી કામગીરી પૂર્ણ થયેલ હોઇ તે સંબંધી બિલના ચૂકવણાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) તે પૈકી કયા કામો પૂર્ણ થયેલા છે અને કયા કામો ક્યારથી બાકી છે? | (૩) ટ્રાઈબલ થીમ વિલેજનું લોકાપર્ણ કરવામાં આવનાર છે. |

- - - - - - - - -

તા. ૯મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**ખેડા અને પંચમહાલ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ યોજના**

૪૧૬૬૯ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા કુટીર ઉદ્યોગ કેન્દ્રોમાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને પંચમહાલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં બેંકેબલ યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| **વિગત** | **કુલ અરજીઓ** |
|---|---|
| ખેડા | ૧૯૬૬ |
| પંચમહાલ | ૧૯૬૬ |
| **કુલ** | **૩૯૩૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવેલ છે.

**(૧) ખેડા**

| **ક્રમ** | **જિલ્લો** | **૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | બેંકોને કરેલ ભલામણ | ૩૯૬ | ૪૩૫ | **૮૩૧** |
| ૨ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૧૧૧૮ | ૧૯૦ | **૧૩૦૮** |
| ૩ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ.લાખમાં) | ૫૧૦.૬૭ | ૪૭૧.૯૭ | **૯૮૨.૬૪** |

**(૨) પંચમહાલ**

| **ક્રમ** | **જિલ્લો** | **૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | બેંકોને કરેલ ભલામણ | ૨૩૯ | ૨૨૭ | **૪૬૬** |
| ૨ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૩૬૦ | ૫૯ | **૪૧૯** |
| ૩ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ.લાખમાં) | ૫૪૪.૧૮ | ૧૭૫.૭૬ | **૭૧૯.૯૪** |

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૩૯૬ | ૪૩૫ | ૮૩૧ |
| ૨ | પંચમહાલ | ૨૩૯ | ૨૨૭ | ૪૬૬ |
| | **કુલ** | **૬૩૫** | **૬૬૨** | **૧૨૯૭** |

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવેલ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૧૧૧૮ | ૧૯૦ | ૧૩૦૮ |
| ૨ | પંચમહાલ | ૩૬૦ | ૫૯ | ૪૧૯ |
| | **કુલ** | **૧૪૭૮** | **૨૪૯** | **૧૭૨૭** |

- - - - - - - - -

ફાલ્ગુન ૧૮, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં પુલની દરખાસ્ત યોજના**

૪૨૩૩૧ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ શહેરને અડીને દૂધમતી નદી પર નશીરપુર ગામે આવેલ દૂધેશ્વર સ્મશાન જતા રસ્તા ઉપર આવેલ ડુબાઉ પુલની દરખાસ્ત હાલ કયા તબક્કે છે, | (૧) વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દરખાસ્ત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત દરખાસ્ત ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ડુબાઉ પુલ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**યોજના ગાંધીનગર જિલ્લામાં રસ્તા રીસરફેસીંગની કામગીરી યોજના**

૪૧૮૫૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં રસ્તાઓની ડામર પેવર સપાટી રીસરફેસીંગ કામગીરી કરવા સારૂ કેટલા જોબનંબર ફાળવવામાં આવ્યા,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રસ્તાઓની ડામર પેવર સપાટી રીસરફેસીંગ કામગીરી કરવા સારૂ જોબનંબર ફાળવવામાં આવ્યા.

| વર્ષ | જોબ નંબર |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૧૫૩ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જોબનંબર ફાળવેલ રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) ૩૬ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) કેટલા રસ્તાના કામો પ્રગતિમાં છે, અને | (૩) ૧૦૬ કામ પ્રગતિમાં. |
| (૪) પ્રગતિમાં રહેલ તેમજ બાકી રહેલ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

**રાજ્યમાં ભાડાના મકાનમાં કાર્યરત આઇ.ટી.આઇ યોજના .**

૪૦૭૮૮ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની કેટલી ડીસેબલ આઇ.ટી.આઇ. પોતાના મકાનમાં કાર્યરત છે, | (૧) શૂન્ય |
| (૨) કેટલી ડીસેબલ આઇ.ટી.આઇ. ભાડાના મકાનમાં કાર્યરત છે, અને | (૨) શૂન્ય |
| (૩) કેટલી ડીસેબલ આઇ.ટી.આઇ. ભાડા મુક્ત (રેન્ટ ફ્રી) મકાનમાં કાર્યરત છે ? | (૩) ૦૩ |

---------

**વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન ઘર યોજના**

૪૦૭૫૫ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી તાલુકા પંચાયતના નવીન | (૧) ૦૨ (બે). |

મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, અને

| | |
|---|---|
| (૨) તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે ? | (૨) રૂ.૪૮૦.૦૦ લાખ. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં રોડના મજબૂતીકરણનું આયોજન યોજના**

૪૦૭૯૯ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના રાચરડા થોળ કડી રોડના મજબૂતીકરણની કામગીરી કરવા અંગેનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૧૫૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

- - - - - - - - -

**પાલીતાણા-પીંગળી-દીહોર-રાજપરા રોડને રિસર્ફેસીંગનું આયોજન યોજના**

૪૦૮૦૦ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાલીતાણા-પીંગળી-દીહોર-રાજપરા રોડ ચે.૧૯/૦૦ થી ૨૮/૦૦ ને રીસર્ફેસીંગ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૬૫૭.૦૦ લાખની. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

- - - - - - - - -

**ગાંધીધામ ખાતે ફ્લાય ઓવર બનાવવાનું આયોજન યોજના**

૪૦૮૦૬ **શ્રીમતી માલતીબેન મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે ટાગોર રોડ પર ફ્લાય ઓવર બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૨) રૂ.૩૧૬૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં રોડની કામગીરી યોજના**

૪૦૮૦૨ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વાયડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ ધ્રાંગધ્રા-જશાપર-નારીચાણા-રાવળીયાવદર-કળમાદ-સડલા રોડ કી.મી. ૧૭/૩ થી ૨૯/૩ ની કામગીરીની મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૨ | ૧૨ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ | ૦૨ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૪ | ૦૪ |
| ૮ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૫ | ૧૧ |
| ૯ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૨ | ૦૨ |
| ૧૦ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૧ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૨ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૩ | પટાવાળા (વર્ગ-૪) | ૦૩ | ૦૨ |
| ૧૪ | વોચમેન (વર્ગ-૪) | ૦૦ | ૦૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | એ.આર.ટી.ઓ. આણંદ | | આર.ટી.ઓ. પંચમહાલ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૨ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૦૫ | ૦૨ | ૦૪ | ૦૩ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૦ | ૦૨ | ૦૮ | ૦૪ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ ક્લાર્ક | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (વર્ગ-૩) | | | | |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૩ |
| ૮ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૭ | ૦૮ | ૦૬ | ૦૫ |
| ૯ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૧૦ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૧ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૨ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૩ | પટાવાળા (વર્ગ-૪) | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૪ | વોચમેન (વર્ગ-૪) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૩૧** | **૨૦** | **૨૩** | **૨૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જીપીએસસી/ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ ભરવામાં આવે છે.

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી

૪૧૫૯૬ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોકડાઉન સમયે શ્રમિકોને તેમના વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવા માટે રાજ્ય સરકારે કેટલી રકમ કોને ચૂકવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ટ્રેનો, કેટલી બસો મારફત કેટલા શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પશ્ચિમ રેલ્વેને મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાંથી રૂ.૬,૮૬,૮૭,૩૯૦/- ચુકવેલ છે.
ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ લિમિટેડને PM CARE ફંડ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટમાંથી રૂ.૪૨,૬૬,૩૨૦/- ની ફાળવણી થયેલ છે.

(૨) (અ) અરવલ્લી જિલ્લામાંથી ૧૭ બસો મારફત કુલ ૩૮૧ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા. (બ) સાબરકાંઠા જિલ્લામાંથી ૦૫ બસો મારફત કુલ ૧૨૭ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા.
(બંન્ને જિલ્લામાંથી ટ્રેન મારફત શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા નથી.)

---------

## ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ

૪૧૬૦૨ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને અમરેલી જિલ્લાવાર જિલ્લા કુટીર ઉદ્યોગ કેન્દ્રોમાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં બેંકેબલ યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| વિગત | કુલ અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૧૬૯૫ |
| અમરેલી | ૧૦૮૫ |
| **કુલ** | **૨૭૮૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી રકમની સહાય ચુકવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવેલ છે.

**(૧) ગાંધીનગર**

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેંકોને કરેલ ભલામણ | ૪૧૧ | ૫૦૫ | **૯૧૬** |
| ૨ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૮૦૩ | ૧૯૪ | **૯૯૭** |
| ૩ | ચુકવવામાં આવેલ સહાય (રૂ.લાખમાં) | ૬૭૮.૪૬ | ૧૯૦.૧૨ | **૮૬૮.૫૮** |

**(૨) અમરેલી**

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેંકોને કરેલ ભલામણ | ૨૨૩ | ૧૯૬ | **૪૧૯** |
| ૨ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૬૪૫ | ૬૦ | **૭૦૫** |
| ૩ | ચુકવવામાં આવેલ સહાય (રૂ.લાખમાં) | ૪૯૦.૮૪ | ૧૨૫.૫૪ | **૬૧૬.૩૮** |

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૧૧ | ૫૦૫ | ૯૧૬ |
| ૨ | અમરેલી | ૨૨૩ | ૧૯૬ | ૪૧૯ |
| | **કુલ** | **૬૩૪** | **૭૦૧** | **૧૩૩૫** |

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી ?

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૮૦૩ | ૧૯૪ | ૯૯૭ |
| ૨ | અમરેલી | ૬૪૫ | ૬૦ | ૭૦૫ |
| | **કુલ** | **૧૪૪૮** | **૨૫૪** | **૧૭૦૨** |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષત બેરોજગારો**

૪૧૫૭૨ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | કુલ |
|---|---|---|

| | શિક્ષિત | અર્ધશિક્ષિત | |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૧૦૯૩૧ | ૩૦૨ | ૧૧૨૩૩ |
| કચ્છ | ૧૦૬૮૩ | ૧૮૫૭ | ૧૨૫૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| જિલ્લાનું નામ | જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ પૈકી આપવામાં આવેલ રોજગારી |
|---|---|
| બનાસકાંઠા | ૭૫૯૧ |
| કચ્છ | ૪૧૫૪૬ |

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી ?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, બનાસકાંઠા અને કચ્છ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| જિલ્લાનું નામ | સરકારી | ખાનગી |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૮૦ | ૭૪૧૧ |
| કચ્છ | ૦ | ૪૧૫૪૬ |

- સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીઓનો તેમાં સમાવેશ થતો નથી.

- - - - - - - - -

**રણ ઉત્સવમાં પીપીપી મોડ પર ટેન્ટ**

૪૧૬૧૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છના રણ ઉત્સવમાં ટેન્ટ પીપીપી મોડ પર આપેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ટેન્ટ પીપીપી મોડ પર કઈ એજન્સી/કંપનીને ક્યારે, કયા દરથી, કેટલા સમય માટે આપવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રોયલ્ટી પેટે કેટલી રકમની આવક સરકારને થઈ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પીપીપી મોડ પર ટેન્ટ વિકસાવવાનો કોન્ટ્રાક્ટ નીચે દર્શાવેલ એજન્સી/કંપનીને નીચેની વિગતે આપવામાં આવેલ છે.

(૧) મે.લલ્લુજી એન્ડ સન્સ કંપનીને તા.૦૬-૧૧-૨૦૧૮ થી પાંચ વર્ષ માટે વાર્ષિક `૨,૬૬,૦૦,૧૦૧+જી.એસ.ટી.ના દર થી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે, જેમાં દર વર્ષે ૫% રકમનો વધારો કરવાની જોગવાઈ છે.

(૨) મે.પ્રવેગ કોમ્યુનિકેશન ઈન્ડિયા લિમિટેડ કંપનીને તા.૧૯-૧૧-૨૦૧૫ થી પાંચ વર્ષ માટે વાર્ષિક ` ૬૨,૮૬,૬૬૭ + જી.એસ.ટી.ના દરથી કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ, જે ત્યારબાદ તા.૦૭-૧૦-૨૦૨૦થી વધુ પાંચ વર્ષ માટે લંબાવવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રોયલ્ટી પેટે બંન્ને એજન્સી પાસેથી જી.એસ.ટી. સહિત નીચે મુજબની રકમની આવક થઈ.

| વર્ષ | એજન્સી/કંપનીનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ |
|---|---|---|---|
| ૧ | મે.લલ્લુજી એન્ડ સન્સ | ` ૩૪૬.૦૫ લાખ | ` ૩૬૩.૩૫ લાખ |

| | | | |
|---|---|---|---|
| ૨ | મે. પ્રવેગ કમ્યુનિકેશન ઈન્ડિયા લિ. | ` ૭૪.૧૮ લાખ | ` ૭૪.૧૮ લાખ |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરટીઓ કચેરીઓમાં મંજૂર મહેકમ**

૪૧૬૨૯ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર આરટીઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | આર.ટી.ઓ. જામનગર | એ.આર.ટી.ઓ. દેવભૂમિ દ્વારકા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૧ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૩ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૦૮ | ૦૩ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૩ | ૦૬ |
| ૫ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ | ૦૧ |
| ૬ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૫ | ૦૨ |
| ૭ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૭ | ૦૬ |
| ૮ | હિસાબનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૯ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૧૦ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૧૧ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૧૨ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૧૩ | નાયક (વર્ગ-૪) | ૦૧ | ૦૦ |
| ૧૪ | પટાવાળા (વર્ગ-૪) | ૦૪ | ૦૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગનું નામ | આર.ટી.ઓ. જામનગર | | આર.ટી.ઓ. દેવભૂમિ દ્વારકા | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૨ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૧ | ૦૨ | ૦૪ | ૦૨ |
| ૫ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૧ |
| ૭ | જુનિયર ક્લાર્ક (વર્ગ- | ૦૮ | ૦૯ | ૦૪ | ૦૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૩) | | | | |
| ૮ | હિસાબનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૧ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૨ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૩ | નાયક (વર્ગ-૪) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૪ | પટાવાળા (વર્ગ-૪) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૨** | **૨૬** | **૧૨** | **૧૦** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જીપીએસસી/ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ ભરવામાં આવે છે.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને પંચમહાલ જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી**

૪૧૬૪૧ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોકડાઉન સમયે શ્રમિકોને તેમના વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવા માટે રાજ્ય સરકારે કેટલી રકમ કોને ચૂકવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ગીર સોમનાથ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી ટ્રેનો, કેટલી બસો મારફત કેટલા શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પશ્ચિમ રેલ્વેને મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાંથી રૂ.૬,૮૬,૮૭,૩૯૦/- ચૂકવેલ છે.
ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ લિમિટેડને PM CARE ફંડ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટમાંથી રૂ.૪૨,૬૬,૩૨૦/- ની ફાળવણી થયેલ છે.

(૨) (અ) ગીર સોમનાથ જિલ્લામાંથી ૦૨ બસો મારફત કુલ ૧૦૯ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા. ટ્રેન મારફત શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા નથી.
(બ) પંચમહાલ જિલ્લામાંથી ૦૭ ટ્રેન મારફત કુલ ૯૨૬૦ શ્રમિકોને અને ૦૪ બસો મારફત કુલ ૮૦ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા.

- - - - - - - - -

**જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી**

૪૧૬૩૮ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોકડાઉન સમયે શ્રમિકોને તેમના વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવા માટે રાજ્ય સરકારે કેટલી રકમ કોને ચૂકવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ટ્રેનો, કેટલી બસો મારફત કેટલા શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પશ્ચિમ રેલ્વેને મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાંથી રૂ.૬,૮૬,૮૭,૩૯૦/- ચૂકવેલ છે.
ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ લિમિટેડને PM CARE ફંડ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટમાંથી રૂ.૪૨,૬૬,૩૨૦/- ની ફાળવણી થયેલ છે.

(૨) (અ) જૂનાગઢ જિલ્લામાંથી ૦૮ ટ્રેનો મારફત કુલ ૧૧૬૯૦ શ્રમિકોને તથા ૨૪ બસો મારફત કુલ ૧૨૫૦ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા.
(બ) અમરેલી જિલ્લામાંથી ૫૧ બસો મારફત કુલ ૧૩૨૦ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા. અમરેલી જિલ્લામાંથી ટ્રેનો મારફત કોઈ શ્રમિકોને તેઓના વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવેલ નથી.

- - - - - - - - -

## ભાવનગર અને છોટાઉદેપુર જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી

૪૧૬૫૬ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોકડાઉન સમયે શ્રમિકોને તેમના વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવા માટે રાજ્ય સરકારે કેટલી રકમ કોને ચૂકવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ભાવનગર અને છોટા ઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ટ્રેનો, કેટલી બસો મારફત કેટલા શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા?

**જવાબ**

(૧) પશ્ચિમ રેલ્વેને મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાંથી રૂ.૬,૮૬,૮૭,૩૯૦/- ચૂકવેલ છે.
ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ લિમિટેડને PM CARE ફંડ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટમાંથી રૂ.૪૨,૬૬,૩૨૦/- ની ફાળવણી થયેલ છે.

(૨) (અ) ભાવનગર જિલ્લામાંથી ૧૯ ટ્રેનો મારફત કુલ ૨૬૨૦૧ શ્રમિકોને અને ૦૩ બસો મારફત કુલ ૫૩ શ્રમિકોને તથા વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા.
(બ) છોટાઉદેપુર જિલ્લામાંથી ૦૫ બસો મારફત કુલ ૧૩૪ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા. ટ્રેન મારફત શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા નથી.

- - - - - - - - -

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આરટીઓ કચેરીઓમાં મંજૂર મહેકમ

૪૧૫૯૯ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આરટીઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | એ.આર.ટી.ઓ. અરવલ્લી (મોડાસા) | આર.ટી.ઓ. હિંમતનગર (સાબરકાંઠા) |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૩ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૦૯ | ૧૧ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૨ | ૧૫ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૦ | ૦૨ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ | ૦૪ |
| ૮ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૬ | ૧૫ |
| ૯ | હિસાબનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૦ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૩ | ડ્રાઇવર (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | નાયક (વર્ગ-૪) | ૦૦ | ૦૧ |
| ૧૫ | પટાવાળા (વર્ગ-૪) | ૦૧ | ૦૬ |
| ૧૬ | વોચમેન (વર્ગ-૪) | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૩૪** | **૬૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **એ.આર.ટી.ઓ. અરવલ્લી (મોડાસા)** | | **આર.ટી.ઓ. હિંમતનગર (સાબરકાંઠા)** | |
|---|---|---|---|---|---|
| | | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૦૫ | ૦૪ | ૦૬ | ૦૫ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૦ | ૦૨ | ૧૦ | ૦૫ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૮ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૩ | ૦૩ | ૦૮ | ૦૭ |
| ૯ | હિસાબનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૦ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૩ | ડ્રાઇવર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૪ | નાયક (વર્ગ-૪) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૫ | પટાવાળા (વર્ગ-૪) | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૩ |
| ૧૬ | વોચમેન (વર્ગ-૪) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૨૦** | **૧૪** | **૩૨** | **૩૩** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જીપીએસસી/ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ ભરવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં રસ્તા રીકાર્પેટના કામો**

૪૧૬૫૦ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના લાઠી અને બાબરા તાલુકાના માર્ગ અને મકાન,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાંચ વર્ષથી વધુ સમય થયો હોય તેવા કુલ ૧૪ અને સાત વર્ષથી વધુ

પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ પાંચ વર્ષ અને સાત વર્ષ કરતાં વધુ સમયથી રીકાર્પેટ કરવાના બાકી છે,

(૨) ઉક્ત કામો બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

સમય થયો હોય તેવા કુલ ૮ રસ્તાઓ છે.

(૨) અને (૩) રસ્તાનું રીકાર્પેટીંગ, રસ્તા પરના ટ્રાફીક ભારણ, ડામર સપાટીની સ્થિતિ તેમજ આંતરીક અગ્રતા ક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા મુજબ.

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં મત્સ્યબંદર**

૪૧૬૪૪ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ક્યા સ્થળે મત્સ્યબંદર બનાવવાની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત મત્સ્યબંદરની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં નવાબંદર, માઢવાડ, સુત્રાપાડા અને વેરાવળ ફેઝ-૨ ખાતે મત્સ્યબંદર બનાવવાની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત બંદરો પૈકી નવા બંદર ખાતે આગામી પાંચ વર્ષમાં મત્સ્યબંદરની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા પૂર્ણ કરવાનું આયોજન છે.

- જ્યારે માઢવાડ, સુત્રાપાડા અને વેરાવળ ફેઝ-૨ ખાતે મત્સ્યબંદર વિક્સાવવાની કામગીરી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ડીપોઝીટરી વર્ક તરીકે હાથ ધરવામાં આવનાર છે.

- - - - - - - - -

**આણંદ અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

૪૧૬૫૯ **શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને રાજકોટ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | | કુલ |
|---|---|---|---|
| | શિક્ષિત | અર્ધશિક્ષિત | |
| આણંદ | ૨૧૮૬૨ | ૬૫૩ | ૨૨૫૧૫ |

(૨)

| જિલ્લાનું નામ | જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ પૈકી આપવામાં આવેલ રોજગારી |
|---|---|
| આણંદ | ૧૭૪૧૩ |

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, આણંદ અને રાજકોટ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

તા. ૯મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| જિલ્લાનું નામ | સરકારી | ખાનગી |
|---|---|---|
| આણંદ | ૦ | ૧૭૪૧૩ |
| રાજકોટ | ૧૨૭ | ૪૧૩૧૯ |

- સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીઓનો તેમાં સમાવેશ થતો નથી.

- - - - - - - - -

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા અંગે

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજની પ્રશ્નોત્તરીમાં અગ્રતાક્રમ નં. ૧૭૪ માનનીય સભ્યશ્રી રાજેશભાઇ ગોહીલનો પ્રશ્ન છે એ પ્રશ્નમાં જવાબ આપ્યો છે એ જવાબના આંકડાનો મેળ ખાતો નથી. હું શુદ્ધિ પત્રક જોઇ ગયો છું. શુદ્ધિપત્રકમાં કોઇ જવાબ તૈયાર કર્યો હોય, સુધાર્યો હોય તેવું નથી. માનનીય રાજેશભાઇએ પૂછ્યું છે કે તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં રોજગાર કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે અમદાવાદમાં ૨૩,૫૪૮, બોટાદમાં ૧,૫૧૬. બીજા પેટા પ્રશ્નમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં ર વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, એમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે અમદાવાદમાં ૬૯,૬૬૯ અને બોટાદમાં ૩,૨૦૫. નોંધાયેલા જે લોકો રેકર્ડ ઉપર આપેલા છે, તેના કરતા વધુ નોકરી આપી છે તેવો જવાબ આપ્યો છે. એવું કઇ રીતે બની શકે? રેકર્ડ ઉપર હકીકત છે. સામાન્ય રીતે જોવું જોઇએ. વિભાગ તરફથી જવાબ આપવામાં આવે પછી મંત્રીશ્રી કક્ષાએ આવે અને મંત્રીશ્રીએ જવાબને જોવો જોઇએ, વાંચવો જોઇએ, એમાં કંઇ હોય તો સુધારા કરવા જોઇએ. એમને એમ સીધે સીધો મોકલો. ગઇ વિધાનસભા સત્રમાં પણ વારંવાર આ પ્રકારના જવાબો આપવામાં વિસંગતતાઓ હતી અને સમયાંતરે ધ્યાન દોરવામાં આવ્યા પછી પણ સુધારો થતો હોય તેવું લાગતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે, એમાં જે પ્રશ્નના જવાબની સમસ્યા છે એની પૂરેપૂરી તપાસ કરીને માનનીય મંત્રીશ્રી ક્લેરિફિકેશન કરશે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે પુંજાભાઇએ જે વાત કરી એને સાચી માની લેવાને કોઇ કારણ નથી, એટલે મંત્રીશ્રીને આદેશ કરતા પહેલાં એ ચકાસવું જોઇએ. ખુલાસા પૂછી લેવાશે. પ્રક્રિયા ખુલાસાની છે. આનાથી વધારે ન હોય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કહ્યું એ આપ પણ વાંચો. એમ કહો છો કે સાચું છે એમ માનવું નહિ. પણ હકીકત છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાંચ્યું છે. પ્રશ્ન એ છે કે અહીંયા કોઇ નિરાકરણ ન હોઇ શકે. જોવો પડે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, નિરાકરણ ન હોઇ શકે એ વાત બરાબર છે. એ ચકાસીને જવાબ આપવામાં આવે. હું એમ નથી કહેતો કે આપ કહો છો તે બરાબર નથી.(અંતરાય) સાચું નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એ કહે છે કે જોયા વિના સાચું ન માની લેવાય.

અતારાંકિત પ્રશ્નો

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આપ સંસદીય મંત્રી છો. આપ એ ચેર ઉપર બેઠા છો. આપ એમ કહો કે તે બરાબર નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બંને બેસો. આપે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે. પ્રશ્નની વિસંગતતા બતાવી છે. મેં કહ્યું મારી વાત ફરી રિપીટ કરું છું કે આપે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે. એમાં વિસંગતતા છે. મંત્રીશ્રી ક્લેરિફિકેશન કરશે. એને તપાસશે, જોશે અને પછી એનો જવાબ તૈયાર થશે. કઇપણ વિસંગતતા હશે તો કરેક્ટ કરવામાં આવશે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દ દૂર કરવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંકઃ ૩ ઉપર શ્રી હર્ષદભાઇ રીબડિયાએ અસંસદીય શબ્દ વાપર્યો છે એ *(XXX) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : હું પ્રશ્ન જોઇ લઇશ. *(XXX) શબ્દ હશે તો રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. પ્રશ્ન નં. ૧૨૯ માં બતાવેલ છે કે બનાસકાંઠા જિલ્લાના નવા તાલુકામાં તાલુકા કક્ષાએ બસ ડેપો બનાવવાનો છે. ત્યાં જમીન ઉપલબ્ધ નથી એમાં જવાબ આપેલ છે કે જમીન મળ્યે કાર્યવાહી કરવામાં આવશે. તો સૂઇગામ તાલુકો ઇન્ટરનેશનલ તાલુકો છે. હજારો પ્રવાસીઓ ટુરિઝમના હિસાબે ત્યાં આવે છે. સરકારી જમીન મોટા પ્રમાણમાં છે. તાલુકો બનાવ્યાને દસ વર્ષ થઇ ગયા છે અને જમીનનું ટાઇટલ પણ ક્લિયર થઇ ગયેલ છે તો વહેલી તકે ઇન્ટરનેશનલ પ્રવાસીઓના કારણે બસ ડેપો બનાવવામાં આવે તેવી અમારી માગણી છે. બીજું, તેમાં એવું બતાવેલ છે કે, ભાભર અને વાવ ખાતે બસ ડેપો ઉપલબ્ધ નથી. હકીકતમાં બસ ડેપો બનાવેલ છે. તેના અહીં જવાબો આપેલા છે તે પણ ખોટા છે. પત્રકની અંદર જે જવાબો આપેલા છે તેમાં લખેલ છે કે, ત્યાં બનાવેલ નથી અને જયાં જમીન ઉપલબ્ધ છે, ટાઇટલ ક્લિયર છે તેમ છતાં બતાવેલ છે કે, જમીન મળ્યે બનાવવામાં આવશે. વિભાગ તરફથી મને આનો સંતોષકારક જવાબ મળે તેવી અપોક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : આપ મંત્રીશ્રીને મળીને આની ચર્ચા કરી લેજો. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી.

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : ( બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : ( બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

---

* માન.અધ્યક્ષશ્રીના આદેશનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૯મી માર્ચ ૨૦૨૨

પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૪૯**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૪,૪૦,૪૩,૦૦૦/ -ની પૂરક માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૪૯ રજૂ કરવામાં આવી .**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંકઃ ૪**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૭,૭૨,૨૧,૦૦૦/ -ની પૂરક માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી .**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંક-૧૩**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વીજળી શક્તિ પરિયોજનાઓ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૬,૭૨,૬૪,૫૫,૦૦૦/ -ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૭,૪૨,૧૮,૦૦૦/ -ની પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

---

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

**માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંક ૭૯**

**મહેસૂલ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૫,૯૯,૩૮,૭૨,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૭૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૭૯ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી લલિત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.

તા. ૯મી માર્ચ ૨૦૨૨

પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

શ્રી મોહનસિંહ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંક ૮૯**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૭,૨૭,૯૫,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૮૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૮૯ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માંગણી નં ૪૯** | | |
| **૧** | ૨૮૫૨- ઉદ્યોગો<br>૮૦- સામાન્ય<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૨૬-IND. 9<br>કાપડ....વિકાસ<br>રૂ. ૬૪,૪૦,૪૩,૦૦૦<br>પાના નં. ૫૨ | ૧૦૦ | ટેક્ષટાઇલ પોલિસી અંતર્ગત પડતર દાવાઓના સમયસર સેટલમેન્ટના અભાવે વધતા ખર્ચાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (સંતોકબેન આરેઠીયા) |
| **૨** | ---"---- | ૧૦૦ | ટેક્ષટાઇલ પોલિસી અંતર્ગત પડતર દાવાઓના સમયસર સેટલમેન્ટના અભાવે વધતો જતો નાણાકીય બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ (મહમદજાવીદ પીરઝાદા) |
| **૩** | ---"---- | ૧૦૦ | ટેક્ષટાઇલ પોલિસી અંતર્ગત કેટલા દાવાઓની ચૂકવણી બાકી છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા (રાજેન્દ્રસિંહ ઠાકોર, ઋત્વિકભાઈ મકવાણા અને અંબરીશભાઈ ડેર) |
| | | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ<br>**માગણી નં. ૪** | | |
| **૪** | ૨૪૦૩- પશુપાલન<br>૧૦૨- પશુ .... વિકાસ<br>૧૧- ANH - 14,<br>ગૌ....કાર્યક્રમ | ૧૦૦ | પાંજરાપોળોને પુરતી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા (અશ્વિનભાઈ કોટવાલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૨૭,૭૨,૨૧,૦૦૦<br>પાના નં. ૩ | | | |
| **૫** | ---"---- | ૧૦૦ | ગૌચરની જમીનોનો વ્યાપ ઘટી રહયો છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઈ બારૈયા<br>(કાળાભાઈ ડાભી) |
| **૬** | ---"---- | ૧૦૦ | ગૌચર વિકાસ કાર્યક્રમ હેઠળ યોજાતા કાર્યક્રમોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત<br>(કાંતિભાઈ સોઢા પરમાર) |
| **૭** | ૨૪૦૩- પશુપાલન<br>૧૦૨- પશુ .... વિકાસ<br>૧૧-ANH - 14, ગૌ....કાર્યક્રમ<br>રૂ. ૨૭,૭૨,૨૧,૦૦૦<br>પાના નં. ૩ | ૧૦૦ | ગૌચરની જમીનોના અભાવે પશુપાલકોને ઘાસ ચરાવવા માટે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી<br>(વિમલભાઈ ચુડાસમા) |
| **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માંગણી નં. ૧૩** | | | | |
| **૮** | ૨૮૦૧-પાવર<br>૮૦-સામાન્ય<br>૧૯૦-જાહેર.... સહાય<br>૦૫-બળતણ...સહાયકી<br>રૂ. ૧૬,૩૪,૬૦,૯૫,૦૦૦<br>પાના નં. ૧૪ | ૧૦૦ | ફયુઅલ સરચાર્જમાં વારંવાર વધારો થવાથી આમજનતાના વીજ બીલમાં થતો વધારો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ<br>(પ્રતાપ દુધાત) |
| **૯** | ---"---- | ૧૦૦ | ઉંચા ભાવે વીજળી ખરીદીના કારણે થતો ભાવ વધારો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર<br>(વજેસિંગભાઈ પણદા) |
| ૧૦ | ---"---- | ૧૦૦ | વિદ્યુત બોર્ડના વીજ મથકોને તેમની ક્ષમતા જેટલું વીજ ઉત્પાદન કરે તે અંગેના પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ<br>(પુનાભાઈ ગામીત) |
| ૧૧ | ---"---- | ૧૦૦ | રાજયમાં વિપુલ પ્રમાણમાં વીજ ઉત્પાદન થાય છે છતા ખાનગી વીજ કંપનીઓ પાસેથી ઉંચા દરે વીજળી ખરીદાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર<br>(સંજયભાઈ સોલંકી) |
| **મહેસૂલ વિભાગ**<br>માગણી નં. ૭૯ | | | | |
| ૧૨ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૦૨-પૂર...વગેરે<br>૧૧૧- વંચિત....ચૂકવણી<br>૦૨-મૃત્યુ...ચૂકવણી<br>રૂ. ૫,૮૫,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૮૮ અને ૮૯ | ૧૦૦ | અપૂરતી ગ્રાન્ટ ફાળવણીના કારણે કોવિડ-૧૯માં મૃત્યુ પામેલા વ્યકિતઓના પરિવારોને સમયસર સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ<br>(જશપાલસિંહ પઢિયાર) |
| ૧૩ | ---"---- | ૧૦૦ | અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ ઈસમોના વારસદારોની મંજૂર થયેલ સહાયની અરજીની રકમો તિજોરી કચેરીમાં નાણાના અભાવે હજુ સુધી ચૂકવાઈ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર<br>(રાજેશકુમાર ગોહિલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૦૨-પૂર...વગેરે<br>૧૧૧- વંચિત....ચૂકવણી<br>૦૨-મૃત્યુ...ચૂકવણી<br>રૂ. ૫,૮૫,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૮૮ અને ૮૯ | ૧૦૦ | કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ ઇસમોના વારસદારોને દિન દસમાં સહાય ચુકવવાની સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન હોવા છતાં તેનો અમલ ન કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.સી.જે.ચાવડા<br>(લાખાભાઇ ભરવાડ) |
| ૧૫ | ---"---- | ૧૦૦ | અત્યાર સુધીમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા ઇસમોના કેટલા પરીવારોને કેટલી રકમ ચુકવાઈ અને હજુ કેટલી રકમ ચુકવવાની બાકી છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ<br>(શીવાભાઈ ભુરીયા) |
| ૧૬ | ---"---- | ૧૦૦ | અમદાવાદ શહેરમાં કોવિડ-૧૯ અંતર્ગત મંજૂર થયેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓના બીલો તિજોરી ઓફીસમાં ચૂકવણી અર્થે પડતર છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(ઇમરાન ખેડાવાલા) |
| ૧૭ | ---"---- | ૧૦૦ | કોવિડ-૧૯થી મૃત્યુ પામનાર ઇસમોના વારસદારોએ કરેલ અરજીઓનો કલેકટર કચેરીઓમાં અપૂરતા સ્ટાફને કારણે સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ<br>(કાન્તીભાઈ ખરાડી) |
| ૧૮ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૦૨- પૂર...વગેરે<br>૧૧૩- મકાનો....સહાય<br>૦૩- નુકશાન...સહાય<br>રૂ. ૪,૮૫,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૮૮ અને ૮૯ | ૧૦૦ | તૌકતે વાવાઝોડાના કારણે થયેલ નુકશાનીનો સર્વે કરવામાં થતો વિલંબ અને ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ૧૯ | ---"---- | ૧૦૦ | તૌકતે વાવાઝોડાના કારણે નુકસાન પામેલા મકાનો અને ઝુંપડાના પુનઃબાંધકામ અર્થે થયેલ ખર્ચની ગણતરી કરી સત્વરે સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલિત વસોયા<br>(જશુભાઈ પટેલ) |
| ૨૦ | ૨૨૪૫- કુદરતી...સહાય<br>૦૬- નાના...સહાય<br>રૂ. ૪,૫૦,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૮૮ અને ૮૯ | ૧૦૦ | તૌકતે વાવાઝોડાના કારણે નાના અને સીમાંત ખેડૂતોને થયેલ નુકશાનના સર્વેમાં થયેલ ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ<br>(પ્રેમસિંહભાઈ વસાવા) |
| ૨૧ | ૨૨૪૫- કુદરતી...સહાય<br>૦૬- નાના...સહાય<br>રૂ. ૪,૫૦,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૮૮ અને ૮૯ | ૧૦૦ | તૌકતે વાવાઝોડામાં થયેલ નુકશાન સામે રાજય સરકારે માંગણી કરેલ રકમની સંબંધમાં કેન્દ્ર સરકાર તરફથી મળેલ રાહતની રકમ અને તેની સામે ચૂકવેલ સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર<br>(મોહનસિંહ રાઠવા) |
| ૨૨ | ---"---- | ૧૦૦ | તૌકતે વાવાઝોડાના કારણે બાગાયતી ખેતીને થયેલ ભારે નુકશાન સામે ખુબ જ ઓછુ વળતર ચુકવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા<br>(બાબુભાઈ વાજા) |
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માંગણી નં. ૮૯** | | | | |
| **૨૩** | ૨૦૫૨- સચિવાલય...સેવાઓ | ૧૦૦ | ગુજરાત ફાયબર ગ્રીડ નેટવર્કના કેબલો | ગેનીબેન ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૯૦ - સચિવાલય<br>૧૨- ગુજરાત...ભારતનેટ<br>રૂ. ૨૭,૨૭,૯૫ ,૦૦૦<br>પાના નં. ૧૦૫ | | નંખાયા પછી પણ ઈન્ટરનેટ ખુબ જ ધીમી ગતિએ કામ કરતું હોવાની ફરિયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | (પ્રવિણભાઈ મુસડીયા) |

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ ઉપર આ સભાગૃહમાં ચર્ચા કરવા માટે ૨ દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે, એ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતા જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય, પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે પૂરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દા ખાસ ધ્યાન રાખશે એવી હું આશા રાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા પ્રધાન બન્યા પછી પ્રથમ વખત શ્રી કનુભાઇ જે વર્ષ ૨૦૨૧-૨૨ની જે પૂરક ખર્ચ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ ૪૯, ૪, ૧૩, ૭૯ અને ૮૯ કુલ અંદાજપત્રની અંદર સરકાર દ્વારા જે બજેટ રજૂ કર્યા પછી સરકાર જે વધારાનો ખર્ચ કરે છે તે ખર્ચના અનુસંધાનમાં સરકાર જે પૂરક માગણીઓ લઇને આવી છે અને આ પૂરક માગણીઓની અંદર નવી સેવાઓ પૈકી ૩૧ નવી સેવાઓનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા અને ખાસ કરીને નાણા વિભાગ દ્વારા પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે સરકારે પોતાનું બજેટ રજૂ કર્યા બાદ પોતે જે કાર્ય કરવા જઇ રહી છે, જે પ્રજાલક્ષી કામ કરવા જઇ રહી છે તેના માટેનો તેની પાસે અંદાજ , તેના માટે વિભાગને આપેલી સૂચનાઓ, તેનુ કાર્યક્ષેત્ર એ બધુ બહુ નક્કી હોય છે. તેમ છતાં પણ દર વર્ષે બજેટની અંદર જોગવાઇ કરેલી વસ્તુઓ, જોગવાઇ કરેલી રકમ ત્યાર બાદ તે રકમમાં વધારો થઇ જતો હોય છે. ખાસ કરીને હું મહેસૂલ વિભાગની જે કુદરતી આફતો અને રાહત અંગેની માગણીઓ લઇને આવ્યા છે. આ બજેટની આ પૂરક માગણીઓની અંદર વર્ષ ૨૦૨૧-૨૨માં મહેસૂલ માટેની કુલ ૯૪૩૯ કરોડ ૯૮ લાખ અને ૯૫ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે અને મૂડી પેટે રૂપિયા ૨૬૩૨ કરોડ ૮ લાખ અને ૮૫ હજારનો ખર્ચ કર્યો છે. આમ, કુલ રૂપિયા ૧૨ હજાર ૬૨ કરોડ ૭ લાખ ખર્ચ પેટે પૂરક માગણીઓ માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે મહેસૂલ વિભાગની અંદર કુદરતી આફતો અંગેની રાહત માટેની જે માગણી લઇને આવ્યા છે ત્યારે અંદાજપત્રની અંદર સરકારે ફકત ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી અને આ રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ સામે કુદરતી જે આફતો આવી અને તે આફતોની અંદર સરકારે જે વધારાનો ખર્ચ કર્યો એ વધારાના ખર્ચની પૂરક માગણી માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે. ખાસ કરીને કોવિડની અંદર મૃત્યુ પામેલા વ્યકિતઓના વારસદારને ૫૦ હજાર રૂપિયાની સહાય માટેની માગણી કુદરતી આફતો અને રાહતમાં લઇને આવ્યા છે. કોરોનાનો એ કપરો કાળ અને એ કપરા કાળની અંદર લોકોને પડેલી મુશ્કેલી જેના પરિવારમાં કોરોના થયો હોય તે પરિવારની શું દશા હોય તે આપણે ખૂબ સારી રીતે સમજી શકીએ છીએ. અને એના અનુસંધાનમાં લોકોને જે રાહત મળવી જોઇએ એ રાહત સરકાર પૂરી ન પાડી શકી. મૃત્યુ પામનાર વ્યક્તિના વારસદારોને જે સહાય આપવી જોઇએ એ સહાય આપવામાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે પહેલ કરી નથી. એના અનુસંધાનમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો એમાં લખ્યું છે કે, 'ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ પેટા સદર હેઠળ રૂપિયા ૧૫૦૦ લાખની જોગવાઇ સામે આઠ મહિનાના ખરેખર ખર્ચના આંકડાને આધારે સુધારેલ ખર્ચના સંદર્ભમાં એવો અંદાજ છે કે કોવિડ-૧૯માં મૃત્યુ પામનાર લોકોના વારસદારને સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન મુજબ રૂ.૫૦,૦૦૦ ચૂકવવાના થતા હોવાથી રૂ.૫૮૫ કરોડની વધારાની જરૂરિયાત પડી છે.' આનાથી સ્પષ્ટ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની આ સરકારે કોરોનામાં મૃત્યુ પામનારાને સહાય આપવામાં પહેલ કરી નથી. એ તો સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધીન રૂ.૫૦,૦૦૦ની સહાય આપવાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ મુજબ જે લોકો કોરોનામાં મૃત્યુ પામ્યા છે, તેમને રૂ.૪ લાખની સહાય આપવી. હું ચોક્કસ કહીશ કે આ રૂ.૪ લાખની સહાય આપવા માટે રાજસ્થાન સરકાર, પંજાબ સરકાર, છત્તીગઢ સરકાર અને ઝારખંડ સરકારે કેન્દ્ર સરકારને પત્ર લખ્યો અને કેન્દ્ર સરકારને પત્ર લખીને કહ્યું કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ મુજબ રૂ.૪ લાખની સહાય આપો. અમારો રૂ.૧ લાખનો જે હિસ્સો થાય છે એ રાજ્ય સરકારના હિસ્સા તરીકે અમે આપવા તૈયાર છીએ. રૂ.૩ લાખ કેન્દ્ર સરકાર આપે. આ વાત કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીએ માનનીય પ્રધાનમંત્રીશ્રીને કરી હતી. ગુજરાત સરકાર કાયમ પૂછ્યા કરે છે કે તમારી પાડોશી સરકારે શું કર્યું? તમારી કોંગ્રેસની સરકારે શું કર્યું? હું સરકારને પૂછવા માગું છું કે

સરકારે આવો કોઇ પત્ર દેશના પ્રધાનમંત્રી કે જે ગુજરાતી છે અને જ્યારે કોરોનામાં ગુજરાતીઓ મૃત્યુ પામ્યા છે ત્યારે આ ગુજરાતીઓની ચિંતા કરવા માટે તમે પત્ર લખ્યો છે કે કેમ એ સરકાર ચોખવટ કરે? અકસ્માતમાં મૃત્યુ પામે તો આપણે રૂ.૪ લાખ આપીએ છીએ. વાવાઝોડામાં કોઇ મૃત્યુ પામે તો પણ રૂ.૪ લાખ આપીએ છીએ તો કોરોનામાં કેમ આપણે રૂ.૪ લાખ નથી આપી શક્યા? કોરોનામાં રૂ.૪ લાખ આપવાની વાત તો દૂર રહી આ તો સુપ્રીમ કોર્ટનો આભાર માનીએ કે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો અને રૂ.૫૦,૦૦૦ની સહાય જે ગુજરાતીઓ ગુજરી ગયા હતા એમને મળી. જ્યારે પણ કોરોનાનો પ્રશ્ન આવે ત્યારે ગુજરાતની આ સરકારનો પારદર્શક વહીવટ ખુલ્લો પડે છે. ૧૦૦ ટકા સત્તા તમારી પાસે છે. પ્રજાએ તમને મત આપીને ૨૭ વર્ષ સુધી અહીં બેસાડ્યા છે એનો મતલબ એ નથી કે તમે ગુજરાતની પ્રજાને તમે સાચી વાત ન કરી શકો. વિધાનસભામાં અમે વાત કરીએ ત્યારે તમે કહો છો કે ''કૉંગ્રેસવાળા તમે કાયમ અમારી ટીકા જ કરો છો.'' અમારું કામ ટીકા કરવાનું નથી પણ સરકારની અણઆવડત હોય, સરકાર કાંઇ ખોટું કરતી હોય, સરકાર કાંઇ છુપાવતી હોય એને ઉજાગર કરવાનું કામ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અમારું છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ સરકાર જ્યારે કોરોનાનો કાળ હતો, હૉસ્પિટલોમાં જગ્યા નહિ, એમ્બ્યુલન્સ લાઇનોમાં રહે. લોકો રોડ પર મર્યા, ગાડીમાં મર્યા, રીક્ષામાં મર્યા, દવા નહિ, ઇન્જેક્શન નહિ, ઓક્સિજન નહિ, સ્મશાનગૃહમાં લોખંડની ભઠ્ઠીઓ પણ બળીને ખાખ થઇ ગઇ, લાકડા નહિ એ વખતે પણ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલને મેં કહ્યું હતું કે સરકારી અધિકારીઓ તમને ખોટી માહિતી આપી રહ્યા છે. અમારી વાત એમના ગળે ઉતરતી ન હતી કારણ કે કૉંગ્રેસ વિરોધ જ કરે છે અને આજે સરકાર દ્વારા જ્યારે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો અને રૂ. ૫૦ હજારની સહાય આપવાની વાત કરી ત્યારે આ રાજ્ય સરકારે ગુજરાતમાં જે અશક્ય વાત કરી છે તે આપની સમક્ષ આ વિધાનસભા ગૃહમાં મૂકવા માગું છું. ગુજરાત સરકારે એમ કહ્યું કે કોરોનામાં મૃત્યુ પામેલાઓની સંખ્યા ૧૦,૧૧૬ છે પણ જ્યારે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો અને રૂ. ૫૦ હજારની સહાયની વાત થઈ અને રાજ્ય સરકારે રૂ. ૫૮૫ કરોડ વધારાની માગણી સાથે લઇને આવી અને તેની ચૂકવણી કરી. તેનો મતલબ એવો થાય છે કે આ સરકારે ૧૦,૧૧૬ લોકોના મૃત્યુ સામે ૧,૧૭,૦૦૦ વાસરદારોને આ રકમની ચૂકવણી કરેલી છે. કોરોના કાળમાં ભારતીય જનતા પાર્ટીની સરકારની નિષ્ફળતા છુપાવવા માટે ૧,૦૭,૦૦૦ લોકોના મૃત્યુ છુપાવીને ગુજરાતની પ્રજા સામે અસત્ય વાત કરી છે તેનો ગુજરાત સરકાર ખુલાસો કરે. આ સરકારે ખોટું કામ કર્યું છે એટલે ગુજરાતની પ્રજાની માફી માગવી જોઈએ એવી કૉંગ્રેસ પાર્ટી માગણી કરે છે અને એટલું પણ કહે છે કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ મુજબ રૂ. ૪ લાખની સહાય આપે અને રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને પત્ર લખે એવી વિનંતી કરીએ છીએ. આજની પૂરક માગણીઓમાં અમે સંમત થઈ શકતા નથી. શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વર્ષ ૨૦૨૧-૨૨ માગણી નંબર ૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વાતચીત થતી હોય ત્યારે પ્રગતિશીલ રાજ્ય અને વિકાસનું મૉડેલ ગુજરાત આજે પણ દેશના અનેક રાજ્યોમાં એક રોલ મૉડેલ બન્યું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયકાળ દરમિયાન છેવાડાના માનવી સુધી જનસુવિધાઓ પહોંચે તેમજ રોજબરોજની જરૂરિયાતોમાં સરળતા આવે તેવા એક અભિગમ સાથે એમણે એક સ્વપ્ન સેવ્યું હતું. આ સ્વપ્નને સાકાર કરવા માટે આ કાર્યને આગળ ધપાવવા માટે સરકાર સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. હાલ આ એકવીસમી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી સાથે હાઈ-ફાઈની સદી થઈ ગઈ છે અને હવે વાઈ-ફાઈ વગર પણ ચાલે તેમ નથી. ભારત અને ગુજરાતના લોકો આધુનિક યુગથી પાછળ ન રહી જાય, કદમ થી કદમ મિલાવી શકે તે હેતુથી ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા કરવામાં આવેલ આ સરાહનીય પ્રયત્નને હું પણ બિરદાવું છું. રાજ્યમાં ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારવા માટે, આંતર માળખાકીય સુવિધાઓ તેમજ રોજગારીની તકોનું સર્જન કરવા માટે, આઈ.ટી. ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે આ સરકાર હંમેશા કાર્યરત રહી છે. આ સરકારે ભારત નેટ પ્રોજેક્ટ માટે ગામેગામે ઈન્ટરનેટ પહોંચાડ્યું છે. આ ભારત નેટ પ્રોજેક્ટનો ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારના લોકોને ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય નેટવર્કનું માળખું પૂરું પાડવાનું છે. આ પ્રોજેક્ટના બીજા તબક્કામાં ગુજરાત રાજ્યની છેક ૭,૬૯૨ ગ્રામ પંચાયતોને ઓપ્ટિક ફાઇબરથી સાંકળી લેવાનું એક આયોજન છે. જેની સામે ફેબ્રુઆરી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૭,૯૭૪ ગ્રામ પંચાયતોને આ નેટવર્કથી સાંકળી પણ લેવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ભારત નેટ પ્રોજેક્ટના બીજા તબક્કાની લક્ષ્યાંક સિદ્ધિમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. ભારત નેટ પ્રોજેક્ટના હાલના એ નેટવર્કથી એ ગ્રામ્યજનોને ઘરઆંગણે બધી સરકારી સેવાઓનો લાભ મળી રહે એ માટે ડિજિટલ સેવા સેતુના કાર્યક્રમ હેઠળ આશરે ૧૪,૦૩૮ ગ્રામ પંચાયતોને આવરી લેવામાં આવી છે. હાલમાં, ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કુલ ૩૧૨ સરકારી સેવાઓ દ્વારા અંદાજિત ૮૦ લાખ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આ નેટવર્કના મોનિટરિંગ માટે ગાંધીનગર ખાતે નેટવર્ક ઓપરેટિંગ સેન્ટર ૨૪ x ૭ કાર્યરત છે. આ વિભાગ દ્વારા વધુ સુવિધા માટે આઇ.ટી.ની એક નીતિ પણ નક્કી કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત દ્વારા એક નવી આઇ.ટી. પોલિસીની પણ હમણાં જાહેરાત કરવામાં આવી છે. આઇ.ટી. સેકટરમાં ઝડપી અને સર્વ સમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન મળી રહે એ આપવાની એમની કટિબદ્ધતા તો છે જ. પણ નવી સરકાર આઇ.ટી. ની એ નવી નીતિને ૫ વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૨ થી વર્ષ ૨૦૨૭ સુધી અમલમાં રાખવાની છે. નવી આઇ.ટી. નીતિ આવવાથી ગુજરાત રાજ્યમાં ૧ લાખથી વધુ રોજગારીનું સર્જન પણ થવાનું છે. આ

નવી આઇ.ટી. નીતિ ગુજરાતમાં આઇ.ટી. ક્ષેત્રે આવતા ઉદ્યોગો અને રોકાણકારોને આકર્ષિત કરી શકશે અને ગુજરાતનો આઇ.ટી. નિકાસ ૮ ગણો વધીને ૨૫ હજાર કરોડ સુધી પહોંચવા જઇ રહ્યો છે. આ નીતિના કારણે કેપેકસ મોડલનો એક યુનિક કોન્સેપ્ટ રજૂ કરાયો છે. જે સમગ્ર દેશમાં પ્રથમ છે. સામાન્ય પ્રોજેકટ માટે વધુમાં વધુ રૂપિયા ૨૫ કરોડની મર્યાદામાં ૨૫ ટકાનો કેપેક્સ સપોર્ટ પણ અપાશે. મેગા પ્રોજેકટ માટે પણ આ મર્યાદા ૨૦૦ કરોડ સુધીની પણ રહેવાની છે. આ આઇ.ટી. નીતિ અંતર્ગત નવા આઇ.ટી. સિટી તથા નવા ટાઉનશીપ સ્થાપવા સરકાર પ્રોત્સાહિત છે. ગુજરાત એ-વન યુનિવર્સિટીની સ્થાપના કરશે. કૌશલ્ય અને વિકાસ માટે સ્નાતક વિદ્યાર્થીઓ અને કાર્યકારી વ્યવસાયકોને આના માટે અલગ પ્રકારની તાલીમ પણ આપશે. ગાંધીનગરથી તમામ જિલ્લા મથકોને ૫૦૦ એમ.બી.પી.એસ.થી જોડવામાં આવ્યા છે. રાજ્ય સરકારની ૬ હજારથી વધુ ઓફિસો જી-સ્વાન દ્વારા જોડાય છે, તેનો વોઇસ ડેટા તેમજ વીડિયોની સુવિધા પણ છે. ભારત નેટ પ્રોજેકટ અન્વયે દરેક ગામને ૧ જી.બી. સુધી બેન્ડવિડ્થ પણ મળવાની છે. રાજ્ય સરકારના કર્મચારીઓને ઇ-મેઇલની સુવિધા માટે એક ઓફિશિયલ ગ્રુપ એસ્ટાબ્લીશ કરવામાં આવેલ છે અને અમર્યાદિત ઇ-મેઇલ સાઇઝની સુવિધા આપવામાં આવી છે. જૂના સંદેશા સાચવી રાખવાની ફેસિલિટી પણ છે. સચિવાલયના તમામ વિભાગો, વિધાનસભા, રાજભવન, સર્કિટ હાઉસ, કલેકટર, ડી.ડી.ઓ. તેમજ મામલતદાર ઓફિસમાં એ વાઇ-ફાઇની સુવિધા પૂરી પાડે છે. હું આ માગણીઓને મારુ સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી :આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી પુંજાભાઇ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય નાણામંત્રીશ્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ઊર્જા અને કૃષિ માટે જે માંગણીઓ લઇને આવ્યા છે, એ સંબંધે હું મારી વાત રજૂ કરુ છું. ખાસ કરીને પાંચમા મહિનામાં તૌકતે વાવાઝોડું આવ્યા પછી ગીર સોમનાથ જિલ્લો, અમરેલી જિલ્લો, જૂનાગઢ જિલ્લો અને ભાવનગર જિલ્લાને આ વાવાઝોડાએ અસર કરેલી. અને ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તેમજ અમરેલી જિલ્લાના જાફરાબાદ અને રાજુલા તાલુકાને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. આટલી મારી ઉમરમાં આ પ્રકારનું વાવાઝોડું જોયું નથી. અતિ ભારે વરસાદ એ ભૂતકાળમાં વર્ષ ૧૯૮૭માં જોયો છે, પણ આ વાવાઝોડાની શરૂઆત થઇ અને વાવાઝોડાની રાત જે પ્રકારે માનસિક તણાવ સાથે પસાર કરી છે અને વાવાઝોડું પૂર્ણ થયા પછી સવારમાં ઉઠીને જયારે બહાર નીકળ્યા ત્યારે જે દ્રશ્યો જોયાં છે તે આજે પણ નજર સમક્ષ તરવરે છે. કુદરતી આપત્તિ હતી, કુદરતી આપત્તિમાં આપણે કંઇ ન કરી શકીએ, પણ કુદરતી આપત્તિ આવ્યા પછી એનું પુન: વસન કરવા માટેની જવાબદારી છે એ રાજય સરકારની છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઇઓમાં સ્પષ્ટ જોગવાઇ છે. વધારાના નિર્ણયો કરીને રાજય સરકારે એના ઠરાવો કર્યા, અને એ નિયમો અને જોગવાઇ મુજબ વહીવટી તંત્રએ જે પ્રકારે અમલીકરણ કરવું જોઇતું હતું એ અમલીકરણ ન કરવાને કારણે જે પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઇ, એ ઉના હોય, ગીર ગઢડા હોય, જાફરાબાદ હોય કે રાજુલા તાલુકો હોય. સરકાર નિયમો બનાવે, ઠરાવો કરે, જાહેરાતો કરે, ચૂકવણું કરે, અને એ ઠરાવો અને એ નિયમોની જોગવાઇ મુજબ જે ખરેખર અસરગ્રસ્ત છે એ અસરગ્રસ્તને મળવું જોઇએ એ ન મળે ત્યારે એ ચિંતાનો વિષય થાય. ત્યારે સ્વાભાવિક છે કે જન પ્રતિનિધિ તરીકે દુ:ખ થાય અને આજે પણ દાવા સાથે સરકારને કહીએ છીએ, બે દિવસ પહેલા ગઇકાલે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર શ્રી અમરીશભાઇએ પણ આ વાતને રેકોર્ડ ઉપર મૂકી. આજે પણ તમે ચકાસો, શા માટે આપણે ચકાસતા નથી? કેશડોલ્સ અંગે નિયમોની જોગવાઇ છે કે જે પરિવારોને સ્થળાંતર કરીએ અને સરકારી મિલકતમાં એ રાતવાસો કરે, એ એક દિવસ, બે દિવસ, ચાર દિવસ કે પાંચ દિવસ જેટલા સમય સુધી એ રોકાય એટલા દિવસની એને કેશડોલ્સ વ્યક્તિદીઠ સો રૂપિયા અને અઢાર વર્ષથી નીચેના બાળક હોય તો ૬૦ રૂપિયા લેખે એને ચૂકવણું કરવાનું થાય. ઉના અને ગીર ગઢડાની અંદર ચારથી પાંચ ગામોને સો એ સો ટકા ચૂકવણું કરવામાં આવે. તો એ આખા ગામે સ્થળાંતર કર્યું હતું? બાજુના જ ગામની અંદર પાંચ કુટુંબને ચૂકવવામાં આવે, એનાથી બાજુના ગામમાં ૫૦ કુટુંબને ચૂકવવામાં આવે. જે દરિયાની નજીક છે સઇજ રાજપરા બંદર હોય, સીમર હોય, ખડા હોય, સેંજળીયા હોય, દાંડી હોય કે નવા બંદર હોય આ દરિયાઇ પટ્ટી ઉપર આવેલા ગામોમાં એક જ ગામની અંદર સઇજ રાજપરાની અંદર એક કુટુંબને સાત દિવસનું ચૂકવવામાં આવે અને એક કુટુંબને ત્રણ દિવસની સહાય ચૂકવવામાં આવે. આટલી વિસંગતતા કયા પ્રકારે હોઇ શકે? આટલી રજૂઆતો કર્યા પછી એને એકસૂત્રતા કરવા માટે આજની તારીખે પણ રેકર્ડ ઉપર આ વાસ્તવિકતા હોવા છતાં જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત કરવા છતાં અને એ વખતે રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી હતા તેમને અને ત્યાર પછી નવું મંત્રી મંડળ આવ્યું, નવા મુખ્યમંત્રીશ્રીને પણ રૂબરૂ જઇને અમે ધારાસભ્ય તરીકે રજૂઆત કરી, રજૂઆત કર્યા પછી પણ આજની તારીખે એ બાબતે હજુ કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. રાજય સરકાર આને ચકાસે અને ચકાસીને હજુ જે વિસંગતતા હોય તેને દૂર કરવામાં આવે. જે સહાય ચૂકવવામાં આવી છે એમાં વાંધો નથી. પણ જેનો અધિકાર છે. જેને મળવાપાત્ર છે એને આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે સંપૂર્ણપણે મકાન પડયું હોય તો ૯૫,૧૦૦ રૂપિયા અને અંશત: મકાન પડયું હોય તો ૨૫,૦૦૦ રૂપિયા. મારા મકાનને અંશતઃ નુકસાન થયું છે તો મને ૧૦ હજાર રૂપિયા મળે અને મારી બાજુમાં મકાન નથી પડ્યું એને ૯૫ હજાર રૂપિયા મળે. ગામમાં ૨૪ કલાક રહેતા હોય એમને મળવાપાત્ર છે એમને નથી મળ્યું એના મનમાં એની માનસિક સ્થિતિ કેવી હશે? આજે પણ આ પરિસ્થિતિ છે એને સરકાર સુધારે અને એમાં જયાં ક્ષતિ હોઇ જેણે ક્ષતિ કરી હોય એની સામે પગલાં લે. પરંતુ જેને ખરેખર મળવાપાત્ર છે જે આજની તારીખે વંચિત છે એ તાલુકા પંચાયત, મામલતદાર કચેરી કે

પ્રાંત કચેરીમાં એ ભટકે છે છતાં વહીવટી તંત્રએ જે જવાબદારી અદા કરીને નિકાલ કરવો જોઇએ એ નિકાલ કર્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માલધારીઓના જંગલમાં પાકા મકાનો નથી એમના કાચા મકાનો છે. પછી એ પૂર્વ વિભાગ હોય કે પછી પશ્ચિમ વિભાગ હોય આપણે ત્યાં જઇએ તો જંગલમાં જે નેસડાઓ છે એ બધી જગ્યાએ સરખા છે. ત્યાં ચાર કુટુંબોને ઘરવખરીના  સાત હજાર રૂપિયા અને અંશતઃ મકાનને નુકસાન થયું એને ૨૫ હજાર રૂપિયા આપ્યા છે. વન વિભાગ ત્યાં પાકા મકાનો કરવા દેતું જ નથી. નળીયાવાળા કે એવા મકાનો કરવા દેતા નથી. લાકડાવાળા હોય છે એમાં બે કુટુંબને ૨૫-૨૫ હજાર પાંચ કુટુંબને  પાંચ, સાત, આઠ હજાર રૂપિયા આપીએ છીએ. બધાની સરખી પરિસ્થિતિ છે છતાં ત્રણને આપીએ છીએ અને બાકીને આપતા નથી તો આ કયા પ્રકારનું વહીવટીતંત્ર છે. ગઇકાલે જ આપણે ગુડ ગવર્નસની વાત કરતા હતા આજે જંગલના નેસડામાં આ પ્રકારની સ્થિતિ છે ત્યારે મારી રાજય સરકારની વિનંતી છે કે આજે જયારે પૂરક માગણી લઇને આવ્યા છે વધારાનો ખર્ચ કર્યો છે ત્યારે જંગલના તમામ નેસડાઓને જે પ્રકારે આપ્યા છે એને કોઇપણ જાતના ભેદભાવ કર્યા સિવાય તમામ કુટુંબોને એક સરખું બધાને મળે તેવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગમાં પણ વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. ટી.સી. બળી ગયા છે. આજે એને દસ મહિના થયા ત્યારે રાજય સરકાર અને ઉર્જા મંત્રીશ્રીને કહેવા માગું છું  કે આજની તારીખે પણ મારા ઉના ડિવિઝન ઓફિસમાં ૧૩ ખેડૂતોના વીજ કનેકશન ચાલુ કરવાના બાકી છે. વાવાઝોડા પહેલા એમના વીજ કનેકશનો ચાલુ હતાં, પરંતુ વાવાઝોડામાં થાંભલા પડી ગયા એટલે આપણે એને વીજ કનેકશન આપી શકયાં નથી એનાં શું કારણો છે. રજૂઆતો કરી છે. ત્યારપછી તમામ કેશડોલ્સ હોય કે અંશતઃ મકાન સહાય, જંગલના નેસડા હોય, વીજ કનેકશન હોય કે ખેડૂતોને જે રીતે ઠરાવ કરીને કૃષિ પેકેજની જાહેરાત કરવામાં આવી. એ જ રીતે મત્સ્યોદ્યોગ તરફથી પેકેજની જાહેરાત કરવામાં આવી. નવા બંદર, સયદરાજપરા છે જે ફિશિંગનો ધંધો છે એને કાયદેસર વળતર મળવાપાત્ર છે અને જે મળવું જોઇએ એ આજે પણ મળ્યું નથી. માછીમારી કરતા ભાઇઓને એ મળ્યું નથી. ખેડૂતોને રાહત પેકેજનું ચૂકવણું કર્યા પછી જે બગીચાઓ હતા એમાં લાખો અને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું એમાં મને એક હેકટરના એક લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા, પરંતુ મારા શેઢે આવેલો બગીચો હતો એને પણ એટલું જ નુકસાન થયું હતું છતાં એને ૨૫ હજાર રૂપિયા જ ચૂકવવામાં આવ્યા છે. આ રીતે બાજુનાને તારવી દીધા છે આવું રેકર્ડ ઉપર છે ત્યારે સરકાર એની ચકાસણી કરાવીને તપાસ કરાવે અને જે વિસંગતતા રહી ગઇ છે એ દૂર કરવા પ્રયત્ન કરે. કારણ કે આ જે ચાર તાલુકા ઉના, ગીર ગઢડા, જાફરાબાદ અને રાજુલા તાલુકામાં જે રહી ગયા છે એને સહાય આપવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષની લઇને આવ્યા છે એમાં ઉર્જા વિભાગની માગણી નંબર-૧૩ વીજળી શકિત પરિયોજનાઓના સંદર્ભમાં સમર્થન આપીને મારો વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આપણે સૌ જાણીએ છીએ કે ગત વર્ષમાં કોરોના કાળ, વૈશ્વિક પરિસ્થિતિના કારણે બળતણની કિંમત, વીજળીની ખરીદી, કૃષિને અપાતી સબસિડીને કારણે પૂરક માગણીની પરિસ્થિતિ ઉભી થઇ છે. વરસાદ ઓછો પડવાના કારણે વીજ ખરીદી કરવી પડી, ખેડૂતોને વધારાની વીજળી આપવા માટે, તેને સબસિડી આપવા માટે, નવા કૃષિ વિષયક કૂવાના વીજળીકરણ માટે, અનેક વાવાઝોડા અને અતિવૃષ્ટિના કારણે કેટલીક ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનની લાઇનો ડેમેજ થવાના કારણે એમાં પણ ખર્ચ થયો અને તેના કારણે પણ આ પરિસ્થિતિ ઉભી થઇ અને પૂરક માગણીની વ્યવસ્થા કરવી પડી. કૃષિ વિષયક વીજજોડાણની અંદર શેર ફાળાના ભાગે માગો ત્યારે કૃષિ વીજજોડાણ આપવા પડે અને મળી રહે એ દિશામાં સરકાર આગળ વધી રહી છે ત્યારે અનેક કૂવાઓના વીજળીકરણ માટે કૃષિ વીજજોડાણની લાંબા સમયથી પડતર અરજીઓનો ઝડપથી નિકાલ થાય તેવો સરકારશ્રીનો આશય છે. ખેતી વિષયક વીજજોડાણ માટે પડતર અરજીઓના નિકાલ માટે વીજ વિતરણ કંપનીઓ, વ્યાપક નાણાકીય સ્ત્રોતની જરૂર રહે છે. ખર્ચ અરજદાર ખેડૂત પાસેથી વસૂલ કરવામાં આવતો નથી અને વીજ કંપનીઓનું આર્થિક ભારણ ઓછું કરવા માટે રાજ્ય સરકાર વીજકંપની જી.યુ.વી.એન.એલ. મારફત ૨૦૧૨-૧૩થી શેર કેપિટલ પૂરું પાડે છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૪૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીમાં ૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૪,૦૪૯ કૃષિ વિષયક કૂવાનું વીજજોડાણ કરી નાખવામાં આવેલું હતું. જેમાં ચાલુ વર્ષે વધારાના ૨૩૦.૦૬ કરોડ રૂપિયાનો વધારો કરી વધારાના અંદાજીત ૧૫,૪૦૦ કૃષિ વીજજોડાણ આપવાનું આયોજન કરેલું છે. આમ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ સુધારેલી જોગવાઇ રૂ. ૬૩૦.૦૬ કરોડ કરવામાં આવેલી છે અને ૬૩૦.૦૬ કરોડ રૂપિયાના ખર્ચે આશરે ૩૯,૪૬૦ કૃષિ વીજ કૂવાના વીજ જોડાણનું આયોજન કરવામાં આવેલું છે. આ બધાને કારણે પણ પૂરક માગણીની જરૂરિયાત થઇ. આ સિવાય હોર્સપાવર આધારિત કૃષિ વીજળીની સબસિડી હોય, જી.આર.સી. કૃષિ વિષયક પ્રશુલ્ક વળતર માટેની સબસિડી હોય, બળતણ માટે FPPPA માટેની સબસિડી હોય, માર્કેટમાંથી જે વધારાની વીજળીની આપણે ખરીદી કરવી પડી હોય, ચોમાસુ આ વખતે મોડું હોવાના કારણે ખેડૂતોને બે-બે કલાક વધારાનો વીજપાવર આપવામાં આવ્યો તેના કારણે પણ ઉંચા ભાવે વીજળીની ખરીદી કરવી પડી હોય, આ બધાં કારણોસર આ પૂરક માગણીની આવશ્યકતા ઉભી થઇ તો આ પૂરક માગણીઓને હું સમર્થન આપું છું.

## પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતમાં માનનીય તત્કાલિન મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ વાવાઝોડાના આગલા દિવસે ગીર સોમનાથ હેડક્વાર્ટરમાં હતા. આખી રાત ત્યાં હતા અને અમારી સાથે કોન્ટેક્ટમાં પણ રહ્યા હતા. માનનીય મંત્રીશ્રીનો હું ગીર સોમનાથ જિલ્લાવતી આભાર વ્યક્ત કરું છું કે એમણે ત્યાં રહીને રાત્રિના ૩-૦૦ વાગ્યા સુધી ટેલિફોન ઉપર કોન્ટેક્ટ કરીને સ્થિતિ અંગે જાણકારી મેળવતા હતા.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણીઓ ઉદ્યોગ, પશુપાલન, વીજળીશક્તિ પરિયોજના, કુદરતી આફત અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી અંગેની લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનું કદ જી.ડી.પી.માં દિનપ્રતિદિન અહેવાલમાં દેખાડી રહ્યું છે કે ઘટતું જાય છે. કોઇ પણ દેશના કે રાજ્યના વિકાસ માટે જોઇએ તો જી.ડી.પી. ઉદ્યોગ માટે એક મહત્ત્વનું પાસુ છે. છેલ્લાં વર્ષમાં મારે કહેવું છે કે વર્ષ ૨૦૦૪-૦૫ માં જી.ડી.પી. વિકાસદર ૧૯.૨૧ ટકા હતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે અને દિનપ્રતિદિન વિકાસદરમાં ઘટાડો નોંધાયો છે. આ સરકારના આંકડા હું આપી રહ્યો છું. વર્ષ ૨૦૦૫-૦૬માં ૧૪.૨૯ થયો હતો. વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૪.૪૪ થયો. વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૩.૩૭ થયો, વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૩.૫૯ થયો અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૩.૪૬ થયો. વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૪.૫૬ થયો. આમ ઘટતા જાય છે. આજે વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૧.૮૪ અને વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૧.૨૧ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૨.૧૮ થઇ ગયો છે. માત્ર ૧૨ ટકાનો વિકાસ દર. તો મને લાગે છે કે ગુજરાત જી.ડી.પી.માં આગળ આવવાને બદલે પાછળ ધકેલાતું જાય છે અને સરકાર રોજ વાહવાહી બોલે છે. આ એમના આંકડા છે. કોરોનાના કારણે સરકાર ઉપર ભારણ વધ્યું છે એવું માનનીય મંત્રીશ્રી કહે છે તો હું એના પણ આંકડા લાવ્યો છું. કોરોનાના કારણે રાજ્ય સરકારની કરવેરાની આવકમાં ઘટાડો થશે એવો એક અછડતો અંદાજ હતો પરંતુ એવું કશું થયું નથી. હકીકત એ છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્ય સરકારની કરવેરાની આવક રૂ.૭૯,૦૨૦ કરોડની હતી અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૮૩,૪૨૪ કરોડ થવાનો સુધારેલો અંદાજ આ બજેટમાં મૂકવામાં આવ્યો છે. કોરોના મહામારી હોવા છતાં રાજ્ય સરકાર પોતાની વેરાની આવક રૂ.૪,૪૦૪ કરોડ વધશે એવો અંદાજ સુધાર્યો હતો. કોરોનાના કારણે અસર થઇ હોય એવું દેખાતું નથી. માત્ર સરકાર વાહવાહી કરે છે અને આવી વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે આ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી સતત કેન્દ્રની સરકાર આપણે અન્યાય કરે છે એના હું આપની પાસે આંકડા લઇને આવ્યો છું. કેન્દ્ર સરકાર નાણાપંચની ભલામણ અનુસાર ગુજરાત સરકારને અનુદાન આપે છે તે કરવેરાના હિસાબ તરીકે ઓળખાય છે. અનુદાન વર્ષ ૨૦૦૫-૦૬ અને અનુદાન ૨૦૧૩-૧૪ના ૯ વર્ષના ગાળા દરમિયાન દર વખતે ૨૮.૯ ટકાના દરે વધ્યું છે. પરંતુ વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૨૧ના ૭ વર્ષના ગાળામાં ૧૭.૧૮ ટકા ઘટાડો થયો અને ગુજરાતને થપ્પડ મારી છે. અહીંના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન બન્યા પછી ગુજરાતને સતત કેન્દ્રની સરકારે સતત થપ્પડો વાગતી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસની વાતો કરો છો. હિન્દુસ્તાનની સરકાર ગુજરાતને શું આપે છે એ પણ મારે આપના મારફત કહેવું છે કે ડો. મનમોહનસિંહજીની સરકાર વખતે ગુજરાત સરકારને વધુ રકમ મળી હતી અને માનનીય નરેન્દ્રભાઇની સરકાર વખતે ગુજરાતને ઓછામાં ઓછી રકમ મળી છે એનો આંકડો એના બજેટ ઉપરથી દેખાય છે. કેન્દ્ર સરકારની યોજનાના અમલ માટે અનુદાન મળે છે એ અનુદાન વર્ષ ૨૦૦૫થી ૨૦૧૩ વર્ષના ગાળા દરમિયાન ૫૬ના દરે વધ્યું હતું અને વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ ૨૦૨૦ દરમિયાન ગુજરાત સરકારને કેન્દ્રની યોજનાઓના અમલ માટે વધુ રકમ મળતી રહી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર વખતે આ રકમ ગુજરાતમાં સતત ઘટતી રહી છે. આ હું ઓફિશિયલ આંકડા આપી રહ્યો છું. ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ કરવો છે, વાઇબ્રન્ટ મેળાઓ કરો છો, વાઇબ્રન્ટ એટલે માત્ર ગુજરાતને ધ્રુજાવાની વાત છે. વાઇબ્રન્ટના કારણે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે અને કરોડો રૂપિયાનો ખર્ચ કર્યા પછી પણ ડો.મનમોહનસિંહજીની સરકાર બોલતી નથી. ડો. મનમોહનસિંહજી કદી બોલતા નથી, કહેતા કહેતા એમણે કહેવું જોઇએ કે પ્રકાશન નંબર-૩૦ તરીકે પ્રસિદ્ધ થયું તેના ફકરા નં. ૩.૩માં આપેલી આંકડાઓની વિગત ઉપરથી સાબિત થાય કે માનનીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સતત એમ કહ્યું કે સરકાર ગુજરાતને અન્યાય કરે છે. ચેનલો મારફત, જાહેર ખબરો મારફત ગુજરાતને થપ્પડ મારતું હોય એમ લાગે છે કે ખરેખર મોદી સરકાર મને લાગે છે કે થપ્પડ નહીં પણ મોટો દંડો મારતા હોય એમ લાગે છે. સતત ગુજરાતને અન્યાય થઇ રહ્યો છે. કયાં છે ગુજરાતની સરકાર? શ્રી નીતિનભાઇ આપ જયારે બજેટ બહાર પાડતા હતા ત્યારે વાતો કરતા હતા કે ખેતી એક જી.ડી.પી. વિકાસ માટેનો મુખ્ય પાયો છે. આપના આંકડા લઇને માનનીય નાણામંત્રીશ્રી હું આવ્યો છું. ખેતી પ્રાથમિકતાનું ક્ષેત્ર રહ્યું છે ખરું? અમારા શ્રી રાઘવજીભાઇ તમારી વચ્ચે આવ્યા છે ત્યારે તમે આપેલું બે વખતનું બજેટ વર્ષ ૨૦૨૧માં ખેડૂતોને ખેતી માટેનું બજેટ તમારા તરફથી ૭,૪૨૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી. વર્ષ ૨૦૨૧-૨૨માં એમાં ઘટાડો કર્યો છે, ખેડૂતોનું ઉત્થાન કરો. વર્ષ ૨૦૨૧-૨૨માં ડબલ આવક કરવાની વાત શ્રી રાઘવજીભાઇ વિચારજો, જોજો. તમારું આ બજેટ હતું એ તમે બજેટ ઘટાડયું છે, કેવી રીતે તમે ખેડૂતોની આવક ડબલ કરવાના છો? હવે સતત બે વર્ષથી એમ કહો છો કે મારે પીપડાં ખરીદીને ખેડૂતોને આપવાં છે. પીપડામાં અનાજ થોડું સમાય? અને એ હજુ પીપડાં પહોંચાડી શકતાં નથી એના માટે ૨૦૦-૨૦૦ રૂપિયાનો ખેડૂતોએ ખર્ચ કરીને ઓન લાઇન પીપડાં માટેની અરજી કરી છે, આજે એ પીપડું કોણ દેવાનું છે, શું કરવાનું છે એની કયાંય જોગવાઇ નથી. રાત્રે ખેડૂત બિચારો ખેતીનું કામ કરે છે. એ વાડીએ જાય છે ત્યાં આ લોકો પીપડાની વાત કરે છે. આમાં બજેટ ઘટાડ્યું છે. આ વખતે ૪૦૦ કરોડનો વધારો આપ્યો છે. આમ, પ્રાથમિક

ક્ષેત્રે ગુજરાતનો અર્થતંત્રમાં ફાળો છે. સરકારના રૂપિયા ૨.૨૩ લાખ કરોડના ખર્ચમાં ૩૩ ટકાની જોગવાઇ કરવામાં આવી છે. હવે અંદાજ વધાર્યો છે. ખેતીમાં પ્રાથમિકતા રહી છે ખરી? છતાં પણ સરકાર આજે વધારાનું પશુપાલન અને ડેરી વિકાસનું બજેટ લઇને આવી છે ત્યારે નાણામંત્રીશ્રી મારફત પશુપાલન મંત્રીશ્રીને મારે કહેવું છે કે એક લાખ ખેડૂતોને ગોડાઉન આપવા માટેની રૂપિયા ૩૦ હજારની સહાય, ૩૦૦ કરોડ રૂપિયાની મુખ્યમંત્રી સંગ્રહ યોજના, ગાય આધારિત પ્રાકૃત્તિક ખેતી, ૫૦ હજાર ખેડૂતોને ૧૦,૮૦૦ રૂપિયાની સહાય, ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ. ૫,૦૦૦ ખેડૂતોને હળવું ભાર વાહન ખરીદવા માટે ૩૦ કરોડની પરિવહન યોજના. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ૧૫ લાખ સભ્યોને પશુપાલન માટે પશુદાણ ખરીદી માટે સહાય. ૧૫ લાખ સભ્યો એટલે આમાં શું થવાનું છે? (અંતરાય) જૂના બજેટની વાત કરું છું. નવા બજેટની વાત નથી કરતો. તમને આંકડા બતાવીશ. આ તમારા આંકડા આપી રહ્યો છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય વિરજીભાઇ સિનિયર વિદ્વાન ધારાસભ્ય છે એ હું સ્વીકારું છું અને માનું છું. પણ અત્યારે જે વાત કરી રહ્યા છે, જે વધારાની પૂરક માગણી ઉપર માનનીય કનુભાઇ માનનીય નાણામંત્રીશ્રીએ દરખાસ્ત રજૂ કરી છે કે વધારાનો ખર્ચ કેમ થયો એને ગૃહમાં રજૂ કરી ગૃહની મંજૂરી લેવાની છે. એમાં આખું લાંબુ કૃષિ વિભાગ ઉપર એમનું પ્રવચન ચાલુ કરી દીધું છે જે યોગ્ય નથી. ફક્ત પૂરક માગણીઓ ઉપર એમણે ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી : મેં શરૂઆતમાં જ જાહેરાત કરીને સૂચના આપેલ છે કે આપ પૂરક માગણીઓ પૂરતી વાત કરો. બજેટ આવે ત્યારે ચર્ચા કરજો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, પીપડાં આપવા માટેની ગત બજેટમાં જોગવાઇ થઇ છે. હું કહેવા માગું છું કે આ યોજના હેઠળ છત્રી આપવા માટે નાણામંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો હતો કે આ યોજના હેઠળ હજારો લોકોને છત્રી આપવામાં આવી છે. કેટલા લોકોને છત્રી આપવામાં આવી? કેટલી છત્રી આપવામાં આવી છે એનો આંકડો જાહેર કર્યો નથી. આંકડા જાહેર કરવા જોઇએ તો અમને ધારાસભ્યને ખબર પડે. અમે ખેડૂતોને પૂછવા જઇએ કે તમને છત્રી મળી કે નહીં? (અંતરાય) છત્રી કેટલા ખેડૂતોને આપી છે? (અંતરાય) આમ, *(XXX) કરે, કેટલા ખેડૂતોને છત્રી આપી છે?

અધ્યક્ષશ્રી : *(XXX) શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં કહેવા માગું છું કે, દિન પ્રતિદિન બજેટમાં ઘટાડો કરતા જાય છે અને ખેડૂતોની આવક ડબલ કરવાની વાતો કરે છે એ આવક ડબલ થશે નહીં. વીજળી શક્તિ પરિયોજના માટેની માગણી લઇને આવ્યા છે ત્યારે કહેવું છે કે સૂર્યોદય યોજના લાવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ખોટી માહિતી રેકર્ડ ઉપર ન જાય એટલા માટે મારી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબોને જે છત્રીઓ આપી છે, ફેરિયાઓને આપી છે, રોડ ઉપર ઉભા રહીને શાકભાજી, ફ્રુટસ વગેરે વેચે એવા ગરીબ માણસોને ટાઢ, તડકો અને ચોમાસાના રક્ષણ માટે આપી છે. ખેડૂતોને નથી આપી. ગેરસમજ ન કરતાં, તમે રોડ ઉપર જોજો. ગરીબ ફેરિયાઓને આપી છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૧-૨૨ની પૂરક માગણી નં. ૪૯ લઇને આવ્યા છે તેને આવકારું છું અને તેને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની ટેક્સટાઇલ પોલિસી વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૮ અને ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનમાં સમાવવા માટે સહાય માટે સહાય યોજના વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩. ટેક્સટાઇલ પોલિસી વર્ષ ૨૦૧૨ની સમય મર્યાદા તા.૩-૯-૨૦૧૮ના રોજ પૂરી થયેલ પરંતુ કલેઇમ ચૂકવવાના બાકી છે. તેના માટે વધારે નાણાની જરૂરિયાત હોઇ ઉપરાંત ટેક્સટાઇલ પોલિસી ચેઇન સહાય વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૩ ચાલુ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં આ કલેઇમો ચૂકવવા માટે રૂ. ૨૦૦ કરોડની વધારાની માગણી કરેલ પરંતુ કોવિડના કારણે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નહીં. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ખર્ચના પૂરક પત્રકના પેજ નં. ૫૨ માં રૂ. ૧,૫૦૦ કરોડની જોગવાઇ મંજૂર કરેલ છે. ટેક્સટાઇલ ઉદ્યોગની માગણી વધારે આવતા વધારાના રૂ. ૫૦૦ કરોડની માગણી કરેલ છે. આજે આ હેડની માગણીમાંથી રૂ. ૪૩૫,૫૯,૫૭,૦૦૦ ની બચત છે. જે ૬૪,૪૦,૪૩,૦૦૦ ની જરૂરિયાત હોઇ તેથી રૂ. ૬૪,૪૦,૪૩,૦૦૦/- મંજૂર કરવાના થાય જેને હું સમર્થન આપું છું. ગુજરાતની ટેક્સટાઇલ પોલિસી વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૮ અને સહાયની પોલિસી વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૩ પોલિસીના હિસાબે ટેક્સટાઇલ ઉદ્યોગનો ખૂબ જ મોટા પ્રમાણમાં વિકાસ થયેલ છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં જીનિંગ, પ્રેસિંગ, સ્પીનિંગ મિલો આ ટેક્સટાઇલ પોલિસીના હિસાબે જયાં ખેડૂતો કપાસ પકવતા હોય એવા વિસ્તારોમાં એ ઉત્તર ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય ત્યાં જીનિંગ, પ્રેસિંગ, ઉદ્યોગોનો ખૂબ જ મોટા પ્રમાણમાં વધારો થયેલ છે. જીનિંગ, પ્રેસિંગ સૌરાષ્ટ્રમાં લાઠી, દામનગર, ઢસ્સા, અમરેલી, બોટાદ જિલ્લામાં ભાવનગરમાં તથા અહીંયા જ આપણા એક્સ નાણામંત્રી કડી, કલોલમાં પોતે પણ જીનિંગ, પ્રેસિંગ ચલાવે છે. મહેસાણા અને ખૂબ જ મોટા પ્રમાણમાં અમદાવાદ, સુરતમાં ડાઇંગ અને પ્રોસેસિંગ એમ્બ્રોઇડરી મશીનો જે ખૂબ જ ઓછા રોકાણમાં રોજગારી આપે છે. વાઇડિંગ અને સાઇઝિંગ ઉદ્યોગ. અહીંયા વાઇડિંગ ઉદ્યોગમાં માનનીય રાજયકક્ષાના મંત્રી ભાઇશ્રી જગદીશભાઇ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પંચાલ પણ પોતાનો ઉદ્યોગ ચલાવે છે. આમ ટેક્સટાઇલની પોલિસીથી કચ્છમાં ખૂબ જ મોટા ઉદ્યોગો વિકસેલ છે. તેમજ ટેક્સટાઇલ ઉદ્યોગ પણ મોટા પ્રમાણમાં વિકસેલ છે. અમે ખાતરી સમિતિના સભ્યો સાથે કચ્છનો પ્રવાસ કરેલ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપે જ અમને આપના બંગલે બોલાવીને સમિતિના સૌ સભ્યોને આપે ચા નાસ્તો અને સન્માન કરેલ અને જે કચ્છનો વિકાસ ઉદ્યોગોમાં થયેલ છે. એ ઉદ્યોગોમાં ટેક્સટાઇલ ઉદ્યોગ વેલ્સપન જોવા માટે પણ આપે અમને સજેશન કરેલ અને બીજે દિવસે આપે. આમ તો જનરલી કોઇના અગાઉથી ટાઇમ લીધા વગર આ ઉદ્યોગમાં જવા નથી દેતા, પરંતુ આપે એ ઉદ્યોગ વેલ્સપનમાં જવાની વ્યવસ્થા પણ કરી આપી. આ ઉદ્યોગોમાં ૨૦૦૦ એકરમાં ટેક્સટાઇલ, ઓટોમેટિક મશીનરી આ કામ કરે છે. બધી જ મશીનરી ઓટોમેટિક છે. તેમાં ગુજરાતની ટેક્સટાઇલ પોલિસીને આભારી છે. આ સમિતિના અમારા સભ્યો જે કચ્છનો પ્રવાસ કરીને ખૂબ જ ખુશ થયેલ ત્યારે એવું થયું કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા એ સૂત્ર સાર્થક થયેલ. ગુજરાતમાં જયારે કાયદો અને વ્યવસ્થા ખૂબ જ સારી હોય ત્યારે મુંબઇમાં જયારે ડાયમન્ડ ઉદ્યોગની અંદર બાંદ્રામાં જે અત્યારે ડાયમંડ બુર્સ મોટા પાયે ચાલી રહ્યું છે એના અનુસંધાનમાં સુરતની અંદર અત્યારે ડાયમંડ બુર્સ રાજયના સહયોગથી રૂ.૩૦૦૦ કરોડના ખર્ચે થયેલ છે તેને આપણે સૌ આવકારીએ. જેમાં ૪૩૫૦ જેટલી ઓફિસો છે. દુનિયામાં જો સહકારી ક્ષેત્રે જો કોઇ મોટું બિલ્ડિંગ થયું હોય ૬૬ લાખ ચો.મી.માં તો આ એક સહકારી બિલ્ડિંગ મોટામાં મોટું છે. એમાં ઇન્ટરનેશનલ જે ૩૦ બિલિયનનું આ વર્ષે એક્સપોર્ટ પણ થયેલ છે. એ બતાવે છે કે રાજ્યમાં જે ઉદ્યોગ નીતિ કાયખદો વ્યવસ્થાની બરાબર હોવાના હિસાબે દરેક ઉદ્યોગનો વિકાસ થયેલ છે. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ માગણી લઇને આવ્યા છે તેને સર્વાનુમતે સૌ પસાર કરે તેવી આશા સાથે માગણીને સમર્થન કરું છું.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રસ્તાવનામાં ભાગ લેવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિષે જ્યારે મારે બોલવાનું છે, ત્યારે હું કહીશ એક જમાનામાં ૮૪ દેશના વાવટા જે ખંભાતના બંદરે ફરકતા હતા. એવા ખંભાત નગરમાં પ્રાણીઓ પ્રત્યેની કરુણા ભાવથી તે સમયે ખંભાત ખાતે આગવી પશુઓની સારવાર માટેની હોસ્પિટલ થઇ. ઐતિહાસિક નોંધો અને પુરાવા જોઇએ તો ઇ.સ. ૧૬૨૩માં એટલે કે આજથી આશરે ૪૫૦ વર્ષ પહેલાં ઇટાલિયન પ્રવાસી પેટ્રોડી વેલા અને ઇટાલીથી ખંભાત આ પશુ હોસ્પિટલ જોવા આવેલા. તે જ પ્રમાણે ફ્રાન્સથી રાલફ દ્વારા પણ વર્ષ ૧૫૮૦થી ખંભાતની પશુ હોસ્પિટલની મુલાકાતની નોંધ લીધેલી છે. કરુણા ભાવનાના પરંપરાના ઇતિહાસને ધ્યાનમાં રાખીને સદીઓ જૂના ઐતિહાસિક ખંભાત પશુ દવાખાના વર્ષ ૧૯૨૬માં બનેલ તે આજે પણ હયાત છે. આના ઉપરથી એક વાત આપણને યાદ આવે કે ગુજરાત નહિ, ગુજરાતના લોકો અને ગુજરાતમાં બનેલી સરકારો પશુ પ્રત્યે કેટલો સારો અને માયાળું ભાવ રાખે છે. અત્યારની આપણી ભાજપની ગુજરાત સરકાર પણ આ વિકાસ યાત્રાના પ્રણેતા અને દેશના લોકપ્રીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કેળવેલી વિકાસની કેડી ઉપર રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ સરકાર કામ કરી રહી છે. આ તબક્કે પશુપાલનની વાત કરું તો આ વ્યવસાય ખેડૂત સાથે જોડાયેલ છે. સૌનો સાથ સૌના વિકાસની ભાવનાને ચરિતાર્થ કરવા માટે આપણે સૌ સાથે મળીને કામ કરીશું તો આપણને સૌને ગુજરાતના સુવર્ણ યુગમાં સાક્ષી બનાવાનું ગૌરવ મળશે. આ પ્રસંગે માનનીય વડાપ્રધાનની એક પંક્તિ યાદ આવે છેઃ-

"પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું નહિ લઉં,
હું જાતે બળતું ફાનસ છું.
હું પડકાર ઝીલનારો માણસ છું."

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે પ્રગતિને દરેક ક્ષેત્રે એક નવી પરિભાષા કંડારેલ છે, ત્યારે પ્રત્યેક ગુજરાતી લોકોને આ અવિરત વિકાસની યાત્રામાં સહભાગી બનીને આનંદની લાગણી અનુભવી રહ્યો છું. ગુજરાત રાજ્યના આર્થિક અને સામાજિક વિસકામાં ખાસ કરીને પશુપાલન અને ડેરી વિકાસનું આગવું પ્રદાન છે. ખાસ કરીને રાજ્યની પશુપાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અનેક પરિવારો માટે પશુપાલન એ આર્થિક ઉપાર્જન માટેનો સચોટ વિકલ્પ છે. પશુપાલન સાથે ડેરી વિકાસ સમજના દરેક વર્ગના લોકના આર્થિક વિકાસ માટે પૂરક આવકનું સાધન સાબિત થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માગતા લોકો માટે આ વ્યવસાયમાં પૂરતી તકો ઉપલબ્ધ છે. રાજ્ય સરકાર પણ આ ક્ષેત્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. પશુ આરોગ્ય મેળા અંતર્ગત પશુઓને તબીબી સારવાર, સર્જીકલ સારવાર, ગાયનેકોલોજીસ્ટ સારવાર, કૃમિનાશક દવાઓનું વિતરણ, કૃત્રિમ બીજદાન, ખસીકરણ વિગેરે સેવાઓ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૨થી શરૂ થયેલ પશુ આરોગ્ય મેળા અંતર્ગત આ સુવિધામાં કરોડો પશુઓને સારવાર આપવામાં આવી છે. આજ દિવસ સુધીમાં કોઇ વ્યક્તિને આંખના મોતિયાનું આપૅરેશન કરવાનું હોય તો દરેક જગ્યાએ તેની સારવાર ઉપલબ્ધ થતી હતી. તેવા સમયે ગુજરાતમાં કોઇ પશુને આંખના મોતિયાની તકલીફ હોય તો ગુજરાતમાં પશુઓના આંખના મોતિયાના આપૅરેશન પણ કરવામાં આવી રહ્યા છે. જે કાર્ય કરવામાં ગુજરાત દેશમાં સૌ પ્રથમ સ્થાન ધરાવે છે. આવી અનેક વાતો લઇને આપણે આવીએ ત્યારે ગુજરાતનમાં અનેક પાંજરાપોળ ચાલે છે. તે પાંજરાપોળ થકી અનેક પશુઓની સારવાર થાય છે. હું એ કહીશ કે ગુજરાતમાં આજે ૧,૪૧૮ જેટલી ગૌશાળાઓ તથા ૨૧૯ જેટલી પાંજરાપોળો કાર્યરત છે. ગૌશાળામાં ગૌસંવર્ધન અને

ગોપાલનની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. જયારે પાંજરાપોળ ખાતે બીમાર તથા અશક્ત પશુઓની નિભાવણી જીવદયાની ભાવનાથી કરવામાં આવે છે. ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડને....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી પ્રવિણભાઇ મુસડીયા.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ક્ષેત્રે રૂપિયા ૨૭ કરોડ ૭૨ લાખ ૨૧ હજારની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે બજેટમાં કૃષિ ક્ષેત્રે વધારો હોય છે. તે બાબત સરાહનીય છે. આ વખતે પણ રૂપિયા ૫૦૫ કરોડ જેટલો વધારો કર્યો છે. પૂરક માગણીઓમાં જયારે વધારાનો ખર્ચ કર્યો છે ત્યારે તે ખર્ચ ગ્રાઉન્ડ ઉપર ગરીબ ખેડૂત સુધી પહોંચતો નથી તેવું લાગી રહ્યું છે. જયારે અમે અમારા વિસ્તારમાં જઇએ અને હું ધ્રોલ તાલુકાની વાત કરું તો વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૫ ટકા મંજૂર થયેલ વીમો હજી સુધી ચૂકવવામાં આવ્યો નથી. જે જે ખર્ચા થાય તેનો લાભ લોકો સુધી અને ખેડૂતો સુધી પહોંચે તે ખૂબ જરૂરી છે. જોડિયા વિસ્તારની અંદર આજી-૪ અને ડેબી-૩ ની જે કેનાલો છે તે ૨૦-૨૦ વર્ષ થવાં છતાં પૂર્ણ કક્ષાએ પહોંચી નથી. તેમાં માઇનોર કેનાલો બનાવવાની હોય તે હજી સુધી ન બનવાને કારણે ખેડૂતોને સિંચાઇનું પૂરતું પાણી મળતું નથી એટલે ખેડૂતોનો વિકાસ રુંધાઇ રહ્યો છે. ગયા વર્ષે કાલાવડ તાલુકામાં અને જામનગરમાં અમારા મુરબ્બીશ્રી રાઘવજીભાઇને પણ ખબર છે કે ત્યાં પુષ્કળ વરસાદ થયો. કોંગ્રેસની વખતમાં રાહતકામમાં બનેલા અનેક ચેકડેમ અને તળાવો તૂટી ગયા. નાનાં નાનાં તળાવો થકી ખેડૂતો સિંચાઇનું કામ કરી રહ્યાં હતાં તેના માટે વારંવાર રજૂઆતો કરવા છતાં તે હજી સુધી રિપેર કરવામાં આવ્યા નથી. જેના કારણે પણ ખેડૂતને સિંચાઇનું પાણી મળવું જોઇએ તે મળતું નથી અને ખેડૂતોની આવકમાં વધારો પણ થતો નથી. પુષ્કળ પ્રમાણમાં જે વરસાદ થયો તેના કારણે ખેડૂતોના ખેતર સુધી જવાના રસ્તાઓ પણ ધોવાઇ ગયા. તેનો સરવે કરવામાં આવ્યો પણ આજ સુધી તેમાં કોઇપણ પ્રકારની સહાય આપવામાં આવી નથી કે તેમાં કોઇ ગતિવિધી જોવા મળતી નથી. સરકાર વારંવાર કહે છે કે, ખેડૂતોને અમે દિવસે વીજળી આપીશું, દિવસે તો શું રાત્રે પણ વીજળી મળતી નથી. ૮-૮ કલાક વીજળી આપવાની વાત હતી પણ સતત ખેડૂતો જે વાવેતર કરે છે એમાં વીજળી નહીં મળવાના કારણે જો એક પિયત કે એક પાણ ન થાય તો આખા વર્ષની એની કમાણી જતી રહે છે. વારંવાર ટી.સી. બળે છે એ ટી.સી. એને ત્રણ દિવસમાં મળી જવું જોઇએ એ ૧૫ દિવસ કે ૧૮ દિવસ સુધી નથી મળતું, ત્યારે ખેડૂત બિચારો પોતાનો પાક બચાવવા એકાદ પાણ પાવા માટે ક્યાંક લંગરિયું નાંખે મજબૂર થઇને પોતાના બાળકોના ગુજરાન માટે અને થયેલું દેવું ચૂકવવા માટે ક્યાંક વીજળી ચોરી કરે તો આખા વર્ષનો દંડ ફટકારવામાં આવે છે. આ મૂળભૂત રીતે જવાબદારી સરકારની હોય છે જે ટી.સી. બળી જાય એ ટી.સી. ત્રણ દિવસમાં એમણે આપવું જોઇએ, પણ ૨૦ દિવસ સુધી ટી.સી. ન આપે તો પાવર વગર એ એનું પિયત ન કરી શકે અને એના કારણે એમનો પાક નિષ્ફળ જતો હોય છે. મારે બીજી એક ખાસ વાત કરવી છે કે, આ જમીન છે એ કુદરતનું સર્જન છે અને આપણા વડવાઓ પણ કહેતા કે આ જમીન રાજા રામની છે. આ પેન છે એના માટે આપણે કહી શકીએ કે આ ફેક્ટરીમાં બની છે, એમાં માલિકીનો હક હોઇ શકે, પેનનો માલિક હોઇ શકે પણ આ જમીનનો કોઇ માલિક નથી. આપણે સૌ સરકારમાં બેઠેલાં જે પ્રતિનિધિઓ છે એ માત્ર ટ્રસ્ટીઓ છે પણ જમીનના માલિક બનીને બેઠા હોય એવું લાગે છે. મારે એના કારણમાં જવું છે કારણ કે, કોંગ્રેસના વખતમાં અનુસૂચિત જાતિના જે લોકો જમીન વિહોણા હતા. એમને ગુજરાન ચલાવવા માટે કોંગ્રેસે જે જમીનો ખેડી ખાવા, પોતાનું ગુજરાન ચલાવવા માટે આપી હતી, એ આ સરકારના વખતમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની જમીન ખાલસા કરી નાખી છે, એ અનુસૂચિત જાતિના ખેડૂતોની ચિંતા કરી નથી. ભૂદાન સમિતિની જમીનો આપી એના વારસદાર જો દીકરી હોય અને એને ખેડી ખાવાનો જે અધિકાર હોય, એ જમીનોમાં કોઇ પણ જાતના ફેરફાર કે સુધારા કર્યા નથી, ત્યારે મારે કહેવું છે કે એ દીકરી સાસરે જાય તો ભૂદાન સમિતિની જમીન વેચી ન શકાય, ફેરફાર ન કરી શકાય તો દીકરી સાસરામાં ભેગી ન લઇ જાય કારણ કે જમીન છે એ સ્થળાંતર ન થઇ શકે એ વાત બહુ મહત્ત્વની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત પશુપાલનની વાત કરું, ગયા વર્ષે પુષ્કળ વરસાદ થયો અને એમાં ઢોર ઢાંખર, પશુ ઘેટાં બકરાં તણાય ગયાં, એમાં એને જે વળતર ચૂકવવાનું હોય તો પશુ પાલન વિભાગના જે અધિકારીઓ છે એમણે કહ્યું કે આના મૃતદેહો તમારે રજૂ કરવા પડે. હવે જે ઘેટાં બકરાં તણાય ગયાં હોય એના મૃતદેહો ક્યાંથી આપી શકે? હવે એ એમ કહે છે કે તમે મૃતદેહો રજૂ કરો તો અમે સહાય ચૂકવીએ. આવા પ્રકારના તઘલગી નિર્ણય પશુ પાલકોને ક્યાંથી રક્ષણ કે પોષણ આપી શકે? એટલા માટે આપ જો પશુ પાલકની ચિંતા કરતા હોવ તો ગામડાંમાં ગાયો રઝડે છે, ઢોર ઢાંખર, બકરાં એને બાંધવા માટે વાડાઓ જોઇએ. જે રાજાશાહી વખતના વાડાઓ હતા એ આપણે આજ સુધી રેગ્યુલરાઇઝ નથી કરી શક્યા અથવા તો જરૂર હોય તો પશુ પાલકોને ઘેટાં બકરાં બાંધવા માટેની વ્યવસ્થા આ સરકારે કરી આપવી જોઇએ. હું વધારે નહીં કહું પણ શા માટે, હમણાં અમારા મુરબ્બી મિત્ર કહેતા હતા કે ડો. બાબા સાહેબ આંબેડકરને કોંગ્રેસે ચૂંટણીમાં જીતવા નહોતા દીધા. *(XXX)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાન નાણા મંત્રી આદરણીય કનુભાઇ ખૂબ ક્રાંતિકારી બજેટ લાવ્યા પછી પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં ચર્ચા માટે હું ઉભો થયો છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૮, ૧૯૪૩ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતો અંગે રાહત માટે ચર્ચામાં જે માગણીઓ લઇને આવ્યા છે એમને ટેકો આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૃષ્ટિ ઉપરના સર્વ જીવોમાં મનુષ્ય સૌથી વધુ બુદ્ધિ ધરાવતું પ્રાણી છે અને આ બુદ્ધિનો ઉપયોગ કરીને મનુષ્યએ અન્ય બધા જીવો ઉપર આધિપત્ય જમાવ્યું છે એમ કહું તો ખોટું નથી અને એટલે પોતે માને છે કે, આ સૃષ્ટિનો હું માલિક છું પણ હકીકતમાં તે રખેવાળ છે. જે કંઇ સંપત્તિ મનુષ્યએ વારસામાં મેળવી છે એ સંપત્તિને સુધારીને તેમાં વધારો નહીં કરીએ તો કંઇ નહીં પરંતુ તેને વેડફ્યા વિના જેમની તેમ પેઢીને આપવી તે મનુષ્યની નૈતિક ફરજ છે, પરંતુ મનુષ્ય આજે પોતાની નૈતિક ફરજ ચૂકી ગયો છે અને તેના કારણે આ કુદરતી આફતોને નોતરી છે તેમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એક ભાગમાં વરસાદ પડે અને બીજા ભાગમાં દુષ્કાળ હોય આ બધુ પૂર, અતિવૃષ્ટિ, વાવાઝોડું, ભૂકંપ જેવી કુદરતી આફતોનું કારણ આજના અણઘડ મનુષ્યની જીવનશૈલી છે તેમ કહું તો ખોટું નથી. ગુજરાતમાં તેના ભૌગોલિક વિસ્તારમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. રણપ્રદેશ હોય, જંગલ પ્રદેશ હોય, અંતરિયાળ વિસ્તાર હોય કે ગ્રામ શહેરી વિસ્તાર હોય, તેનો ઔદ્યોગિક વિસ્તાર હોય તે અનુસાર જુદી જુદી વખતે અલગ અલગ પ્રકારની આપત્તિઓ જેમ કે અનાવૃષ્ટિ હોય, અતિવૃષ્ટિ હોય, દરિયાઇ સીમાઓનું ધોવાણ હોય, નદીઓના પૂર હોય કે ધરતીકંપ હોય કે ગરમીનો પ્રકોપ હોય તેનો સામનો આપણે કરીએ છીએ અને આના કારણે સરકારના અને વહીવટી તંત્રએ ખૂબ જ મુસદ્દીપૂર્વક વિશેષ પ્રકારના પગલાંઓ અલગ અલગ આપત્તિઓ વખતે લેવાનાં હોય છે અને તે લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે વાત કરું છું કે અલગ અલગ જગ્યાની જે વાત છે તેની અંદર આપણે ભૂલતા ના હોઇએ તો કચ્છનો ભૂકંપ હોય તે વખતે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન જાપાન ગયા પછી તેને ગુજરાતમાં સિસ્મોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના નહીં કરી હોત તો આજે જયારે આઇ.એસ.આર.ઓ. મારફત આપણે ગુજરાત રાજયના ૨૫ જેટલા જી.પી.એસ. મથકોની સ્થાપના કરી છે અને તેનાથી ધરતીની નાનામાં નાની હિલચાલને પણ આપણે માપી શકીએ છીએ એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઔદ્યોગિક રીતે ડિઝાસ્ટર રાજય છે. ગુજરાતના ૧૦ જેટલા વિસ્તારોમાં મહાવિનાશ પવન અને અત્યારે આપણે તૌકતે વાવાઝોડાથી લઇને રેલથી લઇને અનેક વાવાઝોડાના સામનાઓ કર્યા છે, પરંતુ રાજય સરકારની મજબૂત ઇચ્છા શકિતથી, વહીવટી તંત્રની મદદથી આ કપરી પરિસ્થિતિને પણ આપણે સુપેરે પાર પાડવા એડીચોટીનું જોર લગાવ્યુ છે તેમ કહું તો ખોટું નથી. તાજેતરમાં જ જે આપત્તિ વ્યવસ્થાપન છે તેમાં સેંડાઇ ખાતે વિશ્વ પરિષદના અનુસંધાનમાં આપણા સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આપત્તિના જોખમ માટે તાકીદના જે દસ સૂચનો તેમણે જે રજૂ કરેલાં હતાં અને ખાસ કરીને તેનો અમલ ગુજરાતમાં થઇ રહ્યો છે અને ગુજરાતની અંદર મને આનંદ એ વાતનો છે કે, આ કુદરતી આફતો સામે આપણે જે ન્યૂ ગુજરાત સરકારે જે ચાર પાયાના મંત્રો લીધા છે એ પ્રગતિશીલ, સંવેદનશીલ, પારદર્શક અને નિર્ણાયક અને આ ચાર મંત્રોને આત્મશ્લાધા કરીને આપણી આ વર્તમાન સરકાર આવી કુદરતી આપદાને પહોંચી વળવા માટે સુસજ્જ થઇ છે તેમ કહું તો ખોટું નથી. જયારે મારી પાસે બે મિનિટ છે ત્યારે પ્રકૃતિ માટેની મારે એક કવિતા રજૂ કરવી છે અને પ્રકૃતિ પોતે એમ કહે છે કે,

" હું ખૂબ દુઃખી એક પ્રકૃતિ છું, માનવની ભૂલથી વ્યથિત છું,
આ કારખાનાથી જ ડરી છું, એટલે ધૂમાડાને વરેલી છું.
આ જલધારામાં અટકી છું, એટલે દૂષિત થઇને ભટકી છું.
વૃક્ષોના અભાવે ખાલી છું, ગ્લોબન વોર્મિંગથી ભારી છું.
થોડી ધરતીકંપથી પીડિત છું, ઘણી જગ્યાએ જર્જરિત છું.
માનવની ભૂલથી વ્યતિત છું, હું ખૂબ દુઃખી એક પ્રકૃતિ છું. "

માનનીય અધ્યક્ષશ્રી, જે ટોટલ રૂ.૧૬૦૦ કરોડની જોગવાઇ કરી છે, તેની અંદર રૂ. ૫૮૫ કરોડ તો ઓલરેડી આપણે જે કોવિડની વાત કરે છે તે કોવિડના મૃત્યુ વખતની જે વાત છે તેના લગભગ રૂ.૫૦૦ કરોડ તો આપણે ચૂકવી દીધા છે. પહેલાં રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ કરી હતી અને અત્યારે બાકી રૂપિયા ૫૮૫ કરોડની જોગવાઇ કરી છે. મને છેલ્લે એક વાત એટલા માટે યાદ આવે કે શ્રી પ્રવિણભાઇ જે વીજળીની વાત કરતા હતા એમાં મને આજે કહેવાનું મન થાય કે પહેલાં એક સમય હતો જયારે મારી જમણી બાજુ સભ્યો બેઠા હતા એ વખતે બધા એમ કહેતા હતા કે ફક્ત વાળું સમયે વીજળી આપો. આ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યોતિગ્રામ મારફત ૨૪ કલાક વીજળી આપે છે. ૮ કલાકની વીજળી એગ્રિકલ્ચર પર આપે છે. શ્રી પ્રવિણભાઇ '' આપ કત્લ ભી કરતે હૈ તો ચર્ચા નહિ હોતા, હમ આહ ભી ભરતે હૈ તો બદનામ હો જાતે હૈ''

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કનુભાઇ જે ૧૩ નંબરની પૂરક માગણી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા અને સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ૩જી માર્ચના રોજ મને માધ્યમ બનાવીને કોંગ્રેસના મિત્રોએ જે ભારતીય જનતા પાર્ટીની સરાહના કરી એ બદલ એમનો આભાર માનું છું. એક સમય એવો હતો કે બાળક જન્મે ત્યારે એના પિતા બજાજ સ્કૂટર લખાવે અને એ સ્કૂટર બાળક ૧૮ વર્ષનો થાય ત્યારે મળતું. એક વખત એવો સમય વીજળીનો પણ હતો કે આજે લખાવે તો ૧૨, ૧૫, ૧૭ વર્ષે ખેડૂતને વીજળી મળતી હતી. મારે કહેવું છે કે આજે ખેડૂત માંગે ત્યારે વીજળી મળે. એ દિશામાં ભારતીય

જનતા પાર્ટીની સરકારે છેલ્લાં ૨૮ વર્ષમાં પ્રયાસ કર્યો છે. એના કારણે આજે બહુ જૂજ કનેક્શનો બાકી છે કે જે કનેક્શનો આપવામાં છ મહિના કે આઠ મહિના લાગતાં હશે. આજે સામાન્ય ઝૂંપડામાં રહેતા માણસથી લઇને ઉદ્યોગપતિ સુધીના લોકોને જે વીજળીની આવશ્યકતા છે એ આવશ્યકતા પૂરી પાડવા માટે રાજ્ય સરકારનું આ તંત્ર કટિબદ્ધ છે, પરંતુ ક્યારેક અકસ્માતો પણ સર્જાતા હોય છે અને અકસ્માતો ક્યારેય નોતર્યા આવતા નથી. ક્યારેક ભૂકંપ આવે, ક્યારેક અતિવૃષ્ટિ થાય, ક્યારેક વાવાઝોડું આવે અને ક્યારેક પૂર આવે. ભૂકંપ આવે ત્યારે વીજળીના પરિવહનમાં નુકસાન થાય છે. થાંભલા તૂટે, તાર તૂટે, સબસ્ટેશનો નષ્ટ પામે, ટ્રાન્સફોર્મર બળી જાય એવા સમયે પરિવહન ફરીથી શરૂ કરવાની આવશ્યકતા ઊભી થાય. હમણાં શ્રી પુંજાભાઇ વંશે જે પ્રકારે શ્રી ભૂપેન્દ્રસિંહને અભિનંદન આપ્યા. એમ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારે આવા અકસ્માતો બને છે ત્યારે અકસ્માત વિસ્તારમાં જઇને તાત્કાલિક વીજ પરિવહન શરૂ થાય, પુન:સ્થાપિત થાય એના માટેના પ્રયાસો કરે અને કટિબદ્ધ થઇને ગમે તેટલો ખર્ચ થાય પણ એ સેવાઓ ઝડપથી ચાલુ થાય એવા પ્રયત્નો કરે છે. વર્ષ ૧૯૫૫થી આજ દિવસ સુધી ખેડૂતોને લાખોની સંખ્યામાં કૂવાના વીજ કનેક્શન આપવામાં આવ્યાં હતાં, પણ આજ દિવસ સુધી એક પણ રૂપિયાનો વધારાનો ખર્ચ રાજ્ય સરકાર લેતી નથી. વીજળીના પરિવહનનો આવશ્યક ચાર્જ જર્ક નક્કી કરે છે અને જર્ક નક્કી કરે એટલા જ પૈસા લેવાની આવશ્યકતા હોય છે.

**(વિરામનો સમય ૨.૩૦ થી ૩.૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ) અધ્યક્ષસ્થાને**

શ્રી ગોવિંદભાઈ પટેલ (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, હું કહી રહ્યો હતો કે ખેડૂતોને એક હોર્સ પાવરથી અને બીજું મીટર પદ્ધતિથી એમ બે પ્રકારના કનેક્શન આપવામાં આવે છે. મીટર પધ્ધતિથી જે કનેક્શન આપવામાં આવે છે તેમાં એક યુનિટી દીઠ ૭૦ પૈસા લેખે આપવામાં આવે છે અને બાકીના જે જર્ક દ્વારા નક્કી કરેલા દરના વધારાના ડિફરન્સના પૈસા રાજ્ય સરકાર ભોગવે છે. તે જ રીતે એક હોર્સ પાવર દીઠ રૂ. ૬૬૫ દર વર્ષે નક્કી થયેલો દર છે. જર્ક દ્વારા રૂ. ૪ હજારનો નક્કી થયેલો દર છે. રાજ્ય સરકાર રૂ. ૧,૭૩૫ જેવો એક હોર્સપાવર દીઠ ખર્ચ ભોગવે છે. ખેડૂતોના કનેક્શનની સંખ્યા વધવાની સાથે સબસિડીની રકમ પણ વધતી હોય છે. આ વધતી જતી રકમને આકસ્મિક આવેલા વાવાઝોડાં, પોલ તૂટ્યા હોય, વાયર તૂટ્યા હોય, કનેક્શન બળી ગયા હોય તેવાં આનુષંગિક ખર્ચને પહોંચી વળવા માટે આ પૂરક માગણી લાવવામાં આવી છે. રાજ્ય સરકારનો ૧,૫૦૧ ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવાનો સંકલ્પ હતો, પરંતુ કોવિડ-19ના કારણે લગભગ ૧,૫૦૦ મેગાવોટની ખાધ એ વર્ષ દરમિયાન થઈ શકી નહિ. આ ખાધને પહોંચી વળવા માટે લોડ સેટિંગ ન કરવું પડે એટલા માટે બહારથી વીજળી લેવી પડી અને એ વીજળી ઊંચા દરથી લેવાના ડિફરન્સને કારણે આ પૂરક માગણી લાવવી પડી. આ પૂરક માગણી એટલા માટે છે કે આકસ્મિક ખર્ચ તૌકતે વાવાઝોડાના કારણે પડી ગયેલા થાંભલાઓ, તૂટેલા રેસાઓ, બળી ગયેલા ટી.સી. વગેરેને પહોંચી વળવા માટે થયેલ ખર્ચને પહોંચી વળવા આવશ્યક રકમ ઊભી કરવા માટે અને ખેડૂતોને જે વધારાના કનેક્શનો આપીને સબસિડીની જે વધારાની રકમ ચૂકવવાની થાય છે તે પૂરક કરવા માટે આ માગણી લાવવામાં આવી છે. આ કારણે પૂરક માગણી સર્વાનુમતે મંજૂર થાય તેવી વિનંતી સાથે તેને મારું સમર્થન આપું છું.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ શહેર છેલ્લા પાંચ વર્ષથી સ્માર્ટ સિટી જાહેર થયેલું છે. કરોડો રૂપિયા વપરાય છે અને આખા દાહોદ શહેરમાં ચારેકોર ખાડા પાડીને ખોદી નાખ્યા છે. મને લાગે છે કે દાહોદ સ્માર્ટ સિટી નથી ખાડા સિટી બની રહ્યું છે. સ્માર્ટ સિટી જાહેર થયા પછી સ્માર્ટ સિટીની કમિટી બની. હું દાહોદ શહેરનો પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ છું. સ્માર્ટ સિટીમાં કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોય ત્યારે મારો પણ સમિતિમાં સભ્ય તરીકે સમાવેશ કરવો જોઇએ. ઈરાદાપૂર્વક મને બહાર રાખ્યો. છાબ તળાવ બનાવવા માટે રૂ. ૧૧૦ કરોડ ફાળવવમાં આવ્યા છે. શું સોનાનું તળાવ બનાવે છે? આટલા રૂપિયામાં તો આવા ૧૦ તળાવ ખોદાઈ જાય. સ્માર્ટ સિટીના નામે ૧૦-૧૦ ફૂટે સાઈન બોર્ડ. સાઇન બોર્ડમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થયેલો છે. સંકલન સમિતિમાં હું પ્રશ્ન પૂછું ત્યારે અધિકારીઓ જવાબ આપતા નથી. કઈ કઈ કંપનીઓને કયા કયા પ્રોજેક્ટનાં કામ સોંપવામાં આવ્યાં છે? કેટલાં કામ પૂર્ણ થયાં છે અને હાલ કેટલાં કામ બાકી છે? એજન્સીની સમયમર્યાદા કેટલી છે? છતાં પણ સંકલન સમિતિમાં મને જવાબ આપતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસે અપેક્ષા રાખું છું કે, સ્માર્ટ સિટીના સભ્ય તરીકે મારો અધિકાર છે અને તેમાં મારો સમાવેશ કરવામાં આવે. બે વર્ષ પહેલાં ગુજરાતમાં લોકડાઉન જાહેર થયું. ગુજરાતના ખૂણે ખૂણેથી મારા દાહોદ જિલ્લાના આદિવાસીઓને પગપાળા ચાલતા ચાલતા તેમના પગમાં છાલા પડી ગયા. રખડતા થઇ ગયા. રડતા થઇ ગયા. છતાં પણ સરકારે કોઇ સુનવાઇ કરી નથી. આદિવાસી વિસ્તારના મારા દાહોદ જિલ્લાની વાત કરુ તો, દાહોદ જિલ્લામાં કોરોનામાં અઢી થી ત્રણ હજાર લોકો મૃત્યુ પામ્યા છે. સરકારે રૂપિયા ૫૦ હજારની સહાયની જાહેરાત કરી અને અમારી કોંગ્રેસ પાર્ટીએ રૂપિયા ૪ લાખની વળતરની માંગણી કરી, છતાં પણ રૂપિયા ૪ લાખ તો ઠીક પણ રૂપિયા ૫૦ હજારની પણ ફાળવણી થઇ નથી. લોકડાઉન જાહેર થયું. અમારા આદિવાસી વિસ્તારમાં ઓનલાઇન શિક્ષણ ચાલુ થયું. ટાવર જ ના પકડાય. ઓનલાઇન ભણવા માટે અમારા દીકરા -દીકરીઓ રૂપિયા ૨૦ હજારનો મોબાઇલ માંગે. એક ઘરમાં ત્રણ બાળકો ભણતા હોય તો રૂપિયા ૨૦-૨૦ હજારના મોબાઇલ માટે રૂપિયા ૬૦ હજાર કયાંથી લાવે? અમારા આદિવાસીના બાળકોનું શિક્ષણ ખતમ થઇ ગયું છે. આ પરિસ્થિતિ ચાલી રહી છે. ૬૦ સાલસે કુછ નહીં કીયા, આદિવાસીઓ કો બરબાદ કર દીયા. એમ કહીને મોટી મોટી વાતો થાય.

વન બંધુ કલ્યાણ યોજના છે, પરંતુ તેની વાસ્તવિકતા જુઓ? મારા વિસ્તારની વાત કરું અને દાહોદ જિલ્લાની વાત કરુ તો આજે પણ શિક્ષણ માટે વલખાં મારી રહ્યાં છે, આજે પણ પાણી માટે વલખાં મારી રહ્યાં છે. સિંચાઇના પાણીની સુવિધા નથી. કશું જ નથી. હવે વન બંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ આવે છે. હવે ફેઝ-૨માં શું થાય છે? ભગવાન જાણે. આજ રીતે કોરિડોર. દિલ્હી થી બોમ્બે એક લાઇન રોડ નીકળ્યો. મારા વિસ્તારના ૧૪ ગામો જાય છે. આદિવાસી વિસ્તારમાં જ પ્રોજેક્ટ કેમ કાઢો છો તમે? ઉમરગામથી અંબાજી અને અંબાજીથી ઉમરગામ, એનો મતલબ એ થયો કે આદિવાસીઓને ખતમ કરવાની આ વાત ચાલી રહી છે. આદિવાસીઓની જમીન હડપવાની વાત ચાલી રહી છે. એકને ખોળ અને બીજાને ગોળ. વલસાડમાં આદિવાસીઓને બુલેટ ટ્રેનનો જુદો ભાવ, અહીંયા દાહોદ જિલ્લામાં આદિવાસીઓને જુદો ભાવ. સસ્તા ભાવે જમીન પડાવી લેવામાં આવે છે. મારી માંગણી એ છે કે અમને જમીનના બદલે જમીન મળે તો જ આ જમીન આપીશું, નહીંતર કોઇના માથા વાઢતાં અમે છોડીશું નહીં. આંદોલન કરીશું. લડાઇ કરીશું. આદિવાસીઓ બેઘર થઇ ગયા. આદિવાસીઓ પાસે જમીન કયાં છે? ત્રણ પેઢી થઇ ગઇ. એક બાપના બેટા ૫૦ થઇ ગયા. ગુંઠા-બે ગુંઠા જમીન છે એ પણ તમે લેવાની વાત કરી રહ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું તો નળ સે જલ, જલ સે નળ. કડાણા આધારિત સિંચાઇનું પાણી મળશે, તળાવો ભરવામાં આવશે. કરોડો રૂપિયાની બજેટમાં જોગવાઇ થઇ. આજે એક પણ તળાવ ભરાયું નથી. ચારે તરફ ખેતરોમાં પાઇપો ખોદાઇ રહી છે પણ એક પણ નળમાં પાણી આવ્યું નથી. સમ્પ પણ બન્યા નથી. કશું જ થયું નથી. અત્યારે તળાવો ખાલી છે. પાણી માટે વલખાં મારી રહ્યાં છે. હોળી પછી મને તો અહીંયા એવું લાગે છે કે મારા *(XXX) બનાવવા માંગો છો.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી અરવિંદભાઇ પટેલ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ, ઉદ્યોગ વિભાગની પૂરક માંગણી નંબર-૪૯, મહેસૂલી પૂરક માંગણીની રકમ રૂપિયા ૬૪ કરોડ ૪૦ લાખ ૪૩ હજારની આ સન્માનનીય સભાગૃહમાં માંગણી લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૫ વર્ષથી ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીની સરકારને સત્તાના સુત્રો સોંપ્યા છે. મને કહેતાં આનંદ થાય કે, સમસ્ત દેશની અંદર ગુજરાતની એક વિકાસલક્ષી મોડલ તરીકે આગવી ઓળખ ઉભી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ઘણા બધા વર્ષોથી ગુજરાતની અંદર ઉદ્યોગ સાહસિકોએ ઉદ્યોગો સ્થાપવા માટેનું એક આખું પ્લેટફોર્મ તરીકે ગુજરાત ઉપર પસંદગી ઉતારી છે. આના આધારે ગુજરાતની અંદર જે પ્રમાણે પહેલા કૃષિ એટલે કે ખેતીના આધાર ઉપર આપણે બધાએ જીવનનો નિર્વાહ કરવો પડતો હતો એની અંદર આજે ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. ગુજરાતમાં અનેક મોટા ઉદ્યોગો જેવા કે રિફાઇનરી હોય, ફૂડ ઇન્ડસ્ટ્રિઝ હોય, કોટન ઇન્ડસ્ટ્રિઝ હોય, ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રિઝ હોય, ફાર્માસ્યુટીકલ ઇન્ડસ્ટ્રિઝ હોય, એવી અનેક ઇન્ડસ્ટ્રિઝની સ્થાપના અહીંયા ગુજરાતના, દેશના તેમજ વિદેશના ઉદ્યોગપતિઓએ અહીંયા કરી છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે સૌથી પહેલા દેશની અંદર વાઇબ્રન્ટ ગુજરાત, એટલે કે ગુજરાતની અંદર ઉદ્યોગપતિઓ ઉદ્યોગો સ્થાપે અને ગુજરાતની પ્રજાને રોજગારી મળે, ગુજરાતની અંદર બેકારી ઉભી ન થાય તેના માટેનું એમણે એક આયામ ઉભું કર્યું તે આજે દેશમાં રોલમોડલ તરીકે પ્રખ્યાત અને પ્રસ્થાપિત થયું છે. એના આધારે અનેક ઉદ્યોગોની અહીંયા સ્થાપના થઇ છે. આજે જે પૂરક માગણીઓ લઇને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે તે પણ એક અતિ મહત્ત્વની પોલિસી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨માં બનાવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પહેલા કાપડ ઉદ્યોગોના કારણે અમદાવાદ શહેરની માન્ચેસ્ટર તરીકે દેશ અને વિદેશમાં પહેચાન હતી. એ વખતની સરકારોએ કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકાર હોય, એમની જે નીતિ હતી એના આધારે એ કાપડ મિલોની અંદર યુનિયન પ્રથાની અમલવારી કરવાના કારણે જે તે વખતે કાપડ મિલોમાં હડતાળ પડવાને કારણે અને યુનિયનની જોહુકમીના કારણે એ મિલ માલિકો હતા એમણે પોતાના ધંધા બંધ કર્યા. એ પછી ગુજરાતમાં ખૂબ મોટા પાયે નર્મદાના પાણી છેવાડાના માનવી સુધી પહોંચાડવાની યોજનાનો અમલ થયો અને તેને કારણે રૂ એટલે કે કોટનનું ઉત્પાદન ખૂબ મોટું થતું હતું તે વખતે જયારે એ રૂ અહીંયા ઉત્પાદન થતું હતું ત્યારે જે અમદાવાદની માન્ચેસ્ટર તરીકેની જે કાપડની મિલો હતી તે બંધ હોવાથી આપણા ખેડૂતોને જે પ્રોસેસ કર્યા પછી ગાંસડીઓ હતી તે ગાંસડીઓ દક્ષિણ ગુજરાતમાં વેંચવા જવું પડતું હતું. અને એમાં પણ દક્ષિણ ગુજરાતની અંદર આપણા ઘણા બધા વેપારીઓની, એ ઉત્તર ગુજરાતના હોય કે સૌરાષ્ટ્રના જીનિંગ પ્રેસવાળા વેપારીઓના ઘણા મોટા પૈસા એ વખતે ડૂબતા હતા. પણ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એ રૂ નું ઉત્પાદન જે ગુજરાતમાં થાય તેની પ્રોસેસ પણ અહીંયા થાય અને એનો પૂરેપૂરો સદ્‌ઉપયોગ થાય અને અહીંયાથી જ એનું પ્રોડકશન થાય એના માટેની ટેકસ્ટાઇલ પોલિસી વર્ષ ૨૦૧૨માં બનાવી અને તેની અમલવારી કરી હતી. એ વખતે એ વિવિંગ હોય કે પછી કોટન સ્પીનિંગ મિલ હોય એના માટેના એકમો સ્થાપવા માટે એ યોજનાની અંદર જે વર્ષ ૨૦૧૨માં પોલિસી બનાવી એ પોલિસીમાં આપણી સરકારે ઉદ્યોગોને અનેક જાતના લાભ આપવાનો નિર્ણય કર્યો. એમાં ટેકસ્ટાઇલ વેલ્યુ, ચેઇન સમાવિષ્ટ એકમોને પ્રોત્સાહિત કરવા માટે વ્યાજ સહાય, બીજા અન્ય પ્રોત્સાહનો આપવા માટેની જાહેરાત કરી હતી. આ યોજનામાં ટેકસ્ટાઇલ એકમોને પાંચ વર્ષ માટે વ્યાજ સહાય તથા પાવર ટેરિફ, અને કનેકશન માટે ૮ વર્ષ માટે અનુપાલન માટે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સહાય આપવાનું તથા વેટ અને જી.એસ.ટી.ની અંદર પણ આપણે એ એકમોને પાંચ વર્ષ માટે વ્યાજ સહાય આપવા માટેની યોજના અમલમાં મૂકી હતી. અને એના આધારે છેલ્લાં ઘણાં બધાં વર્ષોથી આની અંદર જે નાના મોટા યુનિટો જે સમય કરતા પછી એનું ઉત્પાદન કરતા હતા અને એ ઉત્પાદનના આધારે સરકારની નીતિના આધારે જેમને પણ આની અંદર સહાય ચૂકવવાની થતી હતી, સબસિડી હોય અથવા તો એની તાલીમ સંસ્થાઓ હોય એના તાલીમાર્થીઓને સહાય આપવા માટે પાવરલૂમ ક્ષેત્રને તાલીમ સહાય અને ટેકસટાઇલ એપરલ પાર્ક સ્થાપિત કરવા માટે સહાય આપવામાં આવતી હતી એની અંદર જે ખર્ચ વધારાનો સરકારે કર્યો હોય અથવા તો જે જોગવાઇ કરી હોય એ જોગવાઇની અંદર પૂરક કરવા માટેની આજે માગણી લઇને આવે છે એને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે અનુદાનની પૂરક માગણી નંબર-૧૩ વીજળી શકિત પરિયોજનાઓ ઉપર લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરક માગણીઓ લાવવાનું કારણ બળતણની કિંમત અને ખરીદીનો હિસાબ મેળવવા તથા ખર્ચ માટેનો છે. આ ગુજરાતમાં કૃષિ વિષયકના વીજ વપરાશ સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સબસિડી માટે જેવી કે હોર્સ પાવર આધારિત કૃષિ સબસિડી, કૃષિ વિષયક પશુના વળતરની સબસિડી, બળતણ ખર્ચ અને વીજ ખરીદીના હિસાબ માટેની સબસિડીના લીધે આ બજેટમાં વધારો થયો છે એના કારણો આ સભાગૃહને જણાવું છું. આ સબસિડીમાં વધારો થવાના કારણોમાં સમગ્ર ગુજરાતમાં જુલાઇ અને ઓગસ્ટ-૨૦૨૧માં ચોમાસાના મહિના દરમિયાન ખૂબ જ ઓછો વરસાદ પડ્યો હોવાને કારણે ઉભો પાક આખા ગુજરાતમાં બચાવવા માટે રાજય સરકારે કૃષિ ક્ષેત્રે બે કલાક વધારાનો વીજ પુરવઠો આપવાનો નિર્ણય આપ્યો હતો અને આ નિર્ણયથી આ વર્ષ દરમિયાન વધારાના બે કલાક ખેડૂતોને સિંચાઇ માટે વીજ પુરવઠો પૂરો પાડવાને જી.આર.સી. ટેરિફ સબસિડીમાં અંદાજીત રૂ.૫૫૦.૪૬ કરોડ રૂપિયાનો વધારો થવા પામેલ છે. આમ, ઉકત કારણોસર ચાલુ વર્ષની સબસિડીની જોગવાઇમાં રાજય સરકાર દ્વારા જરૂરી વધારો મંજૂર કરવામાં આવેલો છે અને આ પૂરક માગણીને રજૂ કરવામાં આવેલ છે ત્યારે એમાં મારું સમર્થન પૂરાવું છું. આ સરકારને અભિનંદન આપું છું. મારા વિસ્તારની વીજળીની વાત કરીએ તો અત્યાર સુધી મહીસાગર જિલ્લામાં ભૂતકાળમાં ૧૦ સબસ્ટેશનો હતાં જયારે હાલમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૨૨ જેટલાં સબસ્ટેશનો છે. એવી જ રીતે ફિડર ૮૩ હતા જયારે હાલમાં ૧૩૪ જેટલા છે. ખેતી વીજ કનેકશનો ભૂતકાળમાં ૧૦ હજાર હતા એની જગ્યાએ હાલમાં અમારા જિલ્લામાં ૨૯,૫૦૦ જેટલાં છે. ખેતી વીજ કનકશન મેળવવા માટે ભૂતકાળમાં સાતથી દસ વર્ષ જેટલો સમય લાગતો હતો પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ફોર્મ આજે ભરો અને એક વર્ષની અંદર ખેતી વિષયક વીજ કનેકશન આપવામાં આવે છે ત્યારે આ સરકારનો હું હૃદયથી આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સૂર્યોદય યોજના અત્યાર સુધી નહોતી પરંતુ આ સરકારે અમલમાં મૂકી એમાં ૧૪,૫૦૦ ખેડૂતોને અત્યારે આનો લાભ મળે છે. આવી જ રીતે હું મારા મહીસાગર જિલ્લામાં ૨૮ જેટલા ફિડરો આજે કિસાન સૂર્યોદય યોજનામાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. એટલું જ નહિ સરકારશ્રીને અભિનંદન આપીએ છીએ કે આ કૃષિ વીજ કનેકશન માટે જે સમય લાગતો હતો એ તાત્કાલિક કરી દેવામાં આવે છે એક મારું નમ્ર નિવેદન કરું છું મારો આ વિસ્તાર છે એ રાજસ્થાનની બોર્ડર ઉપરનો ખાનપુર તાલુકો છે, લુણાવાડા તાલુકો છે એમાં ગરીબ ખેડૂતો આવેલા છે, મધ્યમવર્ગના લોકો રહે છે. ગામોમાં ગામતળની વાત કરીએ તો ગામતળ છે જ નહિ એટલે લોકો જે નવી પેઢી માટે મકાનો બનાવવા માટે ગામતળની જગ્યાએ ખેતરમાં વસવાટ કરતા હોય છે. સરકારશ્રી ખૂબ કામો કરે છે એ બદલ અભિનંદન આપું છું પરંતુ એક વિનંતી કરવા માગું છું કે આ ગામતળ અત્યારે છે નહિ તેથી ખેડૂતો પોતાના ખેતરમાં પોતાની જમીનમાં ઘર બનાવીને વસવાટ કરે છે. ત્યારે તેમને વીજ કનેક્શન માટે અગ્રીકલ્ચર કનેક્શન આપવામાં આવે છે પરંતુ તેમને ૨૪ કલાક વીજળી મળે તે માટે મારા વિસ્તાર વતી અને ખેડૂતો વતી આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું તો શહેરી વિસ્તાર હોય, શહેરી વિસ્તારમાં આજુબાજુના ગામડાઓમાં એન.એ. કરેલી જમીનો છે તેમાં સરકારના નિયમો પ્રમાણે વીજ કનેક્શન આપવાનું હોય છે, પરંતુ અમુક વિસ્તારોમાં ૧૦ પ્લોટ હોય અને ૧૦ પ્લોટ પર મકાન થઇ ગયા હોય ત્યારે જ આપે છે. ત્યારે આપના મારફતે વિનંતી કરું છું કે સ્થાનિક લોકોને વીજ કનેકશન મળી રહે અને જે એન.એ. કરેલી જમીન પછી તેમાં સોસાયટીમાં એક મકાન બન્યું હોય કે બે મકાન બન્યા હોય એ તમામને વીજળીનું કનેકશન આપવામાં આવે. સરકારે વીજ ક્ષેત્રે વર્ષો જૂનાં કામો જે નહોતાં થયાં એ અમારા લુણાવાડા વિધાનસભામાં કર્યા છે. આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને પૂરક માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન આપીને વિરમું છું.

શ્રી લલિત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મે મહિનામાં સૌરાષ્ટ્ર ઉપર કુદરતી કહેર વરસ્યો. તૌઉતે વાવાઝોડું આવ્યું. અતિવૃષ્ટિ થઇ. ખેડૂતો બરબાદ થયા. રાજ્ય સરકારે ખેડૂતોને થયેલ નુકસાનનો તાત્કાલિક સરવે કરીને ખેડૂતોને વળતર આપવા માટેની જાહેરાત કરી. માનનીય પુંજાભાઇ, માનનીય અંબરીશભાઇએ વાત કરી. તૌઉતે વાવાઝોડામાં જે નુકસાન ગયું છે એ નુકસાનનું

વળતર જે લોકોને મળ્યું છે તેનો વાંધો નથી, પરંતુ જેને ખરેખર નુકસાન ગયું છે એવા ખેડૂતોને વળતર મળ્યું નથી. ક્યાંકને ક્યાંક સરકારી તંત્ર અને સરકારની નીતિના કારણે સાચા અરજદારોને મોટું નુકસાન સહન કરવું પડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાવાઝોડા વખતે મે મહિનામાં અતિવૃષ્ટિ પણ થઇ અને રાજ્ય સરકારે સરવે કર્યો. મારા ઉપલેટા તાલુકામાં ૫૦ ગામોમાંથી ૩૨ ગામોનો સરવે કરવામાં આવ્યો. ઉપલેટા તાલુકામાં ભાદર, વેણુ, મોજ જેવી મોટી નદીઓ નીકળે છે. આ નદીઓના કાંઠે મોટા ભાગના ગામો આવે છે પરંતુ કોઇ કારણોસર ૧૮ ગામોનો સરવે બાકી રાખવામાં આવ્યો. માનનીય કૃષિમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અમે રજૂઆતો કરી. એ ૧૮ ગામના ખેડૂતોને લઇને અમે અહીં આવ્યા. માનનીય કૃષિ મંત્રીશ્રીએ નીચે સૂચનાઓ પણ આપી અને સરવે પણ કરવામાં આવ્યો, પરંતુ મને એવું લાગે છે કે શ્રી રાઘવજીભાઇની નીતિ ત્યારે સાચી હતી પરંતુ આ *(XXX) આ એ વાત ઉપરથી કહું છું.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. *(XXX) મંત્રી માટે બોલો છો એ વ્યાજબી નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરવા ઠીક નથી. એકવાર ગમે તેમ બોલી દેવું, છાપાવાળા, અખબારવાળા એ વાતને છાપે એ કેટલું ખરાબ દેખાય છે! કોઇને વ્યક્તિગત આવી રીતે બોલાય નહીં, આવો આક્ષેપ થાય નહીં. આવું ન બોલાય એવું આપ સમજો છો છતાં જાણી જોઇને આપના જ..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી લલિતભાઇ, ખરેખર આપને આ શબ્દો..

શ્રી લલિત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત હું એટલા માટે કરું છું કે માનનીય કૃષિ મંત્રીશ્રીની સૂચનાથી ફરી સરવે કરવામાં આવ્યો. ૧૮ ગામોનો ફરી સરવે કરવામાં આવ્યો એ ૧૮ ગામમાંથી ૧૦ ગામ એવા હતા કે જેનો રીપોર્ટ રાજય સરકારના અધિકારીએ કૃષિ મંત્રીની સૂચનાથી કર્યો. એ સરવેનો રિપોર્ટ માનનીય કૃષિમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી સુધી આવ્યો. મેં આખા રાજકોટ જિલ્લાની અંદર જે નુકસાનીનો સરવે હતો એની સાથે મારા ૧૮ ગામમાંથી ૧૦ ગામના આંકડાઓ મેળવ્યા અને આજે ગૃહની અંદર દાવા સાથે કહું છું કે આખા રાજકોટ જિલ્લાની અંદર તમે જેટલા ગામોને સહાય ચૂકવી એમાંથી તમારા રિપોર્ટમાં મારા તાલુકાના ૧૦ ગામ એવા છે કે જેને રાજય સરકારે સહાય ચૂકવી નથી. એ ખેડૂતોનો હક્ક છે. ખેડૂતોનો પાક ધોવાઇ ગયો છે અને એ ગામની વાત કરું છું કે જે ગામની અંદર તમારી એન.ડી.આર.એફ.ની ટીમ લોકોને બચાવવા જાય અને એન.ડી.આર.એફ.ની ટીમ ત્યાં ચોવીસ-ચોવીસ કલાક ફસાઇ જાય. એમને ત્યાંથી નીકળવા માટે ચોવીસ ચોવીસ કલાકની રાહ જોવી પડે. આવા ગામોને પણ આજની તારીખમાં અનેક રજૂઆતો પછી પણ સહાય ચૂકવવામાં આવતી નથી. કયાંકને કયાંક સરકારનો ઈરાદો... મારે તો શબ્દ બોલવા હતા પણ ફરી શ્રી રાજેન્દ્રભાઇ ઉભા થશે એટલે નથી બોલતો.

ઉપાધ્યક્ષશ્રી : આપણે નિયમમાં જે છે એ જ બોલોને.

શ્રી લલિત વસોયા : પરંતુ સરકારનો ઈરાદો કયાંક ખેડૂતોને *(XXX) એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : *(XXX) શબ્દ પણ રેકર્ડ ઉપરથી દૂર થાય છે. બિનસંસદીય શબ્દ છે. આ વ્યાજબી નથી.

શ્રી લલિત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, જેટલું બોલું છું એટલું કાઢી નાખો પણ કંઇક સહાય ચૂકવો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય લલિતભાઇ, જે નિયમમાં આવતું હોય એ જ બોલાય. નિયમ બહાર બોલવાની જરૂર નથી.

શ્રી લલિત વસોયા : આ અન્યાય થયો છે. રેકર્ડ ઉપરની વાત છે. માનનીય મંત્રીશ્રી પાસે મેં સમય લઇને ઘણી વખત રજૂઆતો પણ કરી છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સાહેબ, વારંવાર જો આવી રીતે આ ગૃહમાં આપ સાહેબનું અપમાન કરવામાં આવતું હોય, આપના હુકમને માનવામાં આવતો ન હોય, એક વખત શબ્દ રદ કર્યા પછી વારંવાર રિપીટ કરવામાં આવતો હોય તો પ્રવચન બંધ કરીને આગળ ચાલવું જોઇએ. એમને સ્પષ્ટ સૂચના આપવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી લલિતભાઇ, આપને ઠપકો આપવામાં આવે છે. વારંવાર આપ બોલો છો એ વ્યાજબી નથી. આપ ફરીથી આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : એમને બોલતા ના આવડતું હોય તો એમાં અમારો કોઇનો વાંક છે ? અન્યાય નહીં, ન્યાય નથી થતો એમ કહેવાય. અન્યાય થાય છે એ શબ્દ નથી વપરાતો. ન્યાય નથી થતો એમ કહેવાય. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમે બધા બેસી જાવ, શ્રી લલિતભાઇ બોલે છે.. એક મિનિટ બાકી છે. શ્રી પુંજાભાઇ, તમે બેસી જાવ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમે એમ કહી શકો કે ન્યાય નથી થતો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી લલિતભાઇ, તમારી એક મિનિટ બાકી છે..(અંતરાય)

શ્રી લલિત વસોયા : ન્યાય નથી થતો એનો સીધો જ મતલબ હું જે શબ્દ બોલ્યો એ થાય છે. હું એડવોકેટ નથી એટલે હું શબ્દોને વણીને મૂકતો નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સાહેબ, આ આપના હુકમનો અનાદર થાય છે.

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૯મી માર્ચ ૨૦૨૨

## પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) આપ બેસી જાવ.. શ્રી લલિતભાઇ બેસી જાવ પ્લીઝ..તમારો સમય પતી ગયો. (અંતરાય) એ ડિસ્ટર્બ કરે તો તમારે વિચારીને બોલવું જોઇએને ? માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ મહેતા.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧-૨૨ માટે માગણી નંબર-૮૯ હેઠળ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના આઇ.ટી. ક્ષેત્રના ખર્ચની પૂરક માગણીના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ભારત નેટ પ્રોજેક્ટ માટેની પૂરક માગણીના સમર્થનમાં મારું મંતવ્ય રજૂ કરું છું. વર્ષ ૨૦૧૫માં કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ ઓપ્ટીકલ ફાઇબર નેટવર્ક અને ડિજિટલ ઇન્ડિયાના પ્રોજેક્ટ હેઠળ ભારત નેટ પ્રોજેક્ટની શરૂઆત કરાઇ હતી. ભારત નેટ પ્રોજેક્ટના બીજા તબક્કાના અમલીકરણ માટે ગુજરાત સરકારે દરેક ગ્રામ પંચાયત દીઠ એક જીબીપીએસ બેન્ડ વીડ્થ પૂરું પાડવા ગ્રામ પંચાયતથી ગાંધીનગર ખાતે આવેલ સ્ટેટ ડેટા સેન્ટર સુધી સરકારી માલિકીના ફાઇબર નેટવર્કથી જોડાણ તથા ગ્રામ વિસ્તારને આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવા અને સરકારી સેવાઓને વેગવંતી બનાવવા ગુજરાત ફાઇબર નેટવર્ક લિમિટેડ નામની કંપનીની સ્થાપના કરેલ હતી. ભારત નેટ પ્રોજેક્ટનો ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારના લોકોને ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય નેટવર્ક પૂરું પાડવાનો હતો. આ પ્રોજેક્ટના બીજા તબક્કામાં ગુજરાત રાજ્યની ૭,૬૯૨ ગ્રામ પંચાયતોને ઓપ્ટીકલ ફાઇબરથી સાંકળી લેવાનું આયોજન હતું. જેની સામે ફેબ્રુઆરી-૨૦૨૨ના અંત સુધી ૭,૯૭૪ ગ્રામ પંચાયતોને આ નેટવર્કથી સાંકળી લેવામાં આવેલ છે. આ લક્ષ્યાંક કરતાં વધારે ગ્રામ પંચાયતોને સાંકળી લેવામાં આવેલ છે. મને આ સભાગૃહમાં જણાવતા આનંદ થાય છે કે ભારત નેટ પ્રોજેક્ટના બીજા તબક્કાના લક્ષ્યાંકની સિદ્ધિમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. ભારત નેટ પ્રોજેક્ટના હાલના નેટવર્કથી ગ્રામ્યજનોને ઘર આંગણે બધી સરકારી સેવાઓનો લાભ મળી શકે એ હેતુથી ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ આશરે ૧૪,૦૩૮ ગ્રામ પંચાયતોમાં કુલ ૩૩૨ સરકારી સેવાઓ દ્વારા અંદાજિત ૮૦ લાખ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. મારા વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તાર પણ આવે છે. આ સેવાઓ જે ચાલુ થઇ એમાં સરકારશ્રીના આટલા મોટા પ્રોજેક્ટો થોડો સમય માટે ચાલુ થાય છે અને પછી બંધ થઇ જાય છે. મેં જાતે વડોદરા જિલ્લામાં સૌથી પહેલાં આ સ્કીમની શરૂઆત ડભોઇ પંચાયતમાં કરાવી હતી. મારા હાથે ચાલુ કરવામાં આવી હતી પણ આજે કેટલાક ગામડામાં આ પ્રોજેક્ટ બંધ હાલતમાં છે. પ્રોજેક્ટ સારો છે અને એનો લાભ લોકોને મળી શકે એમ છે. પરંતુ પ્રોજેક્ટ ચાલુ થયા પછી કેમ બંધ થઇ જાય છે? આ ભારત નેટવાળા સાથે ગઇકાલે એમના માણસ સાથે વાત કરી તો કહે કોન્ટ્રાક્ટ પૂરો થઇ ગયો. હવે આમાં અમે શું કરી શકીએ? કારણ કે આપણે આ લાભ છેવાડાના ગામો સુધી ડભોઇ સેન્ટરથી ૪૦ કિલોમિટર દૂર સુધી નદી કિનારાના ગામો સુધી અમારો વિસ્તાર છે અને એ ગામડાઓને આનો લાભ મળતો નથી. આ પ્રોજેક્ટ અંતર્ગત અલગથી ઓ.એલ.ટી. સેન્ટર બનાવવાનું આયોજન પણ છે. જે અગાઉ બી.એસ.એન.એલ. સાથે ઉભા કરેલ સેન્ટર સાથે હતું. બી.એસ.એન.એલ. પરની નિર્ભરતા દૂર કરવા રૂપિયા ૬૦ કરોડનો ખર્ચ કરવાનો નિર્ધાર કરેલ છે અને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ભારત નેટના પ્રોજેક્ટને આગળ વધારી માનનીય નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર પ્રવચનમાં ગ્રામ પંચાયતો, આંગણવાડી, પોલીસ સ્ટેશનો, આરોગ્ય કેન્દ્રો, સરકારી શાળાઓ અને કચેરીઓને ઇન્ટરનેટ કનેક્શનથી જોડવા માટે ૭૩ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ભારત નેટ માટે સૂચવાયેલ રૂપિયા ૨૭.૨૭ કરોડની માગણીઓને સમર્થન આપું છું. પણ જે મેં કહ્યું તે પ્રમાણે ગ્રામ્ય વિસ્તારોનાં આ કનેક્શનો જોડાયેલાં રહે. કારણ કે દરેક ગામની પાંચ સંસ્થાઓ જેમાં સસ્તા અનાજની દુકાન, તાલુકા પંચાયતની ઓફિસ, તલાટીની ઓફિસ આવી જગ્યાએ નેટ કનેક્ટિવિટી આપવા, પોલીસ ચોકી હોય તો એમાં પણ એનું આયોજન કરવામાં આવેલ છે. પરંતુ અત્યારે મારા વિધાનસભા વિસ્તારના ગામોમાં આ પ્રોજેક્ટ કોઇપણ ગામમાં ચાલુ નથી. વિનંતી કરું છું અને આમાં સમર્થન આપું છું પણ સાથે આશા રાખું છું કે, અમારી આ રજૂઆતને ધ્યાનમાં લઇને અમારા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના ગામડાઓની આ સુવિધા જલ્દી પૂર્વવત થાય. આભાર.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આ લોકોને કહો કે બે મિનિટ સાંભળવાની તૈયારી રાખે. આવું ને આવું બોલો છો, એટલે ૨૫ વર્ષથી ત્યાં સામી પાટલીએ બેઠાં છો. હજુ સુધરતા નથી. વર્ષ ૨૦૨૧-૨૨ના માગણી નં. ૪ હેઠળ પશુપાલન અને ડેરી વિકાસ (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, આપ શાંતિથી બેસો. બેઠા બેઠા કોમેન્ટ ન આપો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણીના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. (અંતરાય)

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

ઉપાધ્યક્ષશ્રી : કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. શ્રી શશીકાન્તભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો મને ખલેલ પહોંચાડે છે એના માટે મને સમય આપવા આપને વિનંતી કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રાખો.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ)

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌ સેવા અને ગૌચર વિકાસના કાર્યક્રમો માટેની પૂરક માગણીના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. રાજય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી કાર્યક્રમોની અમલવારી થકી રાજયના પશુધન, પશુપાલકો, ગૌશાળા, પાંજરાપોળ, સહકારી ડેરી માળખાને ઉત્તમ સેવા પૂરી પાડવા હરહંમેશ કટિબદ્ધ આ સરકાર રહી છે. એ ઉપરાંત અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ હોય, કુદરતી આફતના સમયે અછતગ્રસ્ત વિસ્તારમાં પશુપાલકો, ગૌશાળા, પાંજરાપોળ માટે પરિસ્થિતિ મુજબ બનતી સહાય આ સરકાર કરી રહી છે. તે આપણે સૌ જાણીએ છીએ. નોવેલ કોરોના વાઇરસની વૈશ્વિક મહામારી અને માર્ચ-૨૦૨૦ના સમયગાળામાં મોટાભાગના દેશો અને આપણા દેશમાં પણ લોકડાઉન સહિતના વિવિધ નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા. આ લોકડાઉનના કારણે રજિસ્ટર્ડ ગૌશાળા હોય, પાંજરાપોળ હોય એને નિભાવવામાં આવતા પશુઓ માટે દાનની આવક ઓછી થવાથી મૂંગા પશુઓના નિભાવ ખર્ચની વ્યવસ્થા કઇ રીતે કરવી એ ગૌશાળા અને પાંજરાપોળ માટે યક્ષપ્રશ્ન બન્યો હતો. હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું કે આ સરકારે મૂંગા પશુઓની પાંજરાપોળ હોય કે ગૌશાળા હોય એને આર્થિક સહાય કરી આ મૂંગા પશુઓને જે જીવતદાન આપ્યું છે એ બદલ આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબને પણ ખાસ કરીને અભિનંદન આપું છું. એટલા માટે અભિનંદન આપું છું કે મારો બનાસકાંઠા જિલ્લો અતિ પછાત અને ભૌગોલિક દ્રષ્ટિએ ગુજરાતનો છેવાડાનો જિલ્લો છે. ત્યાં પશુધન ખૂબ જ છે. પાણીનો સ્ત્રોત ખૂબ ઓછો હોવાને કારણે ત્યાં પશુઓને નિભાવવા માટે અને ખેતી માટે ખૂબ તકલીફ પડતી હતી, પરંતુ સરકારશ્રીએ ઘાસચારા માટે જે સહાય કરી છે એ કયારેય ભૂલી શકાય તેમ નથી. હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું કે સરકારે વારંવાર પશુપાલકો અમારે ત્યાં છે એ પશુપાલકો માટે પાણીની વ્યવસ્થા ન હોવાને કારણે અછત, વારંવાર દુષ્કાળના કારણે, પાણી ન હોવાને કારણે ખેતીની જમીનમાં ખેતી થઇ શકતી નહોતી પરંતુ જે અમારા ખેડૂતો પશુધન રાખતા હતા તેના માટે દૂધાળા પશુઓની આવક આર્થિક જીવનધોરણ ટકાવી રાખવા માટે અમારા માટે મજબૂત સાબિત થઇ. બનાસ ડેરી અમારી એશિયાની મોટામાં મોટી ડેરી કહેવાય, પણ આ પશુઓ દ્વારા ડેરીમાં દૂધ ભરાવી અને જે આવકના સ્ત્રોત ઉભા કર્યા એના કારણે આર્થિક કરોડરજ્જૂ કહેવાય બનાસકાંઠાની એ પણ ટકી રહી. આ સરકાર દ્વારા વારંવાર અમને પાંજરાપોળ હોય કે ગૌશાળા હોય કે કોઇપણ બાબત હોય સરકાર દ્વારા ખૂબ જ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. એ માટે હું સરકારશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. જો દુષ્કાળના સમયે આ સરકાર અમારી સાથે ઉભી ન રહી હોત તો ખેડૂતોને જીવવું, ટકવું મુશ્કેલ થઇ જાત. હજારો પશુઓને ટકાવવા પણ અમારા માટે એક તકલીફ ઉભી થઇ જાત પરંતુ જે સબસિડી સરકારે આપી છે. આ સરકાર જીવદયા પ્રેમી સરકાર છે. આ સરકાર જીવદયામાં માનતી સરકાર છે અને આ સરકારના માધ્યમથી જે અમને જીવતદાન મળ્યું છે એ માટે હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. (અંતરાય) સામેના મિત્રો વારંવાર મને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરે છે પરંતુ મારે એમને એટલું કહેવું છે કે ભૂતકાળમાં તમે ખેડૂતો માટે શું કર્યું હતું એ ભૂલી ન જવું જોઇએ. ભૂતકાળમાં ખેડૂતો ઉપર ગોળીબારો કરી અને ખેડૂતો મોતને ભેટયા હતા એ તમે ભૂલી ગયા છો? (અંતરાય) તમારી કોંગ્રેસની સરકાર હતી એ ભૂલી ગયા છો તમે? વાત કરો છો ખેડૂતોના હિતની, પશુપાલકોના હિતની. *(XXX) મને સમય વધારે આપવા વિનંતી છે. ખલેલ પહોંચાડે છે. મારું તો એમને એટલું જ કહેવું છે કે ૨૫-૨૫, ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં.(અંતરાય) સાંભળો.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

ગુજરાતની પ્રજાએ ૨૭ વર્ષથી ભાજપની સરકાર આપી છે અને ભાજપની સરકાર કયારે હોય? જ્યારે સારું કામ કરતી હોય ત્યારે હોય. જો સારું કામ ન કરતી હોય તો તમારા જેવી સ્થિતિ આવે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, એમનું પ્રવચન પૂરું થવા દો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : આ લોકો વારંવાર ખલેલ પહોંચાડે છે.

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, એમનું પ્રવચન પૂરું થાય પછી, પ્રવચનની વચ્ચે નહીં.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : મારું તો ફકત એટલું જ કહેવું છે કે ખેડૂતોને માટે મગરના આંસુ સારવાનું બંધ કરી દો. ખરેખર તમારા હૈયે ખેડૂતોનું હિત વસેલું હોય તો સરકારની સાથે કદમથી કદમ મિલાવી સહકાર આપો. અસ્તુ. ભારત માતાકી જય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શશીકાંતભાઇના પ્રવચન વખતે એવું કહ્યું કે *(XXX) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. આ ઉપરાંત શરૂઆતના તબક્કામાં એવું કહ્યું તમે કોંગ્રેસવાળા સુધરો. કોણે સુધરવાની જરૂરિયાત છે એ પહેલા આત્માને પૂછી લો.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી અને અમારા વડીલ આદરણીય કનુભાઇ દેસાઇ ઉદ્યોગ, ખાણ વિભાગની ખર્ચના પૂરક પત્રકમાંની જે માગણીઓ લઇને આવ્યા છે. તે બાબતમાં મારા વિચારો, સજેશનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે આ સજેશનો ઉપર ખરેખર કામગીરી કરવામાં આવશે તો સરકારને બહુ મોટી રકમ આવક પેટે થશે એવું મારું સ્પષ્ટપણે માનવું છે. આ ગૃહને જણાવતા આનંદ થાય છે અને ગૌરવ પણ થાય છે કે આ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન આદરણીય નહેરુજીએ આપણી નર્મદા ડેમનો પાયો નાખ્યો છે. આ નર્મદા ડેમ કઇ સિમેન્ટથી બન્યો છે, તેની ચર્ચા ગૃહ સાથે કરવી છે. મારા વિધાનસભા વિસ્તારમાં આજે નર્મદા સિમેન્ટ નામની કંપની આવેલ છે. મને કહેતા ગૌરવ થાય છે કે આ દેશનો જીવાદોરી સમાન નર્મદા ડેમ જે બન્યો છે. એ માત્રને માત્ર મારા વિસ્તારની અંદર આવેલી તત્કાલીન નર્મદા સિમેન્ટ કંપની જે રાજ્ય હસ્તક હતી, એ સિમેન્ટના ઉત્પાદનથી આ દેશની જીવાદોરી સમાન નર્મદા ડેમ મારા નર્મદા સિમેન્ટમાંથી બનેલો છે. હું કહેવા માગું છું કે જે ડેમ જે વિસ્તારની સિમેન્ટમાંથી બન્યો છે એ વિસ્તારને આજે પણ પીવાનું પાણી મળતું નથી. ઓન પેપર કદાચ મળતું હશે, આજે પણ એ તાલુકાની અંદર, વિધાનસભા વિસ્તારની અંદર ઘણા બધા ગામો એવા છે કે એ વિસ્તારના લોકોને પીવાના પાણી માટે ટળવળવું પડે છે, એટલા માટે આપના માધ્યમથી સરકારને વિનંતી કરું છું કે રાજ્યના કે દેશની અંદર જે વિસ્તારનું યોગદાન છે, એ વિસ્તારના યોગદાનને અવગણવું ન જોઇએ. પૂરતી માહિતી સાથે લોકો માટે કામ કરવું પડે. મારા વિસ્તારમાં મસમોટી કંપનીઓ આવેલી છે. ઔદ્યોગિક એકમોના હિસાબે ઘણું બધું લોકો માટે સારું પણ થયું છે. તેમ છતા મારું માનવું છે કે સરકાર અમુક બાબતમાં ગંભીરતા દાખવે અને ગુજરાતની અંદર જે ઉદ્યોગો ખનનની પ્રવૃત્તિ કરી રહ્યા છે. ખનન કરવા માટે આખા ગુજરાતની અંદર દરિયાઇ લેવલથી ખોદવાની મંજૂરી આપેલી છે, એથી વધુ ખોદાણ કામ થયું તો તેની તપાસ કરવામાં આવે, તો હું માનું છું કે સરકાર ધારે છે એના કરતા મોટી રકમ ઉદ્યોગો પાસેથી પ્રાપ્ત થાય તેમ છે. હું સાર્વજનિક ફ્લોર ઉપરથી સરકારશ્રીને વિનંતી કરું છું કે આ બાબતમાં ચોક્કસ તપાસ કરવામાં આવે તો ચોક્કસપણે સરકારને ફાયદો થાય તેમ છે. કોઇ ઉદ્યોગ સાથે વાંધો નથી. કોઇ પક્ષાપક્ષીની હું વાત કરતો નથી. જો આ બાબતમાં તપાસ કરવામાં આવશે તો ફરી વખત કહું છું કે મારી અને તમારી અપેક્ષા કરતા વધુ રકમ સરકારને આ ઉદ્યોગ ગૃહો પાસેથી લેવાની નીકળશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો આ જ બાબતનો મુદ્દો છે. મારા વિસ્તારની અંદર નમક ઉત્પાદન કરતી ઘણી બધી કંપનીઓ આવેલી છે. આ નમક ઉત્પાદન જે કંપનીઓ કરે છે તેમાં ઇન્ડસ્ટ્રિયલ સોલ્ટ અને નાના નાના અગરીયાઓ સાથે સંકળાયેલ એડીબલ સોલ્ટ એટલે કે, ખાઇ શકાય તેવું મીઠું પેદા કરવામાં આવે છે. આ બાબતના ટેકાના ભાવ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યા નથી. આજનો વિધાનસભાનો મારો તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૯ હતો અને તેમાં મેં તેમાં પૂછયું હતું કે, આ જે ટેકાના ભાવો જે નક્કી કરવામાં આવે છે તે યોગ્ય રીતે નક્કી કરવામાં આવે છે કે કેમ? તો વિભાગ દ્વારા મને જવાબ મળ્યો છે કે, તે વિભાગ દ્વારા કરવામાં આવતા નથી. તો કદાચ રાજ્ય સરકારને આ પાવર ન હોય તો કેન્દ્ર સરકારમાં મારે અને તમારે ધા નાખવી જોઇએ. જેથી મીઠું પકવતા નાના અગરીયાઓને અને ઇન્ડસ્ટ્રિયલ સોલ્ટ જે લોકો ઉત્પાદન કરે છે તે લોકોને સારા ભાવ મળે. એટલે ફરી વખત મારી આપને વિનંતી છે કે, આ બાબતમાં યોગ્ય કાર્યવાહી થવી જોઇએ. આખા ગુજરાતની અંદર બધા જ ઔદ્યોગિક એકમોને નફાના બે ટકા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટીના નામે જે તે વિસ્તારના અસરગ્રસ્ત ગામોમાં વાપરવાના હોય છે. આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરું છું કે, જે સી.એસ.આર. ફંડ વપરાય છે તેના માટેની કમિટીની અંદર જે તે ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવે. સી.એસ.આર.માંથી જે રકમ વાપરવાની હોય છે તેમાં ગ્રામ પંચાયતની અંદર ગ્રામસભા બોલાવીને નક્કી કરવામાં આવે કે, તમે કયા પ્રકારના કામ કરવા ઇચ્છો છો. તો જ આ કામોમાં પૈસા વપરાશે અને ખોટી જગ્યાએ નહીં વપરાય અને તો જે તે ગામોનો વિકાસ થશે. સાથે સાથે એક મિનિટ મને જરૂર પડે તો વધુ આપજો. સાથે સાથે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી લઇને આવ્યા છે તેની અંદર મારે વાત કરવી છે. સરકારનું ઓ.એન.જી.સી. નામનું એક સાહસ છે. થોડાં વર્ષો પહેલાં તેનો કલોલની અંદર એક સોસાયટીની અંદર બહુ મોટો બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટની અંદર ત્રણ લોકો મૃત્યુ પામ્યા હતા. આજે પણ તે સોસાયટીની અંદરથી પાઇપલાઇન પસાર થાય છે. તેની ઉપર મકાનો છે. ત્યાંના લોકો ધા મૂકી મૂકીને થાકી ગયા તેમ છતાં તેની તપાસ થતી નથી. ત્રણ લોકોના મૃત્યુ થયા તેમ છતાં જે લોકો કસૂરવાર હતા તે લોકોની સામે ફરિયાદ થઇ નથી. જે લોકો કસૂરવાન હતા તેમને છોડી દેવામાં આવ્યા છે. મારી એટલી વિનંતી છે કે, સરકાર આ બાબતમાં ગંભીરતાથી આગળ વધે.

શ્રી જે. વી. કાકડિયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૧-૨૨ના વર્ષ માટેની પૂરક માગણી નંબર-૪ કૃષિ અને પશુપાલન તથા ડેરી વિકાસને લગતી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. પશુધન સુધારણા અને સંરક્ષણ કાર્યક્રમો માટે વધારાની રકમની જરૂરિયાતના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,મારા મત વિસ્તારના માનનીય કવિ શાયર ઝવેરચંદ મેઘાણી સાહેબની ૭૫મી પુણ્યતિથિ નિમિત્તે હું તેઓને નમન વંદન કરું છું. મારા વિસ્તારમાં બગસરા મુકામે સરકારી સાયન્સ કોલેજ મંજૂર કરી છે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારી એક વિનંતી છે કે, શિક્ષણમંત્રીશ્રીએ આ કોલેજ મંજૂર કરી છે તેમાં શાયર ઝવેરચંદ મેઘાણીનું નામ ચડાવે. આજે મારા વિસ્તારમાં ડેરી ઉદ્યોગ ખૂબ સારી રીતે ચાલી રહ્યો છે. ચલાલા એન.ડી.ડી. ડેરી ખૂબ સારી રીતે ચાલે છે. જિલ્લા સંઘ દૂધ ડેરી મારા મિત્ર રાજુભાઇના વડપણ નીચે સારી રીતે ચાલી રહી છે. આ બંને ડેરી તથા ગાવડકા મુકામે કેટલફીડ પ્લાન્ટ આજે સહકારી ધોરણે ચાલી રહ્યો છે ત્યારે આજે કેન્દ્રિય મંત્રીશ્રી રૂપાલા સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. ભારત દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઇફ્કોના ચેરમેન શ્રી દિલીપભાઇ સંઘાણી અમારા વિસ્તારના છે એટલે તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા વિસ્તારમાં રાજયની સૌ પ્રથમ દેશી ઓલાદો, ગીર ગાય, કાંકરેજ ગાય, બન્ની, મહેસાણી, જાફરાબાદી સુરતી ભેંસ સંવર્ધન અને જાળવણી પશુ સંવર્ધન સવલતો ઉપલબ્ધ કરાવવા બદલ, પશુધન અને વિકાસના કાર્યક્રમનું સુદ્રઢ અમલીકરણ કરવા બદલ રાજ્ય સરકારને આપના

માધ્યમથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. પશુઓની ઔલાદની રાજ્ય સ્તરે ઓળખ પ્રસ્થાપિત કરવાની સાથે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની સ્થાનિક ઐલાદના પશુઓના સંવર્ધન માટે પશુ સંવર્ધન કેન્દ્રો, સ્થાનિક ઔલાદના બ્રીડર એસોસિએશનની સ્થાપના અને નાણાકીય સહાય, એમ્બ્રિયો ટ્રાન્સફર, જીનોમ સિકવન્સિંગ, મોલેકચ્યુલર અને ડિરેક્ટરાઇઝ, બૂલ મધર ફાર્મની સ્થાપના માટે વૈજ્ઞાનિક અભિગમનો અમલ કરવામાં આવ્યો છે ત્યારે આ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુઓના શુદ્ધ સંવર્ધન અને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક ઓલાદના સારા પશુઓના પશુપાલકોની માવજતને બિરદાવી અન્ય પશુપાલકોને તેમના પશુઓને ઉત્તમ માવજત પૂરી પાડવા માટેનું વાતાવરણ ઉભું કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮થી દર વર્ષે સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં તરણેતરના મેળામાં હરિફાઇ રાખીને મોટું પ્રદર્શન રાખવામાં આવે છે એ ખૂબ જ પ્રસંશનીય વાત છે. શુદ્ધ પશુઓના સંવર્ધન દ્વારા સ્થાનિક ઔલાદની ગીર કાંકરેજી ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે રાજ્ય સરકાર એક વાછરડી દીઠ ૩૦૦૦ રૂપિયા સહાય ચૂકવે છે. રાજ્ય કક્ષાની દૂધ ઉત્પાદન હરિફાઇનું દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા આયોજન થાય છે એમાં ગાય અને ભેંસની ઔલાદ પ્રથમ, દ્વિતિય, તૃતિય, રનરઅપને રાજ્ય કક્ષાએ અનુક્રમે રૂપિયા ૨૫ હજાર અને ખાસ કરીને ગીર અને કાંકરેજી ગાય માટે ૫૧ હજાર રૂપિયા અને ૨૦ હજાર રૂપિયા, ૧૫ હજાર અને ૫ હજાર રૂપિયા અને દરેક ગાય માટે ૧૦૦૦ રૂપિયા પ્રોત્સાહક ઇનામ તરીકે સરકાર આપે છે ત્યારે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. નીતિ આયોગ અને સંવર્ધન માટે યોગ્ય પશુઓમાં કૃત્રિમ બીજદાનની કામગીરીનો વ્યાપ વધારવા પર ભાર મૂકવામાં આવે છે અને ભારત સરકાર દ્વારા કૃત્રિમ બીજદાનનું કવરેજ વધારવાની પ્રતિબદ્ધતા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીની રાષ્ટ્રીય ગોકૂળ મિશન અંતર્ગત રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ૫૦ ટકા કરતું ઓછું બીજદાન કવરેજ ધરાવતા ૨૧ જિલ્લાઓમાં ૧૦ તબક્કામાં ૧૯ લાખથી વધુ કૃત્રિમ બીજદાનની કામગીરી થઇ રહી છે. કેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે અને રાજ્ય સરકાર દ્વારા પશુપાલનના વ્યવસાયને વધુ નફાકારક બનાવવા માટે કટિબદ્ધ છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ૧૪,૯૧૨ જાતિ આરોગ્ય કેમ્પનું આયોજન કરેલ છે. ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુળ મિશન હેઠળ મળેલ સહાયની ફ્રોઝન સિમેન્સ સ્ટેશન પાછળ જે પાટણ મુકામે તૈયાર થયેલ સિમેન્સ લેબૉરેટરીનું લોકાર્પણ તા.૧૪-૧૨-૨૦૨૧ના રોજ માનનીય રાજયપાલશ્રીએ અને માનનીય મંત્રીશ્રી પશુપાલન ડેરી અને મત્સ્ય ઉદ્યોગ વિભાગ, ભારત સરકારના વરદ હસ્તે થયું છે. આ લેબૉરેટરીમાં ઉત્પાદિત થયેલ સિમેન્સ ડોઝના ઉપયોગ થકી ૮૫થી ૯૦ ટકા વાછરડીઓ અને પાડીઓનો જન્મ થશે અને રાજ્ય પશુપાલન વિભાગ દ્વારા આગામી દિવસોમાં એ નફાકારક બની રહેશે. પશુપાલન વિભાગ દ્વારા ગીર અને કાંકરેજી ગાયના ઉછેર અને સંવર્ધન માટે પશુપાલકો પ્રોત્સાહિત થાય એ હેતુથી પશુપાલન વિભાગમાં ૧૨ દૂધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાયની યોજના, ગીર અને કાંકરેજી ગાય ફાર્મ વધારવાની સહાય આપવામાં આવી રહી છે. રાજ્ય સરકાર ગીર અને કાંકરેજી ગાયના સંવર્ધન અને પ્રોત્સાહન મળે તે હેતુથી પશુપાલનના વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૫૦ દૂધાળા પશુ ફાર્મની સ્થાપના કરવા પશુઓની ખરીદી પર વ્યાજ સહાય અને અન્ય આનુષંગિક સુવિધાઓ માટે નવીન યોજના સરકારે વર્ષ ૨૦૨૦-૨૨માં અમલમાં મૂકી છે. કાંકરેજી ગાય અને બન્ની ભેંસની જાળવણી માટે અને સંવર્ધન માટે ભૂજ ખાતે ફાર્મ માટે રૂ.૫૭.૭૩ કરોડના ખર્ચે નવનિર્મિત કામો તેમજ રાજયના આદિવાસી વિસ્તારમાં પશુ ઔલાદ સુધારણાના હેતુ માટે યોજના અમલમાં મૂકી છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧-૨૨ની પૂરક માગણી ક્રમાંક ૮૯ હેઠળ વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગના પ્રોજેક્ટ માટેની પૂરક માગણીના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે સુખ શાંતિ, સલામતિ અને સ્થિર શાસનનો પર્યાય. ગુજરાત એટલે વિકાસના દરેક ક્ષેત્રમાં મોખરે રહેતું કટિબદ્ધ રાજ્ય. સુશાસન એ દેશના સ્વરાજય સમયથી નાગરિકોની ઝંખના હતી. આઝાદી મળી ત્યારથી દેશને સ્વારાજય તો મળ્યું પણ સુરાજય ન મળ્યું. ગુજરાત સરકારે ગુડ ગવર્નન્સ દ્વારા મીનીમમ ગવર્નમેન્ટથી મેકસીમમ ગવર્નન્સ આપી પ્રજાની અપેક્ષા ઉપર ખરા ઉતરવા પૂરતી નિષ્ઠાથી કટિબદ્ધતા બતાવી છે. આના ફળ સ્વરૂપે દેશના મુખ્ય રાજયો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની સ્પર્ધાતક સુચાત્મના ગુજરાત સમગ્ર રાજ્ય દેશમાં પ્રથમ રહ્યું છે તે આપણાં ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. આ વર્ષને આપણે આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવી રહ્યાં છીએ. લોક લાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલી ગુજરાતની વિકાસ પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને તેમની વર્તમાન ટીમ ગુજરાતને નવા આત્મવિશ્વાસ સાથે સુરાજયના સ્વપ્નાને સાકાર કરવા નવા અધ્યાયનો આરંભ કર્યો છે જેના ભાગરૂપે છેવાડાના માનવીની પ્રજાલક્ષી સેવાઓનો લાભ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે શકય તેટલા નીતિ-નિયમો સરળ બનાવી સામાન્ય પ્રજાની સુખાકારીમાં વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સરકાર તરફથી અપાતી તમામ સેવાઓ સરળ, ઝડપી અને પારદર્શિકતાથી છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ સેવાઓ ડિજિટલ માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચે અને રાજયમાં ઇ-ગવર્નન્સ અમલીકરણનો વ્યાપ વધે તે માટે સરકાર દ્વારા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગની સ્થાપના કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિભાગ દ્વારા ઇ-ગવર્નન્સને લગતા અને તમામ નાગરિકોને સ્પર્શતા પ્રોજેકટના તે ડિજિટલ ગુજરાત હોય કે ડિજિટલ કોમન સર્વિસનું પોર્ટલ હોય ડિજિટલ સેવા સેતુ, અર્બન વાઇફાઇનું સુચારું અમલીકરણ કરવામાં આવે છે. આપને હું વાત કરું તો ડિજિટલ ગુજરાત પોર્ટલ તરફથી રાજયના નગરિકોને એક જ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિક લક્ષી

સેવાઓ ઘર બેઠા મળી રહે છે એના હેતુથી ડિજિટલ ગુજરાત પોર્ટલ કાર્યરત છે. જેમાં વિવિધ વિભાગો જેવા કે, મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયતી વિભાગની સેવાઓ ઉપલબ્ધ હોય કે રાજયમાં ડિજિટલ પોર્ટલ દ્વારા ૧૧૮ સરકારી સેવાઓમાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧,૦૦૦ જેટલી સેવાઓનું મોબાઇલ એપ્લિકેશન પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. હાલમાં એક દિવસીય ઇ-ગવર્નન્સ સેવાઓ જેવી કે, આવકના પ્રમાણપત્ર, જાતિના પ્રમાણપત્ર કે રેશનકાર્ડ વિગેરેને લગતી વિવિધ સેવાઓ આ પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જેનો લાભ નાગરિકો લઇ રહ્યા છે. ખાસ કહું તો ભારત નેટના આશીર્વાદથી આપણને મળી રહ્યું છે. ડિજિટલ સેવા સેતુ જે વિષય છે તેની અંદર પણ વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગ દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ પૂરી પડાતી સરકારી સેવાઓ ઇ-ગ્રામ કેન્દ્રો દ્વારા ગ્રામ્ય કક્ષાએ વિસ્તૃત કરવા ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ વર્ષ ૨૦૨૦થી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આજની તારીખ સુધી ડિજિટલ સેવા સેતુ દ્વારા ૬૫ લાખથી વધુ અરજીઓ ઉપર પ્રક્રિયા કરવામાં આવી છે. હાલમાં ૧૪ હજારથી વધુ ગ્રામ પંચાયતો પાસે ડિજિટલ સેવા સેતુ...

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ૨૮૦ સેવાઓનો અમલ કરવામાં આવ્યો હતો. મને કહેતા આનંદ થાય છે કે, આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ભારતના એક પ્રોજેકટના બીજા તબક્કાના લક્ષ્યાંકમાં સિદ્ધમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજયને પ્રથમ સ્થાન હાંસલ કરેલુ છે. આ પ્રોજેકટ અંતર્ગત ઓ.એ.ટી. સેન્ટર બનાવવા આયોજન કરવામાં આવેલ હતું. વધુમાં અગાઉથી બી.એસ.એન.એલ. ખાતે ઉભાં કરતા શેલ્ટરોને બી.એસ.એન.એલ.ના પરિસરમાંથી બહાર કાઢી બી.એસ.એન.એલ. પરની નિર્ભરતા દૂર કરવા માટે રૂપિયા ૬૦ કરોડ જેટલો વધારાનો ખર્ચો કરવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. વર્ષ ૨૦૨૧-૨૨ માટે હજાર કરોડ રૂપિયાની ફાળવણી ભારતને એક પ્રોજેકટ માટે કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોજેકટને આગળ વધારતા માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર પ્રવચનમાં ગ્રામ પંચાયતની આંગણવાડી કે પોલીસ સ્ટેશનો હોય કે આરોગ્ય કેન્દ્રો હોય કે સરકારી શાળાઓ અને કચેરીનું ઇન્ટરનેટ કનેક્ટિવિટીને જોડવા માટે રૂપિયા ૭૩ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ હું સરકારશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને વર્ષ ૨૦૨૧-૨૨ માટે ભારત નેટ માટે સૂચવેલા રૂપિયા ૨૭.૨૭ કરોડની પૂરક માગણીને મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા(દિઓદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આપણે ગુજરાત મૉડલ અને સંવેદનશીલ સરકારની ખૂબ સારી-સારી વાતો કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જ્યારે સોલર પ્લાન્ટ નાંખવા માટે ખેડૂતોની જમીન કંપનીને ભાડે આપવા માટેની જાહેરાત કરી ત્યારે કોઇ પણ ખેડૂત એ જમીન આપતો હોય તો એ જમીન એન.એ. કરાવવી પડતી હોય છે. બનાસકાંઠા જિલ્લાના લાખાણી તાલુકાનો એક ખેડૂત છે. એનું નામ જગતાભાઇ જેઠાભાઇ ચૌહાણ છે. તા.૧૦-૧૦-૨૦૨૧ના રોજ એણે ૧૭,૮૦૦ રૂપિયા ભરી સરકારમાં અરજી કરી. એણે અરજી કર્યા પછી એ ખેડૂતને કોઇ પણ પ્રકારની માહિતી આપ્યા વિના એની અરજી રિજેક્ટ થઇ. એના રૂ. ૧૭,૮૦૦ સરકારની તિજોરીમાં જમા થઇ ગયા. એ ખેડૂતે ફક્ત રજૂઆત કરી કે મારા પૈસા ભરવા છતાં મારી જમીન એન.એ. ના થવા પાછળનાં કારણો શું છે? તમારે મારી પાસે માહિતી માંગવી જોઇતી હતી. એ વિશેની માહિતી લેતાં એ ખેડૂતને કોઇ વચેટિયો મળી ગયો. એ વચેટિયાએ કહ્યું કે તારે જો જમીન એન.એ. કરાવવી હોય તો તારે ઉપલા અધિકારીને ફૂટ દીઠ રૂ.૨ આપવા પડશે. બીજા અધિકારીને આટલા રૂપિયા આપવા પડશે. એનાથી નીચેના અધિકારીને તું તારી રીતે સંભાળી લેજે. હું એમાં પડીશ નહિ. આ વાતનું રેકોર્ડિંગ થયું અને એમાં જે નામ આપ્યાં છે એ નામમાં અત્યારે હું પડવા માંગતો નથી. એ રેકોર્ડિંગ એણે ફરતું કર્યું. એ ખેડૂત પાસે જે લોકોએ પૈસા માગ્યા છે એની સામે કાંઇ નહિ અને જે ખેડૂતના પૈસા ગયા છે અને જમીન પણ એન.એ. નથી થઇ એની સામે જ ફરિયાદો દાખલ થઇ. એટલું જ નહિ પણ એ ખેડૂતને હાઇકોર્ટનું પગથિયું ચડવું પડ્યું ત્યારે એની સામે ફરિયાદો કરવાની બંધ થઇ. એના પૈસા ગયા. એની જમીન પણ એન.એ. ના થઇ. એને નુકસાન થયું તેમ છતાં એને કોઇ પણ પ્રકારનો ન્યાય મળ્યો નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એ કે વર્ષ ૨૦૧૬ના વર્ષમાં રિ-સરવે થયો. એ વાતને આજે છ વર્ષ થયાં પણ આજ દિવસ સુધી કોઇ પણ ખેડૂત એમનો છેડો નક્કી કરી શક્યા નથી અને રિ-સરવેમાં કોઇને લોન લેવી હોય તો લોન લેવામાં નકશાની જરૂર પડે. એમાં ડી.આઇ.એલ.આર.વાળા કેટલા પૈસા માગે છે એનો આંકડો હું ગૃહમાં કહી શકું તેમ નથી. હમણાં સુધી જેટકો કંપનીની લાઇનો નાંખતા હતા એમાં ખેડૂતને પૂરેપૂરું વળતર મળતું હતું. તા.૩૧-૧૨-૨૦૨૧ના રોજ સરકારે પરિપત્ર કર્યો કે કોઇ પણ ખેડૂત એના ખેતરમાં 'જેટકો' કંપનીની લાઇન નાંખશે તો એને ફક્ત જંત્રીના ૧૫ ટકાનું વળતર મળશે. ખેડૂતની જમીન જાય અને એના ખેતરમાં નુકસાન થાય તો પણ જંત્રીના ૧૫ ટકા એટલે કે જો ૧૦૦ રૂપિયાની જંત્રી હોય તો ફક્ત ૧૫ રૂપિયાનું વળતર આપવાનું આવો નિર્ણય કરવા પાછળનું કારણ શું?

ફાલ્ગુન ૧૮, ૧૯૪૩ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચ અને મતદાન(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : હું એક સૂચના આપું છું. હમણાં માનનીય શિવાભાઈ જે વાત કરતા હતા, જે આક્ષેપો કરતા હતા, આપણે આક્ષેપો કરી શકતા નથી. મારી પૂર્વ મંજૂરી લેવી પડે. હવે પછી કોઈ પણ સભ્ય આ બાબતે વાત કરે તો પૂર્વ મંજૂરી લઈને કરે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા હું કુદરતી આફતો અંગે રાહત પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આપદાઓ પર કોઈનો કંટ્રોલ હોતો નથી. આ આપદા આવે એટલે ઓછા વધતી મુશ્કેલી સાથે આવે. કુદરતી આપદા વરસાદરૂપી હોય, પૂરરૂપી હોય, વાવાઝોડારૂપી હોય, દરિયાઈ તોફાનરૂપી હોય કે ભૂકંપરૂપી હોય. એક વાર ત્રાટકે એટલે થોડી ક્ષણો, મિનિટો, કલાકો કે થોડા દિવસો સુધી રહે પરંતુ તે ચોક્કસ તબાહી આપીને જાય છે. પહેલાના સમયમાં જ્યારે જ્યારે આપદાઓ આવતી ત્યારે મૃત્યુનો આંક ઘણો મોટો રહેતો. જાનમાલ, ઢોર-પશુ મૃત્યુનો આંક ડમરાળો રહેતો. વર્ષ ૧૯૮૨માં જ્યારે વાવાઝોડું આવ્યું ત્યારે અમારા અમરેલી જિલ્લામાં કેટલુંય નુકસાન થયું હતું, કેટલાંય જાનમાલને નુકસાન થયું હતું પણ ત્યારની સરકાર દ્વારા ક્યારેય કોઈ રાહત કે ચૂકવવામાં આવી ન હતી પરંતુ આવી સમસ્યામાં મુઠ્ઠી ઉચેરા માનવીને સત્તાનું સુકાન સોંપાય ત્યારે નવા નવા રસ્તા મળતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી મોદીએ આવી અણધારી આવી પડેલી સમસ્યાઓના સામના માટે વિજ્ઞાનનો મહત્તમ ઉપયોગ કરી સેટેલાઈટના માધ્યમને સચોટ બનાવ્યું. જેથી આવનારી આપદાને ચોક્કસપણે માઈક્રો લેવલથી ઓળખી શકાય અને તે આપદાઓની તીવ્રતાનો સચોટ અંદાજ માપી શકાય અને તે આપદાઓની દિશાઓને અગમચેતી કરી શકાય. થોડાં વર્ષો પહેલાં ભારતમાં આવેલી કુદરતી આપદાઓનો અભ્યાસ કરીએ તો ખબર પડે કે કેઝ્યુલિટીનો દર ઘણો જ નીચો આવી શક્યો છે. છેલ્લે આપણે ગુજરાતમાં ભયાનક તીવ્રતા સાથે તૌઉતે વાવાઝોડું ત્રાટક્યું તેની ઘણા મિત્રોએ બહુ ચર્ચા કરી પણ હું ગર્વથી કહું છું કે તૌઉતે વાવાઝોડું હોય કે બનાસકાંઠામાં પૂર હોય ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સતત ત્યાં રહીને લોકોની જે સમસ્યાઓ હોય અને જ્યાં જ્યાં જે લોકોને જાનમાલનું નુકસાન થયું હોય એમનો સરવે કરાવી અને વધારેમાં વધારે લોકોને મદદરૂપ થવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ સરકાર આપદા પહેલા, આપદા દરમિયાન અને આપદા પછી પોતાની જનતા સાથે હોય છે. નુકસાનનો તાત્કાલિક સરવે, ત્વરિત સહાય, કેસડોલ વિતરણ, જરૂર જણાયે એન.જી.ઓ. અને સામાજિક સંસ્થાઓની મદદ લઈને ઉત્તમ પ્રકારની કામગીરી આટોપે છે. થોડાં વર્ષ પહેલાં બનાસકાંઠામાં પૂર આવ્યું ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી મંત્રીમંડળ સહિત પાંચ દિવસ માટે ગાંધીનગરને બદલે બનાસકાંઠાને હેડ ક્વાર્ટર બનાવીને લોકોની વચ્ચે રહીને ત્વરિત નિર્ણયો અને સહાય ઉપલબ્ધ કરાવી હતી. આ પ્રજાભિમૂખ સરકાર કહેવાય. આ વેળાએ સરકારશ્રીને મારું નમ્ર નિવેદન છે કે સાગરકાંઠાના ગામોના બાળકોને અને યુવાનોને ફરજિયાત ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ આપવી જોઈએ. નદીકાંઠાના ગામોના યુવાનોને તરણ અને ડિઝાસ્ટરની તાલીમ આપવી જોઈએ તેમજ આવા ગામોમાં ડિઝાસ્ટરને લગતાં સાધનો ઉપલબ્ધ કરાવવા જોઈએ. જેથી આફતના સમયે સર્વ બચાવ અંગે જાગૃતિમાં વધારો કરી શકાય. આવી જ ઉત્તમ કામગીરીના કારણે ભારત સરકાર દ્વારા સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર વર્ષ ૨૦૨૨ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ યુનિવર્સિટી ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટને પ્રાપ્ત થયો છે તે બદલ હું નામદાર રાજ્ય સરકાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને ધન્યવાદ આપું છું તેમજ હમણાં જ આપણે મોટી આફતમાંથી બહાર નીકળી રહ્યા છીએ એવા કોવિડના સમયમાં આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૂઝબૂઝથી જે નિર્ણય લીધો કે લોકો સંક્રમિત ન થાય અને આ ચેઈન તોડવા માટે લોકડાઉન કરીને તે જ સમય દરમિયાન વેક્સિનની શોધ કરી અને લોકોને ફ્રીમાં વેક્સિન આપવાનું જે કામ કર્યું છે એ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈને હું આજે અભિનંદન આપુ છું. હું તો અહીંયા બેઠેલા તમામને કહું છું કે આ જે સારુ કામ થયું છે એને આપણે સૌએ અભિનંદન આપવા જોઈએ. કારણ કે આપણે બધાએ પણ આ વેક્સિન લીધી છે. પણ આપણે દસ કામો સારાં થયા હોય અને એક કામ ક્ષતિવાળું હોય તો એને જ વાગોળતા હોઈએ છીએ. ગૃહમાં બેઠેલા તમામ લોકોને હું વિનંતી કરું છું કે, નાગરિકો માટે જે કંઈ સારાં કામ થતાં હોય એને આપણે અભિનંદન આપવા જોઈએ. પણ મને ખ્યાલ છે કે જેની પાસે જે હોય એ જ વસ્તુ આપે. આજથી લગભગ ૨૦થી ૨૫ વર્ષ પહેલાના સમયમાં અમારા ત્યાં કોઈ પ્રસંગપાત હોય ત્યારે લોકોને બેસાડીને જમાડવામાં આવતા હતા, એને પંગત કહેવામાં આવતી હતી. ત્યારે પહેલી વ્યકિત જે હોય એમની પાસે લાડવાની ડોલ હોય અને છેલ્લી વ્યકિત પાસે દાળની ડોલ હોય. પણ આપણે જે પહેલી જ વ્યકિત આવી હોય એમની પાસે દાળની અપેક્ષા રાખીએ તો એ ન આપે. કારણ કે એમની પાસે લાડવો છે એટલે લાડવો જ આપે. એટલે આપણે આ લોકો પાસે જે અપેક્ષા રાખીએ એ ખોટી છે. અસ્તુ.

શ્રી ભગાભાઈ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માંગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તૌઉતે વાવાઝોડુ અને વાવાઝોડાની અંદર થયેલા નુકસાનના સરવે અને સરવેના કારણે જે તે વિસ્તારોની અંદર થયેલ રકમની ચૂકવણીમાં વિસંગતતા જોવા મળી છે. આ બાબતમાં માનનીય પુંજાભાઈએ ગીર-સોમનાથ જિલ્લાની અને ઉના, જાફરાબાદ તાલુકાની પણ વાતો કરી છે. હું ખાલી મારા વિસ્તાર તાલાલાની વાત કરુ તો ત્યાં મોટાપાયે કેસર કેરીના બગીચાઓ છે અને નાળિયેરીના પાકનું વાવેતર થયેલું હોય છે. આ વાવાઝોડાના કારણે વધારે નુકસાન ઉના, જાફરાબાદ તાલુકામાં થયું છે. કારણ કે વાવાઝોડાનું એપિસેન્ટર ત્યાં હતું. એની અસર તાલાલા, વેરાવળ, સુત્રાપાડા, કોડિનાર

તાલુકા સુધી પણ થઇ છે. એની ૧૨૦ કિ.મી.ની ગતિ એ વિસ્તારોમાં પણ રહી છે. એના કારણે બગીચાઓ અને નાળિયેરીને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ હતું. ખેતીના પાકોને નુકસાન થયેલ હતું અને સરવેની ટીમો દ્વારા જયારે એનું સરવે કરવામાં આવ્યું ત્યારે મને સમજાતું નથી કે, એક ગામની અંદર ૧૫ ખેડૂતોનું નુકસાન દર્શાવવામાં આવે અને ૧૫ ખેડૂતોને નુકસાન થયેલ નથી, એવું દર્શાવવામાં આવે અને જે ખેડૂતોના ફોર્મ ભરાઇ ગયા પછી પણ જયારે સહાય ન મળે અને ખેડૂત રજૂઆત કરવા જાય તો જે તે વિભાગના અધિકારીઓ એમને જવાબ આપે કે તમારું ફોર્મ ભરાયું નથી અને રદ થયું છે. મારા વિસ્તારની વાત કરું તો સરવેની યાદીમાં નોંધ નથી એવા ખેડૂતોની યાદી ૨,૬૪૦ની છે. એમને જવાબ આપવામાં આવ્યો કે તમારુ સરવેની યાદીમાં નામ નથી. સરવે થઇ ગયું છે. વી.સી. મારફત પણ ફોર્મ ભરાયા છે. સરવેની ટીમે ખેતર ઉપર જઇને સરવે કર્યું છે. પરંતુ કયા કારણોસર એમનું સરવેની યાદીમાં નામ નથી એની મેં વારંવાર રજૂઆતો કર્યા પછી પણ એમનો જવાબ મને મળ્યો નથી. ત્યારે મારી આપની મારફત સરકારશ્રીને વિનંતી છે કે આવા ખેડૂતો જે રહી ગયા છે, ખરેખર મળવાપાત્ર હતા અને રહી ગયા છે એમને એમનું વળતર મળવું જોઇએ. દરિયાકાંઠા ઉપર વાવાઝોડું આવે ત્યારે પહેલાં માછીમારો જે વ્યવસાય કરતા હોય એમને મોટા પાયા ઉપર નુકસાન થાય છે. કારણ કે તેઓ દરિયાકાંઠા ઉપર રહેતા હોય છે. આ વાવાઝોડાના કારણે મારા વિસ્તારની વાત કરુ તો હિરાકોટ, સુત્રાપાડા, ધામણજ બંદરો આવેલા છે. એ બંદરોની અંદર જેટીની સુવિધાઓ ન હોવાના કારણે દરિયામાંથી નાની બોટો, નાના ટોલરો અથવા તો એની હોડી લઇને જે એને કાંઠા ઉપર આવવું પડે અને કાંઠા ઉપર લાંગરવી પડે ત્યારે આ વાવાઝોડા વખતે એ જેટી ન હોવાના કારણે એ બોટોને, એ નાની હોડીઓને પણ નુકસાન થયું છે. આવા માછીમારોને પણ સરવે થયા પછી આજની તારીખ સુધી કોઇ વળતર ચૂકવવામાં આવ્યું નથી. એટલે મારી સરકારશ્રીને વિનંતી છે કે જે માગણીઓ તમે જે મુદ્દા માટે લઇને આવ્યા છો, વધારાનો ખર્ચ જે માટે લઇને આવ્યા છો એ ખર્ચની રકમ જેને નુકસાન થયું છે, જે વિસ્તારને નુકસાન થયું છે ત્યાં સુધી જો ન મળી હોય, તો એને પણ સરકારે ગંભીરતાપૂર્વક લેવું જોઇએ અને એની તપાસ કરવી જોઇએ અને ન મળ્યું હોય તેવા અરજદારોને આ વસ્તુ એમના ઘર સુધી મળવી જોઇએ એવી હું સરકારશ્રીને આપના માધ્યમ દ્વારા પણ વિનંતી કરું છું.

અવાર નવાર આવતા વાવાઝોડાના કારણે થતા નુકસાન સામે બાગાયતી પાકને વીમાનું કવચ આપવું જોઇએ એવી મેં વારંવાર આ ગૃહ મારફત માગણી કરી છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે આ કેન્દ્ર સરકારમાં બાગાયતી પાકને વીમાનું કવચ આપવા માટેની દરખાસ્ત કરીને મોકલો. ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં પણ છે અને બાગાયતી પાક માટે વીમાના કવચની મંજૂરી આપવી જોઇએ કે જેથી કુદરતી આપત્તિ આવે તો બાગાયતી પાકવાળા ખેડૂતોને પણ વીમાનો લાભ મળે એવી હું સરકારશ્રીને વિનંતી કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ માગણી નંબર ૭૯ લઇને આવ્યા છે એને સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વાતાવરણમાં જોવા મળતી અનિયમીતતાના કારણે કયાંક અતિવૃષ્ટિ થાય છે, કયાંક અનાવૃષ્ટિ થાય છે તો કયાંક વાવાઝોડું તો કયાંક પૂર અને કેટલીક વાર ધરતીકંપ જેવી ઘટનાઓ બનતી આવે છે. આનાથી આપણે રક્ષણ પણ કરીએ છીએ અને એમાંથી પસાર પણ થઇ રહ્યા છીએ ત્યારે અચાનક આવી પડતી આવી આપત્તિઓ સામે પ્રજાના જાન માલનું રક્ષણ કરવું એ અમારી સરકારની જવાબદારી છે અને એ જવાબદારી સરકાર સુપેરે પાર પાડી રહી છે. મારે કહેવું છે કે જયારે આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓશ્રીએ રાજયમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ એટલે કે આપત્તિ વ્યવસ્થાપન વિભાગને કાર્યાન્વિત કરીને આવનારી આપત્તિઓ સામે કાર્યવાહી કરવા અને તંત્રને કેવી રીતે સાવધ રાખવું, તંત્રને કેવી રીતે સંશાધનોથી સુસજ્જ રાખવું, જરૂરિયાતમંદ લોકોને કેવી રીતે સહાય પૂરી પાડવી, અને વ્યવસ્થાપન તંત્રને એકદમ એલર્ટ રાખવું એ બધી બાબતો માટે એ વખતે જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે આ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો એક વિભાગ એમણે શરૂ કર્યો હતો. ફકત વિભાગ શરૂ કરીને સંતોષ નથી માન્યો, પણ એમાં પણ સારું એવું કામ અમારી સરકાર કરતી આવી છે. સાથે સાથે હું કહું કે જયારે આ તૌઉતે વાવાઝોડું આવ્યું તે એકદમ ભયાનક હતું, એકદમ ડેન્જર હતું એવું કહું તો અતિશયોક્તિ નથી, કારણ કે આપણે જોયું હતું કે તૌઉતે વાવાઝોડું આવ્યું ત્યારે ગુજરાતમાં જયાં જયાં એની અસર થતી હતી તે ભાગમાં ખૂબ જ ભયંકર વાતાવરણ નિર્માણ થઇ ગયું હતું, તે વખતે લોકોના જાન માલને નુકસાન ન થાય અને કોઇના જીવની હાની ન થાય તેના માટે સરકારે સુપેરે આયોજન કરીને અગાઉથી બે લાખથી વધુ લોકોને સ્થળાંતરિત કર્યા હતા અને સાથે સાથે હતી જે જે જિલ્લાને અને જે જે તાલુકાને અસર થઇ હતી તેના માટે સુપેરે આયોજન કરીને એમને સલામત સ્થળે ખસેડીને એમને બધી જ વ્યવસ્થા પૂરી પાડી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બે વર્ષથી કોરોના જેવી મહામારીથી આપણે બધા જ લડી રહ્યા છીએ. કોરોના શું હતો એ જ આપણને ખબર નહોતી. અને કોરોના પ્રથમ કેસ જયારે દેશમાં આવ્યો ત્યારે આપણે બધા જ અહીંયા આ સભાગૃહમાં બેઠા હતા. ત્યારે આપણને ખબર પડી કે દેશમાં પ્રથમ કોરોનાનો કેસ આવ્યો છે, એ વખતે આ સભાગૃહ ચાલતું હતું, મને યાદ છે વર્ષ ૨૦૧૯ની વાત કરું તો ત્યારે આવી પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર નીકળવું, કેવી રીતે જવાબદારીપૂર્વક આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે બધાને માર્ગદર્શન આપ્યું. સાથે સાથે કોરોના શું છે એ જાણવા માટે લોકડાઉન લાવ્યા કારણ કે એની ઓળખ કરવી જરૂર હતી અને એના લીધે આપણે બધા સારા અને સુરક્ષિત અને સલામત છીએ. એના પછી માનનીય મોદી સાહેબ દ્વારા વારંવાર માર્ગદર્શન આપતા કે કોરોના કેવી રીતે ફેલાય છે કેવી રીતે સન્સર્ગજન્ય રોગ છે ત્યારે

એનાથી કેવી રીતે બચી શકીએ છીએ એના માટે વારંવાર તેઓશ્રી ટી.વી. સમક્ષ આવ્યા અને આપણે બધા બચી ગયા એના લીધે આજે આપણે બધા દેશ અને ગુજરાતની જનતા સુખી, સુખરૂપ અને સુરક્ષિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક વાતનો આનંદ થાય છે કે કોરોના જેવી પરિસ્થિતિ હતી એમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ લોકોની સહાય પૂરી પાડી છે. અમારા ભારતીય જનતા પાર્ટીના એકે એક ધારાસભ્ય હોય કે સાંસદ હોય કે એકે એક નાનો કાર્યકર હોય એણે લોકોની વચ્ચે જઇને કામ કર્યું છે. એમની જે સમસ્યા હોય એ દૂર કરવાનું તથા જે જરૂરિયાત હોય એ પૂરી પાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરે કર્યું છે. મને યાદ છે કે મારો સ્લમ વિસ્તાર છે ત્યાં ઘણી બધી સમસ્યાઓનું નિર્માણ થયું હતું. ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ મને આનંદ છે કે એ મુશ્કેલીઓનો સામનો અમે સારી રીતે કર્યો છે એમાંથી બહાર આવ્યા છીએ. જયારે અમે લોકો વચ્ચે જતા હતા ત્યાં અમને કોઇ બીજી પાર્ટીનો કાર્યકર્તા હોય કે ધારાસભ્ય હોય કે સંસદસભ્ય હોય કોઇ જ દેખાતું નહોતું, પરંતુ ફકત ને ફકત ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર જ દેખાતો હતો. એટલા માટે ગુજરાત સામે આવી કોઇ પણ મોટી આપત્તિ આવી હોય એમાંથી બહાર આવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ અમારી સરકારે કર્યું છે.

હમણાં એક સભ્યશ્રી પોતાના પ્રવચનમાં વાત કરતા હતા કે વળતર ચૂકવાયું નથી. થોડા સમય પહેલા તૌઉતે વાવાઝોડું આવ્યું ત્યારે ઘણું બધું વળતર અમારી સરકારે આપ્યું છે. રાશન હોય, પાણી હોય કે પૈસા હોય દરેકનું ચૂકવણું કર્યું છે. જયાં પણ વાવાઝોડું આવ્યું હતું ત્યાંના લોકોએ ભારતીય જનતા પાર્ટીને વખાણી છે અને ત્યાં પણ ભાજપનો ભગવો લહેરાવ્યો છે. અમારી સરકાર પ્રજા માટે ખૂબ સરસ કામ કરી રહી છે એનું મને ગૌરવ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી બોલતા હતા કે વળતર આપવાનું બાકી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી એમના વિસ્તારની વાત કરે છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : મારો ઉલ્લેખ કરીને કહ્યું છે. હું કાગળ ઉપર આપવા માટે તૈયાર છું કે મારા વિસ્તારમાં આજની તારીખ સુધીમાં વળતર ચૂકવાયું નથી.

અધ્યક્ષશ્રી : તમારા વિસ્તારની વાત કરતાં નથી. માનનીય સભ્યશ્રી એમના વિસ્તારની વાત કરતા હતા એટલે તમે આ બાબતે વધારે ચર્ચા ન કરો. માનનીય સભ્યશ્રી પ્રતાપભાઇ..

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન છે. માનનીય સભ્યશ્રીએ વ્યકતવ્ય આપ્યું. એનો સામે પક્ષેથી જવાબ આપી શકાય છે. આમાં કોઇ ખોટું બોલતું નથી. આમાં ક્રોસ ટોકિંગ ન હોઇ શકે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી આપની વાત સાચી કે ક્રોસ ટોકિંગમાં સમય જાય પરંતુ માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં તૌઉતે વાવાઝોડાની વાત કરી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ પોતાના વિસ્તારમાં ચૂકવણુ થઇ ગયું છે એની વાત કરી છે.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વચ્ચેના સમયમાં રોડ ઉપર જતા હોઇએ તો મોટા મોટા હોર્ડિંગ્સ મારેલા જોવા મળતા હતા. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના. આ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના આધારે ઘણી બધી જાહેરાત થઇ, ઘણું બધું માર્કેટિંગ થયું અને પરિસ્થિતિ એવી નિર્માણ થઇ કે ભૂતકાળમાં કૃષિમંત્રી જવાબ આપી શકતા નહોતા એટલે ફસલ વીમા યોજના બંધ કરવામાં આવી યા તો મરજીયાત કરવામાં આવી. એ જે ફસાવાની યોજના હતી તેના ભાગ રૂપે મારા મતવિસ્તારની અંદર શ્રી રાઘવજીકાકા, વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ઘજડી, બાઢડા, અભરામપરા, સાકરપરા, રામગઢ, વીજપડી હોય તેમાં અતિવૃષ્ટિ થઇ. આમાં મેં જાતે જઇને ફોર્મ ભર્યા. ફોર્મ ભર્યા પછી એ લોકોને વીમો ન મળ્યો. તો વીમો લેવા માટે સંકલનમાં પ્રશ્ન ઉપસ્થિત કર્યો અને યુનિવર્સલ સોમ્પો નામની કંપનીએ મને લેખિત જાણ કરી કે સરકારે અમને જે આપવું પડતું હોય એ પ્રિમિયમ આપ્યું નથી એટલા માટે અમે તમારા ખેડૂતોને વળતર આપી શકીએ એવી પરિસ્થિતિ નથી. તમને નકલ જોઇતી હોય તો હું આપને મોકલાવીશ. મારા વિસ્તારના ખેડૂતોને તમે ભલે યોજના બંધ કરી હોય પણ પહેલાનો જે મારો વીમો લેવાનો બાકી છે એ મારા ખેડૂતોને મળે એવી માગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં તૌઉતે વાવાઝોડાની વાત થઇ. તૌઉતે વાવાઝોડાની અંદર અમે નજરે નિહાળ્યું. પરિસ્થિતિ એવી નિર્માણ થઇ કે વિસ્તારની અંદર વળતા દિવસે સવારથી જવાનું થયું. ગામડાના પ્રવાસની અંદર મારા વિસ્તારની કરુણતા, એ પહેલાં ઉનાળાની અંદર કોરોનાના કારણે માર્કેટિંગ યાર્ડ બંધ હતા. ખેડૂતના ઉનાળું પાક શીંગ હોય, તલ, બાજરી અને જુવાર હોય એ તેમના ઘરમાં ભરેલા હતા અને નજરે નિહાળેલી હું વાત કરું છું. પરિસ્થિતિ એવી નિર્માણ થઇ કે લોકોના ઘરમાં ભરેલો પાક પલળી ગયો અને નિષ્ફળ ગયો. તરત લેખિત રજૂઆત થઇ કે સરકાર જે પણ પેકેજ આપે તેમાં ઉનાળુ પાક છે તે વાવેતરનો ઉલ્લેખ કરીને ખેડૂતોને વળતર આપવામાં આવે એવી માગણી સાથેનો કૃષિમંત્રીને, મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો. અહીં વાત થઇ કે વાવાઝોડું અને આફતમાં સરકાર ઘણી સારી કામગીરી કરે છે. સરકાર કામગીરી કરીને ઘરમ

નિભાવે છે, સરકાર કોઇ ઉપકાર કરતી નથી. પરિસ્થિતિ પ્રમાણે જે વિસંગતતાની અહીં વાતો થઇ એ પ્રમાણે અમે પણ એનો ભોગ બન્યા છીએ. એક ખેડૂતના દીકરાને મકાન બનાવવું હોય તો ૯૫,૦૦૦ રૂપિયાની સહાય, અર્ધ સહાયની અંદર ૨૫,૦૦૦ રૂપિયાની સહાય અને ઘરવખરીની ૭,૦૦૦ રૂપિયાની સહાયની વાત થઇ. એ સહાયના ફોર્મ ભરવા માટે બહારના જિલ્લાના અધિકારીઓ આવ્યા. બહારના જિલ્લાના આવેલા અધિકારીઓ મારફત ટી.ડી.ઓ. અને મામલતદારના નેતૃત્વ નીચે ફોર્મ ભરાવાના શરૂ થયા. એ ફોર્મ ભરાયા. સરકાર તો તેનો આદેશ કરતી હોય પણ જમીન ઉપર આવેલા અધિકારીઓ છે, હું કરુણતા સાથે કહું કે કચરાપેટીની અંદરથી મારા વિસ્તારની અંદર ફોર્મ મળ્યા. અમે પૅરેલલ ફોર્મ ભરવાનું શરૂ કર્યું. આજે પણ મારા વિસ્તારના ૮,૦૦૦ લોકો સહાયથી વંચિત છે. માનનીય કૃષિ મંત્રીને હું વિનંતી કરું કે અતિવૃષ્ટિ આવે. મારો વિસ્તાર શેત્રુંજી કિનારાનો  છે. વચ્ચે પણ મેં પત્રવ્યવહાર કર્યો. મારું ભેસોડી ગામ હોય, આંબા ગામ હોય, ત્રાપજ ગામ હોય, બવાડી ગામ હોય, મવાડા ગામ હોય, ભોરીંગા ગામ હોય, ટીબડી ગામ હોય કે આગળ વધતા અમારું પીપળાદ ગામ હોય કે પીપરડી ગામ હોય. આ ગામડાઓ નદી કિનારાના છે. ત્યાં દર વર્ષે અતિવૃષ્ટિની આફત જેવું એટલા માટે બને છે કે અમારા શેત્રુંજીમાં ગાગડીયો ભળે છે. એ ગાગડીયો ભળવાથી પૂરની પરિસ્થિતિ નિર્માણ થાય. વારંવાર રજૂઆત થઇ કે વિસ્તારની અંદર ખેડૂતોને માટે પાળા યોજના નહીં બનાવીએ તો આ બધાં ગામડાં એવો સમય આવશે કે નષ્ટ થઇ જશે. આ ત્રીજી વખત હું અહીંયા બોલું છું. મારા એક મિત્રએ થોડી વાર પહેલાં વર્ષ ૧૯૮૨ની વાત કરી. એ સમયે લોકી ગામ શ્રી માધવસિંહ સોલંકીની સરકાર વખતે બનાવવામાં આવ્યું હતું. આફતની અંદર ભેંસવડી ગામ શ્રી માધવસિંહ સોલંકીની સરકાર વખતે બનાવવામાં આવ્યું હતું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણાં મંત્રીશ્રી **)** : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીઓની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાનાં વિચારો અને સૂચનો રજૂ કરેલ છે, જેની મેં નોંધ લીધી છે. જે ધ્યાને લઇને હું આ સન્માનનીય ગૃહમાં સન ૨૦૨૧-૨૨ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલી માગણી નં. ૪૯, ૪,૧૩, ૭૯ અને ૮૯ એમ પાંચ માગણીઓ પસાર કરવા અનુરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જુદી જુદી માગણીઓ હેઠળના સદરોમાં મંજૂર કરવામાં આવેલ સુધારા અંદાજોમાં કુલ રૂ.૧૨,૩૬૦.૪૩ કરોડની પૂરક માગણીઓ રજૂ કરેલ છે. તે પૈકી રૂ. બાર હજાર બાસઠ કરોડ આઠ લાખની મતપાત્ર માગણીઓ અને રૂ. બસો અઠ્ઠાણું કરોડ પાંત્રીસ લાખની બિન મતપાત્ર માગણીઓ રજૂ કરેલ છે. આ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ પૂરક માગણીઓમાં મોટા ભાગની પૂરક માગણીની રકમ વર્ષ દરમ્યાન અપેક્ષિત વધારાના ખર્ચ માટે જરૂરી હોઇ રજૂ કરવામાં આવેલ છે. આ પ્રસંગે હું ખાસ આપણા પૂર્વ નાણામંત્રીશ્રી નીતિનભાઇને અભિનંદન આપીશ કે રૂપિયા ૨ કરોડ ૨૭ લાખ કરોડના બજેટમાં ફક્ત છ ટકા જેટલો જ ફેરફાર થયો છે અને તે પણ જે કુદરતી આફતો છે અને જે રીતે આંતરરાષ્ટ્રીય કોલસાના ભાવોમાં વધારો થયો છે એના લીધે આ પૂરક માગણીઓ આવી છે એટલે ફરીથી નાણાં ખાતાને અભિનંદન આપું છું. ખાસ કરીને આપણા માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ ઘણી ચિંતા વ્યકત કરી કે જી.એસ.ડી.પી. ઘટી રહ્યો છે અને ગુજરાતનો વિકાસ રુંધાઇ રહ્યો છે. જી.એસ.ડી.પી. એવરેજ એન્યુઅલ ગ્રોથ વર્ષ ૨૦૧૨-૧૩થી વર્ષ ૨૦૨૦-૨૧માં સમગ્ર ભારતનો સરેરાશ ગ્રોથ ૫.૧૦ ટકા છે અને ગુજરાતનો સરેરાશ ગ્રોથ ૮.૨૧ ટકા છે જે સમગ્ર દેશમાં સૌથી વધારે છે. કોઇપણ કુદરતી આપત્તિઓમાં અમે અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકો, ગૌશાળા-પાંજરાપોળને સહાય કરી ગૌસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. કોરોના કાળમાં ગૌશાળા, પાંજરાપોળની આવકને અસર થયેલ હતી. તેવા સંજોગોમાં વર્ષ ૨૦૨૦-૨૧ના જૂન અને જુલાઇ માસમાં પશુઓ માટે પશુ દીઠ રૂ. ૨૫ના ભાવે સહાય ચૂકવવા અંદાજે રૂ. ૬૫ કરોડની ફાળવણી કરી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળની અમારી સરકારે ગૌસંવર્ધનના ઉમદા કાર્યને આગળ ધપાવતા આ વર્ષના બજેટમાં પણ અમે રૂપિયા ૫૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરેલ છે. આ ઉપરાંત પશુધન સુધારણાના વિવિધ કાર્યક્રમો દર વર્ષે અંદાજે ૪,૫૦૦ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું.  પશુ સારવાર સંસ્થાઓને અદ્યતન બનાવવી, ફરતા પશુ દવાખાના, કરુણા એનીમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ જેવી અનેક યોજનાઓ માટે અમે વધારાની રકમ ફાળવીને પણ ખર્ચ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ગૌચર જમીનોના વિકાસ માટે નામદાર કોર્ટના ચૂકાદાઓને ધ્યાનમાં લઇને ચોક્કસ નીતિ ઘડેલ છે અને તેનું અમલીકરણ પણ કરવામાં આવેલ છે. ગ્રામ પંચાયત, ગૌશાળા તથા પાંજરાપોળના ગૌચર માટે ઘાસચારા વિકાસની યોજના હેઠળ રૂ.૫૪.૬૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. ખેતીની સાથે સાથે ઉદ્યોગોનો વિકાસ પણ ખૂબ જ જરૂરી છે. આજે ઉદ્યોગો મારફતે અનેક યુવાઓને રોજગારી મળે છે તેમજ રાજયની પ્રજાની દૈનિક જરૂરીયાતો પણ પૂર્ણ થાય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીજીના આત્મનિર્ભર ભારતના મંત્રને સાર્થક કરવા અમે ખેતી તેમજ ઉદ્યોગોના સમાંતર વિકાસને પ્રોત્સાહનો આપેલ છે. ટેક્સટાઇલ પોલિસી અંતર્ગત વિવિધ યોજના હેઠળ ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનમાં સમાવિષ્ટ એકમોને પ્રોત્સાહિત કરવા વ્યાજ સહાય, પાવર ટેરિફ કન્સેશન, અપગ્રેડેશન માટે સહાય ટેક્સટાઇલ અને એપરલ પાર્ક સ્થાપિત કરવા સહાય પૂરી પાડેલ છે. ચાલુ વર્ષે ૭૪૫ ટેક્સટાઇલ એકમોને અંદાજે રૂ.૧,૪૦૦ કરોડની સબસિડી ચૂકવી દેવામાં આવેલ છે. વિપુલ પ્રમાણમાં રોજગારીનો અવસર પૂરા પાડનાર આ ઉદ્યોગોને સબસિડીના સ્વરૂપે ખૂબ મોટો આધાર મળેલ છે અને તેના લીધે ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગે દેશ દુનિયામાં પોતાનું સ્થાન જાળવી રાખેલ છે. દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧,૧૮૧ યુનિટ છે એની સામે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ ૨,૧૪૩ યુનિટ છે જે ગુજરાતના વિકાસને પ્રતિબંધિત કરે છે. ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે રૂપિયા ૮,૦૦૦ કરોડ કરતા પણ વધારે રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. આ બજેટમાં પણ કૃષિ વીજ જોડાણ માટે પડતર તમામ અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પહેલાં નિકાલ કરવાનો નિર્ધાર વ્યકત કરેલ છે જે અમારી સરકારની ખેડૂતલક્ષી નીતિને સ્પષ્ટ કરે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસના ભાવમાં અભૂતપૂર્વ વધારો થયેલ હોવા છતાં આમ જનતાને તેની અસર ન થાય તેની પૂરતી કાળજી લીધી છે. વીજ ખરીદ પ્રક્રિયામાં ખૂબ જ પારદર્શક નીતિ અપનાવી છે. બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત મારફતે આપણે ઉર્જા પેદા કરનાર અગ્રણી રાજ્ય છીએ. બળતણ અને તેના પરિવહનના દરો તેમજ વીજ વિતરણના દરો વીજ કંપનીઓના અંકુશમાં હોતા નથી. નામદાર વીજ નિયમન આયોગ દ્વારા વીજ દરો નક્કી કર્યા બાદ વીજ ઉત્પાદન માટે વાપરવામાં આવતા જેવા કે કોલસો અને ગેસના ભાવોમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં થતા ભાવ વધારા-ઘટાડા, પરિવહન ખર્ચ તેમજ તેને લઇને વીજ ખરીદીના ખર્ચમાં થતી વધ-ઘટને સરભર કરવા નેશનલ ટેરિફ પોલિસીની જોગવાઇ અનુસાર નામદાર આયોગ દ્વારા તા. ૨૯-૧૦-૨૦૧૩ના આદેશ મુજબ નક્કી કરવામાં આવેલ પદ્ધતિ મુજબ ફ્યુઅલ સરચાર્જ વસૂલવામાં આવે છે. ખેડૂતોની હમસફર એવી અમારી સરકારે તૌઉતે વાવાઝોડા દરમિયાન ભારે વરસાદના કારણે જાન-માલને નુકસાન થયેલ પરિવારને આર્થિક મદદ પૂરી પાડેલ છે. મે માસમાં આવેલ વાવાઝોડા તથા ભારે વરસાદમાં મત્યુ પામેલ ૧૬૪ વ્યક્તિઓના પરિવારને રૂપિયા ૬૫૬ લાખની સહાય વ્યક્તિગત ૪ લાખ લેખે પૂરી પાડેલ છે. ગીર સોમનાથના ૬ માછીમારના મૃત્યુના કિસ્સામાં પણ રૂ. ૨૮ લાખની સહાય પૂરી પાડવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા વ્યક્તિ દીઠ રૂપિયા ૫૦ હજાર લેખે કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામનાર પરિવારના વારસદારોને ડી.બી.ટી.થી અંદાજિત રૂપિયા ૫૦૦ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે. ગત વર્ષે કુદરતી આપત્તિઓમાં મકાનો તથા ઝૂંપડાની મરામત તથા પુનઃ બાંધકામ માટે અંદાજે રૂપિયા ૫૦૦ કરોડની સહાય કરી છે. ઉપરાંત ખેડૂતોને તૌઉતે વાવાઝોડાના અને ભારે વરસાદના કારણે થયેલ નુકસાન માટે રૂપિયા ૨૦૨ કરોડ તેમજ ગત સપ્ટેમ્બર માસમાં થયેલ વરસાદને કારણે થયેલ નુકસાન માટે રૂપિયા ૬૦૬ કરોડની સહાય આપવામાં આવી છે. અમારી સરકારે કૃષિ રાહત પેકેજ-૨૦૨૧ જાહેર કરેલ છે. જે અંતર્ગત ખેડૂતોને સહાય ચૂકવવા માટે વધુ રૂપિયા ૪૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. આમ, પ્રજાલક્ષી નિર્ણયો કરવાની અમારી અગાઉની સરકારોની નીતિને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની સરકારે આગળ વધારી છે. આમ, કુદરતી આપત્તિઓના સમયે અમે નાણાની ચિંતા કર્યા વિના પારદર્શકતાથી નાગિકોને સહાય કરી પ્રજાલક્ષી વ્યવસ્થા તંત્રનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતનેટ પ્રોજેકટના માધ્યમથી ગ્રામ વિસ્તારના નાગરિકોને ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય નેટવર્કનું માળખુ પૂરું પાડવા અમે પ્રતિબદ્ધ છીએ. રાજ્યની ૭,૯૭૪ ગ્રામ પંચાયતોને આ નેટવર્કથી સાંકળી લેવામાં આવી છે. ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ સરકારી સેવાઓ દ્વારા અંદાજિત ૮૦ લાખ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારની મદદથી આ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારે અભૂતપૂર્વ કામગીરી કરી સમગ્ર દેશમાં સૌથી વધારે બ્રોડબેન્ડ કનેક્ટિવિટી ધરાવતાં રાજ્યનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. હવે આ યોજનાને આગળ ધપાવતાં આંગણવાડી, પોલીસ સ્ટેશન, આરોગ્ય કેન્દ્રો અને સરકારી શાળાઓને પણ ઇન્ટરનેટથી જોડવામાં આવશે. જેથી નાગરિકલક્ષી સેવાઓને વધુ સઘન અને

ઝડપી બનાવી શકાશે. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જે પણ કામ કર્યા કે નીતિઓ જાહેર કરી તે ખૂબ જ ભવ્ય અને દીર્ઘદ્રષ્ટિવાળી છે તે વાત સૌએ સ્વીકારવી જ રહી. સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમદાવાદ રીવર ફ્રન્ટ, કિસાન સન્માન નીધિ યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના વગેરે તેના જ્વલંત ઉદાહરણો છે. તેમના આવા કાર્યોમાંથી પ્રેરણા મેળવી અમે નવી આઇ.ટી. અને બાયોટેકનોલોજી નીતિ જાહેર કરી છે. જે અંતર્ગત ૧.૨૦ લાખથી વધારે રોજગારીની નવી તકો ઉભી થશે તેમાં બેમત નથી. બાળકોમાં સાયન્સ તરફ રૂચિ પેદા કરવા માટે સાયન્સ સિટી ભારતભરમાં જાણીતું થયેલ છે. ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા ગુજરાતમાં સૌ પ્રથમ કોવિડ-૧૯ જીનોમ સિક્વન્સિંગ કરવામાં આવ્યું જે આપણા સૌ માટે ગર્વની વાત છે. આવા પ્રજાલક્ષી કાર્યો કરવા અને રાજ્યને પ્રગતિના પંથે અગ્રેસર રાખવા માટે પૂરક અંદાજોમાં વધારાની જોગવાઇ કરવામાં આવેલ જેને સમર્થન આપવા અને ગુજરાતના સર્વગ્રાહી વિકાસમાં સાથ આપવા માનનીય ધારાસભ્યશ્રીઓને તેઓએ રજૂ કરેલ કાપ દરખાસ્તો પાછી ખેંચવા હું આ સન્માનનીય ગૃહના માધ્યમથી દરખાસ્ત કરું છું. આભાર.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક - ૪૯, ૪, ૧૩, ૭૯ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૪૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા.૧૦મી માર્ચ ૨૦૨૨**
**ફાલ્ગુન ૧૯, ૧૯૪૩ શાકે,**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત.**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. મારે એક જાહેરાત કરવાની છે કે, તા.૯.૩.૨૦૨૨ના રોજ પ્રશ્નોતરી કાળ દરમ્યાન સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ પૂરક પ્રશ્ન પૂછતાં એવું રાજકીય અવલોકન કર્યું હતું કે, ઇડી અને ઇન્કમટેક્સનો ઉપયોગ કરીને લોકોને ડરાવવાના પ્રયત્નો થયા છે, ત્યારે પ્રશ્નના પ્રભારી મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ પણ જણાવ્યું હતું કે, ભૂતકાળની અંદર વર્ષો સુધી કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને તેમણે તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રીની સરકારને ભીંસમાં લેવાના, સી.બી.આઇ.નો દુરુપયોગ કરવાના, દેશના ગૃહપ્રધાનશ્રીને જેલમાં નાખવાના ઘણાંય કાવતરાઓ વર્ષો સુધી કર્યા હતા.

તત્સમયે સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે જણાવ્યું હતું કે, મંત્રીશ્રી રેકર્ડ ઉપર ખોટી માહિતી આપે છે. સભ્યશ્રી પરમારે આ સંબંધમાં ગૃહને ગેરમાર્ગે દોરતા કેટલાક ઉચ્ચારણો કર્યા હતાં. તત્સમયે મેં ગૃહની કાર્યવાહી જોઇને નિર્ણય કરીશ તેમ જણાવ્યું હતું. આ બાબતે હું ગૃહની કાર્યવાહી જોઇ ગઇ છું અને કાર્યવાહી જોતાં જણાય છે કે, સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે કરેલ ઉચ્ચારણો સભાગૃહને ગેરમાર્ગે દોરનાર હોઇ તેને હું સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરું છું. તે સમયે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર શાસન સંભાળતી હતી અને જે બનાવો બન્યા હતા તેની તપાસ સી.બી.આઇ. હસ્તક હતી. સી.બી.આઇ. કેન્દ્ર સરકારની એજન્સી છે. જેથી જે પણ કાર્યવાહી કરવામાં આવી તે સી.બી.આઇ. મારફત કરવામાં આવી હતી. આથી, આ બાબતમાં રાજય સરકાર અને ગુજરાતની પોલીસનો કોઇ રોલ ન હતો. સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર આ સભાગૃહના સિનિયર સભ્ય અને વિરોધપક્ષના ઉપનેતા છે, તેઓ જ્યારે ગૃહને ગેરમાર્ગે દોરતા ઉચ્ચારણો કે સત્યથી વેગળા ઉચ્ચારણો કરે ત્યારે તેને હું ગંભીર બાબત ગણું છું. શ્રી શૈલેષભાઇ પરમારને અને તમામ સભ્યશ્રીઓને કડક તાકીદ કરુ છું કે, ભવિષ્યમાં આવા ઉચ્ચારણો કરવાથી દૂર રહે. નેકસ્ટ. (અંતરાય)

અત્યારે આપણે ઝીરો અવર્સની કોઇ પ્રણાલિકા નથી, માનનીય સચિવશ્રી, ઝીરો અવર્સમાં ન આવે તમે નોટીસ આપો. કોઇ બાબત ઝીરો અવર્સમાં હોય જ નહીં. નેકસ્ટ. (અંતરાય)

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**
**પૂરક માગણી ક્રમાંક ૧૦૨.**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૧,૨૯,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : ના, (અંતરાય) આવું કાંઇ ન હોય. તમે જાણો છો, તમે આટલા સિનિયર સભ્ય છો, આપણે ઝીરો અવર્સની પ્રણાલિકા નથી. એટલે આપ મંત્રીશ્રી સાથે વાત કરીને મંજૂરી લઇને આવો આપણે ચર્ચા કરીશું અત્યારે કોઇ ચર્ચા એની નહીં થઇ શકે.(અંતરાય) ના થઇ શકે આપ બેસો, મેં આપને કહ્યું આપ બેસો, મેં આપને એલાઉ નથી કર્યા પ્લીઝ બેસો. તમે વિધિસર લઇ આવો. (અંતરાય) એમ ન થાય, અત્યારે ન થઇ શકે, આપણી પ્રણાલિકા નથી. તમે સિનિયર સભ્ય છો, તમને ખબર છે અને તમે આ રીતે ગૃહની અંદર વર્તન કરો એ યોગ્ય નથી, પ્લીઝ બેસો. (અંતરાય) આપ સૌ બેસો, શાંતિ રાખો. પૂરક માગણીની ચર્ચા થઇ રહી છે આપના સભ્યશ્રીઓને કહો કે બેસે. ઝીરો અવર્સ નથી આપ જાણો છો છતાં પણ જો આ રીતની વાત કરે તો એ યોગ્ય નથી. મેં એલાઉ કર્યા નથી છતાં પણ આવા પ્રદર્શન કરો એ બરાબર નથી. (અંતરાય) શ્રી સુખરામભાઇ, આપના સભ્યશ્રીઓને સૂચના આપો. આટલા વર્ષોમાં ઝીરો અવર્સની કોઇ આપણી પ્રણાલિકા નથી એ આપ જાણો છો એટલે આવી ચર્ચા અત્યારે ન થઇ શકે. જે કંઇ આપને કહેવાનું હોય તે આપ મંત્રીશ્રીને મળીને ૧૧૬ની નોટિસ લઇ આવો આપણે ચર્ચા કરીશું. શ્રી સુખરામભાઇ બોલો, આ બાબતે ઝીરો અવર્સની કોઇ ચર્ચા નહીં થાય. આ જે શ્રી પુંજાભાઇએ મૂકયું છે તેની ચર્ચા નહીં થાય તે સિવાયનું આપનું કોઇ સૂચન હોય તો કહો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, તે સિવાય રાષ્ટ્રીય મહિલા દિવસ,

અધ્યક્ષશ્રી : તે ચર્ચા નહીં થાય.

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

**પૂરક માગણી ક્રમાંકઃ ૯**

**શિક્ષણ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૧૮,૪૮,૨૫,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ૨. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપ બેસો. ગૃહને ડિસ્ટર્બ નહીં કરો. મારે કામકાજ પૂરું કરવાનું હોય અને જે કામ હોય તે મારે કરવું પડે. આપે ચર્ચા કરવી હોય તો વિધિસર આવોને (અંતરાય) ચર્ચા થશે. પણ આપ કહો ત્યારે ના થઈ શકે. મારી મંજૂરી વગર આવી કોઇ ચર્ચા થઇ શકે નહીં. (અંતરાય)

( વિપક્ષના કેટલાક સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર) ગૃહની અંદર આવા સૂત્રોચ્ચાર ના કરો. હું નેઇમ કરીશ. આપની જગ્યા ઉપર સૌ સભ્યશ્રીઓ બેસો, આપ આ રીતે સૂત્રોચ્ચાર કરી શકતા નથી. (સૂત્રોચ્ચાર ચાલુ )

( આ તબક્કે માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ તથા અન્ય સભ્યો ગૃહની બહાર જતા રહ્યા )

**પૂરક માગણી ક્રમાંકઃ ૨૨**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૪૫,૨૭,૯૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંકઃ ૩૯**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૮,૬૬,૨૭,૪૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચની રૂપિયા ૨,૯૮,૮૧,૦૧,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંકઃ૮૬**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી, માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૩,૮૧,૭૬,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૭૭,૯૯,૬૦,૦૦૦/-ની પૂરક માગણી નંબરઃ ૮૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **શિક્ષણ વિભાગ**<br>માંગણી નં. ૯ | | |
| ૧ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી હાડમારીઓ | શ્રી સુનિલભાઇ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૬- શિક્ષકો..સેવાઓ<br>૦૬- પ્રાથમિક...અનુદાન<br>રૂ. ૫, ૫૭,૫૫,૭૬,૦૦૦<br>પાના નં. ૮ | | નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૨ | --"-- | ૧૦૦ | શાળાઓમાં જર્જરિત ઓરડાઓની મરામત માટે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઇ કાર્યવાહી થતી નથી તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| *૩ | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં પૂરતી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માંગણી નં. ૨૨ | | | | |
| ૪ | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૧૯૦-જાહેર....સહાય<br>૧૮-અન્ન સલામતી<br>રૂ. ૧,૪૪,૮૦,૧૦,૦૦૦<br>પાના નં. ૨૨ | ૧૦૦ | અન્ન સલામતી કાયદા અંતર્ગત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનામાં વ્યાપક પ્રમાણમાં રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૫ | --"-- | ૧૦૦ | અન્ન સલામતી કાયદા અંતર્ગત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અનાજનો મળેલ જથ્થો, તે પૈકી થયેલ વિતરણ અને કેટલા અનાજના બાકી વિતરણ અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૬ | --"-- | ૧૦૦ | અન્ન સલામતી યોજના અંતર્ગત વ્યાપક પ્રમાણમાં હલકા પ્રકારના અનાજનું વિતરણ થયેલ છે તેની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>માગણી નં. ૩૯ | | | | |
| *૭ | ૨૨૧૦-તબીબી..આરોગ્ય<br>૦૬- જાહેર આરોગ્ય<br>૧૦૧- રોગોનું..નિયંત્રણ<br>૦૩- એચએલટી-૨૯ વાવર રોગો<br>રૂ. ૨૪,૩૬,૫૫,૮૨,૦૦૦<br>પાના નં. ૩૮ | ૧૦૦ | કોવિડ-૧૯ની મહામારીમાં રેમડેસિવર ઇન્જેક્શનોના વિતરણમાં થયેલ કાળા બજારની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૮ | --"-- | ૧૦૦ | કોવિડ-૧૯ની મહામારી વખતે કોવિડ હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી ઉંચી સારવાર ફી વસુલી કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૯ | --"-- | ૧૦૦ | કોવિડ નિયુકત હોસ્પિટલોમાં દર્દીઓની પુરતી સંખ્યા ન હોવા છતાં, સરકાર પાસેથી વધુ નાણા વસુલનાર હોસ્પિટલોની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૧૦ | --"-- | ૧૦૦ | રાજય સરકારે કોવિડ - ૧૯ની મહામારી વખતે કુલ કેટલી રકમના કેટલા રેમડેસિવર ઇન્જેકશનો ખરીદયા, તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| માર્ગ અને મકાન વિભાગ<br>માંગણી નં. ૮૬ | | | | |
| *૧૧ | ૩૦૫૪-માર્ગ અને પુલો<br>૦૪-જિલ્લા..માર્ગો<br>૩૩૮-પ્રધાનમંત્રી..યોજના<br>૦૧-ગ્રામ્ય માર્ગો<br>રૂ. ૧,૧૩,૮૧,૭૬,૦૦૦<br>પાના નં. ૯૭ | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના નબળા અને ઉતરતી કક્ષાના કામોની તપાસ કરાવી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | - - " - - | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| *૧૩ | - - " - - | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામોનો ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપ વધારવાનું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય ૧૦:૦૦ થી ૨:૩૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪(૪)મુજબ પૂરક માગણીઓ પરની ચર્ચાના છેલ્લા દિવસે બેઠક મુલતવી રાખવાના ૧ કલાક પહેલાં એટલે કે ૧:૩૦ કલાકે પૂરક માગણી પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. તદ્અનુસાર બપોરે ૧:૩૦ કલાકે જે પૂરક માગણી પર ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બધી જ પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

ડૉ. કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય નાણા મંત્રીશ્રી શિક્ષણ, આરોગ્ય તથા માર્ગ અને મકાન માટેની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ સાથે અમે સંમત એટલા માટે નથી થતાં કે શિક્ષણ અને આરોગ્ય એ કોઇ પણ રાજ્યના વિકાસ માટે મહત્ત્વની બાબતો છે.

તમે શિક્ષણ માટે જે માગણીઓ લઇને આવ્યા એ જો TET અને HTAT પાસ થયેલા લાખો યુવાનો છે, જે બેકાર યુવાનો છે એમના માટે નોકરી માટેની માગણી લઇને આવ્યા હોત, કૉલેજના પાર્ટ ટાઇમ અધ્યાપકો છે એમના માટે ફૂલ ટાઇમ કે નામ.હાઇકોર્ટના ચુકાદાને આધીન રહી એમને પગાર ચૂકવવાની કે કાયમી કરવાની માગણી લઇને આવ્યા હોત અથવા આરોગ્યના કર્મચારીઓ કે જેમણે કોરોનામાં રાત-દિવસ મહેનત કરી એમને માત્ર ૧૧ મહિનાના કરાર આધારિત લીધા. આજે પણ આરોગ્યમાં લાખો કર્મચારીઓ આ કરાર આધારિત કૉન્ટ્રાક્ટ પદ્ધતિથી ચાલી રહ્યા છે અને એમનું શોષણ થઇ રહ્યું છે. એમને કાયમી નોકરી આપવાની માગણી લઇને આવ્યા હોત તો અમે ચોક્કસ આ માગણીઓને સંમતિ આપતા. પ્રાથમિક શિક્ષણની વાત કરું તો અત્યારે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની જે પરિસ્થિતિ થઇ છે એમાં મોટાભાગની સરકારી સ્કૂલો બંધ કરીને ખાનગીકરણને પ્રોત્સાહન આપવામાં આવે છે. ૧,૮૦,૦૦૦ કરતાં પણ વધુ TET અને HTAT પાસ થયેલા ઉમેદવારો છેલ્લા ચાર વર્ષથી નોકરીની રાહ જોઇને બેઠા છે. કોરોનામાં સરકારે એવું કહ્યું છે કે અમે એક વર્ષની વય-મર્યાદા વધારી છે. વિધાનસભામાં નામ.રાજ્યપાલશ્રીના પ્રવચનમાં પણ આની વાહ-વાહ કરી છે પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષથી એ લોકોની ભરતી કરવામાં આવતી નથી. એમની ભરતી થાય અને એમને કાયમી નોકરી મળે એવી માગણી લઇને આવ્યા હોત તો અમે ચોક્કસ એને સમર્થન આપતાં. શિક્ષણ વિભાગ દ્વારા જે રીતે પરિપત્રનું ખોટું અર્થઘટન કરી પ્રાથમિક શિક્ષકો અને HTAT પાસ થયેલા શિક્ષકોને જે રીતે હેરાન કરવામાં આવે એ બહુ શરમજનક બાબત છે. જ્યારે કર્મચારીઓને આર.ટી.ઈ.નો લાભ આપવાનો હોય, એમને ફાયદો કરવાનો હોય ત્યારે આર.ટી.ઈ.ના કાયદાનું પાલન નહિ કરવાનું અને જ્યારે કર્મચારીઓને નુકસાન કરવાનું હોય ત્યારે કહેવાનું કે અમે આર.ટી.ઈ.ના કાયદાની વાત કરીએ છીએ. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૮ સુધી HTAT ના શિક્ષકોની ભરતી કરવામાં આવી ત્યારે આર.ટી.ઈ.ના કોઈ નિયમોનું પાલન કરવામાં આવ્યું નહિ. એમની HTAT ની પરીક્ષા લીધી, આવા શિક્ષકો પાસ થયા અને એમને પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિકમાં આચાર્ય તરીકેની નિમણૂક આપવામાં આવી. ત્યાર બાદ સરકારને સ્વપ્ન આવ્યું અને શિક્ષણ વિભાગના સચિવે પરિપત્ર કર્યો કે આ બાબતમાં આર.ટી.ઈ.ના કાયદાનું ઉલ્લંઘન થાય છે એટલે આ શિક્ષકોને બદલીને દૂર મૂકી દેવાયા. જે શિક્ષકો પોતાના વતનની નજીક હતાં, જેણે પરીક્ષા પાસ કરી હતી તેવા શિક્ષકોને દૂર મૂકી દીધા. નામદાર હાઇકોર્ટે સ્ટે આપ્યો. એ સ્ટેનું પણ પાલન ન કરી અને બળજબરીથી આ શિક્ષકોની હેરાનગતિ કરવામાં આવે છે એ બાબત દૂર થવી જોઈએ. હમણાં જ નામદાર સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છતાં પણ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની નિયમો નેવે મૂકીને નિમણૂક કરવામાં આવે છે. આ ચુકાદાનું પાલન થવું જોઈએ. મેં માનનીય શિક્ષણમંત્રીશ્રીને લખીને આપ્યું છે. આ ચુકાદામાં સ્પષ્ટ લખ્યું છે કે યુનિવર્સિટીના કુલપતિ કેવા હોવા જોઈએ તો તેની ઈન્ટિગ્રિટી અને મોરલ વેલ્યુ ઊંચી હોવી જોઈએ. આજે પણ અમારી *(xxx)

અધ્યક્ષશ્રી : આપ કોઈ કુલપતિ માટે કે અહીંયા જે ગેરહાજર હોય તેના માટે આવા શબ્દો વાપરી શકતા નથી. આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

ડૉ. કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કુલપતિ માટે કહેતો નથી પરંતુ રાજ્ય સરકાર માટે કહું છું. રાજ્યના હાલના ચીફ સેક્રેટરી આદરણીય પંકજ કુમારે રીપોર્ટ આપ્યો છે. મુન્નાભાઈ એમ.બી.બી.એસ. પાસ કરવાનું, એમ.બી.બી.એસ.માં ૧૨ સપ્લિમેન્ટ્રી બદલી અને વિદ્યાર્થીઓને પાસ કરવાનું જે કૌભાંડ હતું તેમાં તે દોષિત સાબિત થયા છે અને છતાં પણ એમના વિરુધ્ધમાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જો આ પૂરક માગણીઓમાં પાર્ટ ટાઇમ અધ્યાપકોને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કાયમી કરવા માટેની માગણી લઈને આવ્યા હોત, સરકારી કૉલેજ અને ગ્રાન્ટેબલ કોલેજમાં સ્ટાફ નથી તે સ્ટાફ પૂરવાની માગણી લઈને આવ્યા હોત અને હમણાં જ રાજસ્થાન અને ગઈકાલે જ ઉત્તરાખંડની સરકારે જૂની પેન્શન યોજના શરૂ કરી એટલે આજે લાખો કર્મચારીઓને ફાયદો થયો છે. આપણે ગુજરાતને નંબર વન રાજ્ય અને વિકાસશીલ રાજ્ય ગણાવીએ છીએ ત્યારે જે પછાત રાજ્ય કહી શકાય એવા રાજ્યો જૂની પેન્શન યોજના શરૂ કરી શકતા હોય તો માનનીય મંત્રીશ્રી આવી માગણી લઈને આવ્યા હોત તો અમે ચોક્કસ સમર્થન આપત. જે મહત્ત્વની વાત છે કે પતિ-પત્નીના કેસમાં રાજ્ય સરકારે પરિપત્ર કર્યો છે. પહેલા પણ પરિપત્ર હતો એ પરિપત્ર રીવાઈઝ કર્યો. આજે પણ તમે જુઓ કે દંપતિના કેસમાં હજારો અરજીઓ પેન્ડિંગ છે. એમની કોઈ બદલીઓ કરવામાં આવતી નથી. એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ પરિપત્રનું ચોક્કસ પાલન થાય અને જે પણ પતિ-પત્નીના કેસમાં અરજીઓ પેન્ડિંગ હોય તે પેન્ડિંગ અરજીઓ ઝડપથી પૂર્ણ કરવામાં આવે. મારે રોડની વાત કરવી છે. ગઈકાલે હું માનનીય મંત્રીશ્રીને મળ્યો હતો. મારું એક સૂચન હતું કે જે નવા ડામર રોડ બનાવવામાં આવે છે તે ડામર રોડ જે ગામડામાં બનાવવામાં આવે છે તે ગામડામાં ૧૦ ટનની કેપેસિટીના ડામર રોડ હોય છે અને ઓવરલોડના લીધે આ રોડ તૂટી જતા હોય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી આત્મારામભાઈ પરમાર., માનનીય શ્રી કુબેરભાઈ ડીંડોર.

શ્રી કુબેરભાઈ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ *(xxx) એવા શબ્દો જે ઉચ્ચાર્યા છે, એ શબ્દો કાઢી નાખવા જોઈએ.

અધ્યક્ષશ્રી : મેં કાઢી નાખ્યા છે. મેં કીધું છે. માનનીય શ્રી આત્મારામભાઈ પરમાર.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માંગણી ક્રમાંક-૩૯ આરોગ્ય વિષયક લઈને આવ્યા આ અંગે મારા વિચારો વ્યકત કરું છું અને એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આખા દેશમાં જે ચૂંટણીના પરિણામો આવ્યા છે, એમાં કોંગ્રેસ સાફ થઈ ગઈ છે. (અંતરાય ) પણ અહીંયા જાણે નક્કી કર્યું હોય કે હમ સુધરેંગે નહીં.

અધ્યક્ષશ્રી : આપનો સમય જાય છે, આપ આપની પૂરક માંગણી વિશે ચર્ચા કરો.

શ્રી આત્મારામ પરમાર : બહાર જે પરિસ્થિતિ છે એ પ્રમાણે સમગ્ર દેશમાંથી કોંગ્રેસ ખતમ થઈ ચૂકી છે. કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા છે. બધી રીતે કોગ્રેંસ પૂરી થઈ ગઈ છે. માનનીય નાણામંત્રીશ્રી આ એવી માગણી લઈને આવ્યા છે કે જયારે એવી પરિસ્થિતિ હતી કે દેશ, દુનિયા, દરેક રાજ્યો અને દરેક ઘરોના બજેટ ખોરવાઈ ગયા હતા. કોઈને ખ્યાલ ન હતો અને જેના નામ પણ આપણને ખબર ન હતા, એ પ્રકારે કોરોના મહામારીમાં સમગ્ર વિશ્વ જયારે સહન કરી રહ્યું હતું ત્યારે આપણી પ્રાથમિકતા લોકોની જિંદગી બચાવવાની હતી અને એ જિંદગીઓ બચાવવા માટે જે કંઈ ખર્ચા કરવા પડે એ કરવામાં આ સરકારે પાછી પાની કરી નથી. એ બદલ હું સરકારને સૌથી પહેલા અભિનંદન પાઠવું છું. કોઈપણ ભોગે લોકોની જિંદગી બચવી જોઈએ, તે દિવસોમાં અમારું એ સૂત્ર હતું. જયારે સમગ્ર દેશ અને દુનિયા આ રોગચાળામાં ફસાઈ હતી ત્યારે જે કંઈપણ કરવું પડે તે અમારી ગુજરાત સરકાર તથા કેન્દ્રની સરકારે કર્યું છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, લોકોની જિંદગી આપણા માટે મહત્ત્વની છે. જિંદગી હશે તો આગામી દિવસોની સફર પણ સરળતાથી થઈ શકશે. એટલા માટે આ ખર્ચાઓ થયા છે. આ સરકારે લોકોના આરોગ્યને પ્રાથમિકતા આપી છે. આપણે સૌ જાણીએ છીએ કે, એ દિવસોમાં વેપાર, ધંધા, ઉદ્યોગ બધું બંધ હતું અને એવા સંજોગોમાં જે પરિસ્થિતિ પેદા થઈ હતી એમાં સરકારે ખર્ચ કરવો પડે. દેશ અને દુનિયામાં જે પહેલો વેવ હતો એના પછીનો બીજો વેવ તો ખૂબ જ ખતરનાક હતો. દેશમાં કોઈ પરિવાર એવો બાકી નહીં હોય કે કોઈ પરિવારમાંથી કયાંક ને કયાંક કોઈએ પોતાના સ્વજનો અને પરિવારને ગુમાવ્યા ન હોય. એ પ્રકારની પરિસ્થિતિમાં બીજા વેવની સામે આપણે જે રીતે લડત આપી અને લોકોની જિંદગી બચાવવાના સરકારે જે પ્રયત્ન કર્યા છે એને હું અભિનંદન આપું છું. મારે બીજી વાત એ કરવી છે કે, આપણી ધ્યાન બહાર અને આપણી કલ્પનામાં ન આવે એવા જે ખર્ચાઓ થયા છે એ પ્રકારના ખર્ચાઓ દવાઓ પાછળ, ઈન્જેકશનો પાછળ, વેન્ટિલેટરની ખરીદી પાછળ, સેનિટાઈઝરની ખરીદી પાછળ, પી.પી.પી. કીટની પાછળ થયા છે. અમુક તો આપણને દવાઓ અને ઈન્જેકશનોના નામોની પણ ખબર ન પડે એ પ્રકારના જેવા કે રેમડેસીવર, ટોસીલીઝૂમેબ ઈન્જેકશનો લોકોની જિંદગી બચાવવા માટે જરૂરી હતા. આ દવાઓ અને ઈન્જેકશનોના નામો પણ એવા હતા કે આપણને યાદ પણ ન રહે અને લખી રાખવું પડે કે કયું ઈન્જેકશન લેવાનું છે અને કઈ ટેબલેટ લેવાની છે. મને ખબર છે કે મારા મત વિસ્તારમાં આવી ગંભીર પરિસ્થિતિમાં હું ઉમરાડા ગામે એક મુલાકાતે ગયો હતો. એક ડોશીમાની તબિયત નરમ હતી. ટેમ્પામાં ભરીને આઠ-દસ કાર્યકર્તાઓ આવ્યા અને આવીને તરત જ જોરથી કીધું કે, શ્રી આત્મારામભાઈ આ રામદેવસિંહનું કંઈ કરો. એટલે હું ગૂંચવાડામાં પડ્યો કે અત્યારે આમાં આ રામદેવસિંહ કયાંથી આવ્યા? આમાં કયાં પ્રોબલમ આવ્યો? મેં કહ્યું રામદેવસિંહનો ભાઈ તમને શું વાંધો છે? એક કાર્યકર્તા બાજુમાં હતો એણે મને કહ્યું સાહેબ, આ રામદેવસિંહ નહીં, પેલું રેમડેસીવર ઈન્જેકશન છે એનું નામ કહે છે. આમ નામ પણ ખ્યાલ ન આવે તે પ્રકારનો ગંભીર રોગ હતો એની સામે સરકારે લડત આપી છે, વહીવટી તંત્રએ લડત આપી છે. ડોકટરોએ પોતાના જાનની પરવા કર્યા વગર અને નર્સોએ પણ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોતાના જાનની પરવા કર્યા વગર આ દેશના યુવાનો, વડીલો, સન્નારીઓને બચાવવાના સનિષ્ઠ પ્રયત્નો કર્યા છે અને એની આપણે પ્રસંશા કરવી પડે. ખાસ કરીને મેં કહ્યું તે પ્રમાણે આ બધી નવી નવી વસ્તુઓ કે જેની સામાન્ય સંજોગોમાં જરૂર જ ન પડે, એ વસ્તુઓની ખરીદીની કયાંય બજેટમાં જોગવાઇ હોતી જ નથી, કોઇને કયાંય ખ્યાલ જ નહોતો, એટલા માટે નાણાકીય જે જોગવાઇ હતી એ જોગવાઇની ઉપરાંત આપણે આ વધારાના ખર્ચાઓ કરવા પડયા. જેમ કે થર્મલ ગન, એન્ટીજન/રેપીડ ટેસ્ટ, ઓક્સિમીટર, આવા અનેક સાધનો આપણે ખરીદવા પડયા. લખી રાખીએ તો પણ આપણને ખબર ન પડે તે પ્રકારની સારવાર અને ખાસ કરીને એ દિવસોમાં સંજીવની રથ અને ધન્વંતરી રથ નામના બે રથો આ સરકારે લોકોની સેવા માટે મુકયા હતા અને સંજીવની રથના માધ્યમથી કોરોના કાળમાં જે લોકો આઇસોલેશનમાં રહ્યા હતા એવા લોકોને પણ જરૂરી સુવિધાઓ આપવાનું કામ એ દિવસોમાં થયું હતું. ધન્વંતરી રથના માધ્યમથી લોકોને ઘર બેઠા જઇને તપાસીને, કારણ કે નાના નાના રોગો એવા હતા કે એ દિવસોમાં કોરોના કાળમાં હોસ્પિટલમાં કોઇ જઇ ન શકે એવા સમયે નાની બીમારીઓ, તાવ હોય, શરદી હોય, કે પછી ઝાડા ઉલટી હોય, ડાયાબીટીસના કેસ હોય, હાઇપર ટેન્શન હોય, બી. પી. હોય. આવા તમામ પ્રકારના રોગો માટે હોસ્પિટલમાં ન લઇ જઇ શકાય એને ઘેર જઇને સારવાર આપવાનું કામ આ સરકારે કર્યું છે અને એટલા માટે બીજી બધી માગણીઓમાં કદાચ વિપક્ષના સભ્યોને વિવાદ હોઇ શકે, પણ આ જે ૩૯ નંબરની માગણી છે એ આરોગ્ય વિષયક માગણી લઇને આવ્યા છે અને એમાં જે વધારાની પૂરક માગણીઓ જે રજૂ થઇ છે એ પૂરક માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવી જોઇએ એવું કહીને હું મારી વાણીને વિરામ આપું છું. ભારત માતા કી જય.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આરોગ્ય અને તબીબી કલ્યાણ વિભાગની તબીબી અને જાહેર આરોગ્ય ઉપરની પૂરક માગણી ૩૯ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું અને હું આ માગણીઓ સાથે સંમત નથી. આરોગ્યને નુકસાન પહોંચાડે તેવા ઉદ્યોગો દ્વારા ઝેરી કેમિકલ નદીઓમાં ઠાલવવામાં આવે છે તેમજ ઉદ્યોગોનો કેમિકલ ઘન કચરો ઠાલવવામાં આવે છે તે આરોગ્યને નુકસાન પહોંચાડે છે. એવા ડમ્પિંગ પ્લાન્ટોને બંધ કરવાનું જો કદાચ મંત્રીશ્રી લાવ્યા હોત તો હું એમને સંમતી આપત. બાલાસિનોર તાલુકામાં ડમ્પિંગ સાઇટ જે ચાલી રહી છે તે ૨૦૧૫માં ચાલુ કરવામાં આવી. પર્યાવરણની જાળવણી માટે જો એના ઉપર સાચે સાચા નિયમોથી કાર્યરત કરવામાં આવી હોત તો આજે બાલાસિનોરની પ્રજાને આ તકલીફો વેઠવી ન પડતી હોત. બાલાસિનોરના બોડેલી પંચાયતના જમીયતપુરામાં કરવામાં આવેલી આ ડમ્પિંગ સાઇટ કોઇ પણ જાતની બાંધકામની મંજૂરી પંચાયત પાસે લીધા વગર શરૂ કરવામાં આવી છે. ગુજરાત પોલ્યુશન બોર્ડે મંજૂરી આપી છે કે કેમ તે પણ ત્યાંની પ્રજાને ખબર નથી. ડમ્પિંગની શરૂઆતમાં જ ૨૯ પંચાયતોએ સુનાવણીમાં ભાગ લીધેલો અને એનો વિરોધ હોવા છતાં એને શરૂ કરવામાં આવી છે. ૧૦ દિવસમાં ૫૦ જેટલા આવેદનપત્રો હાલ આપવામાં આવ્યા છે. શાળાઓના બાળકો પણ આવેદનપત્રો આપી રહ્યા છે. વિરોધમાં ૩૦ જેટલી પંચાયતોએ આ ડમ્પિંગ સાઇટના વિરોધમાં ગ્રામ સભાઓમાં વિરોધ કર્યો છે આના વિરોધમાં ૨૦૦ જેટલી સભાઓ પણ કરવામાં આવી હતી. છતાં આ સાઇટને ચાલુ કરવામાં આવી છે. કોણ છે એના ભાગીદારો કે કેમ વિરોધ હોવા છતાં પરવાનગી આપવામાં આવી એ વિશે પ્રશ્ન હજુ ઉભો જ છે. ડમ્પીંગ ચાલુ થવાથી આજુબાજુના ગામડાંના લોકો આ પ્રદૂષિત થવાથી પ્રજા ત્રાહિમામ થઇ ગઇ છે. પશુ, પક્ષી અને માનવ જીવન જોખમાયું છે. ખેડૂતો પોતાના ખેતરમાં કામ કરવા જઇ શકતા નથી અને ગુંગળામણ અનુભવે છે, આજુબાજુના કૂવાઓ અને બોરોના પાણી લાલ થઇ ગયા છે. ખુદ કંપનીના માણસો પીવાનું પાણી બહારથી ટેન્કર ભરીને લાવે છે. આનો વિરોધમાં કેટલાક વ્યકિતઓ ઉપવાસ ઉપર બેઠા છે. દિનપ્રતિદિન એમાં વધારો થતો જાય છે. દિવસમાં સો જેટલી ગાડીઓ કચરો લઇને આવે અને તે રસ્તા ઉપર વેરાય છે તે પણ રસ્તાઓને પ્રદૂષિત કરે. બાલાસિનોર તાલુકાની પ્રજાનો જીવ જોખમાય એ પહેલા આ ડમ્પીંગ સાઇડને તાત્કાલિક બંધ કરો તેવી અમારી માગણી છે. સમાચાર પત્રોમાં જોઇએ તો બાલાસિનોરનો સળગતો પ્રશ્ન છવાઇ ગયો છે. બાલાસિનોરમાં શાળા, કોલેજો અને અન્ય સરકારી સંસ્થાઓની માંગ છે કે ડમ્પીંગને બંધ કરવું જોઇએ અને એ રીતે આજે ખેડૂત સંમેલન મળીને આ પણ આજે ઉપવાસ ઉપર બેસવાના છે. આજે સમગ્ર બાલાસિનોર અને વિરપુર તાલુકામાં એના માટે વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા છે. વિરોધ કરનારા ઉપર ખોટા ગુના દાખલ કરી પૂરી દેવામાં આવે છે. પહેલેથી જ ખોટા કેસો કરી વિરોધ કરનારાઓને ડામવામાં આ સફળ રહ્યા છે. ખોટા કેસો કરીને પ્રજાને હેરાન પરેશાન કરવામાં આવે છે. આમાં કંઇક સુધારો કરીને ડમ્પીંગને બંધ કરવામાં આવે તેવી મારી માગણી છે. એટલે આ પૂરક માગણીઓમાં હું સમર્થન આપતો નથી. સરકાર એના માટે એક સમિતિ બનાવે. આ ડમ્પીંગની મુલાકાત લે અને એનાથી આજુબાજુના ગામડાંમાં શું પરિસ્થિતિ સર્જાય છે એ જો કદાચ માહિતી મેળવશે તો અમારા માટે આશીર્વાદરૂપ થશે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી અનુક્રમ નંબર-૨૨ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની અન્ન સુરક્ષા, નેશનલ ફૂડ સિકયોરિટી એકટ, ૨૦૧૩માં આનો અમલ રાજય સરકારે ૧, એપ્રિલ, ૨૦૧૬થી આ રાજયમાં અમલમાં મૂકયો હતો અને આ એકટની અંદર બે પ્રકારના કુટુંબો છે. એક તો અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબો. આ બંને કુટુંબ દીઠ ઘઉંના પ્રતિ કિલોના બે રૂપિયા પ્રમાણે જયારે ચોખા પ્રતિ કિલોના ત્રણ રૂપિયા પ્રમાણે અનાજનું વિતરણ કરવામાં આવતુ હતું. આ પૂરક માગણી લાવવા પાછળનો આશય એ કે જે તે વખતે નીતિ વિષયક નિર્ણય રાજય સરકારના અગ્રતા ધરાવતા કુટુંબના પાત્રતાના ધોરણમાં ફેરફાર કરવાથી

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

નીતિ વિષયકમાં ફેરફાર કરવાથી લક્ષ્યાંક ૨૦૨૧માં ૩ કરોડ ૨૧ લાખની જન સંખ્યાનો હતો પણ એના બદલે ૩ કરોડ ૪૭ લાખ એટલે કે ૨૬ લાખની જનસંખ્યા વધી એના કારણે ખર્ચમાં વધારો થયો છે. બીજી બાબત ઘઉં, ચોખામાં સબસિડીમાં તા.૨૪-૭-૨૦૦૦ના રાજ્ય સરકારના અન્ન અને નાગરિક વિભાગના ઠરાવથી સબસિડીમાં લગભગ પ્રતિ કિવિન્ટલે ૨૪ રૂપિયા અને ૪૦ પૈસાનો ઘઉંમાં વધારો થયો અને ચોખામાં ૨૪ રૂપિયામાં ૫૦ પૈસાનો વધારો થવાથી અને અમલ ૧-૩-૨૦૦૯થી થવાને કારણે આ પૂરક માગણી માનનીય નાણામંત્રીશ્રી લાવ્યા છે ત્યારે હું એને અનુમોદન આપું છું. ખાદ્યતેલમાં કાર્ડ ધારકોનો વધારો થયો છે એમાં સન ૨૦૨૦માં ૬૯.૩૬ લાખ ધ્યાને લેવાયા હતા જયારે સન ૨૦૨૦-૨૦૨૧માં ૭૦.૪૭ લાખ થયા એટલે કે લગભગ ૧ લાખ ૨૧ હજાર કાર્ડ ધારકોનો વધારો થવાથી અને એમાં ખરીદ ભાવ વધવાથી પાઉચ દીઠ સબસિડી આપવામાં આવી હતી. તેમાં પણ લગભગ શરૂઆતમાં ૫૧ રૂપિયે ૩૮ રૂપિયા પાઉચ દીઠ સબસિડી આપવામાં આવતી હતી. ત્યાર પછી પાઉચ દીઠ ૭૦ રૂપિયા થતાં લગભગ પાઉચદીઠ ૨૮.૬૨ પૈસાનો વધારો થવાના કારણે આ પૂરક માગણીઓ લાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી છેલ્લે છેલ્લે માનનીય પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના. મારે કહેવું જોઇએ કે આપણા દેશના વડાપધાન આદરણીય મોદી સાહેબ જે રીતે યુક્રેન અને રશિયાના યુદ્ધની અંદર આપણાં નાગરિકોને, વિદ્યાર્થીઓને ગંગા મિશન દ્વારા પાછા લાવવાની કામગીરી બતાવી છે એવી જ કામગીરી ભૂતકાળમાં કોરોનામાં માનનીય મોદીજીના વડપણ હેઠળ ભારત દેશના નાગરિકો, જે મજૂરો હોય લોકડાઉનની અંદર જે કામ કરી શકે તેમ ન હોય, અશક્ત હોય, કોરોના મહામારીમાં કોઇ રોજગારી મેળવી શકતા ન હોય તેને ધ્યાનમાં લઇને માનનીય વડાપ્રધાનશ્રીએ આ યોજનાના અનુસંધાનમાં નેશનલ ફુડ સિકયોરિટી એક્ટમાં અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ જે તે વખતે મે-૨૦૨૧થી માર્ચ-૨૦૨૨ સુધી નેશનલ ફુડ સિકયોરિટી એક્ટ હેઠળ જે અનાજ મળે છે, પણ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ એમને વ્યક્તિદીઠ ૫ કિલો જેટલું અનાજ આપવાનું નક્કી કરવામાં આવ્યું અને તેના કારણે ૧૬,૪૩,૦૦૦ મેટ્રિકટન અનાજ રાજય સરકારોએ અશક્ત હોય, કામ કરી શકતા ન હોય, મહામારીના કારણે પીડાતા હોય. પંચમહાલના ગરીબ અને આદિવાસી મજૂરો હોય, મધ્યપ્રદેશ કે રાજસ્થાનના હોય તેને ધ્યાનમાં રાખીને અમારા પંચમહાલમાં અમને પણ સૂચના આપી હતી કે તમે અન્ન અને ભોજન દ્વારા તેમનું સ્વાગત કરીને તેમને વતનમાં પહોંચાડવાનો પ્રયત્ન કરજો. તેમની સૂચના મુજબ પંચમહાલ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને વહીવટી તંત્રએ પણ સારી કામગીરી બજાવી છે. એ લોકોને વતન પહોંચાડવામાં પણ અમે સગવડરૂપ બન્યા છીએ. રાજ્ય સરકારની સૂચનાના અનુસંધાનમાં વહીવટીતંત્ર દ્વારા આ કામગીરી ખૂબ જ સારી થઇ છે. આ પ્રકારે ખાદ્ય તેલની સબસિડીમાં વધારો, ઘઉં-ચોખાની સબસિડીમાં પણ વધારો અને માનનીય વડાપ્રધાનશ્રીની યોજના હેઠળ દરેક વ્યક્તિને ૫ કિલો મફત અનાજ વિતરણ કરવાના અનુસંધાનમાં માનનીય નાણામંત્રીશ્રી આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું દિલથી અનુમોદન આપું છું અને માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું કે આ માગણીઓને આપ સૌ સમર્થન આપો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી શિક્ષણ અને આરોગ્ય અંગેની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો ભાજપ *(xxx) ગેરવહીવટના કારણે..

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ દૂર કરવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : કોરોનાના કારણે ૩ લાખથી વધુ નાગરિકો મોતને ભેટ્યા છે છતાં ભાજપ સરકાર આંકડા છૂપાવી રહી છે. સુપ્રીમ કોર્ટે અને હાઇકોર્ટે સરકારને ફટકાર લગાવી છે ત્યાર બાદ ભાજપ સરકારને જનતા યાદ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેવા પ્રકારનું શાસન કહેવાય? આરોગ્ય સેવાની સગવડો અપૂરતી છે. સ્ટાફનો દવાખાનાઓમાં અભાવ જોવા મળે છે. સામાન્ય નાગરિક માટે સારવાર દુર્લભ છે ત્યારે કોવિડનો ભ્રષ્ટાચાર ગયો અને શિક્ષણનો ભ્રષ્ટાચાર આવ્યો છે. વર્ષ ૨૦૨૨માં કોંગ્રેસની સરકાર આવશે ત્યારે રાજ્યની કથળી ગયેલી આરોગ્યની સેવાની કામગીરી કરશે એનો આજે અમે સંકલ્પ લઇએ છીએ. રાજ્યના તમામ સામૂહિક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સરકારી દવાખાનાનું આધુનિક સુવિધાઓ સાથે નવીનીકરણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ સ્તરે ડોકટરો, સુપરવાઇઝર, સ્પેશિયાલીસ્ટ ડોકટરો, પેરા મેડીકલ સ્ટાફની ભરતી કરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં વોર્ડ કક્ષાએ સારી સારવાર આપવામાં આવશે. રાજયમાં હાલની બેડની વ્યવસ્થા છે તેને બમણી કરવામાં આવશે. કોવીડના તમામ મૃતકના પરિવારજનોને અમારી સરકાર આવશે ત્યારે ચાર-ચાર લાખનું વળતર આપશે. હું શિક્ષણની વાત કરું તો રાજયમાં એક તરફ મોંઘું શિક્ષણ છે અને તેની બેફામ ફી વસૂલાઇ રહી છે ત્યારે બીજી બાજુ ગુજરાતના યુવાનોને રોજગારી આપવામાં ભા.જ.પ. સરકાર તદ્દન નિષ્ફળ નીવડી છે. સરકારી નોકરીઓમાં પેપર ફૂટે અને દરેક નોકરીની જાહેરાતો સાથે ૧૦ થી ૨૫ લાખનો ભાવ બોલાય છે. ગુજરાતની ભા.જ.પ.ની શિક્ષણ નીતિ છે એ દિશાશૂન્ય છે. *(xxx) અમારી સરકાર આવશે ત્યારે શિક્ષણના વેપારમાંથી વાલીઓને મુકિત આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે સિનિયર સભ્યશ્રી છે. વારંવાર વિપક્ષના સભ્યો એકના એક શબ્દો જે અસંસદીય શબ્દો છે એનો શબ્દપ્રયોગ ન કરી શકાય એવી આપના તરફથી બધા સભ્યોને સૂચના મળે એ જરૂરી છે.

અધ્યક્ષશ્રી : સૌ સભ્યોને મારી સૂચના છે કે એ અસંસદીય શબ્દો ના બોલે, જેને ખ્યાલ ન હોય તે આપણી પાસે બુક છે એ જોઇ જાય. વારંવાર મારે રેકર્ડ ઉપરથી દૂર કરવા પડે એ યોગ્ય નથી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મૉડેલ શિક્ષણ સ્કૂલ સ્થાપવામાં આવશે, કન્યા માટે સ્નાતક સુધી શિક્ષણ મફત આપવામાં આવશે. શિક્ષણના અધિકારના કાયદાનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે. રોજગારલક્ષી શિક્ષણની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. અમારી સરકાર ૨૦૨૨માં આવશે ત્યારે અમે સરકારે જે જૂની પેન્શન યોજનાનો બજેટમાં સમાવેશ કર્યો નથી એ અમારી સરકાર આવશે ત્યારે જૂની પેન્શન યોજના લાગુ કરશે. જે પ્રાથમિક સ્કૂલો મર્જ કરવામાં આવી છે અને વિદ્યાર્થીઓને દૂર દૂર જવું પડે છે એટલા માટે મારી ખાસ સરકારને વિનંતી છે કે દાહોદ આદિવાસી જિલ્લો હોવાને નાતે જે ૧૬૦૦ ઓરડાઓની ઘટ છે, શિક્ષકોની ઘટ છે, કમ્પાઉન્ડ વોલની ઘટ છે, શૌચાલયની ઘટ છે અને રમતગમતના મેદાનની ઘટ છે એ પૂરી પાડવા મારી મંત્રીશ્રીને વિનંતી છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડર ઉપર અમારો દાહોદ જિલ્લો જે ૯૫ ટકા આદિવાસી જિલ્લો છે એ આવેલો છે ત્યારે આદિવાસી જિલ્લાઓને ભૌતિક સુવિધાઓ મળે એવી મારી ખાસ વિનંતી છે. જયારે જયારે સરકાર નવી નવી યોજનાની દાહોદમાંથી રજૂઆતો કે ઉદ્ઘાટનો કરો છો તો દાહોદને શિક્ષણમાં, આરોગ્ય જેવી બાબતોમાં સારી સગવડ મળે એવી વિનંતી છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૯ લઇને આવ્યા છે એને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ભા.જ.પ.નું શાસન આવ્યું એ પહેલા નામાંકન જે ૭૫ ટકા હતું અને ભા.જ.પ.ના શાસનમાં આવ્યા પછી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના લીધે આ નામાંકન દર સો ટકા થયેલો છે. પહેલા ત્રીજા, ચોથા અને પાંચમા ધોરણ પછી શાળા છોડી દેવાનો દર જે ૨૦થી ૨૫ ટકા હતો અને એ દરને ઘટાડી અને આજે ૨ થી ૩ ટકા કરવામાં આવ્યો છે. સાક્ષરતા દરની વાત કરું તો પહેલા ૬૯ ટકા હતો અને આજે ૭૮ ટકા છે. ભા.જ.પ.ના શાસનમાં ગુણવત્તામાં પણ સુધારો થયો છે જેની કેન્દ્ર સરકારે પણ નોંધ લીધી છે. માત્ર મેરિટ આધારિત માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં હમણાં જ ભરતી થયેલ છે. ઉચ્ચ શિક્ષણમાં આપણે હરણફાળ ભરી છે. પહેલાં ખૂબ જ ઓછી યુનિવર્સિટીઓ હતી એમાં આજે ખૂબ વધારો થઇ રહ્યો છે. યુવાનો દેશનું ભવિષ્ય છે. યુવાનો પોતાનું ઉજળું ભવિષ્ય બનાવે એ માટે સ્ટેન્ડ-અપ ઇન્ડિયા, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, ડિઝિટલ ઇન્ડિયા, મેઇક-ઇન-ઇન્ડિયા, ન્યૂ ઇન્ડિયા જેવા નવા વિચારો અને વિકલ્પો માનનીય નરેન્દ્રભાઇએ આપ્યા છે ત્યારે સ્ટાર્ટ-અપ નવું સંશોધન કરવામાં ગુજરાતનો સતત બે વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૨૦-૨૧ માં દેશમાં પ્રથમ ક્રમ રહ્યો છે. યુવાનો માટે સંશોધનનું કામ કરવા માટે સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ ખાતે આઇ.આઇ.એમ. સંશોધન કેન્દ્ર રૂપિયા ૭૦ કરોડના ખર્ચે ઉભું થઇ રહ્યું છે. આપણી સંસ્કૃતિ જ્ઞાનની ઉપાસનાને વરેલી સંસ્કૃતિ છે. માળખાગત, ગુણવતાલક્ષી પ્રયોગો દ્વારા શિક્ષણના સ્તરને ઉચ્ચ કક્ષાએ લઇ જવા ભારતીય જનતા પાર્ટીના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની સરકાર કટિબદ્ધ છે. દેશના માનવંતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના સશક્તિકરણ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. શિક્ષણનું સ્તર વિશ્વ કક્ષાનું બને તે માટે તમામ સ્તરે અને સર્વે વિદ્યાર્થીઓ પોતાની ઋચી અનુસાર શિક્ષણ મેળવીને પોતાની કારકિર્દી બનાવી શકે તે માટે નવી શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરેલ જોગવાઇઓની સામે વિવિધ કારણોસર સેવાઓ વિસ્તૃત થવાથી જેમાં કોલેજોમાં વધારાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સવલતો આપવા માટે રૂ. ૫૨,૮૧૨.૪૯ લાખની વધારાની જરૂરિયાત ઉભી થઇ છે. તેમજ બિન સરકારી માધ્યમિક શાળાઓના નિયમિત વિકાસ કરવા માટે રૂપિયા ૫૧,૮૧૫.૯૦ લાખની વધારાની જરૂરિયાત ઉભી થઇ છે. પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન માટે રૂપિયા ૫૫,૭૫૫.૭૬ લાખની વધારાની જરૂરિયાત ઉભી થઇ છે. એમ.એન. કોલેજ, વિસનગર ખાતે અમૃત મહોત્સવની ઉજવણી માટે રૂપિયા એક કરોડની પેશગી આકસ્મિક નિધિમાંથી લેવાના કારણે પૂરક માગણી માનનીય મંત્રીશ્રીએ મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારી બાદ વેકેશન ખુલતાં ધોરણ ૧ થી ૧૦ ના બાળકોનું શિક્ષણ અટકે નહીં તે માટે જ્ઞાનસેતુ અભિગમથી શિક્ષણ કાર્ય ચાલુ રાખવામાં આવેલ અને તેમાં અંદાજિત રૂપિયા ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને વર્કબુકનું વિતરણ કરવામાં આવેલ છે. રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાનો વહીવટ પારદર્શક અને ઝડપી બનાવવાના હેતુથી સ્કૂલ એડમિનિસ્ટ્રેશન સિસ્ટમ (એસ.એ.એસ.)નું નિર્માણ કરવામાં આવેલ છે. આ જ રીતે શિક્ષણ વિભાગની પૂરક માગણી નં. ૯ માટે રૂપિયા ૧૨૧૮ કરોડ ૪૮ લાખ ૨૫ હજારની જે પૂરક માગણી માનનીય મંત્રીશ્રીએ મૂકી છે તેને આ સભાગૃહ સર્વાનુમતે સ્વીકારે અને રાજ્યના વિકાસની કડીને સૌ સાથે મળી આગળ વધારીએ એ જ અભ્યર્થના.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી નાગરિક, અન્ન પુરવઠા, આરોગ્ય અને શિક્ષણની જે પૂરક માગણીઓ મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં સત્તાધારી પક્ષ એની પ્રશંસા કરે અને અમે એનો સાચો વિરોધ કરીએ એ વાત યોગ્ય છે ચાલે. પરંતુ જે નરી વાસ્તવિકતા છે એ પણ આપણે બધાએ સ્વીકારવી પડે. મારા મતવિસ્તાર તળાજામાં ચાર લાખ જેટલી વસ્તી છે. ૧૫૩ પ્રાથમિક શાળાઓ આવેલી છે. ૧૫૩ પ્રાથમિક શાળામાંથી ૬૯ પ્રાથમિક શાળામાં ૧૯૨ ઓરડાઓની ઘટ છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે જે મેદાનની જરૂર છે એ પણ મોટેભાગે આપણી પાસે કયાંય ઉપલબ્ધ નથી. ૨૫૭ જેટલી આંગણવાડી આવેલી છે. જેમાં પણ ૩૧ જેટલા ઓરડાઓની ઘટ છે. ત્યારે ૪,૦૦,૦૦૦ ની વસ્તીવાળો મારો મત વિસ્તાર આપણે કરોડો, અબજોના બજેટ લઇને આવીએ પણ આવતીકાલનું ભવિષ્ય ગુજરાત અને ભારતનું એને આપણે ઓરડા પ્રોવાઇડ ન કરી શકીએ તો એ આપણા માટે યોગ્ય નથી અને તાત્કાલીક કરવું જોઇએ. મારા મત વિસ્તાર તળાજાથી ભાવનગરમાં સાયન્સ કોલેજ આવેલી છે. એમાં ૫૦ કિલોમીટરનું અંતર છે અને અંતરીયાળ ગામડાંથી ગણીએ તો ૯૦ કે ૧૦૦ કિલોમીટર થાય છે. ૧૨ સાયન્સમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ સારા માર્કસ લઇને પાસ થાય છે. વિધાનસભાના પહેલા સત્રથી મેં મારા મત વિસ્તાર માટે સાયન્સ કોલેજની માગણી કરી છે. જે તાત્કાલીક ધોરણે આપવી જોઇએ. ઘણાબધા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અને ખાસ કરીને દીકરીઓ જે અભ્યાસ છોડી દે છે એને આપણે પૂરેપૂરો ન્યાય આપી શકીએ. ધોરણ-૯ અને ૧૦ ની ઘણા બધા ગામડાંઓની અંદર...

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મને ૬ મિનિટ આપેલી છે. ભાવનગરમાં હું એક જ ધારાસભ્ય છું એટલે બે મિનિટ મને વધારે આપવી જોઇએ. ધોરણ-૯ અને ૧૦ આપણે ગ્રાન્ટેડ આપ્યા છે. સારી વાત છે પણ એના માટે આજ સુધી બિલ્ડીંગની વ્યવસ્થા કરી નથી. શિક્ષકોની ભરતી કરી નથી. તાત્કાલીક ધોરણે કરવી જોઇએ. ભાવનગરની સિવિલ હોસ્પિટલની વાત કરીએ તો એમાં આજે પણ યુરોલોજીસ્ટ, ન્યુરોલોજીસ્ટ, સ્કીન સ્પેશિયાલિસ્ટની જગ્યા ખાલી છે ત્યારે એ ખૂબ જરૂરી છે. મારા મત વિસ્તારમાં એશિયાનું મોટામાં મોટું શીપ બ્રેકીંગ યાર્ડ આવેલું છે અને એમાં ૨૦થી ૨૫૦૦૦ મજૂરો કામ કરે છે ત્યારે ત્યાં સરકારી દવાખાનું એક પણ નથી. ખરેખર અલંગનો ઉદ્યોગ અને શીપ બ્રેકીંગ ઉદ્યોગ છે. અવારનવાર એકસીડન્ટો થાય ત્યારે ત્યાં ટ્રોમા સેન્ટર સહિતની સુવિધાઓ હોવી જોઇએ. મારા તળાજામાં ત્રણ સી.એચ.સી. આવેલા છે. એમાં શહેરની અંદર આવેલું સી.એચ.સી. ૩૪ વર્ષ જૂનું છે. દુઃખની વાત એ છે કે આજ દિન સુધી ત્યાં એમ.ડી. ડોકટરની નિમણૂક કરવામાં આવી નથી. ત્રણ એમ.બી.બી.એસ.ની જગ્યા છે. એમાં ફકત બે જ હોય છે. એક હંમેશા ખાલી હોય છે. એક ડોકટરને તો મહિનામાં ૧૫ દિવસ, ૧૦ દિવસ કોર્ટની મુદતમાં જવાનું હોય છે ત્યારે તાત્કાલિક ધોરણે એમ.ડી. ડોકટરની ભરતી કરવામાં આવે અને એમ.બી.બી.એસ.ની ત્રણેત્રણ જગ્યા ભરવામાં આવે એવી મારી માગણી છે. તળાજા સી.એચ.સી.ની અંદર હમણાં રૂ. ૩૫,૦૦,૦૦૦/-ના ખર્ચે મેં આઇ.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું અમારી ગ્રાન્ટમાંથી ત્યારે એ રૂ.૩૫,૦૦,૦૦૦/-ની એમ્બ્યુલન્સ એમ.ડી. ડોકટર ન હોવાને કારણે આપણે ઉપયોગ કરી શકતા નથી. જેથી તાત્કાલીક ધોરણે એમ.ડી. ડોકટર આપવા જોઇએ.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ પૂરક માગણી ક્રમાંક - ૧૨૦ અને ૧૨૧ શહેરી વિકાસના ડિઝાસ્ટર બાબતની જે માગણી લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન અને ડિઝાસ્ટરની બાબત હોવાથી મારા પડોશી મિત્રોને પણ વિનંતી. આ અગ્નિ નિવારણ માટેની માગણી છે, એમાં આપ પણ સમર્થન આપો અને સર્વાનુમતે આ માગણી મંજૂર થાય.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને આજે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌનો સાથ સૌના વિકાસની જે વાત કરીને રાજ્યનો વિકાસ જે રીતે આગળ ધપાવ્યો અને ગુજરાત મોડેલ આખા દેશની અંદર વખણાયું અને એટલે જ સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ અને એ વસ્તુ ગુજરાતે છેલ્લાં ૨૫ વર્ષથી સ્વીકારી જ છે, પણ આજે આખો દેશ પણ એ વાતને સ્વીકારતો થયો છે અને આખા દેશનો વિશ્વાસ પણ વધ્યો છે અને એટલે જ દેશના લોકોનું માનવું છે અને દેશના લોકોને વિશ્વાસ છે કે મોદી હે તો મુમકીન હે. ગુજરાતનો વિકાસ છેલ્લા ૨૫ વર્ષથી જે રીતે દેશના અન્ય રાજ્યની તુલનાએ જે રીતે વધ્યો છે અને એના કારણે જ રાજ્યની અંદર શહેરીકરણ પણ વધ્યું છે અને શહેરીકરણ વધવાના કારણે લોકોની વીજ વપરાશની જરૂરીયાત વધવા માંડી. વીજ વપરાશ વધવાના કારણે ઓવરલોડની સમસ્યા પણ થઇ. જે રીતે શહેરીકરણ થઇ રહ્યું છે, એના કારણે શહેરની અંદર વધારો થવાથી જગ્યાના અભાવના કારણે ઉંચી ઉંચી ઇમારતો પણ બનવા માંડી. ગિફ્ટ સિટી જેવા વિસ્તારની અંદર ૬૨ મિટરથી લઇને ૧૨૦ મિટર સુધીની ઇમારત બની. શહેરીકરણ જે રીતે વધ્યું અને લોડ શેડિંગની સમસ્યાના કારણે આપણે જોયું કે હમણાં કોરોનાની ભીષણ મહામારી દરમ્યાન ખૂબ જ મોટા પ્રમાણમાં વીજ માગની જરૂરિયાત ઉભી થઇ. ૨૪-૨૪ કલાક સુધી સતત આખા દેશની તમામ હોસ્પિટલોની અંદર જે રીતે વીજ વપરાશ વધતો ગયો, એના કારણે કયાંક સ્પાર્કની સમસ્યા ઉત્પન્ન થઇ, એના કારણે અગ્નિ પણ ખૂબ ફેલાઇ અને અગ્નિના બનાવો ઘણા વધ્યા અને એ નિવારણ માટે સરકારે કઇક કરવું જોઇએ અને એના ભાગરૂપે જ આ પૂરક માગણી લઇને આવી છે. સરકારે પહેલા ૫ રિજિયનની અંદર વ્યવસ્થાપન માટેની વ્યવસ્થા હતી, એની જગ્યાએ ૬ રિજિયન બનાવ્યા છે અને એના માટે જ જુદાં જુદાં સાધનોની જરૂરિયાત ઉત્પન્ન થઇ. એની અંદર ટન ટેબલ લેડર છે, વોટર બ્રાઉઝર છે, હાઇડ્રોલિક પ્લેટફોર્મ છે,સ્કેનાસેટ છે. આ બધી વિવિધ વસ્તુઓ અગ્નિશામક માટેની જરૂરિયાત વિસ્તૃત રીતે જે રીતે શહેરીકરણ થઇ રહ્યું છે, તે રીતે નગરપાલિકા અને મહાનગરપાલિકાનો વ્યાપ વધ્યો છે એને પહોંચી વળવા માટે અગ્નિશામક સાધનોની જરૂરીયાત ઉત્પન્ન થઇ. એના માટેની

માગણીઓ લઇને આવ્યા છે, એને સમર્થન આપું છું. મિત્રોને કહું છું કે આ સાધનો આવવાથી ડિઝાસ્ટરની બાબત છે, એમાં ફાયદો થવાનો છે, જેથી આપ બધા સૌ સહકાર આપો.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષાશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. જયારે આ બજેટ તૈયાર કરવામાં આવતું હોય છે ત્યારે ખરેખર જેટલું ધ્યાન આપવું જોઇએ તેટલું ધ્યાન આપવામાં આવતું નથી અને મોટાભાગે અધિકારીઓ દ્વારા જે બજેટ તૈયાર કરવામાં આવે છે તેને જ મહદ્દઅંશે સ્વીકારી લેવામાં આવતું હોય છે. એટલા માટે આ પૂરક માગણીઓ સભાગૃહ સમક્ષ લઇને આવવું પડતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું બજેટ એટલે ગુજરાતી લોકોના મૂલ્યો અને તેમની અપેક્ષાઓનું પ્રતિબિંબ, પણ ખરેખર આ બજેટની અંદર શાસક પક્ષના સભ્યો તેના વખાણ કરતા હોય છે અને તેવા પ્રવચનો થાય છે. તેની અંદર ગુજરાતીઓના મૂલ્યો અને તેમની અપેક્ષાઓનું પ્રતિબિંબ પડે છે ખરું? તેવી અનેક બાબતોનો ઉલ્લેખ પ્રવચનોમાં થાય છે. પરંતુ જ્યારે બજેટની અંદર ડોકિયું કરીએ અને તેની અંદર જઇને જોઇએ તો એવી ઘણી બાબતો આની અંદર દેખાતી નથી કે જેને પ્રવચનોમાં આવરી લેવામાં આવતી હોય છે. બજેટ યોગ્ય રીતે તૈયાર ન થવાના કારણે બીજી એક મુશ્કેલી એ ઉભી થાય છે કે, ગુજરાત ઉપરનું દેવું વધી રહ્યું છે, બેફામપણે આ દેવું વધી રહ્યું છે. વસ્તુ એ થઇ ગઇ છે કે, ગુજરાત ઉપર હાલનું જે દેવું છે તે ગુજરાતના કુલ બજેટ કરતાં સવા લાખ કરોડ રૂપિયા જેટલું વધી ગયું છે. લગભગ આપણા દોઢ બજેટ બની જાય તેટલું આપણું દેવું થઇ ગયું છે. હું એમ બિલકુલ કહેતો નથી કે, એક વખત જયારે બજેટની અંદર પ્રસ્તાવ આવી ગયો હોય પછી તેના માટે ફરી વખત પૂરક માગણીઓ ન આવે. કોઇ ચોક્કસ સુખાકારી માટેની વાત હોય, પ્રજાના હિત માટેની વાત હોય અને તેના કોઇ ચોક્કસ કારણો હોય તો પૂરક માગણીઓ લઇને આવે તો તેમાં અમે પણ સમર્થન આપીએ. પરંતુ આ ગૃહની અંદર જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે અને તેમાં અમે જે જે પ્રશ્નો ઉભા કરીએ તે પ્રશ્નોના જવાબ આપવાનું ટાળવામાં આવે તો જનતાએ આપણી ઉપર જે ભરોસો અને વિશ્વાસ મૂકેલો છે તે કયાંક ને કયાંક આંકડાઓની માયાજાળની અંદર તે વિશ્વાસ સાથે આપણે ન્યાય કરતા નથી. ગત વર્ષે જે સદર માટે શિક્ષણ વિભાગ ૧૩૬૮૭ કરોડનો પ્રસ્તાવ લાવ્યા હતા તેમાં પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ ખર્ચ (મેન્ટેનન્સ ગ્રાન્ટ ફોર પ્રાઇમરી એજ્યુકેશન) માટે દર્શાવેલ હતો. આમાંથી ૯૨થી ૯૫ ટકા રકમ પગાર ભથ્થામાં જ વપરાય જાય છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે. મારે યાદ કરાવવું પડે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : કશો વાંધો નહીં. આખી રાત જાગીને તૈયાર કર્યું છે પણ મારા અહોભાગ્ય. બીજી કોઇ વાત કરવી નથી. હું બે મિનિટમાં કન્કલુડ કરીશ. માનનીય શિક્ષણમંત્રીશ્રી આ સભાગૃહને આશ્વસ્ત કરે કે, પૂરક માગણીઓ લાવ્યા છે તેમાં ચાર બાબતો છે. તેમાં પંચાયતોના પગાર ભથ્થાં સંબંધિત જનરલ સહાય ગ્રાન્ટમાં વધારે પૈસા જોઇએ છે, સ્થાનિક સંસ્થાઓની જનરલ સહાય ગ્રાન્ટમાં વધારે પૈસા જોઇએ છે કે અન્ય જનરલ સહાયમાં વધારે પૈસા જોઇએ છે? કઇ બાબતમાં તેમને આ વધારાની ગ્રાન્ટની જરૂર પડી છે તેના એક-એક હેડવાઇઝ, સદરવાઇઝ આ સભાગૃહને આશ્વસ્ત કરવું જોઇએ. અન્યથા અમે તેની સાથે સંમત થઇ શકીએ નહીં. મારી પાસે જેટલો સમય બાકી છે તેની અંદર એક-બે બાબતો યાદ કરાવવા માગું છું. ગત વર્ષે ૨૦૨૦-૨૧ની અંદર માનનીય નીતિનભાઇ બજેટ લઇને આવ્યા ત્યારે તેમાં સ્કૂલ ઓફ એક્સલન્સની વાત કરવામાં આવી હતી. તે પછીના બજેટમાં આ વસ્તુ ભુલાઇ ગઇ છે. તેના માટે ૨૫૦ કરોડ રૂપિયાનું આવંટન કરવામાં આવ્યું હતું. ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ બનાવવાની હતી. ૭ કરોડનો ખર્ચ ડિફેન્સ માટે હતો. ૧૨ કરોડના ખર્ચે ડિપાર્ટમેન્ટ ઓફ એડવાન્સ ડિફેન્સ ટૅકનોલોજી આ બધી જ બાબતો પાછળના બજેટની અંદર ભુલાવી દેવામાં આવી છે. તે પૈસાનું શું થયું, તે પ્રોજેકટ આગળ વધ્યો કે ન વધ્યો અને બજેટ પ્રવચનની અંદર એક વખત વાત આવી જાય ત્યારપછી તેમાં શું થયું તે મેં આ બજેટની અંદર ખૂબ શોધ્યું. કદાચ મારું અધૂરું જ્ઞાન હોઇ શકે તો માનનીય શિક્ષણમંત્રીશ્રી તેને સુધારી શકે છે. બજેટની અંદર કયાંય આ વસ્તું વાંચવામાં આવી નથી કે જોવામાં આવી નથી. જે પ્રકારે નાણાંનું આબંટન થાય છે તેમાં આપણું જે જી.એસ.ડી.પી. છે. એ જી.એસ.ટી.પી.ના માત્ર ૧.૫ ટકાથી ૧.૬ ટકા જેટલું જ કરવામાં આવ્યું છે. હમણા નવી શિક્ષણ નીતિની ખૂબ મોટી વાત કરવામાં આવી હતી કે, પણ એ નવી શિક્ષણ નીતિમાં જી.એસ.ટી.પી.ના ૬ ટકા થવું જોઇતું હતું જે એના પ્રમાણેનું આબંટન થયું નથી એટલે આપણે નવી શિક્ષણ નીતિનો પણ અમલ નથી કરી રહયાં એ સ્પષ્ટ થાય છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ માર્ગ અને મકાન વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યા તેમાં હું મારું સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંથી લઇને શહેર સુધી જોડતા રસ્તા, ગામડાંને ગામડાં સાથે જોડતા રસ્તા, તાલુકા-તાલુકાને જોડતા રસ્તા અને જિલ્લાથી તાલુકાને જોડતા રસ્તા, નજીકના બંદરો સાથે જોડતા રસ્તા અને ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડતા રસ્તા વગેરેની હું વાત કરી રહ્યો છું. રાજયના રસ્તાઓની પહોળાઇની વાત કરીએ તો વર્ષ ૨૦૨૧માં ૧૭ હજાર કિલોમીટરના રસ્તા હતા એને વધારીને ૭ મીટર પહોળા કરીને આજે લગભગ ૧૭૫૯૮ એટલે કે ૫૦૦ કિલોમીટરના રસ્તા વધાર્યા છે. ગામડે ગામડે રોડ રસ્તાની અને હમણા માનનીય નૌષાદભાઇએ વાત કરી. માનનીય નૌષાદભાઇને ખબર નથી, દેવું થાય છે એની વાત કરી પણ મારે એમને કહેવું છે કે, તમારે કંઇ જ ન કરવું હોય તો દેવું ન થાય. આપણે એમની સારકાર જોઇ છે, બહેનો માથે બેડાં લઇને પાણી ભરવા જતી હતી, રોડ નહીં, રસ્તા નહીં, લાઇટ નહીં, પાણી નહીં, કંઇ જ વ્યવસ્થા નહીં, તો દેવું કરવાનો

સવાલ જ નથી. આજે આપણી સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ નીચે જે સરકાર ચાલી રહી છે એને વંદન કરું છું અને અભિનંદન આપુ છું કે ચારે બાજુ વિકાસ, વિકાસને વિકાસ. આ વિકાસની વાત આપણા મોદી સાહેબ કહી ગયા હતા કે, વાદ નહીં વિવાદ નહીં અને વિકાસ સિવાય કોઇ વાત નહીં. એથી આગળ વાત કરું તો નાત નહીં જાત નહીં, નાત જાત કોંગ્રેસને આપી. નાત નહીં જાત નહીં વિકાસ સિવાય કોઇ વાત નહીં. જયારે આપણે વિકાસને વરેલા છીએ ત્યારે વિકાસની વાત અમે જ કરી શકીએ કે જે વિકાસ કરતા હોય બાકી કોઇની તાકાત નથી કે વિકાસની વાત કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ચાર માર્ગીય રસ્તાઓમાં વધારો કરીને ૨૦૨૧-૨૨માં ૨૬૯૮ કિલોમીટર લંબાઇનો વધારો કરવામાં આવ્યો છે જેનો ખર્ચ ૩૨૬ કરોડ જેટલો થયો છે. ટ્રાફિકની સમસ્યા આપણે જોઇ રહ્યા છીએ, જ્યાં જઇએ ત્યાં ટ્રાફિક થાય છે, ચાર રસ્તા પર પણ ટ્રાફિક થાય છે ત્યારે આ ટ્રાફિકની સમસ્યાનું નિવારણ કરવા માટે ઓવરબ્રિજ જેવી સુવિધાઓ માટે ૭૩૨ કરોડ રૂપિયાની મંજૂરી માટે જોગવાઇ મૂકી છે અને જો કામ કરવું હોય તો મંજૂરી લઇને જ કરવું પડે. નર્મદા પરના હયાત ગલ્ડન બ્રિજની આજુ બાજુમાં નવા ચાર માર્ગીય પુલ અને અંબિકા નદી ઉપર પુલ, કોસ્ટલ હાઇવે, નદીઓ ઉપર પુલ સહિત ૨૪ પુલો આ સરકારે બનાવ્યા છે અને ૮૭૪ કરોડનો ખર્ચ કર્યો છે અને અત્યારે ૪૬ પુલોની કામગીરી પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાતમાં અગત્યના પ્રવાસી મથકો ઉપર રસ્તાઓની સુવિધા વધારવા માટે પ્રવાસી યોજના હેઠળ ૨૦૦૬-૦૭થી શરૂઆત થઇ ત્યારથી અત્યાર સુધીમાં ૩૩૦૮.૯૫ કરોડનો ખર્ચ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૮૪ કિલોમીટર લંબાઇવાળા ૧૪૦ કામોને આપેલ મંજૂરી જેમાં ૨૭૩૬ કરોડનો વધારાનો ખર્ચો થવાનો છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ તો શરૂ કર્યું, કંઇ નહીં. આપણાં ગુજરાતમાં દેશનો સૌથી લાંબો દરિયા કિનારો ૧૬૦૦ કિલોમીટરનો છે. આ દરિયા કિનારા ઉપર પણ જયાં ત્યાં રોડનું કામ આ સરકાર કરી રહી છે. બંદરોને જોડતાં રસ્તા ૧૦૪૭ કરોડની રકમનો ૬૮૮૩ કિલોમીટર એવરેજ લંબાઇના ૪૧ કામોની મંજૂરી મળેલ છે. જે પૈકી રૂ.૧૦૧૨ કરોડની રકમની ૩૩ સંસ્થાના ૬૩૩૧ કિલોમીટર લંબાઇના કામો પૂર્ણ કરવા રૂ.૮ કરોડની રકમના કામો પ્રગતિ હેઠળ છે. જયારે રૂ.૨૭૦૧૭ કરોડની ૪૩ કિલોમીટરની લંબાઇવાળા કામો ચાલુ છે. વિવિધ વર્ષમાં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત, ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ રોકાણના કારણે ઉદભવતા ટ્રાફિકને પહોંચી વળવા માટે SIR અને SEZ ઔદ્યોગિક વિસ્તારોના વિકાસ માટે આપણે અહીંયા આખા દેશ અને દુનિયામાંથી જયારે ગુજરાતમાં રોકાણ આવી રહ્યું છે ત્યારે રોડ, રસ્તાની જરૂર છે તેની પૂરક માગણીને સમર્થન આપી મારી વાતને પૂરી કરું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય સૌથી જો કોઇ વધારે હાલની તારીખમાં લોકોની અને આમ શાળાઓના સંચાલકોની માગણી હોય તો ઓ શિક્ષણ ક્ષેત્રે છે. શિક્ષણ ક્ષેત્રે રૂ.૧૨૦૦ કરોડથી પણ વધારે પૂરક માગણીઓ લઇને નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે રાજયની અંદર ૧૯ હજારથી પણ વધારે પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ હોય બનાસકાંઠાની અંદર અમે વારંવાર રજૂઆત કરી કે વર્ષ ૨૦૧૫-૨૦૧૭ના ફ્લડના કારણે તમામ રૂમો જર્જરિત થઇ ગયા છે. આજે બનાસકાંઠાની અંદર ૧૭૦૦થી પણ વધારે પ્રાથમિક શાળાના રૂમની ઘટ છે. ગયા વર્ષે માત્ર નજીવા ૭૪ જેટલા ઓરડા આપવામાં આવ્યા હતા તે પણ હજુ ટેન્ડરની પ્રક્રિયામાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ ઓરડાઓની ઘટ બીજી તરફ શાળાઓમાં શિક્ષકો નહીં રાજયની અંદર ૧૮ હજારથી વધારે વિદ્યા સહયકોની જગ્યાઓ ખાલી હોય અને ભરતી માટે માત્ર ૩૩૦૦ની જાહેરાત બહાર પાડવામાં આવી હોય ત્યારે મા-બાપે દીકરાને-દીકરીને નોકરી માટે શિક્ષણ આપ્યું હોય અને એક તરફ તેની ઉંમર પૂરી થઇ જતી હોય ત્યારે રાજય સરકાર કમસે કમ જેટલી જગ્યાઓ ખાલી છે એટલા પ્રમાણમાં ભરતી માટેની જાહેરાત બહાર પાડવી જોઇએ એવી પણ હું અપેક્ષા રાખું છું. સાથે જે ટ્રસ્ટો સંચાલિત હાઇસ્કૂલો છે તે હાઇસ્કૂલોની અંદર એક પણ હાઇસ્કૂલને માધ્યમિક શાળાને ગ્રાન્ટેબલ કરવામાં નથી આવતી. અને ગ્રાન્ટેબલ ન કરવાના કારણે તેની અંદર જે સ્ટાફની ભરતી કરવી પડે, શિક્ષકોની ભરતી કરવી પડે તે પણ નથી થતી અને તેના કારણે ટ્રસ્ટ સંચાલિત જે શાળાઓ છે તેના સંચાલકોને શાળાઓ ચલાવવા માટે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સરકારી હાઇસ્કૂલો છે તેની અંદર મંજૂરી મળી ગઇ હોય, કયાંક પ્રાથમિક શાળામાં કે અન્ય જગ્યાએ કે હાઇસ્કૂલો ચાલે છે તેના મકાનો બનાવવા માટે રકમની ફાળવણી થઇ ગઇ હોય, કયાંક ટેન્ડરની પ્રક્રિયામાં હોય, કયાંક નાનો મોટો જમીનનો પ્રશ્ન હોય આમ, આવા પ્રશ્નો સરકારી હાઇસ્કૂલોની અંદર પણ બે-બે, ચાર-ચાર વર્ષ સુધી તેનો ઉકેલ ના આવે તો આવા સરકારી જે કંઇ ક્ષેત્રો છે તેની અંદર થોડીક ઝડપ આવે એવી પણ હું સરકાર પાસે અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરીએ તો સમગ્ર ગુજરાતમાં ખાસ કરીને કોરોના મહામારીમાં ગુજરાતની જનતાએ જે મુશ્કેલીનો સામનો કર્યો એ આપણે સૌએ નજરે નિહાળ્યો છે. આરોગ્ય વિભાગમાં અને સમગ્ર ગુજરાતના તમામ વિભાગોમાં ૧૧ મહિનાના કરારથી જે ભરતી કરવામાં આવે છે એના કારણે નિયમિત ભરતી થતી નથી અને કર્મચારીઓને દિલથી કામ કરવું જોઇએ એ નથી કરતાં. જે એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે એવી તમામ એજન્સી આવા કરારથી

લીધેલા કર્મચારીઓનું શોષણ કરે છે. એમને જે વેતન આપવામાં આવે છે એમાંથી ૫૦ ટકા વેતન જે તે એજન્સી પાછું લઈ લે છે. રાજ્ય સરકારને મારી વિનંતી છે કે કરાર આધારિત કર્મચારીના વેતન સીધા ખાતામાં જમા કરો. અમારા ઉત્તર ગુજરાતમાં રાજદીપ નામની એજન્સી આ તમામ વિભાગોમાં કરાર આધારિત કર્મચારીઓનું શોષણ કરી રહી છે. પી.એચ.સી.માં બૉન્ડ લઇને જે ડૉક્ટરોની ભરતી કરવામાં આવે છે. એ તમામ પી.એચ.સી., સી.એચ.સી., સિવિલમાં એના નિષ્ણાતોની જગ્યા નથી હોતી અને જે ભરતી કરે છે એ પણ અંગૂઠાની પ્રિન્ટ આપવી પડે એ આપીને પણ ફરજ ઉપર હાજર રહેતા નથી. આરોગ્ય વિભાગ જ્યારે પૂરક માગણીઓ લઇને આવ્યું હોય ત્યારે અને લોકોના આરોગ્યની મોટી-મોટી વાતો કરતાં હોઇએ ત્યારે મોટા ભાગના પી.એચ.સી., સી.એચ.સી.માં એમ્બ્યુલન્સ પણ નથી. એના કારણે કોઇનો એક્સિડન્ટ થયો હોય, કોઇ મહિલાને ડિલિવરી આવવાની હોય એવી નાની-મોટી ઇમરજન્સી સમયે આ પી.એચ.સી., સી.એચ.સી.ના કર્મચારીઓ દર્દીને સમયસર હૉસ્પિટલ લઇ જઇ શકતા નથી. આવી જગ્યાઓએ ડ્રાઇવરનું મહેકમ પણ મંજૂર કરેલ નથી ત્યારે સરકાર લોકોના આરોગ્યની ગંભીરતાને પ્રાયોરિટી આપે એવી મારી વિનંતી છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી આદરણીયશ્રી કનુભાઇ દેસાઇ આ ગૃહ સમક્ષ પૂરક માગણી ક્રમાંક - ૯ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨ના સપનાં જોતાં મને કૉંગ્રેસના સભ્યશ્રીઓને કહેવાનું મન થાય છે કે તમે જ્યાં સુધી ગૃહમાં સાચી વાતને સાચી રજૂ નહિ કરો ત્યાં સુધી પ્રજા આપણને સત્તા નહિ સોંપે. એટલું યાદ રાખજો કે વર્ષ ૨૦૨૨માં પણ ભારતીય જનતા પાર્ટીની જ સરકાર આવવાની છે. અગાઉની સરકારોએ શિક્ષણ પર કોઇ ધ્યાન આપ્યું ન હતું પણ જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી જ ગામડાંઓમાં જન્મ લેનાર પ્રત્યેક બાળક શિક્ષણથી વંચિત ન રહે એ માટે તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ધગધગતી ગરમીમાં અમારા પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે જઇને ગામડાંના બાળકોને પ્રવેશ અપાવ્યો અને સાક્ષાત્કાર કર્યો. પહેલાં સાક્ષરતા દર ૪૦ ટકા કરતાં નીચો હતો એ આજે ૮૦ ટકા ઉપર છે. દેશના માનવંતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દૂરંદેશી અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના સશક્તિકરણ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. શિક્ષણનું સ્તર વિશ્વ કક્ષાનું બને તેમજ તમામ સ્તરના સર્વાંગી વિદ્યાર્થીઓને પોતાની રુચિ અનુસાર શિક્ષણ મળે એ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અમારા શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ પણ એ જ દિશામાં અગ્રેસર રહીને કામ કરી રહ્યા છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરેલ જોગવાઇ અનુસાર વિવિધ કારણોસર સેવાઓના વિસ્તૃત થવાથી કૉલેજમાં વધારાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સવલતો આપવા માટે ૫૨૮,૧૨,૪૯,૦૦૦ની વધારાની જરૂરિયાત ઊભી થઇ છે. બિનસરકારી માધ્યમિક શાળાઓનો વિનિમય વિકાસ કરવા માટે પણ રૂ. ૫૧૮ કરોડ ૧૫ લાખ ૯૦ હજારની વધારાની જરૂરિયાત ઊભી થઈ છે. કોરોનાની મહામારીમાં વેકેશન ખુલતાં ધોરણ-૧ થી ૧૦ના બાળકોનું શિક્ષણ અટકે નહિ તે માટે જ્ઞાન સેતુ અભિગમથી શિક્ષણ કાર્ય ચાલુ રાખવામાં આવેલ છે અને તેમાં અંદાજિત ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને વર્કબુકનું વિતરણ કરવામાં આવેલ છે તેમજ દૈનિક દરેક ધોરણના અલગ-અલગ વિષયોના એપિસોડનું ડિઝિટલ માધ્યમથી પ્રસારણ કરવામાં આવેલ છે. રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓનો વહીવટ પારદર્શક અને ઝડપી બનાવવાના હેતુસર એડમિનિસ્ટ્રેશન સીસ્ટમ એટલે કે SAS પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ SAS સોફ્ટવેરના અમલથી મુખ્ય શિક્ષકના વહીવટી ભારણમાં ઘટાડો થશે અને માનવ કલાકોની બચત થશે. જેનો ઉપયોગ હવે શૈક્ષણિક કાર્ય માટે કરવામાં આવશે અને શિક્ષણ ધોરણ ખૂબ ઊંચું આવશે. આમ, પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન માટે રૂ. ૫૫૭ કરોડ ૫૫ લાખ ૭૬ હજારની પૂરક માગણી માનનીય મંત્રશ્રી ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તે એકદમ વાજબી છે. અમારા વડાપ્રધાનનું સૂત્ર રહ્યું છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને જો આપણે બધા જ સાથે પ્રયાસ કરીશું તો આવનારા દિવસોમાં ગુજરાત શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઇઓ સર કરશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. પૂરક માગણી નંબર ૯ શિક્ષણ વિભાગ માટે રૂ.૧૨,૧૮,૪૮,૨૫,૦૦૦ની જે પૂરક માગણી માનનીય મંત્રીશ્રીએ મૂકી છે તેને આ સભાગૃહ સર્વાનુમતે પાસ કરે તેવી મારી નમ્ર વિનંતી છે. જો તમે સાચી વાત છાતી પર હાથ મૂકીને સ્વીકારશો તો સો ટકા સંમતિ આપશો અને રાજ્યના વિકાસની કેડીએ સૌ સાથે મળીને આગળ વધીએ એ જ અભ્યર્થના. વંદે માતરમ્.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી પૂરક માગણી નંબર ૧૦૨ શહેરી વિકાસ વિભાગની લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીમાં ગિફ્ટ સિટીમાં ડિઝાસ્ટર માટેનો વિષય છે. આપણે જાણીએ છીએ કે GIFT એટલે Gujarat International Finance Tec. ગુજરાતને ઈન્ટરનેશનલી આગળ લઈ જવા માટે તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ વર્ષ ૨૦૦૭માં ગિફ્ટ સિટીનું સ્વપ્ન સેવ્યું હતું અને તે વખતે કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી. એક પણ પ્રકારની મદદ કરી ન હતી. આ ગિફ્ટ સિટી શું છે એ સમજાવું છું. આ ગિફ્ટ સિટી આપણું ઘરેણું છે. ગુજરાતને ઈન્ટરનેશનલ સ્તરે વધુ ઝળહળતું કરવા માટે શ્રી નરેન્દ્રભાઈએ સેવેલું સ્વપ્નું પણ કેન્દ્રએ તેમાં કોઈ પણ પ્રકારની મદદ કરી ન હતી પણ આપત્તિને અવસરમાં ન બદલે તો શ્રી નરેન્દ્રભાઈ નહિ. એમનો સ્વભાવ છે અને એમને વર્ષ ૨૦૦૭માં આનો શુભારંભ કર્યો અને શુભારંભ કર્યા પછી ગિફ્ટ સિટી ભારતમાં પ્રથમ એક માત્ર કાર્યરત એવી આંતરરાષ્ટ્રીય સેવાની ઈન્ટરનેશનલ સર્વિસીસ કંપની છે. એની અંદર ૧૨૦૦૦ કર્મચારીઓ કામ કરે છે અને આ જયારે પૂરું કરે... (અંતરાય )

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : શ્રી સુરેશભાઇ, આ બાજુ જોઇને વાત કરો. એમની સામે ન જુઓ. માનનીય શ્રી રાજેન્દ્રભાઇ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રવચન કરનાર સભ્યશ્રીને ડિસ્ટર્બ કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી,વિપક્ષના કેટલાક મિત્રો સભ્યશ્રીને પરેશાન કરી રહ્યા છે. સભ્યશ્રીને કહેવા કરતાં જે મિત્રો પરેશાન કરી રહ્યા છે એમાં, પાછળ શ્રી ગોહિલભાઇ છે અને બીજા બધા પણ છે, એમને આપ એવી સૂચના આપો કે હવે ફરી પાછું આવું ડિસ્ટર્બ ન થાય અથવા તો સાંભળવું ન હોય તો જાતે જ બહાર જતાં રહે. કાં તો આપ સાહેબે એક એક કરીને બહાર કાઢવા પડે.

અધ્યક્ષશ્રી : એકબીજા ક્રોસ ટોક ન કરો. જયારે કોઇ સભ્યશ્રી પ્રવચન કરતાં હોય ત્યારે એમને ડિસ્ટર્બ ન કરવા અને જે સભ્યશ્રી પ્રવચન આપતાં હોય એ પણ એમની વાતને ધ્યાનમાં લીધા વગર અધ્યક્ષ સામે જોઇને જ પ્રવચન કરે એ આપણા નિયમોની જોગવાઇ છે. પ્લીઝ, હવે વચ્ચે ના બોલો. એક વાર સૂચના આપ્યા પછી તમે વચ્ચે ક્રોસ ટોક બંધ કરો. માનનીય સભ્યશ્રી.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય એમનામાં કાપી અને હવે શરૂ કરજો એવી હું વિનંતી કરુ છું. ગિફ્ટ સિટીમાં અત્યારે ૧૨૦૦૦ કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ પૂરુ થશે ત્યારે ૫ લાખ ડાયરેક્ટ રોજગાર અને ૫ લાખ ઇનડાયરેક્ટ રોજગાર ઉત્પન્ન થશે. આ શ્રી નરેન્દ્રભાઇનું સ્વપ્ન હતું. વૈશ્વિક નાણાકીય સંસ્થાઓની ગિફ્ટ સિટીથી હાજરીના કારણે ગુજરાત વૈશ્વિક નકશા ઉપર આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાના કેન્દ્રમાં અગ્રસ્થાને ઉભરાઇ આવેલ છે. સેઝ એટલે કે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન એમાં ૨૪૮ યુનિટ કાર્યરત છે અને આઇ.એફ.એસ.સી. એટલે કે ઇન્ટરનેશનલ ફાઇનાન્સ સર્વિર્સ સેન્ટર એમાં ૩૨૬ યુનિટથી વધારે કંપનીઓ અત્યારે કાર્યરત છે. ગિફ્ટ સિટી ખાતે બે રાષ્ટ્રીય સ્ટોક એક્સ્ચેન્જ બી.એસ.ઇ. અને એન.એસ..ઇ., બેંકો, ઇન્સ્યોરન્સ કંપનીઓ, વિદેશી બેંકો જેવી કે બેંક ઓફ અમેરિકા અને બાકીની બીજી ઘણી બધી બેંકો છે, પણ સમયના અભાવે બધાના નામ લેતો નથી એ બધી કાર્યરત છે. સેઝમાં ડિસેમ્બર વર્ષ ૨૦૨૧ સુધીમાં ૨૫૨૯ કરોડથી વધારે એકસપોર્ટ થયેલ છે એ આપણું ગૌરવ છે. ટૂંક સમયમાં જ આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સ્ચેન્જ પણ ચાલુ થશે. એના માટે ભારત સરકાર, શ્રી નરેન્દ્રભાઇ ત્યાં રહીને આપણને કેટલી મદદ કરે છે કે એમણે બુલિયન એક્સ્ચેન્જ માટેના નિયમો કર્યા અને હવે ટૂંક સમયમાં શરુ થશે એ આપણા માટે ખૂબ મોટા ગૌરવની વાત છે. ગીફ્ટ સિટીમાં જે સંસ્થાઓ આવશે એને દસ વર્ષ માટે ઇન્કમટેક્ષમાંથી રાહત આપવાની સરકારની નીતિ છે અને એના કારણે મોટા ભાગે ઘણી ખરી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ મોટા પ્રમાણમાં આવશે. આપણે કહીએ છીએ કે, ડબલ એન્જિન એટલે કે બે સરકારો ભા.જ.પ. ની છે. ગુજરાત સરકારે પણ જે શેર બ્રોકરોના નાણાકીય વ્યવહારો ગિફ્ટ સિટીમાં થતાં હશે એમને સ્ટેમ્પ ડ્યુટીમાં માફી આપી છે. માટે ગુજરાત સરકારનો પણ હું ખૂબ ખૂબ આભાર માનું છું અને તેના કારણે ખુબ અવિરત વધારો થઇ રહ્યો છે. આપણે જાણીએ છીએ કે એર ક્રાફટ લીઝિંગનો બિઝનેશ દુનિયામાં ખૂબ મોટો છે. અને એને આકર્ષવા માટે ગુજરાત સરકારે એમાં પણ સ્ટેમ્પ ડયુટીમાં માફી આપી છે. અને એના કારણે એર ક્રાફટ લીઝિંગ ક્ષેત્રની કંપનીઓ પોતાનું કાર્ય આઇ.એફ.એસ.સી. ખાતેથી ખૂબ સારી રીતે કરી રહી છે. હવે આપના માધ્યમથી જયારે વિરોધપક્ષના મિત્રોએ કહ્યું છે તો આપણે અને આપણા વડવાઓએ આમાં તો ભૂલ કરેલી છે, આને પહેલા મંજૂરી નહીં આપીને, પણ હવે એ કરવા માટે આ માગણીને જો આપ સર્વાનુમતે મંજૂર કરશો તો ઇન્ટરનેશનલી આપણું અને તમારું નામ સારુ પણ રહેશે. ઇન્ટરનેશનલી ભારતમાં તો આવું થયું છે તમે આવું કરો, એમ ઇન્ટરનેશનલી પણ તમારું ખરાબ નહીં દેખાય.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે શિક્ષણ, આરોગ્ય અને રસ્તાઓ જેવી બાબત ખૂબ મહત્ત્વની છે. કોઇ પણ રાજયના વિકાસ માટે કોઇ પણ દેશને આગળ લઇ જવા માટે અગત્યનું કોઇ પાસુ હોય તો શિક્ષણ, રસ્તા અને આરોગ્યની બાબત હોય છે. આમ તો મારે સમર્થન આપવું જોઇએ. પણ કેટલીક વાતો પણ હું નમ્ર રીતે રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પ્રવાસી શિક્ષકો જેવી બાબત હોય, પેન્શનની વાત હોય કે નોકરીમાંથી નિવૃત્ત થયા પછી અમારે શું કરવું એની ચિંતા કરતા હોય ત્યારે આ વાત પણ એમણે એમની પૂરક માગણીમાં લીધી હોત તો હું સો ટકા સમર્થન આપત. રાજયમાં પ્રાથમિક શિક્ષણની વાત કરું તો હું જિલ્લા શિક્ષણ સમિતિનો ચેરમેન હતો. મારા અરવલ્લી જિલ્લામાં કેટલાય ગામોમાં આજે ઓરડા વગર ખુલ્લા આકાશ નીચે બાળકો ભણે છે. કેટલાય ઓરડા એવા છે કે કયારે પડી જાય એની ચિંતા થાય, હું નામ સાથે કહી શકું, માલપુર તાલુકાના મેવડા અને ગોઢ ગામે શાળાની મુલાકાત લઇ અને એ બાળકોને મારે બહાર બેસાડવા પડયા હતા, આ હાલત હોય ત્યારે આપણા નાણા મંત્રીશ્રીએ આ બાબતની ચિંતા કરી હોત તો હું સો ટકા સમર્થન આપત. આમ જોઇએ તો પ્રાથમિક શિક્ષણની વાત કરીએ તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ રૂપકડા નામ આપ્યા છે, ભણશે ગુજરાત, વાંચશે ગુજરાત, રમશે ગુજરાત, પણ ભણશે કેવી રીતે? ઓરડા વગર? શિક્ષક વગર? વાંચશે ગુજરાત, લાઇટ વગર? અને રમશે ગુજરાત, તો કોઇ પણ જાતના રમત ગમતના મેદાનની વ્યવસ્થા વગર? ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું કે આ બાબતની જોગવાઇ કરી હોત તો હું સો ટકા સમર્થન આપત. પણ આ ચિંતાનો વિષય છે. સેલ્ફ ફાઇનાન્સ શિક્ષણની વાત કરું. રાજય સરકારની પ્રાથમિક ફરજ છે અને તમામ નાગરિકને શિક્ષણ મેળવવાનો સંવિધાનિક અધિકાર છે. અને છતાં આ સમાજના બે ભાગ પાડવા માટે સેલ્ફ ફાઇનાન્સ અને સરકારી એમ બે ભાગ કરી નાખ્યા, કેટલીય

સરકારી શાળાઓ બંધ કરી, એવા નિયમો ઘડયા કે ૬૦ કરતા ઓછા બાળકો હોય તો એ શાળા બંધ કરી દેવી. અને એવી શાળાઓ બંધ થવાને કારણે ગામડાંમાં વસતા લોકોના બાળકો પોતાના નાના પહેલા ધોરણમાં કે બીજા ધોરણમાં કે ત્રીજા ધોરણમાં ભણતા બાળકને બે કે ત્રણ કિલોમીટર ભણવા મોકલી શકે નહીં, અને ડ્રોપ રેટ રેશીયો વધવાનો છે ત્યારે આ ચિંતા કરવાની જરૂર છે. હું વિનંતી કરું છું માનનીય શિક્ષણ મંત્રીશ્રીને કે આવી શાળાઓ બંધ ન કરવી જોઇએ. આપણે તો કહીએ છીએ કે આપણે વિશ્વ ગુરુ છીએ, પણ અમેરિકા જેવો દેશ ''નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ'' નામનો કાયદો લઇ આવે છે જયારે આપણે તો જંગલમાં કામ કરતા બિન સંગઠીત મજૂરો, અમારા ખેડૂતોના ખેતરમાં કામ કરતા મજૂરો માટે શિક્ષણની વ્યવસ્થા કરવાને બદલે બંધ કરવાની નીતિ આ સરકાર લઇ રહી છે ત્યારે હું સમર્થન કેવી રીતે આપી શકું? મારા મત વિસ્તારની વાત કરું તો હું જીતુભાઇ સાહેબને કાલે મળવા ગયો હતો, કદાચ મને નહીં ઓળખ્યો હોય તેમ હું માનું છું. આમ તો નામ દઇને બોલાવે છે. નામ લઇને બોલાવે છે, પરંતુ મને ઓળખ્યો છે કે કેમ એની મને ખબર નથી. હું મારા વિસ્તારમાં વારંવાર રજૂઆત કરું છું કે મારા તાલુકામાંથી કોલેજ મોડાસા સુધી જવા માટે ૫૦ થી ૬૦ કિલોમીટર દૂર દીકરીઓને જવું પડે છે. સૈદ્ધાંતિક રીતે રાજય સરકારે સ્વીકાર્યું છે કે દરેક તાલુકામાં સરકારી કોલેજ મળવી જોઇએ પરંતુ આજ દિન સુધી મારી દીકરીઓ ૫૦-૬૦ કિલોમીટર દૂર જાય છે ત્યારે મા-બાપને ચિંતા થાય છે અને સાંજે આવતા ગાડી અથવા તો બસ બંધ થઇ જાય છે. આ રીતે શિક્ષણમાં ખૂબ જ ઉદાસીનતા છે ત્યારે હું ચોક્કસ વાત કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, બીજી અગત્યની વાત કરું તો ખૂબ જ સંવેદનશીલ સરકાર છે. મેં મારા તાલુકામાં ધારાસભ્ય તરીકે મને મળેલા પૈસામાંથી એમ્બ્યુલન્સ અને ઓકસીજન પ્લાન્ટ માટે પૈસા ફાળવ્યા હતા પરંતુ એક વર્ષ સુધી એ ખરીદવામાં આવેલ નથી. ધારાસભ્ય ફંડમાંથી પૈસા આપવામાં આવે તેમ છતાં આ ચિંતિત સરકાર કહે છે એ પણ વ્યવસ્થા કરી શકતી નથી. કદાચ એવું હોય કે હું કોંગ્રેસી હોવાને કારણે નહિ થયું હોય ત્યારે હું આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું કે આપેલા પૈસામાંથી ખરીદવામાં ન આવતી હોય તો એવા કર્મચારીઓ સામે કડક નજરે જવું જોઇએ.

આ સિવાય રસ્તા અને મકાનની બાબતમાં મેં વારંવાર રજૂઆત કરી છે એના માટે જોબ નંબર આપતા હોય છે.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી-૮૬ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પ્રદેશની અંદર જઇએ તો ત્યાં રોડ રસ્તા સારા હોય તો આપણને ખ્યાલ આવે કે આ પ્રદેશ ડેવલપ થયેલો છે. તો આપણા ગુજરાતના રોડ રસ્તા એટલા સુંદર છે કે જેની કલ્પના કરવી પણ અશકય છે. રાજયમાં ૧૭,૮૪૩ જેટલા ગામો આવેલા છે એ સિવાય ૧૬૪૦૨ જેટલા પરા આવેલા છે. ૧૭,૭૩૯ જેટલા ગામોને અને ૧૫,૦૫૬ જેટલા પરાઓને પાકા રસ્તાની સુવિધા આપવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્ણ થયેલી છે. હવે રસ્તાઓની વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લઇને રાજયના વધુ વિકાસ માટે પાકા રસ્તા, ડામરના રસ્તા, નેટવર્ક વધુ વિસ્તારમાં આપવાની આવશ્યકતા હોઇ, ગાડા માર્ગ અને નાળીયા હોય એમાં ગામડાંમાં ગાડા માર્ગ હોય, કાચા માર્ગ હોય કે નોન પ્લાન રસ્તા હોય તેમજ કોલેજ અને શાળાને જોડતા રસ્તા હોય એને પાકા અને ડામરમાં ફેરવવાનું કામકાજ અત્યારે ચાલુ છે. વાઇડીંગનું કામ પણ સતત ચાલુ છે.

મુખ્યમંત્રી ગ્રામ્ય અને સડક યોજના હેઠળ કામગીરી હાથ ધરેલી એમાં પ્રથમ તબક્કાના ભાગરૂપે સન ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ અને સન ૨૦૧૮-૧૯ દરમિયાન પ્રતિ વર્ષ યોજના હેઠળ રૂ.૨૫૦૦ કરોડથી વધુ રકમની જોગવાઇ કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રૂ.૧૦ હજાર કરોડની રકમના કામ મંજૂર કરવાનું નક્કી કરેલ છે એમાં રૂ. ૧૦૧૫૬ કરોડની રકમના કામો મંજૂર કરીને હાથ ધરવામાં આવેલ છે. સન ૨૦૧૯-૨૦થી ત્રણ વર્ષમાં આ યોજના બીજા તબક્કાના કામ ચાલુ કરવામાં આવેલ છે. આમ આ યોજનાનો મુખ્ય આશય રાજયના વિકાસ વધતી જતી વસતિ અને લોકોની વધતી જતી અપેક્ષાઓને ધ્યાનમાં લઇને ગુજરાત ગ્રામ્ય વિસ્તારને સુદ્રઢ, મજબૂત અને ઉત્તમ બારમાસી રસ્તાનું માળખું પૂરું પાડવાની યોજના હાથ ધરી છે. રાજયના ગામડાંના વિકાસ માટે બે ગામને જોડતા આંતરિક રસ્તાને નોન પ્લાનના રસ્તાની માગણીઓ આવે છે. ગુજરાતના ગ્રામ્ય પ્રજાની માગણીને ધ્યાનમાં લઇને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના નીચે બે ગામના આંતરિક જોડાણના રસ્તાઓને પાકા બાંધવા અને અસરકારક સુદ્રઢ બનાવવાની યોજના સન ૨૦૧૯-૨૦થી અમલમાં મૂકી એમાં રૂપિયા ૧૩૩૦ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે અને રૂ.૧૭૭૭ કરોડના અંદાજીત રકમના ૪૪૪૯ કિલોમીટરના ૨૧૦૫ કામો મંજૂર કરવામાં આવેલ છે. આ વર્ષે ૨૦૨૦-૨૧માં અંદાજે ૧૨૭૦ કરોડ રૂપિયાની જોગવાઇઓ કરેલી છે. તેમાં રૂ. ૧૬૫૫ કરોડના અંદાજે ૬૯ કિલોમીટરની લંબાઇના ૩,૧૦૨ રસ્તા મંજૂર કરવામાં આવેલ છે તથા ચાલુ વર્ષમાં રૂ. ૧૦૪૯ કરોડની જોગવાઇ સામે રૂ. ૨,૨૯૦ કરોડના રસ્તા ૪,૬૦૫ કિલોમીટરની લંબાઇના ૨,૨૪૫ રસ્તાઓને મંજૂરી આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારને સલામતી અને બારમાસી રસ્તાની સુવિધા પૂરી પાડવા માટે હયાત કોઝવે, ડીપ, સાંકડા રસ્તા, ઉંચા પુલ બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૪૫૨ કરોડની અંદાજીત રકમ અને ૪,૪૦૦ કામો મંજૂર કરવામાં આવેલ. ખાસ કરીને તેમાં પછાત વર્ગના પણ રહી ન જાય એટલા માટે અંગભૂત યોજના પણ છે. અનુસૂચિત જનજાતિ તેમજ પછાત વસતિ ધરાવતા વિસ્તારમાં સારા ડામરના રસ્તા કરવા માટે જે ગામની અંદર ૨૫૦થી વધુ વસતિ હોય અથવા તો જે ગામની ૫૦ ટકાથી વધુ વસતિ હોય ત્યાં ડામરના રસ્તા બનાવવાની સુવિધા પૂરી પાડવાનું બે વર્ષથી હાથ ધરેલ છે. કુલ ૨૧,૨૩૮ કિલોમીટર અને ૬,૩૭૫ કિલોમીટર રસ્તાના અને ૫,૮૧૩ કરોડ રૂપિયાના કામકાજો મંજૂર કરી

તે પૈકી ૧૭૫ કિલોમીટરની લંબાઇના કામો પૂર્ણ કરેલ છે અને ૨,૪૭૯ કિલોમીટરના કામો પ્રગતિમાં છે. અન્ય ૧૧૮૬ કિલોમીટરના કામો શરૂ કરવાના છે. આવું કામ જો થતું હોય તો આ પૂરક માગણીને મંજૂરી આપવી એ યોગ્ય છે. અસ્તુ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી શહેરી વિકાસ, શિક્ષણ, નાગરિક પુરવઠા, તબીબી આરોગ્ય અને માર્ગ-મકાનની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલની શિક્ષણ વિભાગની પ્રશ્નોત્તરીમાં પણ મેં વાત કરી હતી કે જે લોકો પોતાના જીવનનિર્વાહ માટે, મજૂરી કામ માટે અન્યત્ર ખસેડાય છે અને મજૂર તરીકે પોતાની વાડીઓમાં, ખેતરોમાં રહેતા એવા અનેક વાલીઓ તેના બાળકને જન્મ આપે છે. જન્મ નોંધણી થઇ શકતી નથી અને તેમને શિક્ષણ મળતું નથી. શિક્ષણ એ એમનો મૂળભૂત અધિકાર છે. કેન્દ્ર સરકારે પણ જોગવાઇ કરી છે ત્યારે મારે માનનીય કનુભાઇ મારફત માનનીય શિક્ષણમંત્રીને કહેવું છે કે આવા કોઇ બાળકો હોય, ગરીબ લોકો હોય, ગરીબનું ઉત્થાન કરવું એ ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે એક નૈતિક ફરજ બની જાય છે. કદાચ જન્મ નોંધણી ન કરાવી શક્યા હોય. આ સામાન્ય લોકો છે. એમના બાળકોને પણ ભણવા માટેનો અધિકાર મળવો જોઇએ અને તેના માટે વિચારીને સરકાર સૂચનાઓ આપે એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય માટે સતત ચિંતા કરી છે. કોરોના વાઇરસ જેવી ભયંકર મહામારી આવી. ડિઝાસ્ટર એક્ટ પ્રમાણે જે કામગીરી કરવાની હતી, સરકારે કરવાની જોગવાઇ કરી. અમારા તરફથી પણ કહેવામાં આવ્યું અને સરકાર તરફથી પણ જોગવાઇ કરી હતી. જે કોરોના મહામારીમાં મૃત્યુ પામ્યા છે એવા પરિવારને ૪,૦૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે. ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે એ ન્યાયાધીન છે એવું કહેવામાં આવે છે, પરંતુ સરકારે એમ કહ્યું છે કે અમે ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવીએ છીએ અને કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રમાણે એ તમામ લોકોને ૪,૦૦,૦૦૦ રૂપિયા ચૂકવવા માટે આ સરકાર આગળ આવે તેવી આ ગૃહવતી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનની ૧૧૩ કરોડ રૂપિયાની મહેસૂલી ખર્ચની અને ૧૧૭૭ કરોડ રૂપિયાની મૂડી ખર્ચની વધારાની માગણી લઇને આવ્યા છે ત્યારે કહેવું છે કે ગુજરાત રસ્તાઓ માટે ઘણું આગળ છે એવું આપ કહી રહ્યા છો ત્યારે અમારા સૌરાષ્ટ્રને ઘણો બધો અન્યાય થતો હોય એવું મને લાગી રહ્યું છે. અમારી પરિસ્થિતિ એવી છે કે દરિયા કાંઠેથી અમે અહીં આવીએ છીએ તો એ કોસ્ટલ હાઇવે છે એ અમારા જાફરાબાદથી કોડીનાર જતો રસ્તો અતિ બિસ્માર છે. કોઇને કોઇ વાંધા-કારણોસર એ રસ્તા થતાં નથી. એ રસ્તાઓ તાત્કાલિક થાય અને રાજુલાથી નેશનલ ધોરીમાર્ગ અમરેલી થઇને જેતપુર જવા માટેની કાર્યવાહી ચાલે છે. બાબરા થઇને જસદણ જોડવા માટેની કાર્યવાહી ચાલે છે. એમાં ઝડપ લાવવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રીને માગણી સાથે વિનંતી કરું છું. અનેક લોકોને રોજ ગાંધીનગર અને અમદાવાદ આવવું પડે છે. ચાવંડથી રાજકોટ અને ભાવનગરનો રસ્તો છે એમાં ચાવંડ એ મારો મતવિસ્તાર આવી જાય છે. લાઠીથી રંઘોળા સુધીનો જે રસ્તો છે અમારા હમણાં ચૂંટાયેલા માનનીય આત્મારામભાઇનો એ મતવિસ્તાર આવે છે પણ આત્મારામભાઇને તમે મંત્રી નથી બનાવ્યા એટલે એ રીસાયેલા છે. એ કોઇ રજૂઆત કરતા નથી. આ રસ્તો તાત્કાલિક સારો કરાવો. મેં ગઇ કાલે પણ આ પ્રશ્ન પૂછયો હતો તો મને કહેવામાં આવ્યું કે આ રસ્તો બિસ્માર નથી.

માનનીય કનુભાઇ, મારે આપને વિનંતી કરવી છે, માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે, માર્ગ મકાનના ખાતાને વિનંતી કરવી છે કે તમે આવીને જુઓ કે અમારી શું પરિસ્થિતિ છે? ચાવંડથી રંઘોળાનો એટલી બધી બિસ્માર હાલતમાં રસ્તો છે, નેશનલ હાઇવેમાં અપગ્રેડ થયો છે. સ્ટેટ હાઇવે રીફર કરતું નથી અને નેશનલ હાઇવે એ હજી સંભાળ્યો નથી. એ રસ્તાને કોઇપણ સંજોગોમાં પેવર પટ્ટા મારવામાં આવે એવી પણ માગણી કરું છું. રંઘોળાથી વલ્લભીપુરનો રસ્તો નંબર-વન બન્યો છે. વર્લ્ડ બેંકમાંથી આ રસ્તો બન્યો છે અને સારો રસ્તો બન્યો છે. હું એને આવકારું છું પરંતુ વલ્લભીપુરથી પાછું બાવળા આવવાનું થાય ત્યારે એ રસ્તો પહોળાઇ સાથે મંજૂર થયો છે, કોન્ટ્રાકટર કામ કરતો નથી, એને બ્લેક લિસ્ટ કરવા માટેની કાર્યવાહી પણ ચાલે છે. અમદાવાદ તરફ આવવાનો આ મહત્ત્વનો રસ્તો છે. માનનીય જીતુભાઇ પણ જાણે છે. મારા સૌરાષ્ટ્રના ધારાસભ્યો પણ જાણે છે. અમે અતિ મુશ્કેલીમાં મૂકાઇએ છીએ. એક કલાકનો રસ્તો માત્ર ૬૦ કિલોમીટરનો રસ્તો પસાર કરવા માટે અમારે દોઢ-દોઢ કલાક સુધી ગાડીમાં રહેવું પડે છે. ઘંઘુકાનો આર.ઓ.બી. વર્ષોથી કામ ચાલે છે. એ ઘંઘુકાનો આર.ઓ.બી. પણ તાત્કાલિક અસરથી પૂરો કરવો જરૂરી બન્યો છે. અમારે બે રેલવે ક્રોસીંગ આવે છે. ઘોળામાં બાયપાસ બન્યો છે પણ અહીં આર.ઓ.બી. મંજૂર થયો હોવા છતાં એનું કામ થતું નથી. ટેન્ડરો થયા છે. અમારો ઘોળાનો એ આર.ઓ.બી. તાત્કાલિક કરવામાં આવે તેવી મારી માગણી છે કારણ કે જો એ આર.ઓ.બી ના કરવામાં આવે તો અમારે ત્યાંથી એટલી મોટી પીપાવાવથી ગુડસ ટ્રેન નીકળે છે અને ગુડસ ટ્રેન નીકળતું મહત્ત્વનું પોર્ટ હોય તો પીપાવાવ પોર્ટ છે. મારા દામનગર વિસ્તારમાં પણ આજ પરિસ્થિતિ નડે છે ત્યારે દામનગરમાં મેં આર.ઓ.બી.ની માગણી કરી છે તો એ આર.ઓ.બી. પુલ પણ મંજૂર કરવામાં આવે. ૧૭૮ પુલ મંજૂર કર્યા છે ત્યારે મારે માનનીય કનુભાઇ મારફત માર્ગ અને મકાન ખાતાના મંત્રીને વિનંતી કરવી છે કે આ આર.ઓ.બી. મંજૂર કરવામાં આવે અને અમારી માગણી સંતોષવામાં આવે. માર્ગ અને મકાનમાં સરકારે સારી કામગીરી કરી છે અને વધારાનું બજેટ લઇને આવ્યા છે ત્યારે એ બજેટમાં પણ હું તમે જે વાત લઇને આવ્યા છો એને સ્વીકારું છું અને તમે આરોગ્ય ખાતાનું બજેટ છે, નાગરિક પુરવઠાના રેશનીંગ કાર્ડના જે પ્રશ્નો છે, જેવા કે રેશનીંગ કાર્ડમાં નામ લખાવવા જઇએ છીએ તો નામ લખાતું નથી. કોઇના લગ્ન થયા પછી છ -છ મહિના પછી એમનું રેશનીંગ કાર્ડમાં નામ ચડાવવા માટે તમે એફીડેવિડ કરો, તમે ત્યાંથી નામ કઢાવો, બધું લઇને આવ્યા પછી એમનું નામ લખાતું નથી. હમણાં અમારા સંકલનમાં પ્રશ્નો

હતા, પ્રાંત અધિકારીએ બહુ સારી વાત કરી કે કોઇ દીકરી પોતે માત્ર રેશનીંગ કાર્ડમાં નામ લખાવવા માટે કોઇની પત્ની બની શકે ખરી? આવું કયારેય ના બની શકે, એવા સંજોગોમાં આવી જે રજૂઆતો એક એક વર્ષથી પેન્ડીંગ છે એ તમામ નામો ચડાવી દેવામાં આવે એવી વિનંતી સાથે હું મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી વિવેક ન. પટેલ**(**ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને શહેરી વિકાસ વિભાગની પૂરક માગણી ૧૦૨ ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી**,** એક અંદાજ પ્રમાણે વિશ્વની અંદર વર્ષ ૨૦૫૦ સુધીમાં ૭૦ ટકા વસ્તી શહેરોમાં વસતી હશે. ગુજરાતની અંદર ૪૮ ટકા વસ્તી શહેરોમાં વસે છે. શહેરોનો સર્વાંગી વિકાસ થાય, આયોજનબદ્ધ વિકાસ થાય, શહેરો લવેબલ બને, લીવેબલ બને એ માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે, સમર્પિત છે, કટિબદ્ધ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે બજેટની અંદર રૂ. ૧૪૨૯૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૭ની અંદર ગિફ્ટ સીટીની સ્થાપના કરવામાં આવેલી. તેમનું સ્વપ્ન હતું, તેમનું વિઝન હતું કે ગીફ્ટ સિટી વિશ્વ કક્ષાનું નાણાકીય કેન્દ્ર બને. દેશની અને વિદેશની મળીને કુલ ૩૦૦ કરતાં વધારે અગ્રગણ્ય નામાંકિત કંપનીઓ ગીફ્ટ સિટીમાં કાર્યરત છે. મારે આનંદ અને ગૌરવ સાથે કહેવું છે કે ગિફ્ટ સિટી ભારતનું એક માત્ર અને પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાનું કેન્દ્ર બન્યું છે. જ્યાં હાલ બધી રેગ્યુલેટરી સત્તા ધરાવતી આઇ.એફ.એસ.સી. ઓથોરિટીઓ કાર્યરત થયેલ છે. ભારતની ૧૩ જેટલી બેન્કો અને વિદેશની ૬ જેટલી બેન્કો, ૨૦ ઇન્સ્યોરન્સ અને રિ-ઇન્સ્યોરન્સને લગતી સંસ્થાઓ, ૨ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો, મૂડી બજાર સાથે જોડાયેલ ઇન્ટરમિડિયેટ્સ પણ ત્યાં કાર્યરત છે. એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાયનાન્સ, શીપ લિઝિંગ એન્ડ ફાયનાન્સ, ગ્લોબલ ઇનહાઉસ સેન્ટર્સ, ગ્લોબલ ટ્રેઝરી કાર્યાલયોને પણ મંજૂરી આપવામાં આવેલ છે. ભારત સરકારે ગીફ્ટ સિટીને બુલિયન એક્સચેન્જ તરીકેની પણ માન્યતા આપેલ છે. ગિફ્ટ સિટીમાં નાણાકીય વ્યવસ્થાપન ફીન્ટેક, વિજ્ઞાન ટેકનોલોજી, ગણિત, એન્જિનિયરીંગ જેવા અભ્યાસક્રમો ઓફર કરતી વિદેશની યુનિવર્સિટીઓને માન્યતા આપવાનો અમારી કેન્દ્ર સરકારે નિર્ણય કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી**,** ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય આર્બિટ્રેશનની સ્થાપનાનો નિર્ણય પણ અમારી કેન્દ્ર સરકારે આ વખતના કેન્દ્રના બજેટમાં કર્યો છે. આમાં તમારે વિદેશને લગતી કોઇપણ બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય ત્યારે સીંગાપુર અથવા અન્ય જગ્યા પર લવાદ તરીકે આર્બિટ્રેશનનું કામ થતું હતું એ હવે આ જ પ્રકારનું કામ આપણી ગીફ્ટ સિટીમાં થવાનું છે. ફીન્ટેક ક્ષેત્રને સહાયરૂપ થાય તેવી ઇકો સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. વિશિષ્ટ પ્રકારનું ફીન્ટેક હબ ગિફ્ટ સિટી ખાતે સ્થાપવામાં આવશે. ગિફ્ટ સિટી ખાતે ૬૨ મિટરથી લઇને ૧૨૨ મિટર સુધીની ઉંચાઇ ધરાવતી ઉંચી ઇમારતો પણ આવેલ છે. કોઇપણ સંભવિત અકસ્માત કે આગની ઘટનાને ટાળવા કે નિયંત્રણમાં લાવવા માટે ગીફ્ટ સિટીના અગ્નિશમન વિભાગ પાસે જે વાહનો અને સાધનો ઉપલબ્ધ છે તે સિવાય રૂ.૩.૮૬ કરોડના ખર્ચે વોકર ડોઝર વીથ બુમ ટાવર, રૂ.૧૭.૪૪ કરોડના ખર્ચે ૭૦ મિટરના હાઇડ્રોલિક પ્લેટફોર્મની જરૂરિયાત છે. ઉપલબ્ધ સાધનો ઉપરાંત મળનાર સાધનોનો ઉપયોગ ગિફ્ટ સિટીની આજુબાજુના જે વિસ્તારો છે તેમાં પણ કરવામાં આવશે. ગીફ્ટ સિટીના ફીન્ટેક હબ અને આઇ.એફ.એસ.સી.ના વિકાસને ધ્યાને લેતા જણાવેલ સાધનો લેવા ખૂબ જરૂરી છે. ચાલુ વર્ષ દરમિયાન ગીફ્ટ સિટીના ફીન્ટેક હબના વિકાસ માટે અગ્નિશમન વાહન અને સાધનો માટે રૂપિયા ૨૧.૩૦ કરોડનો અંદાજિત ખર્ચ હોવાથી વધારાના રૂપિયા ૨૧.૨૯ કરોડની જોગવાઇ કરવાની માગણી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના બજેટમાં થયેલ જોગવાઇની સાથો સાથ હાઇ-લાઇટ્સ મૂકવા માગું છું. સૌથી લોકપ્રિય યોજના શહેરી વિકાસમાં છે તે આપ જાણો છો તે પ્રમાણે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પણ છે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૯માં આ યોજનાને લોન્ચ કરવામાં આવી અને આ યોજનાને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. આ વખતના બજેટમાં રૂ.૫૨૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાઓમાં મેટ્રો રેલ અને મેટ્રો રાઇડઝની સેવા પૂરી પાડવા માટે બજેટમાં રૂ.૭૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સુરતનું હું જ્યારે પ્રતિનિધિત્વ કરતો હોય ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે, સુરતમાં મેટ્રોનું કામ ચાલુ થઇ ગયું છે. અમદાવાદની વાત આપણે બધા સારી રીતે જાણીએ છીએ. શહેરોની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે અને સરળ તથા સલામત ટ્રાફિક ચાલે, પેટ્રોલ અને ડિઝલ તેમજ સમયની બચત થાય તે માટે શહેરી વિસ્તારને રેલ્વે ફાટક મુક્ત બનાવવાનું જે અભિયાત હાથ ધર્યું છે તેના અનુસંધાનમાં રેલ્વે ઓવર બ્રિજ બનાવવા માટે રૂપિયા ૨૩૧ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી યોજનાની વાત કરું તો અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર તેમજ રાજકોટ મહાનગરપલિકાઓ અને સાથોસાથ દાહોદ નગરપાલિકા છે તેની અંદર માળખાકીય સુવિધા માટે બજેટમાં રૂ.૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અમૃત યોજનાને આપણે બધા સારી રીતે જાણીએ છીએ. અમૃત યોજના ભાગ-૨ માટે ૩૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ચંદનજી ત. ઠાકોર**(**સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સિદ્ધપુરમાં નર્સિંગ કોલેજ છેલ્લા ઘણા વર્ષોથી છે પરંતુ તેની સ્થિતિમાં કોઇ બદલાવ આવેલ નથી. સ્ટાફની ઘટ છે. ટ્રાન્સપોર્ટની સુવિધાનો અભાવ જોવા મળે છે. વિદ્યાર્થીઓને બોરના અભાવે પાણીની પણ ઘણી મુશ્કેલીઓ જોવા મળે છે અને નર્સિંગ કોલેજની અંદર વારંવાર અનિચ્છનીય ઘટના ઘટે છે એટલા માટે ત્યાં મહિલા પોલીસ પોઇન્ટ મૂકવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. સિદ્ધપુર સિવિલ હોસ્પિટલ ખાતે મહત્ત્વના ડોકટર જેવા કે સર્જન, ન્યૂરોસર્જન, ફીઝીશીયન, ગાયનેક એવી અનેક જગ્યાઓ ખાલી પડી છે સરકારને આ જગ્યાઓની વારંવાર રજૂઆત કરવા છતાં ભરવામાં આવતી નથી. એમ.આર.આઇ.નું મશીન હોવાછતાં એનો ઉપયોગ કરવામાં આવતો નથી. ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે આ મશીન વસાવેલું છે. દર વર્ષે ૨૦ લાખથી વધુનો રિપેરીંગનો ખર્ચો કરવામાં આવે છે તેમછતાં આ મશીન ચાલુ થતું નથી તેના કારણે સિદ્ધપુરમાં આજુબાજુના લોકોને સારવાર લેવા માટેની તકલીફ પડે છે. જો આ સત્વરે ચાલુ કરવામાં આવે તો ચોકકસપણે લોકોને લાભ મળે તેવી સુવિધાઓ છે. સિવિલ હોસ્પિટલમાં એક બ્લડ બેંકની સુવિધા પણ આવેલી છે. ઇન્સ્ટ્રુમેન્ટ ખરાબ હોવાને કારણે આ બ્લડ સમયસર લોકોને મળતું નથી તેથી લોકોને પ્રાઇવેટ બ્લડબેંકમાં જવું પડતું હોય છે. એમાં પણ પ્રાઇવેટ બ્લડ બેંકો જે શરૂ કરવામાં આવી છે દા.ત. ઉત્તર ગુજરાતમાં સદારામ બ્લડ ગૃપ સેવા ચાલુ છે જે અનેક પ્રકારની બોટલો ત્યાં સપ્લાય કરે છે અને આજુબાજુના વિસ્તારમાં પણ સપ્લાય કરે છે. આ સદારામ બ્લડ ગૃપ અને અન્ય બ્લડ ગૃપો છે એમને કંઇક સહાય આપવામાં આવે એવી મારી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સિદ્ધપુરમાં આયુર્વેદિક કોલેજ આવેલી છે. છેલ્લા ઘણા વર્ષથી બંધ હાલતમાં પડેલી છે. આયુર્વેદિક કોલેજમાંથી બારીબારણા પણ ચોરાઇ ગયા છે. જંગલ જેવી સ્થિતિ થઇ ગઇ છે. ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે આ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવામાં આવેલી છે. આ ભારતીય જનતા પાર્ટી ૨૭ વર્ષથી ગુજરાતમાં શાસન કરે છે. આ સ્થિતિનું જે નિર્માણ થયું છે તેને આ હોસ્પિટલમાં અનેક પ્રકારના વર્તમાનપત્રમાં, પેપરોમાં, કાગળોમાં મેં પણ લેખિતમાં જાણ કરી છે છતાંપણ આ ચાલુ કરવામાં નથી આવતી તો આ ચાલુ ન કરવાના કારણો શું છે? અને માનનીય મંત્રીશ્રી આની સઘન તપાસ કરી આગળની કાર્યવાહી કરે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કોરોનાની મહામારીમાં પહેલી લહેર ગઇ, બીજી લહેર ગઇ, ભગવાન અને માતાજીના ભરોસે ત્રીજી લહેર ન આવી. તેના કારણે સિદ્ધપુર સિવિલ હોસ્પિટલમાં ૧૦ બાયપેપ મશીન અને ૨૫ વેન્ટીલેટર આપવામાં આવ્યા હતા. આજે પણ સ્ટોરની અંદર આ મશીનો એ સ્થિતિનો સામનો કરી રહ્યા છે અને પડયા છે એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સિદ્ધપુરની પ્રજાને ન્યાય માટે કયાંક તકલીફ ન પડે. બાયપેપ મશીન તાત્કાલીક ધોરણે ચાલુ થાય અને ડોકટરો જે મૂકવાના હોય એ ડોકટરો મૂકવામાં આવે અને ૨૫ વેન્ટીલેટર મશીન તાત્કાલિક ધોરણે ચાલુ થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કાકોશી, બીલીચા, કુંવારા, જંદરાળ, વાગડોદ સહિતના તમામ સી.એચ.સી.માં અપુરતો સ્ટાફ છે. ગામડાંના ઘણા બધા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. એના કારણે ગામડાંના લોકો સી.એચ.સી.માં જયારે દવા કરાવવા જાય ત્યારે પૂરતો સ્ટાફ નથી. પૂરતા ડોકટર નથી. પુરતી નર્સ પણ નથી તો એના માટે તાત્કાલિક ધોરણે ડોકટરોની નિમણૂક કરે અને નિમણૂક કર્યા પછી જે નર્સીંગનો સ્ટાફ છે એમાં પણ નિમણૂક કરે અને નિમણૂકમાં ગામડાંના લોકોને પૂરતી સારવાર મળે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ઉત્તર ગુજરાતના સિદ્ધપુર ખાતે કેન્સર હોસ્પિટલ આવેલી છે. અત્યારના હાનિકારક પદાર્થના કારણે કેન્સરનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. કેન્સર હોસ્પિટલનું બિલ્ડીંગ ઘણું મોટું છે. ઘણા સમયથી આ હોસ્પિટલ ચાલે છે પણ આ હોસ્પિટલ બિલ્ડીંગના કારણે એની અંદર કોઇ મશીનની પૂરતી સુવિધાઓ નથી, સ્ટાફની પૂરતી સુવિધા નથી એને કારણે ઉત્તર ગુજરાતના લોકો છે એમને અમદાવાદ સુધી આવવું પડે છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૧૨-૩૦ કલાકે મળશે.

**( વિરામ - ૧૨-૦૦ થી ૧૨-૩૦ )**

**(ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ અધ્યક્ષસ્થાને )**

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતની વિભાગની સન-૨૦૨૧-૨૨ ની પૂરક માગણી લઇને આવ્યા છે, તેને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, સલામતી નેશનલ ફુડ સિક્યોરિટી એકટ ૨૦૧૩ અને સમગ્ર રાજ્યમાં ૧ એપ્રિલ, ૨૦૧૬થી અમલ શરૂ કરવામાં આવેલ છે. નેશનલ ફુડ સિક્યોરિટી એકટ ૨૦૧૩ અન્વયે રાજ્યની કુલ ૩ કરોડ ૪૭ લાખ વસતિને કાયદામાં આવરી લેવામાં આવી છે. આ કાયદામાં બે પ્રકારના કુટુંબોને આવરી લેવામાં આવેલ છે. એક અંત્યોદય યોજના હેઠળના કુટુંબો અને બીજા અગ્રતા ધરાવતા કુટુંબો. ઉપરોક્ત બંને પ્રકારના કુટુંબોને પ્રતિ કિ.ગ્રા. રૂપિયા ૨ લેખે ઘઉં અને પ્રતિ કિ.ગ્રા.રૂપિયા ૩ લેખે ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૨૦૨૧-૨૨ માં અંદાજે જોગવાઇમાં ખર્ચ વધવાના કારણે આ પ્રમાણે છે. રાજ્ય સરકારના અન્ન, સલામતી કાયદા હેઠળ ૩૮૨.૮૪ લાખ લાભાર્થીઓનું લક્ષ્ય છે. આ સલામતી કાયદા હેઠળ વધુ જરૂરિયાત મંદ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ કરી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીતિવિષયક નિર્ણયો લઇ અગ્રતા ધરાવતા કુટુંબોની પાત્રતા દરમાં ફેરફાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ના આ કાયદા હેઠળ ફેરફાર કરવામાં આવે છે. અને આ કાયદા હેઠળ સંખ્યા ૩ કરોડ ૨૧ લાખ હતી, જેમાં ચાલુ વર્ષે ગ્રાહકો વધીને ૩ કરોડ ૪૭ લાખની જનસંખ્યાનો સમાવેશ કરેલ છે. આમ ૨૬ લાખ જનસંખ્યાને રાહત દરના રાશનનો લાભ મળતો થયેલ છે. આથી ખર્ચમાં વધારો થયેલ છે. આ અન્ન અને ગ્રાહકો વિભાગના તા. ૨૪-૮-૨૦૨૧ના ઠરાવ ઘઉં અને ચોખામાં સબસિડીના દરમાં

વધારો કરેલ છે. જે મુજબ ઘઉં પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૨૪.૪૦ તથા ચોખામાં પ્રતિ ક્વિન્ટલ ૨૪.૫૦નો વધારો થયેલ છે. સબસિડીના દર તા.૧-૩-૨૦૧૯ના સમયથી લાગુ પડાયેલ છે. આથી માર્ચ ૨૦૧૯થી જુલાઇ ૨૦૨૧ના ૨૯ મહિનાના સમયગાળાના સબસિડીનો ખર્ચ આ દર હેઠળ ચૂકવવાનો થયેલ છે. વર્ષ-૨૦૨૧-૨૨ના અંદાજોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિતરણ ખર્ચ સમાવેશ કરેલ ન હતો. ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના પીએમજીકેવાય તબક્કા-૩ થી જાહેરાત કરેલ છે. ત્યારબાદ યોજના તબક્કાવાર માર્ચ સુધી લંબાવવામાં આવેલ છે અને મે-૨૦૨૧થી માર્ચ-૨૦૨૨ સુધી દર માટે એન.એફ.એસ.એ. યોજના લાભાર્થીઓને પ્રતિ વ્યક્તિ ૫ કિલો જથ્થાનું વિનામૂલ્યે વધારાનું વિતરણ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માર્ચ-૨૦૨૦-૨૨ દરમ્યાન ૧૬.૪૩ લાખ મેટ્રિક ટનના અનાજનું વિનામૂલ્યે વિતરણ કરેલ છે. આ યોજના ભારત સરકાર તરફથી એન.એફ.એસ.એ. ના નોર્મ્સ મુજબ ખર્ચ આપવામાં આવેલ છે. આ નોર્મ્સ ઉપરાંત વધારાનો ખર્ચ ૧૦૦ ટકા રાજ્ય સરકારના સદર હેઠળ ભોગવવાનો રહેશે. આ અન્ન સલામતી યોજના ૧૦૦ ટકા રાજ્ય ફાળાની યોજના સન ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧૨,૧૮૫.૨૭ લાખની જોગવાઇ સામે વર્ષ-૨૦૨૧-૨૨ માટે સુધારેલ અંદાજમાં રૂપિયા ૧૭,૭૫૦.૮૩ લાખની વધારાની માગણી આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની બે મિનિટ બાકી છે.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા **:** માનનીય અધ્યક્ષશ્રી**,** આવી જ રીતે ખાદ્યતેલની વાત કરુ તો વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજ અને ૨૦૨૦-૨૧ની તૈયારી કરવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧માં રિફાઇન્ડ કપાસીયા તેલ ૧ લિટર પાઉચ સરેરાશ ખરીદી ભાવ રૂ. ૭૯.૩૪ પૈસા પ્રતિ પાઉચ મળેલ છે. જેમાં ડિલેવરી ખર્ચ, ગુજરાત રાજ્યનો વહીવટી ખર્ચ તેમજ દુકાનદારોનું કમિશન ખર્ચ ઉમેરતાં તેની કિંમત રૂ.૧૦૧.૩૨ પૈસા પ્રતિ પાઉચ નિયત કરાયેલ છે. જેમાં સબસિડી રૂ.૫૧.૩૨ પૈસા પ્રતિ પાઉચ નક્કી કરાયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ની ખરીદી કરવામાં આવેલ ત્યારે ખાદ્યતેલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં થયેલ વધારાને કારણે તેની અસર સ્થાનિક બજારોમાં જોવા મળેલ. આથી સરેરાશ ખરીદ ભાવ રૂ.૧૪૭.૫૭ પૈસા પ્રતિ પાઉચ મળેલ છે. તેમાં પડતર કિંમત રૂ.૧૬૨.૭૪ પ્રતિ પાઉચ પડેલ છે તેમાં રાજ્ય સરકાર દ્વારા સબસિડી વધારી વિતરણ ભાવ ૯૩.૦૦ રૂપિયા પ્રતિ પાઉચ નિયત કરેલ છે. જેમાં સબસિડી રૂપિયા ૭૦ પ્રતિ પાઉચ નિયત કરેલ છે. નવેમ્બર ૨૦૨૦માં અંદાજ બનાવતી વખતે કુલ કાર્ડધારકોની ૬૯.૩૬ લાખ ધ્યાનમાં લેવાઇ હતી. જ્યારે નવેમ્બર ૨૦૨૧માં કુલ કાર્ડધારકોની સંખ્યા ૭૦.૪૭ લાખ થયેલ છે. આમ ખરીદ ભાવમાં થયેલ વધારો અને લાભાર્થીઓની સંખ્યામાં થયેલ વધારાના કારણે રાજ્ય સરકારે સબસિડીની રકમ રૂ.૫૧.૩૨ કરોડની જગ્યાએ વધારો કરી રૂપિયા ૭૦ કરોડ કરેલ છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા**(**ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગૃહ સમક્ષ શિક્ષણ વિભાગ માટેની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના સંદર્ભે હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી**,** ૧૨૧૮ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની પૂરક માગણીઓ શિક્ષણ મંત્રીશ્રી લઇને આવ્યા છે. આટલી મોટી રકમનો જ્યારે આપણે શિક્ષણ વિભાગના હેતુ માટે ખર્ચ કરતા હોઇએ તો એટલો ખર્ચ કર્યા પછી શિક્ષણ વિભાગ તરફથી આપણને કઇ ફળશ્રુતિ મળેલ છે તે અંગેની ચર્ચા પણ આ ગૃહમાં થવી જોઇએ. ગાંધીના ગુજરાતમાં ગોડસેને હીરો ચિતરવા માટેનું કામ, તેના વિષયને લગતી સ્પર્ધાઓ આટલો ખર્ચ કર્યા પછી જો ગુજરાત રાજ્યમાં આ પ્રમાણે થતું હોય તો એક ગુજરાતી તરીકે ગુજરાતી સદનનું પ્રતિનિધિત્વ કરતા સભ્ય તરીકે આપણે ફરીવાર વિચારવું જોઇએ. આપણે આટલો ખર્ચ જે કરી રહ્યા છીએ તે શા માટે કરી રહ્યા છીએ? આપણી જે સમાજ વ્યવસ્થા છે તેની અંદર લગભગ ૫૦ ટકા મહિલાઓ છે. સમાજની જે સભ્ય સંખ્યા છે તેમાંથી લગભગ ૬૦ ટકા કરતાં વધારે ખેડૂતો અને ખેતમજૂરોની સંખ્યા છે, ૭ ટકા દલિત, ૧૪ ટકા વનબંધુઓ અને ૫૪ ટકા જેટલા ઓબીસી કારીગર વર્ગ છે. મહાત્મા ગાંધીએ જયારે પહેલી વખત ભારત ભ્રમણ કર્યું ત્યારે એમને એવું લાગ્યું કે, સમગ્ર સમાજ વ્યવસ્થા છે તે સમાજ વ્યવસ્થા ૧૫ ટકા લોકોના હાથમાં છે. તેની અંદર ૮૫ ટકા લોકો મહિલાઓ, પછાતવર્ગના લોકો છે, કારીગરો, વનબંધુ છે તે લોકોનો કોઇ સમાન હિસ્સો નથી. તે લોકોને સમાન હિસ્સો મળે તે માટેની મૂવમેન્ટ મહાત્મા ગાંધીએ સ્ત્રી પુરુષની સમાનતા માટે, બ્રાહ્મણથી દલિત વર્ગ સુધીના વર્ગની સમાનતા માટે, હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ આ તમામ ધર્મોની સમાનતા માટેનું કામ શરૂ કર્યું હતું. તે સમયગાળા દરમ્યાન જે મનુવાદી માનસિકતા ધરાવતા, આધિપત્યવાદી માનસિકતા ધરાવતા લોકો જેઓ આ વ્યવસ્થા સાથે સંકળાયેલા હતા. એ લોકોને ક્યાંકને ક્યાંક એવું લાગ્યું કે આનાથી આપણા અધિકારવાદ ઉપર તકલીફ પડે એવું છે એટલે વર્ષ ૧૯૧૫થી એ લોકોએ હિન્દુ મહાસભાના પ્લેટફોર્મ ઉપર એકઠાં થવાનું શરુ કર્યું અને એ જ માનસિકતા આજે ફરી વખત હાવી થતી હોય એવું લાગી રહ્યું છે અને એટલે ગાંધીના હત્યારાઓનું મહિમાગાન શાળા કક્ષાએ શરુ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ખરેખર તો આ ફંડ સ્કૂલોમાં જે ઓરડાઓની ઘટ છે ૧૯૧૨૮ ઓરડાઓ ઘટે છે એના માટે ફાળવવું જોઇએ. મારા મત વિસ્તારમાં જ્યારે ભૂકંપ આવ્યો ત્યારથી જે ટાઇમપરેરી સેલ્ટર છે એની અંદર આજે પણ સ્કૂલો બેસી રહી છે. ઢોરાપીપળિયા, ઢોકળવા, ગોલીડા, પરબડી આવી અનેક સ્કૂલો છે કે જ્યાં આખે આખું સેન્ટર ડેમેજ થયેલું છે, એક પણ રૂમ બેસવાલાયક નથી. આમ છતાં છેલ્લા બે વર્ષમાં એક પણ રૂમનું બાંધકામ મારા મત વિસ્તારમાં થયું નથી. પીવાના

પાણીની અતિશય તકલિફ છે, સેનિટેશન માટે ૮મા ધોરણ સુધી આવતી બાળકીઓ મોટી ઉંમરની હોય છે એના માટે કોઇ વ્યવસ્થા નથી ત્યારે એના અંગે વિચારવું જોઇએ. એક બાજુ નવી શિક્ષણ નીતિની વાત કરીએ છીએ, ચિત્ર શિક્ષક, વ્યાયમ શિક્ષક, સંગિત શિક્ષક એની ભરતી કરવાની થાય તો લાખોની સંખ્યામાં થવાની છે. અહીંયા મૂળ મહેકમ જે છે એની ભરતી કરવાની આપણી પાસે સગવડ નથી, એની ભરતી આપણે કરી રહ્યા નથી. પ્રવાસી શિક્ષકોના નામે નવી પેઢીના યુવાનોનું શોષણ થઇ રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી ટાટની, ટેટની પરીક્ષાઓ નથી લેવાતી અને કરાર આધારીત કર્મચારીઓ મૉડેલ સ્કૂલ શરૂ થઇ ત્યારથી શોષણનો ભોગ બની રહ્યા છે, એ કર્મચારીઓ માટે પણ વિચારવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, જૂની પેન્શન સ્કીમ આ જે શિક્ષકો નવેસરથી આવ્યા છે એ લોકોને જૂની પેન્શન સ્કીમનો લાભ નથી મળી રહ્યો તો ખરેખર તો શિક્ષણ મંત્રીશ્રી એના માટે પૂરક માગણીઓ લઇને આવ્યા હોત તો એવું થાત કે આપ કંઇક સારું કરવા માગો છો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક ૮૬ ની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારત સરકારના મંત્રીશ્રી નીતિન ગડકરીજીની ઓફીસમાં એક સ્લોગન એમની વોલ ઉપર મૂકેલું છે. અમેરિકાના પ્રેસિડેન્ટ જહોન કેનેડી હતા એ વખતે જહોન કેનેડીએ એક હિસ્ટોરીકલ સ્ટેટમેન્ટ આપેલું કે, American roads are not good because America is rich, but America is rich because American roads are good. માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે ગુજરાત સરકારના આદરણીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અને શ્રી પૂર્ણેશભાઇના નેતૃત્વમાં માર્ગ અને મકાન વિભાગની જે કામગીરી થઇ રહી છે એમાં હું એવું માનું છું કે ભારતનું આ ગુજરાત અમેરિકા ગણાય. આજે જે સમૃદ્ધિની દિશામાં ગયા વર્ષે જે વિદેશી મૂડી રોકાણમાં ગુજરાત પ્રથમ આવ્યું હતું એના મૂળમાં જે ઇન્ફ્રસ્ટ્રક્ચર જરૂરી હોવું જોઇએ એ ગુજરાતમાં અવેલેબલ છે. લગભગ ૧.૨૩ લાખ કિલોમીટરનું વિશાળ નેટવર્ક આપણે ધરાવીએ છીએ. આ વિશાળ નેટવર્કમાં લગભગ ૭૦ હજાર કિલોમીટરના રસ્તાઓ તો ગ્રામિણ ક્ષેત્રે જોડાયેલા છે. ગુજરાતના લગભગ ૧૮ હજાર ગામડાંઓ, ૧૬ હજાર પેટાપરાઓ એમાં ૯૯ ટકા ગ્રામિણ રસ્તાઓને પાકા રસ્તાઓથી આપણે જોડી શક્યા છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આજે ૭૦ હજાર કિલોમીટરનું જે નેટવર્ક તે મારી દ્રષ્ટિએ સમગ્ર દેશમાં કોઇ જગ્યાએ નહીં હોય. હું મારા સાબરકાંઠાની વાત કરું તો હમણાં જ નરોડા, દહેગામ ધનસુરા રોડ માટે ૧૪૦ કરોડ રૂપિયા ૨૫ કિલોમીટર ચાર માર્ગીય કરવા ગયા બજેટમાં જાહેરાત કરી. એવી જ રીતે આપણાં જે પવિત્ર યાત્રાધામો છે તે પવિત્ર યાત્રાધામો સાબરકાંઠાની જે હિંમતનગર થઇને અંબાજી જતો જે રસ્તો તે ૩૫૦ કરોડ રૂપિયાના ખર્ચે લગભગ હમણાં જ પૂરો થયો છે. એવો જે ગ્રીન કોરીડોર કહેવાય સમગ્ર દેશમાં પ્રથમ જો એ ગ્રીન કોરીડોર બન્યો હોય તો હિંમતનગરથી મહેસાણા ૬૧ કિલોમીટર લગભગ રૂ. ૩૬૩ કરોડના ખર્ચે તે પૂર્ણ થયો.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના આંકડાઓ આપણે જોયેલા હમણાં જ પ્રતિપક્ષના ભાઇ વાત કરતા હતા હમણાં શ્રી પૂર્ણેશભાઇની ચેમ્બરમાં પણ કેટલાક પ્રતિપક્ષના ધારાસભ્યો જોબ નંબર માટે આવેલા. આજે હું એમ કહેવા માગું છું કે, ગુજરાત સમૃદ્ધ, ગુજરાત શ્રેષ્ઠ અને હજુય શ્રેષ્ઠતમ ઉંચાઇએ પહોંચાડવા માટે જે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર તેને પૂર્ણ કરવા માટે આ પૂરક માગણીઓ માટે પ્રતિપક્ષના સભ્યો સમર્થન આપે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ટૂંક સમયમાં જે મેં અગાઉ વાત કરી ૭૦ હજાર કિલોમીટર ગ્રામીણ રસ્તાઓ..

ઉપાધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ વધારે આપો. હમણાં જ રૂ. ૨૨૯૦ કરોડના ખર્ચે ૪૬૦૦ કિલોમીટરના ૨૨૧૪ કામોને હમણાં જ મંજૂરી આપી તે બદલ હું માનનીય પૂર્ણેશભાઇનો અને માનનીય ભૂપેન્દ્રભાઇનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ કહેવુ નથી ગુજરાત સમૃદ્ધ છે અને ઘણાંના મનમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એક વખતે નરેન્દ્રભાઇએ વર્ષો પહેલાં એક કવિતાની પંકિતઓ કહી હતી તે હું આપને અહીંયા આ ગૃહ સમક્ષ મૂકૂં છું. તેમણે વાત કરેલી કે,

**જીંદગીના કેનવાસ ઉપર વેદનાનું ચિત્ર દોર્યુ છે**
**તેના પ્રદર્શન મેળા અનેકો આવ્યા,**
**ઘણાંએ કહ્યું તજજ્ઞની જરૂર છે**
**કાશ કોઇકની આંખમાંથી એક આંસુ સર્યુ હોત તો.**

અને શ્રી નરેન્દ્રભાઇએ સંદર્ભ સમજાવતા એમ કહેલું કે, આપણે જે કામ કરીએ છીએ પણ કેટલાક લોકો એમ કહે કે આ ચિત્રમાં આ કલર હોત તો સારૂં, ફલાણું કર્યું હોત તો સારું, આ હાથ આમ કર્યો હોત તો સારું પણ અનેક ભારતીય જનતા પાર્ટીમાં આદરણીય ભૂપેન્દ્રભાઇ અને શ્રી પૂર્ણેશભાઇના નેતૃત્વમાં જે વિકાસની ગતિ જે ઇન્ફ્રાસ્ટ્રકચર મારફત આ ગુજરાતની પ્રજાજનોની જે અપેક્ષા, આકાંક્ષા, ઝંખના તે આઝાદીના આ ૭૫માં જે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યાં છીએ એ સમયે હમણાં જ પૂર્ણેશ ભાઇએ જે નાના નાના પેટા પરાઓ હતા તે લગભગ ૪૬૧ કરોડ રૂપિયા તે પેટા પરાઓ અને ગ્રામીણ સ્ટ્રકચરો હતા તેના કારણે પશુ પાલનનો વ્યવસાય, સહકારી ક્ષેત્રનો વ્યાપ આપ પોતે પણ સહકારી આગેવાના છો, આજે ૭૦ કિલોમીટરના માધ્યમથી.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આના આગળ શિક્ષણ માટે પણ માગણી લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, હું જો કદાચ ભૂલતો ના હોઉં તો ગુજરાતમાં સૌથી વધારે શિક્ષણ કોડીનાર તાલુકાનું છે, મારા વિસ્તારનું છે. મારા વિસ્તારનું છે અને હું ગર્વ સાથે કહી શકુ છું કે ગુજરાત રાજ્યમાં કોઇ પણ તાલુકો એવો નહિ હોય કે જ્યાં મારા વિસ્તારનો માણસ ત્યાં નોકરી ન કરતો હોય. એ અમારા માટે ગર્વની વાત છે. એમાં મૂળ પાયાની વાત કરું તો અમારો વિસ્તાર ગાયકવાડ સરકાર હસ્તક હતો અને સર સયાજીરાવ ગાયકવાડે ત્યાં શિક્ષણનો પાયો નાંખ્યો હતો અને એમની શિક્ષણ નીતિના કારણે અમારા બાપ-દાદા જે ૧૦૦, ૧૫૦ વર્ષના થઇ ગયા છે એ લોકોએ પણ ખૂબ શિક્ષણ મેળવ્યું હતું. એના લીધે જ એમના પરિવારમાં એમના બાળકોને ભણાવવાની ભૂખ છે. આજે શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર પણ શિક્ષણ ક્ષેત્રમાં ખૂબ પગલાં ભરી રહી છે એવો દાવો કરે છે ત્યારે મારે કહેવું છે કે મારા વિસ્તારમાં એક પણ સરકારી કૉલેજ આજ દિન સુધી મળી નથી. અમારો વિસ્તાર શિક્ષણમાં સર્વશ્રેષ્ઠ છે પણ એક પણ સરકારી કૉલેજ નથી કે એક પણ સરકારી હાઇસ્કૂલ નથી. જે ટ્રસ્ટ સંચાલિત ૧૮ જેટલી હાઇસ્કૂલ હતી એમાં પણ શિક્ષકોની ભરતી ન થવાના કારણે આજે એક અથવા બે શિક્ષકો છે. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો નથી ત્યારે મારી વિનંતી છે કે ટ્રસ્ટની હાઇસ્કૂલ હોય અને ટ્રસ્ટ સામે વાંધો હોય તો સરકાર હાઇસ્કૂલ ખોલે અને એમાં પૂરતો સ્ટાફ આપે. અમારી દીકરીઓને બસમાં ૨૦-૨૨ કિ.મી. સુધીનું અપ-ડાઉન કરીને જવું પડે છે. સાત વાગે શાળામાં હાજર થવાનું હોય ત્યારે એ પાંચ વાગે ઉઠીને શાળાએ જતી હોય છે. આ સમસ્યાનું નિરાકરણ થાય અને ૨૦ કિ.મી.ના વિસ્તારમાં જે હાઇસ્કૂલ છે એ ફરીથી ધમધમતી થાય અને એમાં સ્ટાફની ભરતી થાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી માગણી રસ્તા અને આરોગ્યની લઇને આવ્યા છે. રસ્તાની વાતમાં મારા પહેલાં શ્રી વિરજીભાઇએ પણ કહ્યું એમ કૉસ્ટલ હાઇવે હોવાથી ખૂબ જ ઓછા સરકારના પ્રતિનિધિઓ ત્યાંની મુલાકાત લેતા હોય છે. અમારા દશા રસ્તા બાબતે બહુ ખરાબ છે. રાજુલાથી લઇને સોમનાથ મંદિર સુધીનો રસ્તો ખૂબ ખરાબ છે. ઘણા વર્ષોથી કામ આપ્યું છે એ કોઇ કારણસર પૂરું થતું નથી. સરકાર કૉસ્ટલ હાઇવેનો વિકાસ કરવા માંગે છે ત્યારે એના કામ વહેલાસર પૂરા થાય અને કૉસ્ટલ હાઇવેનો વિકાસ થાય એવી વિનંતી છે. અમારા વિસ્તારમાં એક માઢવાડ બંદર પર એક જેટીની પણ ઘણા સમયથી માગણી કરી છે. આજે ૩૦-૩૫ વર્ષથી ત્યાંના માછીમારોએ જેટીની માગણી કરી છે. એ પણ હજી સુધી મંજૂર થઇ નથી. પ્રાઇવેટ જેટીને સરકાર મંજૂરી આપે છે પણ સરકાર માછીમારોના પ્રશ્નો ઉકેલવામાં ધ્યાન નથી આપતી. અગાઉના બજેટમાં પણ જેટી માટે જોગવાઇ કરી હતી અને આ વખતે પણ જોગવાઇ કરી છે તો માછીમાર ખેડૂતોના પ્રશ્નો પણ ઉકેલાવા જોઇએ. સાથે-સાથે મારે એ પણ કહેવું છે કે અમારા વિસ્તારમાં તાલુકા પંચાયત અને પોલીસ સ્ટેશનના બાંધકામ પણ નથી. વિકાસની વાતો કરનારી સરકારને મારે કહેવું છે કે કોડિનાર શહેરથી ૩ કિ.મી. દૂર ભાડાના મકાનમાં પોલીસ સ્ટેશન ચાલે છે. જો કોઇને પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવા જવું હોય તો ૩ કિ.મી. દૂર રીક્ષા કરીને જવું પડે છે.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ આરોગ્ય વિભાગની માગણી ક્રમાંક - ૩૯ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

''થોડા જાગી જાવ, સંકલ્પ કરો, દૂર કરો શરીરનું અંધારું,
જો હશે આરોગ્ય સારું તો પગલે પગલે અજવાળું.''

આરોગ્ય એ શરીરનો અરીસો છે. તમારી પાસે કરોડો રૂપિયા હોય પણ કિડની અને લીવર કામ ન કરતાં હોય તો નકામું છે. માતાઓ અને બહેનો લાલ રંગની નેઇલપૉલીશ કરતાં હોય પણ જો શરીરમાં લોહી ના હોય તો સુંદરતા શું કામની? Health is very important. સારાં આરોગ્ય માટે દવાઓ કરતાં આપણે આપણા પેટમાં સારો પૌષ્ટિક ખોરાક નાંખીએ એ ખૂબ અગત્યનું છે. આપણે આપણા બાળકોને પહેલેથી જ શીખડાવવું જોઇએ એટલા માટે આ સરકાર કટિબદ્ધ છે. બાળક, વૃદ્ધ

અને મહિલા આ બધા માટે આરોગ્ય વિભાગ એકદમ પ્રોપર કામ કરી રહ્યો છે ત્યારે હું કહેવા માગીશ કે વિપક્ષમાંથી હંમેશા કોરોનાની વાત આવતી હોય છે. કોરોનામાં ભાજપની સરકાર ફેઈલ થઈ ગઈ. આ વાક્ય હંમેશા તેઓ બોલતા હોય છે. ફક્ત ગુજરાત રાજ્ય નહિ પરંતુ આખું વિશ્વ ફેઇલ થઈ ગયું હતું. મહાસત્તાઓ સહિત આખા વિશ્વને કોરોનાએ ઘુંટણિયે લાવી દીધું હતું તેમાં કોઈ બેમત નથી. કોરોનાએ ખૂબ નુકસાન કર્યું છે. બધાને હરાવ્યા છે. **લેકિન જો હારકર ભી જીતતા હૈ ઉસે નરેન્દ્ર મોદી કહેતે હૈ.** આ પરિસ્થિતિમાં આખા વિશ્વમાં આત્મનિર્ભરતાની વાત કરનાર જો કોઈ નેતા હોય તો તે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ હતાં. એમણે કહ્યું કે હું ભારત દેશને આત્મનિર્ભર બનાવીશ. આ કોરોના સામે લડવા માટે જે કોઈ જરૂરિયાત હશે તે બધું ભારત પોતે કરશે. એવી પરિસ્થિતિ ઊભી કરી કે ભારત બીજા દેશોને વેક્સિન મોકલવા માંડ્યું. હમણાં મારા સાથી સભ્યશ્રી રમણભાઈએ સરસ વાત કરી કે વિપક્ષના લોકો હૃદય ઉપર હાથ મૂકીને વાત કરો. તેમની વાત બરાબર છે. જો હૃદય ઉપર હાથ મૂકીને વાત કરી હોત તો આ દર વખતે ચૂંટણીઓના પરિણામ સમયે માથે હાથ મૂકવા ન પડતા હોત. વિરોધ કરવો એ બરાબર છે પણ એક એક વસ્તુઓનો વિરોધ કરવો એ બરાબર નથી. જ્યાં સારું થાય છે ત્યાં સમર્થન આપો. કોરોનાના સમયમાં બે વેવ ખૂબ ભયંકર ખરાબ હતી. તેમાં ગુજરાત રાજ્યના શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની સરકારે જે મજબૂત પાયાઓ નાખ્યા હતા એટલે આ ત્રીજા વેવમાં શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને શ્રી ઋષિકેશભાઈ પટેલે તે પાયા ઉપર મજબૂતીથી ઈમારત ચણી એટલા માટે આ ત્રીજી વેવને હરાવી શક્યા છીએ. હું પૂરક માગણીની વાત કરીશ અને તેની થોડી વિગતો આપવા માગીશ. ભારત સરકાર દ્વારા ઈન્ડિયન કોવિડ-19 ઇમરજન્સી રીસ્પોન્સ એન્ડ હેલ્થ સીસ્ટમ પ્રીપૅરેડનેસ પેકેજમાં કોવિડ-19 અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ઇમરજન્સી રીસ્પોન્સ એન્ડ હેલ્થ સીસ્ટમ પ્રીપૅરેડનેસ પેકેજ હેઠળ ૧૦૦ ટકા ફાળા પેટે કેન્દ્ર સરકાર પાસેથી રકમ રૂ. ૩૦.૭૦ કરોડનું અનુદાન તા.૩૧/૦૩/૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યને ફાળવેલ હતું.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

જે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની જોગવાઈમાંથી ઉગવેલ હોવાથી સુધારેલ અંદાજપત્રમાં તેનો સમાવેશ કરેલ છે. સદર પેકેજ હેઠળ કોવિડ રોગચાળા નિયંત્રણ અને અટકાવવાના હેતુસર સમગ્ર રાજ્યમાં નિદાન, દવાઓ, કન્ઝ્યુમેબલ દર્દીઓ સંભાળ માટે સાધન-સુવિધાઓ, વેન્ટીલેટર સપોર્ટ, મોબિલિટી પ્રચાર અને પ્રસાર તાલીમ, કોવિડ ઈન્સેન્ટિવ અને પરચૂરણ ખર્ચ માટે ઉપયોગ કરવામાં આવેલ છે. કોવિડ-19 અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વેક્સિનેશન ફોર ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સ ૧૦૦ ટકા કેન્દ્ર ફાળા પેટે કેન્દ્ર સરકાર પાસેથી રૂ. ૧૦.૭૦ કરોડનું અનુદાન તા.૩૧/૦૩/૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યને ફાળવેલ હતું. જે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની જોગવાઈમાંથી ઉગવેલ હોવાથી સુધારેલ અંદાજપત્રમાં તેનો સમાવેશ કરેલ છે. સદર પેકેજ હેઠળ કોવિડ વેક્સિનેશન પ્રોગ્રામ અંતર્ગત મોબિલિટી સપોર્ટ પ્રચાર અને પ્રસાર, ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સના ઈન્સેન્ટિવ માટે ઉપયોગ કરવામાં આવેલ છે. ECRP ફેઝ-૨ પેકેજ અંતર્ગત ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૨૧-૨૨માં અત્યાર સુધીમાં ઉક્ત બજેટ એન્વેલોપ સામે ૬૦ ટકા પેટે કેન્દ્ર સરકાર પાસેથી રૂ. ૨૩૯.૬૧ કરોડનું અનુદાન ગુજરાત રાજ્યને ફાળવેલ છે. તેની સામે ૪૦ ટકા રાજ્ય ફાળા પેટે રકમ રૂ. ૧૬૯.૭૪ કરોડનું અનુદાન ફાળવેલ છે. આમ, કોવિડ-19 અંતર્ગત ECRP ફેઝ-૨ પેકેજ હેઠળ કુલ રકમ રૂ. ૩૯૯.૩૫ કરોડનું અનુદાન મળેલ છે. જે રકમ રૂ. ૩૯૯.૩૫ કરોડ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માંની જોગવાઈમાંથી ઉગવેલ હોવાથી સુધારેલ અંદાજપત્રમાં તેનો સમાવેશ કરવામાં આવેલ છે. કોવિડ-19 દર્દીઓના પરિવાર અને સંદર્ભ સેવાના વિલંબને દૂર કરવા માટે એમ્બ્યુલન્સ સેવા વપરાશને વધારવા માટે સમર્થન રૂ.૩૭.૮૦ કરોડ આ પ્રકારની માગણીઓ લઈને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર ઇડરની વાત કરુ તો મારા ત્યાં પણ હોસ્પિટલમાં સો એ સો બેડ કોવિડ માટે વાપરવામાં આવ્યા હતા. સરકાર તરફથી ત્રણ-ત્રણ પી.એચ.સી. અને ઓક્સિજન પ્લાન્ટસ આપવામાં આવ્યા છે, તે બદલ સરકારનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. હમણાં જ એક સાથે ૩૧ નવા ડાયાલિસિસ સેન્ટરો ગુજરાત રાજ્ય સરકારે કર્યા છે, એમ કરીને ગુજરાત રાજ્યમાં લગભગ ૯૨ ડાયાલિસિસ સેન્ટરો ચાલુ કરવામાં આવ્યા છે. લોકોને ડાયાલિસિસ માટે ખૂબ તકલીફ પડતી હોય છે. બધા લોકો પોતાની સુવિધા પોતાના જિલ્લાની અંદર આવીને પોત પોતાના તાલુકાની અંદર કરી શકે એના માટે પણ સરકારે પગલું ભર્યું છે ત્યારે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ રીતે ગુજરાત સરકાર અને આરોગ્ય વિભાગ ખૂબ ખૂબ સારી કામગીરી કરી રહ્યો છે. આ માંગણીને મારુ સમર્થન આપું છું. ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ગુલાબસિંહ રાજપુત.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં નાણામંત્રીશ્રી જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય હોય, શિક્ષણ હોય કે માર્ગ અને મકાન વિભાગ હોય આ ત્રણે વિભાગોની અંદર જોઇએ તો અને ખાસ કરીને આરોગ્ય વિભાગની વાત કરીએ તો કોરોનાની અંદર સમગ્ર ગુજરાતે દેખ્યું છે કે ગુજરાતના લોકોને આરોગ્યની સુવિધા અને સારવાર લેવા માટે કેટલી બધી તકલીફો પડી છે. એમ્બ્યુલન્સની લાઇનો લાગી હોય, હોસ્પિટલોમાં

ખાટલા ના મળ્યા હોય કે ઓક્સિજન ના મળ્યું હોય, આ તમામ સવલતો ઉભી કરવામાં સરકાર નિષ્ફળ ગઇ છે અને તેના કારણે ગુજરાતમાં કોરોનાની અંદર ત્રણ લાખ કરતાં વધુ લોકો મૃત્યુ પામ્યા. ગુજરાતમાં રેમડેસીવર ઇન્જેકશન લેવા માટે લોકોને રકમ રૂપિયા ત્રીસ-ત્રીસ, ચાલીસ-ચાલીસ હજાર પોતાના પરિવારના સભ્યોના જીવ બચાવવા માટે બ્લેકમાં ઇન્જેકશનના આપવા પડ્યા. ત્યારે એવી હાલત હતી કે રેમડેસીવર ઇન્જેકશન નહીં આપવામાં આવે તો બચશે નહીં. લોકોએ રૂપિયા ત્રીસ હજાર, રૂપિયા ચાલીસ હજારમાં ડુપ્લીકેટ ઇન્જેકશનો પણ લાવીને આપ્યા કે જેથી કરીને અમારા સ્વજનની જિંદગી બચી જાય. જો સરકાર દ્વારા આના માટે પહેલાથી આયોજન કરવામાં આવ્યું હોત તો ગુજરાતની અંદર આવડી મોટી હોનારત સર્જાઇ ન હોત. ખાસ કરીને, ગ્રામ્ય વિસ્તારોમાં હોસ્પિટલો અપગ્રેડ કરવામાં આવે છે. કોંગ્રેસ પાર્ટીની સરકાર હતી ત્યારે જે હોસ્પિટલો બની હતી એ હોસ્પિટલોમાં લોકોને સારવાર લેવી પડી હતી. કોઇ નવી સુવિધા ન હોવાના કારણે આજે ગુજરાતના લોકોએ ભોગવવું પડ્યું છે. ખાસ કરીને, આરોગ્યમાં એક રાજદીપ એન્ટરપ્રાઇઝ છે. ઉત્તર ગુજરાતમાં આરોગ્ય હોય, શિક્ષણ હોય કે તમામ વિભાગની અંદર મને સમજાતું નથી કે આ એજન્સીને આટલી કેમ છાવરવામાં આવે છે? ગયા બજેટમાં નાણામંત્રીશ્રીએ કીધું હતું કે કોઇપણ આઉટસોર્સિંગના કર્મચારીઓનો પગાર એના ખાતામાં સીધો જમા થશે. પણ કમનસીબે, આજે પણ આ રાજદીપ એન્ટરપ્રાઇઝ દ્વારા કર્મચારીનો જે રકમ રૂપિયા ૧૯ હજાર પગાર હોય છે એની જગ્યાએ રૂપિયા ૧૦ હજાર આપવામાં આવે છે અને એ રીતે કર્મચારીઓનું શોષણ કરવામાં આવે છે. પણ સરકાર હજુ સુધી એની સામે કોઇ પગલા લેતી નથી. મને એ સમજાતું નથી કે આ એજન્સી ઉપર કેમ આટલો બધો પ્રેમ છે? દરેક ક્ષેત્રની અંદર કર્મચારીઓનું શોષણ થઇ રહ્યું છે. ઉત્તર ગુજરાતની અંદર આરોગ્યના કર્મચારી હોય, જિલ્લા પંચાયતના હોય કે તાલુકા પંચાયતના હોય તમામ કર્મચારીઓની આ એજન્સી દ્વારા ભરતી કરવામાં આવે છે તેથી આટલું બધું શોષણ થઇ રહ્યું છે. નામદાર હાઇકોર્ટ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૪૦ જેટલા આરોગ્યના કર્મચારીઓને કાયમી કરવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે, તેમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા તેમને કાયમી કરવામાં આવતા નથી. આરોગ્ય માટે કોરોનાકાળમાં સરકારે ગાઇડલાઇન કરી કે આટલા ભાવમાં તમે ખરીદી કરી શકશો. માસ્કનો જે રૂપિયા ૯૫ ભાવ નકકી કરવામાં આવ્યો હતો એ રૂપિયા ૨૨૫માં આરોગ્યના કર્મચારીઓએ ખરીદ્યું છે. કોરોનાની અંદર પણ *(xxx). કોરોનામાં માનવતા રાખીને જે સાધનો સસ્તાઇમાં ખરીદી કરવાના હતા, વચ્ચે અટકાવતાં

અધ્યક્ષશ્રી : *(xxx) એવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર સરકાર દ્વારા જે ભાવ નક્કી કરવામાં આવ્યા હતા એનાથી ત્રણ ત્રણ ગણા ભાવે ખરીદવામાં આવ્યા છે. જે જિલ્લા આરોગ્ય અધિકારી હતા એમની સજાને આધીન પ્રમોશન સાથે બનાસકાંઠામાંથી બદલી કરવામાં આવી. આજે શિક્ષણની વાત કરીએ તો શિક્ષણમાં આજે પણ જે ગ્રાન્ટેડ સ્કૂલો છે એની અંદર કોઇ કર્મચારીઓની ભરતી થતી નથી. કલાર્કોની ભરતી થતી નથી. પ્યુનની ભરતી થતી નથી. માર્ગ મકાન વિભાગની અંદર લોકોની સૌથી વધુ જરૂરિયાત છે. શહેરોમાં તમે રસ્તાઓ બનાવો છો. તો અત્યારે ગામડાઓમાં પણ રસ્તાની ખૂબ જરૂરિયાત છે. અમારા પોતાના વિસ્તારમાં પણ ૩૦૦ કરતાં વધુ રસ્તા બનાવવાના બાકી છે. વારંવાર રજૂઆતો કરીએ છીએ પણ તેનો અમલ થતો નથી. રસ્તાઓની જેટલી માગણીઓ છે તે પૂરી કરવામાં આવતી નથી. ત્યારે આરોગ્યમાં અને શિક્ષણમાં બન્ને જગ્યાએ સરકાર દ્વારા જે કામો કરવામાં આવ્યા એમાં કયાંક ને કયાંક લોકોને પૂરી સુવિધાઓ નથી મળી, તેથી માર્ગ અને મકાનમાં વધુ રૂપિયા ફાળવીને ગામડાંના જે બાકી રસ્તાઓ છે તે પૂરા કરાવવા માટે હું વિનંતી કરું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીઓની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો અને સૂચનો રજૂ કરેલ છે તેની મેં નોંધ લીધી છે. જે ધ્યાને લઇ આ સન્માનનીય ગૃહમાં સને ૨૦૨૧-૨૨ના પૂરક ખર્ચના પૂરક પત્રમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માગણી નંબર ૧૦૨, ૯, ૨૨, ૩૯ અને ૮૬ એમ પાંચ માગણીઓ પસાર કરવા અનુરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ પૂરક માગણીઓમાં મોટા ભાગની પૂરક માગણીની રકમ વર્ષ દરમિયાન અપેક્ષિત વધારાના ખર્ચ માટે જરૂરી હોય રજૂ કરવામાં આવેલ છે. તેમાં પૂરક માગણીઓ જોઇએ તો મહાનગરપાલિકા હેઠળના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક અને વાણિજય એકમોને પ્રોપર્ટી ટેક્સમાંથી રાહત માટે સહાય, નગરપાલિકાઓ અને નગર સમિતિઓ હેઠળના વિસ્તારમાં આવેલ આધુનિક વાણિજય એકમોને પ્રોપર્ટી ટેક્સમાંથી સહાય, અન્ન સલામતિ કાયદા હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના માટે સહાય, ખાસ કરીને વૈશ્વિક કોરોના મહામારીથી ગુજરાતના કોરોના ગ્રસ્ત નાગરિકોને પૂરી પાડવાની જરૂરી દવાઓ, રેમેડીસિવીર ઇન્જેકશન, ટોસીલીઝૂમેબ ઇન્જેકશન વગેરે માટે કોવિડ નિયુકત હોસ્પિટલો વગેરે હેઠળ કોરોના દર્દીઓ માટે વિના મૂલ્યે સારવાર પૂરી પાડવા, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ભારત સરકાર દ્વારા ફાળવવામાં આવેલ વધારાની રકમ અને તે પરત્વે રાજયના ફાળાની થતી વધારાની રકમ માટે, મુંબઇ-અમદાવાદ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારના ફાળા પેટે નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશનને આપવાની થતી રકમ માટે આ મોટાભાગની માગણીઓ છે. ખાસ કરીને આ સન્માનનીય ગૃહને કહેતા મને આનંદ થાય છે કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા શરૂ કરવામાં આવેલ ગિફ્ટ સીટી પ્રોજેક્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતની ઓળખ બની રહ્યો છે. ગિફ્ટ સીટીમાં ૬૨ મીટર થી ૧૨૨ મીટર સુધીની ઉંચાઇ ધરાવતી ઇમારતો છે. ગોલ્ડ, સિલ્વર ટ્રેડિંગ માટે દેશનું સૌથી પહેલું બુલિયન આ ગિફ્ટ સિટીમાં આવેલું છે. વૈશ્વિક કક્ષાની બેંકો, જેવી કે બેંક ઓફ અમેરિકા, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક જેવી ફોરેન બેંકો અહીંયા આવેલી છે. તેવા સંજોગોમાં ગિફ્ટ સીટીમાં આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબની અગ્નિશામક સેવાઓ કરવી અનિવાર્ય છે. અને તેવી જ રીતે રાજયના ઝડપી ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં લઇને રાજયના મોટા શહેરોમાં જુદા જુદા કારણોસર ફાટી નીકળતી આગ સામે જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા અદ્યતન ફાયર ઉપકરણો વસાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇએ એમના સમયકાળ દરમિયાન છ મહિનામાં ઘણા બધા સુધારાઓ અને અવલોકનો કરીને સરકારી પ્રાથમિક શાળાઓમાં છેલ્લા ૨૨ વર્ષ દરમિયાન આજે ૧,૬૪,૫૦૦ વિદ્યાસહાયકોની કેન્દ્રીય ભરતીથી પારદર્શક પદ્ધતિથી નિમણૂક કરવામાં આવેલ છે. ૩૧-૦૮-૨૧ની સ્થિતિએ ધોરણ ૧ થી ૫ માં ૧,૧૯,૧૨૯ મંજૂર મહેકમ સામે ૧,૧૧,૦૭૫ શિક્ષકો કામ કરે છે. અને ધોરણ ૬ થી ૮ માં ૭૨,૭૪૦ મંજૂર મહેકમ સામે ૬૪,૪૬૭ શિક્ષકો કામ કરે છે. આમ કુલ મંજૂર મહેકમની સામે ૯૧.૫ ટકા જગ્યાઓ હાલ ભરાયેલી છે. વધુમાં તાજેતરમાં ૨૬-૦૧-૨૦૨૨ના રોજ ધોરણ ૧ થી ૫ માં ૧૩૦૦ અને ધોરણ ૬ થી ૮ માં ૨૦૦૦ એમ કુલ ૩૩૦૦ વિદ્યાસહાયકોની જગ્યા ભરવા માટે જાહેરાત આપેલ છે, તેની ભરતી પ્રક્રિયા ચાલુ છે. વધુમાં અંતરિયાળ વિસ્તારોની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાનમાં રાખી ૧૦ હજાર પ્રવાસી શિક્ષકો માનદ વેતનથી રાખવા માટેની મંજૂરી આપેલ છે. માનદ વેતનમાં પણ ૩૦ થી ૩૫ ટકાનો વધારો કરવામાં આવેલ છે. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ન થાય તે માટે માઇક્રોસોફ્ટ ટીમ્સ, વિવિધ ચેનલના માધ્યમથી શિક્ષણ ચાલુ રાખવામાં આવ્યું હતું, રાજયના અંદાજે ૧ લાખ ૪૦ હજાર શિક્ષકોએ સ્વૈચ્છિક સમયદાન આપીને કોરોનાના સમયમાં થયેલ લર્નિંગ લોસ ઘટાડવા માટે પ્રયત્નો કરેલ છે એ માટે શિક્ષણ વિભાગને પણ ખાસ અભિનંદન આપું છું. છેલ્લા પાંચ વર્ષમાં રાજય સરકાર દ્વારા ૨૦૩૧ કરોડના ખર્ચે ૨૨ હજાર વર્ગ ખંડનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. તેમજ સન ૨૦૨૧-૨૨ માં ૪૩૦૦ વર્ગ ખંડોનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. આમ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજય સરકાર દ્વારા ૧૮૬ કરોડના ખર્ચે અંદાજે ૪૯૦૦ શાળાઓની મરામત કામગીરી કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકાર દ્વારા વીજળીકરણ, પીવાના પાણી, પ્રાથમિક શાળાઓની સેનિટેશન તથા સ્વચ્છતા સહાય પૂરી પાડવા માટે અંદાજે ૧૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ પ્રાથમિક શાળાઓમાં પાયાની ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા માટે અમારી સરકાર સંકલ્પબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ના અંતર્ગત રાજયના ૩લાખ ૫૦ હજાર નાગરિકોને આવરી લેવામાં આવેલ છે. આ કાયદામાં અંત્યોદય યોજના હેઠળના અને અગ્રતા ધરાવતા કુટુંબોને આવરી લેવામાં આવેલ છે. એમને પ્રતિ કિલોગ્રામ રૂપિયા બે લેખે ઘઉં અને પ્રતિ કિલોગ્રામ ત્રણ લેખે ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. ખાદ્યતેલમાં સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં ૫૦ થી ૭૦ રૂપિયા જેટલી સબસિડી આપવામાં આવી છે જેમાં જરૂરિયાત મંદોને ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવેલ છે. આવી જનલક્ષી કાર્યો કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકારે જરૂરી ખર્ચ કરવામાં પાછી પાની કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના, ૨૦૧૯ની મહામારી દરમિયાન અનિવાર્ય લોકડાઉન પરિસ્થિતિની લીધે કોઇપણ ગરીબને ભૂખ્યા ન રહેવું પડે અને જરૂરિયાત મંદોને લાભ પહોંચતો કરવા માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પ્રધાનમંત્રી ગરીબ અન્ન યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત મે, ૨૦૨૧થી માર્ચ, ૨૦૨૨ દરમિયાન ૧૬.૪૩ લાખ મેટ્રિકટન અનાજનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થી પૈકી મોટા લાભાર્થીઓ કે જેઓ પાત્રતા ધરાવતા નથી તેમને દૂર કરી સાચા અને જરૂરિયાત મંદ લાભાર્થીઓને યોજનાનો લાભ આપવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. લોકોને ગુણવત્તાયુકત અનાજ મળી રહે તે માટે રાજયમાં આવેલી એફ.સી.આઇ. ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના ગોડાઉનમાંથી ફાળવવામાં આવતા ઘઉ ચોખાનો જથ્થો લાભાર્થીઓને વિતરણમાં મૂકવામાં આવે ત્યારે તેની ગુણવત્તાની ચકાસણી માટે રેન્ડમ ચેક ફૂડ રીસર્ચ લેબોરેટરી દ્વારા કરવામાં આવે છે. મને જણાવતા આનંદ થાય છે કે માય રેશન મોબાઇલ એપ્લીકેશનથી લાભાર્થીને તેને મળવાપાત્ર જથ્થો વિગતો, મેળવેલ જથ્થો અને ઓન લાઇન રસીદ મેળવી શકે છે અને ફરિયાદ પણ નોંધાવી શકે છે. આમ અમારી સરકારે પારદર્શક વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકી છે.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

માનનીય વિરજીભાઇએ બાબરા અને લાઠી તાલુકાના ગામોની વાત કરી. તો રેશનકાર્ડના સુધારની ફકત ૧૨ અરજી એક વર્ષમાં પેન્ડિંગ છે અને નામ ઉંમેરવાની ૪૭ અરજી પેન્ડિંગ છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેનદ્રભાઇ મોદીજીની દીર્ઘદ્રષ્ટિથી સમગ્ર દેશમાં કોરોનાની રસી વિનામૂલ્યે ઘર ઘર દિસ્તકથી મોટું અભિયાન ચલવવામાં આવેલ. સૌના વિશ્વાસ અને અને સૌના પ્રયાસને સાર્થક કરી આ દેશની જનતાની સહ ભાગીદારીથી ૧૮૦ કરોડ રસીકરણ પૂર્ણ કરવામાં આવેલ છે. જે સામે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇના દિશા દર્શનમાં અમારી સરકારે ૧૦ કરોડ કરતાં વધુ રસી વિના મૂલ્યે આપવાની અભૂતપૂર્વ કામગીરી પૂર્ણ કરેલ છે. રસીકરણની આ કામગીરીના કારણે ગુજરાતની જનતાને કોરોના સામે સુરક્ષા પૂરી પાડેલ છે. અને ત્રીજી લહેરમાં  નવા આવતા કેસ અને એક્ટીવ કેસનો આંકડો ખૂબ જ નીચે ગયો છે. આમ સમગ્ર રાજયમાં મોટા પાયે થયેલ રસીકરણ રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ એકશન પ્લાન અને લોકો દ્વારા કોરોના ગાઇડલાઇનનું સમજદારી પૂર્વક પાલન કરવાને લીધે આપણે ત્રીજી લહેરને સંપૂર્ણ લોકડાઉન વગર પહોંચી વળ્યા છીએ. માટે સમગ્ર રાજયની પ્રજાને અને તમામ કોરોના વોરીયર્સને અભિનદન આપું છું. કોરોનાની સારવાર માટે સ્થાનિક બજારો તેમજ સરકારી તેમજ બિન સરકારી હોસ્પિટલોમાં જરૂરિયાત મુજબની દવાઓ નિયત ભાવે મળે એ માટે અમે સઘન પ્રયત્નો કર્યા હતા.  કોરોના કાળ દરમ્યાન તા. ૧-૪-૨૦૨૧થી તા. ૭-૩-૨૦૨૨ દરમ્યાન અંદાજે ૧૫ લાખ રેમડેસિવીર ઇન્જેક્શનની ખરીદી કરવામાં આવેલ, જેની અંદાજીત કિંમત રૂ. ૧૬૫ કરોડ થવા જાય છે. આપણે જાણીએ છીએ કે સમગ્ર દુનિયાએ કોરોના મહામારી સામે આર્થિક મુશ્કેલીઓ વેઠી છે. આવા સમયે પણ આપણાં દેશના નાગરિકોને માનનીય વડાપ્રધાનશ્રીએ વિના મૂલ્યે રસી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરેલ છે. આ કપરા સંજોગોમાં સરકાર દ્વારા વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ દર્દીઓને પૂરી પાડવા વધારે ખર્ચ કરવામાં આવેલ છે. અમને એ વાતનો ગર્વ છે કે આપણી સરકારોએ દર્દીલક્ષી સેવાઓ ઉભી કરવામાં ક્યારેય પાછીપાની કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ, રસ્તા, પુલ, અંડરબ્રિજ, ઓવરબ્રિજ, જુદી જુદી કચેરીઓ, સ્ટાફ ક્વાર્ટર, સર્કીટ હાઉસ, ગેસ્ટ હાઉસ, પાટનગર સહિતની માળખાકીય સુવિધાઓ ઉભી કરવાની બહોળી કામગીરી કરવામાં આવે છે. માનનીય સાથી પક્ષો દ્વારા કોસ્ટલ રોડ માટે વારંવાર રજૂઆતો કરવામાં આવી. પૂર્ણેશભાઇએ જાહેરાત કરી છે કે કોસ્ટલ હાઇવે સંપૂર્ણ રીતે વિકસાવવામાં આવશે તેની બાજુના સંલગ્ન રસ્તા પણ સાથે લઇ લેવામાં આવશે. તેનું કામ પણ શરૂ થઇ ગયું છે. પ્રધાનમંત્રી ગ્રામસડક યોજનાના કામોની પસંદગી ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા અનુસાર કરવામાં આવે છે. તમામ કામોનું ત્રણસ્તરીય ગુણવત્તા નિયમન કરવામાં આવે છે. વધુમાં કામો પૂર્ણ થયા બાદ પાંચ વર્ષ સુધી રસ્તાની મરામત કરવામાં આવે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-૧ હેઠળ ૨૦૦૧ની વસતિ અનુસાર રાજ્યના તમામ ૫૦૦થી વધુ વસતિ ધરાવતા નોર્મલ પરા તથા ૨૫૦થી વધુ વસતિ ધરાવતા આદિવાસી વિસ્તારના પરાને ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ મંજૂરી મેળવી જોડાણ આપવામાં ગુજરાત દેશમાં સર્વ પ્રથમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા પ્રજાલક્ષી કાર્યો કરવા અને રાજ્યને પ્રગતિના પંથે અગ્રેસર રાખવા માટે પૂરક અંદાજોમાં વધારાની જોગવાઇ કરવામાં આવેલ. જેને સમર્થન આપવા અને ગુજરાતના સર્વેસામાચિક વિકાસમાં સાથ આપવા માનનીય ધારાસભ્યોને તેઓએ રજૂ કરેલ કાપદરખાસ્તો પછી ખેંચવા હું વિનંતી કરું છું. હું આ સન્માનનીય ગૃહના માધ્યમથી દરખાસ્ત કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૪, ૫, ૬, ૮ અને ૧૨ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક-૧૦૨, ૯, ૨૨, ૩૯ અને ૮૬ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ફાલ્ગુન ૧૯, ૧૯૪૩ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

**ગિલોટીન કરેલી પૂરક માગણીઓ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧-૨૨ના ખર્ચના પૂરક પત્રકમાં કુલ-૪૯ માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી કુલ ૧૦ માગણીઓ ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. આથી બાકી રહેતી ૩૯ માગણીઓ પૈકી ૪ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૩૫ પૂરક માગણીઓ, પૂરક માગણી ક્રમાંક-૨, ૬, ૧૦, ૧૬, ૨૩, ૨૭, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૩, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૪, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧ અને ૧૦૬ હું મતદાન માટે રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૨, ૬, ૧૦, ૧૬, ૨૩, ૨૭, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૩, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૪, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૨૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન ૧૯, ૧૯૪૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**મુખ્યમંત્રીશ્રીનો સંદેશ**
**ચાર રાજયોમાં વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા થવા અંગે**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ ( મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આજે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણીપુર અને ગોવા એમ ચાર રાજયોમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામો બહાર આવી રહ્યા છે. એમાં ચારેય રાજયોમાં ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી ખૂબ પ્રચંડ બહુમતિથી આગળ આવી રહી છે અને ચારેય રાજયોમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ફરી પ્રસ્થાપિત થયું છે. હું ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને વિજેતા બનાવવા બદલ ચારેય રાજયોના મતદારોને ખૂબ અભિનંદન પાઠવું છું અને હર્ષની લાગણી વ્યકત કરું છું. સાથેસાથે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ એવા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, અમારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી તથા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ અને બાકીના શીર્ષ નેતૃત્વના પરિશ્રમથી આ પરિણામ પ્રાપ્ત થયેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**તારાંકિત પ્રશ્નો**
**અમૃત યોજના હેઠળ મોરબી શહેરને ફાળવેલ રકમ**

* ૪૧૩૩૫ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત યોજના અંતર્ગત મોરબી જિલ્લાના મોરબી શહેરની પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત યોજના અંતર્ગત મોરબી જિલ્લાના મોરબી શહેરની પાણી પુરવઠા યોજના માટે કોઈ દરખાસ્ત રજૂ થયેલ નથી. આથી કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ કામો કયા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી હાથ ધરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમૃત યોજના હેઠળ મોરબી શહેર માટે યોજના શરૂ થયેથી આજ દિન સુધી પાણી પુરવઠા યોજના અંતર્ગત મંજૂર કરવામાં આવેલ કામો અને તેની અદ્યતન પરિસ્થિતિ શું છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના કરોડો નાગરિકોના હૃદયમાં સ્થાન પામેલ એવા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા માનનીય ભૂતપૂર્વ શ્રદ્ધેય અટલબિહારી બાજપાઇજીના સન્માનમાં આ અમૃત યોજનાનો વર્ષ ૨૦૧૫માં પ્રારંભ કરાવ્યો. અમૃત એટલે અટલ મિશન ઓફ રૂરલ એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ મોરબી શહેર માટે પાણી પુરવઠા યોજના અંતર્ગત તા. ૨૮-૨-૨૨ સુધીમાં રૂ.૧૨૮ કરોડ ૫૮ લાખના ખર્ચના કુલ ચાર કામો જેવા કે વોટર ટ્રીટમેંટ પ્લાન્ટ, ઉંચી ટાંકી, પંપ હાઉસ, પંપીંગ મશીનરી, રાજયની મેઇન લાઇન ડીસ્ટ્રીબ્યુશન લાઇન, ભૂગર્ભ સંપ વગેરે મંજૂર કરવામાં આવેલ છે. આ ચારેય કામો વચ્ચે મોરબી શહેરને પીવાનું શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા ૨૨ એમ.એલ.ડી. અને ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના કુલ બે વોટર ટ્રીટમેંટ પ્લાન્ટ બનાવીને કરવામાં આવેલ છે. આ કામો માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૬૨ કરોડ ૪૫ લાખ અને રાજય સરકાર દ્વારા રૂ.૬૨ કરોડ ૪૫ લાખ મળીને મળવાપાત્ર કુલ રૂ.૧૨૪ કરોડ ૯૦ લાખની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે અને મંજૂર કરાયેલ તમામ કામો પૂર્ણ કરી દેવામાં આવેલ છે તથા આ તમામ કામો વર્ષ ૨૦૨૦-૨૧થી કાર્યરત છે. પાણી પુરવઠાના કામો મંજૂર થવાથી મોરબી શહેરના અંદાજે સાડા ત્રણ લાખથી પણ વધુ નાગરિકોને પીવાનું શુદ્ધ પીવાનું પાણી પ્રાપ્ત થઇ રહેલ છે. તેઓની સુખાકારીમાં વધારો થયેલ છે. આ કામો પૂર્ણ થવાને લીધે મોરબી શહેરમાં દૈનિક માથાદીઠ પાણી ૧૩૫થી ૪૦ લીટર પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને એટલા માટે અભિનંદન આપું છું કે, ગાંવ, ગરીબ ઔર કિસાનની ચિંતા કર્યા પછી શહેરી વિસ્તારમાં શુદ્ધ પીવાનું પાણી મળી રહે એ માટે અમૃત યોજનાના માધ્યમથી ગુજરાત અને સમગ્ર દેશના શહેરી વિસ્તારોમાં પાણી મળી રહે એ માટે વ્યવસ્થાના ભાગરૂપે જ્યારે ગુજરાતમાં મોરબી શહેરમાં અમૃત યોજના અંતર્ગત પાણી આપવાના આ વિષયના અનુસંધાનમાં મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમૃત યોજના પાણી પુરવઠા માટેની શહેરી વિસ્તારની યોજના છે ત્યારે અને સૌને પૂરતું પાણી મળી રહે એ માટે નલ સે જલની ગામડાઓમાં પણ યોજનાઓ છે ત્યારે મારે એ જાણવું છે કે અમૃત યોજના હેઠળ કઇ કઇ માળખાકીય સુવિધાના કામો શહેરી વિસ્તારોમાં થાય, શહેરી વિસ્તારની સુખાકારી વધે, શહેરી વિસ્તારને સ્વચ્છ પાણી મળી રહે, પૂરતું પાણી મળી રહે એ માટે સરકારની આ યોજનાના માધ્યમથી જે માહિતી હોય એ ગૃહ સમક્ષ રજૂ કરે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ અમૃત યોજના એટલે રાજ્યના નાગરિકો માટે ખરેખર અમૃત સમાન બની રહી છે. અમૃત યોજના હેઠળ પાણી પુરવઠાના કામો જેવા કે વોટર ટ્રીપીંગ પ્લાન્ટ, વોટર સપ્લાય નેટવર્ક, ઉંચી ટાંકીના કામો અને ભૂગર્ભ સંપ વગેરે તેમજ ભૂગર્ભ ગટર યોજનાના કામો જેવા કે ભૂગર્ભ ગટર નેટવર્ક, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જૂની ગટર વ્યવસ્થા અને ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પુનઃવસન, તેમજ ગટરો અને સેપ્ટીક ટાંકીની યાંત્રિક અને જૈવિક સફાઇ વગેરે કામગીરી તેમજ વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો જેવા કે, પૂર નિવારણ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજનું કામકાજ, સુધારણા તેમજ શહેરી પરિવહનના કામો જેવા કે, અંતરિયાળ જળમાર્ગ માટે ફેરી વાહનો, ફૂટપાથ, સાઇકલ ટ્રેક વગેરે તેમજ બાગ-બગીચાના કામો આ અમૃત યોજના અંતર્ગત કામ કરી શકાય છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ભારતીય જનતા પાર્ટીની ચાર રાજ્યોમાં જીતની આપ સૌને બધાઇ આપું છું. સાથો સાથ એમ ટકોર પણ કરું છું કે ગુજરાતની ગરીબ જનતા અને ગુજરાતના ખેડૂતોને આ જીતના મદમાં ભૂલી જતા નહીં. નહીં તો ગુજરાતે આ દેશને પહેલી સ્વતંત્રતા આપી હતી અને આવતા ડિસેમ્બર-૨૦૨૨માં કદાચ તમારી મુક્તિ ન થાય એવું ધ્યાન રાખજો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મોરબીમાં રવાપર વિસ્તાર છે. મોરબી શહેરની અંદર છે પણ રવાપર ગ્રામ પંચાયત બાજુમાં છે. જ્યાં ખૂબ વસતિ વધારો અને ખૂબ જ શહેરીકરણ થઇ રહ્યું છે. આ રવાપરમાં ઘણી બધી સોસાયટીઓ એવી છે કે આજે પણ ૫-૭ દિવસે પીવાનું પાણી મળતું નથી. આના માટે થઇને માનનીય મંત્રીશ્રીએ કંઇ આયોજન કર્યું છે કે નહીં અને આ અમૃત યોજના વર્ષ ૨૦૧૫માં આવી તેમાં લેખિતમાં જવાબમાં એવું આપ્યું છે કે આમાં લાગુ પડતું નથી. અમૃત યોજના મારફતે મોરબીમાં કાંઇ થયું નથી. જે છે એ પાણી પુરવઠા યોજના મારફત છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એના પહેલા વાત કરી છે કે મદમાં આવી ન જતાં. આ ૨૭ વર્ષ પુરા થયા છે. ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર છેવાડાના માનવી સુધી અમૃત જેવી યોજનાઓના લાભો મળ્યા છે અને જનતાના આશીર્વાદથી ચાલનારી આ સરકાર છે. એમાં કોઇ ફેર પડવાનો નથી. પણ આપના લેવલમાં કાંઇ સુધારો આવે એનું ધ્યાન રાખીએ. એકનું એક વગાડ્યા ન કરીએ. જવાબની વાત કરું તો મોરબીમાં જે જવાબ છે એ છેલ્લા બે વર્ષનો છે. એના આગળ એના કરતાં વધારે લગભગ આશરે ૧૭૫ કરોડ રૂપિયા આ અમૃત યોજના અંતર્ગત મોરબીમાં વાપરવામાં આવ્યા છે. મોટા ભાગના કામો સંપૂર્ણ થઇ ગયા છે. છેલ્લા બે વર્ષ પછીની તમે વાત કરો છો. પ્રશ્નનો જવાબ છાપેલો છે એ બે વર્ષની અંદરનો પૂછવામાં આવ્યો છે એનો છે. બે વર્ષ પહેલાં બધા કામ મોરબીમાં પૂરા કરવામાં આવ્યા છે. હમણાં જ રવાપર માટે લગભગ ૧૮ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી પ્રધ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમૃત યોજના હેઠળ પાણી પુરવઠાના કયા કયા કામો થયા છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એના જવાબમાં અમૃત યોજના હેઠળ ગુજરાત રાજયના ૩૧ શહેરો, નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓ જે ૨૨ વર્ગ-અ ની કુલ મળીને નગરપાલિકા અને દેવભૂમિ દ્વારકા નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શહેરમાં પાણી પુરવઠાના ૧૩૫ કામો જેમાં મુખ્યત્વે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉંચી ટાંકી, પમ્પ હાઉસ, પમ્પીંગ મશીનરી, રાઇઝીંગ, મેનલાઇન ડીસ્ટ્રીબ્યુશન લાઇન, ભુગર્ભ સંપ જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત પાણી પુરવઠા માટે કુલ ૧૩૫ કામોને મંજૂરી આપી છે જેનો કુલ અંદાજીત ખર્ચ રૂ. ૧૭૫૬ કરોડ જેવો કરવામાં આવ્યો છે. મને જણાવતા આનંદ થાય છે કે મંજૂર થયેલ ૧૩૫ કામો પૈકી ૧૦૦ કામો પૂર્ણ થઇ ગયેલ છે અને આ પૂર્ણ થઇ ગયેલ કામોની રકમ ૧૦૨૬ કરોડ રૂપિયા જેવી માતબર રકમ થાય છે. જયારે બાકીના કામો પ્રગતિ હેઠળ છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં ચોરવાડ શહેર આવેલું છે જે મારું વતન છે ત્યાં હાલમાં પણ અમુક વિસ્તારોમાં ટેન્કર મારફત પાણી આપવામાં આવે છે તો આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ત્યાં પાઇપલાઇન માટે મંજૂરી માંગી છે તો આપવામાં આવી છે અને કયારે અને કેટલા સમયમાં?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની અંદર જે ૧૫૬ નગરપાલિકાઓ આવી છે એમાં જે કોઇ અમૃત યોજના હેઠળ હોય અથવા અન્ય કોઇપણ પ્રાથમિક સુવિધાના કામો માટે

હોય તમામ નગરપાલિકાઓમાં જે કોઇ દરખાસ્ત આવશે એને મંજૂરી આપવામાં આવે છે અને આપના લેવલથી પણ કોઇ દરખાસ્ત પેન્ડીંગમાં હોય તો મને જણાવશો તો વહેલી તકે એને મંજૂરી આપવામાં આવશે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમૃત યોજના હેઠળ જામનગર મહાનગરપાલિકામાં વિવિધ કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે? જો રકમ મંજૂર કરવામાં આવી હોય તો હાલની સ્થિતિ અત્યારે શું છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કીધું એમ અમૃત યોજના હેઠળ જામનગર શહેરમાં કુલ રૂ.૧૩૪.૯૨ કરોડની રકમના ૧૬ કામો હાથ ધરવામાં આવેલ છે ત્યારે એ પૈકી પાણી પુરવઠાના બે કામો, ભૂગર્ભ ગટર યોજનાના ૪ કામો, શહેરી પરિવહનના ૩ કામ તથા ગ્રીન સ્પેસ તથા ગાર્ડન માટેના ૭ કામોનો સમાવેશ થાય છે. આ પૈકી રૂ. ૧૩૩.૦૫ કરોડની રકમના ૧૩ કામો આજે પૂર્ણ થઇ ગયેલ છે અને રૂ. ૧.૮૭ કરોડના ત્રણ કામો પ્રગતિ હેઠળ છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મોરબીને લગતો પ્રશ્ન છે પરંતુ માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં કહ્યું કે ૩૧ શહેરોને અમૃત યોજનામાં જોડયા છે. હું બધા વાંચવાનું નથી કહેતો પણ ટેબલ ઉપર મૂકે તો ખ્યાલ આવે કે કયા કયા શહેરોને જોડયા છે?

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકજો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ ઉપર મૂકીશ.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મોરબી શહેરમાં અમૃત યોજના અંતર્ગત મંજૂર થયેલા પાણી પુરવઠાના કામો માટે ભૂગર્ભ ગટરના ગંદા પાણીના શુદ્ધિકરણ માટે શું વ્યવસ્થા કરવામાં આવેલી છે? અને અત્યારે એની અદ્યતન પરિસ્થિતિ શું છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી શહેરમાં અમૃત યોજના અંતર્ગત મંજૂર કરવામાં આવેલ કામોની સાથેસાથે ભૂગર્ભ ગટરના ગંદા પાણીના શુદ્ધિકરણ માટે કુલ બે સુએજ ટ્રીટમેન્ટના કામોને મંજૂરી આપવામાં આવેલ છે. આ બંને પ્લાન્ટના અનુક્રમે ૨૮.૮૦ એમએલડી અને ૯.૩૦ એમએલડી ક્ષમતાનાં કામો મંજૂર કરવામાં આવેલ છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે આવનારા દિવસોમાં રાજ્યની ૧૫૬ નગરપાલિકાઓ અને ૮ મહાનગરની અંદર મોટા ભાગના જે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે, તે મોટા ભાગના પૂર્ણ થઇ જાય છે, તે દિશામાં આગળ વધી રહ્યા છીએ, ત્યારે મંજૂર કરવામાં આવેલ બંને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં કામો રૂ.૪૮.૨૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. આ બંને કામો વર્ષ ૨૦૨૧થી કાર્યરત થઇ ગયા છે. ઉપરોકત કામો પૂર્ણ થવાથી મોરબી શહેરના ૩.૫૦ લાખથી વધારે નાગરિકોને આ લાભ થયો છે અને તેઓની સુખાકારી વધી છે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બાલાસિનોર તાલુકાના વિરપુર તાલુકામાં ૩૫થી ૪૦ જેટલી પાણીની ટાંકીઓ બનાવેલ છે. આજ દિન સુધી એક ટીંપુય પાણી ઉપર ચઢ્યું નથી. ડુંગરાળ વિસ્તાર હોવાથી પાણી મળતું નથી. જલ સે નલ યોજના નિષ્ફળ ગઇ છે, તો શું કરવા માગો છો?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : આ પ્રશ્ન પાણી પુરવઠા વિભાગનો છે. આ વિભાગને લગતો નથી.

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

* ૪૧૩૪૧ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૫૦૯૭ |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આપ મહિલા અધ્યક્ષ તરીકે ગૃહનું સફળ સંચાલન કરી રહ્યા છો તે બદલ અભિનંદન આપું છું. આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, અને ગોવામાં વિજય કૂચના સમાચાર આપ્યા છે. આનંદ થયો. સમગ્ર દેશને આનંદ થયો છે. શ્રી લલીતભાઇએ ચિંતા દર્શાવી છે. તમે ચિંતા ન કરો. વર્ષ ૨૦૨૨માં ભાજપનો જબરજસ્ત વિજયનો ડંકો વાગવાનો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાની હેઠળ સંવેદન સભર સરકાર અને અમારા યુવાન અને ઉત્સાહી અને પરિણામલક્ષી અભિગમ ધરાવતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા પોલીસ ખાતાની કામગીરી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાથે પ્રજાલક્ષી અને

સમાજ ઉપયોગી બનાવી છે, ત્યારે રાજ્ય સરકાર ગૃહ વિભાગ દ્વારા અમલમાં મૂકેલ સુરક્ષા સેતુ યોજના સંદર્ભે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરક્ષા સેતુ યોજનાની શરૂઆત કયારે થઇ? તેના ઉદ્દેશો શું છે? કઇ કઇ પ્રવૃત્તિ આ યોજના હેઠળ થાય છે? તેમજ આ યોજનામાં મહિલાઓની પુનઃવસનની કોઇ કામગીરી કરવામાં આવે છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે ફરજ, સેવા આપી રહ્યા હતા, ત્યારે તંત્રની સદ્ભાવનાની પ્રેરણા તેઓએ આપી હતી. તેઓની પ્રેરણાથી પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ ઘડતર થકી રચનાત્મક કાર્યો કરવા વર્ષ ૨૦૧૨માં સુરક્ષા સેતુ યોજનાની સ્થાપના કરવામાં આવી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી માટે તેમજ પોલીસ ખાતાની કામગીરી વધુ પ્રજાભિમૂખ બનાવવા માટે ક્ષેત્રીય કક્ષાએ પ્રસંગોપાત કરવી પડતી વ્યવસ્થાને પહોંચી વળવા માટે જરૂરી ફંડ ઉભું કરવા જનરક્ષા સોસાયટી તથા સુરક્ષા સેતુ કેન્દ્રો હતા, તેને સુરક્ષા સેતુ સોસાયટીના નવા નામાભિમાન સાથે ૧૦૨ કરોડ રૂપિયાના ફંડની ફાળવણી સાથે આ યોજના વર્ષ ૨૦૧૨માં શરૂઆત કરેલ હતી. સભ્યશ્રીને જણાવવા માગું છું કે સુરક્ષા સેતુ સોસાયટી બનાવવા પાછળનો ઉદ્દેશ એ ખૂબ ઉમદા છે. જે તે સમયે સમાજ અને પોલીસ, સમાજ અને તંત્ર બંનેની વચ્ચે સેતુ બનવાનું કામ સુરક્ષા સેતુ દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ અને પ્રજા બંને એકબીજાના પૂરક બને. પોલીસ અને પ્રજા વચ્ચે ઘડતર થાય અને પ્રજાલક્ષી તથા સમાજોપયોગી કાર્યો કરવા માટે જનભાગીદારીથી કાર્યક્રમો હાથ ધરી પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સમાજોપયોગી કાર્યોમાં સહભાગી બની રહે તે માટે ખાસ કરીને સુરક્ષા સેતુનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરક્ષા સેતુ યોજનાની ખૂબ મહત્ત્વની પ્રવૃત્તિઓ છે. તેમાંથી મુખ્ય પ્રવૃત્તિઓમાં મહિલાઓને સ્વરક્ષણ અને સલામતિની તાલીમ આપવી. જે ગુજરાતના વિવિધ ક્ષેત્રો અને જિલ્લાઓની અંદર આ તાલીમ આજે પણ ચાલી રહી છે. દારૂના વ્યવસાયમાં રોકાયેલી જે મહિલાઓ છે તેનું પુનર્વસન કરવું તે પણ આ યોજના થકી ખૂબ સારી રીતે ગુજરાતમાં ચાલી રહ્યું છે. બાળકો અને સિનિયર સિટીઝન બંનેની સુરક્ષા ખૂબ સુનિશ્ચિત થાય તે માટે સુરક્ષા સેતુ દ્વારા ખૂબ સારી કામગીરી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ સાથે કેરિયર કાઉન્સિલિંગ કરવાનો કાર્યક્રમ પણ આ સુરક્ષા સેતુ થકી ચાલી રહ્યો છે. આ જ રીતે પોલીસ સ્ટેશનની કામગીરીથી વિદ્યાર્થીઓને વાકેફ કરવાનો કાર્યક્રમ પણ સુરક્ષા સેતુ યોજના અંતર્ગત ચાલે છે અને ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે વિદ્યાર્થીઓને લઇ જવામાં આવે છે. પોલીસ સ્ટેશન કઇ રીતે ચાલે, પોલીસ કઇ રીતે કામગીરી કરે છે તેની વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવે છે. ટ્રાફિક નિયમન અને નિયમો વિશેની તાલીમ પણ વિદ્યાર્થીઓ અને યુવાનોને આપવામાં આવે છે. જેથી ભવિષ્યની અંદર જે રીતે ટ્રાફિકનું ભારણ વધી રહ્યું છે તેને કંટ્રોલ કરવા માટે આ પ્રકારની તાલીમ પણ આપવામાં આવે છે. દરેક પોલીસ સ્ટેશનદીઠ એક શાળાની પસંદગી કરીને સ્ટુડન્ટસ્ પોલીસ કેડેટસનો અમલ કરવાની કામગીરી આ યોજના થકી ચાલી રહી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછું તે પહેલાં સુરક્ષા સેતુ માટે સરકાર અને ગૃહ ખાતાને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. ખરેખર પોલીસ અને જનતા વચ્ચેનો આ સેતુ છે. આત્મિયતા ભાવ આમાંથી કેળવાય છે અને તેમાં પ્રવૃત્તિઓ થાય છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ સ્ટુડન્ટસ્ પોલીસ કેડેટસની પ્રવૃત્તિ થાય છે તેની પસંદગી કેવી રીતે થાય છે અને આ સ્ટુડન્ટસ્ પોલીસ કેડેટસની નીતિના મુખ્ય હેતુઓ કયા કયા છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યનું ભવિષ્ય તે રાજ્યના યુવાનો હોય છે. લો એન્ડ ઓર્ડર માટે સ્ટુડન્ટસને આવનારા સમયમાં રાજ્ય પ્રત્યેની જવાબદારી, દેશ પ્રત્યેની જવાબદારી કઇ પ્રકારે નિભાવી શકાય તે પ્રકારનું ઘડતર આપવું ખૂબ મહત્ત્વનું છે. પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ બંધાય તે હેતુથી સુરક્ષા સેતુ યોજના હેઠળ રાજ્યના યુવાનોને સમાજ ઉપયોગી કાર્યો કરવા પ્રેરણા મળે તે માટે સ્ટુડન્ટસ પોલીસ કેડેટસ તરીકે રાજ્યની શાળાઓના ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓમાંથી પસંદગી કરવામાં આવતી હોય છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટસ્ તરીકે જોડાતા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને જુનિયર કેડેટસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે બીજા વર્ષના વિદ્યાર્થીઓ હોય છે તેમને સિનિયર કેડેટસ તરીકે ઓળખવામાં આવે છે. એક બેચમાં ટોટલ ૪૪ જેટલા કેડેટસ હોય છે. એટલે કે ૨૨ કેડેટસની બે પ્લાટુન બનાવવામાં આવે છે. જયાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ સાથે ભણતા હોય ત્યાં એક પ્લાટુન વિદ્યાર્થીનીઓની બનાવવામાં આવે છે. સ્ટુડન્ટસ પોલીસ કેડેટસની પસંદગી માટે છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ગુણ અથવા તો સી-ગ્રેડ મેળવેલ હોવો જોઇએ. શારીરિક રીતે તંદુરસ્ત હોય અને સારી ચાલચલગત અંગેનું આચાર્યનું પ્રમાણપત્ર આમાં કમ્પલસરી હોય છે. રાજ્યની યુવા પેઢી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાગૃત થાય, સતત પ્રયત્નશીલ બને સ્ટુડન્ટસ કેડેટસ યોજના હેઠળ વિવિધ હેતુઓથી વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરવામાં આવે છે. જેમ કે, સ્વેચ્છાએ કાયદાનું પાલન કરે, કાયદાને આદર આપે તેવી યુવા પેઢીનું ઘડતર કરવું તથા તેઓમાં આદર્શ નાગરિક ભાવના પેદા કરવી. બિનસાંપ્રદાયિક વર્તન અને નિઃસ્વાર્થ સમાજસેવા માટેની યુવા પેઢીનું સર્જન કરવું અને એ જ રીતે યુવા પેઢીમાં સામાજિક વચનબદ્ધતા પેદા કરવી અને તેઓના સમાજમાં પ્રવર્તમાન અનિષ્ટો માદક પદાર્થોનો ઉપયોગ, અસહિષ્ણુતા, હિંસકતા, અલગાવવાદ અને આતંકવાદ વિરુધ્ધ લડવા માટે પ્રોત્સાહિત કરવું એ સ્ટુડન્ટ કેડેટની મેઇન ભૂમિકા છે અને આજ પ્રકારે વર્ષો વર્ષથી ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આવનારું ભવિષ્ય એટલે કે યુવાનોને તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત જે મહિલાઓ માટે કાર્યક્રમ ચાલે છે એમાં જે મહિલાઓ દારૂ જેવા કે એવા ગંભીર ગુનાઇત પ્રવૃત્તિમાં સંડોવાયેલ હોઇ એની સુધારવા માટે સરકાર કાર્યક્રમ કરે છે એ સારી વાત છે. પણ એ મહિલા જે હોય એમની આર્થિક, સામાજિક એ પરિસ્થિતિ ખૂબ જ નબળી અને દયાજનક હોય છે અને એને કારણે એ પ્રવૃત્તિમાંથી એ બહાર આવી શકતી નથી તો એમના રોજગાર માટે, એમના કુટુંબ અને પરિવાર માટે આર્થિક મદદ કરવા માટે સરકાર કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા ખૂબ જ સંવેદનાભર્યો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. આ પ્રશ્ન અહીંયા બેસેલા સૌ લોકોની જવાબદારી છે કે, કોઇ પણ બહેન અગર દારૂ વેચવા જેવા ધંધામાં જોડાયેલા હોય એનું જીવન સુધારવાની જવાબદારી પોલીસે હાથમાં લીધી છે અને ગુજરાતમાં અનેક દાખલાઓ એવા છે કે જે આપના માધ્યમથી હું માનનીય સભાગૃહને જણાવવા માગું છું કે, પોલીસ દ્વારા તો આ કામગીરી ખૂબ સારી રીતે ચાલી રહી છે પરંતુ રાજયના ગૃહમંત્રી તરીકે હું આપ સૌને અપીલ કરવા માગું છું કે, આપણા સૌની જવાબદારી છે કે સમાજનું આ સૌથી મહત્ત્વનું કામ એમાં ક્યાંય પણ આપના ધ્યાનમાં આ પ્રકારનો વિષય આવે તો અમને જાણકારી આપજો અમે એ લોકોના પુનર્વસન માટે ખૂબ કામગીરી કરી રહ્યા છીએ પણ છતાં એ કામગીરીમાં વધારો થાય એ માટે આપણે સૌ લોકો એક ટીમ તરીકે કામ કરીએ અને રાજયની અંદર આ પ્રકારની પ્રવૃત્તિઓ બંધ કરાવીએ. બે દાખલાઓ હું આપના થકી ગૃહમાં જણાવવા માગું છું. એક રાજયના એક શહેરમાં સી-ટીમના માધ્યમથી એક ઉત્કૃષ્ટ કામગીરી પુનર્વસન માટેની થયેલ છે. પોલીસ બાતમીના આધારે અનેક જગ્યાએ રેડ કરવામાં આવતી હોય છે, એક કંજટ ગામ છે ગુજરાતની અંદર જ્યાં ઇન્દિરાનગર ખાતેની રેડ દરમ્યાન એક કેન્સર પીડિત મહિલાનો કિસ્સો ધ્યાને આવ્યો હતો. ભૂતકાળમાં દારૂ વેચવાના કામમાં જોડાયેલા હતા અનેક કેસોમાં પકડાયેલા હતા અને લિસ્ટેડ બૂટલેગર તરીકે પોલીસ અવાર-નવાર એ લોકોની તપાસ કરતી હોય અને આ તપાસ દરમ્યાન પોલીસ દ્વારા દારૂબંધીના ભાગરૂપે અવાર નવાર જે વિસ્તારોમાં તપાસ અને નશાબંધીની કામગીરી કરવાની થતી હોય તેવા વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવે છે. શકમંદોની તપાસ કરવામાં આવે આ બધી પોલીસ દ્વારા કરવામાં આવતી રુટિંગ કામગીરી છે. પરંતુ આ કિસ્સામાં આવી રુટિંગ કામગીરી કરતા એક અસામાન્ય કિસ્સો ધ્યાને આવ્યો છે. પોલીસ જવાનોએ માનવીય અભિગમ સાથે આ સમગ્ર કિસ્સામાં કામગીરી કરી તેની વાત માનવીનું મન હોવું સાર્થક કરવાનું ઉદાહરણ પૂરું પાડે છે. આ રેડ દરમ્યાન ઇન્દિરાનગર કોલોનીમાં રહેતા જ્યોત્સ્નાબેન પોપટભાઇ ઠાકોર નામના એક બહેનનો કિસ્સો પોલીસ જવાનોને ધ્યાનમાં આવ્યો, આ બેનને ચાલવામાં તકલીફ પડતી હતી એ કારણે પોલીસ દ્વારા બેનને પૂછતાછ કરતા એ બહેનને છેલ્લા ત્રણ વર્ષથી તેમના જમણા પગે બિમારી લાગુ પડેલ હતી અને તેમને આ રોગના કારણે ગોઠણમાં સોજા આવેલા હતાં અને અસહ્ય દુખાવો હતો. આ કિસ્સો ખૂબ લાંબો છે. હું ટૂંકમાં માત્ર એટલું કહેવા માગું છું કે એમના પગમાં કેન્સર જે રીતે ફેલાતું હતું એ જાણ્યા પછી એ બહેનને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ જવામાં આવે છે, અમારી પોલીસની આખી ટીમ એમની સાથે રહે છે, એમનું ઓપરેશન કરાવવામાં આવે છે અને એ બહેનને ચાલતા કરીને પરત ઘર સુધી લઇ જવાની કામગીરી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, એ લોકોને નાની મોટી પૈસાની તકલીફ હોય છે. માનનીય સભ્યશ્રીની એ વાત સાથે હું સંમત છું. સમાજમાં આવા અનેક ઉદાહરણો આપણે જોયા છે, એવા ઉદાહરણમાં વડોદરા શહેરનો એક કિસ્સો આજે જ અનેક અખબારોમાં છે કે, એક બહેન દારૂ વેચતા હતા તેમની દીકરીઓને ભણાવવા માટેની વ્યવસ્થા વડોદરા પોલીસ દ્વારા કરવામાં આવી. આ જ રીતે સુરત પોલીસે અનેક બહેનો જે દારૂના ધંધા જોડે જોડાયેલી હતી તેના ઘોડિયા ઘર બનાવ્યા, તેના બાળકોના ભવિષ્યની અંદર ઉજ્જવળ ભવિષ્ય કઇ રીતે થાય તે જોયું. શહેરનો એક કિસ્સો હું આપ સૌના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આ કિસ્સો ખૂબ મહત્ત્વનો છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં કહો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તેમને ખૂબ સારો મહત્ત્વનો સવાલ છે એટલે હું લાંબો જવાબ આપુ છું. 'સી' ટીમ આ રાજયના પ્રથમ મહિલા સ્પીકર તરીકે જયારે આપ પદ પર છો ત્યારે હું કહેવા માગું છું કે, ગુજરાતની 'સી' ટીમ એ માત્ર આ પ્રકારની મહિલાઓનું પુનઃવસન કરવાની કામગીરી જ નથી કરતી ગુજરાતની 'સી' ટીમ પર આપણને સૌને ગૌરવ હોવુ જોઇએ. દાદા-દાદીને બેંકમાં પૈસા ભરવાના હોય તો આ 'સી' ટીમ કામગીરી કરી રહી છે, કોઇ દાદા-દાદીને પોતાના છોકરા, છોકરીઓ ના રાખે તો આ 'સી' ટીમ તેની દેખભાળ કરી રહી છે. આ જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, આ 'સી' ટીમ દ્વારા એક બહેન જે દારૂ વેચતા હતા તેની દીકરીને યુપીએસસીની એકઝામ આપી શકે તે માટે પ્રેરિત કર્યું તે પ્રકારની કામગીરી 'સી' ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ જે ચાર રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી તેના અભિનંદનનો પ્રસ્તાવ કર્યો ત્યારે અમે પણ અભિનંદન આપીએ છીએ કે પ્રજાએ આપના તરફી ચૂકાદો આપ્યો છે. ચાર રાજયોમાં સરકાર તમારી હતી, તમારી સરકાર આવી અભિનંદન આપીએ છીએ. આખી ભાજપની નેતૃત્વની એક મજબૂત તાકાત બની તે તાકાતના પરિણામ સ્વરૂપ અમે એવી આશા રાખીએ કે ગુજરાતની અંદર નો રીપીટ પદ્ધતિ દાખલ ના થાય તો બધા અમારા ધારાસભ્ય મિત્રો ફરી પાછા આ હાઉસમાં આવી શકે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે અહીંયા બેસવાના છીએ, પાછા આવવાના છીએ તે એમણે સ્વીકારી લીધું.

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક સુરક્ષા સેતુ યોજના હેઠળ મહિલાઓને સ્વરક્ષણ માટેની તાલીમ માટેની લંબાણપૂર્વક ખૂબ સારી ચર્ચા કરી. સરકારની આ યોજનાને અમે પણ બિરદાવીએ છીએ કે જે રીતે રાજયની અંદર કાયદો સુરક્ષા મજબૂત હોય અને સરકાર નવી નવી યોજના લાવે અને તેનાથી ગુજરાતની પ્રજાને ફાયદો થાય તે ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને મહિલાની સ્વરક્ષણની તાલીમની વાત છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, સ્વભાવિક છે કે ગુજરાતની પોલીસ દ્વારા ૫૦૯૭ તાલીમાર્થી બે વર્ષમાં તમે વલસાડ જિલ્લામાં તાલીમ આપી છે. એટલે એક નાના જિલ્લામાં પાંચ હજારને તાલીમ આપી હોય તો ૪૪ શહેર, જિલ્લા થાય છે તો તાલીમાર્થીઓની સંખ્યા પણ વધુ હશે તો આપની પાસે આંકડો હોય તો મને આપશો તો આનંદ થશે. સવાલ ત્યાં આવીને ઉભો થાય છે કે, પોલીસ દ્વારા મહિલા સુરક્ષા માટે તાલીમ આપીને મહિલાઓને તૈયાર કરવામાં આવે છે તો છેલ્લાં બે વર્ષમાં આજે પણ ગુજરાતની અંદર ૩૭૯૬ બળાત્કારના કિસ્સા બન્યા છે. આપણો કાર્યક્રમ સુરક્ષા સેતુ યોજના ઘણાં લાંબા સમયથી ચાલે છે પણ ડેઈલી આ કિસ્સાઓ જયારે વધતાં રહે છે ત્યારે આપણને સ્વભાવિક ચિંતા થાય આપણે બે વર્ષના ગણીને જોવા જઇએ તો રોજના ૫ કિસ્સા થાય. સામૂહિક બળાત્કારના પણ ૬૧ બન્યા છે. સરકારની યોજના ખૂબ સારી છે તેને તાલીમ આપે, તેની સામે કોઇ બળજબરી કરે કે તેની ચેઇન છીને, તેનું પાકીટ છીનવે તો સ્વભાવિક છે કે, ટ્રેઇન થયેલી હોય તો એ તેની સામે પોતાનું સ્વરક્ષણ કરી શકે પણ તેમ છતાં પણ ગુજરાતમાં બે વર્ષમાં બળાત્કારના ૩૭૯૬ કિસ્સા બન્યા એટલે રોજના પાંચ કિસ્સા કહેવાય, ૬૧ કિસ્સાઓ સામૂહિક બળાત્કારના બન્યા ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને એટલુ જ પૂછવું છે કે, સમગ્ર રાજયમાં તમે કેટલી મહિલાઓને આ તો પ્રશ્ન ખાલી વલસાડ પૂરતો છે પણ આપની પાસે વિગત હોય તો મને આપશો અને આ સ્વરક્ષણ તાલીમ યોજના હેઠળ સરકાર પાસે એવી કોઇ માહિતી આવી છે કે કોઇ જગ્યાએ, કોઇ તાલુકામાં, કોઇ જિલ્લામાં કે કોઇ શહેરમાં કોઇ દીકરી પર કોઇ બળાત્કારની કોશિશ કરતો હોય, એની ચેઇન ખેંચવાની કોશિશ કરતો હોય, એનું પર્સ ખેંચવાની કોશિશ કરતો હોય પણ કોઇ તાલીમ પામેલી સ્ત્રીએ પોતાનો બચાવ આ સ્વરક્ષણ તાલીમના આધારે કર્યો હોય?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇનો પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. વિપક્ષ હોય કે સત્તા પક્ષ હોય તમામ લોકો એવું ઇચ્છતા હોય કે આપણા રાજ્યની દીકરીઓને પોતાની સુરક્ષા માટે તમામ પ્રકારની ટ્રેઇનિંગ સારી રીતે અપાય અને વધારેમાં વધારે દીકરીઓને ટ્રેઇનિંગ મળે. અત્યાર સુધી આ ટ્રેઇનિંગમાં ૧૨ લાખની વધારે મહિલાઓએ તાલીમ લીધી છે. ખાસ કરીને વર્ષ ૨૦૨૦-૨૧માં મહિલાઓની સ્વરક્ષા માટે કરાટેની તાલીમ વર્ષ ૨૦૨૦માં ૪૩,૪૭૫ અને ૨૦૨૧માં ૫૮૧૩૬ મહિલાઓને આપવામાં આવી છે. જેમાં દારૂના વ્યવસાયમાંથી છોડાવેલા ૪૬૫ અને ૮૮૬ મહિલાઓ છે. આપ વિચાર કરો કે ૧૩૫૧ લોકોને એક નવું જીવન મળ્યું છે. આ જ રીતે અનેક આંકડાઓ છે પણ એમાં ન પડીને શ્રી શૈલેષભાઇએ ગુજરાતના રેપના આંકડા કહ્યા એમાં મારી એટલી જ વિનંતી છે કે આ આંકડા શાંતિથી સાંભળજો. ગુજરાતમાં ૨૦૧૯માં ૮૭૯૯ ગુના થયા. મહારાષ્ટ્રમાં એ જ વર્ષમાં ૩૭૧૪૪ ગુના દાખલ થયા. રાજસ્થાનના મુખ્યમંત્રી અમારા ગુજરાતને બદનામ કરવાની ટ્વિટ કરે છે એ રાજસ્થાનમાં ૪૧,૫૫૦ ગુના દાખલ થાય. વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં ૮૦૨૮ ગુના થયા. ત્યારે મહારાષ્ટ્રમાં ૩૧,૯૫૪ ગુના દાખલ થયા. એ જ રીતે આ દેશનું રેપનું કેપિટલ એટલે કે રાજસ્થાનમાં ૩૪૫૩૫ ગુના દાખલ થયા. શ્રી શૈલેષભાઇ એક જાગરૂક ધારાસભ્ય છે. * (xxx) (સતત અંતરાય) (સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી પોતાની જગ્યા પર ઊભા થઇને બોલતાં) શ્રી પરેશભાઇ, એક જ મિનિટ. શ્રી પરેશભાઇ આ કોઇ ટીકા નથી. આ પક્ષ - વિપક્ષની વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજસ્થાન વિધાનસભાનો વીડિયો આપની સમક્ષ રજૂ કરવા માગું છું. તમામ પેપરોમાં, તમામ જગ્યા પર આ વીડિયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપણે પ્રશ્નનો જવાબ આપીએ અને આ બધી બાબતોમાં ન પડીએ. પ્લીઝ આ યોગ્ય નથી. આવી વાતો ગૃહમાં કરવી યોગ્ય નથી પ્લીઝ. માનનીય મંત્રીશ્રી આપ પ્રશ્નનો જવાબ આપો. આવી વાતો ગૃહમાં કરવી યોગ્ય નથી. પ્લીઝ, આપ માનનીય શૈલેષભાઇના પ્રશ્નનો જવાબ આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં જે વાત થઈ છે એ જ વાત મેં કરી છે. જ્યારે માનનીય શૈલેષભાઇએ આખા ગુજરાતના રેપની વાત કરી ત્યારે મેં બધા રાજ્યના ફક્ત આંકડા રજૂ કર્યા છે.

અધ્યક્ષશ્રી : બીજા રાજ્યના વીડિયો વગેરેની વાત નિયમ મુજબ અહીં થઈ શકે નહિ. માનનીય હર્ષભાઈ તમે સમજો. નિયમ મુજબ આ વાત થઈ શકે નહિ. આપ પ્રશ્નનો જવાબ આપો. માનનીય મંત્રીશ્રીએ જે બીજા રાજ્યના વીડિયોની વાત કરી છે એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે. માનનીય શૈલેષભાઈ, આપ બેસો. માનનીય મંત્રીશ્રી આપ પણ બેસો. (અંતરાય) વિષય પૂરો થઈ ગયો છે એટલે હવે તેની કોઈ ચર્ચા કરવાની નથી. મેં આપને એલાઉ કર્યા નથી. માનનીય અમિતભાઈ, મેં આપને એલાઉ કર્યા નથી. પ્લીઝ, આપ બેસો. હું એલાઉ ન કરું તો આપ ઊભા થઈ શકતા નથી.

### છોટાઉદેપુર જિલ્લામાં નર્મદા વિસ્થાપીતોની વસાહતો બાબત

* ૪૧૯૦૯ **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટાઉદેપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ | (૧) સામેલ રાખેલ **પત્રક-૧** મુજબ |

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ક્યા સ્થળે નર્મદા વિસ્થાપીતોની વસાહતો છે,

| જિલ્લો | તાલુકો | વસાહતોની |
|---|---|---|
| છોટાઉદેપુર | બોડેલી | ૨૨ |
| | સંખેડા | ૩૭ |
| | કવાંટ | ૧ |
| | નસવાડી | ૧૯ |
| | **કુલ** | **૭૯** |

(૨) નર્મદા કમાન્ડ વિસ્તારમાં રહેતા ખેડૂત વિસ્થાપીતોની જમીનમાં સિંચાઈ સુવિધા મળે છે કે કેમ, અને

(૨) હા, મળે છે.

(અ) કુલ-૭૯ વસાહતોમાંથી ૪૫ વસાહતોમાં નર્મદા આધારિત સિંચાઈનું પાણી મળે છે.

(બ) બાકી રહેતી મુખ્ય કેનાલની જમણી બાજુ આવેલ ૩૪ નોન-કમાન્ડની વસાહતોમા ૨૮૬ જેટલા ટ્યુબવેલો મારફત ગ્રૂપ બનાવી સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવે છે.

(૩) જો ના તો નર્મદા મુખ્ય કેનાલમાંથી આવા ખેડૂતોને સિંચાઈ સુવિધા આપવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

(૩) બાકી રહેતી ૩૪ વસાહતો છે નર્મદા મુખ્ય કેનાલની જમણી કેનાલ આવેલ હોઈ, નોન-કમાન્ડ વિસ્તાર હોવાથી નર્મદા આધારિત સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી.

જેથી ૨૮૬ જેટલા ટ્યુબવેલો મારફત ગ્રૂપ બનાવી સિંચાઈ સુવિધા આપવામાં આવી રહેલ છે. આ તમામ ટ્યુબવેલો માટેના વીજ બીલો પણ આજ પર્યંત સરકારશ્રી દ્વારા ભરવામાં આવે છે.

**પત્રક-૧**

**છોટાઉદેપુર જિલ્લામાં આવેલ નર્મદા યોજનાની વસાહતો દર્શાવતુ પત્રક**

| અ.નં. | જિલ્લો | તાલુકો | વસાહતનું નામ |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | વડીવાડા |
| ૨ | છોટાઉદેપુર | બોડેલી | કુંડી ઉંચાકલમ (ગુજ) |
| ૩ | છોટાઉદેપુર | બોડેલી | લવેડ |
| ૪ | છોટાઉદેપુર | બોડેલી | ડોરમાર (મ.પ્ર.) |
| ૫ | છોટાઉદેપુર | બોડેલી | ઘેલપુર |
| ૬ | છોટાઉદેપુર | બોડેલી | કુંડી ઉંચાકલમ (મ.પ્ર.) |
| ૭ | છોટાઉદેપુર | બોડેલી | રાજબોડેલી |
| ૮ | છોટાઉદેપુર | બોડેલી | સુર્યા |
| ૯ | છોટાઉદેપુર | બોડેલી | તાંદલજા |
| ૧૦ | છોટાઉદેપુર | બોડેલી | ઝાંખરપુરા |
| ૧૧ | છોટાઉદેપુર | બોડેલી | ભદ્રાલી |
| ૧૨ | છોટાઉદેપુર | બોડેલી | ફેરકુવા |
| ૧૩ | છોટાઉદેપુર | બોડેલી | સિમલઘોડા |
| ૧૪ | છોટાઉદેપુર | બોડેલી | માંકણી |
| ૧૫ | છોટાઉદેપુર | બોડેલી | બોડેલી(વે) |
| ૧૬ | છોટાઉદેપુર | બોડેલી | ડોરમાર(ગુજ) |
| ૧૭ | છોટાઉદેપુર | બોડેલી | કુંડી ટપેબહાદરપુર |
| ૧૮ | છોટાઉદેપુર | બોડેલી | પચ્ચીસગામ |
| ૧૯ | છોટાઉદેપુર | બોડેલી | ઘરોલીયા (કોઠીયા) (મ.પ્ર.) |
| ૨૦ | છોટાઉદેપુર | બોડેલી | ઝોઝ |
| ૨૧ | છોટાઉદેપુર | બોડેલી | ઉટકોઈ |

| અ.નં. | જિલ્લો | તાલુકો | વસાહતનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૨ | છોટાઉદેપુર | બોડેલી | કડાછલા |
| ૨૩ | છોટાઉદેપુર | સંખેડા | વડદલી |
| ૨૪ | છોટાઉદેપુર | સંખેડા | પરવેટા (મહા) |
| ૨૫ | છોટાઉદેપુર | સંખેડા | મોરખલા |
| ૨૬ | છોટાઉદેપુર | સંખેડા | માલુ-૨ |
| ૨૭ | છોટાઉદેપુર | સંખેડા | લોટીયા |
| ૨૮ | છોટાઉદેપુર | સંખેડા | કંડેવાર |
| ૨૯ | છોટાઉદેપુર | સંખેડા | લુણાદ્રા (મહા.) |
| ૩૦ | છોટાઉદેપુર | સંખેડા | લુણાદ્રા (ગુજ) |
| ૩૧ | છોટાઉદેપુર | સંખેડા | વાસણા-૧ |
| ૩૨ | છોટાઉદેપુર | સંખેડા | કાવિઠા (ગુજ) |
| ૩૩ | છોટાઉદેપુર | સંખેડા | વડદલા |
| ૩૪ | છોટાઉદેપુર | સંખેડા | કછાટા |
| ૩૫ | છોટાઉદેપુર | સંખેડા | વડેલી |
| ૩૬ | છોટાઉદેપુર | સંખેડા | હરેશ્વર |
| ૩૭ | છોટાઉદેપુર | સંખેડા | બહાદરપુર-૨ |
| ૩૮ | છોટાઉદેપુર | સંખેડા | બહાદરપુર-૧ |
| ૩૯ | છોટાઉદેપુર | સંખેડા | ખંડુપુરા |
| ૪૦ | છોટાઉદેપુર | સંખેડા | કંબોચાકુવા |
| ૪૧ | છોટાઉદેપુર | સંખેડા | ક્રિષ્ણપુરા |
| ૪૨ | છોટાઉદેપુર | સંખેડા | ગોલાગામડી (ગુજ) |
| ૪૩ | છોટાઉદેપુર | સંખેડા | કંટેશ્વર |
| ૪૪ | છોટાઉદેપુર | સંખેડા | માલુ-૧ |
| ૪૫ | છોટાઉદેપુર | સંખેડા | ઉંડી |
| ૪૬ | છોટાઉદેપુર | સંખેડા | ઝાબ |
| ૪૭ | છોટાઉદેપુર | સંખેડા | સાતબેડીયા |
| ૪૮ | છોટાઉદેપુર | સંખેડા | વાસણા-૩ |
| ૪૯ | છોટાઉદેપુર | સંખેડા | ફાંટા |
| ૫૦ | છોટાઉદેપુર | સંખેડા | ગોલાગામડી (એમ.પી) |
| ૫૧ | છોટાઉદેપુર | સંખેડા | ઈન્દ્રાલ |
| ૫૨ | છોટાઉદેપુર | સંખેડા | કાવિઠા(એમ.પી) |
| ૫૩ | છોટાઉદેપુર | સંખેડા | સરસીંડા(મહા.) |
| ૫૪ | છોટાઉદેપુર | સંખેડા | લાછરસ |
| ૫૫ | છોટાઉદેપુર | સંખેડા | સણોલી |
| ૫૬ | છોટાઉદેપુર | સંખેડા | પરવેટા (ગુજ) |
| ૫૭ | છોટાઉદેપુર | સંખેડા | વાસણાં-૨ |
| ૫૮ | છોટાઉદેપુર | સંખેડા | કાલીડોલી (સિહાદ્રા) |
| ૫૯ | છોટાઉદેપુર | સંખેડા | ચંદાનગર |
| ૬૦ | છોટાઉદેપુર | કવાંટ | ખાંડણીયા-૧-૨ |
| ૬૧ | છોટાઉદેપુર | નસવાડી | બરોલી-૨ |
| ૬૨ | છોટાઉદેપુર | નસવાડી | ભાકા |
| ૬૩ | છોટાઉદેપુર | નસવાડી | કાળીડોળી |
| ૬૪ | છોટાઉદેપુર | નસવાડી | રોઝીયા |
| ૬૫ | છોટાઉદેપુર | નસવાડી | કેસરપુરા |

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

| અ.નં. | જિલ્લો | તાલુકો | વસાહતનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૬૬ | છોટાઉદેપુર | નસવાડી | કરમડી |
| ૬૭ | છોટાઉદેપુર | નસવાડી | કોલુ |
| ૬૮ | છોટાઉદેપુર | નસવાડી | કડીકુવા |
| ૬૯ | છોટાઉદેપુર | નસવાડી | બરોલી-૧ |
| ૭૦ | છોટાઉદેપુર | નસવાડી | ચામેઠા |
| ૭૧ | છોટાઉદેપુર | નસવાડી | છહીઆમલી |
| ૭૨ | છોટાઉદેપુર | નસવાડી | જેમલગઢ |
| ૭૩ | છોટાઉદેપુર | નસવાડી | કંકુવાસણા |
| ૭૪ | છોટાઉદેપુર | નસવાડી | ખોખરા-૧ |
| ૭૫ | છોટાઉદેપુર | નસવાડી | ખોખરા-૨ |
| ૭૬ | છોટાઉદેપુર | નસવાડી | કોઠીયા |
| ૭૭ | છોટાઉદેપુર | નસવાડી | નવગામા |
| ૭૮ | છોટાઉદેપુર | નસવાડી | પાણીમહુડા |
| ૭૯ | છોટાઉદેપુર | નસવાડી | રાયસિંગપુરા |

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન મેં એટલા માટે પૂછ્યો છે કે નર્મદા યોજનામાં આજુબાજુના ગામ બાડોલી, સંખેડા, ક્વાંટ અને નસવાડી તાલુકાના તમામ ખેડૂતોની જમીન ડૂબાણમાં જતી હતી તેમાં કુલ-૭૯ જેટલી વસાહતો બની. તેમાં ૪૫ વસાહતોમાં પીવાનું પાણી અને ખેતીવાડીની સિંચાઈ વગેરે થાય છે પણ ૩૪ વસાહતોમાં પીવાનું પાણી અને સિંચાઇની સુવિધા પણ મળતી નથી. એ ૩૪ ગામોમાં લગભગ ૨૮૬ જેટલા ટ્યુબવેલો ગ્રૂપ મારફતે બનાવીને આ સુવિધા પૂરી પાડે છે. મારે એટલું જ જાણવું છે કે આમાંથી કેટલા ટ્યુબવેલો હાલ સિંચાઈ માટે ચાલુ છે? કેટલી સિંચાઈ થાય છે? છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાનું ખાંડણિયા ગામ છે. મણીનગર, ઢોરકુવા, કુંદનપુર, કેસરપુરા, કાળીડોળી, છજ્ઞી આંબલી, ભાંખા, એટલી ૯ ગામોની વસાહતોમાં અત્યારે નર્મદાના અસરગ્રસ્તો રહે છે ત્યારે પીવાનું પાણી પણ મળતું નથી. આ ગામોના અસરગ્રસ્તો જેને પોતાની જમીન અને બધું નર્મદામાં ડુબાવીને આ લોકો આ વસાહતોમાં રહે છે. જ્યારે નર્મદા યોજના એક-એક હજાર માઈલ જેવું પાણી છેક કચ્છ જિલ્લા સુધી પૂરું પાડતું હોય ત્યારે આ ૩૪ જેટલા ગામોની વસાહતો છે નર્મદાની મુખ્ય કેનાલની જમણી કેનાલ આવેલ હોઈ, નોન-કમાન્ડ વિસ્તાર હોવાથી નર્મદા આધારિત સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરી શકાય તેવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના પરિપૂર્ણ થતાં ખરા અર્થમાં નર્મદા એ ગુજરાતની જીવાદોરી બની છે. નર્મદાની શરુઆતથી આજ સુધીમાં અને ખાસ કરીને વર્ષ ૧૯૯૫ સુધી ભારતીય જનતા પાર્ટી સતત કોંગ્રેસે કરેલી શરુઆતની સાથે રહી છે. વર્ષ ૧૯૯૫ પછી વર્ષ ૨૦૧૪ સુધી આ નર્મદાને પરિપૂર્ણ કરતાં કેટકેટલી કઠિનાઇનો સામનો કરવો પડ્યો છે, એ આખું ગુજરાત જાણે છે. ઉપવાસ ઉપર ઉતરવું પડે, ઉપવાસ ઉપર ઉતર્યા પછી ઊંચાઇ વધારવાની આપણને પરમિશન મળે અને તે રીતે વર્ષ ૨૦૧૪ સુધી ગુજરાતને રાહ જોવી પડી. ગુજરાતને એટલા માટે રાહ જોવી પડી, કારણ કે અહીંથી જ કેટલાય મિત્રો દિલ્હીમાં જઇને કહીને આવતા કે સાહેબ, અહીંયા ગુજરાત અમારે બચાવવું છે અને કોંગ્રેસનું રાજ્ય સ્થાપવું છે, પણ જો શ્રી મોદી સાહેબને તમે પરમિશન આપશો તો એ જશ લઇ જશે અને એના કારણે અમારો સંઘર્ષ વધી જશે. આમ, ઉપર આવી વારંવારની રજૂઆતના કારણે વર્ષ ૨૦૧૪ સુધી, માનનીય અટલ બિહારી બાજપાઇજીનો જે વચ્ચેનો સમયગાળો ગયો એને બાદ કરતાં ગુજરાતે સંઘર્ષ જોયો છે. પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે, આપણા ગૃહના ભિષ્મ પિતા સમાન માનનીય શ્રી મોહનસિંહભાઇ રાઠવા અત્યારે અહીંયા ઉપસ્થિત છે. તેઓ જે વિસ્તારમાંથી આવે છે એટલે સ્વાભાવિક છે કે, જે વિસ્થાપિતો હતા એમની ચિંતા કરે. પરંતુ જો સમગ્ર નર્મદા યોજનાના જે વિસ્થાપિતો હતા તેની વાત કરું તો ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ રાજ્યોના વિસ્થાપિત પરિવારો પૈકી ગુજરાત રાજ્યના ૪૭૬૪ હતા, મહારાષ્ટ્ર રાજ્યના ૭૫૩ હતા અને મધ્યપ્રદેશ રાજ્યના ૫૫૪૦ જેટલા પુનર્વસન માટે પસંદગી પામેલ કુલ ૧૧૦૫૭ વિસ્થાપિત પરિવારોનું ગુજરાતમાં સફળતાપૂર્વક પુનર્વસન કરવામાં આવ્યું છે. નવ જિલ્લામાં ૨૨૬ અલગ અલગ વસાહતો વસાવવામાં આવી છે. મોટાભાગના પરિવારોના પુનર્વસન કર્યાને પણ ૨૫ વર્ષ કરતાં વધારે સમય થયો છે. આ હું લંબાણપૂર્વક એટલા માટે કહું છું કે માનનીય શ્રી મોહનસિંહભાઇનો જે પ્રશ્ન છે એ એમના છોટા ઉદેપુર અને એની આજુબાજુ જે વસાહતો જમણી બાજુ નોન કમાન્ડની આવેલી છે, તે અંગે છે. પરંતુ હું ગૃહને અવગત કરાવવા માગું છું કે આખા નર્મદાની જેટલી વસાહતો છે, એમાં સરકારે કરેલી કામગીરીના કારણે નર્મદા જળ વિવાદ પંચ એટલે કે એન.ડબલ્યુ.ડી..ટી.ના વર્ષ ૧૯૭૯ના ચુકાદા મુજબ જે અસરગ્રસ્ત વ્યકિતની ૨૫ ટકા કરતાં વધારે જમીન સરદાર સરોવર પરિયોજના કારણે  ડુબાણમાં જતી હોય તેવી દરેક અસરગ્રસ્ત વ્યકિતની જેટલી જમીન

ડુબાણમાં જતી હોય તેટલી અને ઓછામાં ઓછી બે હેકટર જમીન તથા વસાહતો ખાતે રહેણાંક પ્લોટ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આવા અસરગ્રસ્ત કુટુંબના પુખ્તવયના પુત્રને અલગ કુટુંબ ગણી આપણે લાભ આપીએ છીએ. એન.ડબલ્યુ.ડી.ટી.ના એવોર્ડ મુજબ જમીનવિહોણા, દબાણદાર અને ખેતમજુરો માટે વસાહતો ખાતે રહેણાંક પ્લોટ અને અન્ય મળવાપાત્ર લાભોની જોગવાઇ છે. પરંતુ તેઓને ખેતીની જમીન આપવાની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. તેમ છતાં ગુજરાત સરકારે આવા દરેક વિસ્થાપતિ પરિવારને તથા તેઓના દરેક પુખ્ત વયના પુત્રને બે હેકટર જમીન ફાળવી છે. એવોર્ડ ઉપરાંતના પણ લાભો આપ્યા છે. પુનર્વસન કરવામાં આવેલ કુલ ૧૧૦૫૭ પરિવારો પૈકી ૩૭ જેટલા વેપારી અસરગ્રસ્તોને બાદ કરતાં જમીન માલિકોને ૩૯૭૬, જમીનવિહોણાને જેને આપવાની જોગવાઇ ન હતી એવા ૧૫૪૭, દબાણદારો પણ ૨૨૭ તથા પુખ્તવયના પુત્રો ૫૨૦૯ વેપારી અસરગ્રસ્તોને વસાહત ખાતે રહેણાંકનો પ્લોટ તથા વેપાર ધંધા સહાય સહિતના અન્ય પુન:વસનના ખેતીની જમીન સિવાયના લાભો આપવામાં આવેલ છે. જયારે દરેક અસરગ્રસ્ત જમીન માલિકોને ડૂબમાં ગઇ હોય તેટલી અને ઓછામાં ઓછી બે હેકટર જમીન આશરે પાંચ એકર, તેમજ જમીન વિહોણા દબાણદારો તથા તેઓ તમામ દરેકના પુખ્ત વયના પુત્રને બે હેકટર જમીન પણ આપણે આપી છે. આ ઉપરાંત વસાહત ખાતેના રહેણાંક પ્લોટ, અન્ય પુન: વસનના લાભો આપવામાં આવેલ છે. આ માટે કુલ ૨૨૦૬૩ હેકટર જેટલી જમીન ગુજરાતે ફાળવી છે. એન.ડબલ્યુ.ડી.ટી.ના એવોર્ડ પ્રમાણે આપણે જો જમીન આપવાની થાત તો ખૂબ ઓછી આપવાની થાત, પરંતુ વિશાળ દિલ રાખીને તમામને, દબાણકર્તા હોય, કોઇ વાગ્દતા હોય, નામ હોય, ન હોય, એના પુત્રો અને પુત્રોમાં પણ એના જે વારસદારો છે જે પુખ્ત વયના પુત્રો છે એ તમામને જમીન આપી, એના કારણે ઘણી જમીન આપણે આપી છે. દરેક વિસ્થાપિત પરિવારને ૫૦૨ ચોરસ મીટરના રહેણાક પ્લોટ સરકારશ્રી દ્વારા બનાવી આપ્યા છે અને ૪૫ હજારની સહાય આપી છે. દરેક વસાહતની અંદર ૭.૫ મીટર પહોળા આંતરિક, ૯ મીટર પહોળા એપ્રોચ રોડ, દરેક વસાહતમાં આંતરિક અને મુખ્ય માર્ગથી જોડતા એપ્રોચ રોડ પાકા ડામરયુકત સપાટી, છેલ્લા દસ વર્ષ દરમિયાન આ રસ્તાઓ બનાવ્યા છે. એના સિવાય પણ દરેક વસાહતને જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા સ્વતંત્ર સ્ત્રોત મારફત પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. વસાહતોમાં પાણીની આંતરિક વ્યવસ્થા સુધારણા માટે પણ આપણે કામ કર્યું છે. પાંચ વર્ષમાં (અંતરાય) હું એમના જવાબ પર આવું છું... (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી ઋષિકેશભાઇ, એમણે ૪૩ ગામની વાત કરી છે એનો જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મોહનસિંહભાઇએ જે વાત કરી, જમણી બાજુની, આમાં બે વસાહતોનો ભાગ છે, એક વસાહત કે જે ડાબી બાજુ છે, એ નર્મદા કમાન્ડ વિસ્તારની અંદર છે, જેને ઈરિગેશનનો લાભ મળે છે. જયારે એલાઇનમેન્ટ નક્કી થઇ એ વખતે ડાબી બાજુ અને જમણી બાજુ એલાઇમેન્ટ નકકી થઇ હતી, (અંતરાય) હું એ જ જવાબ ઉપર આવું છું. (અંતરાય) પણ નર્મદાનો પ્રશ્ન છે. આખા રાજયને અસર કરતો પ્રશ્ન છે. (અંતરાય) શ્રી મોહનસિંહભાઇ, હું આપના પ્રશ્નના જવાબમાં કન્કલુઝન ઉપર આવું છું. માનનીય મોહનસિંહભાઇ, એક મિનિટ મને સાંભળી લેશો તો તમને સંતોષ થશે. જમણી બાજુનો જે વિસ્તાર છે કે જે નર્મદા નહેર પસાર થાય છે કેનાલની, એ જે વિસ્તાર છે એને સીધે સીધુ પાણી આપી શકાય એવું નથી. ડાબી બાજુનો ભાગ છે ત્યાં આપણે ફલો ઈરિગેશનથી આપી શકીએ, પરંતુ આ ઉંચાણવાળો વિસ્તાર હોવાના કારણે આપણે ત્યાં ટયુબવેલ અને બોર ૨૮૬ જેટલા બનાવ્યા છે અને ઈરિગેશનનું પણ પાણી આપવામાં આવે છે. (અંતરાય) શ્રી પરેશભાઇ....

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપ બેસશો. હજુ ઘણાને પ્રશ્ન પૂછવા દેવાના છે, હું તક આપું છું, ડો. સી.જે. ચાવડાને પણ બોલવું છે અને શ્રી પી.ડી. વસાવાને બોલવું છે, એમના વિસ્તારનો વિષય છે આપ બેસો. માનનીય ઋષિકેશભાઇ, આપની વાત ચાલુ રાખો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય પરેશભાઇ, એમનો જવાબ જ આપી રહ્યો છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપને બેસવાનું કહ્યું છે, આપ બેસો. માનનીય ઋષિકેશભાઇ, આપ જલદી ટૂંકમાં જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોહનસિંહભાઇને સંતોષ થાય, એમણે પીવાના પાણીનો પ્રશ્ન પૂછયો છે. (અંતરાય) પીવાના પાણી માટે અને સિંચાઇ એ બે વિષયની એમણે ચિંતા કરી છે. ગામોના નામ પણ બોલ્યા છે એ વસાહતોના નામ પણ એ ચોંત્રીસના બોલ્યા છે. એમાં આપણે હાલ પૂરતી જે વ્યવસ્થા કરી છે એમાં ૨૮૬ જેટલા બોર અને કૂવાઓ બનાવ્યા છે. જેનાથી પ્રત્યેક જૂથને અને એમાં પણ જરૂર પડી તો બે ત્રણ ખેડૂતો વચ્ચે પણ આપણે એક (અંતરાય) હું આવું છું એના ઉપર, એ વ્યવસ્થા કરી છે, અને એ લાઇટ બિલ પણ સરકાર ભરી રહી છે અને ૨૮૬ બોર અને કૂવાઓ છે એમાં કયાંક કોઇ બગડે, કયાંક મોટર ઉંડી ઉતારવી પડે, કયાંક રિપેરીંગ કરવું પડે તો વખતો વખતનું મેન્ટેનન્સ પણ

થાય છે. અત્યારે કદાચ શ્રી મોહનસિંહભાઇને ફરિયાદ મળી હશે કે આટલા બોર બંધ છે. પરંતુ માનનીય મોહનસિંહભાઇ, આપને હું વિશ્વાસ આપું છું. લાઇટ બિલ સરકાર ભરે છે એનું રિપેરીંગ સરકાર કરી રહી છે, પીવાના પાણીની વ્યવસ્થા અલગથી પાણી પુરવઠા વિભાગે કરી છે. થોડા ઘણા કામ બાકી છે એને પણ પાણી પુરવઠા યોજના સાથે જોડવાનું કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઇની ચિંતા છે કે આ ગામોમાં પાણીની સમસ્યા હોય તો એ પૂરી કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોર અથવા તો કૂવાઓ દ્વારા ઈરિગેશનનું પાણી આપવામાં આવે છે. એને નર્મદા કમાન્ડ દ્વારા લિફ્ટ ઈરિગેશન દ્વારા પાણી આપવાનું વિચારો છો કે કેમ આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. પીવાના પાણીની પણ વ્યવસ્થા કરી છે અને સાથે સાથે ઈરિગેશનની પણ વ્યવસ્થા કરી છે. આ એવોર્ડમાં ઈરિગેશનવાળી જમીન આપવાનું કહ્યું હતું અને આપણે ઈરિગેશન કરીએ છીએ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોહનસિંહભાઇના પ્રશ્નના જવાબમાં માનનીય સિંચાઇ મંત્રીશ્રીએ વસાહતો સાથે સાથે અન્ય વિસ્તારમાં પીવાના પાણીની વાત પણ કરી છે અને સિંચાઇની વાત પણ કરી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે નોન કમાન્ડ વિસ્તારમાં જે ૩૪ વસાહતો છે તેમાં બોર કરીને પાણી આપ્યું છે એમ તમે કહો છો. આ જે ૩૪ વસાહતો છે એમાં બોર ચાલે છે કે કેમ એ કઇ હાલતમાં છે વડીવાલા, કુંડી ઉચાકલમ, ઝોઝ, ઉટકોઇ, કડછલા, કાલીડોલી, બરોલી, કાળીડોળી અને કેસરપુર આ ગામોમાં નર્મદા કેનાલમાંથી લિફ્ટ કરીને પાણી આપી શકાય તેમ છે. તો નવી યોજના બનાવી પાણી પૂરું પાડવા માગે છે કેમ? આ વસાહતોમાં પીવાના પાણીની પણ સમસ્યા છે એ સરકારને મળી છે કે કેમ એ મારે જાણવું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા બોર ચાલુ ? એમાં કેટલાક બોર દ્વારા ઈરિગેશન થઇ રહ્યું છે? આ એક સતત ચાલતી પ્રક્રિયા છે બોર હોય તો એમાં મોટર બળી ગઇ હોય કે મોટર બગડી ગઇ હોય તો એ રિપેરીંગ કરાવવી પડે, વીજળી કનેકશનનો પશ્ન હોય તો એ કરાવવો પડે. મોટર વગેરે બગડે તો અમે એ રિપેરીંગ કરાવીએ જ છીએ પરંતુ આ એક સતત ચાલતી પ્રક્રિયા છે. ધારો કે ૨૮૬ બોર છે એમાંથી ધારોકે આજે ૨૫ બોર બગડ્યા છે તો ૧૫ દિવસમાં એ રિપેરીંગ થઇ જાય છે. બીજો એક પ્રશ્ન હતો કે કડાછાલ, ફેરકુવા અને બાકીની વસાહત છે એમાં લિફ્ટ ઈરિગેશનથી પાણી આપવાની વાત કરી છે. અમે ટેકનિકલ ફિઝિબિલિટી સ્ટડી કરાવ્યો હતો એ મુજબ મુખ્ય કેનાલમાંથી ઉદ્વહન કરવાની કોઇ પરિસ્થિતિ નથી. ભવિષ્યમાં ખૂબ સંવેદન પરિસ્થિતિ છે સરકાર આ બાબતને ધ્યાને લેશે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં વર્ષ ૧૯૯૫થી ૨૦૧૪ની વાત કરી એમાં ખરેખર નર્મદા માટે જે ઓથોરિટી રચવામાં આવી હતી એ સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુકત થયેલ હતી એમાં મધ્યપ્રદેશની સરકાર જે તે વખતે ભાજપની સરકાર વર્ષોથી ચાલતી હતી એ પુનઃસ્થાપન કરતી નહોતી એટલા માટે ડીલે થયું હતું એમાં કોઇ કોંગ્રેસવાળા જવાબદાર નથી અને કોઇ વડાપ્રધાનને મળીને આ વાત કરી આવ્યું નથી. આવી નાની વાત માનનીય મંત્રીશ્રી કરે એ બરાબર નથી.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ કલેરીફિકેશન છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવું છે કે કુલ ૬૯ ગામો છે. નર્મદા યોજનામાં ડૂબાણમાં ગયેલા કયા કયા ગામોની વસતિ છે એ હું જાણવા માગું છું. માનનીય મંત્રીશ્રીએ અહીંયા અસરગ્રસ્તો વિશે વાત કરી એને જે લાભો આપ્યા છે એ તો માનનીય અમરસિંહભાઇ ચૌધરી મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે આ પેકેજ આપેલ છે તમે કોઇ નવો લાભ આપ્યો હોય તો કહો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલા પ્રશ્ન પૂછ્યો કે કયા કયા ગામોમાંથી કયાંથી આ વસાહતીઓ આવેલા છે. આ તો બધા જુદા જુદા વિસ્તારમાંથી આવેલા છે. જે લોકોની જમીન ડૂબાણમાં ગઇ એમાં ગુજરાતના પણ છે, મધ્યપ્રદેશમાંથી આવેલા છે એમને આપણે પસંદગી આપી હતી એમણે જયાં પસંદગી કરી એમને ખુલ્લો વિકલ્પ આપવામાં આવ્યો હતો એ પ્રમાણે આખા નર્મદા કમાન્ડ વિસ્તારમાં જમીનો ફાળવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
## વડોદરા જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ

૪૧૩૭૬ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ વડોદરા જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ વડોદરા જિલ્લામાં કુલ ૧,૧૯૭ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છેઃ-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ |
|---|---|

| | લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૫૭૩ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૬૨૪ |
| **કુલ** | **૧૧૯૭** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ ૧,૪૫૯ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છેઃ-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૬૭૬ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૭૮૩ |
| **કુલ** | **૧૪૫૯** |

---------

**બહુચરાજી તાલુકામાં ગુનાહિત કૃત્યો**

૪૧૪૫૧ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં પોલીસ સ્ટેશનવાર ચોરી, લુંટ, ધાડ, બળાત્કાર, આત્મહત્યા, ખૂનના કેટલા બનાવો બન્યા,

(૧) **પત્રક** મુજબ

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત પોલીસ સ્ટેશનવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને પોલીસ સ્ટેશનવાર કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૨)

| પોલીસ સ્ટેશન | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|
| મોઢેરા | ૨૯ | ૧ |
| બહુચરાજી | ૨૬ | ૧ |

(૩) ઉકત બાકી આરોપીઓને પકડવા શા પગલાં લીધાં ?

(૩) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઇલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબના વોરંટની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **પોલીસ સ્ટેશન** | **ચોરી** | **લુંટ** | **ધાડ** | **બળાત્કાર** | **આત્મહત્યા** | **ખૂન** |
| મોઢેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| બહુચરાજી | ૫ | ૨ | ૦ | ૩ | ૪ | ૧ |

| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **પોલીસ સ્ટેશન** | **ચોરી** | **લુંટ** | **ધાડ** | **બળાત્કાર** | **આત્મહત્યા** | **ખૂન** |
| મોઢેરા | ૮ | ૨ | ૦ | ૦ | ૧૨ | ૦ |
| બહુચરાજી | ૭ | ૧ | ૦ | ૨ | ૧૧ | ૦ |

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ઓલમ્પિકમાં ભાગ લીધેલ ખેલાડીઓને સહાય**

૪૧૩૪૮ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઓલમ્પિકમાં ભાગ લીધેલ ખેલાડીઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય પૂરી પાડવામાં આવી છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો કુલ કેટલી સહાય પૂરી પાડવામાં આવેલ છે ? | (૨) ૩.૨,૫૩,૦૧,૨૯૭/- |

- - - - - - - - -

**બનાસકાંઠા અને પાટણ જિલ્લા/શહેરમાં બળાત્કારના બનાવો**

૪૧૪૩૪ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પાટણ જિલ્લા/શહેરમાં બળાત્કાર અને સામૂહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૧) **પત્રક-૧**

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, જિલ્લા/શહેરવાર અને કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૨)

| **જિલ્લા/શહેર** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
|---|---|---|
| બનાસકાંઠા જિલ્લો | ૫૧ | ૭૨ |
| પાલનપુર શહેર | ૦૭ | ૦૪ |
| પાટણ જિલ્લો | ૫૦ | ૬૪ |
| પાટણ શહેર | ૧૧ | ૦૮ |

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩)

| **જિલ્લા/શહેર** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
|---|---|---|
| બનાસકાંઠા જિલ્લો | ૧૭૮ | ૧૬ |
| પાલનપુર શહેર | ૧૧ | ૦૨ |
| પાટણ જિલ્લો | ૨૧૦ | ૧૩ |
| પાટણ શહેર | ૩૬ | ૦૨ |

**પત્રક-૧**

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા/શહેર** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **રિમાર્કસ** |
| બનાસકાંઠા જિલ્લો | ૫૧ | લગ્ન કરવાના ઇરાદે-૨૩<br>બળજબરી પૂર્વક-૧૪<br>એકાંતનો લાભ લઇ-૩<br>પ્રેમજાળમાં ફસાવી-૧<br>મૈત્રી ભાવ કેળવી-૨<br>ધમકી આપી-૬<br>નોકરી આપવાની લાલચ આપી-૧<br>ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી-૧ | ૦ | - |
| પાલનપુર શહેર | ૦૭ | લગ્ન કરવાના ઇરાદે-૧<br>બળજબરી પૂર્વક-૨<br>એકાંતનો લાભ લઇ-૨<br>ફેસબુકથી મિત્રતા કેળવી-૧ | ૦ | - |
| પાટણ જિલ્લો | ૪૯ | લગ્ન કરવાના ઇરાદે-૨૯ | ૧ | બળજબરી |

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા / શહેર** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **રિમાર્કસ** |
| | | પ્રેમ સંબંધ-૪<br>બળજબરી પૂર્વક-૧૨<br>એકાંતનો લાભ લઈ-૧<br>બદનામ કરવાના ઈરાદે-૩ | | પૂર્વક-૧ |
| પાટણ શહેર | ૧૧ | લગ્ન કરવાના ઈરાદે-૧૦<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૧ | ૦ | - |

| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા / શહેર** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **રિમાર્કસ** |
| બનાસકાંઠા જિલ્લો | ૭૨ | લગ્ન કરવાના ઈરાદે-૨૫<br>બળજબરી પૂર્વક-૨૬<br>એકાંતનો લાભ લઈ-૬<br>પ્રેમજાળમાં ફસાવી-૨<br>ધમકી આપી-૬<br>ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી-૪<br>નોકરી આપવાની લાલચ આપી-૧<br>કપડા લેવડાવવાની લાલચ આપી-૧<br>મૈત્રી ભાવ કેળવી-૧ | ૦ | - |
| પાલનપુર શહેર | ૦૪ | લગ્ન કરવાના ઈરાદે-૩<br>બળજબરી પૂર્વક-૧ | ૦ | - |
| પાટણ જિલ્લો | ૬૩ | લગ્ન કરવાના ઈરાદે-૪૦<br>પ્રેમ સંબંધ-૮<br>બળજબરી પૂર્વક-૫<br>એકલતા-૪<br>અનડીટેક્ટ-૧<br>શારીરિક ત્રાસ-૧<br>બદનામ કરવાના ઈરાદે-૨<br>સમરી ભરેલ કેસ-૨ | ૧ | બળજબરી પૂર્વક-૧ |
| પાટણ શહેર | ૦૮ | લગ્ન કરવાના ઈરાદે-૬<br>પ્રેમ સંબંધ-૧<br>એકલતા-૧ | ૦ | - |

---------

### સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ

૪૧૩૪૨ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૫૦૯૭ |

---------

### કલોલ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ

૪૨૧૨૩ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ઔડાની હદમાં આવતા ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન બનાવવા માટે કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧૯૪૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) ૧૪૬૫ અરજીઓ મંજૂર કરી રૂ.૯૯.૯૬ કરોડ રકમ ચૂકવવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર અરજીઓ પૈકી કેટલા મકાનોના કામ પૂર્ણ કરવામાં આવ્યા ? | (૩) ૨૭૬ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૪૧૩૩૭ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ'ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૭૮૮ |

---------

**ખેલકૂદ નીતિ-૨૦૧૬થી રમત-ગમતને પ્રોત્સાહન**

૪૧૫૫૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેલકૂદ અને રમત-ગમતને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૬માં ખેલકૂદ નીતિ જાહેર કરી હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા જિલ્લામાં કેટલા સ્પોર્ટસ સંકુલ કેટલા ખર્ચે બનાવવામાં આવ્યા ? | (૨) |

| ક્રમ | જિલ્લો | સ્પોર્ટ્સ સંકુલોની સંખ્યા | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૨ | ૧૦૩૫ |
| ૨ | ડાંગ | ૦૧ | ૭૮૧ |
| ૩ | જામનગર | ૦૧ | ૫૬૨ |
| ૪ | ખેડા | ૦૧ | ૩૧૦૪ |
| ૫ | રાજકોટ | ૦૨ | ૧૬૧૯ |
| ૬ | મહેસાણા | ૦૧ | ૫૭૦ |
| ૭ | ભાવનગર | ૦૧ | ૫૯૬ |
| | **ટોટલ** | **૦૯** | **૮૨૬૭** |

---------

**ગાંધીનગર ફાયર સેફ્ટી કચેરીના લાંચ પકડાયેલા અધિકારી / કર્મચારી**

૪૧૫૧૪ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ગાંધીનગર ફાયર સેફ્ટી કચેરીના કેટલા અધિકારી, કર્મચારીઓ લાંચ લેતા પકડવામાં આવ્યા, | (૧) ૧ (એ ેક) અધિકારી. |
| (૨) ઉક્ત કર્મચારી, અધિકારીઓ પાસેથી લાંચની કેટલી રકમ પરત મેળવવામાં આવી,અને | (૨) રૂ. ૫,૦૦,૦૦૦/- |
| (૩) ઉક્ત કર્મચારી અધિકારીઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) આરોપીની અટક કરી, નામદાર સેશન્સ કોર્ટ દ્વારા આરોપીના રેગ્યુલર જામીન ના-મંજૂર કરવામાં આવેલ છે |

અને આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે.

- - - - - - - - -

**રાજ્યમાં વ્યાયામ શાળાઓને આર્થિક સહાય**

૪૧૩૫૩ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમત-ગમત ક્ષેત્રે કામ કરતી વ્યાયામ શાળાઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં કેટલી વ્યાયામ શાળાઓને કેટલી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૪૩ વ્યાયામ શાળાઓને કુલ રૂ. ૪૨,૩૬,૦૨૬/- ની આર્થિક સહાય.

- - - - - - - - -

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લા/શહેરમાં બળાત્કારના બનાવો**

૪૧૪૨૪ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લા/શહેરમાં બળાત્કાર અને સામુહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર અને જિલ્લા/શહેરવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક.

(૨)

| જિલ્લા/શહેર | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| કચ્છ જિલ્લો | ૭૮ | ૮૫ |
| ભૂજ શહેર | ૦૪ | ૦૪ |
| બનાસકાંઠા જિલ્લો | ૫૧ | ૭૨ |
| પાલનપુર શહેર | ૦૭ | ૦૪ |

(૩)

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| કચ્છ જિલ્લો | ૨૦૮ | ૦૯ |
| ભૂજ શહેર | ૦૮ | ૦૦ |
| બનાસકાંઠા જિલ્લો | ૧૭૮ | ૧૬ |
| પાલનપુર શહેર | ૧૧ | ૦૨ |

**પત્રક**

| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા/શહેર** | **બળાત્કાર** | **રીમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **રીમાર્કસ** |
| કચ્છ જિલ્લો | ૭૪ | લગ્નની લાલચ આપી - ૧૪<br>એકાંતનો લાભ લઇ - ૯<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક - ૧૧<br>બળજબરી પૂર્વક - ૮<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી - ૪<br>બદનામ કરવાના ઈરાદે - ૫<br>મરજી વિરૂદ્ધ સંભોગ - ૫<br>મિત્રતા બાંધી - ૧<br>લગ્ન થવાના છે તેવો વિશ્વાસ લઇ મરજી વિરૂદ્ધ - ૧<br>લગ્ન કરવાના ઈરાદે - ૧૦ | ૦૪ | મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક - ૧<br>એકાંતનો લાભ લઇ - ૧<br>બળજબરી પૂર્વક - ૧<br>લગ્ન કરવાની લાલચ આપી - ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | મરજી વિરૂદ્ધ બળજબરી પૂર્વક - ૫<br>પ્રેમ લગ્ન કરી છુટાછેડા આપી બળજબરી પૂર્વક - ૧ | | |
| ભૂજ શહેર | ૦૪ | લગ્ન કરવાની લાલચ આપી - ૩<br>મરજી વિરૂદ્ધ - ૧ | ૦૦ | - |
| બનાસકાંઠા જિલ્લો | ૫૧ | લગ્ન કરવાના ઈરાદે - ૨૩<br>બળજબરી પૂર્વક - ૧૪<br>એકાંતનો લાભ લઇ - ૩<br>પ્રેમજાળમાં ફસાવી - ૧<br>મૈત્રીભાવ કેળવી - ૨<br>ધમકી આપી - ૬<br>નોકરી આપવાની લાલચ આપી - ૧<br>ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી - ૧ | ૦૦ | - |
| પાલનપુર શહેર | ૦૭ | લગ્ન કરવાના ઈરાદે - ૨<br>બળજબરી પૂર્વક - ૨<br>એકાંતનો લાભ લઇ - ૨<br>ફેસબુકથી મિત્રતા કેળવી - ૧ | ૦૦ | - |

| **તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા/શહેર** | **બળાત્કાર** | **રીમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **રીમાર્કસ** |
| કચ્છ જિલ્લો | ૮૪ | લગ્નની લાલચ આપી - ૧૬<br>એકાંતનો લાભ લઇ - ૫<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક - ૭<br>બળજબરી પૂર્વક - ૮<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી - ૫<br>બદનામ કરવાના ઈરાદે - ૬<br>મરજી વિરૂદ્ધ - ૧૫<br>લગ્ન કરવાના ઈરાદે - ૨૧<br>બદ ઈરાદે - ૧ | ૦૨ | એકાંતનો લાભ લઇ - ૧<br>લગ્નની લાલચ આપી - ૧ |
| ભુજ શહેર | ૦૪ | લલચાવી ફોસલાવી - ૧<br>મરજી વિરૂદ્ધ બળજબરી પૂર્વક - ૩ | ૦૦ | - |
| બનાસકાંઠા જિલ્લો | ૭૨ | લગ્ન કરવાના ઈરાદે - ૨૫<br>બળજબરી પૂર્વક - ૨૬<br>એકાંતનો લાભ લઇ - ૬<br>પ્રેમજાળમાં ફસાવી - ૨<br>ધમકી આપી - ૬<br>ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી - ૪<br>નોકરી આપવાની લાલચ આપી - ૧<br>કપડા લેવડાવવાની લાલચ આપી - ૧<br>મૈત્રીભાવ કેળવી - ૧ | ૦૦ | - |
| પાલનપુર શહેર | ૦૪ | લગ્ન કરવાના ઈરાદે - ૩<br>બળજબરી પૂર્વક - ૧ | ૦૦ | - |

- - - - - - - - -

## રાજ્યમાં ખેલાડીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના

૪૧૩૪૩ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણીનગર) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને શિષ્યવૃત્તિ | (૧) રૂ. ૪,૫૭,૫૦૦/- |

આપવાની યોજના હેઠળ કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શિષ્યવૃત્તિ માટે કેટલી બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી, અને

(૨)

| વર્ષ | નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૦૧૯-૨૦ | રૂ. ૫ લાખ |
| | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૫ લાખ |
| ૨૦૨૧ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૫ લાખ |

| ગાંધીનગર શહેર | ૨૦૯ | ૨૧૬ |
| મહીસાગર જિલ્લો | ૨૮૮ | ૩૦૮ |
| લુણાવાડા શહેર | ૩૪ | ૩૦ |

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩)

| જિલ્લા / શહેર | ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|---|
| ગાંધીનગર જિલ્લો | ૧૧૭૫ | ૩૪ |
| ગાંધીનગર શહેર | ૨૮૯ | ૭ |
| મહીસાગર જિલ્લો | ૪૧૭ | ૨૦ |
| લુણાવાડા શહેર | ૫૫ | ૭ |

**પત્રક**

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લા / શહેર** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક મૃત્યુ** | **અપમૃત્યુ** | **ખૂનની કોશિષ** |
| ગાંધીનગર ગ્રામ્ય | ૮ | ૨૧ | ૦ | ૨૦૩ | ૬૦ | ૧૯૯ | ૭૨ | ૧૬ | ૨૩૦ | ૪૨૯ | ૨૦ |
| ગાંધીનગર શહેર | ૨ | ૧ | ૦ | ૬૬ | ૧૨ | ૧૮ | ૨૩ | ૨ | ૫૨ | ૭૦ | ૩ |
| મહીસાગર જિલ્લો | ૨ | ૭ | ૦ | ૧૩ | ૧૯ | ૩૩ | ૬ | ૮ | ૫૯ | ૯૨ | ૬ |
| લુણાવાડા શહેર | ૦ | ૦ | ૦ | ૯ | ૩ | ૦ | ૨ | ૦ | ૧૪ | ૧૪ | ૦ |
| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | | | | | | | | | | |
| **જિલ્લા / શહેર** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક** | **અપમૃત્યુ** | **ખૂનની** |

| | | | | | | | | | મૃત્યુ | | કોશિષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર ગ્રામ્ય | ૨૦ | ૧૬ | ૪ | ૨૬૭ | ૮૮ | ૧૮૫ | ૧૦૪ | ૧૫ | ૨૯૩ | ૪૭૮ | ૧૬ |
| ગાંધીનગર શહેર | ૩ | ૩ | ૨ | ૧૦૮ | ૨૨ | ૨૧ | ૨૧ | ૭ | ૪૫ | ૬૬ | ૪ |
| મહીસાગર જિલ્લો | ૧ | ૧૨ | ૦ | ૩૦ | ૨૭ | ૪૪ | ૨૫ | ૧૧ | ૬૬ | ૧૧૦ | ૭ |
| લુણાવાડા શહેર | ૦ | ૦ | ૦ | ૨૦ | ૨ | ૦ | ૭ | ૦ | ૩ | ૩ | ૧ |

- - - - - - - - -

**અમદાવાદ ચંડોળા તળાવના ડેવલપમેન્ટની કામગીરી**

૪૧૪૭૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૮-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૮૫૪૩ (અગ્રતા-૧૦૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવના સિંચાઇ હસ્તકથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા હવાલો મેળવવાની કાર્યવાહી ચાલી રહેલ હતી તે કાર્યવાહી ક્યારે પૂર્ણ કરીને કબ્જો મેળવવામાં આવ્યો, અને

(૨) ઉક્ત તળાવના ડેવલપમેન્ટ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કામ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવના સિંચાઇ હસ્તકથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા હવાલો મેળવવાની કાર્યવાહી ચાલી રહેલ હતી તે કાર્યવાહી પૂર્ણ થયેલ નથી અને કબ્જો મેળવવામાં આવ્યો નથી.

(૨) ઉક્ત તળાવના ડેવલપમેન્ટ માટે ઉક્ત સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

**સરદાર સરોવર યોજના અન્વયે સિંચાઈ માટે કેન્દ્ર સરકારની સહાય**

૪૧૫૫૭ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરદાર સરોવર યોજના માટે ત્વરીત સિંચાઇ લાભ યોજના અને હર ખેત કો પાની હેઠળ કેન્દ્રીય સહાય માટે કેન્દ્ર સરકાર સાથે કરાર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત યોજનાવાર કેટલી રકમની સહાય મળી, અને

(૩) ઉક્ત મળેલ સહાય કયા હેતુઓ માટે વાપરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા ત્વરીત સિંચાઇ લાભ યોજના અને હર ખેત કો પાની હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦, વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છેઃ

| યોજનાનું નામ | મળેલ કેન્દ્રીય સહાય (રૂ. કરોડ) | | |
|---|---|---|---|
| | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ (જાન્યુ-૨૦૨૨ સુધી) |
| ત્વરીત સિંચાઇ લાભ યોજના | ૪૮૫.૪૩ | ૧૭૭.૯૯૫ | ૩૫૭.૨૭૫ |
| હર ખેત કો | - | - | - |

(૩) સરદાર સરોવર યોજના માટે ત્વરીત સિંચાઇ લાભ યોજના અંતર્ગત નહેર માળખાના પ્રશાખા નહેરો સુધીના કામો પૂર્ણ કરી સિંચાઈ ક્ષમતા વિકસિત કરવા માટે કેન્દ્રીય સહાય વાપરવામાં આવી.

- - - - - - - - -

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા ખનિજ સંશોધન**

૪૧૫૧૮ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૨૯૩(અગ્રતા-૧૫૯)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા ખનિજ સંશોધનની ૩૬ યોજનાઓના સંશોધન અહેવાલ આખરી કરવાના બાકી હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા અહેવાલ આખરી કરવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા ખનિજ સંશોધનની ૩૬ યોજનાઓના સંશોધન અહેવાલ આખરી કરવાના બાકી હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૦૭ યોજનાના સંશોધન અહેવાલ આખરી કરવામાં આવ્યા છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા સંશોધન અહેવાલ આખરી કરવાના બાકી છે,

(૨) ૨૯

(૩) ઉક્ત અહેવાલો આખરી કરવાના બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) નમુનાઓના પૃથ્થકરણની કાર્યવાહી તથા સંશોધન અહેવાલની ચકાસણી કરવાની કામગીરી ચાલુમાં હોવાથી.

(૪) ઉક્ત બાકી અહેવાલ આખરી કરવા શી કાર્યવાહી કરી છે ?

(૪) નમુનાઓનું પૃથ્થકરણ કરાવવાની, સંશોધન અહેવાલ તૈયાર કરાવવાની તથા તેની ચકાસણીની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

---------

### દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ

૪૧૫૪૨ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

(૧)

| માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **જિલ્લો** | **વ્યક્તિની સંખ્યા** | **દંડની રકમ** |
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | દાહોદ | ૧૮,૨૪૧ | ૮૦,૮૫,૫૦૦ |
| | | છોટાઉદેપુર | ૩૬,૮૫૧ | ૧,૬૮,૯૦,૯૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૨ | દાહોદ | ૧૪,૧૬૫ | ૧,૪૧,૬૫,૦૦૦ |
| | | છોટાઉદેપુર | ૧૨,૭૩૫ | ૧,૨૭,૩૫,૦૦૦ |

(૨)

- દાહોદ – શૂન્ય
- છોટાઉદેપુર – શૂન્ય

---------

### ખેડા અને પંચમહાલ જિલ્લામાં ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ

૪૧૫૩૩ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો / લીઝોનું ચેકિંગ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
| ખેડા | તા.૧૫-૦૨-૨૦૨૦, | તા.૨૬-૦૩-૨૦૨૧, |

| | | |
|---|---|---|
| | તા.૧૭-૦૨-૨૦૨૦, તા.૧૪-૦૭-૨૦૨૦, તા.૧૮-૦૮-૨૦૨૦, તા.૨૭-૦૮-૨૦૨૦, તા.૧૫-૧૦-૨૦૨૦ | તા.૧૬-૦૪-૨૦૨૧, તા.૨૩-૦૬-૨૦૨૧, તા.૦૬-૦૮-૨૦૨૧, તા.૨૭-૦૮-૨૦૨૧, તા.૨૮-૦૮-૨૦૨૧, તા.૧૪-૧૦-૨૦૨૧, તા.૧૮-૧૧-૨૦૨૧, તા.૦૩-૧૨-૨૦૨૧ |
| પંચમહાલ | તા.૧૦-૦૧-૨૦૨૦, તા.૨૭-૦૨-૨૦૨૦, તા.૨૫-૧૨-૨૦૨૦ | તા.૧૦-૦૧-૨૦૨૧, તા.૩૦-૦૧-૨૦૨૧, તા.૨૬-૦૪-૨૦૨૧, તા.૦૫-૦૮-૨૦૨૧, તા.૧૮-૧૧-૨૦૨૧ |

(૨) ઉક્ત ચેકિંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ,

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ (દંડની રકમ લાખમાં)** |
| ખેડા | ખનન / વહન / સંગ્રહ | ૧૧.૨૫ | ૫૩.૬૭ |
| પંચમહાલ | | ૫૫૭૦.૨૭ | ૪૪.૦૪ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| ખેડા | ૨૦ ઈસમો પાસેથી પૂરેપૂરી દંડકીય રકમની વસૂલાત કરવામાં આવેલ છે અને ૨ ઈસમોને કારણદર્શક નોટિસ પાઠવેલ છે. |
| પંચમહાલ | ૧૮ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરેલ છે અને ૪ ઈસમોને કારણદર્શક નોટિસ પાઠવેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| **જિલ્લો** | **પોલીસ ફરિયાદ** |
|---|---|
| ખેડા | શૂન્ય |
| પંચમહાલ | ૦૨ |

- - - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૪૧૫૩૯ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**પત્રક-અ**

(૧)

| માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **જિલ્લો** | **વ્યક્તિની સંખ્યા** | **દંડની રકમ** |
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | મહીસાગર | ૨૩૨૮૫ | ૯૨,૦૨,૨૦૦ |
| | | પંચમહાલ | ૩૮૩૧૮ | ૨,૩૬,૮૦,૪૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૨ | મહીસાગર | ૧૨૭૮૫ | ૧,૨૭,૮૫,૦૦૦ |
| | | પંચમહાલ | ૧૯૬૩૩ | ૧,૭૯,૬૯,૫૦૦ |

(૨)

- મહીસાગર – શૂન્ય
- પંચમહાલ – શૂન્ય

- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં દારૂની નવી પરમીટો**

૪૧૯૩૩ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ના સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં દારૂની પરમીટ માટેની કેટલી અરજીઓ મળી,

(૧) ૩૫૫૯

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી નામંજૂર કરી અને કેટલી પડતર છે,

(૨)

| **મંજૂર** | **નામંજૂર** | **પડતર** |
|---|---|---|
| ૩૪૩૩ | ૧૨૬ | ૦ |

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે,

(૩) અરજદાર દ્વારા જરૂરી આધાર-પુરાવાઓ રજૂ કરાયેલ ન હોય તેવી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

(૪) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પડતર અરજીઓને નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરત અને વલસાડ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૪૧૫૫૧ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**પત્રક-અ**

(૧)

| માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **જિલ્લો** | **વ્યક્તિની સંખ્યા** | **દંડની રકમ** |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | સુરત શહેર | ૧,૭૭,૬૮૫ | ૮,૬૭,૭૫,૬૦૦ |
| | | સુરત ગ્રામ્ય | ૫૫,૨૮૪ | ૩,૧૪,૫૨,૬૪૫ |
| | | વલસાડ | ૬૧,૯૯૭ | ૨,૨૮,૨૫,૪૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૨ | સુરત શહેર | ૧,૪૦,૫૦૯ | ૧૭,૪૮,૬૬,૨૦૦ |
| | | સુરત ગ્રામ્ય | ૧,૬૭૭ | ૧૬,૭૭,૦૦૦ |
| | | વલસાડ | ૧૯,૨૭૫ | ૧,૯૨,૭૫,૦૦૦ |

(૨)

- સુરત શહેર – ૮ વ્યક્તિ વિરુધ્ધ IPC-1860 તથા ધ એપેડેમીક ડિસીઝ એક્ટ 1897ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે.
- સુરત ગ્રામ્ય – ૬૫ વ્યક્તિ વિરુધ્ધ IPC-1860 તથા ધ એપેડેમીક ડિસીઝ એક્ટ 1897ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે.
- વલસાડ – શૂન્ય.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા / શહેરમાં બળાત્કારના બનાવો**

૪૧૪૫૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા/શહેરમાં બળાત્કાર અને સામુહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, જિલ્લા/શહેરવાર અને કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨)

| જિલ્લા / શહેર | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| સાબરકાંઠા જિલ્લો | ૪૧ | ૭૦ |
| હિંમતનગર શહેર | ૦૭ | ૧૮ |
| અરવલ્લી જિલ્લો | ૧૧ | ૨૩ |
| મોડાસા શહેર | ૦૫ | ૦૨ |

(૩)

| જિલ્લા / શહેર | ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|---|
| સાબરકાંઠા જિલ્લો | ૧૩૫ | ૨ |
| હિંમતનગર શહેર | ૩૩ | ૦ |
| અરવલ્લી જિલ્લો | ૪૬ | ૦ |
| મોડાસા શહેર | ૮ | ૦ |

**પત્રક**

| જિલ્લા / શહેર | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ | | | |
|---|---|---|---|---|
| | બળાત્કાર | રીમાકર્સ | સામુહિક બળાત્કાર | રીમાકર્સ |
| સાબરકાંઠા જિલ્લો | ૪૧ | લગ્ન કરવાના ઈરાદે – ૧૬<br>બળજબરી પૂર્વક – ૧૧<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી - ૬<br>બદનામ કરવાના ઈરાદે – ૮ | ૦૦ | - |
| હિંમતનગર શહેર | ૦૭ | લગ્ન કરવાના ઈરાદે – ૪<br>બળજબરી પૂર્વક – ૧ | ૦૦ | - |

| | | | | |
|---|---|---|---|---|
| | | લોભ લાલચ લલચાવી ફોસલાવી - ૨ | | |
| અરવલ્લી જિલ્લો | ૧૧ | લગ્ન કરવાના ઈરાદે – ૮<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી - ૨<br>બળજબરી પૂર્વક – ૧ | ૦૦ | - |
| મોડાસા શહેર | ૦૫ | લગ્ન કરવાના ઈરાદે - ૪<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક - ૧ | ૦૦ | - |

| **તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા / શહેર** | **બળાત્કાર** | **રીમાકર્સ** | **સામુહિક બળાત્કાર** | **રીમાકર્સ** |
| સાબરકાંઠા જિલ્લો | ૭૦ | લગ્ન કરવાના ઈરાદે – ૪૬<br>બળજબરીપૂર્વક - ૪<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી – ૯<br>બદનામ કરવાના ઈરાદે – ૭<br>એકાંતનો લાભ લઈ - ૨<br>માનસિક રીતે અસ્થિરનો લાભ - ૧<br>મૈત્રી ભાવ કેળવી બળજબરીપૂર્વક – ૧ | ૦૦ | - |
| હિંમતનગર શહેર | ૧૮ | લગ્ન કરવાના ઈરાદે – ૭<br>બળજબરીપૂર્વક – ૩<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી – ૫<br>એકાંતનો લાભ લઈ - ૩ | ૦૦ | - |
| અરવલ્લી જિલ્લો | ૨૩ | લગ્ન કરવાના ઈરાદે – ૧૯<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી – ૨<br>બદનામ કરવાના ઈરાદે – ૧<br>બળજબરીપૂર્વક – ૧ | ૦૦ | - |
| મોડાસા શહેર | ૦૨ | લગ્ન કરવાના ઈરાદે – ૨ | ૦૦ | - |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૪૧૪૯૨ **શ્રી પ્રવિણભાઈ મુસડિયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

(૧)

| **માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **જિલ્લો** | **વ્યક્તિની સંખ્યા** | **દંડની રકમ** |
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | જામનગર | ૬૭,૪૭૪ | ૪,૦૩,૯૫,૬૦૦ |
| | | દેવભૂમિ દ્વારકા | ૧૩,૩૧૦ | ૯૧,૫૧,૪૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૨ | જામનગર | ૩૮,૦૩૮ | ૩,૮૦,૩૮,૦૦૦ |
| | | દેવભૂમિ દ્વારકા | ૨૮,૬૨૩ | ૨,૨૪,૮૮,૮૦૦ |

(૨)

- જામનગર – ૩૦૭૭ વ્યક્તિઓ વિરુધ્ધ IPC-1860 તથા ધ એપેડેમીક ડિસીઝ એક્ટ 1897ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.

- દેવભૂમિ દ્વારકા – ૮૦ વ્યક્તિઓ વિરુધ્ધ IPC-1860 તથા ધ એપેડેમીક ડિસીઝ એક્ટ 1897ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.

- - - - - - - - -

**ભરૂચ અને વડોદરા જિલ્લામાં ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ**

૪૧૫૪૮ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો / લીઝોનું ચેકિંગ કરવામાં આવ્યું,

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
| ભરૂચ | તા.૨૭-૦૧-૨૦૨૦,<br>તા.૩૧-૦૧-૨૦૨૦,<br>તા.૨૭-૦૨-૨૦૨૦,<br>તા.૨૮-૦૨-૨૦૨૦,<br>તા.૧૮-૦૬-૨૦૨૦,<br>તા.૧૮-૦૭-૨૦૨૦,<br>તા.૨૮-૦૭-૨૦૨૦,<br>તા.૧૧-૦૯-૨૦૨૦,<br>તા.૨૩-૧૦-૨૦૨૦,<br>તા.૩૦-૧૦-૨૦૨૦ | તા.૨૨-૦૫-૨૦૨૧,<br>તા.૨૩-૦૫-૨૦૨૧,<br>તા.૦૨-૦૬-૨૦૨૧,<br>તા.૨૨-૦૬-૨૦૨૧,<br>તા.૧૫-૦૭-૨૦૨૧,<br>તા.૧૬-૦૭-૨૦૨૧,<br>તા.૦૫-૦૮-૨૦૨૧,<br>તા.૨૭-૦૮-૨૦૨૧,<br>તા.૨૮-૦૮-૨૦૨૧,<br>તા.૧૭-૦૯-૨૦૨૧,<br>તા.૧૮-૧૧-૨૦૨૧,<br>તા.૦૧-૧૨-૨૦૨૧, |
| વડોદરા | તા.૧૦-૦૨-૨૦૨૦,<br>તા.૨૮-૦૨-૨૦૨૦,<br>તા.૧૭-૦૩-૨૦૨૦,<br>તા.૧૮-૦૭-૨૦૨૦, | તા.૨૩-૦૫-૨૦૨૧,<br>તા.૧૦-૦૬-૨૦૨૧,<br>તા.૨૨-૦૬-૨૦૨૧,<br>તા.૨૬-૦૬-૨૦૨૧,<br>તા.૨૭-૦૬-૨૦૨૧,<br>તા.૨૮-૦૬-૨૦૨૧,<br>તા.૦૬-૦૮-૨૦૨૧,<br>તા.૨૭-૦૮-૨૦૨૧,<br>તા.૨૮-૦૮-૨૦૨૧,<br>તા.૦૯-૦૯-૨૦૨૧, |

(૨) ઉક્ત ચેકિંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ,

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ (દંડની રકમ લાખમાં)** |
| ભરૂચ | ખનન / વહન / સંગ્રહ | ૫૫૧.૭૮ | ૫૩.૨૬ |
| વડોદરા | | ૭.૦૨ | ૧૦૨.૪૭ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|

| | |
|---|---|
| ભરૂચ | ૭૫ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરવામાં આવેલ છે, ૧૨ ઇસમો સામે વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે તથા ૦૬ ઇસમોને કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે. |
| વડોદરા | ૩૮ ઇસમો પાસેથી પૂરેપૂરી દંડકીય રકમ વસૂલ કરવામાં આવેલ છે તથા ૦૨ ઇસમોને કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| જિલ્લો | પોલીસ ફરિયાદ |
|---|---|
| ભરૂચ | શૂન્ય |
| વડોદરા | શૂન્ય |

- - - - - - - - -

## પાટણ અને મહેસાણા જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ

૪૧૪૫૦ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **જિલ્લો** | **વ્યક્તિની સંખ્યા** | **દંડની રકમ** |
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | પાટણ | ૬૩૩૯૮ | ૨,૨૬,૮૯,૭૦૦ |
| | | મહેસાણા | ૯૪૯૮૯ | ૫,૦૫,૪૫,૨૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ | પાટણ | ૨૫૨૪૪ | ૨,૫૨,૪૪,૦૦૦ |

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨)
- પાટણ- ૫૮૫૯ વ્યક્તિઓ વિરુધ્ધ I P C, ૧૮૬૦ તથા ધી એપેડેમીક ડિસીઝ એક્ટ ૧૮૯૭ ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.
- મહેસાણા – ૩૭ વ્યક્તિઓ વિરુધ્ધ I P C, ૧૮૬૦ તથા ધી એપેડેમીક ડિસીઝ એક્ટ ૧૮૯૭ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.

- - - - - - - - -

## સુરત અને અમરેલી જિલ્લામાં ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ

૪૧૪૮૩ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો / લીઝોનું ચેકિંગ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |

| | | |
|---|---|---|
| સુરત | તા.૨૫-૦૨-૨૦૨૦ | તા.૨૪-૦૬-૨૦૨૧, તા.૨૬-૦૬-૨૦૨૧, તા.૧૫-૦૭-૨૦૨૧, તા.૧૬-૦૭-૨૦૨૧, તા.૦૫-૦૮-૨૦૨૧, તા.૧૫-૧૨-૨૦૨૧ |
| અમરેલી | તા.૨૦-૦૨-૨૦૨૦, તા.૨૧-૦૨-૨૦૨૦ | તા.૦૫-૦૮-૨૦૨૧, તા.૧૯-૦૬-૨૦૨૧, તા.૨૭-૦૮-૨૦૨૧, તા.૨૫-૧૧-૨૦૨૧ |

(૨) ઉક્ત ચેકિંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ,

(૨)

| જિલ્લો | ગેરરીતિનો પ્રકાર | સમયગાળો | |
|---|---|---|---|
| | | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ (દંડની રકમ મ લાખમાં)** |
| સુરત | ખનન / | ૨૪.૪૬ | ૨૬.૫૩ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| સુરત | ૨૬ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે તથા ૦૬ ઈસમોને કારણદર્શક નોટિસ આપેલ છે અને ૦૧ ઈસમ સામે વસૂલાત હુકમ કરેલ છે. |
| અમરેલી | ૦૯ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે તથા ૦૧ ઈસમ સામે વસૂલાત હુકમ કરેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| **જિલ્લો** | **પોલીસ ફરિયાદ** |
|---|---|
| સુરત | ૧ |
| અમરેલી | શૂન્ય |

---------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૪૧૫૪૫ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

**માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ**

| ક્રમ | સમયગાળો | જિલ્લો | વ્યક્તિની સંખ્યા | દંડની રકમ |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | વડોદરા શહેર | ૧,૦૯,૯૦૦ | ૮,૧૧,૯૪,૧૦૦ |
| | | વડોદરા ગ્રામ્ય | ૨૮,૭૦૨ | ૧,૬૩,૫૦,૪૦૦ |
| | | નર્મદા | ૯,૫૫૮ | ૩૨,૪૪,૦૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૨ | વડોદરા શહેર | ૭૧,૧૮૮ | ૬,૭૩,૭૦,૧૦૦ |
| | | વડોદરા ગ્રામ્ય | ૫૭,૬૩૪ | ૪,૫૨,૮૨,૪૦૦ |
| | | નર્મદા | ૫,૬૯૫ | ૫,૬૯,૫૦૦૦ |

(૨)

- વડોદરા શહેર- ૧૦૫ વ્યક્તિ વિરુદ્ધ IPC, ૧૮૬૦ તથા ધી એપેડેમીક ડિસીઝ એક્ટ ૧૮૯૭ ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.
- વડોદરા ગ્રામ્ય – ૧૫૨૨૮ વ્યક્તિઓ વિરુદ્ધ IPC, ૧૮૬૦ તથા ધી એપેડેમીક ડિસીઝ એક્ટ ૧૮૯૭ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.

---------

### એ.સી.બી. દ્વારા વર્ગ-૧,૨,૩ અને ૪ના અધિકારી/કર્મચારી વિરુધ્ધ ગૂના

૪૧૫૧૨ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૮-૦૩-૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૩૦૭૩ (અગ્રતા-૨૩૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એ.સી.બી. દ્વારા વર્ગ-૧,૨,૩ અને ૪ના વર્ગવાર અધિકારી, કર્મચારીઓ તેમજ વચેટીયાઓ વિરુધ્ધ નોંધાયેલા ગૂનાઓમાં ૮૮ આરોપીઓને પકડવાના બાકી હતા તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી આરોપીઓને પકડવાના શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૩૯

(૨) ૪૯

(૩)

(૧) ૩૨ આરોપીઓ નામદાર કોર્ટના હુકમના કારણે પકડવાના બાકી છે.

(૨) ૧૧ આરોપીઓ તપાસ ઉપર પુરાવા મેળવી પકડવાના બાકી છે.

(૩) ૦૪ આરોપીઓ વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરંટ મેળવેલ છે.

(૪) ૦૧ આરોપી મરણ ગયેલ છે.

(૫) ૦૧ વિરુધ્ધ ખાતાકીય તપાસ માટે લખવામાં આવેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૪૨૭૨૪ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં પોલીસ દ્વારા માસ્ક ન પહેરવા માટે દંડ પેટે કેટલી રકમ વસૂલવામાં આવી, અને

(૨) દંડની રકમ ન ભરનાર વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **અમદાવાદ શહેરમાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડની રકમ** | |
|---|---|
| **સમયગાળો** | **દંડની રકમ** |
| તા. ૦૧.૦૧.૨૦૨૦ થી તા.૩૧.૧૨.૨૦૨૦ | ૪૯,૪૫,૯૯,૮૫૦ |
| તા. ૦૧.૦૧.૨૦૨૧ થી તા.૩૧.૧૨.૨૦૨૧ | ૩૩,૪૨,૬૯,૮૦૦ |

(૨) ધ ઇન્ડિયન પીનલ કોડ-૧૮૬૦ તથા ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની ઉચિત કલમો હેઠળ ગૂના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો**

૪૧૫૦૦ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લા/શહેરમાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, અપહરણ, આત્મહત્યા, ઘરફોડ ચોરી, રાયોટીંગ, આકસ્મિક મૃત્યુ, અપમૃત્યુ, ખૂનની કોશિષના કેટલા બનાવો બન્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર અને જિલ્લા/શહેરવાર કેટલા ગૂનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક

(૨)

| **જિલ્લા/શહેર** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
|---|---|---|
| જૂનાગઢ જિલ્લો | ૧૨૧૯ | ૧૧૪૫ |
| જૂનાગઢ શહેર | ૫૩૫ | ૬૪૬ |
| પોરબંદર જિલ્લો | ૩૪૫ | ૩૧૨ |
| પોરબંદર શહેર | ૨૭૦ | ૨૭૬ |

(૩)

| **જિલ્લા/શહેર** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
|---|---|---|
| જૂનાગઢ જિલ્લો | ૧૦૦૧ | ૩૩ |
| જૂનાગઢ શહેર | ૪૧૭ | ૦૩ |
| પોરબંદર જિલ્લો | ૧૭૦ | ૦૪ |
| પોરબંદર શહેર | ૨૧૮ | ૦૩ |

**પત્રક**

| જિલ્લા / શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી | રાયોટીંગ | આકસ્મિક મૃત્યુ | અપમૃત્યુ | ખૂનની કોશિષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | | | | | | | | | |
| જૂનાગઢ જિલ્લો | ૦૭ | ૧૫ | ૦૨ | ૮૯ | ૨૩ | ૨૫૨ | ૭૯ | ૩૨ | ૨૭૭ | ૫૨૯ | ૧૫ |
| જૂનાગઢ શહેર | ૧૧ | ૦૫ | ૦૧ | ૯૯ | ૦૭ | ૬૬ | ૩૫ | ૧૨ | ૧૪૮ | ૨૧૪ | ૦૯ |
| પોરબંદર જિલ્લો | ૦૦ | ૦૭ | ૦૧ | ૧૧ | ૦૮ | ૮૧ | ૧૦ | ૦૩ | ૭૩ | ૧૫૨ | ૦૬ |
| પોરબંદર શહેર | ૦૦ | ૦૩ | ૦૦ | ૨૩ | ૦૧ | ૬૧ | ૧૮ | ૦૬ | ૫૧ | ૧૧૨ | ૦૫ |
| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | | | | | | | | | | |
| **જિલ્લા / શહેર** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક મૃત્યુ** | **અપમૃત્યુ** | **ખૂનની કોશિષ** |
| જૂનાગઢ જિલ્લો | ૦૩ | ૦૯ | ૦૦ | ૮૬ | ૩૬ | ૨૬૧ | ૬૨ | ૩૧ | ૨૩૬ | ૪૯૭ | ૧૨ |
| જૂનાગઢ શહેર | ૦૫ | ૦૫ | ૦૧ | ૮૪ | ૧૦ | ૧૨૫ | ૨૯ | ૦૩ | ૧૪૮ | ૨૭૩ | ૦૬ |
| પોરબંદર જિલ્લો | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૭ | ૧૦ | ૭૨ | ૦૬ | ૦૩ | ૭૧ | ૧૪૩ | ૦૪ |
| પોરબંદર શહેર | ૦૦ | ૦૪ | ૦૦ | ૧૮ | ૦૨ | ૭૩ | ૧૧ | ૦૨ | ૪૮ | ૧૨૧ | ૦૩ |

- - - - - - - - -

### ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ

૪૧૫૦૬ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **જિલ્લો** | **વ્યક્તિની સંખ્યા** | **દંડની રકમ** |
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | ગીર સોમનાથ | ૨૯૩૪૨ | ૧,૪૮,૨૩,૫૦૦ |
| | | જૂનાગઢ | ૮૩૯૨૪ | ૨,૩૦,૯૭,૬૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી | ગીર સોમનાથ | ૧૭૫૨૬ | ૧,૭૫,૨૬,૦૦૦ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૨)
- ગીર સોમનાથ- ૦ (શૂન્ય)
- જૂનાગઢ – ૦ (શૂન્ય)

- - - - - - - - -

### અમદાવાદ અને પંચમહાલ જિલ્લા / શહેરમાં ગુનાહિત કૃત્યો

૪૧૪૭૧ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને પંચમહાલ જિલ્લા / શહેરમાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, અપહરણ, આત્મહત્યા, ઘરફોડ ચોરી, રાયોટીંગ, આકસ્મિક મૃત્યુ, અપમૃત્યુ, ખૂનની કોશિષના કેટલા બનાવો બન્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર અને જિલ્લા / શહેરવાર કેટલા ગૂનાઓ ઉકેલવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) પત્રક-૧

(૨)

| જિલ્લા / શહેર | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| અમદાવાદ જિલ્લો | ૧૧૫૭ | ૧૧૮૪ |

| | | |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૬૨૫૮ | ૭૨૧૩ |
| પંચમહાલ જિલ્લો | ૭૭૬ | ૬૮૬ |
| ગોધરા શહેર | ૧૪૮ | ૧૫૦ |

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩)

| જિલ્લા / શહેર | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| અમદાવાદ જિલ્લો | ૧૬૧૩ | ૫૬ |
| અમદાવાદ શહેર | ૮૧૩૦ | ૨૪ |
| પંચમહાલ જિલ્લો | ૧૧૮૪ | ૮૬ |
| ગોધરા શહેર | ૩૫૦ | ૧૧ |

**પત્રક-૧**

| જિલ્લા / શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી | રાયોટીંગ | આકસ્મિક મૃત્યુ | અપમૃત્યુ | ખૂનની કોશિષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | | | | | | | | | |
| અમદાવાદ જિલ્લો | ૧૭ | ૨૪ | ૧૦ | ૧૨૫ | ૧૦ | ૧૩૫ | ૫૬ | ૨૪ | ૩૧૬ | ૪૫૧ | ૪૨ |
| અમદાવાદ શહેર | ૧૧૯ | ૭૦ | ૨૩ | ૨૩૮૯ | ૨૪૭ | ૭૨૫ | ૪૫૪ | ૯૮ | ૧૩૮૫ | ૨૧૧૦ | ૧૩૩ |
| પંચમહાલ જિલ્લો | ૭ | ૨૯ | ૩ | ૯૬ | ૪૭ | ૯૯ | ૨૯ | ૩૦ | ૧૯૪ | ૨૯૩ | ૧૧ |
| ગોધરા શહેર | ૧ | ૦ | ૦ | ૪૪ | ૧૧ | ૧૪ | ૧૩ | ૯ | ૩૬ | ૫૦ | ૩ |
| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | | | | | | | | | | |
| **જિલ્લા / શહેર** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક મૃત્યુ** | **અપમૃત્યુ** | **ખૂનની કોશિષ** |
| અમદાવાદ જિલ્લો | ૨૧ | ૨૬ | ૧૦ | ૨૦૦ | ૩૭ | ૧૪૬ | ૫૪ | ૪ | ૩૦૯ | ૪૫૫ | ૨૬ |
| અમદાવાદ શહેર | ૧૩૧ | ૯૭ | ૮ | ૨૬૨૯ | ૨૪૨ | ૯૭૯ | ૪૨૬ | ૮૧ | ૧૪૮૫ | ૨૪૬૪ | ૧૨૦ |
| પંચમહાલ જિલ્લો | ૧ | ૨૦ | ૨ | ૧૧૨ | ૬૯ | ૧૦૧ | ૩૧ | ૧૭ | ૧૯૮ | ૨૯૯ | ૧૦ |
| ગોધરા શહેર | ૫ | ૧ | ૦ | ૬૦ | ૪ | ૧૦ | ૨૦ | ૦ | ૩૬ | ૪૬ | ૩ |

---------

**અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો**

૪૨૧૮૪ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ હાઉસીંગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ વિભાગ માટે કેટલા રહેણાંકના મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૧૮૧

| તાલુકાનું નામ | મકાનોની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૫૬ |
| બાબરા | ૧૮ |
| ધારી | ૩૪ |
| ખાંભા | ૧૭ |
| સાવરકુંડલા | ૫૬ |
| **કુલ** | **૧૮૧** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલાનું કામ ચાલુ છે અને કેટલાનું કામ શરૂ થઇ શકેલ નથી,

(૨) ખંડ (૧)માં દર્શાવેલ તમામ ૧૮૧ મકાનોનું કામ ચાલુ છે.

(૩) જો કામ શરૂ ન થયેલ હોય તો તેના કારણો શાં છે, અને

(૩) બધા જ કામો શરૂ થઇ ગયેલ છે.

(૪) ક્યાં સુધીમાં આ કામ શરૂ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજયમાં ખનિજ ચોરી અટકાવવા ડ્રોન / (યુએવી) ની સુવિધા**

૪૧૫૨૧ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખનિજ

(૧) ૦૪ (ચાર)

ચોરી અટકાવવા રાજ્યમાં કેટલા (યુએવી)/ડ્રોનની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સુવિધા અન્વયે ડ્રોન સર્વેલન્સ સર્વિસ પ્રોવાઇડર કંપનીને સર્વિસની ચૂકવણી પેટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ચૂકવણી થયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | ૭૮.૫૯ |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૪૩.૪૪ |

(૩) ઉક્ત સુવિધા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સ્થળે ખનિજ ચોરી પકડવામાં આવી ?

(૩)

| વર્ષ | સ્થળની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | ૨૯ |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૪૫ |

---------

**નર્મદા બંધના ઓવરફ્લોના પાણીનો જથ્થો**

૪૧૫૦૯ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા બંધના ૧૨૧ મીટરથી વધુના ઓવરફ્લોની ગણતરીએ નર્મદા પૂર પાણીનો સરેરાશ કેટલો જથ્થો પ્રતિ સેકન્ડ ક્યુસેક નોંધાયો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ગેટ મુકાયા પછી પણ ૧૨૧ મીટરથી વધુના પૂર પાણીની ઉપયોગિતા સૌરાષ્ટ્ર કચ્છના જળાશયો ભરવા કેટલું નીર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોડાયું ?

**જવાબ**

(૧) નર્મદા બંધના ઓવરફ્લો દરમ્યાન વર્ષ ૨૦૨૦માં સરેરાશ ૨.૨૦ લાખ ક્યુસેક પૂરનું પાણી નીચવાસમાં નર્મદા નદીમાં છોડવામાં આવેલ જ્યારે વર્ષ ૨૦૨૧માં નર્મદા બંધ ઓવરફ્લો થયેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ સૌરાષ્ટ્ર અને કચ્છના જળાશયો ભરવા માટે પૂરના વધારાના પાણીમાંથી વર્ષ ૨૦૨૦માં સૌરાષ્ટ્ર માટે ૪૪૫ મિલિયન ઘનફૂટ તથા કચ્છ માટે ૮૨ મિલિયન ઘનફૂટ પાણીનો જથ્થો છોડાયેલ જ્યારે, વર્ષ ૨૦૨૧માં નર્મદા બંધ ઓવરફ્લો થયેલ નથી.

---------

**તાપી અને નવસારી જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૪૧૫૫૪ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

(૧)

| માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં આવેલ દંડ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સમયગાળો | જિલ્લો | વ્યક્તિની સંખ્યા | દંડની રકમ |
| ૧ | તા.૦૧.૦૨.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૧ | તાપી | ૧૨૧૫૪ | ૯૩,૬૮,૫૦૦ |
| | | નવસારી | ૩૪૬૫૦ | ૧,૭૬,૨૫૮૦૦ |
| ૨ | તા.૦૧.૦૨.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૨ | તાપી | ૧૬૬૦૪ | ૧,૬૬,૦૪,૦૦૦ |
| | | નવસારી | ૨૧૬૮૨ | ૨,૧૩,૯૩,૦૦૦ |

(૨)

- તાપી – ૦ (શૂન્ય),
- નવસારી – ૩ વ્યક્તિઓ વિરુધ્ધ IPC, ૧૮૬૦ તથા ધી એપેડેમીક ડિસીઝ એક્ટ, ૧૮૯૭ની સંબંધિત કલમો હેઠળ ગૂનો નોંધવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ**

૪૧૪૮૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો / લીઝોનું ચેકિંગ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
| સુરેન્દ્રનગર | તા.૦૪-૦૨-૨૦૨૦, તા.૨૦-૦૨-૨૦૨૦, તા.૨૪-૦૫-૨૦૨૦, તા.૨૮-૦૮-૨૦૨૦. | તા.૦૬-૦૪-૨૦૨૧, તા.૦૫-૦૮-૨૦૨૧, તા.૨૨-૦૯-૨૦૨૧, તા.૨૩-૦૯-૨૦૨૧, તા.૧૭-૧૦-૨૦૨૧ |
| ભાવનગર | તા.૨૦-૦૨-૨૦૨૦, તા.૨૧-૦૨-૨૦૨૦ | તા.૦૩-૦૪-૨૦૨૧, તા.૧૮-૦૬-૨૦૨૧, તા.૦૫-૦૮-૨૦૨૧ |

(૨) ઉક્ત ચેકિંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ,

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ (દંડની રકમ લાખમાં)** |
| સુરેન્દ્રનગર | ખનન / | ૨૬.૬૮ | ૧૫૩.૪૭ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૫૭ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે અને ૨૬ ઈસમોને કારણદર્શક નોટિસ આપેલ છે. |
| ભાવનગર | ૧૦ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| **જિલ્લો** | **પોલીસ ફરિયાદ** |
|---|---|
| સુરેન્દ્રનગર | શૂન્ય |
| ભાવનગર | શૂન્ય |

---------

તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં ગાંધીનગર ફ્લાઈંગ સ્ક્વોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ**

૪૧૪૭૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો / લીઝોનું ચેકિંગ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| જિલ્લો | સમયગાળો | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
| અમદાવાદ | તા.૦૪-૦૨-૨૦૨૦,<br>તા.૦૫-૦૨-૨૦૨૦,<br>તા.૧૫-૦૨-૨૦૨૦,<br>તા.૧૯-૦૨-૨૦૨૦,<br>તા.૨૦-૦૫-૨૦૨૦,<br>તા.૨૯-૦૫-૨૦૨૦,<br>તા.૦૨-૦૬-૨૦૨૦,<br>તા.૦૬-૦૬-૨૦૨૦,<br>તા.૧૧-૦૬-૨૦૨૦,<br>તા.૧૨-૦૬-૨૦૨૦,<br>તા.૧૩-૦૬-૨૦૨૦,<br>તા.૧૮-૦૬-૨૦૨૦,<br>તા.૨૭-૦૬-૨૦૨૦,<br>તા.૦૪-૦૭-૨૦૨૦,<br>તા.૦૧-૦૮-૨૦૨૦,<br>તા.૦૬-૦૮-૨૦૨૦,<br>તા.૧૮-૦૮-૨૦૨૦,<br>તા.૨૨-૦૮-૨૦૨૦,<br>તા.૨૭-૦૮-૨૦૨૦,<br>તા.૧૧-૦૯-૨૦૨૦,<br>તા.૦૭-૧૦-૨૦૨૦,<br>તા.૧૫-૧૦-૨૦૨૦,<br>તા.૧૭-૧૦-૨૦૨૦,<br>તા.૨૦-૧૦-૨૦૨૦,<br>તા.૨૯-૧૨-૨૦૨૦,<br>તા.૩૦-૧૨-૨૦૨૦. | તા.૦૧-૦૧-૨૦૨૧,<br>તા.૧૯-૦૧-૨૦૨૧,<br>તા.૨૨-૦૧-૨૦૨૧,<br>તા.૨૩-૦૧-૨૦૨૧,<br>તા.૨૪-૦૧-૨૦૨૧,<br>તા.૦૧-૦૨-૨૦૨૧,<br>તા.૧૨-૦૨-૨૦૨૧,<br>તા.૧૩-૦૩-૨૦૨૧,<br>તા.૨૬-૦૩-૨૦૨૧,<br>તા.૧૧-૦૪-૨૦૨૧,<br>તા.૧૪-૦૪-૨૦૨૧,<br>તા.૨૭-૦૫-૨૦૨૧,<br>તા.૧૧-૦૬-૨૦૨૧,<br>તા.૧૭-૦૬-૨૦૨૧,<br>તા.૨૬-૦૬-૨૦૨૧,<br>તા.૦૬-૦૭-૨૦૨૧,<br>તા.૨૪-૦૭-૨૦૨૧,<br>તા.૨૫-૦૭-૨૦૨૧,<br>તા.૦૮-૦૮-૨૦૨૧,<br>તા.૧૩-૦૮-૨૦૨૧,<br>તા.૨૭-૦૮-૨૦૨૧,<br>તા.૧૦-૦૯-૨૦૨૧,<br>તા.૧૧-૦૯-૨૦૨૧,<br>તા.૧૭-૦૯-૨૦૨૧,<br>તા.૨૩-૧૦-૨૦૨૧,<br>તા.૧૬-૧૧-૨૦૨૧,<br>તા.૧૮-૧૧-૨૦૨૧,<br>તા.૦૧-૧૨-૨૦૨૧,<br>તા.૦૬-૧૨-૨૦૨૧,<br>તા.૨૯-૧૨-૨૦૨૧,<br>તા.૩૦-૧૨-૨૦૨૧,<br>તા.૩૧-૧૨-૨૦૨૧ |
| બોટાદ | તા.૨૦-૦૨-૨૦૨૦,<br>તા.૨૮-૦૫-૨૦૨૦, | તા.૦૬-૦૪-૨૦૨૧,<br>તા.૧૭-૦૭-૨૦૨૧. |

(૨) ઉક્ત ચેકિંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને

(૨)

વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ,

| જિલ્લો | ગેરરીતિનો પ્રકાર | સમયગાળો | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ રૂ.લાખમાં) | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ (દંડની રકમ રૂ.લાખમાં) |
| અમદાવાદ | ખનન / વહન / સંગ્રહ | ૪૦૧.૪૭ | ૫૮૪.૦૫ |
| બોટાદ | | ૪.૫૭ | ૩૧.૩૦ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| જિલ્લો | ઈસમો સામે કરેલ કાર્યવાહી |
|---|---|
| અમદાવાદ | ૧૦૮ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે, ૦૬ ઈસમોને કારણદર્શક નોટિસ આપેલ છે, ૦૪ ઈસમો સામે દંડકીય રકમની વસૂલાત અંગે હુકમ કરવામાં આવેલ છે તથા ૦૯ ઈસમો સામે સેશન્સ કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ છે. |
| બોટાદ | ૦૮ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે તથા ૦૩ ઈસમો સામે દંડકીય રકમની વસૂલાત અંગે હુકમ કરવામાં આવેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| જિલ્લો | પોલીસ ફરિયાદ |
|---|---|
| અમદાવાદ | ૦૧ (એક) |
| બોટાદ | શૂન્ય |

---------

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ઓછા પ્રશ્નો પૂછાવા અંગે**

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે અને તેના માટે ખાસ કરીને પ્રશ્નોત્તરીનો સમય આ ગૃહની કાર્યવાહીનો ખૂબ અગત્યનો સમય છે. એક કલાકનો સમય મળે. આખા ગુજરાતના ૧૮૨ વિધાનસભા વિસ્તારના પ્રતિનિધિઓ પોતાના વિસ્તાર અને રાજ્યની ચિંતા કરતા પ્રશ્નો અહીં રજૂ કરવા માગતા હોય છે. ભૂતકાળના અનેક માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો અને આપણાં વિધાનસભાના નિયમો હેઠળ પણ સ્પષ્ટ સૂચવવામાં આવ્યું છે કે પ્રશ્નોત્તરીનો સમયકાળ અગત્યનો હોઇ તેને ખોટી રીતે વ્યર્થ કરવો ન જોઇએ અને એટલા માટે પ્રશ્ન પૂછવા માટે પણ કહેવામાં આવ્યું છે કે ટૂંકા, સ્પષ્ટ અને સચોટ પ્રશ્નો પૂછવા.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર.

શ્રી અમિત ચાવડા : એ જ રીતે મંત્રીશ્રીઓ માટે પણ અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે કે એમણે પણ ટૂંકા, સચોટ અને સ્પષ્ટ જવાબ આપવા અને એના જ કારણે અનેક વખત મંત્રીશ્રીઓ અને પ્રશ્નકર્તાઓને અધ્યક્ષશ્રીઓ દ્વારા ટકોર પણ કરવામાં

આવી છે. તેના અનેક નિર્ણયો પણ છે. *(xxx) અને જે રીતે મંત્રીશ્રીઓ ખૂબ વિસ્તૃત જવાબો આપે છે. આજના આખા એક કલાકમાં ત્રણ પ્રશ્નોની ચર્ચા થઇ. (અંતરાય) એક જ મિનિટ. મને કહી તો દેવા દો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપના વક્તવ્યમાં મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી અમિત ચાવડા : મારું કહેવાનું પતે પછી કહેજો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : પણ આપના વક્તવ્યમાં મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી અમિત ચાવડા : મારા પછી તમે કહેજો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે નિર્ણય લીધો. આપ જે રીતે સંચાલન કરી રહ્યા છો એ શબ્દો જે કહ્યા છે એમાં આપની, સ્પીકર સાહેબની ટીકાત્મક વાત છે..

શ્રી અમિત ચાવડા : કોઇ ટીકાત્મક વાત નથી.
શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : પહેલાં તો એ શબ્દો કાઢી નાખવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ જાતની વાત આપ ન કરી શકો. એટલે એવા શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વાત એટલી જ છે કે ભૂતકાળના અનેક નિર્ણયો છે. આ પ્રશ્નોત્તરીના સમયનો પૂરેપૂરો સદુપયોગ થવો જોઇએ. આજના દિવસમાં એક કલાકની અંદર ત્રણ પ્રશ્નોની ચર્ચા થઇ.

અધ્યક્ષશ્રી : એ આપને જોવાનું નથી, મારે જોવાનું છે.

શ્રી અમિત ચાવડા : મારી વાત કહેવાનો મને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : તમે લાંબી વાત ન કરો. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર એકઝેટ શું છે એ જ સમજાતું નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એ જ કહું છું. આજની પ્રશ્નોત્તરીનું જે પ્રોસીડીંગ છે એ આપણે કઢાવીશું તો પ્રશ્નના અનુરૂપ જવાબો બિલકુલ વિપરિત આપવામાં આવ્યા છે. બીજા વિષયને લગતા લાંબા લાંબા જવાબો આપવામાં આવ્યા છે એટલે અમારી તો એટલી જ વિનંતી છે કે ભૂતકાળના અધ્યક્ષશ્રીઓના નિર્ણયો અને નિયમ અનુસાર પ્રશ્નોત્તરીમાં સભ્યશ્રીઓનો જે અધિકાર છે તેનું રક્ષણ થાય. ટૂંકા, સચોટ અને પ્રશ્નને લગતા હોય એવા જ જવાબ અપાય એવી પ્રણાલિ જે રહી છે તેને અનુસરાય એવો આપનો આદેશ થાય.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

અધ્યક્ષશ્રી : આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. (અંતરાય) તમે અધ્યક્ષશ્રીએ કઇ રીતે ગૃહ ચલાવવું એની ચર્ચા કરો? આ રીતે વાત કરો તો પોઇન્ટ ઓફ ઓર્ડર કેવી રીતે બને? અધ્યક્ષોના નિર્ણયો ખબર છે. આપણે નિર્ણયો આપીએ પણ પોઇન્ટ ઓફ ઓર્ડર તો વ્યવસ્થિત રજૂ કરો. એ જ આપ ટૂંકમાં કહો જે કહેવું હોય તે. લાંબું લેક્ચર આપીને આપ આખી પ્રણાલિકાનું વર્ણન કરો એ બરાબર નથી. (અંતરાય) નર્મદાનો અગત્યનો પ્રશ્ન હતો એટલે મેં સમય આપ્યો છે. હોમનો પણ ખૂબ અગત્યનો પ્રશ્ન હતો એટલે મેં સમય આપ્યો છે. આ વિષે વધુ ચર્ચા ન થાય, હજી ઘણું બધું કામ બાકી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપનો નિર્ણય સર્વમાન્ય જ હોય એમાં કોઇ સવાલ જ પેદા થતો નથી. પ્રશ્ન ત્યાં આવીને અટકે છે કે આપ અધ્યક્ષા બન્યા પછી આ પહેલી વખત રેકોર્ડ થયો કે ત્રણ પ્રશ્નો પૂછાયા. પ્રણાલિ એવી રહેલી છે કે ૧૮૨ ધારાસભ્યો જીતીને આવતા હોય છે એ પોતાના પ્રશ્નો આ પ્રશ્નાવલિમાં રજૂ કરતા હોય છે. આજની પ્રશ્નોત્તરીમાં ૧૮૫ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. માત્ર ૩ પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા. આપની પેરીફિરીમાં આવે છે. આપનો આદેશ અમારા માટે માન્ય છે. અમારી વિપક્ષ તરીકે લાગણી એટલી જ છે કે ભૂતકાળની અંદર આપની પહેલાના જે પણ માનનીય અધ્યક્ષશ્રીઓ રહેલા છે એમના જે નિર્ણયો છે એ નિર્ણયોમાં ખૂબ જ કલીયરલી કીધેલું છે કે પ્રશ્નોત્તરીકાળ એ વિધાનસભા માટેનો સૌથી મહત્ત્વનો કાળ છે અને આ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પૂછેલા પ્રશ્નો સભ્યોએ પણ ટૂંકાણમાં પ્રશ્નો પૂછવા અને મંત્રીશ્રીએ પણ એના ટૂંકમાં જવાબ આપવા. જો એનું વિવરણ લાંબુ હોય તો ટેબલ ઉપર મૂકવું. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૨૦૦૮-૨૦૧૨ની અંદર પાના નં. ૬૨ ઉપર ૩૭ નંબરનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એમાં આ કમ્પલીટલી લખેલું છે. એવી જ રીતે પાના નં. ૬૩ ઉપર ૩૮ નંબરના આ રીતે પૂછેલ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં કંમ્પલીટલી અધ્યક્ષશ્રીનું રૂલીંગ આવેલું છે. અમારી તો આપશ્રીને વિનંતી છે કે આપ જે પણ નિર્ણય આપશો એ અમને માન્ય છે પણ મંત્રીશ્રીઓને આપ સૂચના આપો.* (xxx)

અધ્યક્ષશ્રી : આવો આક્ષેપ આપ ના કરી શકો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ કલીયર વાત છે પણ અમે તમારી વાતમાં આવતા નથી એટલે જ અમે અમારી વાત પ્રશ્ન નંબર-૨માં લઇ લીધી, અમને ખબર હતી કે પ્રશ્ન નંબર-૫ નહીં આવે. અમારી આપને વિનંતી છે કે પ્રશ્ન બધા પૂછી શકે, લાંબો પ્રશ્નકાળ ચાલે, અમારું પણ રક્ષણ કરો અને મંત્રીશ્રીઓ પણ ટૂંકા જ જવાબ આપે એવી અમે આપને વિનંતી કરીએ છીએ. ભૂતકાળમાં અધ્યક્ષશ્રીઓના નિર્ણયોને આધીન અમે આપની સમક્ષ રજૂઆત કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ પણ પ્રશ્નોત્તરી દરમિયાન જવાબો ટૂંકમાં આપવા અને પૂછનાર સભ્યશ્રીઓએ પ્રશ્ન પણ ટૂંકમાં પૂછવા એવી વાત નિયમની અંદર કરેલી જ છે અને આજે મેં પણ મંત્રીશ્રીઓને પણ આ સૂચના આપી જ છે કે આપ ટૂંકમાં કહો. બન્ને મંત્રીશ્રીઓને સૂચના આપી હતી પણ પ્રશ્ન માનનીય મોહનસિંહભાઇનો લાંબો હતો, નર્મદાનો હતો, વિસ્થાપિતોની વાતો હતી એટલે મેં એમને જવાબ આપવા દીધો છે પરંતુ ફરી વખત હું સૌ સભ્યોને સૂચના આપું છું કે આપ સૌ આપનો પ્રશ્ન મર્યાદિત પૂછો જેથી આપણે વધુ પ્રશ્નોની ચર્ચા કરી શકીએ અને મંત્રીશ્રીઓ પણ જે પ્રશ્ન હોય એનો ટૂંકો જવાબ આપે જેથી કરીને વધારે પ્રશ્નો આપણે આની અંદર લાવી શકીએ.

**પોઇન્ટ ઓફ કલેરીફીકેશન**

તારાંકિત પ્રશ્નના જવાબમાં વિસંગતતા અંગે કલેરીફીકેશન

શ્રી બ્રિજેશ મેરજા (રાજ્યકક્ષાના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે પ્રશ્નોત્તરી કાળ પૂરો થયે ગૃહના વરિષ્ઠ સભ્યશ્રી આદરણીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી અને પ્રાયોરીટી ક્રમાંક-૧૭૪ કે જે મારા હસ્તકના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળનો જે પ્રશ્ન છે એ પ્રશ્નના જવાબમાં વિસંગતતા રજૂ કરી અને જે પ્રશ્ન ઉઠાવેલો તે અંગે સંસદીય પ્રણાલીમાં પી.એચ.ડી. જેટલું જ્ઞાન ધરાવતા આદરણીય સંસદીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવેલું કે માનનીયશ્રી પુંજાભાઇએ જે વાત કરી એને સાચી માની લેવાનું કોઇ કારણ નથી તે અંગે આપે જણાવેલું કે પ્રશ્નની પૂરેપૂરી તપાસ કરી મંત્રીશ્રી કલેરીફીકેશન કરશે. મીડીયામાં ખોટો મેસેજ ના જાય, ગૃહના સભ્યશ્રીઓ સાચી વાતથી સુવિદિત થાય એટલા માટે હું આપના આદેશથી આ કલેરીફીકેશન કરવા માગું છું કે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલો હતો તે અન્વયે વિનમ્રભાવે ગૃહનું ધ્યાન દોરું કે માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ કહેલું તેમ માનનીય પુંજાભાઇની વાતને સાચી માની લેવાની જરૂર નથી અને હા, હકીકતે એવું જ બન્યું છે. જવાબમાં કોઇપણ પ્રકારની વિસંગતતા નથી. આમ આપના માધ્યમથી ગૃહને જણાવવા માગું છું કે તે પ્રશ્નના જવાબમાં આપેલી માહિતી રેકર્ડ આધારીત આપેલી માહિતી સાચી છે, તેમાં કોઇ પ્રકારની ક્ષતિ નથી. માહિતીમાં કોઇ વિસંગતતા નથી એ મેં જાતે ચકાસીને રજૂ કરી છે. આભાર.

**રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

ગુજરાત ખેલકૂદ નીતિ-૨૦૨૨ બાબત

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ, આપશ્રીની અનુમતિથી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે, હું ગુજરાત

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૨

## રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

રાજ્યમાં રમત-ગમતની પ્રવૃત્તિને જરૂરી પ્રોત્સાહન મળે અને રમત-ગમત પ્રવૃત્તિમાં રાજ્ય દેશભરમાં અગ્રેસર બને તે માટે રાજ્ય સરકારે ગુજરાત ખેલકૂદ નીતિ ૨૦૨૨ તૈયાર કરી છે. આ મહત્ત્વાકાંક્ષી અને સર્વગ્રાહી નીતિ અંતર્ગત ગુજરાત રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રીમ સ્થાન મેળવી શકે તે હેતુસર વિવિધ પગલાઓ સુચવવામાં આવેલ છે. જેમાં સ્પોર્ટસ મેન, કોચ, એસોસિએશન તેમજ યુવાનો માટે વિવિધ પ્રોત્સાહક જોગવાઇઓ કરવામાં આવેલ છે. ગુજરાત રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્પર્ધાઓનું આયોજન કરી શકે અને ગુજરાત સ્પોર્ટસ ગુડ્સ મેન્યુફેક્ચરીંગનું હબ બને તેવા પ્રયાસો પણ આ નીતિ અંતર્ગત સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા લીધેલ વિવિધ પ્રોત્સાહક પગલાંને કારણે રાજ્યમાં રમત-ગમત માટે ઘણું જ હકારાત્મક વાતાવરણ ઉભું થયેલ છે. આપણા રાજ્યના રમતવીરો પુરા ઉત્સાહથી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતાં થયા છે અને વિવિધ મેડલો પણ મેળવી રહ્યા છે. તેવા સંજોગોમાં તેમને વધુ પ્રોત્સાહન મળે, રાજ્યમાં સ્પર્ધાનું વાતાવરણ ઉભું થાય, રાજ્ય રમત-ગમતના કેન્દ્ર તરીકે સમગ્ર દેશમાં ઉપસી આવે તે આ નીતિનો મુખ્ય હેતુ છે. તેના કારણે રાજ્યના રમતવીરોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવાનું પ્રોત્સાહન મળશે. રમત-ગમત પ્રવૃત્તિને વધુ પ્રોત્સાહિત કરવા અને તેનો સંપૂર્ણ વિકાસ કરવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

નિયમ-૪૪ હેઠળનું નિવેદન રજૂ કરવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર(વિપક્ષના ઉપનેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે અર્જન્ટ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બાબતનું નિયમ-૪૪ હેઠળનું નિવેદન લઇને આવ્યા છે. એમને અધિકાર છે અને આપે પરમિશન આપી છે એનો અમને કોઇ વાંધો નથી. નિયમ-૪૪ માં લખ્યું છે કે સરકાર દ્વારા કોઇ નવી જાહેરાત કરવાની હોય તો માનનીય મંત્રીશ્રી એમના ઉદ્‌બોધનમાં કહે છે કે રાજ્ય સરકારે ગુજરાત ખેલ કૂદ નીતિ-૨૦૨૨ નીતિ તૈયાર કરી છે. નિયમ-૪૪માં બહુ ક્લીયર કહ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા ખેલકૂદ નીતિ-૨૦૨૨ કમ્પ્લીટ કરી દીધી હોય, નિયમો બનાવી દીધા હોય, એની વ્યાખ્યા તૈયાર કરી દીધી હોય, ધારાસભ્યશ્રીઓના હાથમાં એ કોપી આપવાની હોય ત્યારે નિયમ-૪૪ મુજબ આ વિધાનસભા ગૃહમાં તમે જાહેરાત કરી શકો છો. સરકારે કોઇ તૈયારી કરી અને તૈયારીના સ્વરૂપમાં આ વિધાનસભા ગૃહમાં નિયમ-૪૪ મુજબ કોઇપણ સંજોગોમાં જાહેરાત થઇ શકતી નથી. એટલે મારે આપનું ધ્યાન દોરવું છે કે વિધાનસભાના નિયમોના નિયમ અનુસાર ૪૪ની અંદર માનનીય મંત્રીશ્રીએ આજે જાહેરાત નથી કરી પણ વિભાગ તૈયારી કરે છે એ વાત આ વિધાનસભા ગૃહમાં શક્ય નથી. હા, સરકારે નક્કી કર્યું હોય કે ગુજરાત સરકાર દ્વારા ખેલકૂદ નીતિ ૨૦૨૨ની નીતિ અમે આજે જાહેર કરીએ છીએ અને એ જાહેરાત મુજબ અમારો આ કાર્યક્રમ રહેશે તો જ એની માન્યતા મળવી જોઇએ. માનનીય મંત્રીશ્રીએ નિયમ-૪૪ મુજબ જે વાત કરી છે એ હાઉસમાં ટકી શકે એમ નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૪૪ હેઠળ આપ સાહેબને અધિકાર છે. સરકારને અધિકાર છે કે એમણે શું જાહેર કરવું અને શું જાહેર ન કરવું. નીતિ જાહેર કરવાની બાબત છે. એમણે જાહેર કરી છે, આપે પરવાનગી આપી છે એનાથી વિશેષ હોઇ શકે નહી. આ કોઇ મુદ્દો બનતો નથી કે આ જાહેરાત કેમ કરી?

અધ્યક્ષશ્રી : નિયમ-૪૪ના નિવેદન બાબતે માનનીય શૈલેષભાઇએ જે વાત રજૂ કરી છે અને જે રીતે સંસદીય મંત્રીશ્રીએ એનો જવાબ આપ્યો છે એ મુજબ મારે એટલું જ કહેવાનું રહે છે કે નિયમ-૪૪ના નિવેદન અંગે મારી પાસે માનનીય મંત્રીશ્રી હર્ષભાઇએ મંજૂરી માગી હતી અને મેં એમને મંજૂરી આપી છે અને એમણે એમનું નિવેદન જાહેર કરેલ છે. નેકસ્ટ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રણાલિકા ખોટી પડે છે. તમારી પાસે નીતિ ન હોય અને તમે મંજૂરી આપો એ તો નિયમના વિરુદ્ધની વાત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આની કોઇ ચર્ચા ન હોય મેં વાત કરી દીધી છે. (અંતરાય) પ્રણાલિકા મુજબ જ થયું છે. એમણે મારી પાસે મંજૂરી માંગી. મેં એમને મંજૂરી આપી. એમણે નિવેદન કર્યું. એમને જે નિવેદન કરવું હોય નિયમ-૪૪ માં એ કરી શકે છે. (અંતરાય) એવું ન હોઇ શકે. બેસો. નિયમ-૪૪ હેઠળનું નિવેદન નીતિ વિષયક બાબત ઉપર હોવું જરૂરી નથી. જાહેર અગત્યની બાબત હોઇ શકે છે. આખો નિયમ કહો તો પણ વાંચી જઉં. એટલે નિવેદનની બાબત જાહેર અગત્યની ગણી પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ તબકકે મારે એટલું જ કહેવાનું છે કે એમણે જે નિવેદનની મંજૂરી મારી પાસે માંગી એ મંજૂરી મેં આપી છે અને એ મુજબ એમને પોતાને યોગ્ય લાગ્યું એ વાતની જાહેરાત કરી છે. આ બાબતની વધારે ચર્ચા ન થઇ શકે. મેં જવાબ આપી દીધો છે. નેકસ્ટ. પ્લીઝ, પરેશભાઇ, આપ બેસો. પ્લીઝ.

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનાં છઠ્ઠા અને સાતમા અહેવાલની રજૂઆત**

**શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો છઠ્ઠો અને સાતમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ૪ દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદાજુદા વિષય અગર તો સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ ઉપર ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે. નેક્સ્ટ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ ૨૦૨૨-૨૩ નું અંદાજપત્ર લઇને આવ્યા છે અને એમાં સમાવિષ્ટ સરકારની જાહેરાતો ફરી પાછો કહીશ તો તમે અકળાશો વચનોની વણજાર આ બધું વાંચતા વાંચતા મને એવું લાગ્યું કે *(xxx)(અંતરાય) જનરલ વાત કરું છું મારું ઓબ્ઝર્વેશન રહેલું છે કે *(xxx)

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ૪.૫૦ વાગ્યા છે. સમય ખૂબ વીતી ગયો છે. સમય ઓછો છે. સમય વધારવા માટે વિનંતી કરું છું. જેટલો સમય બગડ્યો છે તેટલો વધારી આપવા દરખાસ્ત છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય દંડકશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એને ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય વધારવામાં આવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કનુભાઇ સાહેબના અંદાજપત્રમાં સરકાર થકી નવી નવી યોજનાઓ જાહેર થઇ. મેં શ્રી કનુભાઇ સાહેબ જે દિવસે રજૂઆત કરવાના હતા તે દિવસની પૂર્વ સંધ્યાએ કહ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૨માં ચૂંટણી આવી રહી છે, ત્યારે ગુજરાતની પ્રજાને લાભ થાય તેવી યોજના શ્રી કનુભાઇ સાહેબે જાહેર કરી છે, પણ જાહેર કરી એમાં પૈસાની જોગવાઇ થઇ એમાં પૈસા ઓછા આપ્યા છે અને રાજ્યની વસતિ વધારે છે, ત્યારે સરકારને જે આવક થાય છે. આવક કરતા દેવા કેમ વધે છે, તે મારે જ્યારે તમે જવાબ આપો ત્યારે જાણવું છે. દેવાનો કેમ વધારો કરી રહ્યા છો? ખર્ચ કયાં થાય છે? બજેટ કરતા સરકારનું દેવું ૧ લાખ કરોડ રૂપિયા વધારે છે, એને આપણે કયાંથી પૂરીશું? કયાંથી આવશે? એની ચોખવટ થઇ નથી. ખાસ કરીને મધ્યાહ્ન ભોજન યોજનાના ખર્ચમાં ઘટાડો કર્યો છે. આખા રાજ્યમાં મધ્યાહ્ન ભોજન યોજનાના સુચારુ સંચાલન માટે વધારો થવો જરૂરી હતો, પણ ઘટાડો કર્યો છે. મારે જાણવું છે કે આ રાજ્યના શિક્ષણ વિભાગના સચિવ સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ માટે ૧૦,૦૦૦ રૂપિયા ખર્ચ કરવા માટેની જોગવાઇ કરી છે. તેને હું બિરદાવું છું, પણ અગાઉના વર્ષમાં જે આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ સ્કૂલોમાં જે વ્યવસ્થા ઉભી કરવાની છે તે પૂરી કરી શક્યા નથી. ત્યાં રહેતા છોકરાઓના ભણતર માટે વિષયવાર શિક્ષકો મૂકી શક્યા નથી. ૧૧ માસના કરાર આધારિત શિક્ષકો રાખ્યા છે અને શિક્ષકોનું શોષણ થાય છે. પાછી નવી સ્કૂલો ચાલુ કરો છો? તો શિક્ષકોને વહેલા ભરવાના છો કે સ્કૂલો ચાલુ કર્યા પછી ભરવાના છો તેની ચોખવટ થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ માટે ઘણી બધી વાતો થઇ છે. સૌરાષ્ટ્રમાં પહેલા કહ્યું કે સૌરાષ્ટ્રને પાણી મળે, ભાવનગરને પાણી મળે. હમણાં પ્રશ્ન ઉભો થયો. અમારા નસવાડી, બોડેલી, તિલકવાડા, કેવડિયા તરફથી જે કેનાલ આવે છે એ કેનાલમાંથી ઉપરવાસમાં પાણી લિફ્ટ કરીને આપવાની વાત હતી. અગાઉના મંત્રીશ્રીએ હા પાડેલી. તમે રેકર્ડમાં જોજો. જયાં વસાહતીઓ રહે છે. ડિમાન્ડ છે તેને નહિ આપી શકો? એ બાબતની જોગવાઇ માનનીય નાણામંત્રીએ કરી નથી. મને એનું દુઃખ થાય છે. ખેડૂતોના વીજ જોડાણ માટે ખેડૂતો રાજી થાય તે માટે રકમની જોગવાઇ કરી છે. મને ખબર છે કે ખેડૂતો પાસેથી ટીસી સુધીની લાઇન અને એનાથી આગળ પોતાના કનેકશન સુધીનો ચાર્જ હવે ખેડૂતોને ભરવાનો આવે છે. ચેક કરજો. માત્ર આદિવાસી વિસ્તાર પૂરતું હોય તો ખબર નહિ, પણ તમારા સૌરાષ્ટ્ર રાજકોટ, ભાવનગર તરફથી ખેડૂતોને પૈસા ભરવા પડે છે કે નથી ભરવા પડતા તે ચેક કરજો. આ બજેટમાં વાત થતી હોય. ખેડૂતોને વીજ જોડાણ માટે રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા ૮૩૦૦ જેટલી સબસિડી ખેડૂતોને નહિ હોય, પણ નવા પાવર સ્ટેશન બનાવવાના હશે તેમાં જોગવાઇ કરી હશે. તેનું કલેરીફીકેશન થાય તે ખૂબ જરૂરી છે. ખેડૂત ખાતેદાર અકસ્માતમાં મરી જાય, ઝેરી સાપ કરડવાથી મરી જાય તેના માટે તમે સહાય આપો છો. આજના મોંઘવારીના જમાનામાં ખેડૂતોને આ જે પૈસા આપીએ છીએ તે અપૂરતા છે. અપૂરતા પૈસાની અંદર તમારે વધારે જોગવાઇ કરવાની જરૂર હતી. મને એક પ્રસંગ યાદ આવે છે. અમારે ત્યાં ખેડૂત એક દુકાનેથી પીપડું પ્લાસ્ટીકનું ખરીદીને આવ્યો તો મેં કહ્યું શું ભાવે લાવ્યો તો કહે ૭૦૦ રૂપિયામાં લાવ્યો. બે તગારાં લઇને આવ્યો તો મેં કહ્યું આનો શું ભાવ તો કહે ૯૦ રૂપિયા. એટલે ટોટલ ૮૮૦ રૂપિયા થયા. આ સરકારમાં અધિકારીઓ બેઠા છે અને તે અધિકારીઓ ખેડૂતોને મફતના ભાવે આ ડ્રમ અને કેરેટ આપવાની યોજના લઇને આવ્યા છે. કેવા ખેડૂતોને આપવાના છે? આદિવાસીઓને આપવાના છે, અનુસૂચિત જનજાતિના ખેડૂતોને આપવાના છે કે બધા ખેડૂતોને આપવાના છે તેની વાત થવી જોઇએ. તેનું જે ટેન્ડરીંગ થયું છે,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ જ પીપડાંના ભાવ અગાઉ ૧૩૫૦ રૂપિયાની આસપાસ કંપનીઓએ ભર્યા હતા અને તે જ કંપનીઓ આ વખતે ૨૧૩૭ કે ૨૧૩૮ રૂપિયા ભાવ ભરીને બેઠી છે. આ કામગીરી ગુજરાત એગ્રોને આપી છે. આ જે પ્રકરણ છે તે પ્રકરણની તપાસ થવી જોઇએ. તમારા એક-બે અધિકારી તેમાં ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને પોતાનો પાક બચાવવા તારની વાડની જાહેરાત કરી તે સારી છે ગમે છે. આ વાડ બનાવવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરી છે. રૂ. ૨૦ કરોડમાં કેટલા ખેડૂતોને તમે લાભ આપવાના છો? અમારા જંગલ વિસ્તારમાં જંગલી ભૂંડ, શિયાળ, ડુક્કર જેવા પ્રાણીઓ ખેતીના પાકને નુકસાન કરે છે. તો ખાસ કરીને નાનો સિમાંત ખેડૂત હોય તેને એક હેકટર સુધી વ્યક્તિગત રીતે તારની વાડ બનાવવાની સંમતિ આપો. તમે દસ-વીસ ખેડૂતને ભેગા કરીને આ વાડ બનાવવાની વાત કરો છો તે શક્ય નથી. તેમાં તમે ફાળવેલા નાણાં વપરાઇ શકતા નથી. આ ગુજરાતની સરકાર આદિવાસી વિસ્તારમાં ખેતીપાક સારો થાય, ખેડૂતોની આવક બમણી થાય, ખેડૂત મજબૂત બને તેવા ઈરાદાથી ૨૦ કિલોગ્રામ મકાઇનું બિયારણ, એક થેલી ખાતર, એક થેલી યુરિયા આપવાની જે યોજના અમલમાં મૂકેલી છે અને તેના ફોર્મનું વિતરણ તમારા ટ્રાઇબલના અધિકારી મારફતે, તમારી ભગિની સંસ્થાઓ મારફતે ગામડામાં કરવામાં આવે છે. જાગૃત ખેડૂત તેનો લાભ વખતોવખત લઇ જાય છે અને છેવાડાનો ખેડૂત તેમાંથી બાકાત રહી જાય છે. આ જે સિસ્ટમ છે તેમાં તમે સુધારો કરો. તમારી પાસે ગ્રામસેવક છે, તલાટી છે અને માસ્તર પણ છે તો તેનો ઉપયોગ કરીને જેને જરૂરિયાત છે તેને આ લાભ આપો. આ જે મકાઇની ખરીદી કરો છો તેમાં તમે ફોરેનની કંપનીએ જેને રિજેકટ કરી છે તેવી કંપની પાસેથી મકાઇ ખરીદવામાં આવે છે. શું સાંઠગાંઠ છે? તેની તપાસ થવી જરૂરી છે. કયો અધિકારી તેમાં સંડોવાયેલો છે. ખાસ કરીને આદિજાતિ વિકાસ વિભાગની વાત કરી તો તેમાં તપાસ થાય તેવી મારી માગણી છે. મત્સ્યોદ્યોગના વિકાસ માટે તમે રાહતદરે ડીઝલ આપો છો. તેમાં બે હજાર લિટરનો વધારો કરાયો છે. અમારા ડુંગરાળ વિસ્તારમાં નાની નાની કુવાલીઓ, કોતરોમાંથી ડીઝલ એન્જિનથી ખેડૂતો ખેતી કરે છે. આખા વિસ્તાર માટે તમે કરી શકો નહીં તો કંઇ વાંધો નહીં પણ ગુજરાત રાજ્યનો આદિજાતિ વિસ્તાર છે અને જેની પાસે વીજળીનું કનેકશન નથી અને પાણી મેળવવું છે, તેની પાસે ડીઝલ એન્જિન છે તો તેને સહાયના ધોરણે ડીઝલ પૂરું પાડવું જોઇએ. માછીમારોને તમે ડીઝલ આપો છો તો આદિવાસીઓને પણ આપો. તે આપશો તો આદિવાસીઓ તમારા ગુણ ગાશે. આ યોજના સરકારે દાખલ કરી નથી તેનું મને દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ વિસ્તારમાં મોટા મોટા ચેકડેમો પાણી સંગ્રહ માટે બનાવવામાં આવે, કચ્છનો વિકાસ થાય, સૌરાષ્ટ્રનો વિકાસ થાય એમાં અમને વાંધો નથી. અમારે ત્યાં પણ નાની મોટી નદીઓ છે એ નાની મોટી નદીઓ ઉપર ચેકડેમ ઉંચી હાઇટવાળા છે. ૨ મીટરવાળા, ૩ મીટરવાળા નહીં પણ ઘણી બધી જગ્યાએ લોકેશન સારા છે જ્યાં ૭ મીટર, ૮ મીટર, ૧૦ મીટર, ૧૨ મીટરના ડેમ થઇ શકે એવા છે અને પાણી રોકાણ થાય અને એ પાણીનું સ્તર નીચેના કૂવાઓમાં અને ટ્યુબવેલોમાં જાય (અંતરાય) તમે અમારે ત્યાં આવો અમારા આદિવાસી ભાઇઓએ જે ડેમ બનાવ્યા છે એ ડેમ થકી પોતાની વિચારશક્તિથી મફતનું પાણી પોતાના ખેતરમાં લઇ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા જો ડેમ થશે તો આદિવાસી વિસ્તારની નદીઓનું પાણી રોકાશે તો કૂવા રીચાર્જ થશે, ટ્યુબવેલ રીચાર્જ થશે અને એ રીતે પાણી અમને કામ લાગશે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે નક્કી કરેલી તાપી-પાર-કરચણ લિંક યોજના, તમે પૈસા ફાળવ્યા, વિવાદ ચાલી રહ્યો છે. પાછલા બારણે તમે આ યોજના લાવવા માગતા નથી અને જેનો વિરોધ થઇ રહ્યો છે અત્યારે ડાંગ, વલસાડ, સોનગઢ, વાપી, તાપીમાં મને ચોક્કસ દેખાય રહ્યું છે કે તમે આ યોજના પાછલા બારણે સરકારમાં લાવવા માગો છો.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના કચ્છ-સૌરાષ્ટ્ર-બનાસકાંઠા તરફ પીવાનું પાણી મા નર્મદાનું જાય અમને વાંધો નથી, આપો. અમે તળાવ કાંઠે તરસ્યા રહીએ છીએ અને એ નર્મદાનું પાણી અમને આદિવાસી વિસ્તારમાં આપવા માટે જે યોજના બની છે એ યોજનાનું ફંડ તમે વધાર્યું નથી, માનનીય નાણામંત્રીશ્રી તમે યોજનાનું ફંડ વધાર્યું નથી, નવી યોજના અમલમાં મૂકી નથી એટલે મારી વિનંતી છે કે, આદિવાસી વિસ્તારમાં જે ડૂગરાળ વિસ્તાર છે એના માટે તમારે ભારત સરકારની મંજૂરી લેવાની થતી હોય તો લઇને પણ આદિવાસી વિસ્તારને પાણી આપો અને આદિવાસીઓને તમે સમૃદ્ધ બનાવો.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત થઇ, કોરોનામાં મહામારી થઇ અને કોરોનાની વાત ઘણી વખત થઇ. કેટલા મરી ગયા, કેટલા રહી ગયા? ભઠ્ઠીઓ શહેરોમાં ગરમ થઇને ઓગળી ગઇ એની વાત થઇ. હું લાંબી ચર્ચા નહીં કરું પરંતુ આદિવાસી વિસ્તારની જે સીવીલ હોસ્પિટલો આવેલી છે, સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે એના ડેવલપમેન્ટ માટે જે ફંડ ફાળવવું જોઇએ એ ફંડ તમે ઓછું ફાળવ્યું છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની જગ્યા ખાલી છે, નર્સીંગની જગ્યા ખાલી છે અને એ જગ્યાઓ ભરાઇ એના માટે સરકારે જોગવાઇ કરવી જોઇતી હતી એ નથી થઇ એટલા માટે હું સમર્થન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો પોતાની ખેતી કરે છે એમાં હવે બળદનો જમાનો ધીમે ધીમે ઓછો થયો છે. પાવર ટીલરથી કામ કરે છે, નાના ટ્રેક્ટરથી કામ કરે છે અને પાવર ટીલર્સમાં આપણે સબસિડી જાહેર કરી છે. ખેડૂતોની હંમેશા માંગ રહી છે કે અમારા ટ્રેક્ટર ટ્રોલીને જી.એસ.ટી. અને સી.એસ.ટી.માંથી મુક્તિ આપો અને કેટલાય બધા ખેડૂતો આ પાવર ટીલર્સની અરજીઓ કરીને બેઠાં છે અને પાસ થયેલી અરજીઓ પેન્ડીંગ છે. હું મારા જિલ્લાની વાત કરું તો ૨૦૦ કરતા વધારે ખેડૂતોને આ પાવર ટીલરની સહાય આપવાની બાકી છે. તમારા અધિકારીઓએ તમને કહ્યું છે કે છોટા ઉદેપુર વિસ્તારમાં બાકી છે અને કદાચ તમે એની જોગવાઇ પૂરક માગણીઓમાં લઇ આવ્યા હોત તો મને વાંધો નથી પણ ૨૦૦ કરતા વધારે ખેડૂતોને પાવર ટીલર્સની સહાયના પૈસા આપવાના બાકી છે એ મળે એના માટે માગણી કરું છું.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, એક રાજયથી બીજા રાજયમાં જવાના રસ્તાની વાત કરવા માગું છું, અમારો છોટા ઉદેપુર તાલુકો આદિવાસી વિસ્તાર, મધ્ય પ્રદેશ, ખાનદેશ અને રાજસ્થાન આ ત્રણ વિસ્તારને અડીને આવેલો અમારો આ જિલ્લો છે એટલે ખાસ કરીને મધ્ય પ્રદેશને જોડતા જે રસ્તા છે એમાં મધ્ય પ્રદેશની સરકારે ગુજરાતની બોર્ડર સુધી રસ્તાઓ બનાવીને મૂકી દીધા છે. આ ગુજરાતની સરકારમાં અમારા નીતિનભાઇ હતાં ત્યારે માથું હલાવીને હા પાડેલી પણ રેકર્ડ પર લીધું નથી. આવા જે અમારા રસ્તાઓ છે ખાસ કરીને તમે હા, પાડેલી કે બોર્ડર વિસ્તારના રસ્તા તો કહે હા પણ પટેલ ભાઇડો એટલે તેણે બહુ ધ્યાનમાં લીધુ નહીં. કવાંટ રેંલદા રોડ, નવલધા વખતગઢ રોડ હોય ( અંતરાય) મારે જયાં વખાણ કરવા હોય ત્યાં કરી શકુ છું તેનો કોઇ વાંધો નથી, મને કોઇ બાધ નથી તે પછી થાય, હમણાં ના થાય.

માનનીય અધ્યક્ષશ્રી, પાનવડ ખટેવાડ ચલાવડી માર્ગ જે નેશનલ હાઇવેને જોડે છે તે રસ્તો ડેવલપમેન્ટ કરવાની જરૂર છે. મને એવુ હતું કે સરકાર આ બજેટમાં કંઇ આદિવાસી વિસ્તારના રસ્તાઓ સ્ટ્રેન્ધનીંગ અને વાઇડનીંગને માટે લાવશે તેની જોગવાઇ કરી હોય તો મને બતાવજો. અમારું હફેશ્વર, પંચેસર મહાદેવ મંદિર યાત્રાધામ વિકાસની આપણે વાતો કરીએ છીએ, ટુરીસ્ટો આવશે તેના માટેની સગવડતા પણ ઉભી કરીએ છીએ. તમે જયાં જયાં ટુરીસ્ટ ટાઉન ઉભાં કર્યા છે તે નેશનલ હાઇવે હોય કે સ્ટેટ હાઇવે હોય તેના નજીકના સ્થળો પસંદ કર્યા છે. આ હફેશ્વર જવા માટે,

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : એક નદી ૬૩ વખત ઓળંગવી પડે છે અને પરિણામે રસ્તાની આખી એલાઇમેન્ટ આખી ચેન્જ કરીને બીજો જે રસ્તો બનાવ્યો છે અને એ રસ્તા પર બે જગ્યાએ પુલ તૂટી ગયા છે તેની જોગવાઇ થઇ નથી અને સાથે સાથે હફેશ્વર પાદરથી મધ્યપ્રદેશ જવાનો એક રસ્તો છે તે પાદરથી જે રસ્તો જાય છે અને એ રસ્તો જો બને તો મધ્યપ્રદેશને સીધો સાંકળે છે. એ રસ્તો પાદર ફળિયાથી કેડીયાબારી ફળિયા, કેડીયાબારીથી ઉંછલધરા મધ્યપ્રદેશને જોડતો રસ્તો. મધ્યપ્રદેશની સરકારે રસ્તો બનાવી દીધો છે આના માટે ફંડની રકમની કદાચ વધારે જરૂર પડે. બે-ત્રણ જગ્યાએ સ્લેબધન આવે છે તેનું સરવે કરાવીને આપો અને આ એક રાજયને બીજા રાજયને સાંકળતો રસ્તો થાય એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગઇકાલનો સાંભળતો હતો સૂર્યોદય યોજના. આ સૂર્યોદય યોજના કેટલી સફળ થઇ છે? મંત્રીશ્રી જયારે આ વાત જવાબ આપવા માટે લઇને આવે ત્યારે તે ધ્યાન ઉપર લાવે કે આ તમારી યોજના કેટલી સફળ થઇ છે પણ ખેડૂતોને દિવસે લાઇટ આપવાની જે આપણી વાત હતી. દરેક તાલુકામાં એક ફિડરમાં દિવસે લાઇટ આપવાની વાત થઇ હતી અને એ વીજળી આપવામાં આપણે કંઇક ઉણાં ઉતર્યા છીએ. કચ્છ, સૌરાષ્ટ્રમાં જે વીજળીના થાંભલા ઉભા કરવામાં આવે છે અને તે થાંભલા ઉભાં કરવામાં આવે છે વળતર ચૂકવવાનો ભેદ છે. જે થાંભલાઓ ઉભા થાય છે તે જગ્યાને એન.એ. થયેલી જગ્યાનો ઉંચો ભાવ આપવામાં આવે છે. એટલે લાઇનની નીચે જમીન જાય છે તે જમીનનો ભાવ નીચો ગણવામાં આવે છે આ ભેદ શા માટે ? ખેડૂતોની સંમતિ વગર લાઇન નાંખી શકાય નહીં એવો સરકારનો પરિપત્ર હોવા છતાં કચ્છ, સૌરાષ્ટ્રની અંદર આ પ્રકારની કામગીરી સરકારી તંત્રનો ઉપયોગ કરીને જે લાઇનો નાંખવામાં આવે છે તે ખેડૂતોને થતી હેરાનગતિ બંધ થાય એવુ ઇચ્છું છું અને છેલ્લે અમારા પાણી પુરવઠા મંત્રી આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીના બોર, તમારે ત્યાં નર્મદાની લાઇન આવી ગઇ છે તેમ કરીને પીવાના પાણીના હેન્ડપંપ કે બોર મંજૂર કરતા નથી. આ જળસંપત્તિ વિકાસ વિભાગના અધિકારી આદિવાસી માટે ચોક્કસ જોગવાઇ કરે એવી અપેક્ષા રાખુ છું અને અમારી કેટલીક વાતોમાં વારે ઘડીયે વાત થાય કે અમારે એસ.ટી.ડેપો જોઇએ. કવાંટ તાલુકાને એસ.ટી.ડેપો નથી, તાલુકા પંચાયતમાં બેસવા માટે તાલુકા પંચાયતનું મકાન નથી. માનનીય મંત્રીશ્રી આપના ધ્યાન ઉપર પણ એ વાત છે કે ક્વાંટમાં તાલુકા પંચાયતનું પોતાનું મકાન નથી અને એ મકાન બનાવવા માટેની પણ જોગવાઇ થઇ હોત આદિવાસી વિસ્તાર માટે બીજી કલ્યાણકારી યોજના જે ખેડૂતોને, શ્રમિકોને કામ લાગે એવી વાત થઇ હોત તો તમારા અંદાજને અમે સમર્થન આપી શકયા હોત પણ આદિવાસી વિસ્તારને ખાસ કરીને અન્યાય થયો છે, ઓછા પૈસા મળ્યા છે તેનું ભારે દુઃખ છે. તમારું શિક્ષણ રહી જાય છે. ઓરડાઓ ઘણા બધા બાકી છે. અમારે ત્યાં આવો. કનલવા, રાયછા, સીંહાન્દા જેવા ગામડાંઓમાં એક-એક ફળિયું ત્રણ કિ.મી., પાંચ કિ.મી. દૂર હોય છે. એમાં જે પ્રાથમિક શાળાઓ હતી એ તમે બંધ કરી છે અને એ બંધ કરીને નાના બાળકોનું શિક્ષણ તમે બગાડ્યું છે એવો મારો આક્ષેપ છે. એ સુધારી લો તો સારું છે. હું નથી કહેતો. તમે જાત તપાસ કરો. જે દૂરની શાળાઓ છે એ પુનઃ શરૂ થાય અને આદિવાસી વિસ્તારના બાળકોને સારું શિક્ષણ મળે એના માટે બંધ પડેલી શાળાઓ પુનઃ શરૂ થાય એવી મારી માગણી છે. નાણામંત્રીશ્રી સીધા-સાદા માણસ છે પણ તમે જે માગણી લઇને આવ્યા છો એને હું સમર્થન આપી શકતો નથી.

### પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

### શાળાઓ બંધ કરવાના ખોટા આક્ષેપ બાબત

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી (શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, એક ચોખવટ કરવી જરૂરી છે. એમણે સ્કૂલ ઓફ એક્સિલેન્સના પ્રોજેક્ટની વાત કરી એમાં રૂ.૧૦,૦૦૦ નહિ પણ રૂ.૧૦,૦૦૦ કરોડ આપ્યા છે. ખાસ કરીને આદિવાસી સમાજની વાત નીકળી છે ત્યારે જે નિવાસી શાળાઓ છે એમાં માત્ર ૩૮૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય છે. આપના ધ્યાનમાં ન હોય તો દર વખતે લગભગ ૪૦,૦૦૦ જેટલા ફોર્મ આવે છે. હું અમારા આદિવાસી મંત્રીશ્રી નરેશભાઇને, શ્રી ભૂપેન્દ્રભાઇને અને અમારા નાણામંત્રીને અભિનંદન આપીશ કે આદિવાસી જિલ્લાઓની ૫૦ સ્કૂલોમાં ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ આવનારા પાંચ વર્ષમાં રેસિડેન્શિયલ સ્કૂલમાં ધો. ૬ થી ૧૨ ફ્રીમાં ભણવાના છે. એ લોક ભાગીદારીનો કૉન્સેપ્ટ છે. સારા

વિદ્યાર્થીઓ ધો. ૧૨ સુધી ફ્રીમાં ભણે એવું કદાચ રાજ્યમાં પ્રથમવાર થઇ રહ્યું છે. એ શિક્ષકો જે લોક ભાગીદારી છે એમણે લેવાના છે. કેમ્બ્રિજ યુનિવર્સિટી સાથે અમે એમ.ઓ.યુ. કર્યું છે. એ ત્યાં ભણાવવાના છે, શિક્ષકો તૈયાર કરવાના છે એટલે આપના ધ્યાનમાં રહે કે આદિવાસી સમાજ માટે રાજ્ય સરકારે ૫૦,૦૦૦ નવા વિદ્યાર્થીઓ રેસિડેન્શિયલમાં ભણી શકે એની વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી એમનો આક્ષેપ છે કે વિદ્યાર્થીઓની સ્કૂલ બંધ થઇ છે. એ પણ વાજબી નથી. એ સ્કૂલો ૧-૨ કિ.મી.માં છે. એમને ત્યાં લઇ જવા માટે ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કરી છે એટલે એ પ્રકારે કોઇ સ્કૂલો બંધ નથી થઇ અને બંધ થઇ હોય તો એમની ભણવાની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે એટલે 'આક્ષેપ' શબ્દ દૂર કરી દેવો જોઇએ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, તમારો પ્રોજેક્ટ સારો છે. મેં એની ના નથી પાડી પણ જે રીતે આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકો ભરાયા છે પણ લાંબા સમયથી કાયમી નથી થયા અને ઓછા પગારથી ભર્યા છે એ આ નવી શાળાઓમાં તમે શિક્ષકો પહેલાં ભરજો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન**

અધ્યક્ષશ્રી : અહીંયા નિયમ - ૪૪ના નિવેદનની જે ચર્ચાઓ થઇ અને જે પોઇન્ટ ઓફ ઓર્ડર મૂકવામાં આવ્યા એ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી એવું પણ મેં જણાવ્યું. નિયમ - ૪૪ હેઠળના ત્રણ નિવેદનો અને અધ્યક્ષના ચૂકાદાઓ આમાં છે. એ લંબાણપૂર્વક નથી વાંચતી પણ માત્ર એના હેડિંગ વાંચીને આપને જણાવું છું. આ સ્પષ્ટતા તમામ સભ્યો માટે જરૂરી છે એટલા માટે હું આ વાત સ્પષ્ટ કરવા માગું છું.

(૧) રાજ્યના ઉત્કર્ષ માટે કોઇ લાંબા ગાળાની યોજનાની મંત્રીશ્રીએ જાહેરાત કરવાની હોય અને વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે અધ્યક્ષશ્રીની પરવાનગી મેળવી મંત્રીશ્રી નિવેદન કરી શકે છે.

(૨) મંત્રીશ્રીને ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી આપી હોય ત્યારે ગૃહનું સન્માન જાળવવાની પરંપરાના ભાગરૂપે તેની સામે વાંધો લઇ શકાય નહિ.

(૩) ત્રીજું, નિયમ-૪૪ હેઠળનું નિવેદન નીતિ વિષયક બાબત પરનું હોવું જરૂરી નથી. મંત્રીશ્રીને જેટલું જે નિવેદન કરવું હોય તે કરી શકે છે. તેની સામે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાતો નથી. ગૃહ એ બંધારણ મુજબ નિયમોથી અને પરંપરાથી ચાલે છે. એટલા માટે જ આની અંદર આવા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને ગૃહનો અને સભ્યોનો સમય એ બરબાદ કરતા હોય છે. એટલે ફરી વખત આવા કોઈ પોઇન્ટ ઓફ ઓર્ડર કોઈ ઉઠાવે નહિ એના માટે મેં આ સ્પષ્ટતા કરી છે. આ બાબત પર હવે કોઈ ચર્ચા કરવાની નથી.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઇ સન ૨૦૨૨-૨૩ના વર્ષનું અંદાજપત્ર લઈ ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવા રાજ્યની વિકાસની પ્રક્રિયા વધુ ગતિશીલ બનાવવા પ્રયત્નશીલ છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રબોધેલા ગુજરાતના જનહિતની દિશામાં નિષ્ઠાપૂર્વકના જનસેવાના અભિગમ સાથે સુશાસનના સ્વપ્નને ચરિતાર્થ કરવા વિકાસની કેડી રાજ્ય સરકાર દ્વારા કંડારી છે. રાજ્યના પ્રત્યેક નાગરિકને સરળતાથી સરકારી સેવાઓના લાભ આપવાની સાથે નાગરિકોની સમસ્યાઓ નિવારવા રાજ્યભરમાં અનેક વિવિધ પરિણામલક્ષી કામો થઈ રહ્યા છે. ભારતની આઝાદીને ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવની માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં યાદગાર રહે તેવી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે વિકાસ કાર્યની સ્પર્ધાની રાજનીતિના કલ્યાણ મંત્ર સૌનો સાથ, સૌનો સહકાર, સૌનો વિશ્વાસ સૂત્રને સાચા અર્થમાં સાકાર કરવા અને વિકાસને વધુ ગતિશીલ બનાવવા કૃષિ, ઉદ્યોગ અને સેવા એમ ત્રણેય ક્ષેત્રોમાં દેશભરમાં ઊડીને આંખે વળગે તેવી વિકાસની નૂતન કેડી કોરોનાની મહામારીની વિકટ પરિસ્થિતિમાં પણ આગળ વધારવામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની ટીમ દ્વારા, ગુજરાત દ્વારા પરિશ્રમ કરીને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના ધ્યેય સુધી પહોંચવા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલ અંદાજપત્રમાં રાજ્યના સર્વાંગી વિકાસ સર્વ સમાવેશક બજેટ રજૂ કર્યું છે તે બદલ હું નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સુખ, સમૃદ્ધિ અને સુવિધાથી સંપન્ન ગ્રામ જીવન બને, ગુજરાતના શહેરો સ્માર્ટ સિટી બને, સૌને આરોગ્ય સેવા ઘર આંગણે જ મળે તેની તકેદારી રાખીને કરવેરામાં કોઈ જ બોજો નાખ્યા વગર રૂ. ૫૬૦.૯ કરોડની પુરાંતવાળું સંતુલિત અને સંવેદનાસભર લોકાભિમુખ વહીવટના અભિગમ સાથે જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં આપણને દીર્ઘ દષ્ટિકોણનો પરિચય જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ કૃષિ ક્ષેત્રે નવતર પ્રયોગો અને આધુનિક ટેકનોલોજી દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવાની સાથે પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાંકલ કરી છે ત્યારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની વાત હોય કે કુદરતી સંકટ સમયે સહાયરૂપ થવાની વાત હોય રાજ્ય સરકાર ખેડૂત કલ્યાણ માટે અવિરતપણે કાર્યરત રહી છે. ખેડૂત કલ્યાણને કેન્દ્ર સ્થાને રાખીને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રત્યેક ખેડૂત ખાતેદારને વાર્ષિક રૂ. ૬ હજાર આપવાની યોજના અંતર્ગત ગુજરાતના આશરે ૬૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને સીધેસીધા તેમના બેંક ખાતામાં રૂ. ૧૦ હજાર કરોડ પ્રાપ્ત થયા છે. ત્યારે આજે ખેડૂતોના પાણીના બોર ઉપર વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે રકમ રૂપિયા ૮ હજાર ૩૦૦ કરોડ જેવી માતબર રકમની સબસિડી આપવામાં આવી છે. વીજ જોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત

મહોત્સવ પર્વ પહેલા નિકાલ કરીને ખેડૂતોને વીજ જોડાણ આપવાનું પણ ખૂબ સુંદર આયોજન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. રાજયના વિકાસ અને પ્રગતિમાં કૃષિ વિભાગનો સવિશેષ ફાળો જળવાઇ રહે એ માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રકમ રૂપિયા ૭૭૩૭ કરોડની આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે ત્યારે રાજયની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાનું મોટાભાગનું કામ પૂર્ણ થતાં ૬૯ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરાવીને સમગ્ર રાજ્યને જળ સુરક્ષાનું કવચ મળે, પર ડ્રોપ મોર ક્રોપના સિદ્ધાંતને ધ્યાનમાં લઇને જળ સંશાધનોના અસરકારક વપરાશ માટે ખેડૂતો તેનો અમલ કરતાં થાય તે માટે પણ રાજ્ય સરકાર સતત ચિંતિત રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આનંદ સાથે કહેવું છે કે, સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજના ૧૩૭૧ કિ.મી. લંબાઇના ૨૪ પેકેજની કામગીરી પણ સરકારે પૂર્ણ કરી છે, જયારે ૧૧૫૦ કિ.મિ. પાઇપ લાઇનના ૭ પેકેજના કામો અત્યારે પ્રગતિ હેઠળ છે. આ કામગીરીથી ૫૩ જળાશયો, ૧૩૦ જેટલા તળાવો તથા ૮૦૦ કરતાં વધુ ચેકડેમોમાં નર્મદા નદીનું પાણી આપવામાં આવનાર છે. રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, જામનગર અને ભાવનગર જેવા શહેરોને પીવાનું પાણી પૂરું પાડતાં જળાશયોને નર્મદા યોજનાના પાણીથી ભરાતાં, શહેરોની પાણીની સમસ્યાનો મહદઅંશે ઉકેલ લાવવામાં પણ સરકાર સફળ રહી છે. રાજ્યમાં ઉપલબ્ધ હયાત પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે જળસંપત્તિ વિભાગ હેઠળ રકમ રૂપિયા ૫૩૩૯ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. નર્મદા યોજના પૂર્ણ રીતે કાર્યવંત થાય અને ગુજરાતની ધરતી નવપલ્લવિત બને, એ માટે રાજ્ય સરકારે રકમ રૂપિયા ૬ હજાર ૯૦ કરોડની જોગવાઇ કરી છે. નર્મદા યોજના પૂર્ણ રીતે કાર્યવંત થાય એ માટેના સરકારે અનેકવિધ પગલા લઇ, ઝડપભેર કામગીરી થાય અને ગુજરાતમાં નર્મદા યોજનાનું પાણી પૂરેપૂરુ મળે તે માટેની પણ સરકારે વ્યવસ્થા કરી છે. સરદાર સરોવર ડેમનું બાંધકામ વર્ષ ૨૦૧૭માં પૂરુ થયું છે. આ યોજનાના પાણીનો, સિંચાઇ, જળ વિદ્યુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આગામી વર્ષે કચ્છ બ્રાન્ચ કેનાલ અને તેના નેટવર્કનું કામ પૂર્ણ કરી, માંડવી તાલુકા સુધી નર્મદાના નીર પહોંચાડવાનું આયોજન પણ સરકારે કર્યું છે. તદ્ઉપરાંત, ઉત્તર ગુજરાતમાં નર્મદા યોજનાની હયાત કેનાલોના મરામતના કામો, સૌરાષ્ટ્રમાં મિસીંગ લીન્ક પૂર્ણ કરવા માટે સવિશેષ આયોજન પણ કરવામાં આવ્યું છે. ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવા રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે અને એનાથી ૨૩૮ શહેરો અને ૧૪ હજારથી વધુ ગામોને જોડવામાં આવ્યા છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમલમાં મુકેલ નળ સે જળ યોજના દ્વારા ૯૩ ટકા વધુ ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ મેળવેલ છે. આવનારા સમયમાં બાકી રહેલ ઘરોને પીવાનું પાણી સો ટકાની સિદ્ધિ મેળવવા સરકાર સંકલ્પબદ્ધ છે. રાજયમાં તમામ લોકોને પીવાનું શીદ્ધ પાણી મળી રહે અને રાજયનો કોઇ વિસ્તાર પીવાના પાણીથી વંચિત ન રહે તે માટે રાજય સરકાર દ્વારા સતત ચિંતા કરવામાં આવે છે અને પાણી પુરવઠા પ્રભાગ માટે રૂપિયા ૫૪૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સામાજિક અને આર્થિક તેમજ સ્વસ્થ અને સુખી વ્યક્તિ માટે આરોગ્ય એ પ્રાથમિક જરૂરિયાત છે અને પ્રાથમિક સેવાઓથી માંડી ગંભીર રોગોના કિસ્સામાં લોકોને સહેલાઇથી ગુણવત્તાયુકત આરોગ્ય મળે એ માટે સરકારની પ્રાથમિકતા રહેલી છે. ઊર્જા અને પેટ્રો કેમિકલ વિભાગ માટે કુલ રૂ. ૧૫૫૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક પાયાની આવશ્યકતા છે. દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૧૮૧ યુનિટની સામે ગુજરાતનો માથાદીઠ વીજ વપરાશ ૨૧૪૩ યુનિટ છે. જે ગુજરાતની વિકાસની આરસી છે. રાજયમાં અંદાજે ૧૯ લાખ ઘરોને પાઇપ દ્વારા તેમજ ૫ હજાર જેટલા ઇન્ડસ્ટ્રીઝ યુનિટો અને ૧૪ હજાર વ્યાપારી એકમોને કુદરતી ગેસનું જોડાણ આપવામાં આવ્યું છે. જે ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો આખા દેશમાં સૌથી વધારે છે. મહેસૂલી વહીવટમાં સરળીકરણ માટે મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાહેબ ખૂબ જ સક્રિય રીતે કામ કરી રહ્યા છે અને વિવિધ મહેસૂલી પ્રક્રિયામાં સુધારા કરી લોકાભિમુખ વહીવટ માટે પગલાં લીધા છે. પારદર્શિતા વધારવા એન.ઇ. અને આર.ઓ.આર. તથા આઇ.ઓરા પોર્ટલ પર ડીઝીટલ સિગ્નેચર અને કયુ.આર. કોડ સાથેની મહેસૂલી દસ્તાવેજોની અધિકૃત નકલ સરકારે ઉપલબ્ધ કરાવી છે. આ વ્યવસ્થાથી આશરે ૮ લાખ કરતા વધુ ખેડૂતોને ૭/૧૨, ૮-અ તેમજ હક્ક પત્રકની પ્રમાણિત નકલો ઓન લાઇન પદ્ધતિથી આપવામાં આવે છે. મહેસૂલ વિભાગ પૂરી ક્ષમતા સાથે કાર્ય કરી શકે તે માટે મહેસૂલ વિભાગ હેઠળ કુલ રૂપિયા ૪૩૯૪ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. રાજયના નાગરિકોની સુરક્ષા, ભય મુકત વાતાવરણનું સર્જન, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવી એ રાજયની ફરજ છે અને આ માટે રાજય પોલીસને આધુનિક શસ્ત્ર સરંજામ અને સાધન સામગ્રીથી સુસજ્જ કરવામાં આવ્યું છે. ક્રાઇમ ઇન્વેસ્ટીગેશનમાં વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા એફ.એસ.એલ. ને નવા શીખરો સુધી પહોંચાડયું છે. ત્યારે આજે મારે કહેવું છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે શરૂ કરેલ ખેલ મહાકુંભને કારણે આપણા હોનહાર યુવા ધનને રમત ગમતમાં પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી હતી અને તેના પરિણામે આજે તાજેતરમાં ટોકયો જાપાન ખાતે યોજવામાં આવેલ ઓલિમ્પીક અને પેરા ઓલિમ્પીકમાં ગુજરાતના છ ખેલાડીઓએ ભાગ લીધો છે એ ગુજરાત માટે ખૂબ આનંદની વાત છે. અને એમાંય પેરા ટેબલ ટેનિસની રમતમાં આપણે સિલ્વર મેડલ પણ મેળવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી પ્રસારણ વિભાગ માટે કુલ રૂપિયા ૧૯૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી નીતિઓ અને કામગીરીની માહિતી જન જન સુધી પહોંચાડીને લોકો તેનો મહત્તમ લાભ લે તે માટે વિભાગ કાર્યરત છે. બાયો પ્લાસ્ટીકથી લઇને જન સપ્લાઇસીંગ, અને સ્ટેમસેલ થેરાપી જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા બાયો ટેકનોલોજીની નીતિની જાહેરાત કરવામાં

આવી છે. અને આમ બન્ને નીતિઓના કારણે ઉચ્ચ શૈક્ષણિક ટેકનિકલ લાયકાત ધરાવતા નિષ્ણાતોની જરૂરિયાતમાં વધારો થવાથી આગામી દિવસોમાં બે લાખ કરતા વધુ રોજગારી મળવાની તકો રાજયમાં ઉભી થવા પામનાર છે. કૃષિ, ઉદ્યોગ અને સેવા એમ ત્રણેય ક્ષેત્રો આવરી લઇને અંદાજપત્ર તૈયાર કર્યું છે. આ અંદાજપત્ર દ્વારા ગુજરાતના વિકાસને વધુ વેગ મળવાનો છે. આ અંદાજપત્ર દ્વારા ગુજરાતના વિકાસને વધુ વેગ મળવાનો છે અને રાજયની પ્રજાની ઉન્નતિ માટે સેતુરૂપ બની રહેશે તેવી શ્રદ્ધા સાથે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન આપીએ એ સદીની સૌથી ભયાનક કોરોના મહામારીના કારણે થયેલ આર્થિક સંકટ વચ્ચે નાણાકીય જોગવાઇઓમાં વધારો કરીને વિકાસને વેગ આપતું તેમજ સમાજના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરતું આ સભાગૃહમાં મૂકેલ વર્ષ ૨૦૨૨-૨૩નું રૂપિયા ૨,૪૩,૯૬૫ કરોડના ઐતિહાસિક બજેટને સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પંકજભાઇએ ખૂબ સવિસ્તાર, એમને મળેલી મિનિટોમાં ખૂબ જ સારી રીતે, બજેટ ૩૬૦ ડીગ્રીવાળું આખું જેને સર્વાંગી વિકાસવાળું આ વખતે બજેટ રજૂ થયું છે એમાં ખૂબ સારી રીતે એમણે રજૂઆત કરી છે એમને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : પહેલી વખત પ્રવચન કર્યું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય કનુભાઇને પણ અભિનંદન આપું છું. ટીમ શ્રી ભૂપેન્દ્રભાઇની આગેવાનીમાં પ્રથમ વખત બજેટ અને એ પણ એટલી બધી મહેનત કરી કે કોઇ છેડો કોઇ છેવાડો કોઇ ખૂણો બાકી ન રહી જાય, કોઇ આદિવાસી વિસ્તાર બાકી ન રહી જાય, કોઇ દરિયાઇ વિસ્તાર બાકી ન રહી જાય, કોઇ સામાન્ય વિસ્તાર બાકી ન રહી જાય એ પ્રકારની ચિંતા કરીને સમગ્ર ગુજરાતને સ્પર્શે તેવું ખૂણે ખૂણે જાય એવું એમણે બજેટ આપ્યું છે એમને પણ અભિનંદન આપું છું અને સાથે અભિનંદન આપું છું આપણા માનનીય જોષીયારા સાહેબ ખૂબ જ બીમાર હતા, યુ.એન. મહેતામાં દાખલ થયા પછી સીમ્સમાં થયા, આદરણીય નીતિનભાઇ, શ્રી વિજયભાઇએ, શ્રી ભૂપેન્દ્રભાઇએ મેં અને સમગ્ર લોકોએ એની ચિંતા કરીને ફોન કર્યો. તબીયત ગંભીર લાગતા અને કયાંક થોડીક નાણાકીય પરિસ્થિતિ એમની બગડેલી લાગતા અમને વિનંતી કરી પણ વિનંતી કરે એ પહેલા શ્રી ભૂપેન્દ્રભાઇએ અને આદરણીય નાણામંત્રીશ્રીએ તરત જ એક કરોડ રૂપિયાની જાહેરાત કરી અને આપી પણ દીધા અને હોસ્પિટલમાં જમા પણ થઇ ગયા.

આજે દસમી માર્ચ છે. વિશ્વ કિડની દિવસ અને જયારે વિશ્વ કિડની દિવસ આખી દુનિયા ઉજવતી હોય એ વખતે ગુજરાતે એની શરૂઆત એન.સી.ડી. નિરામય ગુજરાતના કાર્યક્રમ દ્વારા આખા ગુજરાતની અંદર એનું નિદાન થાય, સ્ક્રીનીંગ થાય અને જરૂર પડે તો પી.એમ.જે.વાય, મા કાર્ડ દ્વારા સારી હોસ્પિટલોમાં એની સારવાર લઇ શકે એ પ્રકારની વ્યવસ્થા અને દર શુક્રવારે મમતા દિવસની જેમ શરૂઆત થાય એ રીતે આની શરૂઆત કરી છે. એટલું જ નહિ પહેલા તો એવો સમય હતો. અમદાવાદ જવું પડે, રાજકોટ વડોદરા જવું પડે. જયાં ડાયાલીસીસ સેન્ટર હોય અને ડાયાલીસીસ થાય એટલે સ્વાભાવિક રીતે આખો દિવસ પસાર થઇ જાય. જયાં હોય ત્યાંથી સો, દોઢસો કે બસો કિલોમીટર દૂર જવાનું થાય સાથે કોઇ માણસને પણ જવું પડે ત્રણ ચાર કલાક ડાયાલીસીસ થાય અને પરત ફરે એટલે આખો દિવસ એનો જાય અને અઠવાડિયામાં બે દિવસ કે ત્રણ દિવસ કરવું પડે આ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતમાં હતી. પરંતુ આ ડાયાલીસીસના કાર્યક્રમના કારણે ૩૦થી ૪૦ કિલોમીટરને અંતરે ડાયાલીસીસની વ્યવસ્થા મળે એ પ્રકારનો કાર્યક્રમ ભાજપની સરકારે કર્યો છે. એટલું જ નહિ ટોટલ ટૂંક સમયમાં ૬૧ તો ચાલુ થઇ ગયા છે અને ટોટલ ૯૨ જેટલા આવા ડાયાલીસીસ સેન્ટર આપણે ચાલુ કરવા જઇ રહ્યા છીએ. કયાંય કોઇને દૂર જવું ન પડે અને ડાયાલીસીસ કરવાવાળો કોઇ પણ વ્યકિત આવ્યો હોય તો એને આવવા જવાના ભાડા તરીકે ૩૦૦ રૂપિયા આપવામાં આવે છે. પાછી વ્યવસ્થા પણ જોઇએ તો એ જે હોસ્પિટલમાં હોય જે બેડ ઉપર હોય એને ગીત સાંભળવું હોય તો ત્રણ ચાર કલાકનો સરસ મજાનો સમય જાય. ગીત સાંભળવા મળે. પિક્ચર જોવા મળે. સંગીત સાંભળવા મળે. એ પ્રકારના અદ્યતન ડાયાલિસીસ સેન્ટર આ રાજ્યએ બનાવવાની શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખો દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. ૭૫ વર્ષ પૂરા થયા છે અને સ્વાભાવિક રીતે ૭૫ વર્ષ પૂરા થયા તો આગામી સમયમાં આવતા સમયનું ગુજરાત અને ભારત કેવું હોવું જોઇએ, ગુજરાતે તેનો ગોલ નક્કી કરી લીધો છે. એ બજેટ આ વાત પૂરવાર કરે છે. આ બજેટમાં જે રીતની સંકલ્પનાઓ, જે રીતનો વિષય, આદિવાસી વિસ્તારની અંદર તો ઈરીગેશનની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, આરોગ્યની વ્યવસ્થા, ક્યાંક દૂરના વિસ્તારમાં મેડિકલની સગવડ પહોંચાડવી હોય તો ટુ વ્હીલરની વ્યવસ્થા, ફોર વ્હીલર તો આપણી પાસે છે તેમાં પણ ઉમેરો. પી.એચ.સી., સી.એચ.સી., સબસેન્ટર અને તેના પછી હવે અમદાવાદ એક મેડિસિટીના તર્જ ઉપર ગુજરાત મેડિકલ ટુરીઝમ ક્ષેત્રે જ્યારે આખા ભારતની અંદર અને દેશની અંદર જાણીતું હોય. મધ્યપ્રદેશ આવે, રાજસ્થાન આવે, મહારાષ્ટ્ર આવે. બધો જ લોડ અમદાવાદ ઉપર હોય. આ વખતે આ બજેટમાં બરોડા એટલે મધ્ય ગુજરાત, સુરત એટલે દક્ષિણ ગુજરાત, ક્યાંય કોઇ પણ વિસ્તારના લોકોને દૂર ન જવું પડે એ રીતે બરોડામાં શરૂઆત કરી દીધી છે. સુરતમાં પણ એ રીતે શરૂઆત કરી છે. જેથી કરીને આવતા પાંચ વર્ષમાં અમદાવાદની તર્જ ઉપર અમદાવાદ જે રીતે ડેવલપ થયું છે, એ જ રીતે સુરત થાય, એ જ રીતે વડોદરા થાય અને સૌરાષ્ટ્રમાં રાજકોટને તો એઇમ્સ મળેલ છે. એટલે ચારે રીજીયનની અંદર મેડિકલ સર્વોચ્ચ, જેને સુપર સ્પેશ્યાલિટી કહેવાય એવું જે સ્વપ્ન શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇએ જોયું હતું એ શ્રી ભૂપેન્દ્રભાઇની ટીમ આગળ વધારી રહી છે. આ એટલા માટે કરીએ છીએ જ્યારે આરોગ્યની ચિંતા કરતા હોઇએ ત્યારે સુપર સ્પેશ્યાલિટીની પણ ચિંતા કરવી જોઇએ. જ્યારે શ્રી નરેન્દ્રભાઇ અહીંયા ગુજરાતમાં હતા એ વખતે માં, માં-વાત્સલ્ય કાર્ડ, આજે દેશને લાભ મળી રહ્યો છે. આયુષ્યમાન ભારત યોજનાનો ઉદભવ એ ગુજરાતના સફળ પ્રયોગ પછી થયો છે. આખો દેશ લાભ લઇ રહ્યો છે. ૨૪ કલાક વીજળીની વાત હોય, ગુજરાતમાં શરૂ થઇ. આખા દેશની

અંદર એ વ્યવસ્થામાં આગળ વધવાનું અને અમૃતકાર્ડની અંદર આદરણીય નરેન્દ્રભાઇ દેશમાં ગુજરાતની તર્જ ઉપર આગળ વધી રહ્યા છે. નવી નવી બાબતો ક્યાંક આખા દેશ માટે હોય તો ગુજરાતને લાભ મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિષય એટલો છે કે એક સાથે બજેટની નાની નાની બાબતોમાંથી પોરા કાઢીએ. નાની નાની ખામીઓ કાઢીએ. અમે ધીમે ધીમે આ ૨૨ વર્ષ દરમ્યાન જે રીતે આગળ વધી રહ્યા છીએ, હવે આવતા સમયની અંદર આવતા પાંચ વર્ષનું વિઝન અને પાંચ વર્ષના વિઝન પછી જ્યાં પણ ક્યાંય પોરોસિટી દેખાય, ક્યાંય ખામી દેખાય, ક્યાંય તકલીફ દેખાય, ક્યાંક સૂચન પણ આવે તો તરત જ એ સૂચન પૂરું કરવા માટે અમે પોઝીટીવ રીતે જઇએ છીએ. કોંગ્રેસના મિત્રો તરફથી એમના રોડ-રસ્તાની વાત હોય, શ્રી સુખરામભાઇ, આપને શ્રી નીતિનભાઇ સાહેબે કહ્યું કે રોડ રસ્તાની વાત થતી હોય એટલે બાકી વાત કરીએ છીએ એટલે પોરું કાઢ્યું કહેવાય અને જે એમણે કરી આપ્યું એ વાત આપણે નહીં કરવાની? આપનો પોણો ગ્લાસ ભરેલો હતો અને ઉપરની જ વાત કરી? મારે તો એટલું કહેવું છે. આપ કહો, આપ આપની વાત કહો, સામેની પાટલી ઉપરથી કરો. કબૂલ છે. મંજૂર છે પણ આપણે એક ગુજરાત છીએ. આપણે સૌ ગુજરાતના વાસીઓ છીએ અને જ્યારે ગુજરાતના વાસીઓ હોય એટલે ખામી પણ કાઢો તો એ રીતે કાઢો કે અમને કરવાનું મન થાય. તમે તો એ રીતે ખામી કાઢો છો કે સામે જાણે અમને ગાલ ઉપર લાફો મારતા હો અને એ એવો લાફો કે અમને તમતમી ઉઠે. અમે પણ ગુજરાતીઓ છીએ. શ્રી પરેશભાઇ, ભારતીય જનતા પાર્ટી ગુજરાતના હિતમાં વિચારી રહી છે. મારી આપ સૌને પણ વિનંતી છે, જ્યારે પણ વાત કરો, આપણે સાથે મળીને કરવાનું છે. એકલી ભારતીય જનતા પાર્ટીની જવાબદારી છે એવું નહીં, વિરોધપક્ષની પણ જવાબદારી છે કે ક્યાંક નાના-મોટા વિષયો સાથે જ્યારે વિકાસ કરવાની વાત આવે એટલે આત્મનિર્ભરની જ્યારે વાત થતી હોય ત્યારે આત્મનિર્ભરની ક્યાંક મજાક ઉડાવવામાં આવે. દેશને પોતાના પગ ઉપર ઉભા રહેવાની વાત કરવાની તમારી તૈયારી નથી? ગુજરાત આત્મનિર્ભર થાય એના માટે આપની તૈયારી નથી એ ચાલે નહીં. વિકાસ તો થાય, કારણ કે વિઝનરી નેતૃત્વ હતું પણ સાથે સાથે સરકાર કેવળ રોડ રસ્તા, નદી, નાળા, પાણીની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા આ બધું કરે એ એની ફરજનો ભાગ છે પરંતુ અમૂક વિષયો એવા હોય, સમાજને દિશા નિર્દેશ કરવાનો હોય, અંગુલીનિર્દેશ કરવાનો હોય, દીકરીઓ ઘટતી હોય, દીકરીઓ ભણતી ઓછી થતી હોય, દીકરીઓ જન્મતી ઓછી થતી હોય, પર્યાવરણની ચિંતા કરવાની હોય, ઉંડા જતા પાણીની ચિંતા કરવાની હોય આવા વિષયો સાથે શ્રી નરેન્દ્રભાઇએ જે દીશા ચીંધી છે એ દીશામાં આજે આપણે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે આજે દેશના ઇતિહાસામાં પ્રથમ વખત એવું બન્યું છે, પુરૂષની સરખામણીમાં મહિલાઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૫માં મોદીસાહેબ દ્વારા જે શરૂઆત કરેલી હતી એનું આ ઉન્નત પરિણામ છે. ગરીબ કલ્યાણ મેળો, કોના માટે? રૂપિયો ના ઘસાઇ જાય એની ચિંતા, ૧૫ પૈસા ના થઇ જાય એના માટેની ચિંતા, પૂરેપૂરો રૂપિયો ગરીબના ઘર સુધી પહોંચે, સીધો પહોંચે અને વચ્ચે કદાચ કોઇ નાની મોટી યોજના માટેનો એજન્ટ મળે તો એને નાબૂદ કરવાનું કામ, વચોટીયા નાબૂદ કરવાનું કામ પણ આ સરકારે કર્યુ અને મને કહેતા આનંદ થાય કે કોરોના કાળમાં આપણે જેટલી સહાય આપવી હતી એ આપી શક્યા નહોતા પરંતુ ચાલુ વર્ષે આ જે ગરીબ કલ્યાણ મેળો યોજ્યો એમાં ૧૭.૮૭ લાખથી પણ વધારે લાભાર્થીઓને આપણે લાભ આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભ ઉત્સવની જયારે વાત થાય કે તમે ખેલ મહાકુંભ કરો છે તો આ ખેલ મહાકુંભ એટલા માટે છે કે યુવાનોમાં રમતગમતનું મહત્ત્વ વધે, એમનું સ્વાસ્થ્ય સારું થાય, એ પેઢી ઉન્નત થાય અને મજબૂત રીતે એની યુવાનીમાં કદમ રાખે અને યુવાનીમાં કદમ રાખ્યા પછી ઉન્નત ગુજરાત બનાવે એ કલ્પના સાથે મેડલ તો ચોક્કસ લાવે, એ જે પ્રતિભાઓ રમવાની છે, ૫૦લાખથી વધુ લોકોનું જયારે રજિસ્ટ્રેશન થાય, એમાંથી ૧૦-૨૦-૨૫ લોકો કયાંક નેશનલ ગેઇમ્સ, કયાંક દેશની અંદર, કયાંક એશિયાડ, કયાંક ઓલિમ્પિકસ એમાં રમીને મેડલ લાવે તો ગૌરવ થાય. આપણું મસ્તક ઉન્નત થાય. પરંતુ એને તો ''તાયફો'' કહેવામાં આવે. અમારી સુંઢિયા, મહેસાણાની ભાવિકાને જયારે ગોલ્ડ મેડલ મળ્યો છે, સરીતા ગાયકવાડ આવા કેટલાય નામ છે, હજી તો આ ખેલમહાકુંભના કારણે આવતા સમયમાં કેટલાય નામો આપણે ઓલિમ્પિકમાં જોઇ શકવાના છીએ, એશિયાડમાં જોઇ શકવાના છીએ. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાકાળ કપરો ગયો, બધાને ખબર છે, પહેલી લહેર એ તો આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ લોકડાઉન કર્યું એના કારણે પી.પી.ઇ. કીટની આપણને ખબર પડી, સેનીટાઇઝરથી હાથ ધોવાની ખબર પડી, સાબુથી હાથ ધોવાની ખબર પડી, વેન્ટીલેટરની ખબર પડી, આઇ.સી.યુ.ની ખબર પડી, ઓક્સિજનની ખબર પડી, ઓક્સિજનની નળીઓ, સી.એચ.સી., પી.એચ.સી.માં નાખવાની ખબર પડી, સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં નાખવાની ખબર પડી અને પહેલા લોકડાઉને દેશમાં હાહાકાર ના મચાવ્યો. આદરણીય શ્રી નીતિનભાઇ અને શ્રી વિજયભાઇ સાહેબ હતા, વ્યવસ્થાઓ કરી ચૂકયા હતા, પરંતુ જે પ્રમાણે કોરોનાનું સંક્રમણ થયું, જે પ્રમાણે ગુજરાત નહીં દુનિયા ઉપર હુમલો થયો, એના કેસો વધ્યા એના કારણે કયાંક પરિસ્થિતિ ફેલ ગઇ પરંતુ એ વખતે શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ સાહેબે પોતાની જાતની પરવા કર્યા સિવાય, ડોકટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ એમણે જે મહેનત કરી છે એના કારણે બીજી લહેરની સમાપ્તિ પછી અને ત્રીજી લહેરની શરૂઆતની વચ્ચે જે સમયગાળો મળ્યો, મારે કહેવું પડશે, આરોગ્ય મંત્રી બન્યા પછી સૌથી ઓછું પેઇન લેવાનો જો કોઇને શ્રેય આપતો હોવ તો શ્રી નીતિનભાઇ સાહેબ અને શ્રી વિજયભાઇને આપું છું. વ્યવસ્થાઓ ગોઠવાઇ ચૂકી હતી, કેવળ એને સ્ટ્રીમ લાઇન કરવાની હતી. સ્ટ્રીમલાઇન કરવામાં પણ ખૂબ સહેલાઇથી, ખૂબ સરળતાથી અને ત્રીજી લહેર તો જાણે પવનની લહેરખી આવી, અડીને સ્પર્શીને નીકળી ગઇ. એ રીતનો આ થર્ડ વેવ. આપણે આશા રાખીએ કે હવે આવતા સમયમાં કોઇ વેવ ન આવે. એક નોંધનીય બાબત એવી છે કે કોરોના આવ્યો તે પહેલા વર્ષ ૨૦૧૧થી ૨૦૨૦ સુધીમાં રાજ્યનો આર્થિક વૃદ્ધિ દર ૯.૫ ટકાની આજુબાજુ હતો. આપણું જ શાસન હતું અને જે રીતે આર્થિક પરિસ્થિતિ હેન્ડલ થઇ, આ વિષયમાં પરિસ્થિતિઓની વચ્ચે પણ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન આર્થિક વૃદ્ધિ દર ૧૧.૧ રહ્યો એ એક બહુ મોટી સફળતા આપણા માટે છે. આપણા માટે ગૌરવનો વિષય છે. ગુજરાત આખા દેશમાં આમાં મોખરે રહ્યું છે. આના સિવાય પણ અનાજ વહેંચવાની વાત આવી. આપણે અનાજ વહેંચ્યું. ગરીબ માણસ રાત્રે ભૂખ્યો ન સૂવે, એમના બાળકોને અન્નનો કોળિયો મળી રહે અને ભૂખે ન સુવડાવવા પડે એની ચિંતા કરી. મોદી સાહેબે આખા દેશમાં અનાજ આપ્યું. ગુજરાતે એમાં બડી-ચડીને હિસ્સો લીધો અને એકપણ પરિવાર ભૂખ્યો ન સુવે એની વ્યવસ્થા કરી છે. ન ભૂતો ન ભવિષ્યતિ, આખા દેશમાં ગરીબોને તો અનાજ આપ્યું પરંતુ અન્નબ્રહ્મ યોજના દ્વારા જેમના એન.એફ.એસ.માં નામ નોંધાયા નથી એમને અને એ.પી.એલ. લોકોને પણ આપણે અનાજ આપ્યું છે. એના ઉપર પણ કાપ દરખાસ્ત. ગરીબોના કોળિયા ઉપર કાપ દરખાસ્ત. આપણું આ ગૃહ છે, આ

વિષય જ્યારે એના માટેની પૂરક માગણીમાં એની જોગવાઇ કરી હોય અને એમાં પણ આપણે કાપ દરખાસ્ત મૂકીએ? તમે પૂછો તો ખરા, તમે આવીને સ્પષ્ટતા તો માગો કે આ પૂરક માગણી કરી છે, પહેલા વિષય સમજો અને પછી ગૃહમાં મૂકો. ઘણી વખત કાચું કપાઇ જાય છે. કાચું કપાઇ ગયું છે. પણ (અંતરાય) અમારે આદરણીય નીતિનભાઇ સાહેબ પાસેથી શીખવાનું છે. આપણે એ કોરોનાની ત્રાસદીમાંથી નીકળી ગયા છીએ. પરંતુ રસીકરણની વાત નીકળી છે. આનંદ છે કે તમારા સમયમાં પણ રસીકરણ થતું હતું પણ જે ત્રિગુણી હતી એને પંચગુણી કરી. મગજનો તાવ હતો ન્યૂમોકોકોલ રસી એ પણ અમે આપી. બે થી ત્રણ રસીની અંદર નવા રોગ ન થાય, બીજા રોગો સામે પણ રોગ પ્રતિકારક શક્તિ મળે એના માટેની વ્યવસ્થા કરી. દુનિયાભરમાં કોરોનાની રસીનો વિષય નીકળ્યો. દુનિયાના લોકો આપણા ઉપર રાહ જોઇને બેઠા હતા કે આટલી મોટી સંખ્યા, ૧૩૫ કરોડનો દેશ, મજા પડી જશે. રસી વેચવાની મજા પડી જશે. એક પણ દેશની કારી ફાવી નહીં. આપણે સ્વદેશી રસી બનાવી અને બીજા ૬૦થી ૭૦ દેશો આપણી પાસેથી લઇ ગયા છે. આપણા દેશમાં તો બિલકુલ નિઃશુલ્ક, ગરીબ હોય, તવંગર હોય, બધાને નિઃશુલ્ક ૧૭૬ કરોડ રસી અપાઇ જાય, ગુજરાતમાં આજે આંકડો જોઇએ તો ૧૦ કરોડ ૩૮ લાખ. પહેલો અને બીજો ડોઝ બન્નેને જો કોમ્પ્રિહેન્સીવ ભેગા કરવામાં આવે તો ૯૮ ટકા, ૧૫ થી ૧૭ વર્ષ એ પણ ૮૫ ટકા, સિનિયર સિટિઝન એ પણ ૭૦-૭૧ ટકા, કદાચ આપે ફોટા જોયા હોય તો રાજકોટના એક બેન નામ હું ભૂલી ગયું છું. પોતાના સ્કૂટી ઉપર દીકરાને છાતીએ બાંધીને રસીકરણ કરવા જાય એવો ગુજરાતનો મિજાજ આપણે ટકાવવાનો છે. એ ક્યારે ટકે? આપણે સન્માનો પણ કરીએ છીએ. હું તમામ કોરોના દરમિયાન પેરા મેડિકલ સ્ટાફ, હોસ્પિટલોમાં કામ કરતાં વોર્ડ બોય, ડોકટર, નર્સિસ અને ક્યાંક સ્મશાનમાં જે તે વખતે આપણને મદદરૂપ થયેલા સ્મશાન કર્મીઓ, સફાઇ કર્મીઓ આ સૌએ જે સાથ આપ્યો છે. એના કારણે આજે ગુજરાત અને પોલીસ? પોલીસને પણ જે ગાળો બોલવામાં આવે છે, બ્લેઇમ કરવામાં આવે છે. ક્યાંક માનવીય નાની મોટી ભુલ થાય તો પણ પોરા કાઢે એમ એટલી જ વસ્તુ બતાવવામાં આવે. ૧૦ સારી વસ્તુ ભુલવામાં આવે. ક્યાંક અડધી કે પોણા ભાગની નાની મોટી ભુલ થઇ હોય તો દેખાડવામાં આવે. આ હમણાં વાત થતી હતી કે ૮૦, ૮૫ મીટરની વાત કરી. મારે કહેવું છે એ વખતે એક વાત મારે કરી લેવી છે બહુ લાંબુ નથી કરવું. દિવાસી વિસ્તારની અંદર સુક્ષ્મ સિંચાઇ વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીમાં આપણે બે લાખ હેક્ટર કરી છે. સુક્ષ્મ સિંચાઇનો લાભ પણ આપ્યો છે અને લિફ્ટ ઈરીગેશનની જે વાત નીકળી આપણા આદિવાસી વિસ્તારની અંદર વનબંધુ-૧ અને વનબંધુ-૨માં પણ હજારો કરોડો રૂપિયાના આજે પણ કેટલાય કામો પ્રગતિમાં છે. એ કામો લેવાયા છે ત્યારે આ સર્વાંગી બજેટને હું હૃદયપૂર્વક આવકારું છું.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૬-૨૦ વાગ્યે મળશે.

**( વિરામ - ૫-૫૧થી ૬-૨૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**સન ૨૦૨૨નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયક**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૪**

**ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૧૯**

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : - - માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩૦**

**ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ(પ્રોત્સાહન) વિધેયક, ૨૦૧૮**

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : - - માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૯**

**ગુજરાત પાણી પ્રદૂષણ(નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક, ૨૦૧૯**

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : - - માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૬**

**ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક, ૨૦૨૧**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : - - માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬-૨૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૮૬ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર પટેલ | નર્મદા જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ | 107 |
| | વડોદરા અને જામનગર જિલ્લામાં નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોની નિમણૂક | 446 |
| | વડોદરા જિલ્લાની કરજણ પૂર્વ જૂથ પાણી પુરવઠા યોજના | 55 |
| અજમલજી ઠાકોર | મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો | 440 |
| | મહેસાણા જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય યોજના | 229 |
| | મહેસાણા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | 114 |
| | વિસનગર તાલુકામાં રોડનું આયોજન | 272 |
| અજીતસિંહ ચૌહાણ | ઉમરેઠ નગરપાલિકામાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત થયેલ ભ્રષ્ટાચારની ફરિયાદો | ૪૩૨ |
| | બાલાસિનોર અને વિરપુર તાલુકાઓમાં પીવાનું પાણી પૂરું પાડવા બાબત | 140 |
| | બાલાસિનોર ખાતે બાયપાસ રસ્તો યોજના | 206 |
| | મહીસાગર અને ખેડા જિલ્લામાં તળાવો ભરવાની કામગીરી | 91 |
| | મહીસાગર અને નવસારી જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ | 176 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લા / શહેરમાં ગુનાહિત કૃત્યો | 484 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | 256 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ | 513 |
| | મહીસાગર અને ભરૂચ જિલ્લામાં આરટીઓ કચેરીઓમાં મંજૂર મહેકમ | 315 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 385 |
| અધ્યક્ષશ્રી | વિશ્વ મહિલા દિવસ અંગે | ૧ |
| અનંતકુમાર પટેલ | ખેલકૂદ નીતિ - ૨૦૧૬થી રમત - ગમતને પ્રોત્સાહન | 418 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આરટીઓ કચેરીઓમાં મંજૂર મહેકમ | 328 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો | 51 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ | 276 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ | 472 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો યોજના | 232 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | 105 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 26 |
| અંબરીશભાઇ જી. ડેર | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 24 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 371 |
| | ગુજરાત માઇનોર મિનરલ કન્સેશન નિયમો અંતર્ગત પડતર અપીલો | ૪૮૧ |
| | જાફરાબાદ ખાતે મત્સ્યબંદરનું આધુનિકીકરણ | 327 |
| | જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો | 164 |
| | નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત ચૂકવાતુ માસિક મહેનતાણું | 70 |
| | ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા ખનિજ સંશોધન | 511 |
| | રાજ્યને જીએસટી કાઉન્સિલ પાસેથી લેવાની બાકી રકમ | 118 |
| | રાજુલા ખાતે નાયબ પોલીસ અધિક્ષકની કચેરી સ્થાપવાની કામગીરી | 429 |

| | | |
|---|---|---|
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 128 |
| | છોટાઉદેપુર જિલ્લામાં પ્રિ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | 80 |
| | જેતપુર પાવી તાલુકામાં રોડ પર સ્લેબ ડ્રેઈન બનાવવાનું આયોજન યોજના | 229 |
| | વડોદરા અને જામનગર જિલ્લામાં નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોની નિમણૂંક | 451 |
| અમિત ચાવડા | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 182 |
| | પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ઓછાં પ્રશ્નો પૂછાવા અંગે | 527 |
| અરૂણસિંહ અ. રણા | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 25 |
| | નર્મદા અને ભરૂચ જિલ્લામાં કરજણ જળાશય યોજના | 133 |
| | ભરૂચ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા યોજના | 222 |
| | ભરૂચ જિલ્લામાં પ્રિ - મેટ્રિક શિષ્યવૃતિ યોજના | 86 |
| | ભરૂચ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન - રહેણાંકના મકાનો | 440 |
| | ભરૂચ જિલ્લામાં ભાડભૂત બેરેજ યોજના | 263 |
| અરવિંદ પટેલ | વલસાડ જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ | 139 |
| | વલસાડ જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ | 89 |
| | વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન ઘર | 278 |
| | વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ યોજના | 233 |
| | વલસાડ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 175 |
| | સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | 417 |
| અરવિંદકુમાર ગાં. પટેલ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 193 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 366 |
| | અમદાવાદ જિલ્લામાં કોરોના રસીના ડોઝ | 48 |
| | અમદાવાદ જિલ્લામાં રોડના મજબૂતીકરણનું આયોજન યોજના | 220 |
| | અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી યોજનાના કામો | 464 |
| | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના કૃષિ વિષયક વીજ જોડાણના લાભાર્થીઓ | 103 |
| | સાબરમતી નદીમાં પાણીના સંગ્રહ માટે નવું સ્ટ્રક્ચર બનાવવા બાબત | 152 |
| અરવિંદભાઇ રાણા | તાપી જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના | 104 |
| | સુરત શહેરમાં કાર્યરત ૧૦૮ ની સેવા | 51 |
| | સુરત જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 430 |
| અશ્વિનભાઇ કોટવાલ | રાજ્યમાં ખનિજ ચોરી અટકાવવા ડ્રોન / (યુએવી) ની સુવિધા | 441 |
| | સાબરકાંઠા જિલ્લામાં વિભાગ હસ્તકનાં સબડિવિઝનોમાં વાહનો | 269 |
| | રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા બાબત | 490 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા / શહેરમાં બળાત્કારના બનાવો | 515 |
| | સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓની કામગીરી અટકાવવા બાબત યોજના | ૨૨૭ |
| આત્મારામ પરમાર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 384 |
| | ગઢડા તાલુકામાં રસ્તાનું આયોજન | 267 |
| | બોટાદ જિલ્લામાં કોરોના રસીના ડોઝ | 50 |
| | બોટાદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 104 |
| | બોટાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો યોજના | 226 |
| | રાણપુર તાલુકાની દેવળીયા - ૧ માઇનોરના કામો | 459 |

| | | |
|---|---|---|
| આનંદભાઇ ચૌધરી | સુરત અને ડાંગ જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી | 239 |
| | સુરત અને નવસારી જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી | 72 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ | 514 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 198 |
| | સુરત અને ભરૂચ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો | 119 |
| | સુરત અને વડોદરા જિલ્લામાં આરટીઓ કચેરીઓમાં મંજૂર મહેકમ | ૨૮૫ |
| | સુરત અને વલસાડ જિલ્લા / શહેરમાં ગુનાહિત કૃત્યો | 489 |
| | સુરત અને વલસાડ જિલ્લા / શહેરમાં બળાત્કારના બનાવો | 438 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં મંજૂર મહેકમ | 334 |
| ઇન્દ્રજીતસિંહ પરમાર | ઉના તાલુકામાં ગેરકાયદેસર ખનન | 457 |
| | ઊર્જા વિભાગના જાહેર સાહસોના બાકી નાણા કેન્દ્ર સરકાર પાસેથી લેવા બાબત | 87 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલો તૂટવા બાબત | 134 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં દારૂની હેરાફેરી કરતા પોલીસકર્મીઓ | 499 |
| ઇશ્વરભાઇ ૨. પરમાર | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 187 |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ શહેરની ખાનગી હોસ્પિટલોને કોવિડ મહામારીમાં સરકાર હસ્તક લેવા બાબત | 131 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 194 |
| | વિભાગ દ્વારા બ્લેકલીસ્ટેડ એજન્સીઓને વર્કઓર્ડર | 251 |
| | અમદાવાદ શહેરમાં દારૂની નવી પરમીટો | 514 |
| | અમદાવાદ શહેરમાં નવા હથિયાર પરવાના | 438 |
| | અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ અને મા અમૃતમ કાર્ડ માન્ય ગણવા બાબત | 84 |
| | કચ્છ જિલ્લામાં પકડાયેલ એમ.ડી.ડ્રગ્સ | 488 |
| ઋત્વિકભાઇ મકવાણા | સુરત અને અમરેલી જિલ્લામાં ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખાણો / લીઝોનું ચેકિંગ | 518 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 397 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 188 |
| | અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ | 63 |
| | સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટની માંગણી | 450 |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લા / શહેરમાં ગુનાહિત કૃત્યો | 493 |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આરટીઓ કચેરીઓમાં મંજૂર મહેકમ | 287 |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો | 113 |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી | 161 |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં મંજૂર મહેકમ | 239 |
| ઋષિકેશ ગ. પટેલ | શાળાઓ બંધ કરવાના ખોટા આક્ષેપ બાબત | 535 |
| કેતનભાઇ ઇનામદાર | વડોદરા જિલ્લામાં ધો - ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | 71 |

| | | |
|---|---|---|
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ) | 192 |
| | વડોદરા આર.ટી.ઓ કચેરીમાં નોંધાયેલ નવા વાહનો | 290 |
| | વડોદરા જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 414 |
| | વડોદરા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના | 241 |
| | વડોદરા બલ્ક પાઈપલાઈન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના | 118 |
| | સાવલી તાલુકામાં મોટા ચેકડેમો બનાવવાની કામગીરી | 164 |
| | ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ | 302 |
| | રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગો પાસેથી વીજકર વસૂલવા બાબત | 169 |
| | રાજ્યમાં ખનિજ ચોરી અટકાવવા ડ્રોન / (યુએવી) ની સુવિધા | 523 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 387 |
| કનુભાઇ મો. દેસાઇ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 401 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 351 |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 377 |
| કનુભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | 82 |
| | અમદાવાદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 129 |
| | અમદાવાદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા યોજના | 213 |
| | અમદાવાદ શહેર / જિલ્લામાં સ્માર્ટ સીટી યોજનાના કામો | 434 |
| કનુભાઈ બારૈયા | ભાવનગર અને અમરેલી જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | 130 |
| | ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લા / શહેરમાં ગુનાહિત કૃત્યો | 463 |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | 249 |
| | ભાવનગર અને છોટાઉદેપુર જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી | 346 |
| | ભાવનગર અને મહીસાગર જિલ્લામાં ઊર્જા પ્રભાગ હેઠળ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી કર્મચારીઓની ભરતી | 82 |
| કરશનભાઈ સોલંકી | અરવલ્લી જિલ્લામાં પ્રિ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | 114 |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના | 65 |
| | મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો યોજના | 215 |
